अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेऽस्मिन्मार्गे रक्षकाः

શ્રી વલ્લભ સુધા

વધાઇ

[રાગ–આસાવરી]

દિનમનિ શ્રી વલ્લભ ઉદયો,
શ્રુતિપથ કિયૌ પ્રકાશ અવનીતલ,
માયા તિમિર ગયૌ. ॥૧॥

વિદુષવૃંદ ઉડુગન નહિં દેખિયત,
ત્રાસ તિમિર અલગ ભયો;
રાસ રસિક લીલામૃત સાગર,
આપ દિખાય દયો. ॥૨॥

કરિ કરુનાં નિજ ઉદ્ધારનકૌં,
ભક્ત નેંમ દિખાયો;
અનલ કૃપાતેં **'મધુકર'** હરિ,
ભાવ મધુપાન કરાયો. ॥૩॥

શ્રી વલ્લભનું સ્વરૂપ

શ્રીજી મુખ દગ સ્વામિની નાસા શ્રી ગોસ્વામી;
મુખ મંડળ શ્રીમહાપ્રભુ યુગ પદ પદ્મ નમામિ.

(શ્રી દયારામભાઇ)

વર્ષ ૬ : અંક ૧ ✥ એપ્રિલ, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૮/૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, સવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

શ્રી હરિઃ

નમ્ર નિવેદન

આદરણિય ગૈષ્ણવવૃંદ

શ્રી વલ્લભ સુધા માસિક આપ સૌના સહકારથી છઠા વર્ષમાં પ્રવેશતાં આનંદ અનુભવે છે.

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા આ માસિક શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ ત્યારે પૂજ્યપાદ ગો. શ્રી પ્રથમેશજીએ આજ્ઞા કરેલ કે વાર્તા સાહિત્ય પ્રકારનાં પ્રકાશનો થતાં જ રહે છે પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત ષોડશ ગ્રંથ અને સાંપ્રદાયિક સિદ્ધાંતોને અનુરૂપ લેખો શ્રી વલ્લભસુધામાં આવે તેની કાળજી વિશેષ રાખવી.

છતાં પણ વાંચકોની માંગણી ને અનુલક્ષી કયારેક થોડું વાર્તા સાહિત્ય અને સમાચાર આપવા પડે છે. હાલતાં બહુજન ગૈષ્ણવ સમુહમાં મુળભુત સિદ્ધાંતો જાણવાની ઉત્કંઠા ઓછી હોવાને કારણે શ્રી વલ્લભ સુધામાં આવતા સાહિત્ય તરફ થોડી ઓછી રૂચી રહે છે. તો શું આપણે જે સંપ્રદાયના સેવક હોય તેના સિદ્ધાંતો જાણવા કદી પણ પ્રયત્ન શીલ નહિ થતાં ફકત કહેવાતા ગૈષ્ણવ જ રહિશું ?

આપ સૌ જાણો જ છો કે દિન પ્રતિદિન મોંઘવારી વધતી જાય છે. માસિક એક અંકનો બારમાસી હિસાબ કરીએ તો અંદાજી રૂા. ૧૬ જેવો ખર્ચ આવે છે. છતાં આપણે સામાન્ય વૈષ્ણવને પણ પહોંચી શકે તે હેતુથી વાર્ષિક લવાજમ રૂા. ૧૦/- દશ તેમજ આજીવન લવાજમ રૂા. ૧૫૧/- હજુ ચાલુ રાખેલ છે વધારાનો ખર્ચ સેવાભાવી દાતાઓ દ્વારા પુર્ણ કરીએ છીએ.

આપે ચાલુ વર્ષનું લવાજમ ન મોકલેલ હોય તો સત્વરે સંસ્થાના સરનામે મનીઓર્ડરથી અગર સેવાભાવી કાર્યકરોને ભરી તેમજ આપના દ્વારા નવા ૫ ગ્રાહક બનાવી સંપ્રદાયની સેવા કરો અને સાહિત્ય પ્રકાશનમાં સહાયરૂપ બનો તેવી આપની પાસે સંસ્થા અપેક્ષા રાખે છે.

ગત અંકમાં નોંધ લખી હતી કે જે ગ્રાહકે નવા વર્ષમાં ગ્રાહક તરીકે ચાલુ ન રહેવું હોય તેઓએ પત્ર દ્વારા સંસ્થાને તા. ૨૦ માર્ચ સુધીમાં જાણ કરવી તેથી પત્ર ન આવ્યો હોય તેવા ગ્રાહકોને અંક મોકલવાનું ચાલુ રાખેલ છે આશા છે કે આપના લવાજમ બાકી હોય તો સત્વરે મોકલી સંસ્થા અને સંપ્રદાયની સેવા કરશો.

નિવેદક
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

પૃષ્ઠ પ્રકાશન સહાય : રૂા. ૫૧-૦૦
ગો. વા. ગોદાવરીબેન વલ્લભદાસ લાઠીગરાના સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૧ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮/૫૦૯ * એપ્રિલ, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૦મો)

દિવ્યમાલ્યાંબરધરં દિવ્યગંધાનુલેપનમ્ ।
સર્વાશ્ચર્યમયં દેવમનંત વિશ્વતોમુખમ્ ।૧૧।

દિવ્ય માળાઓ અને દિવ્ય વસ્ત્રો ધારણ કરેલું, દિવ્ય સુગંધી લેપવાળું, બધાં આશ્ચર્યોથી ભરપૂર, પૂજ્ય, અનંત, ચારે બાજુએ મુખવાળું (સ્વરૂપ બતાવ્યું). ।।૧૧।।

ક્રીડામાં ઉપયોગી દિવ્ય માળાઓ અને દિવ્ય વસ્ત્રો ધારણ કરેલું અલૌકિક ક્રીડાથી ઉત્પન્ન થયેલ ગંધવાળું, અને એવી ગંધથી લેપન કરાયેલું, સર્વને આશ્ચર્ય પમાડે એવું, એટલે કે કલ્પનામાં પણ ન આવે એવું, સર્વને પૂજ્ય, અંત રહિત, વ્યાપક, ચારે બાજુ મુખવાળું, એટલે કે સર્વને નિહાળતું અને સર્વને સન્મુખ હોય એવું સ્વરૂપ બતાવ્યું. ।।૧૧।।

દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્યુગપદુત્થિતા ।
યદિ ભાઃ સદૃશી સા સ્યાદ્ભાસસ્તસ્ય મહાત્મન ।૧૨।

જો આકાશમાં હજાર સૂર્યનો પ્રકાશ એકી સાથે પ્રકટ થાય તો તે પ્રકાશ તે મહાત્માના પ્રકાશની સમાન થાય. ।।૧૨।।

તે સ્વરૂપનું અમાપપણું અને તેજસ્વરૂપપણું 'દિવિ' વગેરે શબ્દોથી કહે છે. સ્વર્ગમાં એકી સાથે ઉદય થયેલ હજાર સૂર્યની પ્રભા જો પ્રગટ થાય તો તે પુરુષોત્તમની, અનેક સ્વરૂપવાળા મહાત્માની પ્રભા જેવી થાય, પરંતુ થાય જ નહિ, એમ કાકુ ઉક્તિ કહી છે. એવા પ્રકારનું તેમનું સ્વરૂપ છે. ।।૧૨।।

તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમનેકધા ।
અપશ્યદેવદેવસ્ય શરીરે પાંડવસ્તદા ।।૧૩।।

ત્યારે ત્યાં દેવના દેવ એવા ભગવાનના શરીરમાં અનેક પ્રકારે વહેંચાયેલું તથા એકત્ર થયેલું સમગ્ર જગત પાંડુપુત્ર અર્જુને જોયું. ।।૧૩।।

ત્યાં એટલે તે સ્વરૂપમાં જ એકત્ર થયેલું, અનેક પ્રકારે વિશેષતાપૂર્ણ વિભાગવાળું સંપૂર્ણ

જગત બતાવ્યું, એમ આગળના કથન સાથે સંબંધિત છે. જ્યારે બતાવ્યું ત્યારે દેવોના પણ દેવ એટલે કે પૂજ્યના પણ પૂજ્ય એવા ભગવાનના શરીરમાં પહેલાંના જેવું સામે દેખાતું એવું સુક્ષ્મ રૂપ જ અર્જુને જોયું. ।।૧૩।।

તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનંજય ।
પ્રણમ્ય શિરસા દેવં કૃતાંજલિરભાષત ।।૧૪।।

પછી, રોમાંચિત થયેલા, વિસ્મય પામેલા, જેણે બે હાથ જોડયા છે તેવા તે ધનંજયે (અર્જુને) મસ્તક વડે નમન કરીને દેવને કહ્યું. ।।૧૪।।

એવું સ્વરૂપ જોયા પછી (અર્જુને) શું કર્યું ? એમ પ્રશ્ન થાય તેથી 'તતઃ' વગેરે શબ્દોથી (સંજય) કહે છે. તે પછી, પહેલાં કહ્યું તેવા અર્જુને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી. અર્જુન અંતરથી આનંદિત થયો. વિભૂતિરૂપ પ્રગટ થયું. નમસ્કાર કરવા યોગ્ય તે પૂજ્યને મસ્તક નમાવીને, પ્રણામ કરીને, જેણે બે હાથ જોડયા છે તેવો અર્જુન વિનીત થઇને બોલ્યો, વિનતિ કરી. ।।૧૪।।

અર્જુન ઉવાચ–
યશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે
સર્વાંસ્તથા ભૂતવિશેષસંઘાન્ ।
બ્રહ્માણમીશં કમલાસનસ્થ–
મૃષીશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ ।।૧૫।।

અર્જુને કહ્યું, હે દેવ, આપના દેહમાં દેવોને તેમ જ સર્વે પ્રાણીઓના વિશિષ્ટ સમુદાયોને, કમળના આસન ઉપર બેઠેલા બ્રહ્માને, મહાદેવને અને સર્વે દિવ્ય ઋષિઓને તથા સર્પોને હું જોઉં છું. ।।૧૫।।

તેના જ (અર્જુનના જ) શબ્દો 'પશ્યામિ' વગેરે શબ્દોથી પ્રારંભ કરીને સત્તર શ્લોકથી કહે છે. હે દેવ, હે પૂજ્ય, આપના દેહમાં, વૃદ્ધિ પામેલા એવા સ્વરૂપમાં ક્રીડા સ્વરૂપ ઇંદ્ર વગેરે દેવોને, તથા ક્રીડા સ્વરૂપનાં જ સર્વે વિશેષ પ્રકારનાં ચતુર્વિધ પ્રાણીઓના સમૂહોને, દિવ્ય એટલે ક્રીડાર્થે પ્રગટ કરાયેલા નારદ વગેરે ઋષિઓને, ઉપરાંત તામસ એવા શેષ વગેરે સર્પોને, તે બધાંના મૂળભૂત એવા કમળના આસન ઉપર બેઠેલા, એટલે કે નાભિકમળ ઉપર સ્થિત થયેલા બ્રહ્માને, ઇશ એટલે મહાદેવને, એ પ્રમાણે એ બધાંને હું જોઉં છું. ।।૧૫।।

અનેક બાહૂદરવક્ત્રનેત્રં
પશ્યામિ ત્વાં સર્વતોઽનંતરૂપમ્ ।
નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં
પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપમ ।।૧૬।।

હે વિશ્વેશ્વર, અનેક બાહુ, અનેક ઉદર, અનેક મુખ અને અનેક નેત્રવાળા, અનંત રૂપવાળા, વિશ્વરૂપ આપને સર્વત્ર હું જોઉં છું. આપના અંતને નહિ, મધ્યને નહિ, આદિને પણ હું જોતો નથી. ।।૧૬।।

જેમના દેહમાં આ બધું હું જોઉં છું તેવા સમુચ્ચયરૂપ આપને હું જોઉં છું, એમ 'અનેક' વગેરે શબ્દોથી ભ્રમને ટાળવાને માટે કહે છે. અનેક બાહુઓ વગેરે જેઓને છે એવા અને સર્વત્ર અનંત રૂપો જેમનાં છે એવા પ્રકારને હું જોઉં છું. તેવા પ્રકારનાં અનેક રૂપનો પણ આપનામાં અંત નથી, એટલે કે 'પૂરું થયું' એવો ભાવ નથી. મધ્ય પણ નથી, એટલે કે વચ્ચેની સ્થિતિનું

ઠેકાણું નથી, અને આદિ એટલે કે ઉત્પત્તિનું સ્થાન પણ હું જોતો નથી. હે વિશ્વેશ્વર, હે વિશ્વપરિપાલક, વિશેષ શું? વિશ્વ રૂપે આપને હું જોઉં છું. ॥૧૬॥

કિરીટિનં ગદિનં ચક્રિણં ચ
તેજોરાશિં સર્વતો દીપ્તિમન્તમ્ ।
પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમંતાદ્
દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્ ॥૧૭॥

મુકુટ પહેરેલા, ગદા ધારણ કરેલા, ચક્રધારી, તેજઃપુંજ અને ચોતરફ પ્રકાશયુક્ત પ્રદીપ્ત અગ્નિ અને સૂર્યના જેવી કાંતિવાળા, પૂર્ણ પણે જોવા અશક્ય, અસીમ એવા આપને હું જોઉં છું. ॥૧૭॥

અને વળી, મુકુટ અલંકાર ધારણ કરેલ રસરૂપ, ગદા ધારણ કરેલ, એટલે કે બધાંના પ્રાણરૂપ આધિદૈવિક ધર્મને ધારણ કરનારા, ચક્રધારી એટલે કે તેજસ્વરૂપ સુદર્શનધારી, મૂળમાં 'ચ' અક્ષર છે તેનાથી વિશેષ અર્થ કરાયો છે કે, તેવી જ રીતે મોક્ષ પ્રદાન કરવા માટે પણ ચક્રધારણ કરવાપણું જણાવાયું છે. આપ તેમના પુંજરૂપ, સર્વ બાજુએ દીપ્તિમાન, ચોતરફ પ્રકાશતાં કિરણોવાળા, તેજઃપુંજ અને દીપ્તિમાન માટે પ્રકાશવંતા અગ્નિ અને સૂર્યનું દૃષ્ટાંત આપીને કહે છે કે, જે બે પ્રકાશવંતા સૂર્ય અને અગ્નિ છે તે બેના પ્રકાશ જેવો પ્રકાશ જેમનો છે તેવા માપી ન શકાય તેવા અમાપ અને પૂર્ણરૂપે જોવા અશક્ય એવા આપને હું જોઉં છું. ॥૧૭॥

ત્વમક્ષરં પરમં વેદિતવ્યં
ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા
સનાતનસ્ત્વં પુરુષો મતો મે ॥૧૮॥

આપ અક્ષરસ્વરૂપ, પરમ બ્રહ્મ, જાણવા યોગ્ય છો. આપ આ વિશ્વના પરમ લયસ્થાન છો. આપ અવ્યય સ્વરૂપ અને શાશ્વત ધર્મના રક્ષક છો. આપ સનાતન પુરુષ છો, (એવો) મારો અભિપ્રાય છે. ॥૧૮॥

એવા પ્રકારના સ્વરૂપનાં દર્શનથી પોતાના જ્ઞાન માટે 'ત્વમ્' વગેરે શબ્દોથી નિવેદન કરે છે. આપ અક્ષર સ્વરૂપ છો. આપ જ પરમ બ્રહ્મ છો. આપ જાણવા યોગ્ય છો, એટલે કે ભક્તોને અને જ્ઞાનીઓને જાણવા યોગ્ય સ્વરૂપવાળા આપ જ છો. અક્ષરપણાથી સર્વની ઉત્પિત્તિનું કારણ દર્શાવ્યું છે. હવે લયનું સ્વરૂપ કહે છે. આપ આ વિશ્વનું મોક્ષ રૂપ ઉત્કૃષ્ટ નિધાન છો, એટલે કે જેમાં લય થવાય છે એવું લયસ્થાન છો. હવે પાલકપણું કહે છે. આપ નિત્યધર્મના પાલક છો, રક્ષક છો. એમ હોવા છતાં આપ ત્રિગુણાત્મક નથી, પરંતુ અવ્યય, અવિનાશી, એટલે કે નિત્ય છો. એ પ્રમાણે સર્વે શાસ્ત્રોક્ત વિધાન કરીને મુખ્ય એવી પરમાત્માની નિશ્ચિતતા કહે છે કે, આપ સનાતન પુરુષ છો, એટલે કે પુરુષોત્તમ છો, એવો મારો મત છે, એટલે કે એમ કહેવામાં હું સંમત છું, એમ અર્થ છે. ॥૧૮॥

અનાદિમધ્યાન્તમનન્તવીર્ય–
મનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ ।
પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રં
સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ ॥૧૯॥

આદિ, મધ્ય અને અંત રહિત, અમાપ પરાક્રમવાળા, અનેક બાહુવાળા, સૂર્ય અને

ચંદ્રરૂપી નેત્રવાળા, પ્રદીપ્ત અગ્નિ સમાન મુખવાળા, પોતાના તેજ વડે આ વિશ્વને પ્રકાશતા આપને હું જોઉં છું. ।।૧૯।।

એ પ્રમાણે પુરુષોત્તમ વિષે કહીને, પોતે જોયેલા વિશ્વરૂપ વિષે 'અનાદિ' વગેરે શબ્દોથી કહે છે. આદિ, મધ્ય ને અંત રહિત, એટલે કે જેમનાં આદિ, મધ્ય ને અંત જણાતાં નથી એવા, ઉત્પત્તિ, સ્થિતિ ને નાશ રહિત અનંત પરાક્રમ જેનાં છે તેવા, અનંત બાહુ વાળા, એટલે કે અનંત ક્રિયા શકિતઓ જેમની છે તેવા, ચંદ્ર અને સૂર્ય જેમનાં નેત્રો છે એવા, પ્રકાશતા અગ્નિરૂપ એટલે કે ધુમાડા વગેરે રહિત અગ્નિ જેમનાં મુખોમાં છે એવા પોતાના તેજથી આ ચોતરફ દેખાતા વિશ્વને પ્રકાશી રહેલા, તેજયુકત આપને હું જોઉં છું. ।।૧૯।।

દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ
વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચસર્વાઃ ।
દૃષ્ટાડદ્ભુતં રૂપમુગ્રં તવેદં
લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ ।।૨૦।।

હે મહાત્મા, બધી દિશાઓ તથા સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું આ અંતરિક્ષ આપ એકથી જ વ્યાપ્ત છે. આપનું આ અદ્ભુત, ઉગ્ર રૂપ જોઈને ત્રણેય લોક અત્યંત ભયભીત છે. ।।૨૦।।

વળી, 'દ્યાવાપૃથિવ્યોઃ' વગેરે શબ્દોથી આગળ કહે છે. આ સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું અંતરિક્ષ આપ એકલાથી જ વ્યાપ્ત છે. ઉપરાંત સર્વે દિશાઓ આપનાથી વ્યાપ્ત થયેલી હું જોઉં છું. અને વળી, હે મહાત્મા હે આનાથીયે અધિક પ્રકટ કરવાને સમર્થ, આપનું આ અલૌકિક, ઉગ્ર અને કદી નહિ જોયેલું એવું રૂપ જોઇને ત્રણે લોક અત્યંત ભયભીત થયેલાં હું જોઉં છું, એમ આગળનાની સાથે સંબંધિત છે. ।।૨૦।।

ચિંતન

દૃઢાશ્રય ખરો, પરંતુ ! તેમાંયે તત્સુખ ભાવના

બે ભકતો ભગવદ્ ચર્ચા કરી રહ્યા છે. સામેથી એક ગાંડો હાથી માવતને સૂંઢ વડે ઉઠાવી પગતળે કચડીને પવનવેગે ધસી આવી રહ્યો છે. આ દૃશ્ય જોઇ એક ભકત દોડીને સલામત સ્થળે ચાલ્યા ગયા. બીજા ભકત બેઠા રહ્યા. તેણે પેલા ભકતને કહ્યું ભાઇ ! કર્તા હર્તા પ્રભુ છે. રક્ષણ કરવાવાળા પ્રભુ છે. ગાંડો હાથી શું કરી શકનારો છે. તમને પ્રભુ પર વિશ્વાસ નથી શું ?

ખેર, ચતુર્ભુજ પ્રભુ સ્વયં પધારી હાથીને મહાત કરી બીજા ભકતને બચાવ્યા, ભકતવત્સલ પ્રભુ છે ને ! ભકતો તો પ્રાણથી પણ વહાલા છે.

કિંતુ ઉપરનો કેસ જાણી વિચાર થાય છે કે આ બે ભકતમાં કોણ ચઢે ? પ્રભુ પર વિશ્વાસ તો બંને ને છે.

પરંતુ, જવાબ જ્ઞાની, પંડિતો કરતાં સ્નેહ માર્ગનો જુદો છે. સેંકડે નવ્વાણુંનો જવાબ આવશે કે પેલો બેસી રહેનારો ચઢે, નાશી જનારો ઉતરે !

પણ ? પ્રભુને પરિશ્રમ કરાવનાર સાચે જ સજાને પાત્ર છે. સાચું તો ઉત્તમ એ છે કે પ્રભુ સુખ વિચારી ઉપાય હતો તે કર્યો.

–પ. ભ. શ્રીનટવરલાલ મહાસુખલાલ શેઠ (અરાદ)

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક નવમો)

પહેલાં કહેવાયેલ છે તેનો વિચાર કરતાં લૌકિક કે અલૌકિક સેવાની સાધનસામગ્રી સંબંધે ભલે ચિંતા ન થાય તોપણ હવે કહેવાનું છે તે રીતે, સેવા ન કરવા સંબંધે ધર્મહાનિ થવાની ચિંતા તો થશે જ, એમ હોય તો તેની નિવૃત્તિ માટે પ્રથમ કહે છે, એવા હેતુથી ત્રીજો શ્લોક (પ્રકાશના) 'નનુ ભગવતે' વગેરે શબ્દોથી પ્રારંભે છે. 'સ્વધર્મની હાનિ થવાની ચિંતા સતાવે છે,' તેને દૂર કરવા સમજાવે છે. પોતે જ સમર્પણની ક્રિયામાં કર્તાપણાથી પ્રવેશ કર્યો છે. એમ છે તેથી સમર્પણ કર્યા પછી તેમાં આંતરિક સંબંધથી ચેતન મુખ્ય છે અને તે જ પ્રમાણે પોતાના અધિકારનાં અચેતન દેહ વગેરેનો સદાય ભગવાનમાં જ વિનિયોગ કરવો, તેમાં શરીર વગેરે મુખ્ય છે. તેનાથી સર્વદા જો સેવા ન કરે તો તે પોતાનો સ્વધર્મ ભૂલે છે. તે પ્રમાણે ચિંતા થાય, એમ અર્થ છે. (પ્રકાશમાંના) 'આત્મના સહ' (પોતાની જાત સહિત) વગેરે શબ્દોને સમજાવે છે. તેમાં જેઓ પોતાનાં છે તેઓના ઉપયોગમાં એટલે કે સ્ત્રી, પુત્ર વગેરેનો અને પોતાનાં દેહ, ઇંદ્રિયોનો વિનિયોગ કરાયો છે ત્યારે શી ચિંતા ? અન્ય અર્થ સ્પષ્ટ છે. વળી, સમર્પણની ક્રિયાની પ્રારંભિક સ્થિતિમાં પોતાનું પ્રાધાન્ય છે, તેમ છતાં તે પછીની સ્થિતિમાં પોતે પણ અન્યની સમાન છે, એમ છે તેથી, જેવી રીતે ભગવાનના ઉપયોગમાં લેવાવાનાં અચેતન વસ્ત્ર વગેરેના એકબીજા દ્વારા થતા વિનિયોગમાં ચિંતા કરવી અનુચિત છે, તેમજ ચેતનવંતોનાં પોતાનાં શરીર વગેરે જે અચેતન છે તેના પરસ્પર વિનિયોગમાં પણ ચિંતા કરવી ન જોઇએ; કારણ કે ભગવાનને સમર્પણ કરવાનું બંને પક્ષે સમાન છે. તેમાં મારું છે, એવા અભિમાનનો પૂર્ણપણે ત્યાગ કરીને, ભગવાનનું છે. એવા અનુસંધાનપૂર્વક સમર્પણ કરવામા સ્વધર્મની હાનિનો અભાવ છે, તેથી શી ચિંતા ? કશી ચિંતા નહિ એમ અર્થ છે.

ખરેખર તો નિવેદનથી ભગવદીયતા સંબંધે બધાંની સમાનતા હોવા છતાં સેવામાં કેટલાકનો વિનિયોગ વિશેષરૂપે દેખાય છે, જ્યારે કેટલાકનો અલ્પ સ્વરૂપે અને કેટલાકનો તો કશો જ વિનિયોગ દેખાતો નથી. તેમાં હેતુનું અજ્ઞાન હોવાથી ચિંતા તો થાય જ. એમ હોય તો એવી ચિંતાની નિવૃતિ શી રીતે થાય ? એવો પ્રશ્ન થાય તો તેવી ચિંતાની નિવૃત્તિનો પ્રકાર (પ્રકાશમાં) 'સ્થિતિ' એવા શબ્દથી કહેલ છે. તેનો પ્રારંભ (પ્રકાશમાં) 'ઇયમ્' વગેરે શબ્દોથી કર્યો છે. તે પ્રમાણે પુષ્ટિને કારણ રૂપે માનીને ચિંતા કરવી નહિ. પરંતુ શ્રીહરિ તુલસીની ગંધનો આદર કરે છે અને તુલસીની માળાથી શ્રી

વિગ્રહને શોભાવે છે. (ભાગ–૩–૧૫–૧૯) એ ન્યાયે સંતોષ માનવો, એ રીતે સરળતાથી તેવી ચિંતાનો નાશ થશે. એકંદરે વિશેષતાથી જોતાં પણ વિશેષ જનોમાં નિવેદનથી કરાયેલ ભગવત્સંબંધ હાનિકારક ન હોવાથી કશી ચિંતા નહિ, એમ અર્થ છે.

એ પ્રમાણે અહીં બે વાકય સમજાય છે. એક તો એ કે, બધાનો પ્રભુ સાથે સંબંધ છે, સ્વતંત્રરૂપે એક એકનો સંબંધ નથી, વળી ગુણની પ્રધાનતાવાળા ભાવથી પણ તે સંબંધ નથી. તેથી તેઓના અધિકતાથી થયેલ વિનિયોગમાં પોતાને શી ચિંતા ? એ પ્રમાણે એક વાકય છે અને બીજું, એ પ્રમાણે કહેવાયેલા સ્વરૂપની સ્થિતિ છે, એટલે કે નિવેદનમાં અંગીકારની મર્યાદા છે, એ કારણે પુષ્ટિની સ્થિતિ નિરાળી છે. એમ હોવાથી અન્ય કોઇ વિશેષના અંગીકારમાં પણ શી ચિંતા ? એ પ્રમાણે બીજું વાકય છે.

અહીં પહેલા વાકયમાં 'સ્વસ્ય' (પોતાનાનું) એવા શબ્દથી ચેતન સંબંધી વિચારો દર્શાવ્યા છે અને તેનાથી આગળના વાકયમાં પણ 'સર્વેષામ્' (બધાંનું) એવા પદથી શરીર પર અધિકાર ધરાવનારાઓનો જ વિચાર કરવો યોગ્ય છે. તેમ છતાં ચેતન અને અચેતન બધાંનું સ્પષ્ટીકરણ કરવું ઉચિત છે. વળી દેહ વગેરે ભગવાનને સમર્પણ કરાય છે ત્યારે સ્ત્રી, પુત્ર આદિનો વિનિયોગ કરતાં સ્વધર્મની હાનિ તો ત્યારે થાય કે જયારે તેઓનું સમર્પણ ન થયું હોય. સમર્પણ થયું હોય તેઓ એ રીતે જુદા પડે છે કે, 'નિવેદન થયું છે તેઓએ સમર્પણ કરીને જ બધું કરવું,' એમ છે. એ વાકયમાં નિવેદન છે. તેઓના સમર્પણના કથનથી અને તે સમર્પણનો નિવેદિત થયેલાઓના અન્યોન્ય વિનિયોગમાં જ સંભવ છે, તેથી ભકિતમાર્ગની મર્યાદા દર્શાવનારા કહેવાયેલા વાકયથી ચિંતાનો સંભવ નથી. એ રીતે પક્ષાંતરથી અસંતોષને દૂર કરે છે.

અથવા પુત્ર ઇત્યાદિ' (પ્રકાશમાંના 'અથવા પુત્ર વગેરે અન્યના વિનિયોગમાં પણ શી ચિંતા ?' વગેરે) સમજાવે છે. અને વળી, સેવામાં સંબંધ ધરાવતાં ચેતનવાળાંઓનાં નિવેદન ન થયાં હોય તેવાંઓના સંબંધમાં થતી ચિંતાની નિવૃત્તિ માટે આ ઉપદેશ છે. અહીં 'પુત્રાદીનામ્' (પુત્ર વગેરેનું) વગેરે શબ્દોથી અચેતન પણ લેવાનાં છે. કારણ કે પહેલાંના કે પછીના વાકયને એક જ જાતનાં હોય એમ લેવાં, એવા નિર્દેશકનો અહીં અભાવ છે. આગળના કથનમાં નિરૂપાયેલી ચિંતા તો માત્ર પુષ્ટિના વિચારથી કહેલ છે. પરંતુ હવે કહેવાય છે તે માર્ગની મર્યાદાથી કહેવાય છે. એમ છે તેમાં કોઇ દોષ નથી. 'સ્વસ્ય' એવા અંતિમ પદવાળા સમૂહ (પ્રકાશમાં પુત્ર વગેરે અન્યના વિનિયોગના સંબંધમાં પણ પોતાનાંની શી ચિંતા ? એવા કથનના) આગળના વાકયના સંબંધમાં જ સૂચવાયું છે, તેમ છતાં તે ત્રણેય શબ્દો એક બીજાના સંબંધમાં રહે નહિ. તેના સંબંધ માટે 'કિંચ' વગેરે શબ્દોથી (પ્રકાશમાં) કહ્યું છે. ।।૩।।

સંબંધ દર્શાવીને અર્થ સમજાવતાં પ્રથમ 'યથા' વગેરેથી (પ્રકાશમાં ચોથા શ્લોકનો) પ્રારંભ કરે છે. 'સ્વસ્ય' શબ્દ સમજાવે છે.

'સ્વસ્ય' એટલે અધિકારના જ્ઞાનપૂર્વક પરમાત્માને વિશેષ પ્રકારે કરાવાયેલા અંગીકારને નિશ્ચિતરૂપે માનનારાનું, અથવા સેવા કરવામાં પ્રમુખ હોય તેનું. 'ઇતિ આહુઃ' એમ કહ્યું છે તેમાં 'ઇતિ' એવા પદથી કૈમુતિક ન્યાય દર્શાવીને આગળના વાક્યથી કહ્યું છે. એમ અર્થ છે.

(પ્રકાશમાંના) 'હીન' વગેરે શબ્દોને સમજાવે છે. હીન અને મધ્યમ અધિકારીઓએ એમ (પ્રકાશમાં) કહેલ છે, તે વિષે સ્પષ્ટતા કરે છે. ભગવાન સર્વ સ્વરૂપ છે, ભગવાન માર્ગના પ્રવર્તક અને ઉપદેશક ગુરુ વગેરે રૂપે છે, ભગવાન સતત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એમ હોવાથી કપટ રહિત એક માત્ર ભક્તિથી પરમ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી અજ્ઞાનથી (નિવેદન કરાયું છે તેવા હીન અધિકારીઓએ (ચિંતા કરવી નહિં) તેવા પ્રકારના જ્ઞાનવાળા હોવા છતાં સંપૂર્ણપણે પોતાના પ્રાણ શ્રીકૃષ્ણને અધીન કરવાના અભાવથી મધ્યમ અધિકારીઓએ (પણ ચિંતા કરવી નહિ) અન્ય કહેવાયું છે તેનો અર્થ તો સ્પષ્ટ છે. તેમ જ પોતાના ઉપર વિશેષ અનુગ્રહ નિશ્ચિત છે તેવાને પણ જ્યાં અન્યમાં વિનિયોગનો સંભવ છે ત્યાં ભગવાનની ઇચ્છા જ કંઇ કાર્યને માટે તેવા પ્રકારની છે, તેમ ભગવાનની ઇચ્છા જ સમજવી, પરંતુ ચિંતા કરવી નહિ; મુળભુત તો પોતાનો અપરાધ નથી, એમ 'કેવલમ્' વગેરે શબ્દોથી પ્રારંભ કરીને 'કા ઇતિ' શબ્દ સુધીમાં (પ્રકાશમાં) કહ્યું છે. (કેવળ પ્રભુને અધીન કરેલા પ્રાણવાળાઓને ચિંતાનો વિષય હોય નહિ, તેથી ચિંતા કરવી નહિ, એવો ભાવ છે. તેથી જ 'કા'–શી ચિંતા ? એવો શબ્દ કહ્યો છે.) કૈમુતિક ન્યાયનો અર્થ સ્પષ્ટ કરવા માટે 'પદ' વગેરે શબ્દોથી (પ્રકાશમાં) પદનો સંબંધ કહ્યો છે. અને અંતમાં 'તે કઇ શી ચિંતા ? 'એમ કહ્યું છે. અહીં એમ કહેવાયું છે કે, (ભાગવતજીના) એકાદશ સ્કંધમાં સાધુ પુરુષોનાં લક્ષણો કહ્યાં છે તેની સમાપ્તિમાં કહેવાયું છે કે, 'હું જે છું, જેવડો અને જેવો છું, તે સમજીને કે સમજ્યા વગર અનન્ય ભાવથી જેઓ મને ભજે છે તેઓ મારા શ્રેષ્ઠ ભક્ત મનાયા છે,' (ભાગ ૧૧–૧૧–૩૩), એ પ્રમાણે ભગવાને કહેલ વાક્યમાં હીન અધિકારી અને મધ્યમ અધિકારીઓ પણ અનન્ય ભાવથી ભજે તો તેઓ શ્રેષ્ઠ ભક્ત છે. એમ બંને પ્રકારના ભક્તોનો ઉત્કર્ષ દર્શાવ્યો છે. ભગવાન અને ઉદ્ધવના સંવાદની સમાપ્તિમાં પણ 'હે ઉદ્ધવ, મારા સંબંધી ધર્મના કાર્યમાં લેશ માત્ર હાનિ નથી; કારણ કે તેમાં ફળની કશીય ઇચ્છા નથી મેં ઉત્તમ પ્રકારે નિશ્ચય કર્યો છે કે, પરબ્રહ્મ એવા મારા પ્રત્યેનો જે જે ધર્મ સાધવામાં આવે છે તે જો ફળની ઇચ્છાઓ વગરનો હોય તો હે પુરૂષ શ્રેષ્ઠ, તેનો તેવો પ્રયત્ન ભય વગેરેથી છોડાવનારો બની રહે છે' (ભાગ ૧૧–૨૯–૨૦, ૨૧), એ પ્રમાણે બે શ્લોક ભગવાને કહ્યા છે.

એ બે શ્લોક ઉપરની શ્રીધરીય ટીકાનો અર્થ એમ છે કે, હે અંગ, હે ઉદ્ધવ, નિષ્કામ એવા મારા ધર્મનો પ્રારંભ કરાય છે ત્યારે તે દોષ વગરનો હોવાના કારણે તેમાં લેશ માત્ર હાનિ જેવું નથી જ; કારણ કે તે નિષ્કામ હોવાથી મેં જ આ ધર્મઉત્તમ પ્રકારે નિશ્ચિત કર્યો છે, પરંતુ મનુ વગેરેના

મુખેથી ગમે તે રીતે તે નિર્માણ થયેલ નથી. અહીં પ્રશ્ન કરાય છે કે, આપના ધર્મનું એવું સામર્થ્ય હોય તો પછી અન્યત્ર સામર્થ્ય કેમ છે? તેના ઉત્તરમાં 'યઃ યઃ' વગેરે શબ્દોથી કહે છે. તેનો અર્થ આ પ્રમાણે છેઃ વિશેષ શું કહેવું? મારા ધર્મમાં હાનિ નથી જ; કારણ કે લૌકિકમાં પણ જે જે વ્યર્થ પ્રયત્ન થાય છે તે પણ પરમેશ્વર એવા મારા પ્રત્યે ફળના હેતુ વગર થાય, એટલે કે નિષ્કામપણાથી જો મને અર્પણ કરાય તો તે ધર્મ જ ગણાય, અને તેવું કર્મ કરવાનો પ્રયત્ન અર્થહીન બની રહે નહિ. અર્થહીન પ્રયત્ન માટે દૃષ્ટાંત આપે છે કે, જેવી રીતે ભય, શોક વગેરે કારણે નાસી જવું, રડવું વગેરે થાય છે તેમ એ પ્રમાણે શ્રીધરી ટીકામાં કહેલું છે?

તેમ જ નિષ્કામ એવા ભગવદ્ધર્મમાં ફળની આશા ન હોવાથી લેશ પણ હાનિ નથી, એમ ભગવાને કહ્યું હોવાથી, આ પ્રસ્તુત આત્મનિવેદનના સંબંધમાં પણ અધિકાર મળવાથી લેશ પણ હાનિ નથી. હીન અધિકારમાં પણ સાધનથી જોતાં કે ફળથી જોતાં હાનિનો અભાવ છે, તેથી તેમાં ચિંતાનો અભાવ છે. તો પછી ઉત્તમ અધિકાર હોય તો તેમાં શું કહેવાનું હોય! એમ ભગવાને કહેલ વાકયથી જ સિદ્ધ છે.

વળી, ભગવદર્થે લૌકિક પ્રયત્ન પણ વ્યર્થ નથી, એમ પણ છે. તેથી પહેલાં કહેવાયેલું બધું યોગ્ય જ છે, એમ હોવાથી તેઓની કહેવાયેલી ચિંતાથી થતો રોકકળ યુકત શોક શા માટે? અર્થાત્ કશી જ ચિંતા કે શોક કરવાં નહિ, એમ કહ્યું છે, એમ અર્થ છે. ॥૪॥

ચંપારણધામ સોહામણારે

ચંપારણધામ સોહામણારે, સોહામણા રે, પ્રભુ પ્રગટયા છે ત્યાંય
લક્ષ્મણ ભટ્ટજીના કુલમાં રે, કુલમાં રે, મહાપ્રભુ કહેવાય
અગ્નિનો કુંડ પ્રકાશિયો રે, પ્રકાશિયો રે, બાળ નિરખીને ત્યાંય
માત ઇલ્લમાજી હરખિયા રે, હરખિયા રે, પ્રભુ પ્રગટયા છે ત્યાંય
છઠ્ઠી ઘર ઘણું ગાજતું રે, ગાજતું રે, પ્રભુ ખેલે છે ત્યાંય
બાલક બિરાજે આવાસમાં રે, આવાસમાં રે, પ્રભુ પ્રગટયા છે ત્યાંય
દૈવી ઉદ્ધરણ કારણે રે, કારણે રે, ધર્યો દ્વિજવર અવતાર
વૈષ્ણવજન આનંદીયા રે, આનંદીયા રે, પ્રભુ પ્રગટયા છે ત્યાંય
શ્રીનાથજીને સેવવા રે, સેવવા રે, પ્રભુ આનંદિત થાય
પાટે પધરાવી પ્રેમથી રે, પ્રેમથી રે, પ્રભુ પ્રગટયા છે ત્યાંય
દોષ ટાળી સૌ જીવનાં રે, જીવનાં રે, પ્રભુ પાસે લઇ જાય
સેવા સમરણ સોંપવા રે, સોંપવા રે, પ્રભુ પ્રગટયા છે ત્યાંય

માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

શ્રીબાલકૃષ્ણલાલ પ્યારેકી જય હો
શ્રીવલ્લભાધિશ પ્રભુકી જય હો

શ્રીવલ્લભ વિજયયાત્રા નાટીકા

લે. **જાદવજીભાઈ ખેરાજભાઇ સૂરત**

સ્થળ : મથુરામાં શ્રીમહાપ્રભુજીનો મુકામ.
પાત્રો : શ્રીમહાપ્રભુજી, ઉજાગરચોબાજી, વૈષ્ણવો.
(વૈષ્ણવો વધાઇ બોલે છે)

(વધાઇ)

પ્રગટ વ્હે મારગ રીત દિખાઇ
પરમાનંદ સ્વરૂપ કૃપાનિધિ
શ્રીવલ્લભ સુખદાઇ ॥
કરસિંગાર ગિરિધરનલાલકો,
જબ કર વેણુ ધરાઇ ।
લે દરપન સન્મુખ ઠાડે વ્હૈ,
નિરખ–નિરખ મુસકાઇ ॥
વિવિધ ભાંતિ સામગરી હરિકો,
કરી મનુહાર લીવાઇ ।
જલ અચવાઈ સુગંધ સહિત,
મુખ બીડી પાન ખવાઇ ॥
કરત કૃપા નિજ દૈવી જીવનપર,
શ્રીમુખ વચન સુનાઇ ।
વેણુગીત પુનિ યુગલ ગીતકી,
રસ બરખા બરખાઇ ॥
સેવા, રીત - પ્રિત વૃજજનકી,
જન હિત જગ પ્રકટાઇ ।
'દાસ' સરનહરિ વાગધિસકી,
ચરન રેણુ નિધિ પાઇ ॥

॥ શ્રીવલ્લભ કલ્પદ્રુમ ફળ્યો,
ફળ લાગ્યો વિઠ્ઠલેશ ॥
શાખા સહુ બાલક ભયે,
પાર ન પામે શેષ ॥
અખંડ ભૂમંડલાચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય.
પ્રભુકી જયહો । જયહો ॥ જયહો ॥

શ્રીમહાપ્રભુજી :–આ મધુપુરી પરમ પવિત્ર ધામ છે. મથુરાપુરીને જેણે ભકિતનું દાન કર્યું છે. સાક્ષાત પ્રભુયે જેના કિનારાપર વિશ્રામ લીધો છે, એવા વિશ્રામઘાટ પર બિરાજતા શ્રીયમુનામહારાણીજીના દર્શન અને સ્નાન–પાન કરવા માટે આપણે જઇશું શ્રીયમુનાજીના અલૌકિક પ્રભાવનું વર્ણન તો શિવબ્રહ્માદિક પણ કરી શકે નહી આપણા મહદભાગ્ય છે કે, આપણા પ્રત્યે શ્રીમહારાણીજીયે આવી કૃપા વિચારી છે તો સહુ વૈષ્ણવો ચાલો, શ્રીયમુનાજીની રજ અંગ પર લગાવીયે.

ઉંજાગર ચોબાજી :– મહારાજ, વિશ્રામઘાટ પર જઇ શકાય એવું નથી ત્યાં બાદશાહના સિપાહીયોનો સખ્ત પહેરો છે. કોઇને સ્નાન પણ કરવા દેતા નથી જે જાય છે તેને મારીને કાઢી મુકે છે. સ્નાનનો આગ્રહ કરનારને જાનથી મારી નાખે છે. આ પ્રમાણે ઘણાયે જાન ગુમાવ્યા છે.

શ્રીમહાપ્રભુજી :–આમ કરવાનું કારણ શું ?

ચોબાજી :–એ લોકો કહે છે કે, 'તમે યમુનાજીને દેવી કહો છો એનું પુજન કરો છો તમે મુર્તિ પુજક છો અમારા મજહબમાં એની મનાઇ છે કાફરની આવી હરકત અમે ચલાવી લઇશું નહીં.

શ્રીમહાપ્રભુજી :–હું જાણું છું કે, અત્યારે સમસ્ત દેશ 'મ્લેચ્છાક્રાંત' બની ગયો છે, છતાં આ આપણો અંગત પ્રશ્ન છે. આપણા ધર્મનો સિદ્ધાંતછે એમાં દખલગિરી કરવાનો એ લોકોને કોઇ અધિકાર નથી. આપણે એના ધર્મમાં દખલગીરી કરતા નથી. તો આપણા ધર્મનું પાલન કરતાં આપણને અટકાવવાનો એનો કોઇ અધિકાર નથી વૈષ્ણવો! તમે આવા નિર્બળ કેમ બની ગયા છો ? આપણે કોઈ સાથે લડવું નથી. અહિંસાને આપણે પરમ ધર્મ માન્યો છે, છતાં આપણા ધર્મનું પાલન કરતાં આપણને કોઇ અટકાવે તે આપણે ચલાવી લઇયે નહીં. આવી બાબતમાં આપણે નિર્બળ બનશું તો ભારતમાંથી આર્યસંસ્કૃતિનો નાશ થઈ જશે યાદ કરો ગીતામાં શ્રીકૃષ્ણની આજ્ઞાઃ 'સ્વધર્મે નિધન શ્રેયઃ પર ધર્મો ભયાવહ ।। 'આપણા ધર્મનું પાલન કરતાં મૃત્યુ આવે એ પણ શ્રેયસ્કર છે, પણ પરાયો ધર્મ આપણા માટે ભયરૂપ છે ગો–બ્રાહ્મણ પ્રતિપાલ આર્ય સંતાનોને આવી નિર્બળતા શોભે નહીં. આપણે કોઇને મારવા ઇચ્છતા નથી; પણ પોતાના ધર્મનું પાલન કરતાં આર્ય સંતાનોએ કયારેય પાછી પાની કરી નથી માટે ભિરૂતાનો ત્યાગ કરી સ્વધર્મના પાલન માટે તત્પર બનો.

એક વૈષ્ણવ :– પણ કૃપાનાથ એ લોકો તો તરવારથી જ વાત કરે છે, ત્યાં આપણું શું ચાલે ?

શ્રીમહાપ્રભુજી :– આપણે એને મારવા ઇચ્છતા નથી. તો એ મારી–મારીને કેટલાને મારશે ? ભારત ના હજારો ધર્મ પ્રેમીયો એક સંપથી સંગઠિત બની પોતાના સ્વધર્મના પાલન માટે સર્વસ્વનો ભોગ આપવા તત્પર બનશે તો એ લોકો પણ વિચાર કરતા થઇ જશે કરાળ કાળ પણ એનો સામનો નહીં કરી શકે. તમારી આવી નિર્બળતાનું એક બીજું પણ કારણ છે. આપણામાં પ્રભુ પ્રત્યે વિશ્વાસ નથી વિચાર કરો વૈષ્ણવો શ્રીઠાકુરજીની કૃપાથી આપણને અષ્ટાક્ષર મહામંત્રનું દાન મળ્યું છે. આ કોઇ સામાન્ય મંત્ર નથી પણ મંત્રરાજ છે. શ્રદ્ધા અને વિશ્વાસ પૂર્વક સતત એનો જપ કરવાથી એવી કોઇ શક્તિ નથી કે, આપણો પરાભવ કરી શકે; સંસારમાં એવી કોઇ આધિ, વ્યાધિ કે ઉપાધી નથીકે અષ્ટાક્ષરમંત્રના પ્રભાવથી દુર ના થઇ શકે, આ મંત્ર શરણમંત્ર છે. હે કૃષ્ણ! આપ મારૂ શરણ છો; આવો એનો અલૌકિક ભાવ છે. શરણે આવનારને તો દુશ્મન પણ મારતો નથી, તો શું પ્રભુ આપણી રક્ષા નહીં કરે ? 'તસ્માત સર્વાત્મના નિત્ય શ્રીકૃષ્ણઃ શરણંમમ' એને કયારેય ભૂલશો નહીં. વૈષ્ણવ હંમેશાં નિર્ભય હોય છે એ સુત્ર યાદ રાખજો માટે ભય, શંકા અને નિર્બળતાનો ત્યાગ કરી તૈયાર થાઓ. આપણે તો શ્રીયમુનામહારાણીજીના ચરણ સમિપ જવું છે, તો 'મા' આપણું રક્ષણ નહી કરે ? ચાલો આપણે

અત્યારેજ વિશ્રામ ઘાટ જવું છે સૌ ચાર-ચારની લાઇનમાં ચાલતા રહો. સહુની આગળ હું ચાલીશ.

વૈષ્ણવો :– કૃપાનાથ, આપની અલૌકિક વાણી શ્રવણ કરી અમે નિર્ભય બન્યા છીએ આપની આજ્ઞા શિરોધાર્ય છે. હજારો વૈષ્ણવો અને શહેરના લોકો તૈયાર છે, ચાલો વૈષ્ણવો શ્રી વલ્લભ પ્રભુના ચરણને વંદન કરી આગે થાઓ બોલો શ્રીવલ્લભાધિશ પ્રભુકી જયહો ! જયહો ! !

* * *

(પ્રવેશ-૨ જો)
પાત્રો :- સિપાહીયો
સ્થાન :- વિશ્રામઘાટ

એક સિપાઈ :– અરે ખાન આ જોર શોરથી અવાઝ ક્યાંથી આવે છે ?

ખાન :– મથુરામાં હિંદુલોકોના પેગંબર આવ્યા છે, એટલે હિંદુલોકો એની બંદગી કરે છે.

સિપાઈ :– કોણ છે એ પયગંબર ?

ખાન :– ભૂલી ગયો ? સિકંદર લોદીના વખતમાં આપણા ઉસ્તાદ રૂસ્તમઅલીયે આ વિશ્રામ ઘાટ ઉપર એક યંત્ર લટકાવ્યો હતો એની નિચેથી પસાર થનાર હિંદુની ચોટલી ગાયબ થઇ જાય, અને દાઢી બની જાય, એટલે એને આપણે મુસલમાન બનાવી દેતા પણ એના પ્રતિકાર રૂપે આ ઓલીયાએ દિલ્હીના પ્રત્યેક દરવાજા ઉપર યંત્રો લટકાવ્યા અને એની નિચેથી પસાર થનાર મુસલમાનની દાઢી ગાયબ બની જાય અને ચોટલી બની જાય પાછી તાજુબીની વાત તો એ કે એ યંત્ર ઉતારવા જનારના હાથમાં એ આવેજ નહીં આવો ચમત્કાર જોઇને સિકંદર બાદશાહ તાજુબ બની ગયો, ઓલીયાની માફી માગી અને હોનહાર ચિત્રકારને બોલાવી આ ઓલીયા તથા એના સેવક સૂરદાસજીની તસ્વીરો તૈયાર કરાવી પોતાના મહેલમાં પધરાવી એ ઓલીયા અહીં આવ્યા છે. પહુંચેલા મુરશદ છે.

સિપાહી :– એ લોકો આ તરફ આવશે તો આપણી ફરજ તો બજાવવી પડશેને !

ખાન :– બેવકુફ છોતું હજારો હિંદુઓ એના ઓલીયા સાથે સાથે આવે અને આપણને એક-એક કાંકરો મારે તો પણ આપણે ખતમ થઇ જઇયે અને એવું બનશે તો આપણે હથીયાર ફેંકી દઇને પલાયન થઈ જઇયે એમાં જ આપણી સલામતી દે. નહીંતર બીબી-બચ્ચા રખડી પડશે.

સિપાહી :– કેવી વાત કરો છો ખાન એ લોકોમાં એવી હિમ્મત હોત તો મુસલમાનોનું રાજ થાતજ નહી.

ખાન :– એનું કારણ તું સમજતો નથી એ લોકોમાં સંપ નથી. રાજાઓ આપસમાં લડીને બાદશાહ ગુલામ જેવા બની ગયા. એટલે જ આપણે ફાવી ગયા નહીંતર જે રાજપુતો માથું કપાયા પછી પણ લડી શકતાહોય, એને કોણ જીતી શકે ? પરંતુ આજનો મામલો કાંઇક જુદોજ જણાય છે.

સિપાઇ :– પણ ખાન, તમે હથિયાર ફેંકી દઇને નાસી જવાનું શા માટે કહો છો ?

ખાન :– આપણે એ લોકોની ખોટી માન્યતાનો લાભ ઉઠાવવો છે. એ લોકોમાં એક ગાંડપણ છે. હથિયાર વગરના હોય તેને

એ લોકો મારતા નથી સ્ત્રી–બચ્ચાઓ ઉપર જુલમ કરતા નથી શરણે આવેલાને માફી આપે છે. એટલે જ એ લોકો પાછા પડે છે. નહીંતર દુશ્મન ઉપર તે વળી રહમ હોય? અરે આમ સામે જો તો ખરો! હજારો હિંદુઓ નારા લગાવતા આવી રહ્યા છે સહુની આગળ એના ઓલીયા છે. કેવી નિર્ભયતાથી આવી રહયા છે? કોઈના હાથમાં હથિયાર નથી. જરાં જો તો ખરો! જાણે લોકો એકઠા થઇને આવ્યા ન હોય! જલ્દી નાસો, નહીતર આપણી ખેર નથી.

(હથીયાર ફેંકીને બધા નાસી જાય છે.)

* * *

(પ્રવેશ ૩ જો)

(હજારો વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીના ગુણાનુવાદ ગાતા વિશ્રામઘાટ પર આવી પહોચે છે.)

(પદ)

ભકિતકા ડંકા આલમચે બજવાદિયા શ્રીમહાપ્રભુજીને પુષ્ટિકા ઝંડા સૃષ્ટિમે, ફહરાયા શ્રીમહાપ્રભુજીને ॥

ભૂતલમે કલિયુગ આય ગયા,
અરૂ ઘોર તિમિર ઘન છાંઇ રહા,
કર નષ્ટ તિમર ભકિત રોશન,
પ્રકટાયા શ્રીમહાપ્રભુજીને ॥

છોટી વયમે સંકટ સહકર,
ભારતમે પરિભ્રૂમણ કિયા,
વિશ્વકો અપના ઉગ્ર તેજ,
દિખલાયા શ્રીમહાપ્રભુજીને ॥

અગિયાર વર્ષમેં શાસ્ત્ર અરૂ,
વેદાદિક કા અભ્યાસ કિયા,
ભારતમે સબ પંડિત ગનકો,
ચમકાયા શ્રીમહાપ્રભુજીને ॥

વિદ્યાનગરમે દેશ – દેશકે,
વિપ્ર વિબુધ વર આય રહા,
સબ અપના જોર બતાનેમે,
મિથ્યા કલ–શોર મચાય રહા ॥

વહાં જાય માયા તિમિરકો,
બ્રહ્મવાદસે નષ્ટ કિયા,
કર વિશ્વ વિજય સાકાર બ્રહ્મ
દિખલાયા શ્રીમહાપ્રભુજીને ॥

દિક્ષાદે દૈવી સૃષ્ટિ કો,
શરનાગતી કા ઉપદેશ દિયા,
શુદ્ધાદ્વૈત સિદ્ધાંતમહા,
સમજાયા શ્રીમહાપ્રભુજીને ॥

વેદ–ગીતા ભાગવત તણી,
દિવ્ય જયોત પ્રકટાઇ દઇ,
વિજય ધ્વજ ધર્મ સનાતનકા,
ફરકાયા શ્રીમહાપ્રભુજીને ॥

શ્રીમહાપ્રભુજી :– જય હો જય હો શ્યામસુંદર શ્રીયમુજીના મહારાણી કી જય હો! વૈષ્ણવો, જોયુ ને! શ્રીનાથજી અને શ્રીયમુના મહારાણીજીની કૃપાથી આફતના વાદળો વિખરાઇ ગયા તમારામાં પ્રભુ પ્રત્યેનો દઢ વિશ્વાસ અને આત્મ બળથી વિજય થયો છે. એક વાત હંમેશાં યાદ રાખજો, કે, ભારત આપણો દેશ છે. ભારતના મંદિરો અને તિર્થ સ્થાનો આપણા સર્વસ્વ છે જયાં આપણા પરાપૂર્વની સંસ્કૃતિ છે. આપણે કોઇના પ્રત્યે દ્વેષ ભાવ રાખતા નથી પણ આપણી સંસ્કૃતિના રક્ષણ માટે કોઇપણ પ્રકારનો ભોગ આપવા માટે તત્પર રહેવું

પડશે આપણામાં સંગઠન હશે, તો આપણો કોઇ પરાજય કરી શકશે નહીં.

"ન દૈન્યમ્ ન પલાયનમ્"

વૈષ્ણવો :– આ બધું આપના પ્રતાપ બળથી સિદ્ધ થયું છે આપ અમારા સુકાની છો. હંમેશાં અમારૂં રક્ષણ કરજો.

(વૈષ્ણવો શ્રીયમુનાજીની સ્તુતી કરે છે.)

(ધોળ)

મા, તું ઠાકુરની ઠકરાણી
શ્રીયમુના મહારાણી,
તને વૈષ્ણવજનોયે વખાણી, શ્રીયમુના મહારાણી ॥

નિર્મળ નીર માનો ગંભિર પ્રવાહ છે,
લાખો જીવોનો તારા શરણે નિવાસ છે,
તારા પાપ હરનારા પાણી–શ્રીમુનામહારાણી,
યમની તું બેનડીને સૂરજની દીકરી,
કાલિંદી થઇ કૃષ્ણ સંગે તું વરી,
ચૌદ ભૂવનમાં તું પૂજાણી શ્રીયમુના મહારણી
તારી રેતીને કોઇ અંગમાં લગાવે,
ભકિત દેવી ત્યાં ચરણ પધરાવે,
જન્મ મરણથી છુટતા પ્રાણી-શ્રીયમુને મહારાણી,
સ્નાન–પાન કરે તેના દોષને હટાવે,
સકલ સિદ્ધિદાતા ત્રિવિધ તાપને નસાવે,
રાસ લીલામાં રાસ રંગમાણી-શ્રીયમુને મહારાણી
તારી સેવાથી શ્રીવલ્લભ પ્રસન્ન થાય છે,
વૈષ્ણવ ગુણ તારા આનંદરથી ગાય છે,
મારી નિર્મળ કરજો વાણી શ્રીયમુને મહારાણી,
શ્યામસુંદર શ્રીયમુને મહારાણીકી જય હો,
આનંદ-પરમાનંદ સ્વરૂપ શ્રીવલ્લભ કી જય હો.

શ્રીમહાપ્રભુજી :– શ્રીયમુના મહારાણીના ચરણ સમક્ષ ઉભા છો નિશ્ચય કરજો કે, તમે વૈષ્ણવ છો એટલે ગળામાં બે કંઠી અવશ્ય રાખજો. કંઠીએ કોઇ સામાન્ય કાષ્ટ નથી પણ બન્ને કંઠી શ્રીનાથજી અને શ્રીયમુનાજીના ભાવ સ્વરૂપ છે. કંઠી વગર પગલું ભરાય નહીં, કે જલ–પાન થાય નહીં લલાટમાં તિલક અવશ્ય રાખજો તિલક એ શ્રીઠાકુરજી ચર્ણારવિંદનું પ્રતિક છે અષ્ટાક્ષર મંત્રનોજપ સતત ચાલુ રાખજો અષ્ટાક્ષરનો જપ એટલે નામ સ્વરૂપે સાક્ષાત શ્રીઠાકુરજી જીંહ્વા પર બિરાજે છે જેના ગળામાં તુલસીની કંઠી છે, લલાટમાં તિલક છે અને મુખમાં અષ્ટાક્ષર મંત્ર છે, એ વૈષ્ણવ સદા નિર્ભય છે કાળ–કર્મ એને કાંઇ કરી શકતા નથી. જયાં નામ સ્વરૂપે સાક્ષાત પ્રભુ બિરાજતા હોય, ત્યાં હંમેશાં આનંદ–મંગળ હોય ભગવદ્ સેવા એ વૈષ્ણવનો મુખ્ય ધર્મ છે. "કૃષ્ણસેવા સદા કાર્યા" માટે સેવાથી વિમુખ બનશો નહીં.

મારી આ આજ્ઞાનું જે પાલન કરશે, પ્રભુ તેની સતત રક્ષા કરશે જ એમાં સંશય નથી. બોલો શ્યામસુંદર શ્રીયમુને મહારાણી કી જય.

વૈષ્ણવો :– શ્યામસુંદર શ્રીયમુને મહારાણી કી જય વહાલા શ્રીવલ્લભ પ્રભુ કી જય હો. પુષ્ટિ માર્ગ દઢ રાખવા પ્રકટયા શ્રીવલ્લભ આપ જે જન આવ્યા શરણમાં મટયા પાપ–સંતાપ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિઠ્ઠલેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભામહાકાવ્યયન

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

(ગતાંકથી ચાલુ)

બ્રહ્મ સર્વરૂપ છે. અંશો તેના અને તેજ છે. માનો કે એક માણસ ડાબે હાથે અશુદ્ધ કામ કરે અને જમણા હાથે પવિત્ર કર્મ કેમ કરે તો તેને કેમ કહેવાય કે પોતાને ડાબો હાથ અપ્રિય છે નથી, તેમ દૈવી આસુરી સર્વરૂપ પોતે જ છે. મુખ્ય તેની ઇચ્છા કર્મ તો એક દેખાવ છે. 'એષ ઉ સાધુ' (શ્રુતિ) જેને ઊંચે લેવો હોય તેના પાસે ઊંચાં કર્મ કરાવી ઊંચે લઇ જાય. નીચે લઇ જવો હોય તેના પાસે નીચાં કર્મ કરાવી નીચે લઇ જાય, તે સાધુ બ્રહ્મ પોતે છે. વિરુદ્ધ ધર્માશ્રયત્વ બ્રહ્મ છે. પ્રાકૃત અને અપ્રાકૃત દેવાદિરૂપે પોતાની શક્તિનો પ્રવેશ કરાવી તે તે નામો તે તે રૂપોથી પોતે ક્રીડા કરે છે. જયાં ત્રિગુણ પ્રધાન તેવી માયા હરિને વશ તેનો આધાર બ્રહ્મ છે. તે ગુણો પ્રકટ કર્તા તે ગુણોથી બ્રહ્મ લેપાતું નથી. તે બ્રહ્મ અપ્રાકૃત આનંદાકાર રસઘન છે. અનેક બ્રહ્માંડો પ્રકટ વિલય કરે, છતાં તેના વિલયથી દુઃખ, પ્રકટથી સુખ બ્રહ્મને નથી.

અવિકૃત પરિણામવાદી જયારે જીવ જંતુ સર્વ વર્તમાન કાલમાં બ્રહ્મરૂપ છે તે જગત્‌ને મિથ્યા કહેનાર વાદીનો વાદ મિથ્યા છે, કદાચ વાદી શંકા કરે કે બ્રહ્મમાં જડતા હતી તે જડત્ત્વ બહાર આવ્યું તો પછી બ્રહ્મ જડ ખરું.

ઉત્તર–નહિ કેમ. બ્રહ્મ જયારે ચિદ્ અંશ હરે ત્યારે ચૈતન્ય વગરનો સદ્અંશ તેની મેળે થાય છે અથવા જડત્ત્વ દેખાય છે. કેવી રીતે ! જયારે દૂધ હોય અને પડી રહ્યા પછી દહીં તેના મેળે જ થાય છે. તેમાં દૂધના ધર્મો દેખાતા નથી પણ જુદા જ પ્રતીત થાય છે, તેમ ચૈતન્ય અંશ વગર સદ્રુપપણું પ્રકટ દેખાય છે તેથી જડત્ત્વપણું બ્રહ્મમાં નથી. જયારે ચૈતન્ય પ્રવેશે ત્યારે ચૈતન્ય ધર્મો દેખાય છે.

જડ અને ચૈતન્ય સર્વ બ્રહ્મરૂપ છે. ભાવાદ્વૈત, દ્વૈત અને દ્રવ્યાદ્વૈત વિચારતાં સર્વ બ્રહ્મરૂપ છે. જડ અને ચૈતન્ય ઓતપ્રોત ધર્મો ધારણ કરે છે. દેહાદિમાં કેશ અને નખ જડત્ત્વ પૃથક દેખાય છે. તેમ સદ્રૂપ જગત્ બ્રહ્મરૂપ છે. બ્રહ્મમાં સ્થિર, બ્રહ્મમાં, પ્રવેશ, બ્રહ્મમાંથી પ્રકટ, એવું જગત્ બ્રહ્મરૂપ છે.

જગત્ બ્રહ્મ નથી તેમ જીવો બ્રહ્મ નથી પણ તેનો અંશ છે. અંશી અંશોથી તેનું એકત્વ વર્ણન કર્યું.

હવે શંકા–જ્યારે જીવો બ્રહ્મરૂપ છે તો તે જીવોને સુખ દુઃખ થાય છે. બ્રહ્મને કેમ ન થાય !

ઉત્તર–બ્રહ્મે પોતાનો આનંદરૂપ ભાગ સદ્ અને ચિદ્‌થી પૃથક કરી ક્રીડા કરી છે. જીવને સ્વર્ગાદિ કે નરકાદિ સુખ દુઃખ થાય તે અંશ બ્રહ્મનો હોવાથી અંશ અંશીનો સંબંધ રહે પણ સુખ દુઃખ સંબંધ રહેતો નથી.

શંકા–તો પછી જીવ હિંસા કરે તો તેનો દોષ ન જ લાગે ?

ઉત્તર–જરૂર લાગે. કેમ ?

ઉત્તર–દ્વાસુપર્ણા શ્રુતિ પ્રમાણે સર્વમાં પ્રવેશ કરી રહેલું બ્રહ્મ તત્ત્વ સર્વ પ્રાણીના અંતકરણમાં વિરાજેલું છે તે તેનાં સાક્ષીરૂપ ઉપદ્રષ્ટા અનુમતી પ્રેરકના ધર્મો પ્રકટ કરતા ભગવાન અંશ સાથે રહેલા હોવાથી અંશને દુભાવે તે અંશીનો વિરોધી બને છે. તેથી સર્વમાં વિદ્યમાન હરિને સર્વ સ્વરૂપી જોઇ અંતર્યામીને પ્રણામ કરો. જેવો દેહ તેવો વ્યવહાર. તે પ્રકારનું સન્માન તે ઇશ્વરનું જ સન્માન છે, જીવનું નહિ. જીવ ભગવાન નથી. જડરૂપ જગત ભગવાન નથી માત્ર અંશ છે. જગત્ સત્ય છે. અવિદ્યા માત્ર મિથ્થા છે. અવિદ્યાનાં બે ચરણ અહંતા અને મમતા.

આ પ્રમાણે જ્યારે સભામાં શ્રીવલ્લભે શંકા મૂકતાં માયાવાદી અને બ્રહ્મવાદી બન્ને પક્ષો અલગ પડયા. શ્રીવલ્લભને બ્રહ્મવાદીઓએ પોતાના તરફથી મુખ્ય વકતા તરીકે નિર્ણય કરી શાસ્ત્રાર્થ થરૂ થયો. ત્રણ વર્ષ સુધી કાશીની સભામાં શાસ્ત્રાર્થ કરતા, બ્રહ્મવાદી શ્રી લક્ષ્મણભટ્ટજી પાસે આવી અતિ હર્ષ યુકત હકીકત કહેતા. ત્યારે માયાવાદી લક્ષ્મણભટ્ટને ધમકી આપતા કે તમારા પુત્ર ઉપર અભિચાર પ્રયોગ હવે જરૂર કરીશું તે સાંભળી શ્રી લક્ષ્મણભટ્ટને ભારે કલેશ થતો અને તે પંડિતો સાથે શ્રી વલ્લભને વાદ કરવાનું ના કહેતા.

શ્રીવલ્લભે કાશીનું કામ તે સમયે પૂર્ણ કર્યું. પિતાનું મન ફેરવ્યું, કારણ કે વલ્લભને ૧૧ વર્ષ પૂર્ણ થયાં, તેથી પિતાની ઇચ્છા કાશીનાં ૧૧ વર્ષ વાસ પૂર્ણ થયો. તેથી સર્વ સજ્જનોની સલાહ લઈ શ્રી લક્ષ્મણભટે આંધ્રમાં જવા વિચાર્યું બ્રહ્મવાદી સર્વ ભેગા થઇ શ્રી વલ્લભને **‘બાલ સરસ્વતી’** ની પદવી આપી શ્રી લક્ષ્મણ ભટ્ટે ભાવભીની વિદાય લીધી.

–ક્રમશઃ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૩૨ મું

શ્રી યમુનાજી કો નામ લે સોઇ સુહાગી
ઇનકે સ્વરૂપ કો સદા ચિંતન કરત,
કલ ન પરત જાય લેહ લાગી, ૧

પુષ્ટિ મારગ મરમ, અતિ હી દુર્લભ કરમ
છાંડ સગરે પરમ પ્રેમ પાગી
'શ્રીવિઠ્ઠલ ગિરિધરન' એસી નિધિ
ભકતકોં દેત હૈ બિના માગી ૨

અર્થ–શ્રી યમુનાજીનું નામ સ્મરણ કરનાર જીવ પરમ સદ્‌ભાગી છે (આપના સ્વરૂપનું જેને જ્ઞાન છે! નિરંતર આપનું ચિંતન કરે છે. એવી જેને લેહ લાગી છે તેને નામ સ્મરણ સિવાય જરાય ચેન પડતું નથી.

પુષ્ટિમાર્ગનું રહસ્ય પણ એ જ છે કે સંસારાસકિત છોડી વ્રજ ભકતોની માફક શ્રીકૃષ્ણના પ્રેમમાં મસ્ત બની જવું. પરંતુ આ કોઇ સહજ વાત નથી. શ્રીયમુનાજી જેના પર કૃપા કરે એને જ આ સુખ પ્રાપ્ત થાય છે. પોતાના ભકતોને આવું સુખ શ્રીયમુનાજી વગર માગ્યે જ આપે છે.

વિવેચન – શ્રીયમુનાજી શ્રીઠાકોરજી સમાન જ અષ્ટવિધ ઐશ્વર્યથી સંપન્ન છે અને આ ઐશ્વર્યનું દાન શ્રીયમુનાજી પોતાના ભકતોને જ કરે છે, એટલે ભકતોના સમસ્ત આવરણો (પંચપર્વ અવિદ્યા દૂર થઇ જાય છે. સેવોપયોગી તનુનવત્વની પ્રાપ્તિ થાય છે. જેથી ભગવદ્ લીલાના પ્રત્યક્ષ દર્શન અને અલૌકિક અનુભવ સુખ મળે છે. ભકતોમાં ભગવદાવેશ પ્રગટ થાય છે, એટલું જ નહીં પરંતુ શ્રીયમુનાજીની કૃપાથી જીવ અલૌકિક ચક્ષુ દ્વારા ભગવાનની સમસ્ત લીલા રસનો અનુભવ કરે છે. જેથી સર્વાત્મના ભાવ સુલભ બને છે. આવું પરમ સૌભાગ્ય જેને પ્રાપ્ત થયું છે એવા ભકતો પછી શ્રીયમુનાજીના નામ સ્મરણ વગર ક્ષણભર રહી શકતા નથી. જેવી રીતે શ્રીઠાકોરજી પોતાના ભકતોની પાછળ–પાછળ ફરે છે એવી જ રીતે શ્રીયમુનાજી પણ ભકતની પ્રતિક્ષણ સાર–સંભાળ રાખે છે.

શ્રીયમુનાજીનું નામ એવું અલૌકિક 'મણી' (રત્ન) છે કે જે સંસારના વિષરૂપી વિષયો અને દુઃસંગ રૂપી નાગના ઝેરથી બચાવે છે. દુર્ભાગ્ય સદ્‌ભાગ્યમાં પલટાઈ જાય છે. સમસ્ત મનોકામના પૂર્ણ થાય છે.

સોરઠો–ભાગ્યવંત સંસારમાં, શ્રીયમુનાજીનો દાસ; સ્વરૂપ ધ્યાન સ્મરણ સદા, હરિ ચરણમાં વાસ.

દૂનો લાભ ભયો

-શ્રીવલ્લભપદરેણુ

શ્રીમદ્ ગોકુલમાં શ્રીનંદરાય બાવાને ત્યાં શ્રીબાલકૃષ્ણ લાલાનું પ્રાકટ્ય થયું ત્યારથી ગોકુલની જાણે છબી પલટાઇ ગઇ. સમસ્ત વ્રજમંડળ એક પ્રકારની અનેરી મધુરતાથી અને શ્રીથી શોભી રહ્યું. સૌંદર્યનિધાન શ્રીબાલકૃષ્ણ પ્રભુ કેવળ યશોદા માતાના હતા પ્યારા હતા એટલું જ નહીં, પરંતુ ગોપી માત્રના તે દુલારા બની ગયા. ઘરનું બહારનું કામકાજ કરી દિવસમાં બેચાર વાર શ્રીકૃષ્ણના દર્શન ન કરે ત્યાં સુધી ગોપીઓને ચેન પડતો નહીં.

વ્રજવાસીઓ સવારના પહોરમાં વહેલા ઊઠી ઉત્કંઠાભર્યા નંદલાયમાં આવતા અને લાલાના શ્રીમુખના દર્શન કર્યા પછી જ પોતાના રોજબરોજના કાર્ય આરંભતા. ગોકુલવાસીઓના જીવનમાં આ એક સહજ સ્વાભાવિક ક્રમ બની ગયો.

જીવનમાં દરેક વસ્તુ વિષે અપવાદ હોય છે તેમ ગોકુલ-વાસીઓના જીવનના આ ક્રમમાં અપવાદ ન હતો એમ તો ન કહેવાય અપવાદ હતો જ. એવા પણ કેટલાક વ્રજવાસી હતા કે જે શ્રીકૃષ્ણના દર્શન કરવા આવતા નહીં. દૂર રહેનારની વાત તો ઠીક છે પરંતુ નંદાલયની તદ્દન નિકટ રહેતી એક ગોપી લાલાને જોવા માત્ર પણ આવતી નહીં. હજી સુધી તેના મનમાં લાલાના મુખદર્શન કરવાનો ભાવ જાગ્યો ન હતો.

પડોશમાં રહેતી તેની એક સખી આ કારણથી આ ગોપી પર નારાજ રહેતી અને કદી કદી પોતાના મનની ચીડ વ્યકત કરતી દર્શન જતી વખતે તે ગોપીને આવવા માટે અચૂક બોલાવતી. પરંતુ તેના શબ્દોની પત્થર પર પાણીની જેમ આ ગોપી પર કોઇ અસર થતી નહીં. એક દિવસ આ સખીએ ગોપીને ખુબ ઠપકારી અને તેની નામરજી છતાં પારણે તેને નંદાલયમાં દર્શન કરવા તે ખેંચી ગઇ. અનિચ્છાથી આવેલી આ ગોપીએ લાલાના મુખના દર્શન અનમના ભાવે કર્યા ન કર્યા અને તુરત જ ત્યાંથી જતી રહી.

પોતાને ઘેર આવી ગોપીએ વલોણું કર્યું. પછી મથનીમાં દહીં-માખણ ભરી નિતનિયમ મુજબ તે બાજુના ગામે વેચવા અર્થે નીકળી પડી.

આજે આ ગોપીના જીવનમાં કૌતુક બન્યું હોય એવું તેને લાગ્યું. રોજ તો માંડ થોડા પ્રમાણમાં દહીં-માખણ વેચાતાં. પરંતુ આજનો દિવસ તેને માટે સપરમો નીવડયો. આજે તો આવતાંની સાથે જ લોકોએ દહીં-માખણ ખરીદવા આશ્ચર્યકારક પડાપડી, કરી 'મને આપ, પહેલાં મને આપ'ની બુમરાણ મચી ગઇ. તેણે ઝટ ભાવ વધારી દીધો તો પણ એના દહીં-માખણ થોડી વારમાં જ વેચાઇ ગયાં, એટલું જ નહીં પરંતુ રોજ કરતાં બમણા નાણાં ઉપજ્યા.

રાજીના રેડ થતી ગોપી જયારે ઘેર પહોંચી ત્યારે બીજા શુભ સમાચાર જાણે તેની રાહ જોઇ રહ્યા હતા. આવતાંની સાથે જ તેની સાસુએ આનંદના અતિરેકથી વધામણી દીધી. અલી સાંભળ આપણી કાઝરે આજે એક સરસ વાછડીને જન્મ આપ્યો છે વાછડી પણ શું રૂપરૂપના અંબાર છે! જાણે જોઇ જ રહીએ. આખા ગોકુળમાં આવી સુંદર વાછડીનો જોટો જડે તેમ નથી.'

આ શુભ સમાચાર સાંભળી ગોપી અતિ ખુશખુશાલ બની તેણે પણ સાસુને પોતાનો આજનો આશ્ચર્યકારક અને સુખદ અનુભવ કહી તેની ખુશીમાં વધારો કર્યો.

આજ આ ગોપીને બમણો લાભ પ્રાપ્ત થયો હતો એકતો એનાં દહીં-માખણ જેનું વેચાણ રોજ મંદ રહેતું તે આજે અનિલંબ વેચાઇ ગયાં હતાં અને તેમા બમણા પૈસા પ્રાપ્ત થયાં હતા. બીજો લાભ ઘેર કાઝર ગાયે એક અતિ સુંદર વાછડીને જન્મ આપ્યો તેનો થયો હતો. 'આજ મોહિ દૂનો લાભ ભર્યો એ આનંદના ભાવથી એના મનમાં વીજ ઝબૂકે તેમ અચાનક એક વિચાર ઝબૂકી ઊઠયો 'અરે! આજે સવારે તો મેં શ્યામસુંદર લાલાના શ્રીમુખના દર્શન કર્યા હતા આ તો ત્યારે એનો જ પ્રતાપ! આ વિચાર માત્રથી એના મનમાં લાલા પ્રત્યે એવું તો અજબ ભાવાનુ સંધાન થયું કે પછી તો રોજ સવાર પડે કે લાલાના મુખના દર્શન કરવાની મનમાં ન સહી જાય એવી તાલાવેલી લાગતી લીલાધર શ્રી બાલકૃષ્ણ પ્રભુની અહૈતુકી કૃપા કાલે કોના ઉપર ઉતરશે એ કળવું અતિ મુશ્કેલ છે.

ગોપીનાં મનોભાવ પ્રકટ કરતું શ્રી પરમાનંદ દાસજીનું શ્રી ઠાકોરજીને જગવવા એક સુંદર પદ અત્રે મનનીય સ્મરણીય બની રહે છે.

મુખ દેખન કૌ હૌં આઇ લાલકો ।
કાલ મુખ દેખિ ગઇ બેચન
જાતિ હી દધિ ગયૌ બિકાઇ ।।૧।।
દિન તે દૂનૌ લાભ ભયો ઘર
કાજર બછિયા જાઇ ।
આઇ હો ધાય થંભાય સાથ કી
મોહન દેહૌં જગાઇ ।।૨।।
સુન પ્રિય બચન બિહંસ ઉઠિ બૈઠે
નાગર નિકટિ બુલાઈ ।
'પરમાનંદ' સ્યાની ગ્વાલન સૈન
સંકેત બતાઈ ।।૩।।

આંજે હું લાલાનું શ્રીમુખ જોવા આવી છું. ગઇ કાલે હું લાલાનું મુખ જોઇને દહીં વેચવા ગઈ હતી. જતાંની વાર બધું દહીં વેચાઈ ગયું ।।૧।।

એ દિવસે મને રોજ કરતાં બમણો લાભ થયો ઘેર કાજર ગાયે વાછડીને જન્મ આપ્યો આજે તો હું મારી સાથેની સખીઓને ઊભી રાખીને, થંભાવીને આવી છું માટે મારા લાલને જગાડો. ।।૨।।

ગોપીના પ્રિય વચન સાંભળી નંદલાલ હસ્યા અને ઊઠીને બેઠા થયા અને તે ગોપીને નિકટ બોલાવી પરમાનંદદાસ કહે છે કે ગોપી અતિ ખુશ થઇ ગઇ અને નયન સંકેત કરી ચાલી ગઇ. ।।૩।।

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**
અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

જાણવામાં આવે પણ બ્રહ્મ જ પહેલાં કદાપિ આંખોથી દેખાયું નથી. માટે શબ્દ દ્વારા તેનું જ્ઞાન થઇ શકતું નથી. તો પછી તે રૂપથી આત્માનું જ્ઞાન થવું દુર રહ્યું માટે વાકયાર્થ જ્ઞાનમાત્રથી પ્રતિબંધ- નિવૃત્તિ અથવા આત્મ સાક્ષાત્કાર થવો કોઇપણ યુક્તિથી સિદ્ધ થતું નથી.

અહીં એક બીજો એવો પ્રશ્ન થઇ આવે છે કે 'યુક્તિનું આવી રીતે ખંડન કરવાથી તો મીમાંસા શાસ્ત્રનું જ ખંડન થઇ જશે' તો એનો ઉત્તર એ છે કે મીમાંસા (વિચાર શાસ્ત્ર) કેવળ શ્રવણ વખતે અમને જે કાંઇ અસંભાવના અથવા વિરૂદ્ધ કલ્પનાઓ થઈઆવે છે માત્ર તેઓને જ નિવૃત્ત કરે છે પરંતુ બ્રહ્મને બતાવવામાં તેનું કંઇ કામ નથી. બ્રહ્મને તો વેદ જે પ્રમાણે કહે છે તેવું જ માનવું ઉચિત છે. વેદ વદે છે કે 'પરમાત્મા કરચરણ રહિત છે તો પણ ચાલે છે અને સર્વ વસ્તુને ગ્રહણ પણ કરે છે 'તો હવે મીમાંસાનું અહીં એ કામ છે કે બંને, લોકમાં વિરૂદ્ધ જણાતી વાતો બ્રહ્મમાં ઘટે અને લોકો બ્રહ્મને બરોબર સમજી પણ લેય એવી યુક્તિ ખોળી કાઢવી 'બ્રહ્મને અમારા જેવા હાથ પગો નથી, પરંતુ અલૌકિક અપ્રાકૃત છે' એ માટે 'કરચરણાદિ ન રહેતાં છતાં પણ હરીફરી શકે છે. આ વિચાર કે યુક્તિ અહીં વેદાનુકુલ થશે અને એનાથી જ લોકોની સમજને નિઃસંદેહ કરવી ઠીક છે, કારણ કે આમ કરવામાં વેદની વાત સ્થિર રહે છે, પરંતુ 'બ્રહ્મના હાથ પગો કલ્પના માત્ર છે અને તેનું હરવું ફરવું પણ જુઠું છે' આ યુક્તિ તો વેદની વાતને જ ઉડાવી મુકે છે, માટે એવી યુક્તિ તો શ્રવણોપયોગી ન જ કહેવાય.

બીજું, 'જ્ઞાતૃત્વને (જ્ઞાતાપણું) વિકાર કહેવો એ પણ ઠીક નહિં. કારણ કે જ્ઞાન જેમાં રહેતું હોય તેને જ્ઞાતા કહે છે. જ્ઞાનને ક્રિયા માનવી પણ ભૂલ છે. લોકમાં પણ જેને જ્ઞાન હોય તેને જ્ઞાતા કહે છે.

તે જ્ઞાન આત્મા અને બ્રહ્મમાં સ્વાભાવિક છે. માટે તેને વિકાર કહેવો ખરેખરી ભૂલ છે, 'સ્વાભાવિક જ્ઞાનબલક્રિયા ચ શ્રુતિઃ

અગર કહો કે 'મકાનમાં છિદ્રોદ્વારા જે દંડાકાર સૂર્યનાં કિરણો આવે છે તેઓની આડે હાથ રાખવાથી તે સ્પષ્ટ માલમ પડવા લાગે છે, અહીં જો કે હસ્ત સૂર્ય કિરણોથી

જ દેખાય છે છતાં પણ એજ હાથ જેમ સૂર્યકિરણોનો અભિવ્યંજક (પ્રકાશક) છે, તેમ યદ્યપિ અહંકાર અનુભૂતિથી જ પ્રકાશિત છે તથાપિ પણ એ ઠીક ન કહેવાય. કારણ કે સૂર્ય કિરણોની જ્યારે હસ્ત દ્વારા ગતિ નિરૂદ્ધ થઇ જાય છે. એટલે એક સ્થલે તે સર્વ કિરણો એકત્રિત થઇ જવાથી સ્ફૂટ દેખાવા લાગે છે. કિરણોનું બાહુલ્ય (જથ્થો) જ સ્ફુટ દર્શનનું કારણ છે. હસ્ત નહિ. માટે અનુભૂતિ સ્વયંપ્રકાશ હોવાથી તે કોઇથી એ પણ પ્રકાશિત થઇ શકતી નથી. યદી જબરજસ્તીથી એમ માનો તો અન્યાધીન પ્રકાશ હોવાથી આપના કથન મુજબ તે જડ કહેવાશે.

‘બ્રહ્મ જ્ઞાન સ્વરૂપ છે’ ઇત્યાદિ શાસ્ત્રોથી થયેલું જ્ઞાન જ બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે, આ વચન પણ માત્ર એક છલંગ મારી વિશાલ સમુદ્રને ઉલંઘવાના સાહસ જેવું જ છે. પહેલાં તો અહીં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જે ભ્રમ નિવર્તક જ્ઞાન છે અથવા સાક્ષાત્કાર કરાવનારૂં જ્ઞાન છે તે સત્ય છે કે મિથ્યા ? સત્ય તો કહી શકાય નહિ, કારણ કે એમ કહેવાથી તો આપનો કેવલાદ્વૈત મત જ ચંપત કરી જશે અગર મિથ્યા કહો તો એનું નિવર્તક કોણ ?’ ક્ષણિક હોવાથી આ ભ્રમનિવર્તક જ્ઞાનજ સ્વયંનષ્ટ થઇ જાય છે આવું કહેવું પણ ઠીક નથી. કારણ કે આપને ત્યાં તો નિવર્તક જ્ઞાનનું સ્વરૂપ તેની ઉત્પતિ અને, તેનો નાશ, આ સર્વ કલ્પના માત્ર છે. તો હવે અમે પૂછીએ છીએ કે તે નાશરૂપ કલ્પનાનો નાશ તે શું ? તેનો નાશ બ્રહ્મસ્વરૂપ છે આમ કહો તો બુરી વીતશે. કેમકે બ્રહ્મસ્વરૂપ તો સત્ય કે નિત્ય છે. તો હવે નાશનિત્ય વિદ્યમાન રહેવાથી નિવર્તક જ્ઞાન પેદાજ કેવી રીતે થઈ શકે ? બીજું એ પણ પૂછીએ છીએ કે નિવર્તક જ્ઞાનનો જ્ઞાતા કોણ ? અધ્યાસ તો જ્ઞાતા ન થઇ શકે, કારણ કે તે તો સ્વયં મિથ્યા હોવાથી નિષેધ્ય અથવા નિવર્તક કોટીમાં આવી ગયો છે. અગર બ્રહ્મસ્વરૂપનેજ તેનો જ્ઞાતા કહો તો પણ બે સંદહો રહી જાય છે. શું બ્રહ્મનું જ્ઞાતૃત્વ અધ્યાસને માટે પાછી કોઈ બીજી નિવર્તક જ્ઞાનરૂપ દીવાસળીની જરૂર પડશે. વળી જ્યારે નિવર્તક જ્ઞાન મહાશયજી પરલોકમાં પધારશે એટલે ત્યારે તેના જ્ઞાતૃત્વની ફરી અપેક્ષા પરશે. આવી રીતે આ (અપેક્ષા) કદી અલગ ન થનારી અનવસ્થારૂપ ઊંટોની કતાર (હાર) પાછળ લાગી ફરશે. અગર કહો કે ‘જ્ઞાતૃત્વ બ્રહ્મનું સ્વરૂપ છે’ તો પછી ભલા માણસ ! આટલો બધો ઝઘડો શા માટે કર્યો ? પહેલેથીજ કહી દેવું હતું ને કે ‘બ્રહ્મ જ્ઞાતાપણ છે. નમસ્કાર ! ! આપને.

બીજું, જે એવું કથન છે કે–વેદાંત વાકયોનાં જ્ઞાન માત્રથી ભ્રમનિવૃત્તિ અથવા બંધનિવૃતિ થાય છે. તો એ પણ ભૂલભરેલું છે યદ્યપિ જીવને ‘હું બદ્ધ છું’ આ જ્ઞાન મિથ્યા છે કારણ કે તે ભગવદંશ છે, ચેતન છે માટે તેને બંધ સ્વતઃ નથી. તથાપિ તે બંધ અપરોક્ષ છે, માટે પરોક્ષરૂપ શબ્દાર્થ જ્ઞાનદ્વારા દૂર થાય એવો નથી. શબ્દ દ્વારા તો પરોક્ષ જ્ઞાનજ થાય છે રજજુમાં સર્પનું જ્ઞાન અપરોક્ષ થઇ રહ્યું છે તે સમયે કોઇએ

આવી કહ્યું કે આ સર્પ નથી પણ રજ્જુ છે' તો અહીં શબ્દ દ્વારા અપરોક્ષ જ્ઞાન નથી. થયું, પરંતુ નિસર્પ રજ્જુના દર્શનથી થયું છે. માટે તેનો તે સર્પ ભય આ શબ્દજ્ઞાનથી દૂર થઇ શકતો નથી, હા, એટલું ચોક્કસ છે કે આવું સાંભળી તે મનુષ્ય 'એણે કહ્યું તે ઠીક તે ઠીક છે કે નહિ એ જાણવા તે રજ્જુના અપરોક્ષ જ્ઞાન માટે કોઇને કોઇ ઉપાયોને ખોળે છે, તો હવે એ સિદ્ધ થયુ કે શબ્દાર્થ જ્ઞાન અથવા 'તત્ત્વમસિ' ઇત્યાદિ વાકયાર્થજ્ઞાન સાંભળનાર વાકયાર્થજ્ઞાનીને બ્રહ્મસાક્ષાત્કાર કરાવનાર સાધનોમાં પ્રવૃત્ત કરાવે છે, પણ સ્વયં આત્મજ્ઞાન કરાવી દેતું નથી, 'દશમસ્ત્વમસિ' આની ભૂલ તો અમે પ્રથમ ભાગમાં કહી આવ્યા છીએ 'શબ્દથી પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી' એ તો સર્વજનીન જ છે. કારણ કે શબ્દ ઇન્દ્રિય નથી. અને ઇન્દ્રિયોથી થયેલુ જ્ઞાનજ પ્રત્યક્ષ થાય છે. શાસ્ત્રનું શ્રવણ અને તેનું જ્ઞાન તો મનન, નિદિધ્યાસનાદિ (સાધન ભક્તિ)માં મનુષ્યને પ્રવૃત્ત કરાવે છે.

વસ્તુતત્ત્વ તો એ છે કે, દુઃખાદિકારણ અધ્યાસન ન રહેવાને જ મોક્ષ કહે છે પરંતુ આનંદપ્રાપ્તિનું નામ બ્રહ્મપ્રાપ્તિ, બ્રહ્મસાક્ષાત્કાર અથવા નિરતિશયાનંદ પ્રાપ્તિ છે. એટલા જ માટે વૈશ્વાનરાવતાર શ્રીમદવલ્લભાચાર્યચરણે આજ્ઞા કરી છે કે 'દુઃખાભાવઃ સુખં ચેતિ પુરૂષાર્થદ્વય મતમ્' યતો વાચો નિવર્તન્તે વિગેરે શ્રુતિ મુજબ પરબ્રહ્મ નિરતિશયાનંદ રૂપ છે, અને જીવ એવો નિરતિશયાનંદ રૂપ નથી એ તો પ્રત્યક્ષ છે, માટે 'બ્રહ્મ વિદાપ્નોતિ પર' આ શ્રુતિ પ્રમાણે નિરતિશયાનંદની પ્રાપ્તિ તો બ્રહ્મ સાક્ષાત્કારથી જ થાય છે, શુદ્ધ જીવસાક્ષાત્કારથી નહિ, અને એટલા માટે આચાર્યોએ મોક્ષને સ્વાશ્રય નહિ પણ પરાશ્રય માન્યો છે, 'સમ્રાટ કેવા છે' તેને મળવું કયા સાધનોથી બની શકે છે આ જાણવું અને સાધનોને સાધવા, આટલું તો મળવા જવાવાળાઓને માટે સુલભ છે પરંતુ તેની સાથે મેળાપ થવો કે નહિ થવો એ તો સમ્રાટના અનુગ્રહ ઉપર જ મુખ્ત્વેન આધાર રાખે છે, તેની મરજીમાં આવે તો તે મળી શકે, નહિ તો નહીં કારણ કે તે સ્વતંત્ર છે, પરતંત્ર નથી, ઠીક એવી જ રીતે બ્રહ્મ પણ પરાતપર છે. વેદાદિ શાસ્ત્રો તો તેને પ્રાપ્ત કરવાના સાધનો તેઓનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, અધ્યાસનું સ્વરૂપ, તેની નિવૃત્તિનો ઉપાય વિગેરે બતલાવી ઉદાસીન રહી જાય છે, પરંતુ ભગવત્પ્રાપ્તિ કે બ્રહ્મસાક્ષાત્કાર તો તે પરાત્પર પરમાત્માના અનુગ્રહ (વિષ્ણોઃ કૃપાવિશિષ્ટાનાં તત્ફલં નાન્યથા ભવેત । ઇત્યાદિ, નિબંધઃ) વગર થઇ શકતો જ નથી અનુગ્રહ થવાનાં સાધનો નિદિધ્યાસન (ભક્તિ) વિગેરે છે. યદ્યપિ અનુગ્રહ થવો ભગવદધીન છે, સાધનોને આધીન નથી, સાધનોનું નિત્ય આચરણ કરતાં રહેવું એ જીવનો નિર્હેતુક ધર્મ છે, તથાપિ સાધનો સાધ્યા પછી કેટલીક જગ્યાએ અનુગ્રહ જોવામાં આવ્યો છે એટલે લોકો તેને (અનુગ્રહને) પણ સાધનસાધ્ય માનવા મંડી પડે છે. અસ્તુ, આ વિષયને અમે તૃતીયભાગમાં સ્પષ્ટ રીતે ચર્ચીશું. અહીં તો પ્રસ્તુત વાત ઉપર જ રહેવું ઠીક છે, હાં, તો હવે એ સિદ્ધ થયું કે વાકયાર્થ જ્ઞાનમાત્રથી ન તો ભ્રમનિવૃત્તિ

થાય છે અને ન તો બ્રહ્મસાક્ષાત્કારના સાધનોમાંજ પ્રવૃત્તિ થાય છે, જબરજસ્તી કરવાથી તો મનન નિદિધ્યાસનજ વ્યર્થ થઇ પડે છે, કારણ કે જ્યારે શ્રવણ અથવા વેદવાક્યાર્થ જ્ઞાનથીજ કાર્ય થઇ ગયું તો પછી મનન અને નિદિધ્યાસન (મીમાંસા અને મનોનિવેશ)નીશી જરૂર રહી ?

કદાચ કહો કે 'મનન અને ભક્તિ બંને વાક્યાર્થ જ્ઞાનનાંજ અંગો છે કારણ કે ભક્તિ વગર વેદાર્થજ્ઞાન થતું નથી શ્રવણાનંતર મનન અને નિદિધ્યાસન ભક્તિથી વેદાર્થજ્ઞાન થાય છે. અર્થાત આ બધો પ્રપંચ મિથ્યા છે. એવું વાક્યાર્થજ્ઞાન થાય છે. આવું જ્ઞાન જ્યારે થાય ત્યારે પ્રતિબંધ નિવૃત્તિ થાય છે અને બંધનિવૃત્તિ થઇ એટલે આપોઆપ પછી બ્રહ્મસાક્ષાત્કાર થાય છે માટે વાક્યાર્થ જ્ઞાનના શેષ (અંગ) મનન અને નિદિધ્યાસન છે અને બ્રહ્મસાક્ષાત્કાર તો વાક્યાર્થ જ્ઞાનથીજ થાય છે, તો આ વાત ઠીક નથી, કારણ કે નિદિધ્યાસનને વાક્યાર્થજ્ઞાનનો ઉપાય માનવાથી અન્યોન્યાશ્રય દોષ આવી પડશે, કોઇ નિર્દોષ અને કલ્યાણ ગુણશાળી સાકાર આશ્રયમાં (અર્થાત ભગવાનમાં) મનને લીન કરી દેવું એનું નામ નિદિધ્યાસન છે, સમગ્ર વેદવાક્યોનો ખરો અર્થ બ્રહ્મ છે, મનોનિવેશ બ્રહ્મરૂપ આશ્રયની અપેક્ષા રાખે છે, અને આપના કહેવા મુજબ વાક્યાર્થજ્ઞાન નિદિધ્યાસનની (મનોનિવેશની) અપેક્ષા રાખે છે, વાક્યાર્થજ્ઞાન થઇ જાય તો તેના વિષયરૂપ બ્રહ્મનું નિદિધ્યાસનથ ઇ શકે, અને નિદિધ્યાસન થાય તો વાક્યાર્થજ્ઞાન થાય આ કેવું ચક્ર! અગર કહો કે 'અમારે ત્યાં વેદવાક્યનો અર્થ શુદ્ધ બ્રહ્મ છે, અને ધ્યાન તથા ભક્તિનો વિષય શબલબ્રહ્મ અથવા માયિક બ્રહ્મ છે. માટે ઉક્ત અન્યોન્યાશ્રય રહેતો નથી. તો પછી નિદિધ્યાસન વાક્યાર્થજ્ઞાનનો ઉપાય (અંગ) નહીં રહી શકશે અને તે વ્યર્થ પણ થઇ થશે. કારણ કે અન્યનું નિદિધ્યાસન અન્યનું જ્ઞાન શી રીતે કરાવવા લાગ્યું. જ્ઞાન વિષયમાં નિરંતર મનોનિવેશ કરવો એનુંજ નામ તો નિદિધ્યાસન છે અને તે જરૂર વાક્યાર્થજ્ઞાન પછીજ થઇ શકે છે, વાસ્તે ધ્યાન વા ભક્તિ વાક્યાર્થજ્ઞાનનું કારણ અથવા અંગ છે એ કહી શકતા નથી. ખરી વાત તો એ છે કે ભક્તિ અથવા ધ્યાન બંન્ને ધ્યાતા ધ્યેય–ભકત આકાર (વગેરે પ્રપંચની અપેક્ષા રાખે છે અને આપને ત્યાં તો નિષ્પ્રપંચ બ્રહ્મત્મક વાક્યાર્થજ્ઞાન કરવું છે, માટે આપના વાક્યાર્થજ્ઞાનમાં નિદિધ્યાસનાદિનુ કંઇ કામ પડતું નથી. અને માટેજ 'મન્તવ્યઃ નિદિધ્યાસિતવ્યઃ' વિગેરે વિધિ વ્યર્થ પડે છે તો હવે આટલા પલ્લવથી એ સિદ્ધ થાય છે કે શુદ્ધ બ્રહ્મ નિરાકાર, નિર્ધર્મક, અકર્તા, અભોકતા છે અને સોપાધિક શબલબ્રહ્મ સાકાર, સધર્મક, કર્તા, ભોકતા ઇત્યાદિ છે અને નિર્વિશેષ અનુભૂતિજ બ્રહ્મ છે 'આ પક્ષ તદ્દન જ અસંગત' અરમ્ય, અને યુક્તિઓથી પણ અસિદ્ધ છે શાસ્ત્રમાં તો ઉકત વાતનો ગંધ સુધાંએ પણ નથી મળતો.

શાસ્ત્રમાં ક્યાંય પણ 'બ્રહ્મ નિધર્મક' અને કેવલ એક જીવ જ બ્રહ્મ છે' આવું મળતું નથી.

‘તત્ત્વમસિ શ્વેતકેતો’ આ વાક્ય ‘જીવજ બ્રહ્મ છે’ આ વાતની સાબિતી કરતું નથી એ અમે પૂર્વભાગમાં સારી રીતે સિદ્ધ કરી આવ્યાં છીએ ‘અસિ’ પદના સામર્થ્યથી ‘ત્વ’ પદની અનુવૃત્તિ આપો આપ થઇ જાય છે, કિંવા ‘અસિ’ અવ્યયં ‘ત્વ’ વાચક માન્યું છે, આવી રીતે ‘તત્ત્વમસિ’ નો અર્થ એ થયો કે–હે શ્વેતકેતુ! જેવી રીતે બીજા બધાં પદાર્થો બ્રહ્મત્મક છે, તેમ જીવ બ્રહ્માંશ હોવાથી અથવા બ્રહ્માત્મક હોવાથી બ્રહ્મ છે. આવું શાસ્ત્રોમાં મળી આવશે. પરંતુ જીવો બ્રહ્મૈવ નાપરઃ ઇતિ માયાવાદિનાં મતમ્ બ્રહ્મ જ જીવ છે અથવા જીવ જ બ્રહ્મ છે, જીવથી ભિન્ન વાસ્તવમાં બ્રહ્મ કોઇ છે જ નહિ આ વાત શાસ્ત્રોમાં કદી મળતી નથી. યુક્તિઓનું તો બ્રહ્મવિષયમાં કાંઇપણ લેવડ દેવડ નથી એ અમે બહુશઃ સિદ્ધ કર્યું છે.

‘અસ્થૂલમનણુ’ ‘બ્રહ્માપૂર્વમનપર” અન્યદેવ તદ્ વિદિતાત્ યસ્યામતં મતં તસ્ય’ નહિ વિજ્ઞાતે વિજ્ઞાતારં વિજાનીયાત્ ‘નેદંયદિદમુપાસતે’ ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મને નિર્ધર્મક અથવા અભજનીય માનતા હોવ તો મોટી ભૂલ છે. કેમકે આશ્રુતિઓ તો માત્ર બ્રહ્મમાં પ્રાકૃત ધર્મોનોજ નિષેધ કરી રહી છે, અને આરોપ્યમાણમાં (આરોપ કરવા યોગ્ય વસ્તુમાં) ભજનનો નિષેધ કરી રહી છે.’

પુરૂષો-અર્થાત્ જ્યાં અબ્રહ્મને પણ બ્રહ્મ માની લીધું હોય વાસ્તવમાં તે બ્રહ્મ નહિ હોય તો એવાનું ભજન ન કરો એમ કહે છે–વા ગોતમાગ્નિઃ અહીં પુરૂષ અને સ્ત્રીમાં અગ્નિપણાનો આરોપ કર્યો છે. ‘મનોબ્રહ્મેત્યુપાસીત’ અત્રે મનને આરોપિત બ્રહ્મ કહ્યું છે. માટે જ્યાં આવું આરોપિત બ્રહ્મત્વ હોય ત્યાંજ ભજનનો નિષેધ કર્યો છે, પણ કાંઈ મુખ્ય બ્રહ્મના ભજનનો નિષેધ કર્યો નથી. આ વાત જે ફરીથી ઇદ શબ્દ વાપર્યો છે તેથી સ્પષ્ટ થાય છે, યદિ ઉક્ત આશય ન હોય તો એક ‘ઇદ’ થી કાર્ય પુરૂં થઇ જતું હતું તો ફરીથી ‘ઇદ’ શબ્દનું શું પ્રયોજન હતું ? ‘યસ્યામત’ વિગેરે શ્રુતિથી બ્રહ્મ કોઇનો વિષય નથી અને તે હેય પણ નથી, આમ કહેતા હો તો પણ ઠીક નહિ. કારણકે આ શ્રુતિઓ તો ‘કોઇ પણ બ્રહ્મને પુરી રીતે જાણી શકતું નથી એટલું માત્ર જ પ્રબોધે છે, અથવા ભગવાનના અનુગ્રહથી જ બ્રહ્મને જાણી શકે છે. ‘જો કોઇ અનુગ્રહ વગર જ બ્રહ્મજ્ઞાન માટે દાવો કરતો હોય તો તે કંઇ પણ જાણતો નથી. એટલું જ માત્ર તેનું કહેવાનું તાત્પર્ય છે. સમુદ્રને જોઈ કોઇ કહે કે ‘આનો પાર નથી’ તો શું ખરેખર એનો પાર નથી ? હા, એટલું હોઇ શકે છે કે મનુષ્ય તરીને એનો પાર કરી શકતો નથી.

‘જેમ દરિયો મોટો બ્હોળો તથા ગંભીર છે વાસ્તે તેનો અપર તટ મનુષ્ય દ્રષ્ટિની બહાર છે માટે નિષેધ યુક્ત જ છે, તેમ બ્રહ્મ પણ સ્વાભાવિક, નિર્દોષ, અનંત કલ્યાણ ગુણોથી વિભૂષિત છે તે કોઇના જાણવામાં નથી આવતું. તેનાં અનંત સ્વરૂપો છે, અનંત ગુણે છે. આવી રીતે યદિ કોઇ તેને પૂરી રીતે ન જાણે તો શું જ્ઞેય નથી, વા વિષય નથી ?

(ક્રમશઃ)

સમાચાર

અમદાવાદ–ગંગા નદીના પ્રદૂષણને દૂર કરવા માટે દેશના વડાપ્રધાન રાજીવ ગાંધી જ્યારે જાહેરાત કરી ત્યારે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ શ્રી ઇન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ અને સંગઠન મંત્રી પ્રોફેસર ચીમનભાઈ શેઠે હિન્દુ સમાજમાં વૈષ્ણવોના પ્રેરણાસ્રોત શ્રી યમુના નદીનું પ્રદૂષણ દૂર કરવા અનુરોધ કર્યો હતો. અને તેના અનુસંધાનમાં તાજેતરમાં કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રી ભજનલાલે યમુના નદીનું શુદ્ધિ કરવાનું કાર્ય અલ્હાબાદ ખાતે શરૂ કર્યું છે અને ફરિદાબાદ, દિલ્હી, મથુરા, વૃંદાવન. આગ્રામાં પણ શુદ્ધિકરણનું કાર્ય શરૂ કરવામાં આવનાર છે એવી જાહેરાતને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સહર્ષ આવકારે છે અને કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવે છે એવું સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઇ શેઠ અત્રે પ્રેસ નિવેદનમાં જણાવે છે અને યમુના નદીના કિનારે આવતાં બધાં જ પવિત્ર યાત્રા ધામોના સ્થળો પરનાં પાણીનું શુદ્ધિકરણ કરવાની કાર્યવાહી ઝડપી બનાવવા પર્યાવરણ અને વન મંત્રીશ્રીને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તરફથી શ્રી શેઠ અનુરોધ કરે છે.

રાજકોટ–પરિષદની ગુજરાત પ્રદેશની કારોબારી મીટીંગ તા. ૧૪–૨–૮૭ના રોજ મળેલ તેમાં ૧૨૫ ઉપરાંત વૈષ્ણવ કાર્યકર્તાઓ તથા પૂ. પા. ગો શ્રી કલ્યાણ બાવાશ્રી તથા પૂ. પા. શ્રી વલ્લભ બાવાશ્રી (સુરત) ઉપસ્થિત રહ્યા હતા શ્રી મધુસૂદનભાઈ શાસ્ત્રીજીએ મંગલાચરણ કરી સભાનો પ્રારંભ કર્યા બાદ શ્રી ઈન્દ્રકાંતભાઇ શેઠે પૂ. ગો. આચાર્યશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું અને ગઇ સભાની સભા નોંધનું વાચન સહમંત્રી શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળાએ કર્યું હતું ત્યારબાદ તા. ૨૯–૧૧–૮૬ થી તા. ૩૧–૧–૮૭ સુધીના હિસાબ કોષાધ્યક્ષ શ્રી ગોપાલભાઈ એસ. શાહે રજૂ કર્યો હતો. ત્યારબાદ તા. ૧૧–૧–૮૭ના રોજ મહેમદાવાદ મુકામે મળેલ વૈષ્ણવ કાર્યકર્તાઓના સંમેલનમાં નક્કી થયા મુજબ વિદ્યાનગર ખાતે ગુરુકુળ બનાવવાના નિર્ણયને બહાલી અપાયેલ ત્યારબાદ સંગઠન મંત્રીશ્રી ચીમનભાઈ શેઠ તથા પ્રમુખ શ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠે કેટલ કેમ્પ, દુષ્કાળની પરિસ્થિતિ વિષે માહિતી આપી સહકાર આપવા અનુરોધ કર્યો હતો. પ્રાસંગીક પ્રવચનો શ્રી ગજેરા (ધોરાજી) શ્રી હસમુખભાઇ ખખ્ખર (રાજકોટ) શ્રી નાનજીભાઈ મેખડીવાળા (જુનાગઢ) શ્રી મધુસૂદનભાઈ શાસ્ત્રીજી (સુરત) વગેરેએ કર્યા બાદ પૂ પા ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રીયે પ્રેરણાત્મક અને રચનાત્મક વચનામૃત દ્વારા પરિષદના માધ્યમથી જાગૃત થવા અનુરોધ કરેલ

જુનાગઢ–કડી કોટાવાળા પૂ પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી તા. ૪–૨–૮૭ના રોજ નિત્ય લીલામાં પધારતા પરિષદની જુનાગઢ શાખાના ઉપક્રમે તા. ૧૭–૨–૮૬ની બેઠકમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

૨. જુનાગઢ મુકામે ગુલાબવાડીમાં તા. ૭–૩–૮૭ થી તા ૧૩–૩–૮૭ સુધી ''ષોડશગ્રંથ'' સપ્તાહનું આયોજન પરિષદ શાખા અને શ્રી વલ્લભ સેવા મંડળ અને શ્રી પુરુષોત્તમ પાઠ શાળાના ઉપક્રમે થયું હતું. વકતા તરીકે સુરત અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાના માનદ્ પરિક્ષા સંચાલક શાસ્ત્રીજી શ્રી મધુસૂદનભાઈએ નિ શુલ્ક સેવા નિઃસ્વાર્થ ભાવનાથી શ્રવણ પાન કરાવેલ, આ કાર્યક્રમ વખતે મળેલ દ્રવ્ય સહાયનો ઉપયોગ મહાસભાના પુસ્તક પ્રકાશન સહાયમાં અપાશે.

સિહોર-પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહારમાં ચાલતી શ્રી જે. કે. મહેતા પુષ્ટિમાર્ગીય પાઠ શાળાના બાળકો તથા વૈષ્ણવોનો સંયુકત 'તગડી શ્રી મહા પ્રભુજીની બેઠક''નો બસ દ્વારા યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

પાવી–જેતપુર–પરિષદની શાખા દ્વારા એક વિશાલ સભાનું આયોજન કરવામાં આવેલ હતું તે સભામાં કેન્દ્રીય મંત્રી, શ્રી વલ્લભ સંદેશના સંપાદક અને પરિષદની મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના ઉપાધ્યક્ષ પં. શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા એ પરિષદના એંશી વર્ષના ઇતિહાસની રૂપરેખા તથા પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. તેમજ સ્થાનિક કાર્યકર્તાઓએ પ્રાસંગિક પ્રેરણાત્મક પ્રવચનો કર્યા હતા.

પુસ્તક પરિચય

'જંત્રાલ મરજાદી મંદિર'નો સ્મૃતિ ગ્રંથ : ક્રાઉન આઠપેજી ૨૫૦ પૃષ્ઠ અને ન્યોછવર રૂા. ૨૦-૦૦

મંદિરનો શતાબ્દી મહોત્સવ ઊજવાયો તેની સ્મૃતિમાં આ ગ્રંથ ભાવપૂર્વક લખાયો છે જંત્રાલ જેવા પંચમહાલ જિલ્લામાં પછાત વિસ્તારમાં આવેલ ગામમાં સ્થપાયેલ મરજાદી મંદિરને સો વર્ષ પૂરા થતાં આપવામાં આવેલ સંસ્થાનો ઐતિહાસિક પરિચય ભક્તિભાવથી ભરપૂર, હૃદયસ્પર્શી અને આહ્લાદક છે.

આ ગ્રંથમાં પુષ્ટિપથનું બહોળું સાહિત્ય સંકલન કરનારે સંગ્રહીને ભારે ઉપયોગી કાર્ય કર્યું છે. શ્રીનાથજી અને અન્ય મહાનુભાવોનાં આર્ટ પેપર ઉપર છપાયેલાં ચિત્રજી ખરે ખર નેન ભરી ભરીને નીરખવા જેવાં છે.

પુષ્ટિ માર્ગીય સેવાપ્રકાર, પુષ્ટિ માર્ગીય સાહિત્યનો પરિચય, નિત્ય તથા ઓચ્છવ માટે કીર્તનવિધિ અષ્ટ છાપ પરિચય, નિત્યકીર્તન, વધાઇઓ, મંગલાચરણ અને કેટલાક શ્લોકો, શિક્ષા શ્લોકા:, મંગલાષ્ટક, સર્વોત્તમ સ્તોત્ર અને ષોડશગ્રંથો, સેવાફલ વિવરણ, શ્રીગુરુદેવાષ્ટકમ્, પંચશ્લોકી, મધુરાષ્ટક વગેરે ઘણો જ મહત્ત્વનો સંગ્રહ આપી દેવાયો છે. ઉપરાંત ધોળ-પદો પણ ઘણાં જ આપેલાં છે. આમ પુષ્ટિપથનું સાર-સર્વસ્વ આ ગ્રંથમાં ગૂંથી લઈને ગ્રંથને વસાવવા યોગ્ય બનાવ્યો છે.

ક્રાઉન આઠપેજી ૨૫૦ પૃષ્ઠનો દળદાર ગ્રંથ હોવા છતાં ન્યોછાવર માત્ર વીશ રૂપિયા છે. એનું કારણ એ છે કે, ઉત્સાહી કાર્યકરોએ સારી એવી જાહેર ખબરો મેળવી છે અને તેનો લાભ ગ્રાહકવર્ગને અપાવ્યો છે

પુષ્ટિમાર્ગીઓએ આ 'સ્મૃતિગ્રંથ' અવશ્ય વસાવીને તેનું વાચન, મનન નિત્ય કરવા વિનતિ છે. ઉપરાંત તેમાં અપાયેલાં ધોળ, પદને કીર્તનો વગેરે પુષ્ટિ માર્ગના સંગીત પ્રેમીઓએ ગાઈ ગવરાવીને આનંદ લેવા વિનતિ છે.

– સમીક્ષક

પ્રાપ્તિ સ્થાન : જંત્રાલ મરજાદી મંદિર ફળિયું,
મુ. : જંત્રાલ (જિ. પંચમહાલ)

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૭ તા. ૨૦-૪-૮૭ સોમવાર શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ (નાથદ્વાર)

ચૈત્ર વદ ૧૦ તા. ૨૩-૪-૮૭ ગુરુવાર શ્રી ગોવર્ધનનાથજી મહારાજકૃત પાંચ સ્વરૂપોનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૨૪-૪-૮૭ શુક્રવાર વરુથિની એકાદશી વ્રત, શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું અને શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫). શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫).

વૈશાખ સુદ ૨ તા. ૩૦-૪-૮૭ ગુરુવાર શ્રી કલ્યાણરાયજીનો પાટોત્સવ (વડોદરા). વસંતઋતુ પૂરી થઈ.

વૈશાખ સુદ ૩ તા. ૧-૫-૮૭ શુક્રવાર અક્ષય તૃતિયા, ત્રેતાયુગાદિ મન્વાદિ કલ્પાદિ તિથિ, ચંદનયાત્રા, જલકુંભદાન, શ્રી પરશુરામ જયંતિ, ગ્રીષ્મઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૫ તા. ૩-૫-૮૭ રવિવાર શ્રી સૂરદાસજીનો જન્મદિન. (સં. ૧૫૩૫)

વૈશાખ સુદ ૭ તા. ૫-૫-૮૭ મંગળવાર રામરાજ્ય, શ્રી જાનકીજીનો જન્મદિન, શ્રી સ્વામીનીજીનો વિવાહોત્સવ, ગંગા સપ્તમી.

હું તો વારી રે વલ્લભરાય !

૧. હું તો વારી રે વલ્લભરાય
તમારા લટકાને વારી વારી રે...
લટકે પ્રગટ્યા તૈલંગ કુલમાં
ચંપારણ્યની માંય રે
લટકે અગ્નિકુંડ મહીં પ્રભુ
અંગુઠો મુખમાંય વંદન કરીએ રે વારી વારી રે...
૨. લટકે પંદરસો પાંત્રીસમાં
ચૈત્ર માસ સોહાય રે
લટકે એકાદશી દીને પ્રભુ
શુભ ઘડીમાં સોહાય વંદન કરીએ રે વારી વારી રે...
૩. લટકે દૈવી જીવને કારણે
તાપ ક્લેશને ધારી
લટકે શ્રીનાથની આજ્ઞા પામી
પુષ્ટિ-સૃષ્ટિ નિરધારી વંદન કરીએ રે વારી વારી રે...
૪ લટકે ષોડશગ્રંથ રચ્યા પ્રભુ
નિજ વૈષ્ણવ જન કાજ રે
લટકે સુબોધિની પાન કરાવી
શ્રીકૃષ્ણ લીલા રસકારી વંદન કરીએ રે વારી વારી રે...
૫. લટકે શ્રીનાથ પ્રભુને સેવ્યા
વૈશ્વાનર અવતારી રે
લટકે શ્રીજીને લાડ લડાવી
કેવા અદેયદાન દાતારી વંદન કરીએ રે વારી વારી રે...
૬. લટકે દૈવા ચરિત્ર તમારું
પ્રભુ કેમ કરી વર્ણ્યું જાય રે
લટકે નિજ જન પ્રેમ ધરીને
સેવા સોંપે સદાય વંદન કરીએ રે વારી વારી રે...

માલતીબેન એમ. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

आन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहि सन्मार्ग रक्षका

શ્રી વલ્લભ સુધા

શ્રી મહાપ્રભુજી કી વિનય

ઐસી કાહુ યુગ ન ભઇ ।
પુષ્ટિ ભક્તિ રસ રુપ અલૌકિક,
કલિ જિત તિતહિ છઈ ॥૧॥
જો અલભ્ય આનંદ સાર સૂચિ,
વેદ પુરાણ ન જાન્યો ।
જો સ્વરુપ અર્જુન પ્રતિ દરસ્યો,
તાહૂતે અતિ છાન્યો ॥૨॥
ભાવાત્મક સંદોહ મૂલકૃત,
યુગલાત્મક વિરહાગી ।
નિત્યોત્સવ મારગ પ્રકટાયો,
શરણાગત બડભાગી ॥૩॥
સ્વકીય સેવ્ય કરુણા સમુદ્ર,
વર વ્રજ નિવાસ સુખદાની ।
પાહિ પાહિ '**વલ્લભ**' હિ ઉબારો,
કાહ કિંકર મૃદુ બાની ॥૪॥

❖

વર્ષ ૬ : અંક ૨ ❖ મે, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, સવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સાંપ્રદાયિક પરીક્ષા

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈતમહાસભા ૧૦/૩૧૦ મોટા મંદિરની પોળ (શાસ્ત્રીજી નિવાસ) સુરત-૩૯૫૦૦૩ આની ૬૩ મા વર્ષની પુષ્ટિ માર્ગીય પરીક્ષાઓ પ્રત્યેક ભાષામાં નીચેની તારીખોએ થશે. ફોર્મ તા. ૧-૭-૮૭ પહેલાં ભરી દેવા. આને લગતી વિના મૂલ્યે માહિતી ઉપરના સરનામે પોસ્ટ કાર્ડ લખી આજે જ મંગાવો અભ્યાસ ક્રમમાં કોઈ ફેરફાર નથી. પાંચ પરીક્ષાઓ નીચેની તારીખે લેવાશે.

તા. ૧-૮-૮૭ શનિવાર ૩ થી ૬	ચતુર્થ પ્રથમ પ્રશ્ન પત્ર
શ્રાવણ શુકલ ૬ સાંજે	પંચમી ,, ,,
તા. ૨-૮-૮૭ રવિવાર ૮ થી ૧૧	પ્રથમ તૃતીય, ચતુર્થી
શ્રાવણ શુકલ ૭ સવારે	તથા પંચમી દ્વિતીય પ્રશ્ન પત્ર
તા. ૨-૮-૮૭ સાંજે ૩ થી ૬	દ્વિતીય પરીક્ષા
રવિવાર	

માતર-આં. રા પુ. વૈ. પરિષદની ગુજરાત શાખા તરફથી વૈષ્ણવ સંપ્રદાયના પ્રચાર તથા ગૌરક્ષણ-દુષ્કાળ-રાહત સેવા કાર્ય અંગેના એક કાર્યક્રમના ભાગ રૂપે માતરમાં તા. ૭-૩-૮૭ ના રોજ એક સભા યોજવામાં આવી હતી. તેમાં પૂ. યોગેશભાઈ શાસ્ત્રીજી તથા મહેમદાવાદના કાર્યકરો ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચનો કરેલા. ફંડના રૂા ૭૦૧ કપડવંજ મોકલવામાં આવ્યાં.

સાંપ્રદાયિક કીર્તન કેસેટ

આપણા સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર પ. ભ. શ્રી બચુભાઈ ઝવેરી (મુંબઈ)ના કંઠે ધ્રુપદ શૈલીમાં ગવાયેલ વર્ષોત્સવના મંગલાથી શયન સુધીનાં કીર્તનોની આખા વર્ષના ઉત્સવોની લેટેસ્ટ ૧૦૦ કેસેટો તૈયાર છે. આ કેસેટો લેટેસ્ટ ટેકનિકથી તૈયાર કરવામાં આવી છે. તે વસાવવા માટે નીચેના સરનામે સંપર્ક સાધવો.

શ્રી બચુભાઈ ઝવેરી ટેલીફોન (દુકાન) ૨૯૧૪૨૩
C/o ઝવેરી બ્રધર્સ (ઘર) ૩૬૪૫૫૬
૫, મેટ્રો હાઉસ
મુંબઈ-૪૦૦ ૮૨૦

સાંપ્રદાયિક પુસ્તકો

શ્રી શુદ્ધાદ્વૈત સંસદે અનેક સાદી-સરળ ભાષામાં તથા વર્તમાન સંજોગોમાં અપ્રાપ્ય એવા પુસ્તકો વિદ્વાન લેખકો દ્વારા લખાવી પ્રકાશિત કર્યા છે. સદરહુ પુસ્તકોની કીંમત વળતર વગેરે માહિતી મેળવવા નીચેના સરનામે સંપર્ક સાધવો.

શ્રી કંચનલાલ મણીલાલ શાહ (રહાવાળા)
ઉપપ્રમુખશ્રી, શ્રી શુદ્ધાદ્વૈત સંસદ
ગાંધી ચોક, કપડવંજ-૩૮૭૬૨૦

સાહિત્ય પ્રકાશન યોજના.

ગો. શ્રી જયદેવ પ્રભુ ચેરીટેબલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા સાંપ્રદાયિક પુસ્તકોનું પ્રકાશન કરવાની યોજના વિચારેલ છે. આયોજનમાં સદસ્ય થવા, પુસ્તકોના વિતરણ સેવા અથવા આ યોજના સંબંધમાં અન્ય સેવા આપવા ઈચ્છનાર વૈષ્ણવોએ માહિતી મેળવવા નીચેના સરનામે સંપર્ક સાધવો.

શ્રી નંદુભાઈ ગાંધી ફોન (ઘર) ૫૨૮૪૨
ટેકનો ટ્રેડર્સ (ઓ.) ૩૪૧૬૮૦
બાલ હનુમાન, અમદાવાદ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૨ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮/૫૦૯ * મે, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૧મો)

અમી હિ ત્વાં સુરસંઘા વિશન્તિ
કેચિદ્ભીતાઃ પ્રાંજલયો ગૃણન્તિ ।
સ્વસ્તીત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસંઘા :
સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ ।૨૧।

આ દેવોના સમૂહો આપનામાં જ પ્રવેશે છે. કેટલાક ભયભીત થયેલા અને હાથ જોડેલાઓ સ્તવન કરે છે. મહર્ષિઓ અને સિદ્ધ પુરુષોના સમૂહો સ્વસ્તિ એમ કહીને પૂર્ણ સ્તુતિઓ વડે આપને સ્તવે છે ॥૨૧॥

વળી, 'અમી હિ' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. આ દેવોના સમૂહો આપનામાં પ્રવેશે છે, એટલે કે આપની સમીપમાં શરણે આવે છે, એમ અર્થ છે. 'હિ' શબ્દ યોગ્યતાના અર્થમાં છે. એટલે કે, પુરુષોત્તમને શરણે દેવોનું આવવું યોગ્ય જ છે. કેચિત્ એટલે કેટલાક, અન્ય અસુરો, એમ અર્થ છે. કેટલાક ભયભીત થયેલા, બે હાથ જોડયા છે એવા તેઓ સ્તુતિ કરે છે, એટલે કે રક્ષણ કરો, એમ કહે છે, એમ અર્થ છે. મહર્ષિઓ અને સિદ્ધ પુરુષોના સમૂહો અમારું મંગળ હો, એમ કહીને પૂર્ણ સ્તુતિઓ વડે આપનું સ્તવન કરે છે. ॥૨૧॥

રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા
વિશ્વેડશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।
ગંધર્વયક્ષાસુરસિદ્ધસંઘા
વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ।૨૨।

રુદ્રો, આદિત્યો, વસુઓ અને જેઓ સાધ્યદેવો છે તેઓ, વિશ્વેદેવો, બે અશ્વિનીકુમારો, મરુતો અને પિતૃઓ તથા ગંધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધોના સમૂહો, આશ્ચર્ય પામેલા તેઓ બધા જ આપને ફાટી આંખે જુએ છે. ॥૨૨॥

(મૂળ ગ્રંથમાં આ શ્લોકની વ્યાખ્યા મળતી નથી) ॥૨૨॥

રૂપં મહત્તો બહુવક્ત્રનેત્રં
મહાબાહો બહુબાહૂરુપાદમ્ ।
બહૂદરં બહુદંષ્ટ્રાકરાલં
દૃષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાઽહમ્ ।૨૩।

હે મહાબાહુ શ્રીકૃષ્ણ, અનેક મુખ અને નેત્રોવાળું, અનેક બાહુ, સાથળ અને પગવાળું, અનેક ઉદરવાળું, અનેક દાઢોને લીધે ભયાનક દેખાતું આપનું વિસ્તૃત રૂપ જોઇને લોકો અત્યંત દુઃખી થયેલા છે તેમજ હું પણ (દુઃખી થયેલો છું). ।।૨૩।।

વળી, 'રૂપમ' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. હે મહાબાહુ, હે મહાન કૃપાશક્તિવાળા, આપનું રૂપ જોઇને આપના સ્વરૂપમાં જ રહેલ લોકો અત્યંત ભયભીત છે, એવો ભાવ છે તેવી જ રીતે હું પણ અત્યંત ભયભીત છું. રૂપની ભયાનકતા 'બહુ' વગેરે વિશેષણોથી વર્ણવે છે. જેમના સ્વરૂપમાં અનેક મુખ અને અનેક નેત્રો છે એવું, ઘણા બાહુઓ, ઘણા સાથળ અને ઘણા પગવાળું, ઘણા પેટવાળું, ઘણી દાઢોથી ભયાનક દેખાતું એવું રૂપ છે. અનેક મોઢાં છે તેથી ગળી જવાનું સામર્થ્ય બતાવ્યું છે અને ઘણાં નેત્રો છે તેથી સર્વ બાજુએ જોવાનું સામર્થ્ય બતાવ્યું છે. અને તેવા સામર્થ્યથી કોઇ અદશ્ય હોવાની અશક્યતા બતાવેલ છે. ક્રિયાના બહુપણાથી ગ્રહણ કરવાનું સામર્થ્ય બતાવેલ છે. (અહીં ક્રિયાના બહુપણાથી નહિ, પણ બાહુના બહુપણાથી—એમ જોઇએ. મૂળમાં ભૂલ લાગે છે.) સાથળ અને ચરણોના બહુપણાથી દોડવાનું સામર્થ્ય બતાવે છે. તેનાથી નાસી છૂટવાની અશક્યતા દર્શાવી છે. પેટના બહુપણાથી પચાવવાનું સામર્થ્ય અને દાઢોના બહુપણાથી ચાલવાનું સામર્થ્ય દર્શાવાયું છે. તેથી એવા પ્રકારે આપને જોઇને આપના રૂપમાં રહેલા લોકો જો અત્યંત વ્યથિત હોય તો હું વ્યથિત હોઉં તેમાં શી શંકા? એમ 'તથા' એવા પદથી દર્શાવાયું છે. ।।૨૩।।

નભઃસ્પૃશં દીપ્તમનેકવર્ણં
વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ ।
દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાંતરાત્મા
ધૃતિં ન વિંદામિ શમં ચ વિષ્ણો ।।૨૪।।

હે વિષ્ણુ, આકાશને સ્પર્શે એવા તેજસ્વી, અનેક રંગના ફાડેલાં મુખવાળા અને પ્રકાશતાં વિશાળ નેત્રોવાળા આપને જોઇને જ અત્યંત દુઃખી અંતઃકરણવાળો હું ધીરજ અને શાંતિ રાખી શકતો નથી. ।।૨૪।।

વળી, પોતાનામાં બરાબર સ્થિર થઇ ગયેલા દેહાધ્યાસથી (દેહના પ્રાધાન્યથી) માત્ર જીવને જ ભય નથી, પરંતુ આપના અંશરૂપ અંતરાત્માને પણ ભય ઉદ્દભવે છે, એમ 'નભઃસ્પૃશમ' એટલે આકાશને સ્પર્શે છે તેવા, આકાશમાં વ્યાપીને રહેલા છે, તેનાથી જાણવાને અશક્ય છે, એમ કહ્યું છે. 'દીપ્તમ' એટલે ઝળહળતો તેજનો સમૂહ છે તેનાથી એક માત્ર ધ્યાનને યોગ્ય છે, એમ કહ્યું છે. 'અનેકવર્ણમ્' એટલે શ્વેત, લાલ વગેરે વર્ણવાળા છે, એમ કહીને તે નિશ્ચયને યોગ્ય છે, એમ કહ્યું છે. 'વ્યાત્તાનનમ્' એટલે પહોળાં કરેલાં મોંવાળા, એમ કહીને તે પ્રાર્થનાને યોગ્ય છે, એમ કહ્યું છે. 'દીપ્તવિશાલનેત્રમ્' એટલે ઝળહળતાં વિશાળ નેત્રોવાળા, એમ કહીને તે દર્શનને યોગ્ય છે, એમ કહ્યું છે.

એવા પ્રકારના આપને જોઇને અત્યંત વ્યથાવાળો એવો હું ધૈર્ય અને શાંતિ ખરેખર રાખી શકતો નથી, એમ અર્થ છે. 'હે વિષ્ણુ', એવું સંબોધન પોતાના રક્ષણને માટે છે. ।૨૪।

દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ
દૃષ્ટ્વૈવ કાલાનલસંનિભાનિ ।
દિશો ન જાને ન લભે ચ શર્મ
પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૨૫॥

હે જગન્નિવાસ, આપનાં ભયંકર દાઢોવાળાં અને પ્રયલાગ્નિ સમાન મુખોને જોઇને જ દિશાઓને હું ઓળખતો નથી અને સુખને પણ હું પામતો નથી. હે દેવોના દેવ, આપ પ્રસન્ન થાઓ. ॥૨૫॥

અને વળી, ભયની અધિકત્તાથી 'દંષ્ટ્રાકરાલાનિ' વગેરે શબ્દોથી ફરીને વિનતિ કરે છે. હે દેવેશ, હે સર્વપૂજ્ય, આપનાં મુખો દાઢોને લીધે વિકરાળ દેખાય છે. વળી પ્રલયકાળના અગ્નિ સમાન (મુખોને) જોઇને ભયથી જ મને દિશાઓનું ભાન રહ્યું નથી. જઇને મેળવવા જેવું સ્થાન કયું છે તે હું જાણતો નથી. સુખને એટલે કે આપનાં દર્શનનાં સુખને હું પામતો નથી. તેથી હે જગન્નિવાસ, હે જગતપાલક, હે જગતનાં સુખ અને સ્થિતિ રૂપ આપ પ્રસન્ન થાઓ, મેળવવા જેવા સ્થાનને બતાવો, એવો ભાવ છે. ॥૨૫॥

અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ
સર્વે સહૈવાવનિપાલસંઘૈઃ ।
ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાઽસૌ
સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ ॥૨૬॥

વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ
દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાન ।
કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ
સંદૃશ્યન્તે ચૂર્ણિતરુત્તમાંગૈ ॥૨૭॥

રાજાઓના સમૂહો સાથે જ ધૃતરાષ્ટ્રના આ બધા પુત્રો અને અમારા પણ મુખ્ય મુખ્ય યોદ્ધાઓ સાથે ભીષ્મ, દ્રોણ તથા આ કર્ણ આપનામાં, ॥૨૬॥ વિકરાળ દાઢોવાળાં આપનાં ભયાનક મુખોમાં તેઓ દોડતા પ્રવેશ કરે છે. કેટલાક ચૂરો થયેલાં મસ્તકો સાથે દાંતોના વચ્ચેના ભાગોમાં વળગેલા સ્પષ્ટ દેખાય છે. ॥૨૭॥

એ પ્રમાણે ભગવાનના સ્વરૂપમાં રહેલા જગતને જોઇને, એટલે કે સમજીને, 'બીજું જે કાંઇ તું જોવાને ઇચ્છે છે તે' (૧૧–૭), એમ ભગવાને કહ્યું હતું તેથી બહાર રહેલા પોતાના અને સામેના સૈન્યના સ્વરૂપની જાણકારી મેળવવાની ઇચ્છાથી અને જોવાની ઈચ્છાથી ભગવાનના સ્વરૂપને જોઇને 'અમી ચ' એવા શબ્દોથી પ્રારંભ કરીને પાંચ શ્લોકથી વિનતિ કરે છે. અને વળી, બહાર રહેલા એટલે આ સામે દેખાતા, વિચારવાની શક્તિ વગરના ધૃતરાષ્ટ્રના બધા પુત્રો, જયદ્રથ આદિ રાજાઓના સમૂહો સાથે મહાન યોદ્ધા ભીષ્મ, શાસ્ત્રવિશારદ દ્રોણ, સૂતપુત્ર કર્ણ અને આપણા પણ મુખ્ય યોદ્ધાઓ ધૃષ્ટદ્યુમ્ન વગેરે સાથે વધારે વેગથી દોડતા, વિકરાળ દાઢોથી આપોઆપ જ ભયાનક દેખાતાં આપનાં મોઢાઓમાં પ્રવેશ પછી જે જોયું તે કહે છે. કેટલાક દાંતનાં પોલાણોમાં ચોંટેલા

તેમજ લટકતા અને જેમનાં માથાં ચૂરો થઇ ગયાં છે તેવા સ્પષ્ટ દેખાય છે. ॥૨૬-૨૭॥

યથા નદીનાં બહવોડમ્બુવેગાઃ
સમુદ્ર મે વાભિમુખા દ્રવન્તિ ।
તથા તવામી નરલોકવીરા
વિશન્તિ વક્ત્રાણ્યભિવિ જ્વલન્તિ ॥૨૮॥

જેવી રીતે સમુદ્ર તરફ મુખવાળા નદીઓના ઘણા જલપ્રવાહો વહે છે, તેવી જ રીતે પૃથ્વી પરના આ વીર પુરુષો આપનાં ચોતરફથી પ્રકાશમાન મુખોમાં પ્રવેશે છે. ॥૨૮॥

પ્રવેશ કરવામાં 'યથા' વગેરે શબ્દોથી દૃષ્ટાંત આપીને કહે છે. જેવી રીતે અનેક સ્થળેથી વહેતી નદીઓના અનેક જળપ્રવાહો સમુદ્રમાં જ એટલે કે પોતાનાં લયસ્થાનોમાં જ તેને અભિમુખ થઇને પ્રવેશે છે, તેમ જ પૃથ્વી પરના આ વીર પુરુષો બધી બાજુએ પ્રકાશતાં આપનાં મુખોમાં પ્રવેશે છે. ॥૨૮॥

યથા પ્રદીપ્તં જ્વલનં પતંગા
વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ ।
તથૈવ નાશાય વિશન્તિ લોકા-
સ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ ॥૨૯॥

જેવી રીતે અતિ વેગવંતા પતંગિયાંઓ નાશને માટે પ્રજ્વલિત અગ્નિમાં પ્રવેશે છે, તેવી જ રીતે અતિ વેગવાળા લોકો પણ નાશને માટે આપનાં મુખોમાં પ્રવેશે છે. ॥૨૯॥

નદીના દૃષ્ટાંતમાં પ્રકટપણે નાશ દેખાતો નથી, એમ છે તેથી નાશને માટે પ્રવેશ કરવામાં 'યથા' વગેરે શબ્દોથી બીજું દૃષ્ટાંત કહે છે. જેવી રીતે તીડ જેવાં નાનાં જંતુઓ પોતાની પાંખથી વેગવાળાં ને મદોન્મત્ત થયેલાં મરણ માટે સળગતા અગ્નિમાં પ્રવેશે છે, તેમ જ અતિ વેગવાળા, મદોન્મત્ત એવા આ લોકો, પહેલાં કહેવાયું છે તેવા તેઓ નાશને માટે, એટલે કે મરણને માટે ખરેખર આપનાં મુખોમાં પ્રવેશે છે. ॥૨૯॥

લેલિહ્યસે ગ્રસમાનઃ સમંતા-
લ્લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ ।
તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં
ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ॥૩૦॥

હે વિષ્ણુ, ચોતરફથી પ્રકાશતાં મુખો વડે બધા લોકોને ગળી રહેલા આપ વારંવાર ચાટો છો, આપનો ઉગ્ર પ્રકાશ સંપૂર્ણ જગતને તેજથી ભરી દઇને તપાવે છે. ॥૩૦॥

અરે, ભગવાન નાશ ન કરે તો ભગવાનના મુખમાં પ્રવેશવાથી શું થાય ? એવી શંકાના પ્રત્યુત્તરમાં 'લેલિહ્યસે' વગેરે શબ્દોથી કહે છે. કોળિયો કરી જતા એવા આપ સર્વ બાજુએથી સઘળા લોકોને પ્રકાશમાન મુખો વડે ચાહો છો, ભક્ષણ કરો છો, તેનો નાશ કરવાની આપની પણ ઇચ્છા જ દેખાય છે, એવો ભાવ છે. ભગવાન એમ શા માટે કરે ? એમ શંકા થાય તો કહે છે કે, હે વિષ્ણુ, હે સર્વના પાલક, સાત્વિકોનું રક્ષણ કરવા માટે જ આપ તેમ કરો છો. ઉગ્ર એટલે તપાવવાને સમર્થ એવાં આપનાં કિરણો પ્રકાશથી ચમકતી કાંતિ વડે સકળ જગતને ભરી દઇને તપાવે છે, સંતાપે છે. અહીં આ ભાવ છેઃ સાત્વિક અધિષ્ઠાતા વિષ્ણુ સાત્વિક જનોના રક્ષણ માટે જ દુષ્ટોનો નાશ કરે છે, તેથી તેમ કરવું યોગ્ય જ છે. ॥૩૦॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક દશમો)

એ પ્રમાણે કરાયેલા નિવેદન સંબંધી થતી ચિંતાને દૂર કરવાનો ઉપાય કહ્યો, અને હવે નિવેદન સંબંધી ચિંતાને દુર કરવાનો ઉપાય કહે છે. એવા હેતુથી પ્રથમ (પ્રકાશમાંના) 'નનુ સખ્ય' વગેરે શબ્દોથી (પાંચમા શ્લોકનો) પ્રારંભ કરે છે.

પ્રેમયુકત ભકિત વિષે એ તો સુવિદિત છે કે, શાસ્ત્રોકત શ્રવણ વગેરે નવધા ભકિત માંહેની પહેલી ત્રણ (શ્રવણ, કીર્તન અને સ્મરણ) ભકિત આચરવા યોગ્ય છે અને તે અપેક્ષા રહિત થવાથી બધા જીવોને સિદ્ધ થઇ શકે તેમ છે. પાદસેવન ભકિત પણ સાધી શકાય છે.' (અંબરીષના) પગ શ્રીહરિનાં તીર્થક્ષેત્રોમાં ચાલીને જવા માટે જ હતા' (ભાગ. ૯–૪–૨૦), વગેરે નવમા સ્કંધમાંનાં વાકયોથી કહેવાયેલી રીતે 'પાદસેવન' એટલે 'બે પગ દ્વારા થતી સેવા' એ અર્થમાં બધાં જીવોને સાધ્ય થઇ શકે તેમ છે. બીજો અર્થ 'ચરણોની સેવા' એ અર્થમાં તો જેમની સેવા કરવાની છે તેમની અપેક્ષા રહે છે. તે પ્રમાણે અર્ચના વગેરે ત્રણ (અર્ચન, વંદન અને દાસ્ય) પ્રકારની સેવા પણ સેવ્યની અપેક્ષા રાખે છે. એમ હોવા છતાં આ ચાર (પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય સેવા) અથવા ત્રણ (અર્ચન, વંદન અને દાસ્ય) સેવવા યોગ્ય પરમાત્મા પ્રગટ ન હોય તો પણ સિદ્ધ થાય છે. સખ્ય અને આત્મ નિવેદન એ બેમાં તો ભજવા યોગ્ય પ્રભુના પ્રાકટયની અપેક્ષા રખાય જ છે. ભજનીય એવા ભગવાન જો ભકત પ્રત્યે સખ્યભાવ અને ભગવાનને કરાયેલ આત્મ નિવેદન પ્રગટ થઇને અંગીકાર કરે તો ભગવાને કરેલા અંગીકારથી તે બે પ્રકારની ભકિત સિદ્ધ થાય છે. ભગવાનનું પ્રાકટય તો પ્રેમયુકત ભકિતને અધીન છે. અત્યારનાં સમયમાં તો તે સાધનદશા કહેવાય. તેમ જ અત્યારના સમયમાં પ્રભુના પ્રાકટયના અભાવથી (પ્રકાશમાં) 'સ્વયમ્' પૂર્ણપણે નિવેદન કરાયું છે ત્યારે તેવી શંકા યોગ્ય નથી.) વગેરે શબ્દોથી કહેવાયેલી એવી ચિંતા થાય છે, તેથી હીન અને મધ્યમ અધિકારીઓને થતી એવી ચિંતાની નિવૃત્તિનો ઉપાય કહ્યો છે, એમ અર્થ છે.

હવે (પ્રકાશમાંના) 'પુરુષોત્તમ' વગેરે શબ્દોથી આગળ સમજાવે છે. 'ઉક્ત નિવેદન વત્' (પ્રકાશમાંનો આ શબ્દ) મૂળ શ્લોકમાંના 'તથા' શબ્દના અર્થમાં છે. તેમાં 'વત્' પ્રત્યય છે તે સાતમી વિભકિતના અર્થમાં છે. અને વળી, જેમ ભગવદ્ધર્મના પ્રારંભરૂપ નિવેદન કરાય છે ત્યારે અન્યના વિનિયોગ વગેરેથી નિષ્કામતા આવે છે, તેથી પણ તેમાં ભગવદ્ધર્મના નાશનો અભાવ છે, એ કારણે પણ ચિંતા અળગી કરવી જોઇએ. તેવી જ રીતે

અંગીકારના સંદેહ સંબંધી નિવેદનના વિષયમાં પણ ચિંતા ત્યજી દેવી જોઇએ, એમ અર્થ છે. અહીં હેતુની અપેક્ષામાં 'શ્રી પુરુષોત્તમ' મૂળમાંના એ પદથી તેનું વર્ણન કરે છે, એવા આશયથી (પ્રકાશમાં) 'પુરુષોત્તમ' શબ્દથી આરંભ કરીને 'શ્રીપદમ્' સુધીમાં 'શ્રીપુરુષોત્તમ એ શબ્દને સ્પષ્ટ કરેલ છે. (પ્રકાશમાં કહ્યું છે કે, શ્રીપુરુષોત્તમે નિરોધલીલામાં પોતાની લીલામાં પોતાની મેળે જ, અન્યનું ભજન કરી રહેલા ભકતોને તેમાંથી છોડાવીને પોતે જ પોતાના કર્યા. એવા પ્રકારના પ્રભુ પ્રત્યે સ્વયં પૂર્ણપણે નિવેદન કરાયું છે ત્યારે તેની શંકા યોગ્ય નથી, એમ દર્શાવવા માટે 'પુરુષોત્તમ' એવું પદ મુળ શ્લોકમાં આપ્યું છે. તેમાંયે સ્વરૂપનો આનંદ પ્રદાન કરવાથી નિરંતર પોષાઇ રહેલા ભકતોની અન્યત્ર આસકિત શકય નથી, અને તેથી શંકાનો ઉદ્ભવ જ થાય નહિ, એમ દર્શાવવા માટે 'શ્રી' એવું પદ છે, એટલે કે 'શ્રીપુરુષોત્તમ કહ્યું છે.)

હવે (પ્રકાશમાંના) 'તથા ચ વગેરે શબ્દોથી કહેવાના આશયને સ્પષ્ટ કરે છે. પ્રેમપૂર્ણ ભકત સાથે જોડાયેલ ભગવાન જ ઇંદ્રયાગનો ભંગ, ગોવર્ધનને ધારણ કરવો વગેરે લીલાઓથી રસપુર્ણ કરીને પોતાનાનું પોષણ કરે છે. એ પ્રમાણે ઇંદ્રયાગને ભંગ વગેરે દર્શાવનારા શબ્દોથી જ ભગવાનના એવા પ્રકારના સ્વભાવને જાણીને ચિંતા ત્યજવી જોઇએ. અનન્ય ભાવથી ભજનનો છેવટ સુધી નિભાવ થાય તે માટે કાર્યલિંગક નામના અનુમાનથી પોતાનાં જનોનો અંગીકાર થયો છે, તેને નિશ્ચિત માનીને ચિંતા ત્યજવી જોઇએ; કારણ કે ભકતો પ્રત્યે ભગ- દયાળુ છે, એમ અર્થ છે. નિવેદનના ગદ્યમાં માત્ર ભગવાનને જ પ્રદાન કરાયું છે, એમ કહ્યું છે, તે રીતે ? અહીં પુરુષોત્તમ એવા શબ્દથી ભગવાન સાથે જોડાય છે ત્યારે તે નિવેદન કહેવાય છે, માટે એવી શંકા કરવી નહિ. એકાદશ સ્કંધમાં જ 'બલરામ સાથે' (શ્રી ભગવાને કહ્યું છે, અક્રુરજી જ્યારે મને બલરામજી સાથે (વ્રજમાંથી) મથુરા લઇ જવા આવ્યા ત્યારે, મારામાં ચોંટેલા ચિત્તવાળી અને વિયોગને કારણે તીવ્ર દુઃખ અનુભવતી ગોપીઓ અત્યંત ગાઢ ભાવ હોવાના કારણે તેઓને મારા સિવાય બીજું સુખદાયક લાગ્યું નહોતું.-ભાગ. ૧૧-૧૨-૧૦) વગેરે શબ્દોથી એવી ઉત્કૃષ્ટ ભકિતની ભગવાને પુર્ણપણે પ્રશંસા કરી છે. ભકિત એ શ્રેષ્ઠ કારણ છે, તે સંબંધમાં આત્મ નિવેદીના ઓગણીસ ધર્મો કહ્યા છે. ત્યાં આત્મ નિવેદનનો પ્રકાર સ્પષ્ટ નથી. તેમાંના બધાનો સંગ્રહ કરીને કલ્પ સૂત્રની જેમ ગદ્યમાં મહાપ્રભુજીએ દર્શાવ્યા છે. તેથી 'કૃષ્ણ' એવા પદથી ત્યાં ગોપીઓએ જે સહેલું તેનો વિચાર કરાય છે. તેનાથી ભગવાન સાથે જોડાયેલા ભકતનું પ્રદાનપણું દર્શાવ્યું છે. વળી એ તો સુવિદિત છે કે, ભગવાન સદાનંદ છે અને નિશ્ચિતરૂપે રસરૂપ પણ છે. ભગવાન રસરૂપ છે (તૈત્તિરીય, બ્રહ્મવલ્લી ૨-૭), એમ શ્રુતિથી સિદ્ધ છે. રસનું આલંબન સાપેક્ષ જ છે, એમ હોવાથી પણ રસ ભગવાનમાં જ સ્થિર થઇને રહેલો છે, એમાં લેશમાત્ર વિરોધ નથી.

ભલે એ પ્રમાણે સત્ય છે, તો પણ કયારેક પોતાનાનાં કે ગમે તે બીજાનો વિયોગ આવી પડે ત્યારે તેમ થવાથી અનુકૂળ ન હોય તેવા

કાર્યથી અંગીકાર કરાવવામાં સંદેહ થાય જ, એમ થવાથી તેવા પ્રકારની ચિંતા શી રીતે ત્યજવી શકય છે ? એવી આકાંક્ષા થાય તો તેનો ઉપાય કહે છે. એવા 'કદાચિત્' વગેરે શબ્દોથી (પ્રકાશમાં) ઉત્તરાર્ધનો પ્રારંભ કરેલ છે. તેમ નથી, એટલે કે તેવી ચિંતા કરવી ન જોઇએ. (પ્રકાશમાંના) 'પ્રમાદાત્' (પ્રમાદથી) વગેરે શબ્દોથી આગળ સમજાવે છે. તેવા પ્રકારની ચિંતા થવાનું કારણ એ છે કે, તેવા સ્વભાવને કારણે તેવી સ્થિતિ પ્રાપ્ત થયેલી હોય છે, જીવસ્વભાવના કારણે કોઈ વાર બહિર્મુખ થવાય છે, અને વળી, એમ કહેવાયું છે કે, તેવાને કોઇવાર અનન્ય ભજનના અભાવથી થયેલ બહિર્મુખતામાં તેનો અણગમો પણ થઈ આવે જ છે. તેવા અણગમાથી જોડાણ સાથે અંગીકાર થયાનું અનુમાન કરીને ચિંતા ત્યજવી જોઇએ; કારણ કે, મહા ભારતમાં શ્રી ભગવાને કહ્યું છે કે, 'યજ્ઞોમાં હોમવાનું દ્રવ્ય હું છું, મારું સ્મરણ કરનારાઓનું જે પાપ હોય તેનો હું નાશ કરું છું. હરિત (કેસરી) રંગ મને પ્રિય છે, તેથી હરિ એવા નામે હું કહેવાઉં છું. ભગવાન પોતાના ભકતોના પાપનો નાશ કરનાર છે, એમ વિચારીને અપરાધી એવાં બકી, બક વગેરે ઉપર પણ ભગવાને અનુગ્રહ કર્યો છે તેનાથી જીવે કરેલ માત્ર સાધનને ભગવાન લક્ષમાં લેતા નથી, એમ વિચારીને ચિંતા ત્યજવી જોઇએ, એમ અર્થ છે. એવા કથનથી તેવા પ્રકારનો દીનભાવ થવો એ અંગીકાર થવામાં વિશિષ્ટ કારણ છે, એમ કહ્યું છે. ॥૫॥

એને દઢ કરવાને માટે તે ઉપરાંત અધિકતાથી કહે છે. એ હેતુથી 'અંગીકારે' વગેરે શબ્દોથી (પ્રકાશમાં) પ્રથમ (છઠ્ઠા શ્લોકનો) આરંભ કરે છે, અને 'કદાચિત્' વગેરે શબ્દોને સમજાવે છે. અહીંયાં 'ગવર્ગિકાયાસ' વગેરે શબ્દોથી આગળ કહેવાઈ ગયેલ છઠ્ઠા સ્કંધનઃ વાકયને જ બીજરૂપે જાણવું; કારણ કે એ પુષ્ટિનો વિષય છે. (વૃત્ર કહે છે કે, હે ઈંદ્ર, અમારા સ્વામી અધિકારી જનોના ધર્મ, અર્થ અને કામ સંબંધી હોય એવા પ્રયત્નોને નિષ્ફળ કરી દે છે. તેનાથી ભગવાનની કૃપાનું અનુમાન થાય છે, જેને અકિંચનજનો સમજી શકે છે, અન્ય જનોથી સમજવું કઠિન છે.–ભાગ. ૬–૧૧–૨૩) અને વળી, વૃત્રને જે કાંઇ સંકટ પ્રાપ્ત થયું છે. તેમાં પણ તેને તો ભગવાનની કૃપાનું તર્કસંગત જ્ઞાન જ પ્રાપ્ત થયું છે. તેવી રીતે આને પણ લૌકિક કે વૈદિક અનિશ્ચિતતા કે જે ભગવાનની કૃપાના અનુસંધાનરૂપ ઊભી થઇ છે તે પણ અંગીકારનું જ લક્ષણ છે. એવા પ્રકારની સમજવાળાને (મૂળ શ્લોકમાંના) 'સાક્ષિણઃ' વગેરે શબ્દોથી તે સંબંધે ઉપદેશ આપે છે. તેને સ્પષ્ટ કરતાં કહે છે કે, જે કરાયું છે તેને સાક્ષીની જેમ તું જો. અને વળી, જ્ઞાતિજનો, માબાપ, પુત્રો, ભાઇઓ, મિત્રો, કે અન્ય કોઇ જે કહે તેને, જે ઇચ્છે તેને મમતા રહિત થઇને તું તારી સંમત્તિ આપજે, (ભાગ. ૭–૧૪–૬), એમ સાતમા સ્કંધના ભગવદીય ગૃહસ્થ પ્રકરણમાં કહેવાયું છે. પહેલાં કહેવાયેલી રીતે આચાર્યશ્રીના આ વાકયથી લૌકિક કે વૈદિક જે હોય તે ભગવાનના કાર્યને સાક્ષીની જેમ જોવું, તે પણ અંગીકારનું લક્ષણ છે, એમ અર્થ છે. ॥૬॥

શ્રીવલ્લભ:

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

ગહેવરવનનાં બેઠકજી

(અજગરનું પુર્વ વૃતાંન્ત)

લે. વ્રજ (ધોરાજી)

બીશનલાલ – કેમ સોહન! હમણાં કયાં ગૂમ થઇ ગયો હતો? કયાંઇ બરાબરનો હાથ માર્યો લાગે છે. જલસા તો ચાલુ છે ને?

સોહનલાલ – અરે, યાર! જલસાની કયાં વાત કરે છે આવું દીલ્હી જેવું શહેર અને આપણા જેવા સર્વ રીતે પારાંગત નામચીન ઠગ તો પણ કયારેક ઉપવાસની આફતમાં સપડાઇ જવું પડે છે. ભોજન ખર્ચ–અને નાચગાનના જલસામાં સારી એવી રકમની જરૂર પડે છે. વૈભવ અને જલસા વીનાનું તે. કોઇ જીવન છે? કેવળ પશુ જેવું જ. હું તો હવે કંટાળી ગયો છું આવા જીવનથી. કંઈક ભેજું કસવાની જરૂર છે.

બીશન–સોહન! તારી વાત ખરી છે. વૈભવ અને જલસા ચોવીશેય કલાક ભરચકક જોઇએ તો જ જગતમાં જીંવ્યા કહેવાઈએ. તું વિચાર કરજે હું પણ વિચારીશ. કાલે અહીં જ મળશું એમ કહી છુટ્ટા પડે છે.

સોહન–બીશન આજે તો મારા મગજમાં એક સરસ વિચાર આવ્યો છે વાત કરતાં જ તું ખુશખુશાલ થઇ જશે

બીશન–તો કહી દેને જલદી. ચોળે છે શા માટે? તું પણ ગૈભવના વિચારોમાં વેવલો બની ગયો લાગે છે. ચાલ કહી દે જલદી એટલે મારા મનને નિરાંત શાય.

સોહન–બીશન! આ બધા સંત મહંતો ઠાઠમાઠ વધારી મઠધારી બની જઇ પૂજાય છે અને સેવકોને પૈસે દુધપાક–માલપુવા–મલાઇપુરી અને ઘી નિતરતાં ચુરમાં રોજ ઉડાવે છે રાત્રે પણ સેવક સેવિકાઓના રાસ ગરબાની રમઝટ જામે છે અને સાથે એકાંતમાં નાચગાનની મહેફિલો પણ જામે છે. આમ બધી રીતે સંત મહંતોને ઘી કેળાં છે હું તો એ બધું યાદ કરૂં છું ત્યાં તો મોઢામાં પાણી આવે છે જેથી મારે તો હવે મહંત થઇ રંગરાગ ઉડાવવાની ઇચ્છા છે.

બીશન–બધા એવા નથી હોતા સોહન! એવા તો કદાચ સેંકડે બે–પાંચ ટકાજ હશે બાકી તો તેના ઉપર પૂરેપુરી જવાબદારી અને સાથે ઇશ્વરનો ડર પણ હોય છે અને અંતરથી સાચા હોય છે. કેટલાક સંતો તો પોતાનું જીવન કેવળ પ્રભૂમય બનાવી પોતાના સંપર્કમાં આવનાર સર્વના આ, લોક પરલોક ઉજવળ બનાવી અંતરમાં પ્રકાશ રેલાવે છે. કોઇ યોગ સાધનામાં–કોઇ સેવા પૂજામાં–કોઇ ધાર્મિક ગ્રંથોમાં–કોઈ સાહિત્યોમાં તો કોઇ ધ્યાન સમાધિમાં તલ્લિન બનેલા હોય છે. પાતાંજલિ યોગશાસ્ત્ર–યોગવાસિષ્ટ શ્રી ગીતાજી–શ્રીભાગવત–રામાયણ જેવા ગ્રંથો તો એમના પ્રાણરૂપ બની ગયેલા હોય છે. કોઇ પરા–દશાવાળા સંતો મહંતો પરબ્રહ્મમાં એવા લીન હોય છે કે તેઓના દેહાધ્યાસ

પણ છુટી ગયેલા હોય હોય છે. તારા કહેવા પ્રમાણેનું વૈભવી જીવન ગાળનાર તો કોઇ, આપણા જેવા તક સાધુઓ મહંત બની ગયા હોય તેવા જ હોય છે. બધાને એક સરખા માની શકાય નહીં એ, સંત મહંતો અને આચાર્યો તો, કર્મમાર્ગ – મર્યાદામાર્ગ અને ભકિતમાર્ગના સ્તંભ જેવા અને નિર્દોષતા સહ ઇશ્વરના અંશો હોય છે. જીવમાત્રનું સંસ્કારી અને સદગુણમય જીવન ઘડનાર અને જનકલ્યાણની ભાવનાવાળા પ્રભૂમય જીવન ગાળનારા હોય છે. તેઓ ઉપર વગર સમજ્યે આક્ષેપ કરવાથી આપણે અપરાધી બનીએ અને તેના ભોગ પણ આપણે ભોગવવા પડે.

સોહન–બીશન ! તું કહે છે તેવા વેવલા વેડા કરી જીવન બગાડવું મને ન પોસાય, આપણે તો ઠગના સરદાર. જગતના ઉંચામાં ઉંચા વૈભવો ભોગવવા અને આત્માને સ્વર્ગ સમાન સુખોમાં તરબોળ રાખવો એ જ આપણા જીવનનો ઉદ્દેશ. પરમાત્માને તો ફકત કોઈ પાસેથી દાનના રૂપીઆ પડાવવા માટે જ રાખવાના વાસ્તવિક તો પ્રભૂ અને આપણી વચ્ચે જમીન આસમાન જેવું અંતર હોય છે. સમજ્યો ને બીશન ! સ્વર્ગ અને વૈકુંઠની વાતો કરનારાઓને ત્યાં જનારા જાણે આપણે તો સ્વર્ગ અને વૈકુંઠનાં સુખોને આપણા મઠમાં જ–માણવાં છે. તારે વિચાર કરવો હોય તો કરી લે, અને જવાબ આપ હું તો મારા વિચારોમાં મકકમ છું સમજ્યોને બીશન :

બીશન–તારા જવાબ પછી મેં વિચાર કરી લીધો છે સોહન ! તું તારા વિચારોમાં અચલ હોતો તું તારે માર્ગે જઇ શકે છે પાખંડી મહંત બની જગતના ઉચ્ચ કોટીના ભકતો સાથે પરમાત્માને નામે ઠગાઇ અને છેતરપિંડીના દાવો ખેલવાની મારી ઇચ્છા નથી સોહન ! એ કરતાં તો ભૂખ્યું રહેવું પડે તો તે મને મંજુર છે અને હું તો આજથી જ ઠગાઇનો ધંધો છોડી મહેનત–મજુરી–નોકરી વીગેરે કરવાનું નકકી કરૂં છું પરંતુ તું કયાંનો મહંત થઈશ અને કયાં જઇશ તે કહેજે એટલે હું સમય મળ્યે તારા હાલ હવાલ અને રંગઢંગ જોઈ શકું.

સોહન – બીશન ! મેં મારી પૂર્વ તૈયારી કરી જ રાખી છે મારૂં સ્થાન છે. વૃંદાવન. જયાં લાખોપતિ અને કરોડોપતિઓ શ્રદ્ધાપુર્વક લાખ્ખો રૂપીઆનાં દાન કરી સ્નાન–દાન–ભજનથી પોતાનું જીવન વિતાવી રહ્યા છે. પરંતુ ત્યાં તને હાલનું મારૂં નામ સોહન કયાંઈ નહીં મળે ત્યાં મારૂં નવું નામ હશે મહંતજી "રામ કૃપાલુ" આમ કહી સોહન ત્યાંથી તૈયારી કરી વૃંદાવન આવ્યો અને પોતાની મધુર વાણી ચાતુર્ય–દાંભિક ઉદારતા. વિગેરેથી મઠની સ્થાપના કરી અને ભોળી અજ્ઞાત અને ધાર્મિક પ્રજાને વિશ્વાસ માં લઈ દાનમાં મોટી મોટી રકમ મેળવવા લાગ્યો. મઠનું વહીવટી કાર્ય–પ્રચાર કાર્ય અને રાત્રિના રંગ રાગ વીગેરે માટે અંગત અને અનુભવી કાર્યકર્તાઓ નિમાઇ ગયા આમ આ મઠ દેશી પરદેશી યાત્રિઓના આકર્ષણરૂપ બની ગયો.

રામદયાલ – અરે દાઉ દયાલ ! આજે તો બહુ ઉતાવળા અને વહેલા, વહેલા ?

દાઉ દયાલ – અત્યારમાં સારૂં મુહુર્ત હોવાથી મારા પિતાશ્રીની મિલ્કતમાંથી એક લાખ રૂપીઆ આપણા મહંત રામ કૃપાલુના નવા મઠમાં દાનમાં આપવા જાઉં છું. મહંતજી રામ કૃપાલુ પણ બહુજ વિદ્વાન અને સુપાત્ર છે. કેમ જાણે સેવકોના કલ્યાણ માટે જ પ્રભુએ તેને મોકલ્યા હોય. ધ્યાન–ધારણ તપશ્ચર્યા અને ગ્રંથ સાહિત્યમાં જ આખો દીવસ વિતાવે છે મઠમાં કાયમ સદાવૃત ચાલે છે. મઠમાં દરરોજ ઘણાં માણસો જમે છે. વિદ્વાન અને ધનપતિઓ મહંતજીના સેવકો છે દેશ પરદેશની અગ્રગણ્ય વ્યકિતઓની ભાવના પણ મહંતજી ઉપર બહુ સારી છે કયારેક મઠમાં આવજોતો ખરા મઠ જોવા જેવો છે એવું જ ત્યાંનું પવિત્ર વાતાવરણ છે.

રામ દયાલ - તમારી ભકિત અને શ્રદ્ધાને ધન્યવાદ છે મહંતજી જરૂર સારા હશે પરંતુ ઘણી વખત કોઇના વાણી ચાતુર્ય દંભ અને વૈભવના આડંબરમાં અંજાઈ જઇ અને આપણે આપણા આ લોક અને પરલોક બગાડીએ છીએ અને કોઇ વ્યકિતના પ્રભાવમાં અંજાઇ ગયા પછી આપણને બીજું કંઇ ભાન રહેતું નથી અને હાજી હા કરવા લાગી જઇએ છીએ એક ભજનમાં કહ્યું છે કે “વીરા મારા પાત્ર પરખ્યા વીના–સંગડો ન કરીએ....જી” માટે સમજીને ચાલી એ તો પસ્તાવું પડે નહીં.

દાઉ દયાલ – તમારી વાત ખરી છે રામ દયાલ ! કોઇ એવા પણ હોય છે પરંતુ મહંતજી રામ કૃપાલુ તો સુપાત્ર અને પ્રભૂ પરાયણ છે. મોટાઓની કૃતિ ગમે તેવી હોય પરંતુ તેના ઉપર વિશ્વાસ રાખવાથી આપણું તો કાર્ય થઈ જાય છે બંસ રાધે શ્યામ હું જાઉં છું.

મહંતજી – (ખાસ અંગત સેવકને) કેમ જગત પ્રસાદજી ! રાત્રિ માટેનો પ્રબંધ સર્વ થઇ ગયો ?

જગત પ્રસાદ – હા સ્વામિજી ! પહેલાં સેવકોના રાસ ગરબા અને પછી સેવીકાઓના રાસ ગરબા અને રાત્રિના બાર વાગ્યા પછી નામચિન નર્તકીઓના નાચ ગાન અને રંગ રાગની મહેફીલ આ પ્રમાણે કાર્યક્રમ ગોઠવાઇ ગયો છે સ્વામિજી ! એ સેવિકાઓ અને નર્તકીઓ આપને દરરોજ એક નવી વ્યકિત ની ભેટ કરશે એ માટે પણ સ્થળ નકકી થઇ ગયું છે. સેવકોના રાસ ગરબા માટે મઠનો મોટો ચોક સેવિકાઓના રાસ ગરબા માટે મઠનું સભા ભૂવન અને આરામ ગૃહ અને નર્તકીઓના નાચ ગાન માટે અંદરનું દીવાનખાનું અને શયનાગાર માટે આપ સર્વ વાતે નિશ્ચિંત રહેજો સ્વામિજી ! હું દરેક રીતે સાવધાન છું અને રહીશ.

મહંતજી – જગત પ્રસાદજી તમારા જેવા અંગત માણસ મળવા બહુજ દુર્લભ છે તે માટે હું ગૌરવ અનુભવુ છું. તમારા ઘરખર્ચ અને અંગત ખર્ચ માટે કંઇ પણ ચીંતા કરશો નહીં. જે અને જેટલું જોઇએ તેટલું મઠના ભંડારમાંથી લઇ જજો જરાપણ સંકોચ કરશો નહીં તમે જાઓ અને ‘ગયા પ્રસાદજી’ ને મોકલો.

ક્રમશઃ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૩૩ મું

શ્રીયમુના કે નામ અઘ દૂર ભાજે
જિનકે ગુન સુનનકો, લાલ ગિરિધરન પિય
આય સન્મુખ તાકે બિરાજે. ૧
તિહિં છિનું કાજ, તાકે સગરે સરે,
જાય મિલત વ્રજ વધુ સમાજે;
'કૃષ્ણદાસનિ' કહે તાહિ અબ કોન ડર
જા કે ઉપર શ્રીયમુનેસી ગાજે ૨

અર્થ – શ્રીયમુનાજીનો અલૌકિક પ્રતાપ છે કે જેના નામ સ્મરણ માત્રથી જ સમસ્ત પાપોનો નાશ થાય છે. શ્રી ઠાંકોરજીને પરમ પ્રિય હોવાથી જ્યારે ભક્ત એના ગુણગાન કરે છે ત્યારે સાંભળવા શ્રીલાલગિરિધરપિય સન્મુખ આવીને બિરાજે છે. ૧

સાક્ષાત્ પ્રભુ પધારી જેની સન્મુખ બિરાજે પછી એ જીવની કઇ અભિલાષા અપૂર્ણ રહે? તેના સકલ કાર્યો તત્ક્ષણ સિદ્ધ થાય છે. કૃષ્ણદાસજી કહે છે કે એ, જીવનો વ્રજ ભકતોના સમૂહમાં વાસ થાય છે. શ્રી યમુનાજી જેવા સર્વ સમર્થ 'મા' ની જેના ઉપર કૃપા છે પછી એને કોનો ભય હોય? ૨

વિવેચન – આ પદો કૃષ્ણદાસજી સખી ભાવથી કહે છે કારણ કે એને શ્રીયમુનાજીની કૃપાનો સ્વાનુભવ છે. કૃષ્ણદાસજી ગુજરાતના પાટીદારના પુત્ર, પિતા સાથે બન્યું નહિ એટલે ઘર છોડીને ચાલી નિકળ્યા. નિત્યલીલા આપ 'લલિતા' સખીનું સ્વરૂપ છે. ત્યાં પણ શ્રી યમુનાજીની કૃપા અને સાન્નિધ્ય છે. અત્યારે નિરાધાર બની ચાલી નિકળ્યા છે, ક્યાં જવું છે તે જાણતા નથી, પરંતુ શ્રી યમુના મૈયા એને કેમ ભૂલે? પોતાનો બાળક ખોળામાં આવી ખેલે એવી અભિલાષા કઇ 'મા' ને ન હોય! આપે કૃપા વિચારી. કૃષ્ણદાસજી મથુરા આવ્યા. શ્રી મહારાણીજીનું શરણ મળ્યું. અને કૃપા કરી આપે પોતાના બાળકને સુઘડ બનાવી શ્રી મહાપ્રભુજી દ્વારા શ્રીનાથજીના શરણમાં સોંપ્યો, આવી કૃપાનું દાન કૃષ્ણદાસજીથી કેમ ભૂલાય?

શ્રીયમુનાજીનું નામ દિપક સમાન છે જે જીવના દોષો રૂપી અંધકારનો ક્ષણમાં નાશ કરે છે, વિશેષતા એ છે કે શ્રી યમુનાજીનું નામ સ્મરણ થાય છે ત્યાં શ્રી ઠાકોરજી વગર બોલાવ્યે પધારે છે.

ત્યાર પછી એ જીવના ભાગ્યનું શું વર્ણન કરવું! જીવના સદ્ભાગ્યના દ્વાર ખુલી જાય છે. શ્રીઠાકોરજી અને શ્રીયમુનાજીની કૃપાથી એને નિત્યલીલામાં સ્થાન મળે છે. આવું શ્રી મહારાણીજીની કૃપા રૂપી છત્ર જેના માથે બિરાજે છે પછી તેને શું ચિંતા?

અનંત કૃપા છે શ્રીયમુનાજીની નહિંતર જીવનું સામર્થ્ય શું? કીડી જેવા આપણે ક્ષુદ્ર જીવો તે શ્રીયમુનાજીના કૃપારૂપી 'સેતુ' નો આશ્રય કરી ભવસાગરને અવશ્ય તરી જઇશું.

દોહો

પાપ સંતાપ ક્ષણ એકમાં, હોય નામથી નાશ;
સન્મુખ રહે શ્રીનાથજી, વ્રજ લીલામાં વાસ.

– ક્રમશઃ

॥ નિઃ સાધનાધિશ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ ભગવદ્ સંગ ॥

પ્રેષક : **દીનકીકર નટવરલાલ મહાસુખલાલ શેઠ અરાદ**

પ્રિય ! વ્હાલા વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજીના લાડિલાઓ.

અનન્ય ભક્ત જ સાચો વૈષ્ણવ કહેવાય. અનન્ય ભકત પ્રભુને ખૂબ પ્રિય છે. પ્રભુના પ્રિયનું પ્રિય કરનારો પ્રભુનો પ્રિય થઇ શકે છે. વૈષ્ણવ શબ્દ અલૌકિક છે. વૈષ્ણવનું સ્વરૂપ સમજવું કઠીન છે. વલ્લભ–વિઠ્ઠલના બે 'વ' ની વચ્ચે કૃષ્ણનો 'ષ્ણ' બિરાજમાન છે. વૈષ્ણવના સંગ માત્રથી પ્રભુની યાદ, અને પ્રપંચ બાદ, થઇ જાય છે. ભગવદીયનો સંગ કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા ખૂબ સૂચક છે, પારસના સંગથી સુવર્ણમાં ફેરવાઇ જતા લોખંડ કરતાંયે આ સંગ ઉત્તમ ગણ્યો છે, ભગવદીયના સંગથી ભગવદીય સંગથી ભગવદીય થવાય છે. ભગવદ્ કૃપા ભગવદીયના સંગ સિવાય શકય જ નથી. ભગવદીયના સત્સંગ બરાબર બીજું કંઇ છે જ નહિ.

પારસસે કહા કામ ? બડોધન હરિજનકો હરિનામ હરિનું નામ ભગવદીય દૃઢ કરાવે છે. શ્રીહરિમાં આપણા ચિત્તને સંલગ્ન કરાવવા સતત સ્મરણ કરાવવા સત્સંગમાં રૂચિ કરાવે છે. ઉત્તમ સંગમાં અદ્‌ભૂત શક્તિ છે. વીસ કિલો કાંકરાનું મૂલ્ય વિચારો સો મણ ઘઉમાં એને મિલાવી દ્યો એને ઘઉંનો સંબંધ થતાં જ એનું મૂલ્ય ઘઉંની સાથે ઘઉંના ભાવે થવાનું છે. હવે એ કાંકરો કિંમતી થયો છે. એને સાફ કરનારાને પૂછીશું તો એની પાસેથી જવાબ મળશે કે ઘઉં વિણાવીએ છીએ. સાચી રીતે કાંકરા વિણાય છે. પરંતુ ! કાંકરાને ઉત્તમ સંગ થયો છે જેથી નામોશી એને મળતી જ નથી.

દૂધમાં પાણી મિલાવતાં જ પાણી દૂધના મૂલ્યે ખપવા લાગે છે. લૌકિકમાં રહીનેય કાર્ય અલૌકિક કરનારો, લૌકિકમાં રહેતો હોવા છતાંયે લૌકિક નથી.

આપણો આ અનુગ્રહ માર્ગ છે. આપણે કાંકરા સમાન, પાણી સમાન ભલે મૂલ્યહીન. પરંતુ ! ઘઉં અને દૂધ સમાન ભગવદીયો સંગે મૂળ સ્વરૂપ કરતાં વિશેષ છીએ. શ્રી વલ્લભના સંબંધી વલ્લભીઓને દૃઢતાથી મકકમતાથી પકડી, એકમાત્ર એમના શરણે, આશરે, અનન્ય ભગવદ્ ભકત બની પ્રભુના પ્રિય થઇએ.

કોરા કાગળની ખાસ કિંમત હોતી નથી. તેના ઉપર લખાણ લખાયું કે કિંમત અનેક ગણી. મુજ સરખા રંક જનને આપ સરખા ભગવદીયોનો સંગ છે. શ્રી વલ્લભનો સંબંધ થયો છે. આપની અખંડ કૃપા ઝંખુ છું. સંસારની ગૂંથણી જ એ પ્રકારની છે કે ભગવદાશ્રય થયા સિવાય એ ગૂંથણીમાંથી છૂટી શકાય તેમ નથી. ભગવદ્ સંબંધ થયો છે, એને હવે ચિંતા કેવી ? કોરા કાગળો પ્રેસ પર ગયા, ભાગવત છપાયું, કિર્તનના પુસ્તકો છપાયાં, મૂલ્ય અમૂલ્ય ભગવદ્ સ્વરૂપ થઇ ગયાં, સેવવા યોગ્ય, સાક્ષાત્ ભગવદ્ રૂપ થઇ જાય છે.

કોરા કાગળ ઉપર હુંડી લખી. લાખ, બે લાખ અંક મુજબ મુલ્ય થયું. આપણો સંબંધ શ્રી મહાપ્રભુજી સાથે થતાં જ વલ્લભના સંબંધે વલ્લભીય કહેવાયા. શ્રી વલ્લભના સંબંધનું સર્વ શ્રી વલ્લભનું જ છે.

શ્રી યમુનાજીના અનેક ઘાટ છે. તમામ ઘાટે યમુનાજી જ બિરાજમાન છે. સર્વમાં સન્મુખ રહેવાથી આપણને સ્નેહ થાય છે. ભગવદીયો દ્વારા ભગવદરસ વહેતો થાય છે. ભગવદ રસની પ્રાપ્તિ કરવાની ઇચ્છા જેને હોય તે ભગવદીયોનો સંગ ઝંખે છે. શ્રી વલ્લભના અંગીકૃત જીવો શ્રીવલ્લભ જ સમજવાના છે. દરેક અંગ સેવનીય છે. આદરણીય છે. સર્વાંગે આનંદ જ છે. આપણા માથાના તાળવાથી પગના તળીયા સુધી સર્વ આપણું જ છે. કયાંયે ઇજા થાય તો દુખ થાય છે. આપણો સ્નેહી આપણને ખુબ ચાહતો હોય પણ આપણા કોઇપણ અંગની નિંદા કરે અથવા કોઇપણ અંગને દુખ દે તો આપણે તેના ઉપર રાજી રહીયે કે નારાજ થઇએ ?

વ્હાલા બંધુઓ! સ્નેહમાર્ગ સર્વથી ઉંચો શ્રેષ્ઠ છે. શ્રીઠાકોરજીનું મુખારવિંદ શ્રી મહાપ્રભુજી છે. વૈષ્ણવોના હૃદયમાં શ્રી મહાપ્રભુજી બિરાજે છે. વૈષ્ણવો દ્વારા શ્રીમહાપ્રભુજી આરોગે છે. પ્રસન્નતા અનંતગણી વૈષ્ણવોના સમાધાનથી શ્રીહરિને થાય છે. વૈષ્ણવોમાં સ્નેહ જ મુખ્ય છે. દુઃસંગથી બચવા ભગવદ સંગ જરૂરી છે. ભગવદસંગથી ભગવદાસકિત થાય છે. સો મણ દૂધમાં સવા પાસેર કેરોસીન પડી જાય તો તે ખાવાના ખપમાં આવતું નથી. સુંદર મિષ્ટાન્ન ઉત્તમ ભોજનં મુખમાં હોય ત્યાં સુધી સ્વાદ આપે છે. આખા અંગને પુષ્ટિ આપે છે. પ્રસન્ન કરી સુખદાન કરે છે. પેટમાં ગયા પછી વિષ્ટા બની જાય છે. પેટ એ સ્વાર્થ છે. મુખ સ્નેહનું પુર્ણ સ્વરૂપ છે, આખા અંગ માટે એ સતત પ્રવૃત રહે છે. માટે ભગવદ્ સાંગ સર્વોપરી છે. જયશ્રીકૃષ્ણ.

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક :- રૂા. ૫૦૧–૦૦ ગો. વા. પ ભ શ્રીમતી કાંતાબેન માવજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભામહાકાવ્યયન

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

(ગતાંકથી ચાલુ) **દોહા**–વાદ ધરત જગ સત્ય પર, માયિક લિય ચિત રોષ;
બ્રહ્મવાદી પ્રભુ પક્ષમેં, કરત પરસ્પર જોષ.

ચૌપાઇ–હરિ પ્રકટ કરત નિજ સગુણ અંશ, પ્રાકૃત જગ બિલગ વિચાર કરેં
શિવ બ્રહ્મા વિષ્ણો દેવરુપ, હરિ અંશ રુપ નિધાર ધરેં
દ્વાદશ શકિત શ્રીહરિમયરુપ, નિજ બિલગરુપ દિખલાતી હૈં
માનવ દાનવ અરુદેવોકેં, ગુણ કર્મ મોક્ષ કહલાતી હૈં
મિટ્ટી ઘટ અરુજિમિ તન્તુબસન, વ્યવહાર દીર્ઘ લઘુ પાને હૈં
યહ વિધ શ્રીહરિ નિજ અંશોસે, બ્રહ્માંડઅનેક પ્રકટાતે હૈં
આસુરી સૃષ્ટિકો મોહ કરન, કલ્પિતમત શાસ્ત્ર રચાયે હૈં
વૈશેષિક ગૌતમ ન્યાય યોગ, ચાર્વાકબૌધ પથ પાયે હૈં
આસુરી જીવ અધિકાર હીન, માયિક મત ઉનકો પ્યારા હૈં
દૈવીજન ભગવત્ ધરમ યુકત, દોનોં કા પંથ નિરાલા હૈં
શાસ્ત્રાર્થ કરત કઈ સમય બિતત, જય બ્રહ્મવાદ હી પાતા હૈં
મિથ્યાવાદી જન કલેશ કરેં, લછમન ભટકોન સુહાતા હૈં
સબ સજજન વૈદિક મત વૈષ્ણવ, લખ પંડિત જન હરખાતે હૈં
શ્રીવલ્લભ હૈં વાગીશ રુપ, ભટ્ટજીકો આય સુનાતે હૈં
કછુ કરત કુલાહલ મતવાદી, જો કુટિલવાદ કે પોષક થે
કટુ બચન બદત શ્રીભટ્ટજીકો, ખલ બ્રહ્મવાદ પર દોષ કથે
શાસ્ત્રાર્થ કરત દ્વય બરષ બિતત, સન્તોં કે મન સંતોષ હુઆ
થે કુટિલ કુવાદી મતવારે, કોવિદ જનકે મન રોષ હુઆ
ગ્યારહ વરષ વારાણસીમેં, ભટજીકા ઇચ્છિત વાસ હુઆ
નિજ કાર્ય પૂર્ણ કિય કલેશ દેખ, રહને મેં હૃદય ઉદાસ હુઆ
યહ ઉભય પક્ષ લખ લછમન ભટ, જબ દચ્છિણ જાના ચહતે હૈં
પલટત પિતુ ઇચ્છા શ્રી વલ્લભ, નિજ કાર્ય કરનકો બહતે હૈં

દોહા – નિજ પરિકર કે સહિત જબ, ભટજી લેત બિદાય;
કાશી કે કોવિદ સુજન, મિલત નયન જલ છાય.
પરમ નેહ ધર મિલત સબ, કોવિદ શ્રી વાગીશ
યુગ યુગ જીયે સન્ત હિત, દેત સભી આશીષ

કાશીના વાદની નિવૃત્તિ સ્વદેશ ગમનની ઇચ્છા

શ્રી લક્ષ્મણ ભટ સ્વભાવથી શુદ્ધ સત્વ ગુણ મય પ્રસન્ન ચિત્ત, શરીર શ્યામ ગૌર, દર્શનથી વિરોધીના ભાવને પણ પોતાના ધર્મ અને ગુણોની પ્રતિભાથી સહજમાં સ્નેહ મૂર્તિ સ્નેહમાં પ્રવેશ કરાવનાર, દુરાગ્રહીના દોષોની નિવૃત્તિ દર્શન થતાં દૂર થતી હતી. અક્ષર અનંત સ્વરુપના આનંદનું ધામ શુદ્ધ સાત્વિક યજ્ઞો નિષ્કામ બ્રહ્મ ભાવ પૂર્વક કરી માનો વશિષ્ઠ, અગત્સ્ય વા યાજ્ઞવલ્કય સમાન, દ્વિજાતીય ધર્મ સહ ભગવત ધર્મથી ભાવ મૂર્તિ, સર્વ ધર્મ યુકત ધર્મી, કલિના કલેશને દૂર કરતા હોય, તપોમય તેજસ્વી શ્રીલક્ષ્મણ ભટ પુનીત કાશીને પુનઃ પુનઃ પવીત્ર કરતા હોય તેમ અગ્યાર વર્ષ બિરાજી ગૃહ કાર્યમાં કોઇ કાર્ય હોય તો ભગવત્સેવા શાસ્ત્ર વિચાર સંશયીના સંશયને સંપૂર્ણ પણે દૂર કરી શ્રી હરિની પરમ ભકિતમાં પ્રવેશ કરાવનાર, શ્રીવિષ્ણુ સ્વામીના માર્ગને શોભારુપ આચાર્ય શ્રી લક્ષ્મણ ભટજીના ગુણોનુ કોણ વર્ણન કરી શકે ?

પુત્ર પર વાત્સલ્યથી શ્રી લક્ષ્મણ ભટને થતો ખેદ

દુરાગ્રહી પંડિતો શ્રીવલ્લભથી શાસ્ત્રાર્થમાં હારતા મૌન ધારણ કરી શ્રી લક્ષ્મણ ભટજીને એકાન્તમાં મલી પોતાના અભિચાર પ્રયોગોની વાતો કરી શ્રી લક્ષ્મણ ભટના હૃદયને દુભાવવા પ્રયત્ન કરવા લાગ્યા. શ્રીવલ્લભે હદ કરી, અમારૂં સભામાં અપમાન કર્યું. અમારા મતને ત્રણ વર્ષોથી મિથ્યા ઠરાવી શાંકર, શાકત, નૈયાયિક તાંત્રીક, પાતાંજલી, અને સાંખ્ય યોગમાં ભેદ ભાવ કરી સર્વનુ નિરાકરણ કરી એક બ્રહ્મ પરત્વે સર્વ શાસ્ત્રોનું પ્રમાણ પરમ તત્વ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ પરબ્રહ્મમાં મંડન કરી, સર્વ મતોનું ખંડન કરનાર તમારા પુત્રનું કુશલ ઇચ્છતા હો તો હવે તમો કાશીથી વિદાય લઇ સ્વમાન સાથે આન્ધ્રમાં આપને જવું જોઇએ. શા માટે ? આપનો સંકલ્પ ૧૧ વર્ષ કાશીનો વાસ પુર્ણ થયો અને જગતમાં શ્રી લક્ષ્મણ ભટ મહા મુનિ તરીકે પ્રસિધ્ધી પામ્યા, તેમજ શ્રી વલ્લભ અહિં રહે તો પોતાનો સહજ ગુણ શાસ્ત્રાર્થ કરવા પણું ન છોડે. તેમ અમો પણ અમારા મતને કોઇ કાળે અસત્ય (માયાવાદ) માનવા તત્પર નથી. ભલે અમારો મત માયાવાદ વેદ વિરુદ્ધ હોય આપ તો ત્રિકાલ જ્ઞાની છો આપને અમો શું કહીયે.

ઉપરથી સ્મિત અંદરથી દ્વેશ દુષ્ટ ભાવથી દોષિત પંડિતાઇનો દંભ (કહેવા માત્રના પંડિત) શ્રી લક્ષ્મણભટજીના મનને ખેદ પ્રકટાવતા પ્રસન્ન થવા લાગ્યા. (શ્રી હરિ ઇચ્છા) શ્રીવલ્લભે વિચાર્યું કે પિતાજી હવે પોતાના સ્વરુપમાં પ્રવેશ કરે તો સારૂં કારણ કે હું જયાંસુધી તેમની છાયામાં હોઉ તો મારાથી સ્વતંત્ર પણે કંઈ પણ ન થઇ શકે. સમય થોડો છે. ભૂતલમાં રોકાવાનો, શ્રીહરિ રોકાવા દેશે નહિ. શું કરવું ? હરિ સમર્થ છે તેથી આ સમય સાધનરુપ થાય છે. ઇતિ.

નોંધ – વાચનાર તથા શ્રોતા ખાસ ધ્યાન રાખે કે **'પ્રભુ'** શબ્દ કાવ્યમાં શ્રી મહા પ્રભુજી માટે વાપરેલ છે તે સંજ્ઞા ધ્યાનમાં રાખવી.

– ક્રમશઃ

॥ શ્રી હરિઃ ॥

સૌન્દર્ય પદ્ય

લેખક :- ગો. વા. પ. ભ. શ્રી ગોકુલદાસ વિશ્રામ શ્રી જતિપુરા નિવાસી
સંકલન :- શ્રી વલ્લભપાદ પદ્મમિલિન્દ

સાન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુરુષંચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્ભૌરસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥

[આ 'સૌન્દર્યપદ્ય' ઉપરના વિવરણના મૂળ લેખક ગો. વા. પ. ભ. શ્રી ગોકુલદાસ વિશ્રામ, શ્રી ગિરિરાજ નિવાસી હોવા જોઇએ, એમ શ્રી વલ્લભપાદપદ્મમિલિંદ આ લેખ મોકલતાં લખી જણાવે છે, અને ઉમેરે છે કે, "કારણ કે સર્વાજ્ઞાત એવા શ્રીમહાપ્રભુજીના ધર્મી વિપ્રયોગાત્મક સ્વરૂપ સુધીની ખોજ કરવા ભાઇ શ્રી ગોકુલદાસ વિશ્રામ સફળ થયા હતા.' એમને આ લેખ રાજનગરથી એક વૈષ્ણવ દ્વારા પ્રાપ્ત થયેલ છે.

મૂળ લેખક પ્રત્યે અહોભાવ દર્શાવતાં તેઓશ્રી લખે છે કે, (શિક્ષાપત્ર અંતિમ "રસાત્મક ભાવસ્વરૂપ નિરૂપણના શ્લોક ૧૧માં મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાયજી પ્રભુ આજ્ઞા કરે છે કે. સ્વામિની ભગવદ્ ભાવયુતં ચાપિ વિલક્ષણમ્ । (જે શ્રી સ્વામિની ભાવ તથા ભગવદ્ ભાવનું નિરૂપણ કર્યું તે ભાવયુકત શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ છે, અર્થાત્ ધર્મ અને ધર્મીરૂપ વિપ્રયોગ ભાવયુકત છે, તો પણ તે વિલક્ષણ છે.) આ વિલક્ષણ સ્વરૂપનો કિંચિત્ પરિચય આ લેખમાં કરાયેલ છે. પુષ્ટિપથના અને પુષ્ટિ સાહિત્યના ઊંડા અભ્યાસ વિના આવો ઉત્કૃષ્ટ અભિપ્રાય, આધાર આપીને અન્ય કોણ આપી શકે ? અને તેથી જ તેઓશ્રીએ આ લેખનું સર્વોત્તમ સંકલન કરી મોકલ્યું છે. સમગ્ર લેખ એટલી ઉચ્ચ કક્ષાનો અને અંતરંગ ભાવથી ભરપુર છે કે, વાચક વર્ગ તેને વાંચતાં અને સમજતાં ખરેખર ભાવ વિભોર થઇ જશે, એમાં શંકા નથી.

જોકે આ શ્લોકને તત્ત્વતઃ સમજવો ઘણો જ કઠિન છે, તેમ છતાં સમગ્ર શ્લોકનો અર્થ સમજાવવા માટે લેખકશ્રીએ શ્રીમદ્ ભાગવત અને ભગવતી શ્રુતિ ઉપરાંત સ્વયં શ્રી મહાપ્રભુજીનાં સુબોધિનીજી વગેરેમાંથી વિધાનો આપીને તેમ જ શ્રીમદ્ ગુસાંઇજી, શ્રીમદ્ હરિરાયજીનાં વચનોના આધારો આપીને અને કુંભનદાસ, પદ્મનાભદાસ આદિનાં પદ્યોને સુયોગ્ય રીતે વણી દઇને લેખને રસિક અને સાર્થક બનાવ્યો છે. ઉપરાંત લેખકશ્રીએ અક્ષરાર્થ, શબ્દાર્થ, વાકયાર્થ આપીને આખાયે શ્લોકના અર્થને સરળતાથી સમજાવવા વિદ્વત્તાભરી સફળતા મેળવી છે.

દશમ સ્કંધ નિરોધલીલામાંયે રાસપંચાધ્યાયી, વેણુગીત આદિ મૂર્ધન્ય સ્થાન ધરાવે છે પ્રભુની લીલા અહીં છતી થઇ છે. ગોપગોપીઓ પ્રભુમાં ભાવવિભોર બની ગયાં છે. આમ તેમાં જે રીતે પ્રભુનું પ્રાકટય અને પ્રભુનું સ્વરૂપ સ્પષ્ટ થયેલ છે, તેમ જ લેખકશ્રીએ તેમાંના જ આધારો આપીને શ્લોકાર્થ સ્પષ્ટ કરતાં શ્રીમહાપ્રભુજીનું પ્રાકટય અને સ્વરૂપ સ્પષ્ટ કર્યાં છે. એટલું જ નહિ, પરંતુ લેખકશ્રીએ એમ પણ સ્પષ્ટ કર્યું છે કે, પ્રથમના ત્રણ યુગોમાં ભગવાને અવતારો ધારણ કર્યા છે, પરંતુ ચોથા કલિયુગમાં ભગવાનનો અવતાર નથી. શ્રીમદ્ ભાગવતજીમાં સ્પષ્ટ લખ્યું છે કે, ભગવાને સ્વધામ પધારતાં પોતાનું શાસ્ત્ર સ્વરૂપ ભૂતલ ઉપર બિરાજમાન કર્યું છે, અને જે કાર્ય અવતાર દશામાં સ્વયં પ્રભુએ કર્યું તે જ કાર્ય અનવતાર દશામાં પ્રભુનાં શાસ્ત્ર સ્વરૂપ એવાં ભાગવતજી કરે છે. અને મહાપ્રભુજીએ એ જ શાસ્ત્ર સ્વરૂપના આધારે પોતાનું અવતારકાર્ય કર્યું છે. આમ ભગવાનનું અવતાર કાર્ય અને મહાપ્રભુજીનું પ્રાકટય કાર્ય સમાન સિદ્ધ થાય છે. એ આપણને આ લેખમાંથી સારી રીતે સમજાય છે.

આવા અતિ મહત્ત્વના લેખને ‘વલ્લભ સુધા’ માં પ્રગટ કરતાં સંચાલક મંડળ ગૌરવ અનુભવે છે. – સંપાદક]

સૌન્દર્યમ્ પહેલા તો આ શબ્દોનો વિચાર કરીયે। **રસો વૈ સ** : પરમાત્માના સ્વરૂપને ઓળખવામાં શ્રુતિઓ રસાત્મકતયા સિદ્ધઃ પરમાત્મા શ્રુતાવિતિ। સંયોગ વિપ્રયોગાભ્યામ શૃંગાર સરસો હરિઃ” આ હરિ સ્વરૂપના અંતર પ્રવિષ્ટર સાત્મકતયા....સરસોનું જે વર્ણન છે. તેનું એક સમષ્ટિ સ્વરૂપ તે સૌન્દર્યમ્ । મધુરાષ્ટક તાત્પર્યમાં શ્રી હરિરાય ચરણ આજ્ઞા કરે છે. સ્વરુપં તુ રસાનન્દ સ્તયાલીલાસમન્વિત: આ રસાનંદ–સર્વાનંદ–સર્વાકાર (જ્ઞાનીઓ જેને નિરાકાર કહે છે) તે મનવાણીથી અગોચર એવું સ્વાનન્દ તુન્દિલ સ્વરૂપ અંતરગત વિદ્યમાન છે। આ સર્વાકાર સ્વરૂપમાંથી યુગલ સ્વરૂપનો પ્રાદુર્ભાવ થયો . આ બન્ને યુગલ શ્રૃંગાર રસાત્મક પરિપૂર્ણ સ્વરૂપો છે. પરન્તુ લીલાના વિસ્તાર માટે । અથવા તો વિસ્તારની લીલા માટે ‘પું’ વિગ્રહ સ્ત્રીભાવ ગૂઢ શ્રી ઠાકુરજીનો સ્ત્રી વિગ્રહ ‘પું’ ભાવ ગૂઢ શ્રી સ્વામિજી અને આ સૌન્દર્ય ।

તત્વાર્થદીપ નિબંધમાં શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે કૃષ્ણશબ્દેન પરમવસ્તુચ્યતે । તદેવ કદાચિત પરમ સૌન્દર્યં સ્વગત પ્રકટીકરિષ્યામિતિ સાકારં પ્રાદુભુતં સત્ શ્રી કૃષ્ણઇત્યુચ્યતે ।। આરંભમાં કૃષ્ણ પછી સ્વગત પરમ સૌન્દર્યં પ્રકટ કરવાથી “શ્રીકૃષ્ણ” સર્વભાવાત્મક શ્રીકૃષ્ણ અને શ્રી સ્વામિનીજી બન્ને સ્વરૂપોમાં સ્ત્રી–પું ભાવનું સ્થાયીત્વ રહે તો સંયોગ રસ સમયે બે પું ભાવ, અને બે સ્ત્રી ભાવ ટકરાતાં રસાભાસ થાય ત્યારે આ સ્ત્રી ભાવ પુંભાવ પ્રથક કાઢી તેનો નિવેષ કયાં કરવો । આ ભાવો પણ પૂર્ણ રસાત્મક હોવાથી તેનું અધિષ્ઠાન પણ ભગવદ્‌સ્વરૂપા હોય તોજ સંભવે સંયોગ રસના પ્રચુર આધીકયે મિથઉર-

પરિહંભણેકદેહ એકમાનો, બન્ને સ્વરૂપો એકાકાર–તદાકાર થતાં વિરહાબ્ધિના અવિચ્છિન્ન તરંગોમાં વિક્ષેપ થતો અટકાવવા એક ભાવસાકાર સ્વરૂપની પણ આવશ્યકતા છે। તે સ્વરૂપ સર્વાકાર હોવાથી આકારમૂર્ત સ્વરૂપ પ્રગટે તો રસમાં–લીલામાં સંયોગમાં ચમત્કૃતિ આવે. અને તે રસ વિહારની પુષ્ટિ પ્રાપ્તિ અર્થે :-

પ્રિંયતમનો નિજહૃદ્ગતં – સ્ત્રીગૂઢભાવ }
પ્રિયાજીનો „ પું ગૂઢભાવ } બન્ને ગૂઢભાવો

સર્વાકાર જે સૌન્દર્યમ કેવલ ભાવ વિશિષ્ટ અમૂર્તસ્વરૂપ બિરાજે છે તેમાં પધરાવી મૂર્ત આકાર (શુદ્ધસાકૃતિ) થાય છે તે શ્રીમદાચાર્યચરણ–શ્રીવલ્લભ'

શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજીમાં એક એકભાવ સ્થાયી હોવાથી નિત્ય રમણ અબાધિત બની રહે છે ! શ્રીવલ્લભમાં યુગલ સ્વરૂપના ગૂઢ સ્ત્રી પું ભાવો સશ્લિષ્ટ થવાથી દૂધમાં મીશ્રી (સાકર) ઓતપ્રોત થઇ જાય તેવી રીતે પ્રવેશ થવાથી સાકાર રસમય કૃષ્ણ તરીકે શ્રી આચાર્યચરણ શોભ્યા । શ્રુતિસિદ્ધ કૃષ્ણ રસ છે। શ્રી આચાર્યચરણ રસમય બાહ્યાભ્યાંતર રસ છે। દ્રષ્ટાંતમાં જલેબીમાં અંદર રસ છે. અને રસ ગુલ્લામાં અંદર બાહીર રસ છે ।

રુપં તત્ ત્રિતયાત્મકમ્ તત્ ઇતિ સૌન્દર્યસ્ય

યુગલ સ્વરૂપના સાક્ષિરૂપ તૃતિય સ્વરૂપ એ તો સર્વ વિદિત અર્થ છે । પરન્તુ મૂલમાં જે સૌન્દર્યથી શ્રી વિઠ્ઠલેશચરણ ઉઠાન કરે છે તે સૌન્દર્યનું ત્રીજુ સ્વરૂપ શ્રીમદાચાર્ય ચરણ છે.

જેમ દેહના સંઘાતો છે તેમ આત્માના સંઘાતોનું પણ વર્ણન શાસ્ત્રોમાં વિદિત છે આ આત્મા–

દેહાત્મા	જીવાત્મા	અંતરયામી
સત્	ચિત્ત	આનંદ
કૃષ્ણ	સ્વામિનીજી	વલ્લભ

આ ત્રીજું સ્વરૂપ સૌન્દર્યનાં ત્રણ સ્વરૂપોનું એક તે વલ્લભ આ સ્વરૂપ મનસા વાચા કર્મણા સર્વ રીતે અભિતઃ ધ્યાન કરવા યોગ્ય છે. નિત્ય–નૈમિત્તિક અને સાંપ્રતિ લીલા ત્રણેયમાં સદા વલ્લભ આ સ્વરૂપ સદા ચિન્તનીય છે નતુ સેવનીયઃ આ ભાવાર્થ થયો ।

[શ્રી વલ્લભનું ત્રિતયાત્મક સ્વરૂપ ચિન્તનીય છે ન તુ સેવનીયઃ તેનું કારણ, આ સ્વરૂપ ભાવ સાકૃતિ છે। અર્થાત્ ભાવાત્મક સ્વરૂપ છે । અને ભાવાત્મક સ્વરૂપનું અધિષ્ઠાન

તો વિરહી સ્વકીયોનું હૃદય છે । શ્રી મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય ચરણે નીચેના પદમાં તેનું નિરૂપણ કહેલું છે.

પ્રકટે પુષ્ટિ મહારસદેન ।
શ્રી વલ્લભ હરિ ભાવ અગ્નિ મુખ રૂપ સમર્પિત લેન ॥
નિત્ય સંબંધ કરાય ભાવ દે, વિરહ અલોકિક બેન ॥
યહ પ્રાકટ્ય રહત હૃદયમેં, તીન લોક ભેદ ન સકેન ॥
રહીયે ધ્યાન સદા ઇનકે પદ, પાતક કોઉ ન લગેન ॥
'રસિક' યહ નિરધાર નિગમગતિ, સાધન ઓર ન હેન ॥

આ સ્વરૂપનો નિર્દેશ સુ. ૧૦–૪૪–૨૭ માં કરેલો છે.

સર્વાત્મભાવોધિગતો ભવતીનામધોક્ષજે ।
વિરહેણ મહાભાગા મહાન્મનુગ્રહઃ કૃત; ॥૨૭॥

વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપ ભકત હૃદયને અધિષ્ઠાન બનાવી સ્થાયી બિરાજી ભાવાત્મક પ્રકારે માનસીમાં સોન્દર્યામૃત લાવણ્યામૃતનું પાન કરાવે છે। તેથી કહ્યું 'પરમભિ ધ્યેયં સદા વલ્લભમ્'] (સંકલન)

હવે ભૂતલ ઉપરનું પ્રયોજન વિચારીયે–

સોન્દર્ય શબ્દમાં સ–અ–ઉ–ન–દ–ર–ય, આ સાત અક્ષરો છે । સ ધર્મી પછીના છ વર્ણો ધર્મ સ્વરૂપો આ અલૌકિક રસમય ધર્મો છે । આ સાતેય અક્ષરોના અર્થ એકાક્ષરોમાં છે । આ નિત્ય લીલાના રસમય ધર્મો સહિતનું ધર્મી સ્વરૂપ યદ્યપિ મનસા–વાચા અગોચર વેદાતીત છે । છતાં દૈવી જીવોને નિત્ય લીલાનો સંબંધ હોવાથી સ્વરૂપ વિસ્મૃતિ અવિદ્યા દૂર કરી તેનું કિંચિત્ દર્શન અને જ્ઞાન કરાવવા શ્રી આચાર્ય ચરણે આ અલૌકિક ધર્મોને શ્રીમતી સુબોધિનીજી દ્વારા પ્રસિદ્ધ કર્યા છે। વેણુગીત કારિકામાં–

(૧) ઐશ્વર્ય ઇશ્વર પુજયતે લોકે મૂઢારપિ યદા તદા
(૨) વીર્ય દેવેષુ તત્રાપિ સ્ત્રીષુ તત્રાપિ કામતઃ
(૩) યશ યદિ વિમૂઢાનાં પ્રત્યક્ષાસકિત વારણાત્
(૪) શ્રીયો હિ પરમકાષ્ઠા સેવકા........ તાદશાયદિ
(૫) જ્ઞાન જ્ઞાનોત્કર્ષ સ્તૈવ સ્યાત્ સ્વભાવ વિજયો યદિ
(૬) વૈરાગ્ય હરેરપિ હરિઃ યદ્દ ।

"ધન્યાસ્તુ મૂઢમતયોઽપિ" થી શરૂ કરી "દૃષ્ટવાઽઽતપે વ્રજપશુન આ છ શ્લોક ઐશ્વર્યથી વૈરાગ્ય સુધીના છ અલૌકિક ધર્મોનું વર્ણન છે।

રાસ પંચાધ્યાયીના પાંચમા અધ્યાયમાં તાસાંમાવિર્ભૂત શૌરિઃ પછી–

કાચિત્ સમં મુકુન્દેન સ્વરજાતી	ઐશ્વર્યરૂપ
ધ્રુવમુન્નિન્યે તસ્યૈ	વીર્ય રૂપ
કાચિદ્રાસપરિશ્રાન્તા	યશો રૂપ
દૃષ્ટરોમા ચુચુમ્બ	શ્રી રૂપા
પ્રાદાત્તામ્બુલ ચર્વિતમ્	જ્ઞાન રૂપા
નૃત્યતિ ગાયતી, પાર્શ્વસ્થાચ્યુત	વૈરાગ્ય રૂપી

ચોથા અધ્યાયમાં પણ કાચિત્કરામ્બુજં શૌરેઃ થી શરૂ થતાં લીલા વર્ણનમાં સાત પ્રકારના ધર્મ ધર્મિનું વર્ણન છે।

લીલા સૃષ્ટિ નિત્ય અને નૈમિત્યકમાં સ્વયં–ભગવાને પોતાનામાંથી પોતાની આધિદૈવિક શકિત રૂપા સકલ સામગ્રી લીલા પ્રયોજનથી પ્રકટ કરી વિલાસ કરે છે.

એકોહં બહુ સ્યામ "વ્રજ વૃન્દાવન ગિરિ નદી પશુ પંછી સબ સંગ! યામેં કહા દૂરાઇએ પ્યારી એ સબ મેરો અંગ"। અંગીમાંથી અંગો પ્રકટ કરી–

રેમે રમેશો વ્રજસુન્દરીભિર્યથા અર્ભકઃ સ્વપ્રતિબિંબ પોતે પોતાના જ પ્રતિબિમ્બ નાના પ્રકારની સામગ્રી પ્રકટ કરી પોતે જ રમણ કહે છે। અને આ બધો પ્રકાર દશમ સ્કંધ નિરોધ લીલામાં વિસ્તાર રૂપે વર્ણવ્યો છે। શ્રી આચાર્ય ચરણે સ્ફુટ પ્રકાશિત કર્યો છે।

યુગલ સ્વરૂપ યદ્યપિ આપ્તકામ–આત્મરતિ–આત્મ–પ્રદ નિર્પેક્ષ હોવા છતાં (પ્રતિક્ષણ નૂતન) રસાનુભવાર્થ સાપેક્ષતા (અપુર્ણતા) અંગીકાર કરે છે। જેમકે ગીત ગોવિંદમાં કહ્યું છે–સ્મર ગરલ ખંડન મમ શિરસિ મંડન ધેહિ પદ પલ્લવમ્ ઉદારમ્

દાસ કુંભન લાલગિરિધરન કહે મોહી કહાંલો સુખ।
જહાં લો યહ રૂપ છિન છિન નિહાળુ ॥
કુંવરી રાધીકે સકલ સૌભાગ્ય સીમા ॥

શશ્વત્ પિયા સિતાપાંગ ધ્યાનાવસ્થિત ચેતસા।
પ્રાપ્ત તન્નિજરૂપાય ગોવિંદાય નમો નમઃ ॥

(વિ. ૯–૨૨)

શ્યામ કટાક્ષોનું નિરંતર ધ્યાન કરવાથી શ્યામ રૂપને પ્રાપ્ત થાય છે.

સ્ત્રી રત્ન હાસ પ્રભયાખિલાંગે તચ્ચુંબનૈસ્તત્પ્રતિબિમ્બિતૈશ્ચ। તાસાં કટાક્ષૈશ્ચ ચતુ ર્યુગીય રૂપાણિ ધત્સેક્ષણસો વ્રજેશ ॥ (વિ. ૮–૧૬)

શ્રીસ્વામિનીજીના હાસ્યનું તેજપડવાથી–શ્વેત–સત્યુગ

,, ચુંબન કરવાથી–આરક્ત–ત્રેતાયુગ
,, પ્રતિબિમ્બથી–પીત–દ્વાપરયુગ
,, કટક્ષોથી શ્યામ–કલિયુગ

શ્રીસ્વામિનીજી ચારેય યુગનાં રૂપ એક ક્ષણમાંજ ધારણ કરે છે આતો પ્રીતંમના સાપેક્ષતાના પ્રમાણે હવે શ્રીપ્યારીજીની સાપેક્ષતાના 'પ્રેમામૃત રસાયન' સ્તોત્રના પહેલાજ શ્લોકથી સિદ્ધ થાય છે એકદા કૃષ્ણવિરહાદધ્યાયંતિપ્રિયસંગમમ્ શ્રી. ભા ૩–૧૬–૩૨ મો શ્લોક 'ધર્મસ્ય તે ભગવત સ્ત્રિ યુગ' આ શ્લોક ઉપર શ્રી મહાચાર્ય ચરણ આજ્ઞા કરે છે

યુગ ત્રય એવ ભગવદાવિર્ભાવ ન કલૌ
અતએવ કલૌ ધર્મોપિ નાસ્તિ રક્ષકાભાવાત્

ત્રણ યુગોમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. કલિયુગમાં થતો નથી । રક્ષણ કરનાર નહિ હોવાથી ધર્મ પણ નથી. ભગવાન પોતાના છ ગુણો પૈકી બબ્બે ગુણોથી એક એક યુગમાં રક્ષણ કરે છે. સત્યુગમાં જ્ઞાન–વૈરાગ્યથી. ત્રેતામાં યશ અને શ્રી થી દ્વાપરમાં ઐશ્વર્ય અને વીર્યથી કલિયુગ માટે કોઇ ગુણ બાકી રહ્યો નથી સત્વથી ધર્મનું રક્ષણ થાય છે. સત્યુગમાં સત્વથી. ત્રેતામાં સત્વના સંબંધ વાળા રાજસથી. દ્વાપરમાં સત્ય સંબંધી રાજસના સંબંધ તામસથી. હવે કલિયુગ માટે કોઇ પણ ગુણ રહ્યો નહીં. આ વૈકુંઠાધિપતિ સ્વયં ભગવાનનાં વચનો છે. કલિયુગમાં ભગવત્ પ્રાદુર્ભાવ નથી એ શકલ શાસ્ત્રોના મૂલભૂત શ્રીમદ્ ભાગવતનું પ્રમાણ છે. તો હવે દૈવી જીવોનો ઉદ્ધાર કોણ કરે ?

તસ્યૈવ આત્માનુભાવ પ્રકટન હૃદયસ્યાજ્ઞયા ।

અસાધારણ લીલા કરવા રૂપી જે પોતાનો આત્માનુભાવ ભૂતલ ઉપર પ્રકટ કોણ કરે અવતાર લીલામાં સર્વ સામગ્રી પ્રકટ પૃથક–પૃથક કરી । એક જ વિલક્ષણ મૂર્તિ ભૂતલ ઉપર સર્વ લીલા સમન્વિત્–સંવલિત પ્રગટે તો કાર્ય થાય । શાસ્ત્ર સંમત ન બને, અને તેથીજ નિજ હૃદયગતં સ્ત્રી ગૂઢ પુંગૂઢ ભાવ બન્ને ભાવો વિશિષ્ટ સ્વપ્રિય સૌન્દર્યનું બનેલું તૃતિયાત્મક સ્વરૂપ ભૂતલ ઉપર પધાર્યું જે એકજ સ્વરૂપમાં
(૧) નખ શિખ પ્રતિ ભાવન કે ભૂષણ વૃન્દાવન સંપત્તિ અંગ અંગે
(૨) વિવિધ રસરાસ વૃન્દાવન તાદશં વલ્લભ ઉર પ્રેમદેશે વિક્ષ્યમ
(૩) અવનિ રમણ મધુરમય વૃક્ષ ઉદ્ભવ પ્રચંડ

ઇત્યાદિ પ્રગટ આનંદ પરમાનંદ સાકાર વિગ્રહના દર્શન કરી પદ્મનાભદાસજી ગાય છે। અને શાસ્ત્ર મર્યાદા રાખવા માટે શ્રી હરિરાય ચરણ શિ. ૩૯–૫ માં આજ્ઞા કરે છે યુગાંતરે તથૈવાયં પંચમત્વેન । ચાર યુગોથી પૃથક પંચમ યુગને પ્રગટ કરી જેમ ભગવત પ્રાગટય વખતે અતઃ સર્વ ગુણોપેતઃ કાલ પરમ શોભનીય, લૌકિક કાલમાં

અલૌકિક કાલ પધરાવી, ગુણોમાં અલૌકિક ગુણો, મહારાસમાં ચંદ્રમાં અલૌકિક મનચંદ્ર પધરાવ્યું તેજ રીતે આ વર્તમાન કલિયુગમાં શ્રીવલ્લભે પોતાંનો પંચમ યુગ-વલ્લભ યુગ પધરાવી શાસ્ત્રોને પ્રમાણીત રાખ્યા. આ સ્વરૂપનો ભુતલ ઉપર કોઈ અનુભવ કરી શક્યું નહિ. કેવલ રસાત્મક ભાવભાવાત્મક, તાપ તાપાત્મક સ્વરૂપને કોણ જાણી શકે ? કોણ અધિકારી હોય શકે ?

"સર્વસ્વ દાન તેણે સમેરે કરે શ્રી વલ્લભજી ઉદાર રે । (વલ્લભાખ્યાન) પોતાનું પ્રતિકૃતિ સ્વરૂપ પ્રકટ કરી સંયોગ વિપ્રયોગ ઉભય રસાત્મક સ્વરૂપનો જીવોને દર્શન અનુભવ કરાવ્યો । વૈષ્ણવોમાં-શ્રીમદ્ દામોદરદાસ હરસાનીજી (૨) કૃષ્ણદાસ (૩) શ્રી પદમનાભદાસજી (૪) પ્રભુદાસ જલોટાજી

(૧) દમલાયહ મારગ તેરે લીયે પ્રકટ કીયા હે (એકવચન) (૨) પ્રગટ ભયે ધનચંદ્રમા શ્રી લક્ષ્મણ ભટગેહ । (૨) તહાં પ્રવેશ દ્વૈભ્રમરકો દામોદર પ્રભુદાસ કોઉ રસિક નહી યા રસકો....પદમનાભ અલિતાકોહે ચસકો" । તે પછીના બાલકોને વૈષ્ણવોને યથા અધિકારે શ્રી ગુસાંઇજી પરમ દયાલના સ્વરૂપે, શ્રી મહાપ્રભુજીના અનંત સ્વરૂપો, અનંત ભાવો, અનંત લીલાઓમાંથી કોઇક કોઈક ભાવ-સ્વરૂપ-લીલાની કિંચિત કિચિત ઝાંખી મેળવી કૃતાર્થ થવાનું છે । ભગવદ્પ્રાપ્તિ થઈ શકે પણ શ્રી આચાર્યચરણની પ્રાપ્તિ અતિ દુષ્કર છે । રુપં તત્તૃતિયાત્મકમ પરમ અભિધ્યેયં સદા વલ્લભમ । "કૃષ્ણસેવા સદાકાર્યા" શ્રી કૃષ્ણની સેવા બને, પણ આ વિલક્ષણ સ્વરૂપકેવલ અભિત ચિન્તનીય છે । ફુલોનું અત્તર દેખી શકાય । તદ્‌ગત સૌરભ અદ્રશ્ય અસ્પૃશ્ય માત્ર અનુંભવૈકવેદ્ય છે ।

શ્રી આચાર્યચરણના ધર્મવિપ્રયોગાત્મક સ્વરૂપના દર્શન તો ન વેણુગીત-ગોપીગીત યુગલ ગીતમાં થતાં । દરેકમાં ધર્મસંયોગ-ધર્મવિયોગ-સંયોગ વિયોગ ઉભય । શુદ્ધ ધર્મિ વિપ્રયોગ ભ્રમરગીતમાં જાણવા મળે છે. (સુ. ૧૦-૪૪-૨૭) મા.

'સંન્યાસ નિર્ણય'માં શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે વિરહાનુંભવાર્થં તુ પરિત્યાગો પ્રશસ્યતે" વિરહાનુભવ માટે પરિત્યાગ બાહ્યાભ્યાંતર મન ઇન્દ્રિયા-દેહ પ્રાણથી । સ્વરૂપત: ગુણતઃ ફલત: જ્ઞાનતઃ ન તો તેને ભગવદ આવિર્ભાવની અપેક્ષા । ન તો ગુણો સાંભળવા ન ફલની અપેક્ષા । આન્તર રમણભાવ સ્થિત સ્વરૂપને આ બાહ્ય ભાવોથી વિકલત્વ અને અસ્વસ્થતા દૂર થતાં ફલમાં વિલંબ થાય છે અને તેથીજ ભગવદ્વચનો ઉદ્ધવજી દ્વારા

" ચુંબન કરવાથી–આરક્ત–ત્રેતાયુગ
" પ્રતિબિમ્બથી–પીત–દ્વાપરયુગ
" કટક્ષોથી શ્યામ–કલિયુગ

શ્રીસ્વામિનીજી ચારેય યુગનાં રૂપ એક ક્ષણમાંજ ધારણ કરે છે આતો પ્રીતંમના સાપેક્ષતાના પ્રમાણે હવે શ્રીપ્યારીજીની સાપેક્ષતાના 'પ્રેમામૃત રસાયન' સ્તોત્રના પહેલાજ શ્લોકથી સિદ્ધ થાય છે એકદા કૃષ્ણવિરહાદ્ધ્યાયંતિપ્રિયસંગમમ્ શ્રી. ભા ૩–૧૬–૩૨ મો શ્લોક 'ધર્મસ્ય તે ભગવત સ્ત્રિ યુગ' આ શ્લોક ઉપર શ્રી મહાચાર્ય ચરણ આજ્ઞા કરે છે

યુગ ત્રય એવ ભગવદ્દાવિર્ભાવ ન ક્લૌ
અતએવ ક્લૌ ધર્મોપિ નાસ્તિ રક્ષકાભાવાત્

ત્રણ યુગોમાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. કલિયુગમાં થતો નથી । રક્ષણ કરનાર નહિ હોવાથી ધર્મ પણ નથી. ભગવાન પોતાના છ ગુણો પૈકી બબ્બે ગુણોથી એક એક યુગમાં રક્ષણ કરે છે. સત્યુગમાં જ્ઞાન–વૈરાગ્યથી. ત્રેતામાં યશ અને શ્રી થી દ્વાપરમાં ઐશ્વર્ય અને વીર્યથી કલિયુગ માટે કોઇ ગુણ બાકી રહ્યો નથી સત્વથી ધર્મનું રક્ષણ થાય છે. સત્યુગમાં સત્વથી. ત્રેતામાં સત્વના સંબંધ વાળા રાજસથી. દ્વાપરમાં સત્ય સંબંધી રાજસના સંબંધ તામસથી. હવે કલિયુગ માટે કોઇ પણ ગુણ રહ્યો નહીં. આ વૈકુંઠાધિપતિ સ્વયં ભગવાનનાં વચનો છે. કલિયુગમાં ભગવત્ પ્રાદુર્ભાવ નથી એ શકલ શાસ્ત્રોના મૂલભૂત શ્રીમદ્ ભાગવતનું પ્રમાણ છે. તો હવે દૈવી જીવોનો ઉદ્ધાર કોણ કરે ?

તસ્યૈવ આત્માનુભાવ પ્રકટન હૃદયસ્યાજ્ઞયા ।

અસાધારણ લીલા કરવા રૂપી જે પોતાનો આત્માનુભાવ ભૂતલ ઉપર પ્રકટ કોણ કરે અવતાર લીલામાં સર્વ સામગ્રી પ્રકટ પૃથક–પૃથક કરી । એક જ વિલક્ષણ મૂર્તિ ભૂતલ ઉપર સર્વ લીલા સમન્વિત્–સંવલિત પ્રગટે તો કાર્ય થાય । શાસ્ત્ર સંમત ન બને, અને તેથીજ નિજ હૃદયગતં સ્ત્રી ગૂઢ પુંગૂઢ ભાવ બન્ને ભાવો વિશિષ્ટ સ્વપ્રિય સૌન્દર્યનું બનેલું તૃતિયાત્મક સ્વરૂપ ભૂતલ ઉપર પધાર્યું જે એકજ સ્વરૂપમાં

(૧) નખ શિખ પ્રતિ ભાવન કે ભૂષણ વૃન્દાવન સંપત્તિ અંગ અંગે
(૨) વિવિધ રસરાસ વૃન્દાવન તાદશં વલ્લભ ઉર પ્રેમદેશે વિક્ષ્યમ
(૩) અવનિ રમણ મધુરમય વૃક્ષ ઉદ્ભવ પ્રચંડ

ઇત્યાદિ પ્રગટ આનંદ પરમાનંદ સાકાર વિગ્રહના દર્શન કરી પદ્મનાભદાસજી ગાય છે । અને શાસ્ત્ર મર્યાદા રાખવા માટે શ્રી હરિરાય ચરણ શિ. ૩૬–૫ માં આજ્ઞા કરે છે યુગાંતરે તથૈવાયં પંચમત્વેન । ચાર યુગોથી પૃથક પંચમ યુગને પ્રગટ કરી જેમ ભગવત પ્રાગટય વખતે અતઃ સર્વ ગુણોપેતઃ કાલ પરમ શોભનીય, લૌકિક કાલમાં

અલૌકિક કાલ પધરાવી, ગુણોમાં અલૌકિક ગુણો, મહારાસમાં ચંદ્રમાં અલૌકિક મનચંદ્ર પધરાવ્યું તેજ રીતે આ વર્તમાન કલિયુગમાં શ્રીવલ્લભે પોતાંનો પંચમ યુગ-વલ્લભ યુગ પધરાવી શાસ્ત્રોને પ્રમાણીત રાખ્યા. આ સ્વરૂપનો ભુતલ ઉપર કોઈ અનુભવ કરી શક્યું નહિ. કેવલ રસાત્મક ભાવભાવાત્મક, તાપ તાપાત્મક સ્વરૂપને કોણ જાણી શકે ? કોણ અધિકારી હોય શકે ?

"સર્વસ્વ દાન તેણે સમેરે કરે શ્રી વલ્લભજી ઉદાર રે । (વલ્લભાખ્યાન) પોતાનું પ્રતિકૃતિ સ્વરૂપ પ્રકટ કરી સંયોગ વિપ્રયોગ ઉભય રસાત્મક સ્વરૂપનો જીવોને દર્શન અનુભવ કરાવ્યો । વૈષ્ણવોમાં-શ્રીમદ્ દામોદરદાસ હરસાનીજી (૨) કૃષ્ણદાસ (૩) શ્રી પદ્મનાભદાસજી (૪) પ્રભુદાસ જલોટાજી

(૧) દમલાયહ મારગ તેરે લીયે પ્રકટ કીયા હે (એકવચન) (૨) પ્રગટ ભયે ઘનચંદ્રમા શ્રી લક્ષ્મણ ભટગેહ । (૨) તહાં પ્રવેશ દ્વૈભ્રમરકો દામોદર પ્રભુદાસ કોઉ રસિક નહી યા રસકો....પદ્મનાભ અલિતાકોહે ચસકો" । તે પછીના બાલકોને વૈષ્ણવોને યથા અધિકારે શ્રી ગુસાંઈજી પરમ દયાલના સ્વરૂપે, શ્રી મહાપ્રભુજીના અનંત સ્વરૂપો, અનંત ભાવો, અનંત લીલાઓમાંથી કોઇક કોઈક ભાવ-સ્વરૂપ-લીલાની કિંચિત કિચિત ઝાંખી મેળવી કૃતાર્થ થવાનું છે । ભગવદ્પ્રાપ્તિ થઈ શકે પણ શ્રી આચાર્યચરણની પ્રાપ્તિ અતિ દુષ્કર છે । રુપં તત્તૃતિયાત્મકમ પરમ અભિધ્યેયં સદા વલ્લભમ । "કૃષ્ણસેવા સદાકાર્યા" શ્રી કૃષ્ણની સેવા બને, પણ આ વિલક્ષણ સ્વરૂપકેવલ અભિત ચિન્તનીય છે । ફુલોનું અત્તર દેખી શકાય । તદ્દગત સૌરભ અદ્રશ્ય અસ્પૃશ્ય માત્ર અનુંભવૈકવેદ્ય છે ।

શ્રી આચાર્યચરણના ધર્મવિપ્રયોગાત્મક સ્વરૂપના દર્શન તો ન વેણુગીત-ગોપીગીત યુગલ ગીતમાં થતાં । દરેકમાં ધર્મસંયોગ-ધર્મવિયોગ-સંયોગ વિયોગ ઉભય । શુદ્ધ ધર્મિ વિપ્રયોગ ભ્રમરગીતમાં જાણવા મળે છે. (સુ. ૧૦-૪૪-૨૭) મા.

'સંન્યાસ નિર્ણય'માં શ્રી આચાર્યચરણ આજ્ઞા કરે છે વિરહાનુંભવાર્થં તુ પરિત્યાગો પ્રશસ્યતે" વિરહાનુભવ માટે પરિત્યાગ બાહ્યાભ્યાંતર મન ઇન્દ્રિયા-દેહ પ્રાણથી । સ્વરૂપત: ગુણત: ફલત: જ્ઞાનત: ન તો તેને ભગવદ આવિર્ભાવની અપેક્ષા । ન તો ગુણો સાંભળવા ન ફલની અપેક્ષા । આન્તર રમણભાવ સ્થિત સ્વરૂપને આ બાહ્ય ભાવોથી વિકલત્વ અને અસ્વસ્થતા દૂર થતાં ફલમાં વિલંબ થાય છે અને તેથીજ ભગવદ્વચનો ઉદ્ધવજી દ્વારા

સાંભળતા હૃદગત ભાવાત્મક સ્વરૂપ દુર થવાના ડરે– "સ્મરરૂજ ઉપમન્ત્રિન્ભણ્યતામન્ય વાર્તા ॥ (સુ. ૧૦–૪૪–૧૯) એતન્ન પ્રકટી કર્તવ્યં જ્ઞાયતે ચ ભગવત્સ્વરૂપમિતિ । અતો ભગવદ્ વાર્તયા કલેશ એવ ભવતિ ઇતિ (સુ. ૧૦–૪૪–૧૯) ભગવાન પરાધીન છે ભવતિનાં વિયોગો મે નહિ સર્વાત્મના કવચિત । આ વ્રજાંગનાઓના દર્શન કરવાનું સૌભાગ્ય શ્રી ઉધ્ધવજીને પ્રાપ્ત થયું । યદ્યપિ ભગવત્ સાનિધ્ય નિરંતર છે। ભગવાન આજ્ઞા કરે છે ન ઉદ્ધવ....અણ્વપિ–મારાથી ઉદ્ધવજી જરાપણ ન્યુન નથી । ભગવાન સુદર્શ હોવા છતાં આ વ્રજસીમંતિજીનાં દર્શન 'અયં તુ સર્વાનેવ ભગવદ્ ભાવાપન્નાન્ કૃતવાન્ ઈતિ । એવં તાસાં ભાવ દૃષ્ટવા કૃષ્ણાવેશન આત્મના દેહસ્ય વિકલત્વ દૃષ્ટા અન્તર્નિષ્ઠા વા વિરહો વા દ્વયમેવ ન તુ તા સામાન્યા લૌકિકી અવસ્થા'

આ દશાના દર્શન કરી નમન કરવાની પણ પોતાની યોગ્યતા ન દેખાઇ જેથી 'વન્દે નંદ વ્રજસ્ત્રીણા પાદરેણુ અભિક્ષણમ્' (આ વંદન શ્રી ઠાકોરજી ઉદ્ધવજીના રૂપથી કરે છે.) એક જ કણ એક જ રેણુને વંદન કરે છે.

આ મહાન અલૌકિક ધર્મી વિપ્રયોગના અધિષ્ઠાતા શ્રીમદાચાર્ય ચરણના સ્વરૂપનું શ્રી ગુસાંઇજી મહારાજ 'સૌંદર્ય પદ્ય'માં દર્શન કરાવે છે. આ સ્વરૂપ તેઓને જ હૃદય પ્રવિષ્ટ હોવાથી શુદ્ધ યથાર્થ ભાવ તેઓ એકલા જ સમજે. [શ્રી સર્વોત્તમ સ્ત્રોત્રમાં 'ભકિત માર્ગે સર્વ માર્ગ વૈલક્ષણ્યાનુભુતિકૃત્' અને 'પૃથક શરણમાર્ગો પદેષ્ટા' આ બન્ને નામોનો ગૂઢાર્થ એ છે કે શ્રીમદાચાર્યચરણ પ્રકટીત માર્ગ તાપાત્મક વિરહફલાત્મક છે અને આપનું સ્વરૂપ પણ તાપાત્મક–વિરહ ફલાત્મક છે. આ તાપાત્મક સ્વરૂપને ધારણ શ્રીગુસાંઇજીએ કરેલું હોવાથી 'અગ્નિકુમાર' નામ છે. અગ્નિ સ્વરૂપના આત્મજ શ્રીગુસાંઇજી હોવાથી તેજ અગ્નિ સ્વરૂપને ધારણ કરી શકે. અન્યનો અધિકાર વિરહનુભવથી સિદ્ધ થઇ શકે.]

બીજાઓએ પોતાના હૃદયમાં બિરાજતા પોતાના ભાવના શ્રીઆચાર્ય ચરણના સ્વરૂપના અર્થો કર્યા છે. આવા અનંત ભકતોના અનંત ભાવોના ભાવથી અંકીત થઈ અર્થો હોઇ શકે.

'સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાં ભોજ–વિષ્ટર;' મનસા, વાચા, કર્મણા આપનીજ એકાંગી પ્રપત્તિ શરણ સ્થિતિએ કાંઇક એ સ્વરૂપની ઝાંખીની કલ્પના કરી શકાય, તે કયારે કે જ્યારે આ હૃદય કમલ તેમના જ ગુણગાનથી નિરંતર પ્લાવીત રહે, ગુણગાન પરાયણ રહે. કામ–ક્રોધ લોભાદિ પ્રપંચ યુકત આપણા હૃદયોમાં આ સ્વરૂપ કયાંથી પધારે ?

સંન્યાસ નિર્ણયમાં 'બહિશ્ચેત પ્રકટ; સ્વાત્મા વહિનવત્' આ સ્થિતિ વિના ભગવદ્ પ્રાપ્તિ નથી તો શ્રીવલ્લભાધીશની સંભવે જ કેમ ? શ્રી ઠાકોરજી–શ્રીસ્વામિનીજી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી આ ચાર સ્વરૂપ તુલ્ય કોઇની પણ ભુતલમાં ભાવના કરવાનો અપરાધ નહિ કરવા શ્રીહરિરાય–ચરણ આજ્ઞા કરે છે. (જુઓ શિ. ૧૮–૧૪+૧૫ માં)

સંપૂર્ણમ્

ગ્રંથ–સમીક્ષા

(૧) સ્મરણાંજલિકા : આમાં પુષ્ટિમાર્ગીય સ્તોત્રો, પદ્યો અને મંગળ ગીતોનાં ઉત્તમ સંગ્રહ છે, તેમાં પ્રારંભમાં ૧૨ સંસ્કૃત સ્તોત્રો છે, જેમાં ષોડશગ્રંથોમાંથી છ લેવામાં આવ્યા છે. આ પુસ્તિકા ઘણી વિશિષ્ટતાઓ ધરાવે છે. સો પ્રથમ તો તેમાં વપરાયેલા કાગળ ઘણા સારા છે. છાપકામ સુંદર અને ક્ષતિ રહિત છે. શુદ્ધિ માટે એમના પ્રયત્નો પ્રશંસનીય છે બધુંજ ગુજરાતી લિપિમાં છપાયેલ છે. પ્રકાશકે પોતાનાં માતા–પિતાના સ્મરણાર્થે તૈયાર કરાવેલ હોઈ ન્યોછાવર પણ માત્ર રૂા. બે અને પોસ્ટેજ ૫૦ પીસા છે. ૪૦ પાનામાં સંગ્રહાયેલ ૫૧ પદ્યો પુષ્ટિ ભકતોએ પ્રતિદિન ગાન કરવા જેવાં છે. પ્રાપ્તિસ્થાન નીચે પ્રમાણે :

(૨) સ્મરણાંજલિકા પૂર્તિ : એમાં ઉપરની બધીજ વિશિષ્ટતાઓ છે, પરંતુ તેમાં ઉપરની પુસ્તિકાનાં ૧૨ સ્તોત્રો જે સંસ્કૃતમાં છે તેટલાજ લીધાં છે તેમ છતાં તેમાં વિશેષતા એ છે કે, દરેક શ્લોકના અન્વય સાથે પદેપદનો અર્થ અને પૂરો અર્થ પણ આપેલ છે. અન્વય અને અર્થ પુષ્ટિમાર્ગના પ્રેમી અને જાણીતા વિદ્વાન પ.ભ. શ્રી પી.સી. શાહે કરેલ છે,

ઉપરની બંને પુસ્તિકાઓમાં અપાયેલ સેવા નિ:સ્વાર્થ જનોએ આપી છે, તેથી ન્યોછાવર પણ માત્ર રૂા. બે દરેકના છે અને દરેકનું પોસ્ટેજ ૫૦ પૈસા છે.

ઉપરની બંને પુસ્તિકાઓ ઘેરઘેર વસાવવા જેવી છે; કારણ કે અત્યંત શુદ્ધ અને ગુજરાતી લિપિમાં જ છપાયેલી છે, જેની ૧, ૧૧, ૧૧૧ પ્રતો છપાઈ ગઈ છે અને છતાં બીજી આવૃત્તિ પણ છાપવી પડી છે, એ જ એની ઉત્તમતાનું ઉત્તમ દષ્ટાંત છે.

–સમીક્ષક

પ્રાપ્તિસ્થાન : શ્રી ન. કે. પરીખ, એફ ૭૮, ગુજરાતી સોસાયટી, નહેરુ રોડ, વિલેપાર્લે (પૂર્વ). મુંબઈ–૪૦૦૦૫૭.

પૃષ્ઠ પ્રકાશન દાન :– રૂા. ૧૦૧–૦૦ પ. ભ. શ્રી હરિદાસ જમનાદાસ ગાજરીયા (દુબઈ) ના જય શ્રીકૃષ્ણ.

સમાચાર

સિહોર–પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે તા. ૨૩–૩–૮૭ થી તા. ૩૦–૩–૮૭ દરમ્યાન પુષ્ટિમાર્ગીય કીર્તન શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું આ શિબિરમાં વસંત, ધમાર, હોરી, રસિયા વગેરેના રાગ–તાલના સામાન્ય જ્ઞાન સાથે શિક્ષણ આપવામાં આવેલ હતું. શિબિરાર્થીઓને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા, આ શિબિરના સંચાલક પ. ભ. શ્રી વિઠ્ઠલભાઈ બાપોદરાએ કરેલ હતું.

(૨) પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી (મથુરા–પોરબંદર)ના શાસ્ત્રીય હારમોનીયમ વાદનનો જાહેર કાર્યક્રમ તા. ૩–૪–૮૭ ના રોજ ધોળકિયા હોલમાં યોજવામાં આવેલ હતો આ કાર્યક્રમમાં પૂ. પા. ગો. નવનીતલાલજી બાવા શ્રી (ભાવનગર) ઝનાના સરદાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ભાવનગર, મુંબઈ તેમજ સ્થાનિક વૈષ્ણવના બહોળા સમુદાયે લાભ લીધો હતો.

(૩) સિહોરના વૈષ્ણવોની વિનંતિથી પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ શ્રી (મુંબઈ કીસનગઢ) તા. ૬/૭–૫–૮૭ ના રોજ વૈષ્ણવો સાથે પ્રશ્નોતરી કરશે. આવા અવસરો વારંવાર આવતા નથી તો સ્થાનિક તેમજ બહાર ગામના વૈષ્ણવોને લાભ લેવા વિનંતિ કરવામાં આવી છે.

અમૂલ્ય અવસર

હરિ, ગુરુ, વૈષ્ણવ પરાયણ પ. ભ. વૈષ્ણવો.

પોરબંદરથી ગો. શ્રી મધુરેશકુમારજી તથા ગો–શ્રી કનૈયાલાલજી મહારાજશ્રીના સર્વેને શુભાશિર્વાદ.

સિહોરમાં આવેલ શ્રી નવનીત પ્રિયાજીની હવેલી જીર્ણ થઇ જતાં તાત્કાલિક સમારવાની જરૂરીઆત ઊભી થઈ છે. આ કાર્ય માટે અમારી અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. આ કાર્યમાં આપની દૈવી સંપતિ અંગીકાર કરાવવાનો અવસર ચૂકશો નહિ.

વિશેષ માહિતી અને સેવા મોકલવાનું સરનામું.

શ્રી જીર્ણોદ્ધાર સમિતિ   શ્રી નવનીત પ્રિયાજીની હવેલી   મોટા ચોક, સિહોર–૩૬૪૨૪૦

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧૧ તા. ૯–૫–૮૭ શનિવાર મોહિની એકાદશી વ્રત શ્રી હરિવંશજીનો જન્મદિન

વૈશાખ સુદ ૧૪ તા. ૧૨–૫–૮૭ મંગળવાર શ્રી નૃસિંહ જયંતી વ્રત

વૈશાખ સુદ ૧૫ તા. ૧૩–૫–૮૭ બુધવાર પૂર્ણિમા વૈશાખ સ્નાન સમાપ્તિ કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રી રાધા રમણનું પ્રકટ્ય, શ્રી નરસિંહ મહેતાનો જન્મ દિન

વૈશાખ વદ ૧ તા. ૧૪–૫–૮૭ ગુરુવાર શ્રી નારદ જયંતિ

વૈશાખ વદ ૨ તા. ૧૫–૫–૮૭ શુક્રવાર શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૬૭) શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ

વૈશાખ વદ ૧૧ તા. ૨૩–૫–૮૭ શનિવાર અપરા એકાદશી વ્રત

વૈશાખ વદ ૧૩ તા. ૨૫–૫–૮૭ સોમવાર રોહિણીનો સૂર્ય આજથી ૧૫ દિવસ શ્રીની સીતોપચાર સેવા કરવી, ચંદન ધરવું

જેઠ સુદ ૧ તા. ૨૮–૫–૮૭ ગુરુવાર ગંગા દશહરા પ્રારંભ, પન ઘટ, જલક્રિડા તથા શ્રીયમુનાજીના પદ આજથી પૂનમ સુધી બોલાય.

જેઠ સુદ ૫ તા. ૧–૬–૮૭ સોમવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૮૩૬)

જેઠ સુદ ૧૦ તા. ૭–૬–૮૭ રવિવાર શ્રી ગંગા જયંતિ, શ્રી યમુનાજીનો ઉત્સવ શ્રી ગંગા દશહરા સમાપ્તિ

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

લાલા વલ્લભકુલના વા'લા

[રાગ : 'તારો નેડો લાગ્યો મુજને રાજા રણછોડ રે...']

તારો નેડો લાગ્યો મુજને નંદજીના લાલ રે
નંદજીના લાલ રે યશોદાના બાલ ગોપાલ રે... તારો નેડો૦
મંગલ તનુ નંદનંદન હે ! જય હે કંસ નિકંદન હે !
હે દીન વત્સલ ! સુખકંદન ! જય જગવંદન હે !... તારો નેડો૦
દેવોનાયે દેવ તમે તો હે જગદીશ્વર મોટા રે
તારામાં ચિત્ત લાગ્યું જે ને, બીજા ખેલ ખોટા રે... તારો નેડો૦
હરતાં, ફરતાં, ઊઠતાં, બેસતાં લઉ છું તારું નામ રે
ગાઉં, સાંભળું, સ્મરું, સ્તવું છું એક જ તારું નામ રે... તારો નેડો૦
ગોકુળ, મથુરા, વ્રજ, વૃંદાવન, પુનિત તીરથ ધામ રે
જેના મન–વૃંદાવનમાં તું, ધન્ય એ તીરથ ધામ રે... તારો નેડો૦
લાલા વલ્લભકુલના વા'લા રે, કરું છું કાલાવાલા રે
તારી યાચું કૃપા કૃપાલા ! પુષ્ટિ–ઈશ નિરાલા રે... તારો નેડો૦

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

મારું શરણ શ્રીનાથજી

આ જગમાં તું જ મને વ્હાલો લાગે છે મોરલીવાળા
આ જીવન સંગીમાં તું જ મને સારો લાગે છે ગોકુલવાળા
શું કહું તારી લીલા, શું વર્ણવું તારા રૂપ અવતાર
તારા રૂપ છે અનેક પણ મારે તો તું એક છો સહારી
સર્વ દેવના દમન કર્યા એવા છો તમે શ્રીનાથજી
માટે તો કહેવાવ છો તમે દેવાધિ દેવ શ્રીનાથજી
તમારી જ શકિત – ભકિતમાં લીન થઇ છું શ્રીનાથજી
'સરયુ' સમર્પણ કરી શરણે આવી છું શ્રીનાથજી

સંજીવ આર. પટવા (ઘાટકોપર)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

જયેષ્ઠાભિષેક

(રાગ બિલાવલ)

નંદકો મનવાંછિત દિન આયો
ફૂલી ફિરત જશોદા રોહિની ઉર આનંદનસમાયો ॥

ગામગામતેં જાતિ બુલાઇ મોતિન ચોક પુરાયો ।
વ્રજવનિતા સબ મંગલગાવત બાજનઘોષ બજાયો ॥

પ્રથમરાતિ જમના જલઘટ ભરિ અધિવાસન કરવાયો ।
ઉઠિ પ્રભાત કંચન ચોકી ધરી તાપર લાલ બેઠાયો ॥

રાજદેત અભિષેક કરત હે વિપ્રનવેદ પઢાયો ।
જયેષ્ઠ શુક્લ પૂન્યો દિન ગંધર્વ હરખિ ફૂલવરષાયો ॥

રંગીકોર ધોતી ઉપરેના આભૂષણ સબસાજ ।
'દ્વારકેશ' આનંદભયો પ્રભુ નામ ધર્યો વ્રજરાજ ॥

* * *

વર્ષ ૬ : અંક ૩ ⊞ જુન, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, લવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

← ખેડા જીલ્લાના વિરપુર ગામે શ્રીરામ-જાનકી રથયાત્રા દરમ્યાન ફાટી નીકળેલા રમખાણોમાં અસરગ્રસ્ત લોકોને આર્થિક સહાય કરવાનો સ્તુત્ય પ્રયાસ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો તે પ્રસંગના તસ્વીરમાં મકાન-કારખાનું તારાજ થતાં પરિષદના મંત્રીશ્રી પ્રવીણભાઈ શાહને શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજી સહાયના રકમ એનાયત કરી રહ્યા છે. તેઓના સાથે પરિષદના સંગઠન મંત્રીશ્રી પ્રો. ચીમનલાલ એમ. શેઠ તેમજ અગ્રણી કાર્યકરો શ્રી જયંતિભાઈ સોની અને શ્રી કીર્તનભાઇ કે. પરીખ તથા સાઠંબાવાળા શ્રી કાંતિલાલ શાહ દૃશ્યમાન છે.

દુષ્કાળગ્રસ્ત વિસ્તાર મેઘરજ ખાતે આં. રા. પુ. વૈ. પરિષદ તરફથી ત્રણ ટ્રક ઘાસ અને ૫૦૦ કિલો સુખડી લઇને શ્રી યોગેશભાઇ શાસ્ત્રી અને પ્રો. ચીમનભાઇ શેઠની આગેવાની હેઠળ જઇ રહેલા લોકોને કપડવંજથી વિદાય લેતાં. →

આળસ છોડી લવાજમ મોકલાવવા નમ્ર વિનંતિ

શ્રી વલ્લભ સુધાના છઠ્ઠા વર્ષનો આ ત્રીજો અંક આપની સેવામાં પ્રસ્તુત છે. પરંતુ હજુ ઘણાં ગ્રાહકો તરફથી ચાલુ વર્ષનું લવાજમ કાર્યાલયને મળેલ નથી. તો હવે તુરત જ આપનું લવાજમ ભરી આપી સંપ્રદાયના સાહિત્ય પ્રચાર કાર્યને પ્રોત્સાહિત કરવા કૃપા કરશો.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૩ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * જુન, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

॥ શ્રી હરિઃ ॥

શ્રીવલ્લભનો સામયિક સંદેશ

પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે ભકિતમાર્ગની એવી વિશેષતા પ્રદર્શિત કરી છે જેનાથી સર્વધર્મ સમભાવની સુદૃઢ ભૂમિકાનું નિર્માણ થયું છે.

પરસ્પર સમ્પ્રદાયના સૂક્ષ્મ વિભેદના આધારને સમજ્યા વગર જે લોકો આપસમાં ઝઘડીને સ્વયં નબળા પડી ગયા હતા, અને આ રીતે મતભેદોને લીધે ધર્મના વાસ્તવિક સ્વરૂપથી વિમુખ થઇ ગયા હતા, એમના મનમાંથી શંકા અને ભયને દૂર કરીને એકતાનો દિવ્ય સંદેશ ભાવાત્મક અદ્વૈત, બ્રહ્મવાદ દ્વારા સરસ શબ્દોમાં આપ્યો.

પરસ્પર સંપ્રદાયને આધાર બનાવીને લડતા રહેવાને ન તો ધર્મ કહી શકીશું, અને ન તો એ દર્શન તથા સંપ્રદાયનું એક સમન્વિત સ્વરૂપ હશે. આમ કરવાથી તો માનસિક દુર્ભાવનાને બહાર કાઢવાનો એક બીજો માર્ગ આપણે બનાવી રહ્યા છીએ, જે, આદર્શના નામે, એ આદર્શ અને જીવનનોજ નાશ કરે છે.

આથી આચાર્યશ્રીએ પ્રકટરૂપે દૃઢતા તથા નિશ્ચય સાથે આપણને એ બતાવ્યું કે બધા ધર્મ, ધર્મી સ્વરૂપ ભગવાને પોતે, પોતાની ઈચ્છાથી સર્વજન કલ્યાણ માટે પ્રકટ કર્યો છે. જો આ વાતને આપણે બધા સાચા મનથી સ્વીકાર કરી લઈએ તો, આ વિવેક આપણા કલેશ તથા સંતાપને દૂર કરી દેશે. આવા વિચારો અને માન્યતા બનાવવાની આવશ્યકતા છે.

વિચારોના નિર્માણનો પ્રકાર શ્રીવલ્લભ આપણને સેવા અને સ્નેહ દ્વારા બતાવે છે. આપણું જીવનજ સેવા ભાવનાનું એક અંગ છે, જેનો આધાર સ્નેહથી સેવાની વિશાળ ભાવના છે, કારણ કે ભાવના હૃદયગ્રાહી હોય છે, અને તેથી એનો પ્રભાવ જીવન પર ઉંડો પડે છે. વ્યક્તિ અને સમાજસુધાર માટે આની આવશ્યકતા અનિવાર્ય છે, આ વાત સ્વાર્થ રહિત સહજ સ્નેહ વડે જ સંભવ છે. પ્રેમલક્ષણા ભકિતનું આ જ સ્વરૂપ તથા પરિભાષા છે, આપણા જીવનમાં આનું વ્યવહારિક રૂપ સુસ્પષ્ટ કરવાની જરૂરીઆત છે. ધર્મ અને દર્શન બંનેનો આમા સમન્વય થઈ જાય છે, જે આપણા માટે મહાન ઉપયોગી છે.

આ રીતે આધુનિક સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે, વલ્લભદર્શન અને એના પરબ્રહ્મનું આ લીલોપયોગી રૂપ છે. આ પ્રમાણે આપણા જીવન દર્શન દૃષ્ટા આચાર્યચરણોનું સ્મરણ આજ પણ આપણે કરીએ તો પાવન જીવનનો સૂત્રપાત થશે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

(લેખાંક પરમો) બી.એ. (ઓનર્સ), કોવિદ

આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપો
નમોઽસ્તુ તે દેવવર પ્રસીદ ।
વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં
ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ ॥૩૧॥

હે દેવોમાં શ્રેષ્ઠ, આપને નમસ્કાર હો, આપ પ્રસન્ન થાઓ. મને કહો, ઉગ્ર સ્વરૂપ આપ કોણ છો ? એવા આપને હું જાણવાને ઇચ્છું છું. ખરેખર આપની પ્રવૃત્તિ હું સમજી શકતો નથી. ॥૩૧॥

એ પ્રમાણે સમગ્ર જગતને તપાવવાથી મને પણ સંતાપ થાય છે, તેથી મારા ઉપર પ્રસન્ન થાઓ, એમ 'આખ્યાહિ' વગેરે શબ્દોથી કહે છે. સન્મુખ રહેલા સ્વરૂપથી ચોતરફ દેખાતા આપ કોણ છો ? ઉગ્ર રૂપવાળા આપ કોણ છો, એ મને નિશ્ચયપૂર્વક કહો. આપનું વૃત્તાંત જાણવા માટે શો ઉપાય કરવો ? તેથી કહે છે કે, હે દેવવર, હે દેવશ્રેષ્ઠ, દેવો પૂજનથી પ્રસન્ન થાય છે, આપતો તેઓનાથી પણ શ્રેષ્ઠ પ્રભુ છો, તેથી આપને નમસ્કાર હો. ગરુડ જેમનું આસન છે એવા આપને અન્ય કયું આસન હોય ? વગેરે વાકયોથી આપની કૃપા માટે નમસ્કાર એજ સાધન છે; એમ અર્થ છે. તેથી આપ પ્રસન્ન થાઓ, અરે, કૃપા માટે સ્વરૂપના કથનની શી અગત્ય છે ? એમ પ્રશ્ન થાય તો 'વિજ્ઞાતુમ્' વગેરે શબ્દોથી કહે છે. આદ્ય એટલે મૂળભૂત એવા પુરુષોત્તમને, ક્રીડાશીલ એવા આપને વિશેષતાથી હું જાણવાને ઇચ્છું છું. કારણ કે આપની પ્રવૃત્તિને, એટલે કે અહીં પ્રગટ સ્વરૂપે કરાતી લીલાને નિશ્ચિતતાથી હું જાણતો નથી. સ્વરૂપનું જ્ઞાન થતાં લીલાનું જ્ઞાન પણ પ્રાપ્ત થશે, એમ અર્થ છે. એ પ્રમાણે લીલા યુકત આપના સ્વરૂપના જ્ઞાનથી હું આપનું ભજન કરીશ. તેથી આપને વિશેષતાથી જાણવા ઇચ્છું છું. ॥૩૧॥

શ્રીભગવાનુવાચ–
કાલોઽસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધઃ
લોકાન્ સમાહર્તુમિહ પ્રવૃત્તઃ
ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે
યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ॥૩૨॥

શ્રી ભગવાને કહ્યું, હું લોકોનો નાશ કરનાર અત્યંત વૃદ્ધિ પામેલો કાળ છું, અહીંયાં લોકોને સંહારવાને માટે પ્રવૃત્ત થયેલો છું. તારા વિના અલગ અલગ વિભાગમાં જે યોદ્ધાઓ ઊભેલા છે તેઓ કોઇ પણ જીવતો રહેશે નહિ. ॥૩૨॥

એ પ્રમાણે વિનતિ કરાયેલા ભગવાને 'કાલોઽમિ' શબ્દથી પ્રારંભ કરીને ત્રણ શ્લોકથી કહ્યું, લોકોનો વિનાશ કરનાર વૃદ્ધિ પામેલો, અહીં લોકોનો બાહ્યતઃ સંહાર કરવાને માટે એટલે કે પોતાનામાં સમાવી દેવાને માટે પ્રવૃત્ત થયેલો હું કાળ છું. દાંતોના વચગાળે (ચોંટેલા) યોદ્ધાઓ જે તે જોયા તે કાલાત્મક મારું સ્વરૂપ છે, એવો ભાવ છે. તારા વિના,

એટલે કે (એવા સ્વરૂપને) જોનાર અને મારી કૃપાના પાત્ર એવા તારા વિના બંને સૈન્યમાં રહેલા જે યોદ્ધાઓ છે તે કોઇ પણ રહેવાના નથી. એમ છે તેથી હું કાળરૂપે બધાનો સંહાર કરવા માટે પ્રવૃત્ત થયેલો છું. તારા વિના કોઇ રહેવાનો નથી, એવા કથનથી તારે માટે જ આ બધા મારી નંખાયેલા છે, એમ જણાવ્યું છે. ॥૩૨॥

તસ્માત્ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ
જિત્વા શત્રુન્ભુંક્ષ્વ રાજ્યં સમૃદ્ધ ।
મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ
નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ ॥૩૩॥

તેથી તું ઊભો થઇ જા, યશ મેળવ, શત્રુઓને જીતીને સમૃદ્ધ રાજ્યને તું ભોગવ. પહેલેથી જ મેં આ (શત્રુઓ) મારી નાખેલા જ છે, હે સવ્યસાચી અર્જુન, તું માત્ર નિમિત્તરૂપ થા. ॥૩૩॥

તેથી જ તું સરળતાથી યશને મેળવ, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે. હે સવ્યસાચી, એટલે કે ડાબા હાથથી પણ શરસંધાન કરવાની શકિતવાળો એવો તું ઊભો થઇ જા, યુદ્ધને માટે સજજ થઇ જા તું યશને મેળવ, એટલે કે ડાબે હાથે જ બધાને મારી નાખ્યા છે, એવા રૂપના યશને તું મેળવ શત્રુઓને, એટલે કે દુર્યોધન વગેરેને જીતીને સમૃદ્ધ રાજ્યને તું ભોગવ આ બધા તારા માર્યા પહેલાં જ મેં હણી રાખેલા છે, તેથી તું તો માત્ર નિમિત્તરૂપ થા, લોકોના કહેવા માટે, એટલે કે અર્જુને બધાને મારી નાખ્યા, એવા નિમિત્તરૂપ તું થા. ॥૩૩॥

દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ
કર્ણં તથાઽન્યાનપિ યોધવીરાન્ ।
મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા
યુધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ ॥૩૪॥

દ્રોણ, ભીષ્મ, જયદ્રથ અને કર્ણને તથા મેં હણી રાખેલા બીજા બળવાન યોદ્ધાઓને પણ તું હણ, તું દુઃખ પામ નહિ, તું યુદ્ધ કર, યુદ્ધમાં શત્રુઓને તું જીતીશ. ॥૩૪॥

દ્રોણ બ્રાહ્મણ હોવાથી ધર્મ ભાવનાવાળા એ શી રીતે હણાય? તેમ જ ભીષ્મ ભકત છે, તેવી જ રીતે જયદ્રથ શિવનો કૃપાપાત્ર છે, કર્ણ કુંતીપુત્ર છે. તેઓને માર્યા વિના વિજય શી રીતે મળે? તેથી તેઓને નામ લઇને વિશષ્ટતાથી 'દ્રોણં ચ' વગેરે શબ્દોથી કહે છે. વળી બ્રાહ્મણ હોવા છતાં દ્રોણને, ભકત હોવા છતાં ભીષ્મને, 'ચ' અક્ષરથી (વિશેષ અર્થ કરે છે કે) વરદાન મેળવેલ હોવા છતાં જયદ્રથને, કુંતીપુત્ર હોવા છતાં કર્ણને, તેવી જ રીતે યુદ્ધમાં પ્રવીણ એવા યુદ્ધ વિશારદોને પણ મેં હણી રાખ્યા છે તેઓને તું માર. પોતે હણી નાખ્યા છે તેવા કથનથી 'પૂજવાને યોગ્ય એવાઓને બાણો વડે યુદ્ધમાં હું શી રીતે સામનો કરું?' એમ જે પહેલાં (૨–૪ માં) કહેલું છે તેવો દોષ અહીં અનુકુળતા કરીને નિવાર્યો છે કે, તે બધા મેં હણેલા છે, તેથી શંકા

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૦
ગો. વા. આણંદજી જીવાભાઇ લોટીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ

વિના તું યુદ્ધ કર, રણમાં શત્રુઓને તું જીતીશ. ।।૩૪।।

સંજય ઉવાચ

એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય
કૃતાંજલિર્વેપમાનઃ કિરીટી ।
નમસ્કૃત્વા ભૂય એવા કૃષ્ણં
સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ।।૩૫।।

સંજયે કહ્યું, કેશવનું આ વચન સાંભળીને હાથ જોડેલો, ધ્રૂજતો, અત્યંત ભય પામેલો અર્જુન નમસ્કાર કરીને, ફરીથી પણ પ્રણામ કરીને, ગળગળો થઇને શ્રીકૃષ્ણને કહે છે. ।।૩૫।।

પછી અર્જુને શું કર્યું ? એવી આકાંક્ષામાં સંજય ધૃતરાષ્ટ્રને 'એતદ્' વગેરે શબ્દોથી કહે છે. આ પહેલાં કહેવાયું છે કે, બ્રહ્મા અને શિવના પણ મોક્ષદાતા કેશવનાં એવાં વચન સાંભળીને અર્જુન ધ્રુજી ઊઠયો. ભગવાને રાજ્ય ભોગવવાને મને નિયુક્ત કર્યો છે તે અયોગ્ય છે, એમ માનનારો અર્જુન મોક્ષની અભિલાષાવાળો હોવાથી કંપવા લાગ્યો. તેથી વિનતિ કરવા માટે બે હાથ જોડયા છે. 'ભીતભીતઃ' એટલે અતિ ભય પામેલો, કારણ કે ભગવાનની આજ્ઞા ઉપર પુનઃ વિનતિ કરવામાં કદાચ ભગવાન નારાજ થાય, એમ હોવાથી ઘણો ભયભીત થયેલો અર્જુન પ્રણામ કરીને એટલે કે વિશેષતાથી મન વડે નમસ્કાર કરીને, સદાય આનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણને ગદ્ગદ કંઠે એટલે કે પ્રેમથી રૂંધાઇ ગયેલા કંઠથી જેમ બોલાય તેમ ફરીને પણ નમસ્કાર કરીને અતિ દીન થઇને કહે છે, એટલે કે વિનતિ કરે છે, એમ અર્થ છે. ।।૩૫।।

અર્જુન ઉવાચ–

સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા
જગત્ પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ ।
રક્ષાંસિ ભીતાનિ દિશોદ્રવન્તિ
સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસંઘાઃ ।।૩૬।।

અર્જુને કહ્યું, હે હૃષીકેશ, આપનાં ઉત્તમ કીર્તનથી જગત હર્ષ પામે છે અને આસક્ત થાય છે. ભય પામેલા રાક્ષસો દિશાઓમાં નાસભાગ કરે છે અને સર્વે સિદ્ધ પુરુષોના સમૂહો નમસ્કાર કરે છે તે યોગ્ય જ છે. ।।૩૬।।

અર્જુને શી વિનતિ કરી, એવી આકાંક્ષાવાળાને અર્જુનનાં વાકયો 'સ્થાને' વગેરે શબ્દોથી પ્રારંભીને અગિયાર શ્લોકથી કહે છે. શુદ્ધ અગિયાર ઇંદ્રિયોથી પ્રાર્થના થાય છે તેથી પ્રાર્થનાના શ્લોક પણ અગિયાર છે. અર્જુને કહ્યું, હે હૃષીકેશ, આપ બધી ઇંદ્રિયોના પ્રેરક છો તેથી યોગ્ય છે. આપનાં ગુણો અને કીર્તનથી જગત અત્યંત હર્ષને પામે છે. વળી, કેટલાક કીર્તનનાં શ્રવણથી આપનામાં અનુરાગવાળા થાય છે. અરે, બાધાઓ સામે જ ખડી હોય ત્યારે કીર્તન કરવાનું કેમ બની શકે ? એવી શંકા થાય તો કહે છે કે, કીર્તનથી જ બાધાઓનો નાશ થાય છે, એમ કહે છે. હવે 'રક્ષાંસિ' શબ્દથી આગળ કહે છે કે, આપનાં માત્ર કીર્તનથી ભય પામેલા રાક્ષસો દિશાઓમાં નાસભાગ કરી

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૦
ગો. વા. જસુબેન આણંદજી લોટીયા, રાજકોટના જય શ્રીકૃષ્ણ

રહ્યા છે, તેમ જ સિદ્ધ પુરુષોના સમૂહો, એટલે કે જેઓએ જ્ઞાન પ્રાપ્ત કર્યું તેવા જનોના સમુહો આપને પ્રણામ કરે છે, એમ અર્થ છે. ॥૩૬॥

કસ્માચ્ચ તે ન નમેરન્મહાત્મન્
ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે ।
અનંત દેવેશ જગન્નિવાસ
ત્વમક્ષરં સદસત્તત્પરં યત્ ॥૩૭॥

હે મહાત્મા, બ્રહ્માના પણ આદિ સર્જનહાર અને વધારે મહાન એવા આપને તેઓ શા માટે નમન ન કરે ? હે અનંત દેવોના દેવ, હે વિશ્વના આશ્રયસ્થાન, જે સત્ અને અસત છે તેનાથીયે શ્રેષ્ઠ અક્ષરસ્વરૂપ આપ છો. ॥૩૭॥

અરે, સિદ્ધ પુરુષો શા માટે નમન કરે છે ? એવો પ્રશ્ન થાય તો ‘કસ્માત’ વગેરે શબ્દોથી કહે છે. હે મહાત્મ, હે મહાન જનોના આત્મસ્વરૂપ, જે કારણે તે બધાય ભકતોનું સ્વરૂપ આપ જ છો, તેથી તેઓ આપને શા માટે નમન ન કરે ? કેવા પ્રકારના આપને તેઓ નમન કરે છે ? ગૌરવપૂર્ણ ગુરુ, બ્રહ્માના પણ આદિ કર્તા અને ઉત્પન્ન કરનાર એવા આપને તેઓ નમસ્કાર કરે છે. અને વળી હે અનંતદેવેશ, એટલે કે અનંત દેવોના પણ હે ઇશ, પ્રભુ, હે જગન્નિવાસ, એટલે કે હે સર્વના આશ્રયસ્થાન, અક્ષરસ્વરૂપ આપ જ છો, સત્ અને અસત્ બધું જ આપ છો. તે પણ આપ છો, જે સર્વથી પર એવું પુરુષોત્તમ નામે બ્રહ્મતત્ત્વ છે તે પણ આપ છો, તેથી તેઓ નમસ્કાર કરે છે, એમ અર્થ છે. ॥૩૭॥

ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણ
સ્ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।
વેત્તાઽસિ વેદ્યં ચ પરં ચ ધામ
ત્વયા તતં વિશ્વમનન્તરૂપ ॥૩૮॥

આપ આદિ દેવ, પુરાતન પુરુષ છો, આપ આ વિશ્વનું શ્રેષ્ઠ આશ્રયસ્થાન છો. જાણનાર અને જાણવા યોગ્ય તથા શ્રેષ્ઠ ધામ આપ છો. હે અનંતરૂપ, આપનાથી વિશ્વ વ્યાપ્ત છે. ॥૩૮॥

વળી, ‘ત્વમાદિદેવઃ’ વગેરે શબ્દોથી વિશેષ કહે છે. આપ દેવોના આદ્ય છો, તેમ જ આપ બ્રહ્મ પણ છો, તેથી ‘પુરુષ’ એમ કહ્યું છે. એવા આપ અક્ષરમા પણ રહેલા છો. એમ છે તેથી આપ પુરાણ પુરુષોત્તમ છો, એમ અર્થ છે. પુરુષોત્તમના જ ધર્મોને કહે છે. આપ આ ચોતરફ દેખાતા વિશ્વના ઉત્કૃષ્ટ આધિદૈવિકરૂપે પોતાનામાં જ પોતાની ક્રીડા કરવાની ઇચ્છાથી રહેલા છો. નિધાન એટલે લયસ્થાન પણ આપ છો. પૂર્ણ રૂપે, વિશ્વના ક્રીડા માટે પ્રકટ કરાયેલ સ્વરૂપના જ્ઞાનથી સર્વત્ર રમણ કરનારા આપ છો. વિશ્વમાં જાણવા યોગ્ય આપ જ છો, એમ અર્થ છે. વળી, વૈકુંઠ નામે, તેજો રૂપ પરમ ધામ, એટલે કે પુરુષોત્તમના ગૃહરૂપ ધામ આપ જ છો હે અનંતરૂપ આ વિશ્વ આપથી વ્યાપ્ત છે, એટલે કે આપના સ્વરૂપે જ રહેલું છે, એમ અર્થ છે. એ પ્રમાણે આપ અનંતરૂપ છો. ॥૩૮॥

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૦
ગો. વા. શાંતિલાલ આણંદજી લોટીયા રાજકોટના જય શ્રીકૃષ્ણ

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક અગિયારમો)

અહીં પ્રશ્ન થાય કે, અહીં સ્વસ્થતા ન હોવા છતાંય સાક્ષીની જેમ કાર્યને જોવું, એવા ઉપદેશથી ત્રણેય પ્રકારનાં (આધિ, વ્યાધિ અને ઉપાધિ અથવા આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક) દુઃખ સહન કરવારૂપ ધાર્ય એ જ સાધન કહેલું છે. અને તેમ હોવાથી માત્ર તેટલાપૂરતી સેવા કરવામાં યોગ્ય રીતે શકયતા ન હોય તો નિવેદન પણ વ્યર્થ થાય જ. એ પ્રમાણે બીજી રીતે ધર્મની હાનિ થવાની ચિંતા થાય તો તેની નિવૃત્તિ માટે ઉપદેશ કરે છે. એવા હેતુથી પહેલાં 'એવં સતિ' (એમ હોય ત્યારે) વગેરે શબ્દોથી (પ્રકાશમાં સાતમા શ્લોકનો) પ્રારંભ કરે છે અને 'ગુર્વાજ્ઞાયાઃ (ગુરુની આજ્ઞાનો) તથા 'કાર્યમ્' (કરાય) વગેરે શબ્દોને સમજાવે છે.

(ચિંતાનું) નિરાકરણ કરવું જ જોઇએ, અને તેથી આગળ કહે છે કે, 'જેની દેવમાં ઉચ્ચતમ ભકિત હોય અને જેવી દેવમાં તેવી ગુરુમાં ભકિત હોય, (એવા મહાત્માને જ કહેવામાં આવેલાં લક્ષ્યો પ્રત્યક્ષ સિદ્ધ થાય છે.)' એમ શ્વેતાશ્વતર શ્રુતિમાં (૬–૨૩માં) કહ્યા પ્રમાણે, તેમ જ 'હે સર્વશકિમાન પ્રભુ, આપના ઉપકારોનું વળતર જ્ઞાનીઓ અને બ્રહ્મા વગેરે પણ વાળી શકે તેમ નથી જ, તેથી તેઓ આપના ઉપકારોનું સ્મરણ કરતા રહીને આનંદ અનુભવે છે. આપ દેહધારીઓના અંતઃકરણમાં અંતર્યામીરૂપે અને બહાર ગુરુસ્વરૂપે રહીને તેઓનાં અમંગળોનો નાશ કરો છો અને (અવિરત સ્મરણ કરનારા) તેઓની સન્મુખ આપ આપનું પોતાનું મૂર્તસ્વરૂપ પ્રગટ કરો છો (ભાગ૰ ૧૧–૨૯–૬), એવાં એકાદશ સ્કંધનાં વાકયો વગેરેથી ગુરુ જ મુખ્ય છે, એમ કહ્યું છે.

જેઓએ આત્મનિવેદન કર્યું છે તેવા જનોએ કોઇ પણ બાધા રહિત અને ભાવપૂર્વક ગુરુની આજ્ઞા પ્રમાણે સેવાકાર્ય કરવું. ભગવાન જે કરે તેને સાક્ષીની જેમ જોવાથી તેઓ ધર્મ નિષ્ફળ નહિ થાય. એવી રીતે સાક્ષીની જેમ રહેવું, પરંતુ સેવાકાર્યમાં બાધ આવવો ન જોઇએ. તેથી કરીને લૌકિક વિષયમાં સાક્ષીની જેમ રહેવું, પરંતુ સેવાના કાર્યમાં તેમ રહેવાય નહિ, એ સિદ્ધ છે. તેમ છતાં શ્રીહરિની ઇચ્છા વિચારવી જોઇએ. શ્રીહરિની ઇચ્છા બાધામાં કે બાધા રહિતતામાં રહેલી છે. શ્રીહરિની ઇચ્છા તો ભગવાનના સામર્થ્યનો અનુભવ કરતાં કરતાં બુદ્ધિગમ્ય થાય છે બીજું બધું તો ફળની બલવત્તા પર આધાર રાખે છે. એમ છે ત્યારે અધિકાર પ્રમાણે શ્રીહરિની ઇચ્છાને જાણીને કાર્ય કરવું. એમ કરવાથી સ્વધર્મની હાનિ નહિ થાય, એવો ભાવ છે. એ જ સમજાવવાને

માટે અને એવા હેતુથી જ 'એવં સતિ' વગેરે શબ્દોથી (પ્રકાશમાં) ઉત્તરાર્ધનો (મૂળ શ્લોકના બીજા ચરણનો) પ્રારંભ કર્યો છે.

એમ કહેવામાં આવ્યું છે કે, રાજભોગના સમયે બૃહદ્રામદાસ આંખો મીંચીને વીંઝણો કરી રહ્યા હતા તેથી તેમને ગોવર્ધનધારી ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે, દશ્ય સ્વરૂપે સન્મુખ રાજભોગ આરોગતા એવા મને આંખો ઉઘાડીને તું જો. ત્યારે બૃહદ્રામદાસે એવો પ્રત્યુત્તર આપ્યો કે, મારા આચાર્યશ્રીની આજ્ઞા છે કે, ભોગના સમયે દર્શન કરાય નહિ, એમ હોવાથી હું આંખો ઉઘાડીશ નહિ એ સાંભળીને ભગવાન પ્રસન્ન થયા.

સામગ્રી જેવા પ્રસંગમાં વિશિષ્ટ પ્રકારની આજ્ઞા થઇ હોય ત્યારે તેની વિરુદ્ધની આચાર્યશ્રીની સામાન્ય આજ્ઞાનો બાધ થઈ શકે, અને એમ કરતાં (આચાર્યશ્રી) પ્રસન્ન જ થાય છે. એનો અર્થ એ થયો કે, સેવા જ મુખ્ય છે. તેથી તે પ્રમાણે આચરવું, એવો અભિપ્રાય છે. અહીં પણ 'પૂજામાં આત્યંતિક નિષ્ઠા, એ જ શ્રેષ્ઠ વાત છે' (ભાગ-૧૧-૧૯-૨૦) એવું નિવેદિપ્રકરણમાં ભગવાનનું વાકય છે તેને જ બીજરૂપે જાણવું; કારણ કે બધી રીતે અત્યંત ચોકસાઇપૂર્વક અને સતત તેમ જ નિયમ પ્રમાણે કરવું, એવો પરિનિષ્ઠા (આત્યંતિક નિષ્ઠા) શબ્દનો અર્થ છે. ॥૭॥

ભલે, થોડુક દુઃખ આવી પડે ત્યારે સાક્ષીની જેમ રહેવું શકય છે, પરંતુ મોટું દુઃખ આવી પડે ત્યારે એવી રીતે રહેવાનું શકય નથી. એવી શંકા થાય તો તેના નિરાકરણ માટે મહત્વની વાત કહે છે. એવા હેતુથી પહેલાં (પ્રકાશમાં) 'કદાચિત્' વગેરે શબ્દોથી (આઠમા શ્લોકનો) પ્રારંભ કરેલો છે. પરંતુ મૂળમાં સ્પષ્ટ કહેલું હોવાથી તેનું વિવરણ કરેલું નથી. તેમ છતાં અહીં આ ભાવ છે : દુઃખ અનિવાર્ય છે, કારણ કે તેનો પ્રતિકાર કરવો અશકયછે. તેવી સ્થિતિમાં મનનું સમાધાન એ જ ઉપાય છે. મનનું સમાધાન વિવિધ ઉપાયોથી થઇ શકે. જેમ કે, (શ્રી ભાગવતજીના) સાતમા સ્કંધમાં યમ અને મૃત્યુ પામેલા સુયજ્ઞના ભાઇ વચ્ચે થયેલા સંવાદમાં 'અરે, આશ્ચર્યની વાત છે કે, મોટી ઉંમરના આ માણસોની (લોકોની પ્રચલિત પ્રક્રિયાને મોહ પામેલો એવો તું જો, પોતે પણ તેવાજ ગુણવાળો હોવા છતાં જયાંથી આવેલ છે ત્યાં ગયેલા મનુષ્યનો નિરર્થક શોક કરે છે!–ભાગ: ૭–૨–૩૭), વગેરે શબ્દોથી યમે દર્શાવેલા લોકોની ગતિ સંબંધી જ્ઞાનથી સુયજ્ઞના બંધુઓને થયેલું જ્ઞાન એ ઉપાય છે અને તે જ રીતે છઠ્ઠા સ્કંધમાં 'જેવી રીતે સોનું વગેરે વેચવા કે લેવાની વસ્તુઓ એક માણસ પાસેથી બીજા માણસ પાસે આવે જાય છે, તેવીજ રીતે જીવ પણ ભિન્ન ભિન્ન યોનિઓમાં જન્મ પામતો રહે છે. (ભાગ ૬–૧૬–૬

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૨૫૧

પ. ભ. સોની દામજીભાઈ પ્રભુદાસ, રાજકોટના જય શ્રીકૃષ્ણ

(એ રીતે સોનું વગેરે પદાર્થો સાથેનો સંબંધ પણ ક્ષણિક જ છે), એ પ્રમાણે જીવે કહ્યું. જીવના સર્વને લાગુ પડતા જ્ઞાનથી રાજા ચિત્રકેતુ વગેરેના દૃષ્ટાંતથી મનના સમાધાનનો ઉપાય કહ્યો છે.) જેવી રીતે 'પિત્રોઃ સ કિંતુ ભાર્યાયાઃ સ્વામિનોગ્નેઃ શ્વગૃધ્રયોઃ । કિમાત્સનઃ સુહૃદામિતિ યો નાવસીયતે ।' એ પ્રમાણે દેહ સંબંધી સર્વને લાગુ પડતા પુરુરવાના (દૃષ્ટાંતથી મનના સમાધાનનો ઉપાય કહ્યો છે). એવી રીતે બીજા ઉપાયો પણ ધ્યાન આપવા યોગ્ય છે.

આત્મ નિવેદન કરેલું હોવા છતાં જે કોઇ તેનો અનુંભવ કરતા નથી, તેનું કારણ એ છે કે, તેઓને ભગવાનનું સ્મરણ કરવામાં પ્રેમ જ હોતો નથી, વળી 'તેવી સ્થિતિને નષ્ટ કરવામાં જોઇએ તેટલો અસાધારણ ઉપાય પણ તેઓ કરતા નથી,' એ પ્રમાણે પ્રભાસીય લીલામાં એકાદશીય ભગવદ વિચારોનો ઉલ્લેખ છે.

ભગવાનની તે લીલા, જેવી રીતે ભકતોના મનના ઉદ્વેગનું નિર્માણ કરીને લોકમર્યાદાનું રક્ષણ કરવા માટે કરાયેલી છે, અને પછી તેઓને નિત્યસુખનું પ્રદાન કરવા માટે હોય છે, તેવી રીતે મનના ઉદ્વેગને ઉત્પન્ન કરીને, અને 'અપિ' શબ્દથી ઉત્પન્ન કર્યા વિના પણ ભગવાનનું સ્મરણ કરનારાઓનાં પ્રારબ્ધ વગેરે રૂપી પાપને હરી લેનારા શ્રીહરિ તેઓનાં પાપનો નાશ કરવા માટે શુભ કે અશુભ જે કાર્ય કરે, તેનાથી તેઓનાં પાપ તત્કાળ નાશ પામશે. તેવું કાર્ય શ્રીહરિ પોતે અથવા બીજાની દ્વારા કરશે. તેવા અમારા પ્રભુની, અમારા આત્મસ્વરૂપ ભગવાનની એવા પ્રકારની લીલાં છે. એવી રીતે અમારાં મોટાં પાપોનો નાશ કરવા માટે ભગવાનની માયામયી લીલા છે, એમ માનીને સાધક કે બાધક પ્રમાણોથી વારંવાર વિચારીને ઉદ્વેગથી થયેલી ચિંતાને અથવા ઉદ્વેગરૂપી ચિંતાને તત્કાળ ત્યજી દેવી જોઇએ.

ચિંતા વધારે સમય ચાલુ રહે તો, કાળ કર્મ અને સ્વભાવની પ્રબળતાને કારણે ચિંતાથી આસુરાવેશ આવવારૂપી મહાન ઉપદ્રવ થવાની શકયતા રહે છે અને તેથી મુખ્ય ફળ મળતું અટકે છે અથવા મળવામાં વિલંબ થાય છે, એમ હોવાથી ચિંતાનો તરત જ ત્યાગ કરવો, એવો ભાવ છે. ॥૮॥

એ પ્રમાણે અહીં પ્રારંભમાં, પુષ્ટિમાર્ગમાં રહેલ હોય અને સેવા માટે સાધનસામગ્રીનું કાર્ય કરતા હોય તેને માટે નિવેદન સંબંધી થતી ચિંતાને ટાળવાના ઉપાય તરીકે અનેક નિર્ણયો દર્શાવ્યા છે. તેનાથી સેવાના કાર્યમાં નિત્ય જોડાયેલ રહીને સાક્ષીની જેમ રહેવાના ઉપદેશથી અને સેવામાં દૃઢતા થાય એ માટેના ઉપદેશથી વિરક્તિ અને આસક્તિના ભેદો નિશ્ચિત કર્યા છે.

મનમાં ઉદ્વેગ થાય ત્યારે લીલા સંબંધી વિચારો કરવાનો ઉપદેશ આપ્યો છે, પરંતુ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય
ગો. વા. ૫ ભ. શ્રીમતી કાંતાબેન માવજીભાઈ હસ્તે ૫. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઈ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ

એ બધું આજના સમયમાં શકય નથી; કારણ કે કાળ વગેરેથી થતા ગુણોના ખળભળાટથી મનની સ્થિરતા રાખવી ઘણીજ કઠિન છે તેથી એ ઉપદેશ ખરેખર અનુચિત ઉપદેશ લાગે છે. એવી શંકા કરનારને કૃપાથી તેની સિદ્ધિ માટેનો ઉપાય હવે કહે છે. એવા હેતુથી પહેલાં (પ્રકાશમાં) 'નનુ ઈદમ' (અરે, આ બધું અશકય જેવું લાગે છે) વગેરે શબ્દોથી (નવમા શ્લોકનો) પ્રારંભ કર્યો છે. (પ્રકાશમાં) 'તદેવ દુરાપમ' (એટલે કે નવધા ભકિતમાંની એક એક ભકિત ખરેખર કઠિન છે), તે વિષે સમજ આપે છે.

શ્રવણ એટલે ભગવાન સંબંધી બોધ આપનારા શબ્દોનું અને વચનોનું ગુરુમુખેથી શ્રવણ સર્વશકિતમાન પરમાત્માને પરાયણ થઇને રહેવાનો નિર્ધાર પ્રભુપરાયણ રહીને બીજાંઓ સમક્ષ પ્રભુસંબંધી કથન કરવું તેનું નામ કીર્તન અને તે બધાં ધ્યેયની સાથે (શ્રવણ અને કીર્તનપૂર્વક) પ્રભુમાં મનનો યોગ્ય સંબંધ નિરંતર જોડી રાખવો તેનું નામ સ્મરણ. આજના સમયમાં તે બધું જાણનારા એવા ગુરુ દુર્લભ હોવાના કારણે એવા શ્રવણની કઠિનતા છે, અને તેમ હોવાથી કીર્તન અને સ્મરણની પણ કઠિનતાજ છે. તેના અભાવમાં (એટલે કે શ્રવણ, કીર્તન અને સ્મરણના અભાવમાં) ભગવાનના સ્વરૂપનું જ્ઞાન શકય નથી. તેમજ સ્વરૂપજ્ઞાનના અભાવે ભગવાનના સંબંધનો અભાવ રહે છે, તેથી પાદસેવન વગેરે પણ અશકય છે. એ રીતે પ્રતિબંધક એવા કાળ વગેરેના કારણે પ્રત્યેકનું (એટલે કે નવધા ભકિત માંહેની એકએકનું) સમજવું.

હવે (પ્રકાશમાં) સાધન અને ફળનું એકીકરણ કરીને સર્વનું સમાધાન કર્યું છે, તે સમજાવે છે. થવણ વગેરે આઠ (એટલે કે શ્રવણ, કીર્તત, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, હાસ્ય અને સખ્ય એમ આઠ પ્રકારની ભકિત) એ સાધન છે અને આત્મનિવેદન એ ફળ છે. તે (સાધન અને ફળ) બંનેનું એકીકરણ કરીને, પોતાને અસાધ્ય હોય તેવી પરિસ્થિતિમાંથી બહાર કાઢીને પહેલાં કહેવાયેલ બધું સરળતાથી સાધ્ય થાય તેવી રીતે તેના સંબંધની શંકાઓ દૂર કરી છે, એમ અર્થ છે. શંકાના સમાધાનને સ્પષ્ટતાથી સમજાવતાં શરણાગતનું સમાધાન કરનારું મૂળ કારણ (પ્રકાશમાં) 'યસ્માન્' (જેનાથી) વગેરે શબ્દોથી કહ્યું છે. ભકિતમાર્ગમાં પ્રવેશ કરાય છે ત્યારે તેમાં પ્રવેશકની ઇચ્છા વગેરેના સંબંધમાં અનુગ્રહજ હેતુ હોય છે, એ પ્રમાણે 'ભગવાન વરણી કરે છે' (કાઠક ૧-૨-૨૩)એ શ્રુતિથી ભકિતનો હેતુ નિશ્ચિત રીતે સિદ્ધ થયેલો છે. એમ છે તેથી સેવામાં જયારે પ્રતિબંધ આવે ત્યારે તેમાં પ્રારબ્ધ, કાળ અને સ્વભાવ જ કારણરૂપે હોય છે. તેની નિવૃત્તિ તે સર્વના નિયામક એવા પ્રભુ જ કરે છે, બીજા કશાથી નિવૃત્તિ શકય નથી, એવી પરિસ્થિતિમાં માત્ર શરણાગતિ જ સાધન છે.

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૧

પ. ભ. શ્રી મુલચંદભાઇ ગોપાલજીભાઇ, રાજકોટના જય શ્રીકૃષ્ણ

વિનય-પદ

કહા ગુન બરનૌ સ્યામ, તિહારે ।
કુબિજા, બિદુર, દીનદ્વિજ, ગનિકા, સબકે કાજ સંવારે ।।
જજ્ઞ-ભાગ નહિં લિયા હેત સૌ, રિષિ પતિ પતિત બિચારે ।
ભિલ્લિન કે ફલ ખાય ભાવ સૌ, ખાટે-મીઠે-ખારે ।।
કોમલ કર ગોવર્ધન ધાર્યો, જબ હુતે નંદ-દુલારે ।
દધિ મિસ આપુ બંધાયૌ દાંવર, સુત કુબેર કે તારે ।।
ગરુડ છાંડિ પ્રભુ પાય પિયાદે, ગજ-કારન પગ ધારે ।
અબ મો સૌ અલસાત જાતહો અધમ-ઉધારન હારે ।।
કહં ન સહાય કરી ભકતનિકો, પાંડવ જરત ઉબારે ।
'સૂર' પરી જહં બિપતિ દીન પર, તહાં બિઘન તુમ ટારે ।।

ભાવાર્થ :- શ્રી સૂરદાસજી કહે છે કે હે કૃષ્ણજી ! હુ આપના ગુણોનું કયાં સુધી વર્ણન કરું ? કુબ્જા, વિદુર, દરિદ્ર બ્રાહ્મણ સુદામા અને વેશ્યા આ બધાના કાર્ય આપે સંભાળ્યા છે, અર્થાત્ બધાંનું કલ્યાણ કર્યું છે. આપે મોટા મોટા ઋષિયોને શબરીના તિરસ્કાર કરવાના કારણુસર પાપી ગણીને એમના દ્વારા દેવામાં આવેલ યજ્ઞ-ભાગને પ્રેમ પૂર્વક ગ્રહણ ન કર્યો અને રામ-રુપમાં ભીલડી શબરીના ખાટા, મીઠા તથા ખારા બધા પ્રકારના બોરોને પ્રેમથી ખાધા. જ્યારે આપ નંદજીને ત્યાં બાલક હતા ત્યારે આપે આપના કોમલ શ્રીહસ્તથી ગોવર્ધન પર્વત ઉઠાવ્યો દહીં ઢોળી નાખ્યાના બહાને આપ દોરડાથી બંધાયા અને વૃક્ષ યોની પામેલા કુબેરના પુત્રોનો ઉદ્ધાર કર્યો. હે સ્વામી ! આપ હાથીની રક્ષાને માટે આપની સવારી ગરુડને છોડી ચરણારવિંદથી જ દોડયા હતા. આપે પાંડવોને લાક્ષાગૃહમાં બળતા બચાવ્યા. આપે ભકતોની રક્ષા કયાં નથી કરી ? જ્યાં કોઇ દીન (સહાયતા રહિત પ્રાણી) ઉપર વિપત્તિ પડી, આપે તેમના દુઃખને દૂર કર્યા છે. પરંતુ હે પતિતોના ઉદ્ધાર કરવા વાળા ! હવે આપ મારો જ ઉદ્ધાર કરવામાં આળસ કરી રહ્યા છો, એમ કેમ ?

ટિપ્પણી-

આ પદમાં કુબ્જા, વિદુર, સુદામા, વેશ્યા, શબરી, ગોવર્ધન-ધારણ, કુબેર-પુત્ર, ગજ-ગ્રાહ, લાક્ષાગૃહની કથાઓના સંદર્ભ છે.

કુબ્જા-કથા જ્યારે શ્રીકૃષ્ણુ મથુરા નગરી જોવા નિકળ્યા ત્યારે માર્ગમાં એમને કંસની એક કુબડીદાસી મળી તે કંસને માટે અંગરાગ (ચંદન આદિ સુગંધિત પદાર્થ) લઇ જાતી હતી. શ્રીકૃષ્ણે તે અંગરાગની માગણી કરી. કુબ્જાએ ઘણા સ્નેહથી શ્રી કૃષ્ણને અંગરાગ લગાવ્યું શ્રીકૃષ્ણે પ્રસન્ન થઇ તેના ત્રિવાંક સીધા કરી સુન્દરી બનાવી દીધી.

વિદુર-કથા પાંડવોના સંધિ દૂત બનીને શ્રીકૃષ્ણ જ્યારે હસ્તિનાપુર પધાર્યા હતા. તે વખતે તેઓ ભોજનને માટે દુર્યોધનના આમંત્રણ છતાં ત્યાં ન પધારતા વિદુરજીને ત્યાં પધાર્યા. તે વખતે વિદુરજીના પત્ની સ્નાન કરતા હતા. શ્રી કૃષ્ણે જેવા તેમને બોલાવ્યા તેવાજ દોડતા આવ્યા. શ્રી કૃષ્ણે તેમની પાસે ભોજન માગ્યું. વિદુર પત્નિ કેળા લાવ્યા અને કેળાની છાલ ઉતારીને શ્રીકૃષ્ણને ખવરાવવા લાગ્યા. પરંતુ પ્રેમમાં વિહવળ થઈ જતાં કેળાનો ગર્ભ ફેંકવા લાગ્યા અને છાલ શ્રીકૃષ્ણને દેવા લાગ્યા. શ્રીકૃષ્ણ તે છાલ ઘણા આનંદથી ખાવા લાગ્યા. એટલામાં વિદુરજી આવી પહોંચ્યા. તેમણે પત્નિને ખિજયા અને પોતે કેળાની છાલ ઉતારી ગર્ભ શ્રીકૃષ્ણને દેવા લાગ્યા. પરંતુ શ્રીકૃષ્ણે કેળાના ગર્ભને ચાખીને કહ્યું કે છાલનો સ્વાદ જેવો આનો સ્વાદ નથી. વિદુરજી દાસી પુત્ર હતા.

સુદામા-કથા સુદામા એક ગરીબ બ્રાહ્મણ હતા. તેઓ દ્વારકાધીશ શ્રીકૃષ્ણના સહપાઠી મિત્ર હતા. સુદામાજીના પત્નિએ તેમને ધન માગવા માટે શ્રીકૃષ્ણ દ્વારકા પાસે મોકલ્યા શ્રીકૃષ્ણે સુદામાજીનો ઘણો સત્કાર કર્યો અને અપ્રત્યક્ષરૂપે અપાર સંપત્તિ પ્રદાન કરી.

વેશ્યા-કથા એક વેશ્યાએ એક પોપટ પાળ્યો હતો, તે વેશ્યા તે પોપટે હંમેશાં 'સીતારામ' બોલતાં શિખવાડતી હતી. એક દિવસ જ્યારે તે વેશ્યા પોપટને 'સીતારામ' શિખવાડી રહી હતી તે દરમ્યાન મૃત્યું પામી ભગવાનનું નામ લેતા લેતાં મૃત્યુ પામતા તેનો ઉદ્ધાર થઇ ગયો.

શબરી-કથા શબરી જાતની ભિલડી હતી. માતંગ ઋષિના આશ્રમ પાસે ઝુંપડી બાંધીને રહેતી હતી, અને ઋષિના આશ્રમના રસ્તાને હંમેશાં વાળતી હતી. ઋષિ જ્યારે પરલોક સિધાવ્યા ત્યારે તેઓ શબરીને કહી ગયા હતા કે ભગવાન શ્રીરામ તારે ત્યાં પધારશે. ત્યારથી તે વનના ફલ ભેગા કરવા લાગી અને શ્રીરામચન્દ્રજીના પધારવાની પ્રતીક્ષા કરી રહી હતી. ફલ મીઠા છે કે નહિ તે જાણવા માટે તે ફલને ચાખી લેતી શ્રીરામચંદ્રજી સીતાજીની શોધ કરતા શબરીની ઝૂંપડીએ પધાર્યા અને શબરીએ પ્રેમમાં વિવશ થઇ એંઠા બોર શ્રીરામચંદ્રજી એ ઘણાંજ આનંદથી સ્વાદની પ્રશંસા કરતા ખાવા લાગ્યા.

ગોવર્ધન-ધારણ-કથા શ્રીકૃષ્ણે ગોપોને કહ્યું કે આપણી જે કાંઇ સમૃદ્ધિ છે તે આ ગિરિ ગોવર્ધનની કૃપાથી છે નહિં કે ઇન્દ્રથી તેમ સમજાવીને ઇન્દ્ર પૂજા બંધ કરાવી અને શ્રીગિરિરાજ-ગોવર્ધનની પૂજાનો આરંભ કરાવ્યો તેથી ઇન્દ્રે ક્રોધ કરીને મેઘ વૃષ્ટિ કરાવી વ્રજ આખાને નષ્ટ-ભ્રષ્ટ કરવા માગતો હતો પરંતુ શ્રીકૃષ્ણે તેમની રક્ષા માટે શ્રી ગોવર્ધન પર્વત ઉંચો ઉઠાવી તેની નીચે આખા વ્રજની શરણે લઇ રક્ષા કરી ઇન્દ્ર કાંઇ નુકશાન કરી શકયો નહિ. તેનું ઘમંડ નષ્ટ થયું અને આવીને શ્રીકૃષ્ણના ચરણમાં પડી માફી માગી

કુબેર-પુત્ર-કથા કુબેરના બે પુત્ર મદિરામાં મસ્ત થઈને કિન્નરિયો સાથે એક સરોવરમાં જલ વિહાર કરી રહ્યા હતા. દેવર્ષિ નારદ ત્યાંથી પસાર થતા હતા. તે કુબેર પુત્રોએ શ્રીનારદજીને નતો પ્રણામ કર્યા કે ન તો કપડા પહેર્યા. તેમના આવા વર્તનથી શ્રીનારદજીએ તેમને વૃક્ષની યોની પામવાનો શાપ દીધો. કુબેર પુત્રોની પ્રાર્થનાથી કૃપા કરતા શ્રીનારદજીયે કહ્યું કે દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણ તમારો ઉદ્ધાર કરશે. માતા જશોદાજીએ દહીં ઢોળી નાખવાને કારણે જયારે બાલક કૃષ્ણને ખાંડણિયા સાથે બાંધ્યા હતા ત્યારે ઘુંટણીયા ભર ચાલીને ખાંડણિયાને ખેંચતા ખેંચતા ઘરના આંગણામાં બે ઝાડ (શાપ ગ્રસ્ત કુબેરના પુત્ર) ની વચ્ચેથી નિકળતા, ખાંડણિયો ત્યાં અટકી જતાં શ્રીકૃષ્ણે જોરથી ખેંચતા બન્ને વૃક્ષ મૂળ સાથે ઉખડી પડયા અને એ રીતે ફરીથી દેવ-રુપ થઇ ગયા.

ગજ-ગ્રાહ-કથા એક દિવસ એક હાથી એક સરોવરમાં હાથણિયો સાથે જલ વિહાર કરી રહ્યો હતો. એક મગરે તેના પગ પકડી લીધા. હાથીએ પોતાના પગ છોડાવવા બહુ જોર કર્યું પણ છોડાવી ન શકયો. મગર હાથીને ઉંડા પાણીમાં ખેંચી જવા લાગ્યો. મૃત્યુથી ભયભીત થઇ હાથીએ સહાયતા માટે ભગવાનનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ ભગવાને પોતાની ગરુડની સવારી છોડી એકદમ ચરણારવિંદથી દોડતા પધારીને ચક્ર સુદર્શનથી મગરનું માથું કાપી નાખીને હાથીના સંકટને દૂર કર્યું.

લાક્ષાગૃહ-કથા દુર્યોધને ગુપ્ત રુપથી એક મહેલ લાખ, લાકડા, રૂ, તેલ આદિ જલદી સળગી ઉઠે તેવા પદાર્થોથી બનાવ્યો અને પાંડવોને તે મહેલમાં રહેવા માટે મોકલ્યા દુર્યોધનની ઇચ્છા આ મહેલમાં આગ લગાવી સળગાવવો અને પાંડવો તેમાં બળી જાય પરંતુ શ્રીકૃષ્ણની કૃપાથી વિદુરજીને દુર્યોધનના આષડયત્રની ખબર પડી જતાં, તેમણે યુધિષ્ઠિરને આ વાત કહી દીધી. તેથી એક ગુપ્ત સુરંગ બનાવી પાંડવો ત્યાંથી બહાર નિકળી ગયા.

ટીકાકાર-શ્રી શિવપ્રસાદ અગ્રવાલ

[સૂર પદાવલીમાંથી સાભાર]

શ્રીવલ્લભ:

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

ગહેવરવનનાં બેઠકજી

(ગતાંકથી ચાલુ) (અજગરનું પુર્વ વૃતાંન્ત) લે. **વ્રજ** (ધોરાજી)

ગયાપ્રસાદજી આવે છે અને પ્રણામ કરી અને બેસે છે

મહંતજી–પ્રચાર કાર્ય કેમ ચાલે છે ગયાપ્રસાદજી?

ગયાપ્રસાદજી–ખુબ જ વ્યવસ્થિત સ્વામિજી! એમાં તે કંઇ કચાશ રખાય? આપણા મઠનો ખર્ચ બધો પ્રચાર કાર્ય ઉપર જ છે ને? મહંતજીને તો પરમાત્માનો સાક્ષાત્કાર છે–મહાન યોગી છે–ભકત છે–જ્ઞાની અને ચમત્કારી છે. તપસ્વી છે. વિગેરેના પ્રચાર માટે તો મોટા મોટા શહેરોમાં મુખ્ય પ્રચારકો નિમાઈ ગયા છે અને તે કાયમી વ્યવસ્થા જેવું જ થઈ ગયું છે જેમના તરફથી મોટી રકમ દાનમાં મળે છે તેને માટે જુદુ રસોડું ખોલ્યું છે તેમાં દરરોજ ફરતાં ફરતાં ચાર મિષ્ટાન થાય છે જયાં તેઓ પણ સંતોષાય અને રાજી રહે છે અને આકર્ષાય છે બીજી પણ બધી જરૂરી વ્યવસ્થાઓ થઇ ગઇ છે.

મહંતજી–વાહ વાહ ગયાપ્રસાદજી! ધન્યવાદ છે તમને તમારા ખર્ચ માટે દાનમાં આવતા રૂપૈયામાંથી જે અને જેટલા જોઇએ લઇ લેજો જરા પણ સંકોચ ભોગવશો નહીં અને કંઇ પણ જુદાઇ રાખશો નહીં હવે જરા કાલી પ્રસાદને મોકલો.

કાલીપ્રસાદ–સ્વામિજી મારા નમસ્કાર

મહંતજી–કેમ કાલી પ્રસાદજી! કેમ ચાલે છે તમારા ખાતાનો વહીવટ બધું વ્યવસ્થિત ચાલે છે છે ને? કંઈ તકલીફ હોય તો કહેજો મુંઝાશો નહીં.

કાલીપ્રસાદ–આપની કૃપાથી બધું બરાબર છે અને વ્યવસ્થિત ચાલે છે સ્વામિજી! કસર રાખવી તો આપણને ન જ પોસાયને!

મહંતજી–તમારા કાર્યથી મને ખૂબ સંતોષ છે કાલીપ્રસાદજી! તમે તો ખાસ મારૂં અંગ છો એથી તમારા માટે બીજું શું હોઇ શકે? જરા પણ સંકોચ ન રાખતાં આનંદમાં રહી તમારા કાર્યને વેગ આપતા રહેશો.

સેવક–મહંતજી! આપને કોઇ મળવા માગે છે પરંતુ એકાન્તમાં....જ

મહંતજી–અહીં એકાંન્ત....જ છે. આવવા દો તેને, અને બીશન આવે છે.

બીશન–કેમ સોહન! યાદ છે ને બધું?

સોહન–બધું યાદ છે બીશન! અત્યારના મારા પુર બહાર વૈભવનાં સમયમાં તું આવ્યો તે સારૂં થયું જો ને! ચાર પાંચ સેવિકાઓ અને સેવકો અહીં હાજર જ હોય છે અને મારી અંગત સેવા કરે છે તારી ઇચ્છા થાય ત્યાં સુધી રહે અને સ્વર્ગ વૈકુંઠના સુખનો અહીં જ ભોગ કરી લે. આ રાજ મહેલ

જેવો "મઠ" આ ફળ ફુલથી લચી રહેલ અને મહેકી રહેલ બાગ બગીચા આવા નંદન વન જેવા બગીચાની બહાર સર્વ દુર્લભ છે. સ્વર્ગમાં જનારાઓ ભલે ત્યાં બધું ભોગવે તું તો આ દેહથી બધું અહીં જ ભોગવી અને મનુષ્ય જન્મની સાર્થકતા કરી લે બીશન ! ક્યાં એ આપણી દિલ્હીની ગંધાતી ગલીઓ અને ક્યાં આ સ્વર્ગ સમાન વૈભવનાં સુખ ભોગવાય તેટલું ભોગવી લે. આ તારા માટે સુવર્ણ તક છે બીશન !

બીશન : સોહન ! હું તો ફક્ત તને જોવા માટે જ આવ્યો છું અને હમણાં જ જવાનો છું. ફક્ત મિત્ર તરીકેની ફરજથી એટલું કહું છું કે શ્રદ્ધાળુ ભક્તોને ઠગી અને પાપે પેટ ભરવા કરતાં સાચો રસ્તો પકડી લે નહીં તો આનું ફલ તારે બહુ જ ભયંકર રીતે ભોગવવું જ પડશે હજુ પણ સમજ. અને આ લોક પરલોકને ભસ્મિભૂત કરનાર આ વાંછનાઓને ત્યાગી સાચો મહંત બની જા. સોહન ! હજુ સમય છે.

સોહન : ભોગ ભોગવવા પડશે ત્યારે જોઈ લેવાશે. પુણ્ય અને પરલોક તો બ્રાહ્મણોને પેટ ભરવાની વાતો છે એવી વાતોમાં ફસાઇ અને મારો આ સ્વર્ગ વૈકુંઠનો વૈભવ કોઇ રીતે છોડી શકું નહીં સમજ્યો ને ?

બીશન : ઠીક ત્યારે રાધેશ્યામ સોહન !

સોહન : થોડા દિવસ તો અહીં સ્વર્ગની મોજ માણી લે, બીશન !

બીશન : સોહન ! ધાર્મિક લોકોના વિશ્વાસઘાતના અનાજનો એક કણ મને અગ્રાહ્ય છે. માફ કરજે સોહન ! એમ કહી બીશન જાય છે.

સમય જતાં ઇંદ્રિયોનો અતિરેક થતાં એક દિવસ મહંતજી સોહને આ સંસારમાંથી વિદાય લીધી. મઠના સર્વ માણસોએ પોતાના હાથમાં જે આવ્યું તે ઘર ભેળું કર્યું મઠ ઉજ્જડ થયો અને મહંતજી મથુરા મંડલના બરસાના ગામના ગહેવાર વનમાં તેને મોટા અજગરનો અવતાર આવ્યો. મોટા અજગરો વધારે ચાલી શકતા નથી અને અનાયાસે જે મળે તેનો આહાર કરે છે. પરંતુ મહંતજી સોહન તો પૂર્વજન્મના ભોગ અને પાખંડને લીધે મહારોગીષ્ઠ થયો હતો જેથી તે બિલકુલ હાલીચાલી પણ શકતો નહીં. તેણે કરેલા ઘણા સેવકો પણ જંગલી કીડા મકોડા રૂપે થઇ અને અજગરને ફોલી ખાતા હતા. અજગરની પીડાનો કોઇ પાર ન હતો. કીડા મકોડાના ચટકાથી એક એક ક્ષણ યુગ જેવી જતી હતી, પરંતુ કરેલાં કર્મો ભોગવ્યા વિના છુટકો ન હતો.

બરાબર એ સમયે પ્રભુ શ્રીવલ્લભાચાર્યજી ભારતની પરિક્રમા કરતા ત્યાં પધાર્યા અને ગહેવરની આપની બેઠકજીમાં બીરાજી સપ્તાહનો આનંદ આપતા હતા. સપ્તાહ પૂરી થયે આપશ્રી સર્વ સેવકો સહિત ગહેવર વનની શોભા જોવા પધાર્યા અને સર્વેએ અતિ દુઃખ ભોગવતા અજગરને જોયો. તે (મહંત)ની આવી દશા જોતાં કરૂણાસાગર શ્રીવલ્લભનું હૃદય દ્રવી ગયું. અને દામોદરદાસે આપશ્રીને વિનંતિ કરી.

દામોદરદાસજી : પ્રભુ ! આ કોઇ પૂર્વજન્મનો અપરાધી જીવ લાગે છે તેની આવી

દશા કેમ થઇ ? અને તે પણ અહીં શ્રી બ્રજધામમાં ! !

શ્રી મહાપ્રભુજી : દમલા ! એ છે તો બ્રજનો જીવ. પરંતુ પોતાની વિલાસી વૃત્તિઓને પોષવા માટે જ મહંત થયો હતો. તેણે ભોળી અને શ્રદ્ધાળુ જનતાને ધર્મને બહાને ફસાવી અને લુંટી હતી તેનું આ પરીણામ ભોગવી રહેલ છે.

દામોદરદાસ–પ્રભુ ! એ પૂર્વ જન્મનો અપરાધી કે ગમે તેવો પાપી હોય પરંતુ તેના ઉપર આપની દ્રષ્ટિ પડી જેથી હવે તો એ મુકત થાય તેમ કૃપા કરો એ જેવો હોય તેવો પરંતુ છે તો આપના આશ્રિત બ્રજનો જીવ પરંતુ એ પૂર્વ જન્મમાં કોણ હતો ? એ કૃપા કરી અને કહો.

શ્રીમહાપ્રભુ–દમલા આ અજગર આજથી બસો વર્ષ પૂર્વે શ્રીવૃંદાવનમાં મહંત હતો સંસારના વિષયોને ભોગવવાની લાલસામાં તેણે ધાર્મિક જનતાને પોતાના સેવક કરી કરોડો રૂપીઆના દાન લીધાં પરંતુ તે પ્રભુ અર્થે ન વાપરતાં પોતાના ભોગ વિલાસમાં જ વાપર્યુ સેવા અને સ્મરણ કંઇ પણ કર્યુ નહીં જેથી તે બસો વર્ષ થયાં આ દશા ભોગવે છે (અજગરોનું આયુષ્ય બહુ મોટું હોય છે) અને તેના સેવકો સર્વ કીડા મંકોડા બની તેને જીવતા ફોલી રહ્યા છે અને કહે છે કે તારામાં અમારો ઉદ્ધાર કરવાની શકિત ન હતી તો અમને સેવક કરી અમારો અમુલ્ય જન્મ શા માટે બગાડયો ? માટે તું આ દશાને જ લાયક છો.

પરંતુ તેણે વૃંદાવન વાસ કર્યો હતો તેથી તેનો બીજો જન્મ વ્રજમાં જ થયો છે વ્રજનો જીવ હોય તે વ્રજમાં જ રહી અને સુખ દુખઃ ભોગવે છે પરંતુ રહે છે તો વ્રજમાં જ હવે તેનો ઉદ્ધાર થઇ જશે એમ આજ્ઞા કરી આપશ્રી એ પોતાનું ચરણામૃત એક સેવકને આપી તેના ઉપર છીરકાવ્યું એટલે તે અજગર અને તેને ફોલીખાતા જીવો કીડા મકોડા રૂપે હતા તે સર્વ જીવોની દિવ્ય દેહ થઇ ગઈ અને પોતાના સર્વ સેવકો સહિત શ્રી મહાપ્રભુને સાષ્ટાંગ દંડવત કર્યા અને વિનંતિ કરી કે.

અજગર–હે કૃપાવત્સલ શ્રી વ્રજેશ્વર આપતો સાક્ષાત પ્રભુ છો મારા પૂર્વજન્મની વાત સર્વ જાણો છો મારાં જેવા મહાપાપી પતિતનો ઉદ્ધાર તો આપશ્રી વ્રજના અધિપતિ જ કરી શકે હે. પતિત પાવન દીન બંધુ શ્રી વ્રજેશ ! આપનો જય હો જય હો એમ કહી વૈકુંઠથી આવેલ વિમાનમાં સેવકો સહિત બેસી વૈકુંઠમાં ગયો.

આપશ્રીનું આવું મહાત્મય સર્વ વ્રજવાસીઓએ અને સેવકોએ પ્રગટ જોયું અને સર્વ આપશ્રીનો જય જય કાર કરી અને ભાવ વિભોર બની ગયા. આ ચરિત્ર આપશ્રીએ ગહેવર વનની બેઠકમાં કર્યું અને સર્વને અતીઆનંદ આપ્યો.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)

પદ ૩૪ મું

(ગતાંકથી ચાલુ)

શ્રી યમુનાજી કો નામ તેઇ જુ લે હેં.
જાકી લગન લગી નંદલાલ સોં
સર્વસ્વ દે કેં નિકટ રહે હેં. ૧
જિનહીં સુગમ જાનિ, બાત મન મેં જુમાનિ,
બિના પહેચાનિ કૈસે જુ પૈયે;
'કૃષ્ણદાસનિ' કહે શ્રીયમુને નામ નૌકા
ભકત ભવ-સિંધુતેં યોંહિ તરિયે. ૨

અર્થ :- જેને શ્રી ઠાકોરજીથી દૃઢ સ્નેહ છે. પ્રભુને જેણે સર્વ સમર્પણ કર્યું છે. એવો જીવ હોય તે જ શ્રીયમુનાજીનું ચિંતન અને નામ સ્મરણ કરી શકે છે. ૧.

પરંતુ આવું સદ્‌ભાગ્ય સહજમાં પ્રાપ્ત થતું નથી. એટલું નિશ્ચય જાણી લેજો કે શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજીના સ્વરૂપની પહેચાન અને દૃઢ આસકિત હશે તો જ આ સુખ પ્રાપ્ત થશે. પરતુ આવી આસકિત તો ઉત્તમ ભગવદીયોના સત્સંગ દ્વારા જ પ્રગટ થાય કે જેને પુષ્ટિના સ્વરૂપનું જ્ઞાન હોય.

શ્રી યમુનાજીનું નામ તો ભવસાગર તરવા માટેની નૌકા છે. પરંતુ ભગવદીયના સત્સંગ દ્વારા એ નાવ પ્રાપ્ત થાય છે. પછી ભવસાગર તરવો જરા પણ મુશ્કેલ નથી.

વિવેચન-શ્રી યમુનાજીનું નામ સ્મરણ અને સ્નાન પાન વગેરે તો મર્યાદા અને પ્રવાહી જીવો પરંપરાથી કરતા જ આવ્યા છે અને મર્યાદા રીતિ અનુસાર ફળ પ્રાપ્તિ પણ કરે છે. પરંતુ અહીં તો કૃષ્ણદાસજી પુષ્ટિ સ્વરૂપ શ્રીયમુનાજીની વાત કરે છે.

જીવ બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુને સર્વ સમર્પણ કરી પ્રભુની સ્નેહ પૂર્વકની સેવા અને સ્મરણમાં તલ્લીન બને છે, ભગવદીયોનો સત્સંગ કરે છે, ત્યારે જ એને શ્રીયમુનાજીના પુષ્ટિ સ્વરૂપનું જ્ઞાન થાય છે અને આવા ભગવદીય દ્વારા જ શ્રીયમુનાજીની કૃપારૂપી નૌકા પ્રાપ્ત થાય છે, ત્યાર પછી તો સંસાર સાગર ગાયની ખરી સમાન ક્ષુદ્ર બની જાય છે.

દોહો-

શ્રીયમુના નામ અગાધ હૈ, કૃપા કૃષ્ણકી હોય,
નૌકા યમુના નામકી, મળે જો સત્સંગ હોય.

(ક્રમશઃ)

પ્રેમ રસ ચુંદડી

ઓઢું હું ઓઢું હું પ્રેમ રસ ચુંદડી,
ભગવદીયના હૃદયેથી આણી સાહેલડી-ઓઢું
શ્રીયમુનાજીના ઘાટ પર ચુંદડી ગુંથાય છે,
ત્યાંથી તે શ્રીમહાપ્રભુજી આવી સાહેલડી-ઓઢું
ભગવદીએ કોર મૂકી વૈષ્ણવે મોર મૂકી,
સખીઓએ સ્નેહથી ઓઢાડી સાહેલડી-ઓઢું
ચુંદડી ઓઢીને હું તો જમુનાજી ચાલી,
'દયા'ના પ્રીતમજીએ મનાવી સાહેલડી-ઓઢું

પ્રેષક-પ. ભ. શ્રી સમરથમા(શ્રીમદ્ ગોકુલ)

|| શ્રી કૃષ્ણાયનમઃ ||

દુર્લભ-સુર્લભ

વૈષ્ણવ ધર્મ દૂર્લભ, સુદઢ યા પુષ્ટિ કો,
દૂર્લભ શરણ પાય, દૂર્લભ આસક્તિ હૈ.
વિશ્વાસ આત્મદૂર્લભ, રીતભાત દૂર્લભસી,
શરણ આનો દૂર્લભ, એસી પુષ્ટિ ભક્તિ હૈ.
મહાપ્રસાદ દૂર્લભ, દૂર્લભ અધરામૃત,
ફૂલ ધર દૂધ ધર કી સેવાકી યુક્તિ હૈ.
કેહે **'દામોદર'** હોય સુર્લભ નિવેદનસો,
સેવા સમર્પણ આદ શ્રીઆચાર્ય સુક્તિ હૈ.

–ગો. શ્રી દામોદરજી મહારાજ–ગોંડલ

કરીએ સર્વોત્તમ રસપાન

('યમુના જળમાં કેસર ઘોળી'ના ઢાળમાં)
આવો વૈષ્ણવ જયશ્રીકૃષ્ણ.
કરીએ વલ્લભના ગુણગાન,
કરીએ સર્વોત્તમ રસપાન.
એ છે અમૃતરસનું દાન,
એ છે પુષ્ટિમધુરસ પાન. આવો–

વલ્લભ એજ ગોપીજનવલ્લભ,
પૂર્ણ પુરુષોત્તમ અવતાર;
આનંદ પરમાનંદ સ્વરૂપ,
વલ્લભ શ્રીહરિ મુખ અવતાર. આવો–

અદેયદાન તણા દાની,
મહાપ્રભુ વલ્લભ મહાદાની;
વલ્લભ અષ્ટોત્તરશત નામ,
સર્વોત્તમ મધુરસભર બાની. આવો–

ઋષિ છે જેના મહાગુસાંઈ,
છંદ અનુષ્ટુપ જગ વિખ્યાત;
કૃષ્ણમુખ વલ્લભ છે દેવ,
બીજ કરુણા કર જગતાત. આવો–

દે રિદ્ધિ સિદ્ધિના દાન,
ભક્તિમાં બાધાહર જાણ;
દે અધરામૃત રસના પાન,
'સર્વોત્તમ'ને અલૌકિક માન. આવો.

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

મહાપ્રભુ અમને રાખજો રે ચરણમાં

મહારાણીજીનાં પાન કરને તું પ્રાણી રે. એ રાહ.

(યમુનાજી મારા આવજો રે હૃદયમાં)
મહાપ્રભુ અમને રાખજો રે ચરણમાં;
શરણું દીધું દાસીને ભવરણમાં. મહાપ્રભુ.

જન્મો વીતાવ્યા ઉદર ભરણમાં,
કરી પ્રીત ના ગિરીવર ધરણમાં;
પામ્યાં કષ્ટ જનમ મરણમાં. મહાપ્રભુ.

અંગીકૃત જાણી લીધાં શરણમાં,
ભૂલ્યાં સઘળુંયે આપ સ્મરણમાં;
વિરહ વ્યાપ્યો, ના ભૂલ વરણમાં. મહાપ્રભુ.

સમરણ – સેવા, સત્સંગ. સ્મરણમાં,
મારું ચિત્ત રહે, ભગવદ્ ચરણમાં;
આશ્રય દ્રઢતા શ્રી વલ્લભ શરણમાં. મહાપ્રભુ

ભગવદ્ સેવા ને ભગવદ્ સ્મરણમાં,
હરનિશ ચિત્ત રહે, આપ શરણમાં;
દેજો વ્રજવાસ, શ્રીજી ચરણમાં. મહાપ્રભુ.

સુરતા દીનની છે. વદન કમલમાં,
વલ્લભ બિરાજો હૃદય કમલમાં;
રાખો કિંકરીને ચરણ કમલમાં. મહાપ્રભુ.

દાસાનુદાસ દીનકિંકરી : **નટવરલાલ મહાસુખલાલ શેઠ**
મું. પો. **અરાદ** તા. **હાલોલ** (જિ. પંચમહાલ)

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

લેખાંક ૧૬મો

(ગતાંકથી ચાલુ)

કાશીથી શ્રી લક્ષ્મણભટની વિદાય

ચૌપાઈ રાધેશ્યામ તર્જ

પથ બઢ પાવત વાહન કે સહ, બિચ ગાંવ ઠાંવભી આતે હૈં
સુન પાયે મહિમા લોગ પ્રથમ, પ્રભુ દર્શન હિત ચહું ધાતે હૈં
દર્શન કર કહતે લોગ સભી, યહ બાલક પરમ પ્રતાપી હૈ
યહ પ્રકટ હુએ ચંપારનકો, અતિ વિદ્યા હૃદયે સ્થાયી હૈ
બડભાગી માતપિતા ઇનકે, પૂરવ તપ કર સુત પાયા હૈ
સબ ઇશ્વરકા અવતાર કહત, સુત અગન કુણ્ડસે જાયા હૈ
છોટી વયમેં સબ કાશી કે, પંડિત જન હાર શરણ આયે
શ્રીરામકૃષ્ણ સમ શ્યામરુપ, દર્શન કર નયના ફલ પાયે
ચરણોં કી રજ શિર ધરનેસે, દુઃખ દોષ પાપ મિટ જાયેંગે
ઉદ્ધારેંગે ભવ સાગરસે, જન યહ ચરણોં કો પાયેંગે
શત યાગ કિયે શ્રીભટજીને, પ્રભુ અગન કુણ્ડ અવતાર લિયા
વલ્લભ નામક શ્રીનારાયણ, ઇન મંત્ર લેત ઉદ્ધાર દિયા
જો ચહત શરણ પ્રભુ મંત્ર દેત, ભકિતરુપ બચન સુનાતે હૈં
ગૃહ કાર્ય કરેં હરિ હૃદય ધરેં, ઉત્તમ ગૃહસ્થ કહલાતે હૈં
સુત મુખ લખ પ્રફુલિત માતપિતા, વિશરામ પ્રથમ કરપાતે હૈં
થે વિષ્ણુ સ્વામી મતકે પંડિત, ચર્ચા હિત વહિં પર આતે હૈં
માંગત આસસુ પિતુસે વલ્લભ, નિજ સુત શ્રમ લખ પિતુ અનુરાગે
ખીજે કોવિદ જન પર ભટજી, ચહું દિશતે તત્પર હૈં આગે

દોહા :– મુખ પર રેખા રોષકી, હૃદયે પરમ સનેહ;
દેવત આયસું જબ પિતા, તજત વિપ્ર સંદેહ.

ચોપાઇ

શ્રીવિષ્ણુ સ્વામી મત પર શંસય, બૈઠત વલ્લભ સમઝાતે હૈં
શ્રીવિષ્ણુ સ્વામી થે વ્યાસરૂપ, ઉનકા મત હમ પ્રસરાતે હૈં

દ્વિજ મુદિત ભયે વચનામૃત સુન, બોલે બડભાગી આજ ભયે
થે અનાથ આજ સનાથ ભયે, વૈષ્ણવજન કે સબ કાજ ભયે
પુનિ પુનિ કોવિદ જન બચન વદત, સુનકર લછમન ભટ સુખ પાયે
સત્કારે સબ કોવિદ જનકો, ભેટત સુતકો દગ્ જલ છાયે
કોવિદ જન લેત બિદાઈ જબ, આનંદ મગન પિતુ કહતે હૈં
માંગે ઇચ્છિત વરદાન આજ, જો કુછ ઇચ્છિત ચિત ચહતે હૈં
દ્વય હાથ જોર માંગત વલ્લભ, પિતુ કૃપા ચહત મોરે મનમેં
શાસ્ત્રાર્થ કરન નહિં મના કરેં, ચિત ક્ષોભ પાય પંડિત જનમેં
બોલે પિતુ અબસે અભય ધરેં, પ્રભુને પિતુ આશીષ પાઇ હૈં
સુત ધર્મ દિખવતે રઘુવર સમ, આયસુલખ ચલત બડાઇ હૈં
પ્રહ્લાદ, શ્રવણ, ધ્રૃવ અંશુમાન, અરુ સત્યવાન સુખ પાયે હૈં
ગુરુ માત પિતાકે આશિષસે, યશ પ્રાપ્ત સુલોક સિધાયે હૈં
બીતે દ્વય માહ ચલત પથમેં, લછમન બાલામેં આતે હૈં
નિજ પ્રવેશ લછમન ભટ સમઝે, પરિકર સહ વહિં રુક જાતે હૈં
બુલવાય લિયે તહાં જેષ્ઠ પુત્ર, વહ અગ્રહાર સે આતે હૈં
બૈઠાય તનય ત્રય નિકટ પિતા, સુત હિત કર બચન સુનાતે હૈં

નોંધ :– સંપ્રદાય કલ્પદ્રુમ ગ્રંથમાં શ્રી લક્ષ્મણ ભટજીનો પ્રવેશ (સાયુજ્ય) શ્રી લક્ષ્મણ બાલાજીમાં સ્વીકારેલ છે.

શ્રી લક્ષ્મણભટજીનો પુત્રોને ઉપદેશ તથા સ્વસંપત્તિનો બટવારો

ચૌપાઈ

વિધિ સરજત હરિ ઇચ્છિત દેહી, માનવ તનુ લખ પ્રફુલ્લિત તેહી
ચાહત સદ્‌ગતિ પાય સુકર્મી, નિગમ અગમ ફલપેખત ધર્મી
ભવ ભટકત સબ જન્તુ બિશેખે, માનવ સફલ સન્તજન પેખે
કામ ક્રોધ મદ દેવત ત્યાગી, દૈન્ય દયા હરિપદ અનુરાગી
ખલ સંગત સજ્જન ભય ભારી, ધરમ કરમ સબ દેત નિવારી
ફલિત બાટિકા સન્ત સુખારી, ખલ જન ઇન પર હિમકણ વારી
દુર્ગુણ તજ સદ્‌ગુણ ચિત્ત લેવેં, અભય એક હરિ આશ્રય સેવેં
નિજ કુલકી ઉત્તમ કૃતિ કૈસી, મનુ મુનિવર ગૃહસ્થાશ્રમ જૈસી
વૈદિક વૈષ્ણવ ધરમ નિવાસી, પરંપરા હરિપદ અભિલાષી
મોરે મન પ્રકટત અભિલાષા, હરિ સ્વરૂપ હોવે મમ વાસા
સત્ય કહત સુનિયે સબ ભ્રાતા, બિકલ ન હોય તુમ્હારી માતા

માતુ સુખદ સુત આયસુ ધારેં, મમ વિયોગ ભય રોષ નિવારેં
વેલ્લિનાટિ કુલકી મર્યાદા, વિહિત કર્મ કારયે તજ બાધા
સુત બિઠાય ભટજી ઉપદેશે, સંપત્તિ ભાગ કરત અવશેષે
ગૃહ ધ્યાન ધામ ધરાકે સ્વામી, દેવત રામકૃષ્ણ સુત નામી
જેષ્ઠ તનય સબ ધારન નીતી, લૌકિક કાર્ય કરન કુલરીતી
વલ્લભ અનુજ જનમ લિય કાશી, રામચંદ્ર કેશવ પુરિશાશી
લછમન ભટ માતામહ જેહી, વાસી અવધપુરીકે તેહી
યહ સુત વિધિ સહ દત્તક દીને, માતામહ પ્રફુલિચિત કીને
વિવિધ વચન સુત દ્વય સંતોષે, સુતા ઉચિત દેવત ધન પોષે

દોહા બૈઠાવત નિજ શિષ્ય જન, કહત બચન સમજાય;
શ્રીવલ્લભ જગદીશ સમ, સાદર કરેં સહાય.
કહત બચન સબ શિષ્ય મિલ, પેખત પ્રકટ પ્રતાપ;
કિંકર બન સેવેં સદા, તજિયે સંશય આપ.
કહત ઇલ્લંમાગારુસોં, લછમન ભટ બુલવાય;
શ્રીવલ્લભ યાત્રા કરેં, દેવેં બેગિ બિદાય.
પુનિ નિરખત દ્વિજ રાજ, સજલ ભયે પિતુ નૈન;
ધન્ય ભાગ્ય મમ કુલ સહિત, ભટજી બોલે બૈન.
પૂર્વ પુરુષ સબ ધન્ય મમ, સત્ય કૃત્ય સબ કાજ;
મમ આજ્ઞાકારી ભયે, મખ ભોક્તા મહારાજ.
નિજ મારગ મંડન કરન, પ્રકટે મમ ગૃહ આય;
બાત વિચારત હૃદયસે, મમ મતિ થાહ ન થાય.
મેં ભિક્ષુક ઇનકા સદા, યહ દેવન કે દેવ;
દેઓં ઇન ઇચ્છિત કછુ, ચાહત વહ હરિ સેવ.

નોંધ :- શ્રી લક્ષ્મણભટજી શ્રીવલ્લભને શું આપવું તે વિચારવા લાગ્યા. લૌકિક સંપત્તિ તેમના કામની નથી. પૂર્વોત્તર વિચાર કરતાં સંપત્તિમાં ભાગ તો આપવો પણ જે નિધિની સેવા કુલ પરંપરાગત કરતા શ્રીવલ્લભરૂપી નિધિ પ્રકટ થઈ. તે નિધિનો અધિકાર શ્રીવલ્લભને જ હોવો જોઇએ તેથી આ સર્વોત્તમ નિધિ શ્રીવલ્લભને પિતાજી આપી રહ્યા છે.

(૧) શ્રી બ્રહ્માજીની સેવ્ય વિષ્ણુ શિલા (શાલીગ્રામ)
(૨) શ્રી મદનમોહનજી યજ્ઞકુંડમાંથી પ્રકટ થયેલ તે.
(૩) શ્રી મુકુંદરાયજી વિષ્ણુસ્વામીના આચાર્યો દ્વારા પ્રાપ્ત.
(૪) શ્રીમદ્ ભાગવત શ્રીવલ્લભ ભટનું શ્રીહસ્ત લિખીત.

તે ચાર નિધિરૂપ શ્રીવલ્લભને પધરાવી આપ્યા. (ક્રમશઃ)

સમાચાર

(૧) આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા, રાજકોટ વૈષ્ણવ સમૂહ તથા સર્વોત્તમ સ્તોત્ર મંડળના સંયુક્ત ઉપક્રમે ૫૧૦૦૦ –એકાવન હજાર શ્રી સર્વોત્તમ સ્તોત્ર પાઠનું આયોજન કરવામાં આવેલ. શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી, શ્રી મદન મોહનજી હવેલી (લક્ષ્મીવાડી), શ્રી શ્યામલાલજી હવેલી, શ્રી ગોવર્ધનનાથજી હવેલી, શ્રી ત્રિકમરાયજી હવેલી એ દરેક હવેલી તેમજ સાંપ્રદાયિક સંસ્થાઓના સહકારથી પૂર્ણ થયેલ. પ્રાકટ્યદિને શોભાયાત્રા **અને** શ્રી સાતસ્વરૂપ હવેલીમાં સભાનો કાર્યક્રમ યોજાયેલ તેમાં પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન)ના વચનામૃત તેમજ વિદ્વાનોના પ્રવચન થયેલ.

(૨) પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને ચિ. પૂ. પા. ગો. શ્રી રાજીવલોચનજી, ચિ. પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી (ગટુબાવા) અને ચિ. પૂ. પા. ગો. શ્રી ગોપિકાલંકારજી (ગોપીબાવા) તથા પુ. પા. ગો. શ્રી પુરુષોત્તમ લાલજી (પંકજબાવા)ની ઉપસ્થિતિમાં શ્રીમદનમોહનજી હવેલી પંચનાથ પ્લોટમાં સ્તોત્ર પાઠ, મહિલા મંડળના રાસ–ગરબા,વધાઈ કીર્તન તથા વચનામૃતના કાર્યક્રમથી ઉજવવામાં આવેલ.

(૩) શ્રી મદનમોહનજી હવેલી (લક્ષ્મીવાડી) માં રાત્રે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન) ના અધ્યક્ષ સ્થાને વધાઈ, કીર્તન, રાસ, હીંચ હમચીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

પાટડી–આં. રા. પુ વૈ. પરિષદ, પાટડી શાખાના ઉપક્રમે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ તેમાં શોભાયાત્રા નીકળેલ અને તે દિવસે ગાયોને ૨૦૦૦ કીલો ઘાસ નાખવામાં આવેલ. આ ઉપરાંત પૂ. પા. ગો. શ્રી નટવરગોપાલજીની આજ્ઞાથી વૈષ્ણવ મંડળી કીર્તન કરવા જાય તેમાં આવેલી ભેટ ગૌસંવર્ધનમાં વાપરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ચૈત્ર વદી ૧૧ થી રોજ ૫૦ ગાયોને ઘાસ નિરણ નાખવામાં આવે છે. હજી બે માસ સુધી આ કાર્ય પાટડી શાખા દ્વારા ચાલુ રહેશે.

ધોરાજી–આં. રા. પુ. વૈ. પરિષદ, પાટડી શાખાના ઉપક્રમે અને પૂ. પા. ગો. શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી અને પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

પોરબંદર :– અત્રે સ્થાનિક ૭ સંસ્થાઓના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજના પ્રમુખ સ્થાને પુષ્ટિ માર્ગના પ્રણેતા શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી નો ૫૧૦ મો/જયંતી મહોત્સવ ચૈ. વ. ૯–૧૦–૧૧ તા. ૨૨–૨૩–૨૪ એપ્રીલના ત્રણ દિવસો પર્યંત 'શ્રી ગોવિન્દ નિકેતન' માં ભવ્ય સમારોહથી ઉજવાયો છે.

તા. ૨૨–૪ ના યોજેલ સાંજના ૬–૦૦ થી ૮–૩૦ ની સભાનુ કામકાજ ઉત્સવ નાયકને પુષ્પ માળા અને વધાઈ ગાન પછી પ્રમુખ વકતા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ સવા કલાક પર્યંત ષોડશગ્રંથ ઉપર મનનીય પ્રવચન કર્યું હતુ. અને પૂ. પા. પ્રમુખશ્રીએ પોતાના સમર્થક પ્રવચનમાં ષોડશગ્રંથની વિશીષ્ટતા ઉપર પ્રકાશ પાડયો હતો. આભાર વિધી શ્રી નરસિંહભાઈ દેવાણીએ કરી હતી.

તા ૨૩-૪ ની સાંજની સભામાં પ્રમુખ વકતા પૂ. પા. ગૌ. શ્રી ગોવિંદરાયજી મહારાજ હતા. એઓશ્રીએ શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્ય સમયે ભારતની ધાર્મિક, સામાજીક અને રાજકીય વિકટ પરિસ્થિતી ઐતીહાસીક રીતે સમજાવી આવા સમયમાં શ્રી મહાપ્રભુજીએ જે ધર્મ પ્રચારનુ કાર્ય કર્યું હતુ તે દર્શાવ્યુ હતુ. ત્યારબાદ 'વૈશ્વાનર' ના તંત્રી શ્રી પ્રેમલાલભાઈ મેવચાએ શ્રી મહાપ્રભુજીના જીવનના પ્રેરક પ્રસંગો પ્રસ્તુત કર્યા હતા. ત્રીજા દિવસે વૈષ્ણવ વિદ્યાર્થી-વિદ્યાર્થીઓની ૫ વિષયો ઉપર વકતૃત્વ સ્પર્ધા હતી જેમાં ૧૭ બાલક-બાલિકાઓએ ભાગ લઈ પોત પોતાના વિષયને સારો ન્યાય આપ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયકો શ્રી પ્રેમલાલભાઈ મેવચા તથા રાણાવાવ વાળા શ્રી વલ્લભદાસભાઈ માસ્તર હતા. બન્નેએ આપેલા ગુણાંક ઉપરથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે આવેલ બાલક-બાલીકાઓને પૂ. પા. પ્રમુખશ્રીના વરદ હસ્તથી પ્રસાદ ભરેલા સ્ટીલના કટોરા આપ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રસાદ ભરેલા સ્ટીલના વાટકા આપવામાં આવ્યા હતા. શ્રી વલ્લભાધીશના જયઘોષ વચ્ચે ત્રણ દિવસનો ભવ્ય કાર્યક્રમ સુચારુ સંપન્ન થયો હતો. ત્રણેય દિવસો સુધી સભાસ્થાન વૈષ્ણવોથી ખિચોખિચ ભરાયેલુ રહ્યું હતુ.

સુરત :-શ્રી ગુસાઈજીના છઠાલાલજી શ્રીયદુનાથજીનો ૪૨૯ મો ચૈત્ર સુદ ૬ પ્રાદુર્ભાવ મહોત્સવ પૂ. પા. ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં અને પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણરાયજી પૂ પા. ગો. શ્રી કલ્યાણરાયજી તથા સોમયાજી પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીની ઉપસ્થિતિમાં ખૂબ ધામ ધુમથી ઉજવવામાં આવ્યો. તેમાં વધાઈ-કીર્તન, રાસ-ગરબા-હીંચહમચી વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા વચનામૃતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશાળ વૈષ્ણવ જનતાએ આ અલૌકિક સમારોહનો લાભ લીંધેલ.

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા, શુદ્ધાદ્વૈત સિદ્ધાંત પ્રસ્થાપિત કરનાર, સ્ત્રીઓ-શુદ્રોનો ઉદ્ધાર કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાબટ્ય મહોત્સ ચૈત્ર વદી એકાદશીના દિવસે આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની અપીલને માન આપી પરિષદની બધી જ શાખાઓએ પ્રભાતફેરી, શોભાયાત્રા, પ્રવચનો વિગેરેનું આયોજન કરવા ઉપરાંત દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારમાં સુખડી અને ઘાસચારો અર્પણ કરવાનો કાર્યક્રમ અપનાવી મહોત્સવને વિશિષ્ટ રીતે ઉજવવામાં આવ્યો હતો. એવું આં. પુ વૈ. પ, ના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ એમ. શેઠે અત્રેની મુલાકાતમાં જણાવ્યું હતું.

રાધનપુર, મેઘરજ, છોટા ઉદેપુર, બોડેલી, સંતરામપુર, જામયબર, માણાવદર, વિગેરેના દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારોમાં પરિષદ તરફથી બે હજાર કિલો સુખડીનું વિતરણ અને બે કેટલ કેમ્પ, બે આશ્રમ, બે ગૌશાળામાં ઘાસનું વિતરણ પૂ. શ્રી. યોગેશભાઈ શાસ્ત્રી અને પ્રોફે. ચીમનભાઈ શેઠના વરદ્ હસ્તે કરવામાં આવ્યું મેઘરજના કસાણા આશ્રમના શ્રી વલ્લભભાઈ પુનમચંદ દેશી, સીસોદરા આશ્રમના શ્રી ત્રીભોવનદાસ પટેલ, પ્રોફે. ગોપાલભાઈ તથા સ્થાનના આગેવાનો આવા સેવાકીય કાર્યમાં જોડાયા હતા.

પરિષદ તરફથી હજુ ઘાસ અને અનાજનું વિતરણ કરવામાં આવનાર છે એવું સંગઠન મંત્રીશ્રી જણાવે છે અને વૈષ્ણવ ધર્મને ચરિતાર્થ કરવા સૌ સેવાભાવી લોકોને આવા સેવાકીય કાર્યમાં સહકાર આપવા અપીલ કરે છે.

જામનગર-આં. રા. પુ. વૈ. પરિષદની જામનગર શાખાના ઉપક્રમે એક જાહેર સભા તા. ૧૧-૪-૮૭ ના રોજ શાખા પ્રમુખશ્રી જેઠુભાઈ બદીયાણીના અધ્યક્ષ સ્થાને ભરવામાં આવી હતી. આ સભાને સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે તથા શ્રીયુત યોગેશભાઈ શાસ્ત્રીએ સંબોધતા કહેલ કે વર્તમાન સમયમાં ગુજરાતમાં

પ્રવર્તતી દુષ્કાળ ગ્રસ્ત સ્થિતિમાં પંશુધન બચાવવા માટે પરિષદ દ્વારા ઘાસચારો પૂરો પાડવા અનુરોધ કરતા સભામાં જ રૂા. બે હજાર જેટલું ફંડ નોંધાયેલ અને વિશેષ ફંડ નોંધણીનું કાર્ય ચાલુ રાખેલ છે.

ચંપારણ્ય–શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાકટ્ય સ્થલના બેઠકજીમાં મંદિર ટ્રસ્ટ દ્વારા તા. ૨૧ થી ૨૭ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાયેલ પ્રધાન વ્યાસપદે શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળા બિરાજયા હતા. દેશ વિદેશના વૈષ્ણવોની વિશાળ હાજરી હતી પ્રારંભ દિને શોભા યાત્રામાં ગોસ્વામી બાળકો બેટીજી ખુલ્લા ચરણારવિંદે પોથી સાથે પધાર્યા હતા. પૂ. પા. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ શ્રી એવં પૂ. ગો શ્રી દ્વારકેશજી મહોદયજીએ ભાગવતજીનું પૂજન કરેલ. પ્રસાદી ઉપરણાથી વ્યાસજીનું સન્માન કરેલ શ્રી કૃષ્ણદાસભાઈ અઢિયા એ પ્રસંગોચિત પ્રવચન તથા આભાર દર્શન કરેલ.

આગોતરા નામ નોંધાવો

શેઠ નારણદાસ અને જેઠાનંદ આસનમલ ચેરિટીઝ ટ્રસ્ટસ તરફથી વર્ષોત્સવ તથા નિત્યનો કિર્તનોના ત્રણ પુસ્તકો બેથી ત્રણ માસમાં પ્રકાશિત થનાર છે. તે નીચેના સરનામે ડિપોઝીટ ભરી આગોતરા નામ નોંધાવી શકાશે.

(૧) વર્ષોત્સવના કિર્તનોના બે પુસ્તકોની ડિપોઝીટ રૂા. ૪૦

(૨) નિત્યના કિર્તનોના એક પુસ્તકની ડીપોઝીટ રૂા. ૨૦

શેઠ નારણદાસ અને જેઠાનંદ આસનમલ
ચેરીટીઝ ટ્રસ્ટસ ૨૩૬, કાલબાદેવી રોડ, **મુંબઇ** ૪૦૦૦૦૨. ટે નં. **૩૧૦૫૯૮**

ગ્રંથસમીક્ષા

છપ્પન ભોગનાં ધોળ : લેખક મરજાદી શ્રી પોપટલાલ રામજીભાઈ બામણ ગામ વાળા.

થોડા સમય પહેલાં જ મરજાદી શ્રી પોપટલાલભાઈ તરફથી પ્રસિદ્ધ થયેલ 'વિવિધ ધોળ પદ સંગ્રહ' માંથી માત્ર છપ્પન ભોગનાં ધોળ અહીં આપવામાં આવેલ છે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ધોરાજી શાખા તરફથી પુષ્ટિ માર્ગીય ઉત્તમ ગ્રંથોનું પ્રકાશન બહોળા પ્રમાણમાં થતું રહ્યું છે. તેમનું આ ભાવ ભરપૂર પ્રકાશન પણ એટલું જ પ્રશંસનીય છે.

છપ્પન ભોગનાં ધોળ એ માત્ર કલ્પનાઓથી લખાયેલાં નથી, પરંતુ ગુરુગૃહ પ્રત્યે અત્યંત આસકિત હોવાથી આદિથી અંત સુધી છપ્પન ભોગની વિધિને સક્રિય બનીને, તન્મયતાથી નજરે નિહાળીને અને પછી ગુરુ–આશીર્વાદથી જે અંતરના ઉદ્ગારો કાવ્ય રૂપે નીકળ્યા તે આમાં સંગ્રહાયેલા છે. મૂળ પુસ્તક તો હવે અપ્રાપ્ય છે, જેમાંથી આ છપ્પન ભોગનાં ધોળ પ્રસિદ્ધ કરાયેલાં છે. તેની પૃષ્ઠ સંખ્યા ૪૦ છે.

છપ્પન ભોગની વિધિ તો જવલ્લે જ સાંભળવામાં આવે છે અને એનાં પ્રત્યક્ષ દર્શન તો એથીયે અકલ્પ્ય છે. પરંતુ એનું સ્મરણ સદાય મનમાં બની રહે માટે મહાનુભાવી, તાદૃશ ભકત જન અને મરજાદી

કે જેમણે આવાં પદ્યો રચીને વૈષ્ણવ જનો ઉપર મહાન ઉપકાર કર્યો છે. પરંતુ તેની સાર્થકતા તો એવાં પદો છપાઈને ઘેર ઘેર પહોંચાડાય અને પછી સદા સર્વદા એનાં મધુર ગાન ગવાય, ગવરાવાય કે સંભળાવાય અને એ રીતે વૈષ્ણવોમાં તેની તેવી સ્મૃતિ સ્થાયી બની રહે તે અત્યંત જરૂરી છે. એ રીતે આ પુસ્તિકાનું પ્રકાશન અત્યંત મહત્ત્વનું બની રહે છે. વૈષ્ણવ જનો તેનો પૂરો લાભ લે એ જ અભ્યર્થના!

આમ તો આ પુસ્તિકાનો ઉદ્દેશ શ્રી અખિલ ભારતીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ, ધોરાજી શાખા તથા અ. ભા. પુ. વૈ. પરિષદ, ધોરાજી શાખા સંચાલિત પથિકાશ્રમનો સને ૧૯૮૬–૮૭ નો હિસાબ બહાર પાડવા પૂરતો જ છે, તેમ છતાં પુષ્ટિ માર્ગીય કંઈક વિશેષ સાથોસાથ આપવું, એવો હેતુ પણ રખાયો છે. તેમ હોવાથી આ પુસ્તિકા વેચાણ માટે નથી, પરંતુ તેના સભ્યો અને સંબંધિત જનોને આપવાના હિસાબની જાણ માટે જ છે.

શ્રદ્ધાંજલિ

(૧) જુનાગઢ મોટી હવેલીમાં બિરાજતા. નિ. લી. પૂ. પા. ગોસ્વામી શ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રીના વહુજી પૂ. ચંદ્રપ્રભાવહુજી મહારાજના તા. ૪–૫–૮૭ના રોજ નિત્ય લીલા પ્રવેશથી આપશ્રીને "શ્રદ્ધાંજલિ" અર્પણ કરવા તેઓશ્રીનાં ગોદ પધારેલ લાલજી પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહોદયના પ્રમુખસ્થાને એક સભા મોટી હવેલી ચોકમાં તા. ૭–૫–૮૭ના રોજ મળેલ. આ સભામાં સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોની ઉપસ્થિતિ મોટી સંખ્યામાં થયેલ. પ્રસંગોચિત પ્રવચનો થયા બાદ સમૂહમા "શ્રીકૃષ્ણાશ્રય"નો પાઠ કરવામાં આવેલ.

(૨) અાં. રા. પુ વૈ પરિષદ જુનાગઢ શાખાના ઉપક્રમે તા. ૯–૫–૮૭ના રોજ પ. ભ. શ્રી નાનજીભાઈ મેખડીવાલાના પ્રમુખસ્થાને નિત્ય લીલાસ્થ પૂ. ચંદ્રપ્રભાવહુજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી બે મીનીટ મૌન ભગવદ્ નામ સ્મરણ કરેલ.

પૂ. ગો. ચંદ્રપ્રભાવહુજી મહારાજના નિત્ય લીલા પ્રવેશથી શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ અને શ્રીવલ્લભ સુધાનું સંપાદક મંડળ દુ:ખની લાગણી અનુભવે છે. આપશ્રીના કુટુંબીજનો અને સેવકો પર આવી પડેલ આ ભૌતિક દુ:ખ અને આઘાતમાં સમવેદના વ્યકત કરે છે.

–શ્રી વ. વિ. પ્રકાશન સમિતિ.

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૧૧ તા. ૮-૬-૮૭ સોમવાર ભીમ અગીયારસ, નિર્જલા એકાદશી વ્રત.

જેઠ સુદ ૧૨ તા. ૯-૬-૮૭ મંગળવાર વટ સાવિત્રી વ્રતનો પ્રારંભ.

જેઠ સુદ ૧૩ તા. ૧૦-૬-૮૭ બુધવાર શિક્ષાપત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૪૯) ચૌદશનો ક્ષય હોવાથી આજે.

જેઠ સુદ ૧૫ તા. ૧૧-૬-૮૭ ગુરુવાર વટ સાવિત્રી વ્રત. સ્નાનનું જળ ભરવું, તેનું અધિવાસન કરવું. પૂર્ણિમા મન્વાદિ તિથિ.

જેઠ સુદ ૧ તા. ૧૨-૬-૮૭ શુક્રવાર જયેષ્ઠા નક્ષત્ર આજે છે. જયેષ્ઠાભિષેક-સ્નાનયાત્રા

જેઠ વદ ૧૧ તા. ૨૧-૬-૮૭ રવિવાર યોગિની એકાદશી વ્રત.

અષાઢ સુદ ૩ તા. ૨૯-૬-૮૭ સોમવાર રથયાત્રા પુષ્ય નક્ષત્ર આજે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આસુર વ્યામોહ લીલા (સં. ૧૫૮૭)

અષાડ સુદ ૫ તા. ૧-૭-૮૭ બુધવાર શ્રી દ્વારકાધીશજીનો પાટોત્સવ (કાંકરોલી) ગ્રીષ્મ ઋતુ પૂરી થઇ.

અષાડ સુદ ૬ તા. ૨-૭-૮૭ ગુરુવાર કસુંબા છઠ્ઠ, રંગીન વસ્ત્રનો આરંભ દક્ષિણના શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ. શ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. વર્ષા ઋતુની શરૂઆત થઇ ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૧૦ તા. ૬-૭-૮૭ સોમવાર એંગણુ દશમ.

અષાડ સુદ ૧૧ તા. ૭-૭-૮૭ મંગળવાર દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસનાં વ્રતના નિયમનો આરંભ. ધારણા પારણા વ્રત.

મેળવવાનું એક બાકી છે

એકાશ્રયીને માટે તો શ્રીનું વિસ્મરણ પલક પણ ન થવું જોઈએ, એ મહત્વનું છે. કાળનું ચક્ર ફર્યા કરે છે. આપણે અંગીકૃત જીવો અભય છીએ. આપણું કર્તવ્ય સેવા-સ્મરણ છે. ભગવદ્ સંગ મળતો રહે છે એ સદ્ભાગ્ય છે. ભગવદ્ ચિંતન કરીને સર્વદા ચિત્તને ભગવદ્ સન્મુખ રાખી. સતત્ આર્તિ રાખવી. પ્રભુએ દીધેલાં સુખ તરફ દ્રષ્ટિ રાખવી. તો દુઃખો નહિવત લાગશે. જીવોને અપાર સુખ દીધું છે. જીવની દ્રષ્ટિ દુઃખો તરફ રહેતી હોવાથી પ્રભુનું વિસ્મરણ થાય છે અને લૌકિક સુખોની વાંછના વધતી જાય છે. જીવ, જંતુ, પશુ, પક્ષી વગેરે અનેક યોનિમાંથી ઉત્તરોત્તર મનુષ્ય જન્મ ભુતલ પર આપ્યો. ભગવદીયને ત્યાં જન્મ્યા. બ્રહ્મસંબંધ થયો. વલ્લભીઓનો સત્સંગ પ્રાપ્ત થયો. ભગવદ્ ભાવનું દાન થયું. અજાણ્યા જગતમાં પોષણ થયું, થાય છે અને થશે. ઘણું બધું મળ્યું. મેળવવાનું એક બાકી છે ભગવદ્ પ્રાપ્તિ, સ્મરણ, ભજન, ચરણકમલનો દ્રઢાશ્રય.

-- પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ (અરાદ)

[illegible]

[ઓ નીલ ગગનના પંખેરું-એ ગીતના રાગમાં]

ઓ વ્રજવાસી પ્રિય શ્યામ સખા, શ્યામ સખા,
તું કાં નવ દર્શન આપે, અને કેમ હરિ તલસાવે ...ઓ.

વર્ષ હજારો ક્યાં વિખૂટો હું રહ્યો તારાથી,
નક્કી તેમાં દોષ કરોડો થયા હશે મારાથી,
હોય દયાળુ માફ કરી દો સ્વામી,
પ્રભુ છો તમે અંતરયામિ ...અને કેમ હરિ...

મુરલી બજૈયા, ધેનુ ચરૈયા, રાસ રચૈયા સ્વામી,
મોર-મુગટ, પિતાંબર ધારી, વનમાળી ગિરિધારી,
આપો હરિ રે દર્શન આજે ભારી,
ક્યારે નીરખું મૂરત હું તારી...અને કેમ હરિ...

મથુરામાં હરિ જન્મ ધરીને, ગોકુળમાં ઉછરી રહ્યા,
વૃન્દાવનમાં રાસ કરીને, વ્રજભૂમિમાં ખેલ્યા,
ગોપીજન વલ્લભ શ્રીનંદ કુમારા,
થાક્યાં નયનો આ મારાં...અને કેમ હરિ...

કાળિયનાગથી, અઘાસુરથી, દાવાનળથી વહાલા,
સંકટમાં તો રક્ષા કીધી, ગોકુળની તે વહાલા,
ઇન્દ્ર તણો તે ગર્વ હર્યો ગિરિધારી,
ગુણ ગાયે સહુ વ્રજ-નારી...અને કેમ હરિ...

'કુસુમાયુધ'ના અંતરમાં, રસેશ્વર વનમાળી
વેણુ બજાવી ભજન કીધાં, સહુ સંગ વનમાં આવી,
કેમ હવે ચિત્ત છોડી ગયા છો અમને ?
શોભે નહિ આવું તમને...અને કેમ હરિ...
ઓ વ્રજવાસી પ્રિય શ્યામ સખા, શ્યામ સખા...

—જયંત ગાંધી 'કુસુમાયુધ'
જુનાગઢ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક
અને પ્રકાશક—રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રીવલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

પવિત્રા કે હિંડોરા

રાગ–મલ્હાર

પવિત્રા પહરે નંદકુમાર ।
પેહેર પવિત્રા ઝુલન લાગે,
અતિ સે પરમ ઉદાર ॥૧॥
ચંચલ ચપલ મનોહર મૂરત,
અતિ શોભા સુખ સાર ।
'કૃષ્ણદાસ' પ્રભુ કુંવર લાડિલે,
શ્રી ગોવર્ધન સુખ સાર ॥૨॥

–ભકત કવિ કૃષ્ણદાસજી

* * *

વર્ષ ૬ : અંક ૪ જુલાઈ, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, સવજીભાઈની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

ચોરાસી કોશ વ્રજ પરિક્રમા કરવા જનારને વિજ્ઞપ્તિ પત્ર

તમે પ્રેમે પરિક્રમા કરજો, ચોરાસી કોશ ફરજો, વલ્લભવરના ગુણ ગાજો.
પ્રેમ ભાવે ભવસાગર તરજો, રસિકવરને વરજો, વલ્લભવરના ગુણ ગાજો.
આંતર મનથી વલ્લભવરને મળજો, માથે રજ ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્રજમાં વ્રજવાસીઓને જઈ મળજો, ભગવદ્‌સંગ કરજો, વલ્લભવરના ગુણ ગાજો.
પયપાન યમુના માનાં કરજો, માને હૈયે ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
યમુના મૈયાને વિનતિ કરજો, કરજોડી કરગરજો, વલ્લભવરના ગુણ ગાજો.
ઓ મા ! કરૂણા કરી હૃદયે રહેજો, શરણ અમને દેજો, વલ્લભવરના ગુણ ગાજો.
સમરણ હરિનું ભક્તિ હરિની દેજો, યમુના માને કહેજો, વલ્લભવરના ગુણ ગાજો.
વિરા, વિશ્રામ નિયમ લેજો, ભક્તિ ભાવે રહેજો, વલ્લભવરના ગુણ ગાજો,
વાટે ઘાટે કુંજે કુંજે ફરજો, વ્હાલાજીને મળજો, વલ્લભવરના ગુણ ગાજો.
નિત્ય રાસલીલાઓ નિરખજો, અંતરિયે હરખજો, વલ્લભવરના ગુણ ગાજો.
પૂર્ણ પ્રેમે પ્રીતમને પીછાણજો, નટવરને પરખજો, વલ્લભવરના ગુણ ગાજો.
શ્રદ્ધા ભક્તિ એ દર્શન કરજો, વિશ્વાસે વળગજો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્રજમાં નિત્ય વસે નંદલાલો, ગોપીજનનો વહાલો, વલ્લભવરના ગુણ ગાજો.
પુષ્ટિ પંથ છે ખૂબ નિરાળો, કૃપા સાધ્યવાળો, વલ્લભવરના ગુણ ગાજો.
આર્તનાદે વિરહ સાદ કરજો, વહાલાનું ધ્યાન ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
રાધેશ્યામ રટણ રોજ કરજો, ઘડી ઘડીએ ગુણ ગણજો, વલ્લભવરના ગુણ ગાજો.
અમૂલખ અવસરીયો અનુભવજો, સત્સંગ નિત્ય કરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વિરા ! ધન્ય ઘડી ધન્ય ગણજો, વ્હાલાને વિનવજો, વલ્લભવરના ગુણ ગાજો.
તમને વ્રજમાં વ્હાલાના વ્હાલા મળશે, આશાઓ સઘળી ફળશે, વલ્લભવરના ગુણ ગાજો.
કાને કૃષ્ણ કથામૃત ધરજો, નયણે નીર ભરજો, વલ્લભવરના ગુણ ગાજો.
ફેરો અમૂલ્ય તમારો આ ફળજો, વચન ઉરે ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્હાલે તમ પર કરૂણા રે કીધી, અમૂલ્ય તક દીધી, વલ્લભવરના ગુણ ગાજો.
આશ્રય વલ્લભવરનો જ ધરજો, નિર્ભય થઈને ફરજો, વલ્લભવરના ગુણ ગાજો.
આખા વ્રજને જ ગોલોક ગણજો, અષ્ટાક્ષર ભણજો, વલ્લભવરના ગુણ ગાજો.
સમરણ સેવા અહર્નિશ કરજો, ધીરજ હૈયે ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્રજમાં શરમ છોડી શ્રમ કરજો, દયા દિલ ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વિરા ! પૂર્ણાનંદે દૃગ ભરજો, નિંદા પરહરજો, વલ્લભવરના ગુણ ગાજો.
ત્યાં તો દેવાનું કારજ કરજો, દીધેલું વિસરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્હાલા ! દુનિયા મુસાફરખાનું, કશું યે ના પોતાનું, વલ્લભવરના ગુણ ગાજો
જગમાં મૃગજળ જેવી છે માયા, પરભારી જયાં કાયા, વલ્લભવરના ગુણ ગાજો.
ધન, ધામ, ધરા, અન્નદાણો, પ્રીતમજીને જાણો, વલ્લભવરના ગુણ ગાજો
સગાં, સંબંધિ, માલ ખજાનો, અહીંનો અહીં રહેવાનો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્હાલા ! વેરી હશે રંક કે રાણો, જનમ્યો એ જવાનો વલ્લભવરના ગુણ ગાજો.
તમે આનંદે પરિક્રમા કરજો, ભગવદીયોને મળજો, વલ્લભવરના ગુણ ગાજો.
સૌને ભગવદ્ સ્મરણ મારા કહેજો, કાગળ લખતા રહેજો, વલ્લભવરના ગુણ ગાજો.

(જુઓ ટાઇટલ ૩જું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૪ ✻ શ્રીવલ્લભાબ્દ ૫૦૯ ✻ જુલાઈ, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

॥ શ્રી હરિઃ ॥

સોચ સમજ વિચાર

લેખક : પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

આક્ષેપો અને પ્રત્યાક્ષેપો થકી આપણા મન જ દૂષિત થાય છે. પણ તેનાથી પરિસ્થિતિ કે સમસ્યાઓનું સમાધાન થતું નથી, ઉલટા વિવાદો વધે છે.

આવા વિવાદોના આપણા મન ઉપર ઉંડા પ્રત્યાઘાતો પડે છે. તેના થકી ભગવદ્‌ભાવ અને સ્વધર્મની શ્રદ્ધા મનથી નિકળી જાય છે.

આમ મલિન મનમાં ભગવાનનું અને ધર્મનું સ્વરૂપ ચિન્તન કઇ રીતે થઈ શકે તે વિચારીને સ્થાન આપવું નહીં એજ યોગ્ય છે.

આવી ચર્ચાઓથી જ્યારે ઉદ્‌વેગ થાય ત્યારે તેને દુર કરી સ્વધર્મની સેવા કેમ કરવી તેનો માર્ગ શ્રી મહાપ્રભુજી આપણને વિવેક ધૈર્યાશ્રયમાં સ્પષ્ટ રીતે બતાવે છે. જે વૈષ્ણવો તેનો પાઠ કરતા હોય તે મનન કરશે તો આત્મશાંતિ મળશે.

જ્યારે આત્મશાંતિ મળશે અને મગજનું સમતોલપણું જળવાશે તો વિચારશકિત ખિલશે આજે આપણે શાંતિ અને સમતોલપણું ગુમાવી બેઠા છીએ. આ ખામી આજે બતાવી આપે છે કે આપણે સ્વધર્મનું વ્યવસ્થિત ચિંતન કર્યું નથી. અને તેના વહેવારિક દ્રષ્ટિ બિંદુને સમજી જીવનમાં ચાલી શકયા નથી. જો આપણે સાચા અન્તઃકરણથી સિધાંતોને સમજી અને આપણી ખામીઓ જાતેજ દુર કરી દઇએ તો આપણને જ લાભ થશે. બીજા આપણી ક્ષતિઓ દુર કરી શકે નહીં. તે તો આપણે જ વિચારીને દુર કરવાની હોય છે. આ વાત આપણા સાહિત્યમાં સ્પષ્ટ તરી આવે છે. “અપનો દોષ વિચાર” આ વૈષ્ણવ ભકતોની વાણીમાં જે ભાવો અભિવ્યકિત પામ્યા છે. તેનું ચિંતન કરીને જો આપણા સમાજમાં દરેક સુધાર કરે તો સુમેળ થકી વાતાવરણ સરસ બને અને ભકિતભાવ થકી સહુના દુષણો દૂર થાય તો સહજમાં સુખં મળે તેમાં કંઈ નવાઇ નહિં જ્યારે આ ભકિતભાવના મનમાંથી નિકળી જાય અને મનમાં અહંકાર વધે ત્યારે આપણા લૌકિક વિચારો અલૌકિક ભાવોને પ્રભાવિત કરે છે. આ સ્થિતિમાંજ કલેશ આદિના ઉપદ્રવો થાય છે. જેના થકી વ્યવહારમાં આપણને અનેક વિટંબણાઓ ઉભી થાય છે. આ કષ્ટ કારક થાય છે. અને તે કષ્ટો આપણે ભોગવીએ છીએ જો આપણા લૌકિક વિચારોને અલૌકિક ભાવથી પ્રેર્યા હોય તો આવી સ્થિતિ ઉત્પન્ન ન થાય અલૌકિક ધર્મથી પ્રેરિત વિચારો થકી મનને સમાધાન રહે છે અને તેવી ભાવના દરેક સ્થિતિમાં માણસને સંભાળી લેવાની શકિત ધરાવે છે.

શ્રી મહાપ્રભુ ધર્મની સાથે આવા વ્યવહારિક અનેક આદેશો આપણને સરળતાથી સમજાવે છે. આવી આચાર્ય આજ્ઞાઓનું મનમાં સ્મરણ કરી તેનો અભ્યાસ જીવનમાં વૈષ્ણવજનો કરે તો જીવનમાં સુખ સાંપડી શકે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૩મો)

વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાંકઃ
પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।
નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ
પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે ॥૩૯॥

આપ વાયુ, યમ, અગ્નિ, વરુણ, ચંદ્ર, બ્રહ્મા અને બ્રહ્માના પણ પિતા છો. આપને હજારોવાર નમસ્કાર, નમસ્કાર હો, અને ફરીથી પણ આપને નમસ્કાર, નમસ્કાર ॥૩૯॥

'વાયુઃ' વગેરે શબ્દોથી આગળ કહે છે. વાયુ એટલે સર્વના પ્રેરક, સર્વના પ્રાણરૂપ આપ છો. યમ એટલે સર્વનું નિયમન કરનાર આપ છો. અગ્નિ એટલે સર્વના આધારરૂપ આપ છો. વરુણ એટલે જલના અધિપતિ, બધા રસોથી તૃપ્ત કરનાર આપ છો. શશાંક એટલે ચંદ્ર, સર્વને આનંદ પમાડનાર આપ છો. પ્રજાપતિ એટલે બ્રહ્મા, સર્વના ઉત્પાદક આપ છો. વળી, પ્રપિતામહ એટલે બ્રહ્માના પણ પિતા આપ છો તેથી સર્વ સ્વરૂપે આપ રહેલા છો, એમ હોવાથી પહેલાં કહેલ તેવા તેઓ આપને શા માટે નમસ્કાર ન કરે ? (૧૧-૩૭), એમ સર્વરૂપે અને આધિદૈવિક રૂપે આપ રહેલા હોવાથી આપ જ નમન કરવા યોગ્ય છો, તેથી હું પણ નમસ્કાર કરું છું. હજારવાર આપને નમન હો, નમન હો. 'અસ્તુ' એટલે (નમન) હો, એવા પદથી આપ મારો અંગીકાર કરો, એમ સૂચવ્યું છે. ફરીને એટલે કે અંગીકાર કર્યા પછી પણ વારંવાર આપને નમસ્કાર કરું છું, એમ અર્થ છે. ॥૩૯॥

નમઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે
નમોઽસ્તુ તે સર્વત એવ સર્વ ।
અનંતવીર્યામિતવિક્રમસ્ત્વં
સર્વં સમાપ્નોષિ તતોઽષિ સર્વઃ ॥૪૦॥

હે સર્વાત્મન્, આપને આગળથી અને પાછળથી નમસ્કાર, આપને બધી બાજુએથી નમસ્કાર હો, હે અપાર સામર્થ્યવાળા, આપ અમાપ પરાક્રમવાળા છો. આપ બધાંને વ્યાપ્ત કરીને રહેલા છો, તેથી આપ સર્વસ્વરૂપ છો. ॥૪૦॥

અને વળી, 'નમઃ' શબ્દથી આગળ કહે છે. હે સર્વ, એટલે કે હે સર્વાત્મા, પૂર્વ દિશામાં, પશ્ચિમ દિશામાં, સર્વતઃ એટલે દક્ષિણ, ઉત્તર અને ખૂણાઓ વગેરેમાં, એમ બધી દિશાઓમાં આપને નમસ્કાર, નમસ્કાર જ હો, ગરુડના આસનવાળા એવા આપને અન્ય આસન કયું આપવું ? વગેરે વાક્યોથી બીજું કાંઇ કરવાનું શક્ય નથી, એવો ભાવ છે. આ ભાવ જ 'એવ' શબ્દથી દર્શાવ્યો છે. અથવા તો, પાછળથી, સર્વતઃ એટલે અન્ય દક્ષિણ, ઉત્તર વગેરે ભાગોમાં નમસ્કાર. આપને આગળથી જ, સન્મુખે નમસ્કાર હો, એમ પણ અર્થ છે. અરે, પાછળથી કરેલ નમસ્કારને આગળથી કરેલ નમસ્કાર શી રીતે

ગણાય? એવી શંકાના નિવારણ માટે 'અનંત' વગેરે શબ્દોથી કહે છે. અપાર સામર્થ્યવાળા, અમાપ પરાક્રમવાળા એવા આપ સર્વ જગતમાં ફેલાઈને રહેલા છો, એટલે કે તે તે રૂપ અને નામના ભેદથી સર્વરૂપે આપ રહેલા છો. તેથી સર્વરૂપે આપ છો, એમ પાછળથી પણ નમસ્કાર કરવામાં આગળનો ભાગ બાધારૂપ નથી, એમ અર્થ છે. ॥૪૦॥

સખેતિ મત્વા પ્રસભં યદુક્તં
હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ ।
અજાનતા મહિમાનં તવેદં
મયા પ્રમાદાત્પ્રણયેન વાડપિ ॥૪૧॥

યચ્ચાવહાસાર્થમસત્કૃતોડસિ
વિહારશય્યાસનભોજનેષુ ।
એકોડથવાડપ્યચ્યુત તત્સમક્ષં
તત્ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ॥૪૨॥

આપના આ મહિમાને ન જાણનાર મારાથી મિત્ર છો એમ માનીને, હે કૃષ્ણ, હે યાદવ, હે સખા, એમ જે અનુચિત રીતે અથવા પ્રમાદથી કે પ્રેમથી પણ ॥૪૧॥

વિહારમાં શયનમાં, આસનમાં અને ભોજનમાં, એકલા અથવા આપની સમક્ષ જે કાંઇ ઉપહાસ કરવા માટે આપનો અનાદર થયો છે તે, હે અચ્યુત, અસીમ એવા આપને, ક્ષમા કરવા હું વિનવું છું. ॥૪૨॥

એ પ્રમાણે નમસ્કાર કરીને, પૂર્વના અજ્ઞાનથી થયેલા અપરાધોની 'સખેતિ' વગેરે શબ્દોથી બે શ્લોકથી ક્ષમા મગાય છે. પુરુષોત્તમપણાથી, સર્વરૂપાત્મક હોવાના રૂપનો આપનો આ મહિમા હું જાણી શકયો નથી, તેથી પ્રમાદથી એટલે કે દુર્લક્ષ્યથી અથવા સ્નેહથી ન કરવા જેવામાં પરાણે જોડવા માટે, હે કૃષ્ણ, એવા નામથી, નહિ કે આપ સદાત્મક છો એ રીતે, હે યાદવ, એવા શબ્દથી યાદવકુળમાં ઉત્પન્ન થયેલ છો એમ, નહિ કે યાદવકુળના ઉદ્ધાર અર્થે પ્રગટયા છો એ રીતે, હે મિત્ર, એમ મિત્રતાથી, લૌકિક બુદ્ધિથી, નહિ કે પરમાત્મા છો એ રીતે, જે કાંઇ કહ્યું હોય તે બધાને માટે ક્ષમા કરો. વળી, મિત્ર માની લઇને ઉપહાસ કરવા માટે મિથ્યાવાદ વગેરેથી, મને છોડીને આપ એકલા વિહાર વગેરે કરો છો, વગેરેથી, અથવા મારી સમક્ષ વિહારમાં ઘૂત, મૃગયા વગેરેમાં સ્વજનપણું દર્શાવતાં, આપની સાથેના શયનથી, આસન પર બેસવામાં, સાથે ભોજન કરવામાં વગેરેમાં આપનો જે અનાદર કરાયો હોય તે માટે હે અચ્યુત, હે ચ્યુતિ રહિત, પોતે અંગિકાર કર્યો હોય તેનું પરિપાલન કરનાર, અપ્રમેય એટલે કે માપી ન શકાય તેવા આપની તે બધાં માટે હું ક્ષમા યાચું છું. 'અપ્રમેય' શબ્દથી અજ્ઞાનથી થયેલ અપરાધમાંથી છુટકારો પામવાનું સૂચવ્યું છે. ॥ ૪૧, ૪૨ ॥

પિતાડસિ લોકસ્ય ચરાચરસ્ય
ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરિયાન્
ન ત્વત્સમોડસ્ત્યભ્યધિકઃ કુતોડન્યો
લોકત્રયેડપ્યપ્રતિમપ્રભાવ : ॥૪૩॥

આપ આ સજીવ અને નિર્જીવ જગતના પિતા, પૂજ્ય, વધારે મહાન અને ગુરુ છો. આપના જેવો બીજો કોઇ નથી (તો) અધિક કયાંથી હોય? આપ ત્રણેય લોકમાં પણ અજોડ સામર્થ્યવાળા છો. ॥૪૩॥

ક્ષમા યાચવામાં સંબંધની આવશ્યકતા છે, તે માટે 'પિતા' વગેરે શબ્દોથી કહે છે. આ સ્થાવર અને જંગમરૂપના, અથવા બ્રાહ્મણ અને ક્ષત્રિયના પિતા, એટલે કે ઉત્પન્ન કરનાર આપ છો. ['અત્તા ચરાચરગ્રહણાત્' (બ્રહ્મસૂત્ર ૧-૨-૯) -તે ભોકતા છે, કારણ કે તે ચર અને અચરનું-બ્રાહ્મણ અને ક્ષત્રિયનું ગ્રહણ કરે છે. એ બ્રહ્મસૂત્રમાં વિષયના વાકયમાં રહેલ 'બ્રાહ્મણ અને ક્ષત્રિય'નું ચરાચર પદમાં પ્રતિપાદન થયું છે, તેથી અહીં પણ તે જ પ્રમાણે નિરૂપણ કર્યું છે.] વળી, પૂજ્ય અને દેવોમાં ઉત્તમ પરમાત્માને જોનાર ગુરુ છે, તે પણ છો. તો પછી આપના સમાન કોઇ હશે ? તેના ઉત્તરમાં કહે છે કે, ના. હે અપ્રતિમપ્રભાવ, એટલે કે હે ઉપમા રહિત સામર્થ્યવાળા, ત્રણેય લોકમાં બીજો કોઈ આપની જેવો પણ નથી, તો પછી અધિક તો કયાંથી હોય, જેનાથી આપ તેમના સમાન હો ? ॥૪૩॥

તસ્માત્ પ્રણમ્ય પ્રણિધાય કાયં
પ્રસાદયે ત્વામહમીશમીડયમ્ ।
પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ
પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ સોઢુમ્ ॥૪૪॥

તેથી, સ્તુતિ કરવા યોગ્ય આપ પરમેશ્વરને હું શરીરને લંબાવીને, પ્રણામ કરીને, પ્રાર્થના કરું છું. પુત્રનો પિતા જેમ, મિત્રનો મિત્ર જેમ અને પ્રિયાનો પ્રિય જેમ, તેમ હે દેવ, (મારો અપરાધ) આપ ક્ષમા કરવાને યોગ્ય છો. ॥૪૪॥

જેથી સર્વના પિતા, ગુરુ અને પૂજ્ય આપ જ છો તેથી મારું પણ બધું આપ જ છો, તેથી મારો અપરાધ ક્ષમા કરવાને આપ શકિતમાન છો, એમ 'તસ્માત્' વગેરે શબ્દોથી વિનતિ કરે છે. તે કારણથી હું પ્રભુ અને સ્તુતિ કરવા યોગ્ય એવા આપને કાયા લંબાવીને એટલે કે લાકડીની જેમ પડી જઇને, નમન કરીને આપ પ્રસન્ન થાઓ એમ કરું છું. હે દેવ, હે જગત્પૂજ્ય, આપ આગળ કહેલા મારા અપરાધોને ક્ષમા કરવાનો યોગ્ય છો. કોની જેમ ? પુત્રનો અપરાધ પિતા ક્ષમા કરે તેમ, મિત્રનો અપરાધ મિત્ર ક્ષમા કરે તેમ, પ્રિયાનો એટલે કે પ્રીતિને યોગ્ય સ્ત્રીનો અપરાધ પ્રિય ક્ષમા કરે તેમ મારો અપરાધ આપ ક્ષમા કરવાને યોગ્ય છો. ॥૪૪॥

અદૃષ્ટપૂર્વં હૃષિતોઽસ્મિ દૃષ્ટ્વા
ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।
તદેવ મે દર્શય દેવ રૂપં
પ્રસીદ દેવેશ જગન્નિવાસ ॥૪૫॥

પહેલાં નહિ જોયેલું (રૂપ) જોઇને હું હર્ષ પામ્યો છું, અને ભયથી મારૂં મન અત્યંત દુઃખી થયેલું છે. હે દેવ, તે જ (પહેલાં જોયેલું) રૂપ મને બતાવો. હે જગતમાં વ્યાપીને રહેલ દેવોના ઇશ, આપ પ્રસન્ન થાઓ. ॥૪૫॥

એ પ્રમાણે ક્ષમા માગીને 'અદૃષ્ટપૂર્વમ્' વગેરે શબ્દોથી એ શ્લોકથી પ્રાર્થના કરે છે. પહેલાં નહિ જોયેલું એવું. અનેક લીલાઓથી ભરેલું આપનું વિશ્વરૂપ જોઇને હું હર્ષ પામું છું, તેમ જ મારૂં મન ભયથી અત્યંત વ્યથિત થયું છે. અહીં આ ભાવ છેઃ જોવાની કામનાવાળાને તેવા પ્રકારનું રૂપ બતાવીને, પુરુષોત્તમનાં દર્શન કરી રહેલાને અન્ય રૂપનાં

દર્શનની અભિલાષા થઇ, તેવો અપરાધ કરનાર મને હવે ફરીને પુરુષોત્તમરૂપ બતાવશે કે નહિ, એમ હોવાથી ભય ઉત્પન્ન થયો. તેથી કૃપા કરવાની પ્રાર્થના કરીને, હવે તેનું દર્શન નહિ થવા પ્રાર્થના કરે છે. હે દેવોના પણ ઇશ, એટલે કે ઇંદ્રાદિ દેવોના પણ ઇશ, હે નિયામક, હે જગન્નિવાસ, પ્રસન્ન થાઓ. પ્રસન્ન થઇને હે દેવ, સેવા અર્થે તે જ પુરુષોત્તમરૂપ મને બતાવો. ।।૪૫।।

કિરીટિનં ગદિનં ચક્રહસ્ત-
મિચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ ।
તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન
સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે ।।૪૬।।

આપને હું મુકુટવાળા, ગદાવાળા, હાથમાં ચક્રવાળા, તેવા જ જોવાને ઇચ્છું છું હે હજાર હાથવાળા, હે વિશ્વમૂર્તિ, તે જ ચતુર્ભુજ સ્વરૂપે આપ પ્રગટ થાઓ. ।।૪૬।।

'કિરીટિનમ્' વગેરે શબ્દોથી રૂપનું વિશેષતાથી વર્ણન કરે છે. મુકુટવાળા, ગદાધારી, હાથમાં ચક્ર ધારણ કરેલા આપને હું પહેલાંની જેવા જ જોવાને ઇચ્છું. તેથી હે હજાર હાથવાળા, હે અગણિત ક્રિયાશકિતવાળા, હે વિશ્વમૂર્તિ, તે જ ચતુર્ભુજરૂપે આપ પ્રગટ થાઓ, એમ અર્થ છે. ।।૪૬।।

શ્રીભગવાનુવાચ–

મયા પ્રસન્નેન તવાર્જુનેદં
રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ ।
તેજોમયં વિશ્વમનંતમાદ્યં
યન્મે ત્વદન્યેન ન દૃષ્ટપૂર્વમ્ ।।૪૭।।

શ્રીભગવાને કહ્યું, હે અર્જુન, પ્રસન્ન થયેલા મેં મારા યોગબળથી આ મારું તેજોમય, વિશ્વરૂપ, અનંત અને સનાતન શ્રેષ્ઠ રૂપ તને બતાવ્યું તે તારા વિના બીજા કોઇએ પૂર્વે જોયેલું નથી. ।।૪૭।।

એ પ્રમાણે પ્રાર્થના કરી રહેલા અર્જુનને આશ્વાસન આપતાં ભગવાને પોતાનું રૂપ બતાવ્યું. તેમાં પહેલાં આશ્વાસન આપતાં 'મયા' વગેરે શબ્દોથી ભગવાને કહ્યું, હે અર્જુન, હું તારા ઉપર સદૈવ પ્રસન્ન છું તેથી, મારા યોગબળથી અને પોતાનો છે એવા યોગથી, તારી ઇચ્છાથી, શ્રેષ્ઠ એવું આ રૂપ મેં તને બતાવ્યું. તે રૂપ કેવું હતું? તેજોમય, વિશ્વરૂપ, અંત રહિત, સનાતન એવું મારું રૂપ તારા વિના કોઇએ પણ પુર્વે જોયેલું નથી, તેવું રૂપ તારી ઇચ્છાથી મેં તને બતાવ્યું, એમ અર્થ છે. ।।૪૭।।

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાંતાબેન માવજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ) ના જયશ્રી કૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક બારમો)

'બધા ધર્મોનો પૂર્ણપણે ત્યાગ કરીને, મારે એકને શરણે તું આવ, હું તને બધાં પાપોમાંથી છોડાવીશ, તું શોક કર નહિ,' (ગીતાજી ૧૮–૬૬), એવા ભગવાનના વાકયથી (શરણાગતિ એ જ સાધન છે), તેમ જ 'હે રાજન્, જે માણસ કરવાનાં બધાં કાર્યોનો પૂર્ણપણે ત્યાગ કરીને શરણે જવા યોગ્ય ભગવાન મુકુંદ (શ્રીકૃષ્ણ)ને સર્વાત્મભાવથી શરણે જાય છે તે દેવો, ઋષિઓ, પ્રાણીઓ, આપ્તજનો, પિતૃઓ અને મનુષ્યોના ઋણમાંથી મુકત થઇ જાય છે. પછી તે કોઇની અધીનનતામાં રહેતો નથી' (ભાગ. ૧૧–૫–૪૧), એ પ્રમાણે એકાદશ સ્કંધમાં કરભાજનના વાકયથી ભગવાનનું શરણ ઇચ્છયું છે.

તેથી અંગીકાર કરાયો હોય તેવા જીવની ઉપર કહેલી રીતે યોગ્યતા ન હોય તો પણ, શરણદાતા હોવાથી પ્રભુ જ બધું સિદ્ધ કરાવશે, એવો આચાર્યશ્રીનો કહેવાનો આશય છે, એમ અર્થ છે. એનાથી (શ્રીભાગવતજીના) આઠમા સ્કંધમાં પ્રમાણો આપીને પુરવાર કરાયું છે કે, આપત્તિમાં હરિસ્મરણ કરવું. એ પ્રમાણે ભગવાનની ભકિત પ્રાપ્ત કરાવનાર આપદ્ધર્મ પણ ગજેંદ્રની જેમ એને પણ સિદ્ધ થશે, એમ પણ જાણવું.

અરે, જો એમ હોય તો પહેલેથી જ એ સાધન કેમ ઉપદેશ્યું નહિ ? એમ પ્રશ્ન થાય તો (પ્રકાશમાં) 'ભકિત' વગેરે શબ્દોથી કહ્યું છે, 'સર્વાત્મના તથા ભવતિ' (પ્રકાશમાંના 'સર્વાત્મભાવથી તેમ થાય છે') વગેરે શબ્દોને સમજાવે છે. ઉપર કહેવાયેલી રીતે સાથે કાર્યાન્વિત થયેલ કહેવાયેલી રીતે સાથે કાર્યાન્વિત થયેલ હોય એવાં બધાંનો શ્રીકૃષ્ણાશ્રય સહાયક નથી, બધાંને માટે તેમ થતું નથી, એમ નિર્ણય કરીને અને વિવેક વગેરેથી યુકત ભકિતરૂપી અંતિમ સાધન પોતાને અસાધ્ય છે, એવા નિર્ણયથી, દીનભાવથી બધી રીતે શરણાગતિ શકય બને છે. તેમ પ્રથમથી જ (પહેલા અને બીજા શ્લોકમાં) કરાયેલ ઉપદેશની યોગ્યતામાં પણ જે આજના સમયમાં બધાંને અંતે (છેલ્લા શ્લોકમાં 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એમ સતત્ ઉચ્ચારણ કરતાં રહેવું, એમ) ઉપદેશેલ છે તે સર્વાત્મભાવથી બધી રીતે શકય થશે, એવા અર્થમાં છે, એવો ભાવ છે.

હવે (પ્રકાશમાંના) 'આસુર ધર્મ પ્રવેશઃ' વગેરે શબ્દોને સમજાવે છે. આસુર ધર્મ પ્રવેશ એટલે બહિર્મુખતાથી ઉત્પન્ન થયેલ અહંકારનો પ્રવેશ. હવે (પ્રકાશમાંનું) 'એમ કહેવું આવશ્યક છે' તે સમજાવે છે. વાણી સમજાવે છે. વાણી તેજસ્વી હોવાથી બોલવાની ક્રિયામાં વૈખરીપણું હોવા છતાં પશ્યંતી વાણી પ્રકાશિત થઇને વકતાના અંતઃકરણને આસુર

ધર્મમાંથી પાછું વાળે છે, તેથી એમ કહેવું આવશ્યક છે. બીજા ઉપર ઉપકાર કરવા માટે પણ તેમ થાય. એમ હોવાથી પણ એમ કહેવું આવશ્યક છે. અને તે પ્રમાણે અર્થ દર્શાવવા માટે (પ્રકાશમાંના) 'એવં સતિ' (એમ હોય ત્યારે) વગેરે શબ્દોને સમજાવે છે. એમ હોય તો આશ્રય જ મુખ્ય લાગે છે, એમ હોવાથી સેવાની આવશ્યકતા દર્શાવનાર ગ્રંથના આગળના ભાગમાં (સાતમા શ્લોકમાં) કહ્યું છે તેનો વિરોધ આવે, એવી શંકા થાય તો બીજી રીતે (પ્રકાશમાંના) 'એવં ઉકતપ્રકારેણ' (એ પ્રમાણે કહેવાયેલી રીતે) વગેરે શબ્દોને સ્પષ્ટતાથી સમજાવે છે. (શ્રીકૃષ્ણઃ શરણં મમ) એ પ્રમાણે ઉચ્ચારણ કરતાં રહીને બધી ચિંતાઓનો ત્યાગ કરીને, સેવાપરાયણ થઇને રહેવું વળી અહીં અંગત્વથી શરણનો ઉપદેશ છે, નહિ કે માર્ગની રીતે. એમ હોવાથી વિરોધ નથી, એમ અર્થ છે. પોતાના અંગત અભિપ્રાયથી સારભૂત અર્થ કહેવાનું તાત્પર્ય (પ્રકાશમાંના) 'નનુ' વગેરે શબ્દોથી કહે છે. સર્વાત્મભાવથી એવી શરણાગતિ માત્ર પોતાની મેળે સાધવી શકય નથી; કારણ કે, 'તેવો હું આપનાં ચરણોમાં આવ્યો છું. આપનાં ચરણો દુષ્ટજનોને પ્રાપ્ત થઇ શકતાં નથી.' (ભાગ. ૧૦–૪૦–૨૮), અક્રુરજીએ કરેલ સ્તુતિમાં કહેવાયું છે, તે પ્રમાણે સિદ્ધ છે. એવી શંકા કરીને 'યમેવૈષવૃણુતે' (તે જેનું વરણ કરે છે–સ્વીકારે છે, તેને તે પ્રાપ્ત થાય છે), કાઠક ૧–૨–૨૩), એ પ્રમાંણે પ્રભુની ઇચ્છાથી પ્રાપ્તિ થાય છે, એમ જણાવનારી શ્રુતિ છે, પ્રકારની જ મારી માન્યતા છે. ભગવાન જ્યારે અનુગ્રહ કરે છે ત્યારે જ સર્વાત્મભાવે શરણાગતિ થાય છે, બીજી રીતે શરણાગતિ થતી નથી. 'અને હે પ્રભુ, તે પણ હું આપનો અનુગ્રહ માનુ છું. હે કમલનાભ ભગવાન મનુષ્યને જન્મ મરણના ફેરામાંથી છૂટવાનો સમય આવે છે ત્યારે જ દઢ ભકિતથી આપના પ્રત્યે તેવી બુદ્ધિ થાય છે,' (ભાગ. ૧૦–૪૦–૨૮), એમ ત્યાં જ (ભાગવતજીના ઉપર આપેલા શ્લોકમાં જ) તે પછીનું વાકય છે.

એમ કહેવામાં આવ્યું છે કે, આ માર્ગમાં કૃપા એજ સાધન છે. તેથી (યમેવૈષ વૃણુતે) શ્રુતિ અનુસાર માર્ગમાં પ્રવેશ માટે ભગવાનની ઇચ્છા વગેરેથી વરણી થવાનું અનુમાન કરીને મારું એ પ્રમાણે જ કર્તવ્ય અને વકતવ્ય છે, એમ માનવું. અને જો તે છેવટ સુધી ન નિભાવાય તો, ત્યારે તેમાં કંઇક રુકાવટ કરનાર છે, એવું અનુમાન કરવું) કારણ કે ભગવાને કહેલ શાસ્ત્ર પ્રમાણે તેના સિવાય કાંઇક ચડિયાતા, દઢ, સર્વના પ્રતિનિધિરૂપ એવા અન્ય સાધનનો તેમાં અભાવ હોય છે. શ્રી ગીતાજીમાં અંતમાં (છેલ્લા ૧૮માં અધ્યાયના ૭૩મા શ્લોકમાં) શોકના નાશ માટે (કૃપાનો) ઉપદેશ હોવાથી તે પ્રમાણેનો (હે ચ્યુતિ રહિત શ્રીકૃષ્ણ, આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો, એવો નિશ્ચય છે. આ વાકયના અંતમાં (અચ્યુત એટલે ચ્યુતિ રહિત શ્રીકૃષ્ણ એવું) શ્રીકૃષ્ણ પદ છે તે ભકત સહિત પુરુષોત્તમ વાચક હોવાનું સારી રીતે જાણીતું જ છે. તેનાથી તે જ (શ્રીકૃષ્ણ જ) મારું શરણ છે, એમ દર્શાવ્યું છે. તેમાં પ્રભુ પોતાના રક્ષક છે તેવા જ્ઞાનથી વાકયના તાત્પર્યનો તેમાં જ નિર્ધાર છે ત્યારે ગુરુ મુખેથી વર્ણ-

વાચું હોય તેમાં શ્રવણની તેમ જ શ્રવણ પહેલું છે એવા અન્યની (કીર્તન વગેરેની) તથા સ્વરૂપની અને ફળની તેનાથી જ સરળતા પૂર્વકની સિદ્ધિ છે, એમ દર્શાવવામાં આવ્યું છે. ॥૯॥

એ પ્રમાણે બધું વર્ણવીને ગ્રંથની રચનાને અંતે શરણમંત્રના વારંવાર ઉચ્ચારણનો હેતુ (પ્રકાશમાં વિવરણને અંતે આપેલા શ્લોકમાંના) 'ભકિતમાર્ગે' વગેરે શબ્દોથી કહ્યો છે, તે દર્શાવે છે. ભગવાનની કૃપાથી પોતે કૃતકૃત્ય થાય તે માટે જે માણસ ભકિત માર્ગમાં જોડાયો છે, તેની તેવી ઇચ્છાને દૃઢ કરવાને માટે ઉપર કહેવાયેલી રીતે અને તેવું ફળ અવશ્ય મળવાનું છે એવા નિશ્ચયથી, તેની તેવી પ્રવૃત્તિ અવિરત ચાલુ રહે તે માટે આચાર્યશ્રીએ આ 'નવરત્ન' અને શરણમંત્રનું વારંવાર ઉચ્ચારણ કરવાનો ઉપદેશ કહેલો છે. પ્રભુ માણસો ઉપર અનન્ય કૃપા કરનારા છે, તેથી તેના ઉદ્વેગને નિવારવાનું કાર્ય આવશ્યક છે. તેમાં ભગવાનનો અસાધારણ હેતુ રહેલો છે. તે હેતુ 'આંધળાને સૂર્યની જેમ' (પ્રકાશમાં આપેલા) એવા દૃષ્ટાંતથી કહેલ છે. 'તદ્‌વિમુખસ્ય' એટલે ભકિતમાર્ગથી વિમુખ હોય તેનું 'અત્ર' એટલે અહીં, ચિંતાની નિવૃત્તિનો ઉપાય સૂચવનાર આ ગ્રંથમાં (નવરત્ન ગ્રંથમાં), અને શરણમંત્રનું (શ્રીકૃષ્ણઃ શરણં મમ, એ મંત્રનું) વારંવાર ઉચ્ચારણ કરવામાં.

અને તે પ્રમાણે સેવા કરવાના અધિકારનું ચડિયાતાપણું છે. એમ હોવાથી સેવાથી વિમુખ હોય તેને માટે, સેવાના અભાવને કારણે અને તેથી અધિકાર ન હોવાના કારણે આ ઉપદેશ કહેવાયો નથી.

આ ગ્રંથમાંના ભગવત્સિદ્ધાંતના સારને સમજાવવા માટે 'ભક્તિ' વગેરે (પ્રકાશમાંના) શબ્દોથી કહે છે. 'શ્રીમદાચાર્ય પંડિતૈઃ' પંડિત એવા શ્રીમદ્‌આચાર્યશ્રીએ) એમાં મયુરવ્યંસક (ચાલાક મોર) જેવો સમાસ છે. (આચાર્યશ્રીને પંડિત કહેલ છે, તેથી પંડિત કોને કહેવાય તે દૃષ્ટાંતો આપીને સમજાવે છે.) પંડિત એટલે માત્ર સત્ અસત્‌નું વિવેચન કરનારી બુદ્ધિમત્તા જેનામાં છે તે, એટલો જ અર્થ નથી, અથવા માત્ર શાસ્ત્રાર્થ કરવાની બુદ્ધિશકિતવાળો, એવોય અર્થ નથી; પરંતુ 'સંસારના બંધનને અને તેમાંથી કેમ છુટાય, એટલે કે મોક્ષને જે જાણે છે તે પંડિત કહેવાય છે' (ભાગ. ૧૧-૧૯-૪૧). (શ્રીમદ્ ભાગવતજીના) એકાદશ સ્કંધમાં એ પ્રમાણે ભગવાને કહેલા વાકયથી એવો અર્થ થાય છે. વળી, 'જેમાં શુભ આરંભવાળા બધાં કાર્યો કામનાઓ અને સંકલ્પથી રહિત છે, જ્ઞાનરૂપી અગ્નિથી જેનાં કર્મો બળી ગયાં છે, તેને બુદ્ધિમાન પુરુષો પંડિત કહે છે.' એ પ્રમાણે ગીતાજીમાં (૪-૧૯-માં) ભગવાનના વાકયથી (પંડિત એટલે) તાદૃશ ધર્મવાળા હોવાનું ઇચ્છેલું છે. એ સિવાય ભકિતમાર્ગના વિચારની શકયતા નથી. 'ભગવાન બ્રહ્માએ સ્થિર મનથી સમગ્ર પણે (ત્રણેય વેદનું) ત્રણ વાર નિરીક્ષણ કરીને એવો નિશ્ચય કર્યો કે, જેનાથી સર્વ કાળે એક રૂપ એવા ભગવાન શ્રીકૃષ્ણ સાથે પ્રેમમય થઇ જવાય', (ભાગ. ૨-૨-૩૪) એ પ્રમાણે (ભાગવતજીના) બીજા સ્કંધમાંના વાકયથી ભકિતમાર્ગ બધા વેદોના સાર રૂપ

છે, એવો નિશ્ચય થાય છે. (પ્રકાશમાંના) 'મયા' (મારાથી, મેં) વગેરે શબ્દથી પોતે કરેલા વિવરણનું પ્રયોજન કહ્યું છે. અને વળી, (ભક્તિમાર્ગ સર્વે વેદોના સારરૂપ છે) એવા હેતુથી વિવરણ કર્યું છે, એમ અર્થ છે. ।।૧૦।।

એ પ્રમાણે અહીં એ સિદ્ધ થયું કે, ભગવાનની સેવા એકાગ્ર ચિત્તથી કરવી. અને યથા શક્તિ સેવા કરતાં કરતાં દુઃખને સંપૂર્ણ પણે ભૂલી જઇને પોતાની તેમ જ પોતાના પરિવારની ભગવદીયતા છે, એવું અનુસંધાન નિરંતર રાખવું. તેનાથી ઉપર કહેવાયેલી રીતે બધા પ્રકારની ચિંતા ત્યજી દઈને તેમ જ સર્વત્ર પોતાની અશક્તિ છે એવું સતત લક્ષમાં રાખીને ભગવાન જ શરણ છે, એવા યોગ્ય સંબંધ સાથે જ્યારે સ્થિરતાપૂર્વક સેવા કરાય છે ત્યારે ઉદ્વેગ નામના પ્રતિબંધની નિવૃત્તિ થાય છે અને તેથી સેવાની આધિદૈવિકતા સિદ્ધ થાય છે. તેમ કહીને, કહેવાયેલી રીતે સેવા સાથે સંપૂર્ણ રીતે ભગવાનને શરણે જવું એ જ શ્રેષ્ઠ સાધન છે, એમ કહ્યું છે.

પ્રયત્નપૂર્વક થતી સેવાના કારણે વ્રજરત્ન એવા પરમ પ્રિય ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી નવરત્ન ઉપર પ્રકાશ પાડનારા મારાં વચનો (ચિંતા રૂપી) મનના શત્રુનો નાશ કરનારાં અને પ્રતિરોધ રહિત સુખ આપનારાં બની રહો. ।।૧।।

એ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યનાં ચરણોમાં લીન પીતાંબરજીના તનુજ પુરુષોત્તમજીએ રચેલી નવરત્ન ઉપરના પ્રકાશ ઉપરની વિવૃતિ પૂરી થઇ.

નવધા ભક્તિ

શ્રીવિષ્ણોઃ શ્રવણે પરીક્ષિદ ભવદ્
વૈયાસકિઃ કીર્તને
પ્રહ્લાદઃ સ્મરણે તદંઘ્રિભજને લક્ષ્મી
પૃથુઃ પૂજને ।
અક્રુરસ્ત્વભિવંદને કપિપતિર્દાસ્યેડથ
સખ્યેડર્જુનઃ
સર્વસ્વાત્મ નિવેદને બલિરભૂત્કૃષ્ણાપ્તિ-
રેષાં પરમ્ ।।

(અહીં નવ પ્રકારની ભક્તિ સાથે તે તે ભક્તિના શ્રેષ્ઠ આદર્શ રૂપ અકેક ભક્તનાં નામ દર્શાવેલ છે.)

ભગવાન વિષ્ણુની શ્રવણ ભક્તિમાં પરીક્ષિત શ્રેષ્ઠ ગણાયા છે, વ્યાસપુત્ર શુકદેવજી કીર્તન ભક્તિમાં શ્રેષ્ઠ ગણાયા છે, પ્રહ્લાદજી સ્મરણ ભક્તિમાં શ્રેષ્ઠ ગણાયા છે, પાદસેવન ભક્તિમાં લક્ષ્મીજી શ્રેષ્ઠ ગણાયાં છે, અર્ચન ભક્તિમાં પૃથુ રાજા શ્રેષ્ઠ ગણાયા છે, વંદન ભક્તિમાં અક્રુરજી શ્રેષ્ઠ ગણાયા છે, દાસ્ય ભક્તિમાં હનુમાનજી શ્રેષ્ઠ ગણાયા છે, સખ્ય ભક્તિમાં અર્જુન શ્રેષ્ઠ ગણાયા છે અને આત્મનિવેદનમાં બલિરાજા શ્રેષ્ઠ ગણાયા છે. શ્રીકૃષ્ણની પૂર્ણ પણે પ્રાપ્તિ એ જ તેઓનું ધ્યેય હતું.

(પુષ્ટિમાર્ગમાં શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય અને સખ્ય એ આઠ પ્રકારની ભક્તિ સાધન રૂપે ગણાયેલી છે, જ્યારે આત્મનિવેદન એ આઠેય ભક્તિનું ફળ ગણાય છે.)

પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. સોની દામજીભાઈ પ્રભુદાસ, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધરબોલા)

લેખાંક ૧૭મો

શું ઇશ્વરની લીલા !

શ્રીલક્ષ્મણ ભટ વિસ્મયતાપૂર્વક પોતાના ભાગ્યની મહાનતા જોવા લાગ્યા કે અહો ! ઇશ્વર શું તમારી લીલા ? કોણ પુત્ર, કોણ પિતા બ્રહ્મ સ્વતંત્ર અને સર્વશક્તિમાન છે. તે બ્રહ્મને જગતમાં અવતારો ધારણ કરી કઇ મોટાઈ કોની સાથે પ્રાપ્ત કરવી કદાચ કોઇ આશંકા કરતું હોય તો જે કંઇ દેખાય છે તે તો પોતે જ છે. કદાચ તેનાથી પર કોઇ સ્વીકારે તો પણ બ્રહ્મ તો સ્વતંત્ર શક્તિમાન સર્વરુપી હોવાથી, પરનો વિચાર કેમ કરી શકાય, તો પછી ઇશ્વરને આવા અવતારો ધારણ કરી શું કોઇની સેવા કરવાનું મન થાય છે ? ના, તે તો સર્વનો સ્વામી છે. તો પછી શું આ નાટક કરવાથી ઇશ્વરને શું ફાયદો ?

હું પોતે કશ્યપ પ્રજાપતિ હતો, ત્યાં મને ઇશ્વર ઉપર પુત્ર ભાવના કોણે પ્રકટ કરી. ત્યાં વામન પુત્રરૂપ થયા. ઉપેન્દ્ર બન્યા, દેવોનું કાર્ય કર્યું, બલિ પર કૃપા જે ભિક્ષુકરુપ ધર્યું, ઉત્તમ સંપત્તિનું દાન કરી તેનું જાણે દાસત્વ સ્વીકાર્યું, દ્વારપાલ બન્યા. આમ જોતાં તો ઇશ્વરે શું સ્વાર્થ સાધ્યો. સંપત્તિ શું ઈશ્વર પાસે ન હતી. સંપત્તિ કોની ક્યાંથી આવી. સર્વ લોક સર્વ સિદ્ધિરૂપ પણ પોતે જ છે. મને (લક્ષમણ ભટને) આનો અર્થ એક જ દેખાય છે કે પોતાના સ્વરૂપમાં સ્નેહ કરાવી અન્યથા ભાવને દૂર કરાવી પોતાના આનંદનું દાન દેવું તે જ દેખાય છે. અન્યથા ભાવ જે માયાકૃત છે તેના આધિન અવિદ્યા જે માયાની એક શુદ્ર દાસી, જે જીવને ઇશ્વર ઇચ્છાથી બંધનમાં લાવે છે. જ્યારે ઇશ્વર ઇચ્છાથી પંચ પર્વા વિદ્યાનો ઉદય થાય ત્યારે જીવ પોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. મને ખેદ એક થાય છે કે પોતાને ત્યાં પુત્ર, પૌત્રોનો જન્મ, વૃદ્ધોનું મરણ આ બધું નજરે જોતાં જીવ કેમ વિચાર કરતો નથી ? ભગવાને તેને કૃપારૂપી ઔષધનું દાન કેમ ન કર્યું ? સર્વ તેમની ઇચ્છાની વાત છે. તો પછી ઔષધીનું દાન કોઇને હવે આપશે ખરા ? જરૂર આપશે. ક્યારે, જેમ હું તેમની ઇચ્છાવશ રહ્યો તેમ તમો પણ રહો તો.

પ્રથમ વામન ફરીથી શ્રીકૃષ્ણ ૧૧ વર્ષ સુધી બંધનો બેડીયો વગર કારણે દુઃખી. વિચાર કરૂં તો અમો પતિ પત્નીયે શું અપરાધ કર્યો ? અમો પાપી હતા તેવું પણ નથી કે કર્મબંધન લાવે. કદાચ કૃષ્ણાવતારમાં કંઇક કર્મ રહ્યા તો પછી ૧૦૦ સોમયાગ કરનાર પૂર્વ પુરુષો તેમ ફક્ત ૫ યાગી હું તેને આવું પુનઃ ઉત્તમ સુખ કેમ મલે, જે હરિ બન્ને

હાથ જોડી મારા ચરણમાં વંદન કરી આજ્ઞા માગે. મને તો એક જ વાત દેખાય છે કે પોતે પિતા પુત્ર બની પોતે પોતાની સેવા તો નથી કરતા ? માટે સ્નેહમાર્ગમાં હરિ સ્નેહીઓ સુખદુઃખનો વિચાર કર્યા વગર હરિમાં દૃઢ રતિ, મતિ અને ગતિ નિઃસંશયપણે નિર્ધાર એ માનવ દેહનો સાર સમઝાય છે.

શ્રી લક્ષ્મણ ભટનો શ્રી લક્ષ્મણબાલાજીમાં સદેહે પ્રવેશ

શ્રી લક્ષ્મણ ભટ પોતાના પર હરિ કૃપા સહ હરિમય પોતાનું સ્વરૂપ જોવા લાગ્યા. પિતાજીના હૃદયમાં થતા હરિ સાયુજ્યના ભાવે શ્રી વલ્લભે જોયા. પછી પિતાજીને પ્રાર્થના પૂર્વક કહેવા લાગ્યા. હવે આપ શ્રી લક્ષ્મણબાલાજીના શૃંગારે સજો એવી શ્રી લક્ષ્મણબાલાજીની ઇચ્છા છે. પિતાજી સમજી ગયા કે મારા સર્વ કાર્યો જગતમાં પૂર્ણ થયા. ગદ્ ગદ્ કંઠે શ્રી વલ્લભને ભેટી મંદિરમાં શ્રી લક્ષ્મણબાલાજીને શૃંગાર કરવા લાગ્યા.

દોહા :– અતિ આતુર ભેટત પિતા, જિમિ દશરથ રઘુરાય;
આયે હરિ મંદિર જબી, શૃંગારે મન ભાય.
પ્રફુલિત બાલાજી ભયે, ધરત કુસુમ કી માલ;
દર્પણ સે લિય રૂપ ઉર, ભટજી ભયે રસાલ.

ચોપાઈ

પંડે સહ લછમન ભટ ઠાડે, બાલાજી તેજોમય બાઢે
ઉદિત ભાનુ સમ શ્રીમુખ સોહા, પ્રમુદિત લછમન ભટ મન મોહા
લેત જંભાઇ જબ બાલાજૂ, શ્રીલછમન ભટ હિતકર કાજૂ
ભટજી શેષ સ્વરૂપ સમાયે, પંડે લખ અતિ વિસ્મય છાયે
હોત કુલાહલ મંદિર માંહી, બસન ગિરે પેખત સબ તાહીં
ધાવત માતુ સહિત દ્વય ભ્રાતા, કરુણ શોગ હૃદયે ન સમાતા
પિતુ કૃતિ નેહ સ્મરણ કર ભાઇ, રુદન કરત મર્યાદ મિટાઈ
કોવિદ પંડે જન આચારી, બચન કહત હિય શોગ નિવારી
માનહું તનુ સમ બસન સજાવા, અન્તિમવિધિ સહ દાહ દિવાવા
દુખિત ભયે સુત સહ અતિ માતા, હરત શોગ વલ્લભ સુખદાદા
ભ્રાત ભગિનિ ચાચા અરુ માતા, ચલત ગાંવ પરિકર સહ ભ્રાતા
પિતુ હિત વિવિધ ક્રિયા સુતકીની, ધામ ધરા દ્વિજ સંપતદીની
હરિ ગાથા પ્રતિદિન પ્રભુ ગાવેં, સુનત ઇલ્લંમા શોગ બિહાવેં
ષટ મહિના પરિકર સહવાસી, પરિકર કી પ્રભુ હરત ઉદાસી

વિવિધ મતાન્તર ગ્રંથ ન પાયે, સરસ્વતી ભંડાર સુનાયે
દેખનકી પ્રકટત જિજ્ઞાસા, દ્વિજ વર ચાહત કછુ દિન વાસા
પરિકર આયસુ દિય હરખાઇ, ચલત ગ્રંથ દેખન દ્વિજ રાઇ
વૈષ્ણવ શૈવ પ્રભાકર સારે, કૌમારિલ મૌહગલ મતવારે
વિષ્ણુસ્વામિ કૃત ભાષ્ય નિહારા, શાખા સહમત સૂત્ર વિચારા
વેદ પક્ષ રાજત પ્રભુ તાહીં, પુનિ આવત અપને ઘરમાંહી
રામકૃષ્ણ ભટ પ્રભુ બડ ભ્રાતા, કહત બચન વલ્લભ અરુ માતા
પિત હિત હમ તીરથ કર પાવેં, સ્નાન દાન શ્રાદ્ધાદિક લાવેં
હમ લેવત હૈં આજ બિદાઇ, તવ સનમુખ માત રહપાઇ
માતુલ પત્ર લિખત સબ આઓ, મમ ભગિનીકા શોગ છુડાવો
રક્ષક વાહન સહ પઠવાયે, વહ સબ વિજય નગરસે આયે
એક બાત સુનિયે અબ મોરી, લછમન બાલા વદત બહોરી
વલ્લભ સહ માતા પઠવાઓ, દર્શન કર ફિર નગર સિધાઓ
વાહન સુખદ વિરાજે માતા, રહે સંગ વલ્લભ લઘુ ભ્રાતા વ્યંકટેશ
દર્શન કર પાઓ, શિષ્ય સહિત સબ નગર સિધાવો
યાત્રા કર આવત હમ તાંહીં, મિલત બેગિ સંશય કછુ નાહીં.

દોહા :- બચન કહેબડ ભ્રાતને, લેવત પ્રથમ વિદાય,
તત્પર હોવત શિષ્ય સહ, કાર્ય કરન દ્વિજરાય.
બ્રહ્મચર્ય ભગવત ધરમ, ધરત નિયમ દ્વિજ રાજ,
ચલત ચરન પદ પાદુકા, ભૂમિ ભ્રમણ મનુ આજ,

દક્ષિણમાં સરસ્વતી ભંડાર જગ પ્રસિદ્ધ ત્યાં જઇ કાશીમાં ન મલેલા ગ્રંથો બે મહિના રહિ શ્રીવલ્લભે તે ગ્રંથોનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ અગ્રહારમાં આવ્યા. ત્યાં મોટા ભાઇ રામકૃષ્ણે એવી આજ્ઞા કરી કે તમો માતાને લઇ શ્રી લક્ષ્મણ બાલાજીના દર્શન કરાવી પછી વિજયનગરમાં જાઓ. માતાનો શોગ મુકાવવો અને રામચન્દ્ર નાનાભાઇને જનોઇ ત્યાં દઇ દેશું હું પિતાની પાછળ થતું અન્તિમ કર્મ પ્રયાગ વગેરે તીર્થોમાં સ્નાનાદિક દાનાદિક કરી વિજય નગરમાં તમોને મલીશ. આ પ્રમાણે વ્યવસ્થા કરી મોટાભાઇ વિદાય થયા.

(ક્રમશઃ)

પુષ્ટિ–પડવો

લે. 'શ્રીવલ્લભ પદરેણુ'

ચંદ્રાવલી : શ્યામબેન, તમો તો આજે કંઈ ભારે ધમાલમા પડયા લાગો છો. હું તમને ખાસ કહેવા આવી છું કે આવતી કાલે વીડીઓ પર સરસ મઝાનું પીકચર અને મનોરંજક કાર્યક્રમ બતાવવાના છે તો જરૂર સૂર્યાબેનને ત્યાં આવી રહેજો.

શ્યામા : બેન, આવતી કાલે તો કોઇ સંજોગોમાં મારાથી આવી શકાશે નહીં.

ચંદ્રાવલી : આવતી કાલે તમારે ત્યાં એવા તે કયાં એવા તે કયા કામના ડુંગર ખડકાઇ જવાના કે મનને બહલાવવા પીકચર જોવા પણ ન આવી શકો અને તે પણ વળી ફ્રી–ઓફ–ચાર્જ ?

શ્યામા : ચંદ્રાવલીબેન, કોઇ પરધર્મી બેન આવું પૂછે તો મને કંઇ ન લાગે, પરંતુ તમે પુષ્ટિમાર્ગી હોવા છતાં આવું કહો ત્યારે મનમાં દુઃખ થાય એ સ્વાભાવિક છો તમે નથી જાણતા કે આવતી કાલે આપણો પુષ્ટિ-પડવો છે ?

ચંદ્રાવલી : 'પુષ્ટિ પડવો' ? લો ત્યારે આ નામ તો બેન, આજે તમારા મુખે સાંભળ્યું પુષ્ટિપડવો શું છે અને તેનો શો મહિમા છે તેની મને કોઇ ગતાગમ નથી.

શ્યામા : આજે તમને ઉતાવળ હોય તેવું લાગે છે તેથી આ વિષે ફરી કોઇ વાર વાત કરીશું.

ચંદ્રાવલી : ઉતાવળની ભૂતાવળ તો વળગેલી જ છે. પરંતુ તમારા આ 'પુષ્ટિ-પડવા'એ મારા મનમાં જિજ્ઞાસા જગાડી છે, તો એ વિશે મને સમજ ન પાડો ?

શ્યામા : બેન, તમે એ તો જાણો છો કે શ્રીકૃષ્ણ ભગવાન જન્મ્યા તે શ્રાવણ વદ આઠમનો દિવસ તે જન્માષ્ટમી. એ આપણો એક મોટો તહેવાર છે. એની જેમ શ્રાવણ સુદ અગિયારસનો દિવસ આપણા સંપ્રદાયમાં 'પુષ્ટિ-પડવો', 'પુષ્ટિ-જન્માષ્ટમી' કે 'પવિત્રા-એકાદશી' એવા સવિશેષ નામથી ઓળખાય છે. આ 'પુષ્ટિ-પડવા'નો પર્વ પણ શ્રીકૃષ્ણ-જન્માષ્ટમી જેટલો જ મહત્ત્વનો ગણાય છે.

ચંદ્રાવલી : કઇ રીતે એ કહો ને !

શ્યામા : આ શ્રાવણ સુદ અગિયારસ એ સુભગ દિવસ છે બેન કે જ્યારે આપણા મહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ભગવાનનું યમુનાજીના ગોવિંદઘાટ પર મિલન થયું. મધ્યરાત્રિએ ઘાટ પર પોઢેલા મહાપ્રભુજીના મનમાં જીવોના ઉદ્ધારકાર્ય વિષે ચિંતા ઉત્પન્ન થઇ.

ચંદ્રાવલી : મહાપ્રભુજી જેવાને પણ ચિંતા થાય ખરી ?

શ્યામા : બેન, મહાપ્રભુજીના મનમાં એક ઊંડું ચિંતન ચાલી રહ્યું હતું આપશ્રી વિચારી રહ્યા હતા કે કયાં સર્વથા નિર્દોષ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ અને કયાં અનેક દોષથી ભરેલા ક્ષુદ્ર જીવો ! ! એમનો સંબંધ કઈ રીતે સાધવો ?

ચંદ્રાવલી : પછી આ વાતનું સમાધાન કેવી રીતે થયું ?

શ્યામા : મહાપ્રભુજી આવા ચિંતનમાં ડૂબેલા હતા ત્યારે આપશ્રી સમક્ષ સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન પ્રકટ થયા. પ્રભુએ આચાર્યશ્રીને નિશ્ચિંત થઈ બ્રહ્મસંબંધ દ્વારા જીવોને શરણમાં લઇ પુષ્ટિમાર્ગ પ્રકટ કરવા આદેશ આપ્યો અને વચન આપ્યું કે મહાપ્રભુજી દ્વારા શરણે આવેલા અંગિકૃત જીવોનો પ્રભુ કોઇ પણ સંજોગોમાં ત્યાગ કરશે નહીં આપણે જેને ગદ્યમંત્ર કહીએ છીએ શ્રીકૃષ્ણ પરમાત્મા મહાપ્રભુજીને સ્વમુખે કહેલ બ્રહ્મ સંબંધ મંત્ર છે.

ચંદ્રાવલી : વાહ! તો આપણે બ્રહ્મ સંબંધ મત્ર વેદની જેમ સાક્ષાત્ ભગવાનની વાણી છે!

શ્યામા : હા, બેન, આપણા ધર્મનો એજ તો મર્મ છે, પ્રભુના અભય વચનથી મહાપ્રભુજી એટલા તો આનંદિત થયા કે તેમણે સુતરનું પવિત્રું શ્રીઠાકોરજીને ધરાવી મિસરીનો ભોગ ધર્યો- અને મધુરાધિપતિ શ્રીકૃષ્ણ પ્રભુની મધુરસથી છલછલ 'મધુરાષ્ટક' સ્તોત્રથી સ્તુતિ કરી.

ચંદ્રાવલી : બેન, હવે વાત કંઇક સમજમાં આવી અને બ્રહ્મસંબંધ એટલે શું તેનો આછો ખ્યાલ પણ આવી ગયો. કરુણાનિધિ મહાપ્રભુજી અને વલ્લભકુલના બાલક જે શરણાગત જીવોનો સંબંધ પરબ્રહ્મ પુષ્ટિ પ્રભુ શ્રીકૃષ્ણ સાથે જોડી આપે છે એ જીવોનો બ્રહ્મસંબંધ થયો ગણાય. બરાબર? શ્રાવણ સુદ અગિયારશ બ્રહ્મસંબંધ મંત્રની પ્રાપ્તિનો દિવસ હોવાથી પુષ્ટિમાર્ગમાં એ મહિમાવંતો દિવસ છે, ખરું?

શ્યામા : ખરું બેન શ્રાવણ માસના શુક્લ પક્ષમાં અગિયારશની તિથિએ પુષ્ટિનો ઉદય થયો. તેથી પુષ્ટિ સંપ્રદાયમાં એ દિવસ 'પુષ્ટિ.પડવો' ગણાય છે. આ કારણે પુષ્ટિમાર્ગમાં તેનો અપાર મહિમા છે. મહાપ્રભુજીનો સિદ્ધાંત રહસ્ય ગ્રંથ' આ સુભગ પ્રસંગને પ્રસ્તુત કરે છે.

ચંદ્રાવલી : આ એકાદશીનો દિવસ 'પુષ્ટિ–પડવો' અને 'પુષ્ટિમાર્ગ–જન્માષ્ટમી' કેમ કહેવાય છે એ સમજાયું પરંતુ બેન, આ દિવસ 'પવિત્રા એકાદશી' તરીકે કઇ રીતે ઓળખાય છે એની સમજણ પાડો.

શ્યામા : આ એકાદશીની તિથિએ મહાપ્રભુજીએ આપણા ઠાકોરજીને સુતરનું પવિત્રું સિદ્ધ કરીને ધરાવ્યું. વર્ષના ત્રણસો સાઠ દિવસોમાં પ્રભુને દરેક દિવસે નૌતમ વાઘા અંગિકાર કરાવામાં આવે છે. ત્રણસો સાઠ તાંતણાના બનેલા પવિત્રામાં પ્રભુની વર્ષભરની વસ્ત્ર સેવાનો ઉત્તમ ભાવ રહેલો છે. આ અગિયારશે જે ભાવિક વૈષ્ણવ સ્વહસ્તે ત્રણસો સાઠ તારનું પવિત્રું બનાવી સિદ્ધ કરી પ્રભુને સેવા અને ભક્તિસભર હૃદયથી ધરાવે છે તેની ત્રણસો સાઠ દિવસની સેવા અંગિકાર થાય છે. આ અગિયારસનો આવો અપાર મહિમા હોવાથી તેને 'પવિત્રા અગિયારશ' પણ કહેવામાં આવે છે.

ચંદ્રાવલિ : મહાપ્રભુજીએ સુતરનું પવિત્રું પ્રભુને અર્પણ કરેલ. તો પવિત્રું સુતરનું જ જોઇએ એવું ખરું?

શ્યામા : હીર, રેશમ વગેરેના પવિત્રા પણ બજારમાં તૈયાર મળે છે ખરા પણ

સ્વહસ્તે તૈયાર કરેલ સુતરનું પવિત્રું ઉત્તમ મનાય છે.

ચંદ્રાવલી : બેન, આપણી વચ્ચે આ વાત થઇ ત્યારે આટલું જાણવા મળ્યું. તમે મારા મનમાં પ્રભુસેવાની ભાવનાનું બીજ રોપી દીધું છે. આવતી કાલે અન્યત્ર નહીં જતાં હું પણ પુષ્ટિ–પડવો ઉજવીશ. તમારી સાથે મંદિરે આવીશ અને સ્વહસ્તે તૈયાર કરેલ પવિત્રું તથા મિસરી ભોગ પ્રભુને અંગીકાર કરાવીશ.

શ્યામ : જરૂર બેન, હું આવતી કાલે શૃંગારના દર્શન સમયે મંદિરે જતાં જતાં તમને પણ બોલાવતી જઇશ. અગિયારશ પછીના 'પવિત્રા બારસ' ના દિવસે આપણા જે ગુરુ હોય તેમને ભકિત ભાવ પૂર્વક પવિત્રા ધરાવી મિસરી આરોગાવી ભેટ ધરવાની. બેન, તમારું મન સાચી દિશામાં વળ્યું તેથી મારું મન આજે અપાર આનંદ અનુભવે છે.

ચંદ્રાવલી : મારા હૃદયમાં પણ આજે અનેરો આનંદ છે. બ્રહ્મ સંબંધ લેવા છતાં માયાના જોર બળે પ્યારા પ્રભુ અને મહાપ્રભુથી વિમુખ બની અન્યાશ્રય અને ક્ષુલ્લક આનંદ પ્રમોદ કરવા બદલ આજે મને પશ્ચાતાપ થાય છે. તમારા જેવી ધર્મપ્રેમી બહેનપણી મળી છે એ ખરેખર મારું ભાગ્ય છે.

શ્યામા : ચંદ્રાવલીબેન, હું કોઇ વિશેષતા તો ધરાવતી નથી. મારામાં જે કંઈ થોડોઘણો ધર્મભાવ છે એ સત્સંગને આભારી છે. નિયમિત સત્સંગમાં જવાથી સારું એવું જાણવાનું મળે છે અને તેથી ધર્મ પ્રત્યે ભાવ કેળવાય છે.

ચંદ્રાવલી : શ્યામાબેન, તમારા સત્સંગથી મારા મનમાં પ્રભુદર્શન અને સત્સંગ પ્રત્યે ભાવ જાગ્યો છે એને હું હવે સુપ્ત થવા દઇશ નહીં. હું દરરોજ તમારી સાથે મંદિરે દર્શન કરવા અને સત્સંગ કરવા આવીશ. ષોડશ ગ્રંથ અને માર્ગીય સિદ્ધાંત સમજવા હું અવારનવાર તમારો સત્સંગ કરતી રહીશ.

શ્યામા : જરૂર બેન, એથી મને આનંદ થશે. આવતી કાલે આપણો 'પુષ્ટિ–પડવો' ઉજવવા તૈયાર રહેજો. હું તમને બોલાવવા આવીશ. આવજો બેન, જયશ્રીકૃષ્ણ.

ચંદ્રાવલી : આવજો શ્યામબેન, જયશ્રીકૃષ્ણ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

પદ ૩૫ મું

(ગતાંકથી ચાલુ)

શ્રી યમુને તુમસી એક હો જુ તુમહીં,
કરિ કૃપા દરસ નિસવાર દીજિયે;
તિહારે ગુનગાનકેં રહે ઉદ્યમહીં ૧

તિહારે પાયે તેં, સકલ નિધિ પાવહીં,
ચરણકમલ ચિત્ત ભ્રમર ભ્રમહીં;
'કૃષ્ણદાસનિ' કહેં, કોન યહ તપ કિયો,
તિહારે ઢિંગ રહત હેં લતા–દ્રુમહીં. ૨

અર્થ :– શ્રીયમુનાજી! આપની સમાન એક માત્ર આપજ છો. આપની તુલનામાં અન્ય કોણ આવી શકે? આપ મારા પ્રત્યે એવી કૃપા કરો કે નિત્યપ્રતિ આપના દર્શન અને ગુણગાનમાં તત્પર રહું. ૧

કૃપા કરી આપ મને પ્રાપ્ત થશો, એટલે અષ્ટસિદ્ધિ અને નવનિધિ મને પ્રાપ્ત થઇ એવું સુખ મળશે. મારૂં ચિત્ત આપના ચરણકમલમાં ભ્રમરની માફક આસકત બની વિચરતું રહે. મને આશ્ચર્ય એ થાય છે કે આપના કિનારા પર ઝૂકી રહેલી વૃક્ષ–વેલીઓએ પૂર્વમાં કેવા તપ કર્યાં હશે, જેથી આપની સાનિધ્યમાં રહેવાનું સૌભાગ્ય એને પ્રાપ્ત થયું છે. ૨

વિવેચન :– કૃષ્ણદાસજીએ ઘર છોડયા પછી ઘણા તીર્થોમાં પર્યટન કર્યું, ઘણા દેવ–દેવીઓનો પરિચય કર્યો, પરંતુ નિષ્કારણ કૃપા કરે એવું કોઇ જોયું નહીં. કૃપાની વાત તો બાજુએ રહી પરંતુ અન્ય દેવોની આરાધના પણ ખાંડાની ધાર જેવી લાગી. આરાધના કરતાં જો સહેજ પણ ભૂલ થઇ જાય તો સવળું કરતાં અવળું પડે અને સામેથી શત્રુની માફક દુઃખ આપે. અન્ય. દેવોની વાત તો ઠીક, પણ પ્રભુની વિભૂતિ સ્વરૂપ મર્યાદા પુરૂષોત્તમ પણ અમુક નિયમોને આધિન છે!

મુચકુંદ રાજાને પ્રભુના પ્રત્યક્ષ દર્શન થયા છતાં એને મોક્ષ આપ્યો નહીં, અને પ્રભુએ આજ્ઞા કરી કે બીજો તારો જન્મ બ્રાહ્મણકુળમાં થશે, ત્યાર પછી તને મુકિત મળશે. પ્રભુના દર્શન પછી પણ બ્રાહ્મણ જન્મની આવશ્યકતા રહી!

કૃષ્ણદાસજીને કયાંય સંતોષ થયો નહીં, કારણકે એ તો દૈવી જીવ છે ને! “રીઝે રાબડી થકી ગરીબ લોક રે, ભોગીને નવ ભાવે રે.” છેવટ મથુરાજી આવ્યા. શ્રીયમુનાજીની શરણમાં અબોધ બાળકની માફક પડી ગયા અને આપની કૃપાથી શ્રીમહાપ્રભુજી દ્વારા શ્રીનાથજીના અધિકારીજી બન્યા.

અદ્યાપિ પર્યંત શ્રીનાથજીના કૃષ્ણભંડારમાં અધિકારીજી તરીકે કૃષ્ણદાસજીનું નામ ચાલે છે.

આવા અનુભવ પછી કૃષ્ણદાસજીના મનમાં દૃઢ નિશ્ચય થયો છે કે શ્રી યમુનાજીની બરોબરી કરી શકે એવું અન્ય કોઇ જ નથી. આપની સમાન માત્ર આપજ છે, એટલે વિનંતિ કરે છે કે કૃપા કરી મને અહર્નિશ દર્શન આપતા રહો. જેથી આપના ગુણગાનમાં હું તન્મય રહું. આપનું શરણ પ્રાપ્ત થયું છે એટલે મારે અન્ય કાંઇ પણ પ્રાપ્ત કરવાનું બાકી રહ્યું નથી.

કૃષ્ણદાસજીને આશ્ચર્ય તો એ થાય છે કે આપના તટ પર રહેલા વૃક્ષવેલીઓએ પૂર્વે કેવા તપ કર્યાં હશે જેથી એને આપનું સાંનિધ્ય પ્રાપ્ત થયું છે.

વ્રજના પશુપક્ષિઓ, વૃક્ષવેલીઓ વગેરે સમસ્ત જડ ચૈતન્ય સૃષ્ટિ ભાવાત્મક છે. ઋષિ મુનિઓ છે, જે ભગવદ્ લીલાના દર્શન અર્થે જડ સ્વરૂપ ધારણ કરીને રહ્યા છે. જ્યાં વૃક્ષે વૃક્ષે વેણુધારી, પત્રે પત્રે ચત્રભુજ સ્વરૂપ બિરાજે છે. ગોપાલદાસજીએ પણ ગાયું છે કે–

‘તાન ધુની મુનિ મયૂર રૂપે, સાંભળે ધરી ધ્યાન’

પ.ભ. ઉદ્ધવજી વ્રજમાં ગુલ્મલતા બનીને રહ્યા છે એ તો પ્રસિદ્ધ છે. તદુપરાંત અનેક વૃક્ષ–વેલીઓ વગેરેના ઘણાને પ્રત્યક્ષ તથા સ્વપ્ન દ્વારા અનુભવો થયા છે. જે વિસ્તારના ભયથી લખ્યું નથી.

–ક્રમશઃ

શ્રીવલ્લભ:

પુષ્ટિમાર્ગના અસાધારણ પારસમણિ

શ્રી દયારામભાઈ વિચિત ભાવ ભાવના પ્રધાન હિંડોળો

સંપાદક : **પ્રો. જીવનલાલ છ. જોશી**
એમ. એ. એડવોકેટ, સાહિત્ય રત્ન

હિંડોળો

[શ્રીદયારામભાઇએ રણછોડ જોશીને કહેલી અને અમને વંશ પરંપરાથી મળેલી માહિતી મુજબ શ્રીદયારામભાઇએ આશરે પચીસેક હિંડોળાનું ગુજરાતી અને વ્રજ ભાષામાં ભાવના પ્રધાન, રાગ બદ્ધ, તાલ બદ્ધ, દેશીની બંદિશમાં સર્જન કરેલું છે. તેમાંનું આ એક પ્રસ્તુત છે.
– સંગ્રાહક]

ઝૂલવાને આવો રાજા ચંદ્રભાણજીના બાગમાં જીરે ઝૂલવાને
ધારો છો તે વાત, આજ લાગમાં; જીરે. ઝૂલવાને. (૧)
મળ્યાં રાધિકા ને ચંદ્રાવલી, જીરે: ઝૂલવાને
મસલત કરી એકઠાં મળી; જીરે. ઝૂલવાને (૨)
રસ બસ થયાં, સ્નેહ–રંગમાં, જીરે; ઝૂલવાને;
રોષ તો લેશ નથી અંગમાં; જીરે ઝૂલવાને. (૩)
ચંદ્રાવલીજી પાંયે લાગિયાં, જીરે ઝૂલવાને;
મારે ઘેર પધારો, વચન માગિયાં; જીરે. ઝૂલવાને. (૪)
વાટિકામાં હિંડોળો બંધાવિયે; જીરે; ઝૂલવાને;
પ્રાણજીવન પ્રેમશું પધરાવિયે; જીરે. ઝૂલવાને (૫)
ગેહેવર–ઘટા છે ઘણી વૃક્ષની; જીરે. ઝૂલવાને;
ન્યુનતા નથી ત્યાં, એકો પક્ષની; જીરે. ઝુલવાને (૬)
ત્રિવિધ પવન, લલિત–કુંજ છે; જીરે; ઝુલવાને;
પુષ્પ લતા ઝુલે, અલિ–ગુંજ છે; જીરે; ઝુલવાને (૬)
મધુર–શબ્દી–પક્ષીનો, નિવાસ છે; જીરે; ઝુલવાને;
અવસર અદ્ભુત, શ્રાવણ માસ છે; જીરે. ઝુલવાન (૮)
જુગલકિશોર ત્યાંહાં, ઝુલિયે; જીરે: ઝુલવાને;
ઝુલાવી તમોને, અમો ઝુલિયે; જીરે; ઝુલવાને. (૯)
વચન દીધું, હા કહી; કીરતિ–લલી જીરે; ઝુલવાને;
રાજને બોલાવ, મુને મોકલી જીરે; ઝુલવાને. (૧૦)
લલિતાનાં વચન સુણી, છેલડો જીરે; ઝુલવાને;
તતક્ષણ પધાર્યા, અલબેલડો જીરે; ઝુલવાને. (૧૧)

ધારી તે વિધિ સહુ સિદ્ધ થઇ જીરે; ઝુલવાને;
તે સમાની પલક, પરમ સુખમયી જીરે. ઝુલવાને. (૧૨)
હિંડોળે બેઠાં બન્યો બેલડી જીરે; ઝુલવાને;
ઝુકી–ઝુકી ઝુલાવે છે, સાહેલડી જીરે. ઝુલવાને. (૧૩)
વિવિધનાં વાજિંત્ર, વામા વાય છે જીરે; ઝુલવાને;
નવનવા હિંડોળા, નારી ગાય છે, જીરે. ઝુલવાને. (૧૪)
હિંડોળો જટિત્ર કનક ને મણિ જીરે; ઝુલવાને;
ઝુલે જુગલરૂપ, બહુ બણીઠણી; જીરે. ઝુલવાને. (૧૫)
સુખ તણો સમુદ્ર લેહેરાં ખાય છે, જીરે; ઝુલવાને;
દયો તેહેમાં ઝીલી, ગુણ ગાય છે; જીરે. ઝુલવાને. (૧૬)

૧. શ્રી ચંદ્રાવલીજીના પિતા ચંદ્રભાણજી. શ્રી રાધિકાજીના પિતા વૃષભાણજી. ૨ સલુણાં શ્યામા–વામાંગી–સ્વકીયા–નિત્યસિદ્ધા–શ્રી સ્વામિનીજી–શ્રી રાધિકાજી. ૩. દક્ષિણાંગી પરકીયા પ્રેમાસ્પદ શ્રી ચંદ્રાવલીજી. ૪. તણો (પાઠાંતર). ૫. બગીચામાં. ૬. પ્રીતશું (પાઠાંતર ૭. નૂનતા. ૮. મંદ, સુગંધ, શીતલ. ૮ (૧) ભ્રમરનાં ગુંજન. ૯. શુક, મયૂર, હંસાદિનો. ૧૦. સલુણાં શ્યામા-શ્યામ. ૧૧. શ્રી સ્વામિનીજી–શ્રી રાધિકાજી–શ્રી વૃષભાણનંદિની. ૧૨. સલુણા શ્યામસુંદર–મધુરાધિપતિ–સોહાગી–માણીગરને. ૧૩. યુગલ સ્વરૂપનાં–શ્યામા–શ્યામનાં મધ્યા સ્વરૂપ શ્રી લલિતાજી. ૧૪. સલુણા શ્યામા–શ્યામ. ૧૫. વ્રજવામાં–વ્રજસુંદરી–ગોપીજન –સખીજન. ૧૬. અવનવા. ૧૭. ગોપીજન–સખીજન–વ્રજવામાં–વ્રજસુંદરી. ૧૮. અલૌકિક હીરામણિરત્નજડિત. ૧૯. જુગલ સ્વરૂપ–સલુણાં શ્યામા શ્યામ. ૨૦. લેહેરિયાં (પાઠાંતર) ઝૂલવાને–ગાનાર ગાય સાથે ઝીલનાજીરે ગાનાર ગાય.

નોંધ : શ્રી દયારામભાઇ પોતાનાં સેવ્ય સ્વરૂપ શ્રી મદનમોહનજી અને શ્રીનવનીત પ્રિયજીને, પોતાને ત્યાં ચણોદમાં, પોતાના વતનમાં–પોતાની જન્મભૂમિ ચણોદમાં, કંગાલપુરી-માં–(દયારામપુરીમાં) આવેલા પોતાના જન્મસ્થાન તરીકે પ્રસિદ્ધ–વડીલોપાર્જીત બાપોતી મકાનમાં–છેક છેડેના છેલ્લા જમણી બાજુના મકાનમાં–હિંડોલે ઝુલાવતા હતા, ત્યારે ઝાંઝ કે મૃદંગ સાથે, ઝાંઝના ઝણકારે, મૃદંગના રણકારે, એક પછી એક પરનોના સહારે, તન્મય બની સદર હિંડોળો ગાતા હતા. (સં.) એક રાગે, એક તાલે, એક સ્વરે મળીને–કોકિલ કંઠે–મંદ્રા મધ્ય, તાર સપ્તકે, આરોહી અવરોહી સ્વરૂપે, સાતે સ્વરે (સારિગમપધનિ, નિધપમગરેસા) ચોતાલ, આડચોતાલમાં–ખાસ રંગત એમાં–જમાવટ એનાથી ધારી અસર કરે ધાર્યો પ્રભાવ પાડે–ગાતાં આવડવું જોઇએ. ઝીલતાં શીખવું પડે. એક સાથે રાગ–તાલમાં ગાતાં પણ બરાડા પાડવાથી કાંઇ ન સરે. ઉલટું, હોય તે જતું રહે–બધી મઝા મારી જાય. બધો આનંદ ગાયબ. એવું ગોપીજનોમાં નહોતું. ગોપીજન સ્વરૂપ–સખીજન

સ્વરૂપ–સૂરદાસ–નંદદાસાદિ આઠ સખામાં નહોતું અને નિધિનાં સ્વરૂપ અને શ્રીવલ્લભ–વંશજ બિરાજે છે ત્યાં એવું નહોતું અને અત્યારે પણ એવું નથી. જે કાંઇ છે તે, એ વિના બીજે છે. ત્યારે, એમ લાગે છે કે આ તે કીર્તન કે ભજન સન્મુખ પણ એવું–પોઢવાના કીર્તનમાં પણ એવું–સ્વરૂપનો, સમયનો વિચાર જ નહીં મધુર સ્વરે, મીઠા ઠેકે ગાવાનું–વગાડવાનું તો નેવે મૂક્યું છે. જાણે કે, બારમો ચંદ્ર ન હોય. અપને રંગમે રંગીલા એવું છે. પોત–પોતાના રાગ–તાલમાં મસ્ત એવું કે નહીં રાગનું ઠેકાણું નહીં તાલનું, નહીં સ્વરનું, નહીં આરોહી–અવરોહીનું, નહીં અંતરાનું ઝીંકે રાખે છે. દીધે રાખે છે. પૂરું ભાનનહીં હોવાને લીધે. સભાનપણે, સસ્વરે, ભાવભાવના સહિત ગાતા–ઝીલતા હોય તોયે ઘણું–સેવ્ય સ્વરૂપ પ્રસન્ન–શ્રી વલ્લભી વૈષ્ણવ જન પ્રસન્ન શ્રોતાજન તન્મય. આ એક વિચારવા જેવું છે, ગાનારાઓએ, એની સાથે–સાથે કે પાછળ પાછળ ઝીલનારાઓએ–યોગ્ય લાગે તો જેથી કીર્તનની મઝા મારી ન જાય. એના આનંદ લુંટાઇ ન જાય. સજાગ રહેશો તો પરમાનંદ પ્રાપ્ત કરશો. બાકી તો વલખાં ઝાંઝવાનાં નીર. નર્યું મૃગજલ આપણી કીર્તન પ્રણાલી પ્રાચીન કીર્તન પ્રણાલીને અનુરૂપ હોવી જોઇએ હોય એ ખાસ ઇચ્છવાજોગ છે. ગમે તેનાં, ગમે તેવાં મિશ્રણ શોભાસ્પદ નથી. ઉલટું, એ એની ખુબી મારી નાખે છે. જે કયેમે કરી, કદિયે ખસતી નથી તેને શોભાના, પર–શોભાના શા કામના ? છાતીએ હાથ હાથ મૂકીને આપણે આપણી જાતને પૂછીએ, આપણે શુદ્ધ–પુષ્ટિના, પુષ્ટિ–પુષ્ટિના, મર્યાદા–પુષ્ટિના છીએ ? અરે પ્રવાહ પુષ્ટિના પણ છીએ ? કે પછી ફાંકો રાખી ફર્યા કરવાનું, એટલું જ લીલા–સૃષ્ટિમાં આપણું ક્યાં સ્થાન છે ? એનો વિચાર કર્યો છે ખરો ? શાંત ચિત્તે –એકાંતમાં–આપણા સ્વરૂપનું, પુષ્ટિમાર્ગના સ્વરૂપનું, પુષ્ટિ પ્રભુ, પુષ્ટિ ગુરુ અને પુષ્ટિભકતના સ્વરૂપનું–નિકુંજ–નાયક શ્રીનાથજી, મહાકારુણિક શ્રી વલ્લભાધીશ, પુષ્ટિ સૃષ્ટિ–અગ્રેશ–શ્રી-દામોદરદાસજીના સ્વરૂપનું–તેમના સૌના પરિવાર, પરિકર અને ઉપસ્કરાદિનું–તેમના સ્વરૂપનું –જેમની બરાબર–જગતમાં–પુષ્ટિ જગતમાં કોઇ જ નથી તેથી ન માનો તો પૂછજો કોઇ અનુભવીને. પ્રસિદ્ધ કીર્તનકારને. "विद्वद्भिः सर्वथा श्राव्यं, ते हि सन्मार्ग रक्षका" ન–મળે તો, મળે ત્યારે જીજ્ઞાસુની નજરે–જાણવાની દ્રષ્ટિએ–પરીક્ષિત બનીને–બે ઘડી જીવ્યા જેવું જીવન જીવીને– વાતવાતમાં ઘણું કહી નાંખ્યું–કહેવા જેવું, ન કહેવા જેવું. સમઝે, અણસમઝે–અણઘડ ખરાને થાય શું ? નથી ભાન માર્ગનું, માર્ગની રીતનું, માર્ગની પ્રીતનું, માર્ગની પદ્ધતિનું, માર્ગની પ્રણાલિકાનું, માર્ગની મેંડનું–તોપણ–સમઝાવનાર નથી, સમઝદાર નથી–તેથી–બંનેનાં સુકાળનાં દર્શન થાય છે તેથી–બંનેનો દુકાળ વરતાય છે તોપણ–કરવું શું ? જવું ક્યાં ?– પૂછવું ક્યાં ? જ્યાં–ત્યાં પોત–પોતાની રીતનાં વર્તન–જાણે કે, પૂછનાર જ કોઇ નથી. અમને પુછનાર કોણ ? એવી તો તુમાખી. આ છે અત્યારનું પુષ્ટિમાર્ગનું વાતાવરણ–ધુમ્મસભીનું–સૌ કોઇ આવે–લણે–વિના રોક–ટોક. ભલા–ભોલા શ્રીવલ્લભી વૈષ્ણવજનનો લાભ લઇને–લેવાય તેટલો–પગ પેસારો કરીને–કરાય તેટલો. ક્યારે છૂટશો ? કયા ભવે

છૂટશો ? એનો વિચાર કર્યો છે ખરો ? કે પછી ગબડાવે રાખો છો, હાંકે રાખો છો. આ ક્યાં સુધી ચાલશે ? ક્યાં સુધી નભશે ? પાયા વિનાનું મકાન–એની શી દશા ? એ તો જાણો છો ને ! એવું આપણે કરવા બેઠા છીએ. એમના થઈને–એમના કહેવાયને–કેહવાનું, ન કહેવાનું કહેવાઈ ગયું. જાણે–અજાણે, મને–કમને, અણઘડપણામાં આપણે એકાક્ષી થઈ ગયા છીએ. પોતપોતામાં મસ્ત બીજાનું જોવાનું નહીં, સાંભળવાનું નહીં સારું હોય તો પણ બીજાને જોવાના નહીં, સાંભળવાના નહીં સારા હોય તો પણ આ ક્યાં જઈને અટકશે સમજાતું નથી. આ વેપલો નાદારી કઢાવશે કે કેમ ? એ પણ નિશ્ચે થતો નથી. જ્યાં ત્યાં એકાક્ષી એકાક્ષી, એકાક્ષીનાં જ દર્શન. હું પણ એમાંનો એક મને રખે બાતલ સમજતાં.

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૧૫ તા. ૧૧–૭–૮૭ શનિવાર વ્યાસ પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા મન્વાદિ તિથિ કચોરી પૂનમ.

અષાડ વદ ૨ તા. ૧૨–૭–૮૭ રવિવાર હિંડોળા પ્રારંભ

અષાડ વદ ૪ તા. ૨૪–૭–૮૭ મંગળવાર શ્રી ગોકુલનાથજીનો પાટોત્સવ (ગોકુલ) શ્રી ગોકુલચંદ્રમાજીનો પાટોત્સવ (કામવન)

અષાડ વદ ૮ તા. ૧૮–૭–૮૭ શનિવાર જન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ.

અષાડ વદ ૧૦ તા. ૨૦–૭–૮૭ સોમવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૨૧–૭–૮૭ મંગળવાર કામિકા એકાદશી વ્રત કુંજમાં હિંડોળા.

અષાડ વદ અમાસ તા. ૨૫–૭–૮૭ શનિવાર હરિયાળી અમાસ દિવાસો.

શ્રાવણ સુદ ૩ તા. ૨૯–૭–૮૭ બુધવાર ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા.

શ્રાવણ સુદ ૫ તા. ૩૧–૭–૮૭ શુક્રવાર નાગપંચમી શ્રીનાથજીની ઉર્ધ્વ ભુજાના દર્શન (સં. ૧૪૬૫)

શ્રાવણ સુદ ૯ તા. ૪–૮–૮૭ મંગળવાર બગીચા નવમી. શ્રી ગોવિંદલાલજી કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

શ્રાવણ સુદ ૧૨ તા. ૬–૮–૮૭ ગુરુવાર પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત પવિત્રા સવારે શૃંગારમાં ધરવા, સંયોગાત્મક મહારાત્રિ.

શ્રાવણ સુદ ૧૩ તા. ૭–૮–૮૭ શુક્રવાર પવિત્રા બારસ, ગુરુને પવિત્રા ધરાવવાં.

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

ગંગામાં બધાંય સ્નાન કરે છે, તેમાંથી કોઇ મનુષ્ય, તરતાં ન આવડતું હોવાથી કે દુર્બલતાના કારણે અગર તેની (ગંગાની) સામે પાર ન જઇ શકયો તો એથી કંઇ એમ નહિં કહી શકાય કે ગંગા સ્પર્શ કરવાપણું યોગ્ય પણ નથી. બ્રહ્મ સ્વતંત્ર છે, અનંત કલ્યાણગુણશાળી છે, તેને કોઇપણ પોતાના સામર્થ્યથી જાણી શકતો નથી. અથવા દેખી શકતો નથી. અથવા આ પ્રાકૃત નેત્રોથી કોઇ એને ન જોઇ શકે તો તેથી એમ નહિ કહી શકાય કે – 'પરમાત્મા દેખવા લાયક નથી વા જાણવા યોગ્ય જ નથી.' ભલા કોઇ હૈયાફૂટાને કે ભાગ્ય વગરનાને તેનું દર્શન ન થતું હોય પણ પરમભાગ્યશાળીઓ તો તેનું દર્શન કરે જ છે.

જે વસ્તુ પૂર્વે કદી દેખાઇ, સંભળાઇ, કે સમજાઇ હોય તેનો તો નિષેધ કરાય જ છે. પણ કદી ન દેખેલી ન સાંભળેલી અને ન સમજેલી વસ્તુનો કોઇપણ નિષેધ કરતો નથી. લોકમાં દ્રષ્ટ, શ્રુત અને જ્ઞાત સર્વ પદાર્થો પ્રાકૃત છે, નશ્વર છે. માટે જ વિષય પણ છે. હવે અગર એવા ધર્મોનો અથવા આકારનો બ્રહ્મમાં શ્રુતિ નિષેધ કરતી હોય તો એ વાતને કોણ ન સ્વીકારે? અર્થાત્ બધાય સ્વીકારે અને એવું જ (પ્રાકૃત) આરોપિત 'બ્રહ્મત્વ જ જડ અને નશ્વર છે, પરંતુ અપ્રાકૃત, અલૌકિક, સ્વરૂપભૂત બ્રહ્મ નિર્ધર્મક છે, અથવા એવા ધર્મોનો બ્રહ્મમાં નિષેધ છે એ વાત યુકિત તથા શાસ્ત્રોથી સિધ્ધ થતી નથી.

અનુમાનાદિ યુકિતઓથી પણ શાસ્ત્રોકત બ્રહ્મની સિદ્ધિ થતી નથી.

પૂર્વ પક્ષ

કેટલાકનો મત એવો છે કે સાવયવ સઘળા પદાર્થો કોઇ ને કોઇએ બનાવેલા હોય છે, માટે તેને કાર્ય કહે છે. પૃથ્વી, પર્વત, જળ, વિગેરે અનેકાનેક પદાર્થોનું જે નામ જગત છે તે બધું પૃથિવ્યાદિ કાર્ય અવયવવાળું છે, એટલા માટે એને કોઇએ જરૂર બનાવ્યું છે. વસ્તુના બનાવનારને કારણનું (જેથી કાર્ય બને તે દ્રવ્ય, જેની સહાયથી બને તે સમગ્ર સહાયક સામગ્રી) તથા તેના પ્રયોજનનું. તેમજ બનાવવાની ક્રિયા વિગેરેનું જ્ઞાન

જરૂર થવું જોઇએ. મોટું વિસ્તીર્ણ અને આશ્ચર્યકારક આ જગતરૂપ કાર્ય છે તો એનો બનાવનારો પણ જરૂર હોવો જોઇએ. આવા કાર્યનો કર્તા સાધારણ અલ્પજ્ઞ થઇ શકતો નથી. માટે કાર્યને નિહાળી આવું કાર્ય કરવામાં સમર્થ, કોઇ સર્વજ્ઞ કર્તાનું અનુમાન થઇ આવે છે. અને તેજ સર્વજ્ઞ સર્વસમર્થ કર્તા આપણો ઇશ્વર છે. અહીં આવો અનુમાન-પ્રયોગ પણ થઇ શકે છે, જે જે સાવયવ છે તે સર્વ કાર્ય છે જેમ ઘટ જગત સાવયવ છે માટે તે કાર્ય છે, અને જે કાર્ય છે તો તેની પહેલાં તદનુસાર, કોઇ બુદ્ધિમાન કર્તાની પણ ખાસ જરૂર છે. જગદ્રુપ કાર્ય મહાન વિસ્તીર્ણ અને વિલક્ષણ છે, માટે એનો બનાવનાર પણ સર્વજ્ઞ, સર્વકર્તા ઈશ્વર સિદ્ધ થાય છે. તો પછી યુક્તિઓથી બ્રહ્મની સિદ્ધિ થતી નથી એમ શા માટે કહો છો ?

ઉત્તરપક્ષ

અનુમાનથી 'અણોરણીયાન મહતો મહીયાન્' ઇત્યાદિ શ્રુતિઓમાં વર્ણવેલું લૌકિક યાવત્કર્તાઓથી વિલક્ષણ, વિરૂદ્ધ ધર્માશ્રય બ્રહ્મની સિદ્ધિ થતી નથી. બે વસ્તુનો નિયતપણે સંબંધ મળવો તેને વ્યાપ્તિ કહે છે. જેમ ધૂમ અને અગ્નિની વ્યાપ્તિ. પરંતુ ત્યાં એટલું બીજું પણ છે કે તેઓને એકાદ બે વાર એક સાથે આંખોથી જોઇ લીધા છે. ઘટ જેમ કાર્ય છે તેમ તેનો બનાવનાર પણ જરૂર છે એ ઠીક છે પરંતુ ત્યાં એટલું બીજું પણ સાથે લાગ્યું છે કે અનેકવાર લોકોએ ઘટને બનાવતા કુંભારને જોયો છે, માટે ત્યાં કાર્યત્વેન, કર્તૃત્વેન, (કાર્યકારણપણાથી) વ્યાપ્તિ ઠીક છે.

પરંતુ ઇશ્વરે જગત બનાવ્યું છે આ વાત જ્યારે કોઇએ જોઈ નથી તો પછી અનુકુલ તર્ક ન મળવાથી ત્યાં આ વ્યાપ્તિનું દૃષ્ટાંત આપી અદૃશ્ય વસ્તુ ઇશ્વરની સિદ્ધિ કરવી એ ભીંત (આધાર) વગર ચિત્ર ચીતરવા જેવું છે.

એક વાત બીજી પણ છે કે ઘડો, માટલું અથવા એવી બીજી અનેક વસ્તુઓ બનાવવામાં આવે છે માટે તેઓનો કર્તા કોઇ છે એ ઠીક છે, પરંતુ પૃથ્વી જલ, અગ્નિ વિગેરે પદાર્થો તો એવાં છે કે જેઓનું બનાવવું જ અશકય છે, માટે શકયક્રિય (જેની ક્રિયા થઇ શકે) પદાર્થોનું દૃષ્ટાંત આપી અશકયક્રિય પૃથ્વી, જલાદિને કાર્ય માનવું જ પ્રથમ હાસ્યક્રિય છે. અને આવા કાર્યથી ઇશ્વરની સિદ્ધિ કરવી તે તો આકાશકુસુમોથી નીપજેલા અત્તરની નદી વહેવડાવવા બરોબર જ છે. જયાં 'હેતુ,' પ્રત્યાક્ષાદિ પ્રમાણોથી પણ જ્ઞાત થતો હોય ત્યાં તેના ઉપર આવી પડતાં દોષોનો ઉદ્ધાર થઇ શકે છે પરંતુ અહિ તો જગત્ કાર્ય છે. આ હેતુ અન્ય પ્રમાણોથી જ્ઞાત થયો નથી માટે અહીં આવી પડતા દોષોની નિવૃત્તિ કોઇપણ પ્રકારે થઇ શકતી નથી અને એટલા માટે કાર્યબલથી પણ કંઇ કામ સરતું નથી.

પૃથ્વી, દરિયો, અગ્નિ, વિગેરે યદ્યપિ કાર્ય છે તથાપિ એ બધાંને કોઇએ એક જ વખતમાં બનાવી દીધાં છે એ કેવી રીતે કહી અને જાણી શકીએ ? ઘટની માફક આ બધાં

એક તો છે નહિ કે જેથી એક જ સમયમાં એક જ આદમીથી બની શકે અને આ તો બધાં અલગ, અલગ છે, માટે એનાં બનાવનારાં પણ ભિન્ન ભિન્ન અનેક હોવાં જોઇએ. અનેક ભિન્ન ભિન્ન વસ્તુઓનાં અનેક અલગ અલગ કર્તા હોય છે એ લોકોમાં દ્રષ્ટ છે. માટે એક કર્તાની સિદ્ધિ થઈ શકતી નથી. એક જ આદમી દુનિયાનાં બધાં કાર્યોને કરી લે એવો ચતુર કર્તા લોકમાં જોવામાં આવતો નથી. એ માટે પણ (અનુમાનથી તમારી યુક્તિથી) ઇશ્વરની સિદ્ધિ થઇ શકતી નથી.

બીજું જગતને બનાવનારો ઇશ્વર શરીરી છે કે શરીર વગરનો ? 'શરીર વગર તે કાર્ય બનાવે છે' એ તો કહી શકાય નહિ કારણ કે લોકમાં કયાંય એવું જોવામાં આવતું નથી. કદાચ કહો કે 'તે ઇચ્છા માત્રથી બધું કરી શકે છે તો પણ ઠીક નહિ કારણ કે ઇચ્છા પણ શરીરને જ થાય છે, શરીર વગરના આદમીને કદી કંઇ પણ ઇચ્છા નતી નથી. અગર કહો કે ભલે. દેહ ન રહો તોપણ મન તો નિત્ય છે, બસ, તે માત્ર મનના સંકલ્પથી જગત બનાવી શકે છે તો પણ યુકત નથી, કારણ કે યોગી અને મુકત જીવોને પણ મન હોય છે તોપણ તેઓ કાર્ય કરતાં જોવામાં આવતા નથી. કદાચ કહો, કે શરીરવાળો જ ઇશ્વર જગતનો બનાવનાર છે, તો પણ બની શકતું નથી. અહીં પ્રશ્ન એ થાય છે કે તે ઈશ્વરનું શરીર નિત્ય છે કે અનિત્ય ? કદાચ તેનું શરીર નિત્ય કહો તોપણ યુકત નહિ કારણકે યદિ સાવયવ હોવા છતાં પણ શરીર નિત્ય છે તો પછી જર્ગત પણ સાવયવ હોવાથી નિત્યજ લેખાશે અને એમ થવાથી પછી તેના કર્તાની શી આવશ્યકતા રહેવાની ? અગર કહો–'તેનું શરીર અનિત્ય છે' તો એ પ્રશ્ન ઉદ્ભવે છે કે તે શરીરને કોણે બનાવ્યું ? 'ઇશ્વરે પોતે પોતાનું શરીર બનાવ્યું આમ કહો તો અશરીરી તે શી રીતે શરીર બનાવી શકશે ?

'અન્ય શરીરથી તે શરીર બન્યું છે' આમ કહો તો 'જે અન્ય શરીરથી તે શરીર બન્યું છે તે શરીર કયાંથી બન્યું ? આમ પ્રશ્ન પરંપરા આગળને આગળજ ધપ્યા કરશે. માટે અનુમાનથી ઇશ્વરની સિધ્ધિ કરવી પોતાના પગપર પોતાના હાથે કુહાડી મારવા જેવી છે, માટે કહ્યું છે કે **અલોકિકાસ્તુ યે ભાવા ન તાંસ્તર્કેણ યોજયેત,**

શ્રુતિ, સ્મૃતિ, સૂત્રાદિશાસ્ત્રોથી સિધ્ધ થયેલા બ્રહ્માવાદમાં બ્રહ્મસ્વરૂપનો નિર્ણય,

હવે અહીં એ પ્રશ્ન થાય છે કે અન્યવાદીઓએ કહેલા બ્રહ્મનો તો શાસ્ત્રમાં પત્તો પણ મળતો નથી એ ઠીક છે પરંતુ સિદ્ધાંતમાં બ્રહ્મનું સ્વરૂપ કેવું માનવું જોઇએ ? તો એના ઉત્તર એટલો જ છે કે ·

(ક્રમશઃ)

સમાચાર

સોજીત્રા–મનુષ્યનું કર્તવ્ય આત્માની ઉન્નતિ સાથે ધાર્મિક અને આધ્યાત્મિક ઉત્તરદાયિત્વ પણ છે. તે પણ સંપન્ન કરવું જોઈએ. ઉત્સવ એક યજ્ઞ છે. એની ભાવના વિચારી કાર્ય કરવામાં આવે તો જ ભગવદ્-સેવા બને છે. સેવા કરતી વખતે મચ–ચિત્તને નિયંત્રિત કરી, હૃદયને સાથે લગાવવું જોઈએ. ઉત્સવને કારણે લૌકિક પીડા ભુલી મનુષ્ય આનંદ મેળવી શકે છે. એવું સોજીત્રા મુકામે છપ્પનભોગ મહોત્સવનું ત્રણે સ્વરૂપ આધ્યાત્મિક, આધિ દૈવિક અને આધિભૌતિકની વિસ્તૃત સમજ, આં. પુ. વૈષ્ણવ પરિષદના ખેડા જીલ્લાના વૈષ્ણવ કાર્યકર્તાઓના મળેલ સંમેલનમાં આપતા પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજે જણાવ્યું "તું વધુમાં પરિષદની ગતિવિધીઓ તથા તેના માધ્યમથી ચાલતી પ્રવૃત્તિઓ વિશે આપ સૌ જાણો છો, તેમાં સહયોગ આપી સંગઠિત બનવા તેઓએ જણાવ્યું હતું.

ધર્મ સંસ્કાર શિબિર, પંચસુત્રી કાર્યક્રમ તથા ગૌસંરક્ષણ અને દુષ્કાળ સેવા કાર્ય જેમાં મકાઈ, સુખડી તથા ઘાસ વિતરણ વગેરે કાર્યક્રમો અંગેની વિગતે ખ્યાલ પ્રાંતના સંગઠ્ઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે ખાસ ઉપસ્થિત રહી આપ્યો હતો તેઓએ પણ પરિષદના નેજા હેઠળ સંગઠીત બની પુષ્ટિમાર્ગની પ્રચાર–પ્રસાર કરવા કટિબદ્ધ બનવા વૈષ્ણવ સમાજને અપીલ કરી હતી,

ખેડા જીલ્લાના સંગઠન મંત્રી પ્રો. ગોપાલભાઈ શં. શાહે જીલ્લાની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો અને ગૌસારક્ષણ અને દુષ્કાળ સેવામાં ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરી હતી.

શ્રી છપ્પનભોગ આયોજન સમિતિ એ તૈયાર કરેલ "પુષ્ટિ સુધારસ" પુસ્તકનું વિમોચન પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું.

સને ૧૯૮૬ ના અંક ૧૨ ના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૨૨૧ શ્રી હરિદાસ જમનાદાસ સોની, રાજકોટ
૨૨૨ શ્રી જયેશ કનકસિંહ રતનસિંહ આશર, મુંબઈ
૨૨૩ શ્રી સંજય ગેસ સર્વીસ, રાજકોટ
૨૨૪ શ્રી નિકુંજભાઈ એમ. શાહ, દાહોદ
૨૨૫ શ્રી તારાચંદ ખુશાલભાઈ સોની, રાજકોટ
૨૨૬ શ્રી સોની જેઠાલાલ માધવજી, રાજકોટ
૨૨૭ શ્રી કંસારા નતુરદાસ ખેતસીભાઈ, રાજકોટ
૨૨૮ શ્રી કે. ઝેડ. પારેખ, આકોલા
૨૨૯ શ્રી ચીમનલાલ લાલજીભાઈ, રાજકોટ
૨૩૦ શ્રી બાબુલાલ આણંદજીભાઈ લોટીયા, રાજકોટ

(ટાઈટલ ૨ થી ચાલુ)

અંહિની ચિંતા જરાયે ના કરશો, ફિકરમાં ના ફરશો, વલ્લભવરના ગુણ ગાજો.
દર્શન મારાવતી વિરા કરજો, ઉરમાં અરજી ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
અમને સ્વજન તમારા ગણજો, દંડવત્ મારા કરજો, વલ્લભવરના ગુણ ગાજો.
હરિને ભૂલાવે એવો સંગ તજજો, વૃથાના ઉચ્ચરજો, વલ્લભવરના ગુણ ગાજો
વિરા ! વ્રજમાં કિંકર યાદ કરજો, કૃપા મુજપર ધરજો, વલ્લભવરના ગુણ ગાજો.
વ્રજમાં સુખદુઃખ સઘળાં યે સ્હેજો, આનંદમાં રહેજો, વલ્લભવરના ગુણ ગાજો.
મનડાં વલ્લભવરને જ વરજો, વચન મારા ફળજો, વલ્લભવરના ગુણ ગાજો.
'નટવર' મહાસુખ વ્રજમાંરે મળજો, સંકટ સઘળાં હરજો, વલ્લભવરના ગુણ ગાજો.
અમે વનવગડામાં જ સારા, વિયોગી તમારા, વલ્લભવરના ગુણ ગાજો.
વ્હાલા ! ભગવદ્ સ્મરણ એક સાચું, બાકી સર્વે કાચું, વલ્લભવરના ગુણ ગાજો.
મારા વ્હાલાને એટલું કહેજો, અંતરે આવીને રહેજો, વલ્લભવરના ગુણ ગાજો.
કહેજો કિંકરને ચરણોમાં લેજો, વાસો વ્રજમાં દેજો, વલ્લભરરના ગુણ ગાજો.
વિઠ્ઠલવરને વ્હાલા વિનતિ કરજો, કિંકર નિમંળ કરજો, વલ્લભવરના ગુણ ગાજો.
શબ્દો સરીયા છે ભાવ પ્રકાશે, સ્વીકારો એવી આશે વલ્લભવરના ગુણ ગાજો.

"જયશ્રીકૃષ્ણ"

–પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ (અરાદ)

"શ્રીરંગજીમા જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની બેઠકનો પ્રાગટય ઉત્સવ"

શુક્રવાર તા. ૧૫-૫-૧૯૮૭ ના વૈશાખ વદી ૨ ના શુભદીને જગતગુરૂ શ્રીમદ વલ્લભાર્યજી શ્રી મહાપ્રભુજીની બેઠક મોટા મંદિરવાળા વલ્લભાચાર્યવંશજ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી વ્રજાધીશજી મહારાજશ્રીના શુભ હસ્તે બેઠકજીનો પ્રાગટય મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

સવારે ૭-૩૦ કલાકે નાદસ્વરમ તથા વીસ વેદપાઠી બ્રહ્મણો સ્વાગતયાત્રામાં સાથે ચાલતા હતા મહારાજશ્રી પોતાનાં માતુશ્રી તથા તેમના મદ્રસમાં બિરાજતા ભત્રીજા પુ પા. ૧૦૮ ગોસ્વામી શ્રી મધુસુદનજી મહોદય તથા તેમના કુટુંબ સાથે શોભાયામામાં પધાર્યા હતા.

શ્રીમદ વલ્લભાચાર્યજીના ચિત્રજીને હાથી ઉપર પધરાવીને શોભાયાત્રા નીકળી હતી શ્રીકૃષ્ણ કોવીલ જે શ્રીરંગજીના મંદિરના પાછલા દ્વાર પાસે આવેલ છે, તથા શોભયામા પૂરી થઈ હતી બેઠકજી માટે શાહુકાર ગોપાલદાસ દ્વારકાદાસ ફેમીલી ટ્રસ્ટે જે જમીન આપેલ છે, ત્યાં શુભ મુહુર્તે સવારનાં ૧૦-00 કલાકે શ્રી મહાપ્રભુજીના ભાવનાજી તથા પાદુકાજીની સ્થાપનાં કરવામાં આવી હતી. તે પ્રસંગે તામીલનાડુનાં મંત્રી શ્રી સુંદરરાજન, ત્રીચીનાં એકઝીકયુટીવ એન્જીનીયર સાહેબ તથા મ્યુનીસીપાલીટીનાં ચેરમેન અને શ્રીરંગનાથજીનાં મંદિર બોર્ડના સભ્યો, શ્રીરગનાથજી મંદિરનાં મુખ્ય પુજારી શ્રી રંગનાથ ભટ્ટ તેમજ મોટી સંખ્યામા વૈષ્ણવગણ તેમજ સ્થાનીક સમાજે શોભાયાત્રામાં તથા પ્રાગટય મહોત્સવમાં ઉમંગભેર હાજર રહી આનંદ લીધો હતો.

ઘણા વર્ષોથી વૈષ્ણગણની ઈચ્છા રંગનાથજીમાં બેઠક કરવાની હતી. તે આ તારીખ ૧૫-૫-૧૯૮૭ ના રોજ પરિપૂર્ણ થઈ છે.

રાજકોટ-શ્રી ત્રિકમરાયજીનો ૧૫ મો પાટોત્સવ વૈશાખ વદ ૧૩ ને સોમવારે ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો.

SHREE VALLABH SUDHA Regd No. G/RJ. 212 L.P.W.P. 43

(૧)

પારસ તમારા પરસે

પારસ તમારા પરસે કુંદન થઈ ગયો !
પ્રિતમ તમારા દરશે પાવન થઈ ગયો !...પારસ.

ભાલે ચડું તો બિંદી હોઠે અડું તો બંસી;
ગાલે ઠરી તમારે ખંજન થઈ ગયો !...પારસ.

કાને અડું તો કુંડલ માથે મુકુટ–મંડલ;
નયણે વસી તમારે અંજન થઇ ગયો !...પારસ.

સૂંઘો તમે તો પરિમલ સ્પર્શો તમે શતદલ;
શ્રવણે પડી તમારે ગુંજન થઇ ગયો !...પારસ.

ચાખો તમે જો ઠાકર તો ગળી ગળી હું સાકર;
દૃષ્ટે ચડી તમારી દર્પણ થઇ ગયો !...પારસ.

કરને અડું તો કંગન તિલકે ચડું તો ચંદન !
ચરણે પડી તમારે વંદન થઇ ગયો !...પારસ.

શ્રી દેવેન્દ્ર ર. પાલેજો 'નિર્મલ' (કોઇમ્બતુર)

(૨)

શ્રીકૃષ્ણ કૃષ્ણ નંદનંદન કૃષ્ણ કૃષ્ણ

(રાગ : વસંતતિલકા)

શ્રીકૃષ્ણ કૃષ્ણ નંદનંદન કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ રાધાવર કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ યમુનાપ્રિય કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ ગોપીવલ્લભ કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ વલ્લભ કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ વિઠ્ઠલ કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ પુષ્ટીશ્વર કૃષ્ણ કૃષ્ણ
શ્રીકૃષ્ણ કૃષ્ણ સર્વેશ્વર કૃષ્ણ કૃષ્ણ

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

વધાઇ

પરમ ધામ ગો-લોક છાંડિ કૈ,
હરિ વૃંદાબન આયે રી;
કૃષ્ણુ પુત્ર બસુદેવ – દેવકી,
નંદ – ભવન પહુંચાયે રી.
ધન્ય ભાગ હૈ માતુ જસોદા,
જિનહિં પરમ સુખ પાયેરી;
ફૂલે ફિરત સકલ બ્રજવાસી,
આનંદ ઉર ન સમાયે રી,
ખબર ભઇ જબ કંસરાય કોં,
પૂતના બેગિ પઠાઇ રી;
મારન આઇ આપુ નસાઇ,
જનની કી ગતિ પાઇ રી.
સિવ – સનકાદિ આદિ બ્રહ્માદિક,
દેવ દુંદુભિ બજાઇ રી;
'ચંદસખી' ભજ બાલકૃષ્ણુ છબિ,
હરિ કે ચરન ચિત્ત લાઇરી.

❖

વર્ષ ૬ : અંક ૫ ❖ ઓગષ્ટ, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ ❋ આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, ઝવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ [illegible] સાથે
શ્રી [illegible] કરી છે [illegible]
શ્રી વલ્લભ [illegible] રૂ. [illegible]
રૂ. ૫૧ [illegible]
લાભ મેળવવા રૂ. [illegible] શિવાભાવી આ
અગર [illegible] છે.

[illegible]

[illegible] સૂચના

ઉપરોક્ત [illegible] થવા નામ નોંધાવે તેમજ [illegible] ૨૭ સુધીમાં કાર્યાલયમાં અર્પી જાય તેવી [illegible] છે.

[illegible]
[illegible] સુધા કાર્યાલય



[illegible]

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૫ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * ઓગસ્ટ, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૪મો)

ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાને-
ર્ન ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।
એવંરૂપઃ શકય અહં નૃલોકે
દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ॥૪૮॥

હે કુરુકુળમાં શ્રેષ્ઠ અર્જુન, એવા રૂપવાળો હું (પુરુષોત્તમ) વેદોથી, યજ્ઞોથી, અધ્યયનથી, દાનોથી, ધાર્મિક ક્રિયાઓથી અને ઉગ્ર તપોથી મનુષ્યલોકમાં તારા વિના બીજા કોઇથી દૃષ્ટિગોચર થવાને શકય નથી. ॥૪૮॥

એ પ્રમાણે તારી ઇચ્છાથી જ આ રૂપ બતાવ્યું, હવે પહેલાંનું જ રૂપ તું જો. જોવા યોગ્ય રૂપની દુર્લભતા હોવાથી અર્જુન ઉપર કરેલી કૃપાની અધિકતા 'ન વેદ' વગેરે શબ્દોથી કહે છે. વેદોના અધ્યયનથી, એટલે કે સાર્થક શબ્દરૂપનાં અધ્યયનથી અને યજ્ઞોની વિધિમાં વર્ગોના નિયમિત ક્રમ આદિ સહિત વિદ્યા અને ક્રિયાઓના અધ્યયનથી હું જોઇ શકાતો નથી. તેમ જ પુરુષની તુલાવિધિ કરીને તે વસ્તુનું દાન કરવું, એવા પ્રકારનાં દાન કરવાથી કે અગ્નિહોત્ર વગેરે રૂપ ક્રિયાઓથી અને ચાંદ્રાયણ આદિ ઉગ્ર શારીરિક તપો કરવાથી મનુષ્યલોકમાં એવું મારું પુરૂષોત્તમ રૂપ, હે કુરુપ્રવીર, હે ભરતકુળશ્રેષ્ઠ અર્જુન, તારા વિના અન્ય કોઇથી, ઉપર કહેલાં એવાં સાધનો કરવાથી પણ જોવાને શકિતમાન થતો નથી. ॥૪૮॥

મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો
દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્મમેદમ્ ।
વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં
તદેવ મે રૂપમિદં પ્રપશ્ય ॥૪૯॥

મારું એવું આ ભયંકર રૂપ જોઇને તને વ્યથા ન થાઓ અને તું મૂંઝાઇ ન જા, ભયરહિત, પ્રસન્ન ચિત્તવાળો થઇને તે જ મારું આ રૂપ ભકિતભાવે ફરીથી તું જો. ॥૪૯॥

અન્યથા શક્ય નથી તેથી પહેલાં કહ્યા પ્રમાણે ભય, અવિશ્વાસ વગેરેથી રહિત થઇને તે જ રૂપ તું જો, એમ 'મા તે' વગેરે શબ્દોથી કહે છે. તને હું વ્યથા થાય એવું બતાવીશ નહિ, એવા પ્રકારનું રૂપ તને ન દેખાઓ, એમ કહ્યું. વળી, મારું ભયાનક એવું અને બધાંને કોળિયો કરી જાય એવા લાક્ષણિક ગુણોવાળું, આ ચોતરફ દેખાતું મારું રૂપ જોઇને તને મોહ થાય એવો ભાવ ન હો, ભય રહિત અને પ્રસન્ન ચિત્તવાળો થઇને, તે જ, પહેલાં જોયેલું જ, મારું આ રૂપ તું જો, વિશેષરૂપે, તારી ઇચ્છાનુસાર, ભક્તિથી ભરેલું રૂપ તું જો, એમ અર્થ છે. ।।૪૯।।

સંજય ઉવાચ–

ઇત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા
સ્વકં રૂપં દર્શયામાસ ભૂયઃ ।
આશ્વાસયામાસ ચ ભીતમેનં
ભૂત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ।।૫૦।।

સંજયે કહ્યું, ભલે, એમ કહીને વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણે ફરીથી પોતાનું રૂપ અર્જુનને બતાવ્યું અને ફરીને સૌમ્ય દેહધારી મહાત્મા થઇને ભય પામેલા એને આશ્વાસન આપ્યું. ।।૫૦।।

એમ કહીને પોતાનું રૂપ બતાવ્યું, એમ 'ઇતિ' વગેરે શબ્દોથી સંજય કહે છે. એ રીતે વાસુદેવ એટલે મોક્ષદાતા, પરમ કૃપાળુ ભગવાને અર્જુનને પહેલાં કહ્યા પ્રમાણે પોતાનું પુરુષોત્તમ રૂપ ફરીને બતાવ્યું. એ પ્રમાણે બતાવીને પુનઃ સૌમ્ય દેહવાળા થઇને, પહેલાંનું રૂપ જોઇને ભય પામેલ અર્જુનને ફરીથી આશ્વાસન આપ્યું. અરે, એમ વારંવાર શા માટે કર્યું ? એવો પ્રશ્ન કરનારને 'મહાત્મા' વગેરે શબ્દોથી કહે છે. મહાત્મા એટલે આ આત્મા મહાન છે તેથી, કૃપા કરીને તેમ કર્યું, એવો ભાવ છે. અથવા મહાત્મા એટલે મહાન એવા ભક્તોનો આત્મા છે તેથી, ભક્ત હોવાથી તેમ કર્યું, એમ અર્થ છે. ।।૫૦।।

અર્જુન ઉવાચ–

દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ।
ઇદાનીમસ્મિ સંવૃત્ત સચેતાઃ પ્રકૃતિં ગતઃ
।।૫૧।।

અર્જુને કહ્યું, હે જનાર્દન, આપનું આ સૌમ્ય મનુષ્યનું રૂપ જોઇને સ્વાભાવિકતાને પામેલો. હું હવે સ્થિર ચિત્તવાળો થયો છું. ।।૫૧।।

બતાવેલા સ્વરૂપને જોઇને 'દૃષ્ટ્વા' વગેરે શબ્દોથી વિનતિ કરે છે. હે જનાર્દન, હે અવિદ્યાનાશક, આ સામે દેખાતું માનુષ રૂપ, એટલે કે મનુષ્યોથી જોઈ શકાય એવું, સૌમ્ય એટલે દયાથી ભરેલું આપનું રૂપ જોઇને હવે હું સાવધાન ચિત્તવાળો થયો છું, એટલે કે ભક્તિયુક્ત મૂળ સ્વભાવને હું પામ્યો છું. ।।૫૧।।

શ્રી ભગવાનુવાચ–

સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્મમ ।
દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ
।।૫૨।।

શ્રીભગવાને કહ્યું, અત્યંત કઠિનાઈથી જોઈ શકાય તેવું મારું આ જે રૂપ તેં જોયું

છે, એ રૂપનાં દેવો પણ દર્શન કરવાની સદાય આકાંક્ષાવાળા હોય છે. ।।૫૨।।

ભગવાનનું સ્વરૂપ એક માત્ર ભગવાનની કૃપાથી જ સાધ્ય હોવાથી 'સુદુર્દર્શમ્' વગેરે શબ્દોથી તેની દુર્લભતા દર્શાવે છે. શ્રીભગવાને કહ્યું, આ ચો તરફ દેખાતું મારું રૂપ સુદુર્દર્શ છે, એટલે કે અત્યંત કઠિનાઈથી પણ જોવું અશકય છે, જે તેં જોયું તે દેવો પણ, એટલે કે મારી ક્રીડાને યોગ્ય, મારા અંશરૂપ છે તેઓ પણ આ રૂપનાં દર્શનની નિત્ય આકાંક્ષા રાખે છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છેઃ બ્રહ્મા વગેરે દેવો શ્રીદેવકીજીના ગૃહમાં સ્તુતિ કરીને ગયા ત્યારે માત્ર ગર્ભમાં જ પ્રભુનું પ્રાકટ્ય હતું, બહાર નહિ. બહાર પ્રકટ થયા પછી તો માતાજીની પ્રાર્થનાથી સ્વરૂપને તિરોહિત (અદૃશ્ય) કરીને માત્ર ધ્યાનને યોગ્ય રાખેલું હતું. દેવો વગેરેને પણ એ વૃત્તાંતની જાણ ન હોવાથી વેદોક્ત રીતે ભજનથી તેવા પ્રકારના સ્વરૂપનું માત્ર દર્શન થાય છે. વળી આ ભાવાત્મક સ્વરૂપ વેદ વગેરેથી અગમ્ય છે, માત્ર ભકતના મુખથી સાંભળ્યું હોવાથી દેવો તેવા સ્વરૂપનાં દર્શનની આકાંક્ષાવાળા થયા હતા, એમ હોવાથી તેમ છે. ।।૫૨।।

નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા ।
શકય એવંવિધો દ્રષ્ટું દષ્ટવાનસિ માં યથા
।।૫૩।।

જેવો તેં મને જોયો છે એવો હું વેદોથી, તપથી, દાનથી અને યજ્ઞથી પણ જોવાવાને શકય નથી. ।।૫૩।।

અરે, વેદોમાં કહેવાયેલાં સાધનોથી તેઓ કેમ ન જોઇ શકે ? એમ પ્રશ્ન થાય તો 'નાહમ્' વગેરે શબ્દોથી કહે છે. જેવી રીતે તેં મને જોયો છે, એ રીતે ચોતરફ દેખાઇ રહેલો હું પુરુષોત્તમ રૂપે વેદોથી, એટલે કે વેદોમાં કહેવાયેલાં સાધનોથી અથવા વેદોથી પણ પ્રત્યક્ષ થતો નથી. એમ હોવાથી 'જયાંથી મન સહિત વાણી તેને પામ્યા વિના અટકી જાય છે.' એમ (તૈત્તિરીય ઉપ. બ્રહ્મવલ્લી, અનુ. બીજો, ૪ અને ૯માં) કહ્યું છે. તપથી એટલે કે કષ્ટથી થતાં તપથી તે દશ્યમાન થતો નથી, દાનથી એટલે કે સર્વસ્વનું બ્રાહ્મણોને દાન કરી દેવાથી અને યજ્ઞોથી પણ તે જોઇ શકાતો નથી. ।।૫૩।।

ભકત્યા ત્વનન્યયા શકય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ ।૫૪।

હે શત્રુને તપાવનાર અર્જુન. અનન્ય ભકિતથી જ એવા પ્રકારનો હું દષ્ટિગોચર થવાને અને યથાર્થ સ્વરૂપે જાણવાને તથા પ્રવેશ કરવાને શકય છું. ।।૫૪।।

તો પછી શી રીતે જોવાવાને શકય છો ? એવા પ્રશ્નના ઉત્તરમાં 'ભકત્યા' વગેરે શબ્દોથી કહે છે. હે અર્જુન. હે પરંતપ. એવું સંબોધન સ્નેહથી બેવડાવેલું છે. એવા પ્રકારનો હું અનન્ય ભકિત વિના, એટલે કે અન્ય લૌકિક કે પારલૌકિક પ્રયત્ન જેમાં નથી તેવી અનન્ય ભકિતથી. તત્વતઃ એટલે કે યથાર્થ સ્વરૂપે જાણવાને અને વળી અલૌકિક ભાવ દષ્ટિથી દર્શન કરવાને તેમ જ પ્રવેશવાને કે અલૌકિક રૂપથી લીલાંઓમાં સેવા કરવાને

હું શકય છું, એટલું ઉમેરવું ।।૫૪।।

મત્કર્મકૃન્મત્પરમો યદ્ભક્તઃ સંગવર્જિતઃ ।
નિર્વૈર સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાંડવ ।।૫૫।।

હે પાંડુપુત્ર અર્જુન, જે મારે અર્થે કર્મ કરનાર, મારે પરાયણ, આસકિત રહિત, બધાં પ્રાણીઓ પ્રત્યે વૈર રહિત મારો ભકત છે તે મને પામે છે. ।।૫૫।।

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગશાસ્ત્રરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં વિશ્વરૂપદર્શનયોગ નામનો અગિયારમો અધ્યાય પૂરો થયો. ।।૧૧।।

તો પછી અનન્ય ભક્ત શી રીતે જાણવો ? એવી આકાંક્ષાવાળાને 'મત્કર્મકૃત્' વગેરે શબ્દોથી કહે છે. મારે માટે, પોતાના સહજ દાસપણાથી, નહિ કે કોઈ કામનાથી, એ રીતે સેવા વગેરે રૂપ કર્મ કરે છે તે મને જાણવાને, દૃષ્ટિગોચર કરવાને અને મારામાં પ્રવેશ કરવાને શકિતમાન છે, પરમ એવો હું જેને સર્વસ્વ છું એવો મારો ભકત, એટલે કે મારું ભજન કરનાર અથવા મારો આશ્રિત, આસકિત રહિત, એટલે કે પુત્ર વગેરે લૌકિક અને અવૈષ્ણવો પ્રત્યે આસકિત વગરનો, પ્રાણી માત્ર પ્રત્યે વૈર વગરનો દ્વેષ વગરનો હોય તે હે પાંડવ, હે જન્મથી જ ભકત, એવા પ્રકારે મને પ્રાપ્ત કરે છે. તે એક નિષ્ઠાવાળો હોવાથી જાણવા યોગ્ય છે, એવો ભાવ છે. ।।૫૫।।

અન્ય સાધનથી અસાધ્ય એવું પોતાનું વિશ્વરૂપ બતાવીને પછી ધીરજ આપીને શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનું સ્વરૂપ બતાવ્યું ।।૧।।

એ પ્રમાણે શ્રીતાજીમાં અમૃતતરંગિણી ટીકામાં વિશ્વરૂપદર્શનયોગ નામે અગિયારમો અધ્યાય પૂરો થયો. ।।૧।।

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઈ હસ્તે
પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઈ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતકરણ પ્રબોધઃ

ગ્રંથપરિચય : પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ (મુંબઇ, પારલા)

(લેખાંક પહેલો)

અનુવાદ : **પ.ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી એ. (ઓનર્સ), કોવિદ

(શ્રીવલ્લભ સુધાના વાચકો સમક્ષ પૂજ્યપાદ શ્રીમહાપ્રભુજીના ષોડશગ્રંથોમાંથી પ્રથમ છ ગ્રંથો ઉપરની ટીકાઓનો અનુવાદ, મૂળ ગ્રંથ અને તેના અનુવાદ સાથે અપાઇ ગયો. હવે સાતમા ગ્રથ 'અંતઃકરણ પ્રબોધઃ' ઉપર પૂજ્યપાદ ગો. શ્રીવલ્લભ વિરચિત (શ્રીગોકુલનાથજીએ રચેલી) ટીકાનો આરંભ થાય છે.)

આશા રાખું છું કે, વાચક સમુદાય તેનો પ્રેમપૂર્વક અભ્યાસ કરી ધન્ય બનશે. પુષ્ટિ જીવો પુષ્ટિ સાહિત્યનું પ્રતિદિન વાચન મનન કરી એવા ગ્રંથોમાં વધુને વધુ રસ ધરાવતા થાય, એજ અભ્યર્થના !

'અંતઃકરણપ્રબોધઃ' નામનો સાતમો ગ્રંથ વિ. સ. ૧૯૮૧માં પ્રકાશિત થયેલ સંસ્કરણનું ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે, તેનું સંપાદન શ્રીમદ્ ગોસ્વામિકુલ ભૂષણ શ્રી જીવનેશાત્મજ શ્રી રણછોડલાલ મહારાજશ્રીના પ્રબંધમાં શ્રી ચીમનલાલ હરિશંકર શાસ્ત્રીજીએ કર્યું હતું, તેની ઓફસેટ આવૃત્તીના પ્રારંભમાં આપવામાં આવેલ પૂજ્યપાદ ગો. શ્રી શ્યામ મનોહરજી લિખિત 'ગ્રંથ પરિચય'નું ગુજરાતી ભાષાંતર તે જ ગ્રંથનો આરંભ કરતાં પહેલાં અહીં આપવામાં આવેલ છે, જેનું વાચન મનન ગ્રંથને સમજવામાં અતિ ઉપયોગી થઇ પડશે. સર્વે વૈષ્ણવોને તેનો લાભ લેવા વિનતિ છે.-અનુવાદક)

ગ્રંથ પરિચય

અંતઃકરણપ્રબોધ ગ્રંથ શ્રીમહા પ્રભુજીની સંન્યાસ ગ્રહણ કરતાં પહેલાંની અને ષોડશગ્રંથોમાં સંમિલિત ગ્રંથોમાંની છેલ્લી રચના છે.

શ્રીયદુનાથજી–વિરચિત વલ્લભ દિગ્વિજય અનુસાર સંન્યાસ ગ્રહણ કર્યો પછી શ્રીમહાપ્રભુજી ભૂતલ ઉપર ૩૯ દિવસ બિરાજયા હતા. અને આ સંન્યાસ આપશ્રીએ આ ગ્રંથમાં વર્ણ્યા પ્રમાણે ત્રીજી ભગવદાજ્ઞાનું પાલન કરવાના હેતુથી લીધો હતો. તેથી આષાઢ સુદિ બીજથી ૩૯ દિવસો પહેલાં, એટલે વૈશાખ (વ્રજ પ્રમાણે જયેષ્ઠ) વદિ સાતમની આસપાસ વિ. સં. ૧૫૮૭માં આ ગ્રંથની રચના થઇ, એમ માની શકાય છે.

કેટલાક આધુનિક વિદ્વાનોનું માનવું છે કે, આ ગ્રંથમાં વર્ણવેલી ત્રણ ભગવદાજ્ઞાઓ એ શ્રી મહાપ્રભુજીને બેવાર થયેલી અસ્વસ્થતા અને છેલ્લે થકાવટ તેમ જ દેહ ત્યાગની આંતરિક પ્રેરણારૂપે હતી. જે વાત આ વિદ્વાનોને ગળે નથી ઉતરતી તે છે આ ત્રણ ભગવદાજ્ઞાઓનું ચમત્કારિક રૂપ ! શ્રીમહાપ્રભુજી પ્રત્યે તર્કમાં ન ઊતરે તેવા કોઇક

લાગતા વળગતાં સંબંધને કારણે આ મિથ્યા ભાષણના આરોપનું સાહસ કોઇના સમક્ષ છૂટથી કરી નહિ શકે. એમ હોવાથી તેઓ ભકિત અને ભ્રાંતિનો સહારો લઇને એ વાત સાવ સ્પષ્ટ વિધાનોનો જરાય સ્પષ્ટ નહિ એવો અટપટો અર્થ ઘટાવીને લોકો સમક્ષ કહેતા હોય છે. એવા વિદ્વાનોને કયારેક લાગે છે કે, કોઇ થકાવટની ક્ષણોમાં એ ત્રણ ભગવદાજ્ઞાની ભ્રાંતિઓ થઇ આવી હશે કયારેક એમને લાગે છે કે, કોઇ ત્રણ ઘાતક બીમારીઓથી થઇ આવેલી નિરાશાને કારણે શ્રીમહાપ્રભુજી તે બિમારીઓને પરલોકમાં સિધાવવાની ભગવદાજ્ઞા જ માની બેઠા છે–કયારેક તેમને લાગે છે કે, સંભવતઃ કોઇ અંતરની વાણીના રૂપમાં શ્રીમહાપ્રભુજીએ આ લોકને ત્યાગવાનો આદેશ સાંભળ્યો હોય અને તેને જ શ્રદ્ધાવશ ભગવદાજ્ઞા માની લીધી હોય !

પૂર્ણ શ્રદ્ધા નહિ કે પૂરી અશ્રદ્ધાય નહિ, અર્થાત્ મધ્યમ માર્ગને અપનાવવાની મનોવૃત્તિને કારણે પોતાની નિરાધાર કલ્પનાઓને બૌદ્ધિકતાના રૂપમાં તે વિદ્વાનો માન્ય કરવા ઇચ્છે છે. જગતને કારણ સ્થિતિ કે પ્રયોજનને ઇશ્વરીય ચમત્કાર માનીને પણ તે ચમત્કાર ન હોય એમ તેઓ ઇશ્વરની આજ્ઞાના શ્રવણને 'ચમત્કારપૂર્ણ' ઘટના કહીને અસ્વીકાર કરવા ઇચ્છે છે, તેનાથી વિશેષ ચમત્કારપૂર્ણ તાર્કિકતા બીજી કઇ હોઇ શકે !

આ કપોલકલ્પિત અર્થોને વહેતા મૂકવાનો એક માત્ર હેતુ પોતાની જ તુટતી જતી શ્રદ્ધાને જેમતેમ કરીને ટકાવી રાખવાનો હોય છે. પરંતુ પોતાના આ મોહમાં તે વિદ્વાનો બહુધા આ વાત ભૂલી જાય છે કે, એવી અટપટી કલ્પનાથી શ્રીમહાપ્રભુજીના કોઇ બુદ્ધિવૈભવની કે કોઇ ચારિત્ર્યની મહત્તા અવશ્ય સિદ્ધ થતી નથી જ. જે વ્યકિતનું મનોબળ બેવાર કેવળ બીમાર પડી જવાથી તુટી જતું હોય તેમને 'યુગપ્રવર્તક વ્યકિત' કેવી રીતે માની શકાય ? બેવારની બીમારીથી ફરી સાજા થવાની નિરાશને દેહત્યાગની ભગવદાજ્ઞા માની લેનારા ભ્રાંત આત્મઘાતીને કયા અર્થમાં બુદ્ધિમાન માની શકાય?

ભારતવર્ષની તે સમયની અત્યંત વિષમ પરિસ્થિતિમાં કેવા અદમ્ય ઉત્સાહ, નિષ્ઠા અને સંકલ્પની સાથે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવ ધર્મ અને સંસ્કૃતિની મશાલને પોતાના સુદૃઢ હાથોમાં ધારણ કરેલ હતી ! એ મશાલથી દેશના ખૂણે ખૂણાને પ્રકાશિત કરવા માટે હિંમતથી મચ્યા રહેનારી વ્યકિતને એટલી નબળી ઇચ્છા શકિતવાળા માનવામાં કયા પ્રકારનું ગૌરવ સિદ્ધ થાય છે ? વર્ણ–આશ્રમ, જાતિ–લિંગ, નીચલો વર્ગ–ઉચ્ચ વર્ગ, દેશી–વિદેશી એવા કશાય ભેદ વગર. શ્રી મહાપ્રભુજીએ બધીય વ્યકિતઓનાં હૃદયને પુષ્ટિભકિતના ઉપદેશથી ભાવપૂરિત કરી દીધાં હતાં. એવા વ્યકિતત્વના ધણી શ્રી મહાપ્રભુજી વિકટ જંગલોમાં ઠંડી. ગરમી કે વરસાદ વગેરેની પરવા કર્યા વગર નિરંતર પરિભ્રમણ કરતા રહયા–વિદેશી આક્રમણકારોથી ભયભીત એવાં શહેરો કે ગામડાંમાં રહેનારા માનવસમાજમાં નિરંતર શ્રદ્ધાને જાગૃત કરતા રહ્યા. એવા તેઓશ્રી પોતે બે વારની બીમારીથી ગભરાઇ જઇને આત્મઘાત

કરે, એવી કલ્પના શી રીતે બુદ્ધિસંગત માની શકાય ? જો કે તેઓશ્રી જનતાને 'ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા' (સર્વદા, સર્વત્ર. જીવન પર્યંત ત્રણેય પ્રકારનાં દુ;ખોને સહન કરવા તેનું નામ ધૈર્ય છે. -વિવેકધૈર્યાશ્રય-૬), એવો ઉપદેશ દેતા રહ્યા ! તેથી-

આજ્ઞાપૂર્વં તુ યા જાતા ગંગાસાગર સંગમે ।
યાઽપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ।।
દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ।
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ।।

(પરંતુ પહેલી આજ્ઞા જે ગંગા અને સાગરના સંગમસ્થાને થઇ તે અને પછી મધુવનમાં થઇ તે બે આજ્ઞાઓ મેં માની નથી. તેમાં દેહત્યાગ તથા દેશત્યાગ હતો અને ત્રીજો લોકગોચર સંન્યાસગ્રહણપૂર્વક પરિત્યાગ હતો. તેમાં પશ્ચાતાપ શા માટે ? હું સેવક છું અને તેનાથી વિપરીત કંઇ જ નથી.–અંત;કરણપ્રબોધ, ૫, ૬, ૭)

આ શબ્દોમાં સરતી અંતર્વાણી કે સંઘર્ષજન્ય થાક કે શારીરિક અસ્વાસ્થ્યજન્ય નિરાશા અને ભગવદાજ્ઞાની ભ્રાંતિને ખોળવી તે શ્રી મહાપ્રભુજીનો અનાદર છે – અને તેઓશ્રીના અનુભવની આધ્યાત્મિક–આધિદૈવિક ગહનતાપુર્ણ પરિચય કંઇ જ ન હોવાનું દર્શાવે છે.

શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીગોકુલનાથજી આ ગ્રંથનો પરિચય આ પ્રમાણે આપે છે.

દ્વાદશ સ્કંધાત્મક શ્રીભાગવતજી પૂર્ણપુરુષ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાનનું જ નામાત્મક સ્વરૂપમાં પ્રકટ બીજું રૂપ છે. ભાગવતજીની વાણીના અર્થને પ્રકટ કરવા માટે જ વાણીના પતિ તથા ભગવન્મુખરૂપ અગ્નિનું શ્રીમહાપ્રભુજીના રૂપમાં પ્રાકટ્ય થયું. (આ રહસ્ય શ્રીભાગવતની સુબોધિનીજીની વ્યાખ્યાના પ્રારંભમાં સ્વયં શ્રીમહાપ્રભુજીએ જ પ્રકટ કરેલ છે) ભાગવતજી ઉપર સુબોધિની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીના અવતારનું પ્રમુખતમ પ્રયોજન છે. દશમ સ્કંધ ભાગવતજીનું હૃદય છે. પ્રથમ સ્કંધથી પ્રારંભ કરીને ક્રમશઃ દશમ સ્કંધ પર્યંત પહોંચવામાં સારા એવા સમયનો વિલંબ થવાની શકયતા હતી. પરિણામે તૃતીય સ્કંધ સુધી પહોંચ્યા પછી વિના વિલંબે દશમ સ્કંધની વ્યાખ્યા પૂરી કરવાની કોઇ સ્થળે એક વિશેષ ભગવદાજ્ઞા શ્રીમહાપ્રભુજીને થઇ (તેનું પાલન તો સર્વથા થયું જ, જેથી અહીં તે આજ્ઞાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ તે આજ્ઞાનો અતિ ગૂઢ આશય તથા પોતાના અવતારના પ્રયોજનની પૂર્તિનો સંતોષ ભર્યો ઉદ્ગાર સ્વયં શ્રીમહાપ્રભુજીના મુખથી દશમ સ્કંધનાં સુબોધિનીજીની સમાપ્તિમાં પ્રકટ થઈ ગયો છે-"પ્રકરણમિહ પૂર્યતેઽનવદ્યં ત્રયમપિ વિશ્વજયાય માદૃશાનાં,

પૃષ્ઠ પ્રકાશન સહાય
પ. ભ. સોની દામજીભાઇ પ્રભુદાસ, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

નિજપદસમવાપ્તયે ચ નિત્યં નિજગુરુણા હરિણૈવ લોકવંદ્યમ” ।) (અમારા જેવાને વિશ્વવિજય અર્થે લોકોથી વંદ્ય પોતાનું નિત્ય સ્થાન પૂર્ણતઃ પ્રાપ્ત કરવા માટે પોતાના ગુરુ શ્રીહરિએ અહીં પવિત્ર ત્રણેય (તામસ, રાજસ, સાત્વિક) પ્રકરણ પૂરાં કર્યાં છે– કારિકા, ૪૬૭).

દશમ સ્કંધની વ્યાખ્યા પૂરી કર્યા પછી શ્રીમહાપ્રભુજી પહેલાં નિર્ધાર કરેલી યોજના અનુસાર અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા લખવામાં પ્રવૃત્ત થયા.

ભાગવતજીના સાતેય અર્થમાં એક વાકયતા સ્થાપિત કરી બતાવવાની પોતાની પ્રતિજ્ઞા અનુસાર ભાગવતાર્થ–નિબંધમાં શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ તથા અધ્યાયાર્થની વ્યાખ્યા લખાઈ ગઇ હતી. તેવી જ રીતે વાકયાર્થ, પદાર્થ અને અક્ષરાર્થની વ્યાખ્યા પણ પ્રથમ સૂક્ષ્મ ટીકામાં લખાઇ ગઇ હતી. ઉપરાંત ગૂઢતમ રહસ્યોને પ્રકટ કરવા માટે દ્વિતીય ટીકા સુબોધિનીજીની રચના કરવાનો નિર્ધાર થયો. આ એક ઘણા લાંબા સમયે પુરી થનારી લેખન શૈલીમાં લખાઇ રહેલો ગ્રંથ હતો ભૂતલ ઉપર એટલા લાંબા સમય સુધી શ્રીમહાપ્રભુજીનું બિરાજવું ભગવાનને સ્વીકાર્ય નહોતું. આથી જ દશમ સ્કંધ ઉપરનાં સુબોધિનીજી સત્વરે લખવાની આજ્ઞા થઇ અને તે પરિપુર્ણ પણ થઇ. હવે ફરીને એવી જ શૈલીમાં અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા ભગવાનને ઇષ્ટ નહોતી. શ્રી પુરુષોત્તમજી આથી જ પાંચમા અને છઠ્ઠા શ્લોકની વ્યાખ્યામાં કહે છે કે, “ન ચ પુર્વાજ્ઞપ્તાસંપુર્તિદોષઃ યાવદુક્તમેતાવત્કૃત્યૈવ આજ્ઞા કૃતાસ્તુ અધિકં ન કાર્યમ્....ઇદં ચ સૂક્ષ્મટીકાતિરોધાન–સ્કંધક્રમવ્યાખ્યાત્યાજન દશમ સ્કંધ વ્યાખ્યાનાનંતરમ સામયિક માધવ ભટ્ટ કાશ્મીરિ શરીર શરાહતિ પ્રભૃતિભિઃ કાર્યૈરનુમીયતે” । (પહેલાં થયેલી આજ્ઞા અનુસાર અપુર્ણતાનો દોષ નથી; કારણ કે જયાં સુધી કહેવાયું છે ત્યાં સુધી તો એટલી કૃતિથી જ તે આજ્ઞા તો મનાયેલી છે, પરંતુ વધુ નહિ કરવું.... સુક્ષ્મ ટીકાનું તિરોધાન સ્કંધક્રમ વ્યાખ્યાનો ત્યાગ અને દશમ સ્કંધની વ્યાખ્યા પછી અયોગ્ય સમયે માધવ ભટ્ટ કાશ્મીરીનું શરીર બાણથી ઘવાવું વગેરે કાર્યોથી એનું અનુમાન થાય છે.)

ગંગા સાગર અને મધુવનમાં જયારે સુબોધિનીજી લખવાનું કાર્ય બંધ કરવાની આજ્ઞા થઇ તો રાસ પંચાધ્યાયવાળી ગોપાંગનાઓની જેમ શ્રીમહાપ્રભુજીએ પણ તે આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવા ઇચ્છ્યું. વેણુનાદ સાંભળીને જે ગોપાંગનાઓ ભગવાનની પાસે પહોંચી ગઇ તેઓને ઘેર પાછા જવાની ભગવાને આજ્ઞા કરી હતી. પરતુ તેઓ ઘેર પાછી ગઈ નહિ. શ્રીમહાપ્રભુજીએ પણ એ જ રીતે લેખનકાર્ય બંધ કર્યું ભગવદાજ્ઞાના ઉલ્લંઘનના આ બંને પ્રકારોમાં તેમ છતાં એક વિશેષ અંતર એ હતું કે, ગોપાંગનાઓએ ભગવત્સ્વરૂપના સુખને માટે ભગવદ્વાણીનું ઉલ્લંઘન કર્યું હતું, જ્યારે શ્રીમહાપ્રભુજીને ભગવદ્વાણીનું ઉલ્લંઘન નામસેવા અર્થે ભગવાનથી વિપ્રયોગન સહન કરતાં કરતાં કરવું પડયું હતું, પરિણામે સુક્ષ્મ ટીકાનું તિરોધાન

થઇ ગયું. ચોથા સ્કંધથી નવમા સ્કંધ સુધીની વ્યાખ્યા છોડી દઇને દશમ સ્કંધની વ્યાખ્યા લખવાનો ભગવાનનો પણ આદેશ થયો જ હતો. અને તેમ છતાં અવશિષ્ટ સ્કંધોની વ્યાખ્યા લખવા માટે પ્રવૃત્ત થયા ત્યારે લખવાનું કામ કરનાર શ્રી માધવ ભટ્ટ કાશ્મીરી કોઇ પારધીના તીરથી ઘવાયા. એ રીતે બધી પ્રતિકૂળતાઓ કેવળ પ્રતિકુળ ભગવાનની ઇચ્છાનું અનુમાન કરાવનારી હતી. ત્યારે જ લોકગોચર દેહ અને દેશના પરિત્યાગની ત્રીજી ભગવદાજ્ઞા થઇ. આ ત્રીજી ભગવદાજ્ઞામાં ભગવાનના આગ્રહની સ્પષ્ટતા થઇ. અને તેથી જ શ્રીમહાપ્રભુજી પોતાના આગ્રહી મનને ભગવાનના આગ્રહને આધીન થવા મનાવી રહ્યા છેઃ

'હે મારા અંતઃકરણ, મારી વાત સાવધાનીપૂર્વક સાંભળ કે કૃષ્ણથી ઉત્કૃષ્ટ તેમજ નિર્દોષ કોઇ તત્વ નથી, અને થઇ શકતું પણ નથી. ભાગવતજીનાં સુબોધિની વ્યાખ્યા પૂર્ણ કરવા માટે જે બે ભગવદાજ્ઞાનુ ઉલ્લંઘન કર્યું હતું તે પોતાના આગ્રહી અંતઃકરણને કારણે જ તેમ થયું. અંતઃકરણને ભગવાનના આગ્રહને આધીન થવાનું સમજાવી શકાય તો બીજી બધી દેહ, ઇદ્રિયો વગેરેની વૃત્તિ અને પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવી શકાય છે'.

લવાજમ નહિ ભરેલા સુરતના ગ્રાહકોને ખાસ સુચના

"શ્રી વલ્લભસુધા"ના ચાલુ વર્ષના પાંચ માસ થયા છતાં આપના લવાજમ આવેલ નથી, તો નીચેના સ્થળે લવાજમ આપવાનો પરિશ્રમ લઇ સહકાર આપવા વિનંતી છે.

શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રી કૃપારત્ન કોર્નર
મોટા મંદિર કમ્પાઉન્ડ, સુરત.

બબલાશેઠની ભગવદીયતા

શ્રીવલ્લભપદ રેણુ

(૧)

બબલાશેઠનો જન્મ પોરબંદરમાં એક સામાન્ય ભાટિયા વૈષ્ણવ કુટુંબમાં થયો હતો. આર્થિક રીતે તેમનું કુટુંબ ભલે સાવ સાધારણ હતું પરંતુ ધાર્મિક સંસ્કારની મહામુલી મૂડી આ કુટુંબને વરેલી હતી. પોરબંદરમાં ભાટિયા જ્ઞાતિના ઘણા કુટુંબો વસવાટ કરતા હતા અને ધર્મથી બધા પુષ્ટિ સંપ્રદાયી હતા. આ પુષ્ટિમાર્ગી વૈષ્ણવોમાં ધાર્મિક દૃષ્ટિએ બબલાશેઠના કુટુંબનું સ્થાન મોખરે હતું. તેમના દાદીમા ધર્મમાં દૃઢ આસ્થા ધરાવતા અને ઘેર ઠાકોરજીની સેવા ખૂબ ભાવથી કરતાં. શોડષગ્રંથો, સર્વોત્તમસ્તોત્ર અને શિક્ષાપત્રો તેમને કંઠસ્થ હતા. તેમના પિતાની કરિયાણાની એક નાની શી હાટડી હતી. આ દુકાનમાંથી ખપજોગી કમાણી થતી અને તેથી કુટુંબનો નિભાવ થતો હતો. બબલાશેઠના માતાપિતા પણ ઠાકોરજીની સેવા પ્રીતિ અને ભાવપુર્વક કરતા. પિતા પુષ્ટિ સાહિત્યના પઠનપાઠનના ખૂબ આગ્રહી હતા અને શ્રીહરિગુરુ વૈષ્ણવો પ્રતિ અત્યંત ભાવ અને આદરયુકત વલણવાળા હતા. તેમના બા સાત્વિક ભાવવાળા હતા અને દૃઢ અનન્યાશ્રય પાળતા. તેઓ મંગળા, રાજભોગ અને શયનના દર્શન કરવા જવાનો ક્રમ જાળવતા.

પિતા શ્રીજીચરણ પામ્યા પછી કુટુંબનો ભાર બબલાશેઠના શિરે આવ્યો. તે દુકાન સાંભળતા ધાર્મિક સંસ્કાર તેમને વારસામાં મળેલ હતા. મહામંત્રમાં તેમને દૃઢ આસ્થા હતી તેથી 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' તેમના હોઠે સદા રમ્યા કરતું. તેઓ મંગળા અને શયનના દર્શન કરવા જવાનો નિયમ દૃઢતાપુર્વક પાળતા. પુષ્ટિધર્મ પ્રત્યે તેમની હૃદયપુર્વકની ચાહના હતી. ધર્મ તેમના કૌટુંબિક સામાજીક અને વ્યાપારિક જીવનમાં વણાઈ ગયો હતો. વૃદ્ધ માતાની સેવાસુશ્રુષા તેઓ પ્રેમપુર્વક કરતા. ભાઈ-બહેન અને બાળકોના શાળા-શિક્ષણ અને ધાર્મિક શિક્ષણમાં તેઓ રસ લેતા. અભ્યાગત વૈષ્ણવોને આદરપુર્વક સત્કારતા અને પ્રસાદ લેવડાવતા. શ્રીવલ્લભ કુલના બાળકોના દર્શનમાં શ્રીહરિગુરુના દર્શન કર્યાનો આનંદ માણતા વેપારમાં તેઓ નીતિનિયમનું પાલન કરતા.

બબલાશેઠના બા હવે અત્યંત વૃદ્ધ થયા હતા. બબલાશેઠ, તેમના ધર્મપત્ની અને બાળકો તેમની સેવા કરતા અને તેમના સુખ સગવડ સ્નેહપૂર્વક સાચવતા. પોતાને આવા ભાવિક અને ધર્માનુરાગી સંતાને આપવા બદલ તેઓ હંમેશા શ્રીજી બાવાને વંદી રહેતા.

આજે તેઓ વધુ પ્રસન્નમુખ દેખાતા હતા. તેમને લાગ્યું કે શ્રીજી બાવા તેમને નિજ લીલાધામમાં આવવા જાણે બોલાવી રહ્યા હોય! પોતાની પથારી પાસે બેઠેલા સેવાતત્પર બબલા શેઠને તેમણે કહ્યુ, 'બબલા, બેટા, આજે હું શ્રીનાથજી બાવાના ચરણમાં સ્થાન પામું એ પહેલાં તારી પાસેથી એક વચન માગું છું.'

બબલા શેઠે આર્દ્ર ભાવે કહ્યું, "બોલો બા, તમે જે કહેશો તે કરવા હું વચન આપું છું."

બા કહે : "બેટા, આપણું ઘર આપણા ઠાકોરજીની સેવા વગરનું કદી પણ ન રહે"

બબલ શેઠ કહે : "બા, તમે નિશ્ચિંત રહો હું તમને વચન આપું છું કે હું નિત્ય શ્રીઠાકોરજી સેવા ભાવપૂર્વક કરીશ અને ઠાકોરજીનું વિસ્મરણ કદી થવા દઇશ નહીં."

બાનો હાથ બબલાશેઠના મસ્તક પર સ્થિર થયો. તેમના ચહેરા પર પ્રકાશની એક ઝલક ફેલાઇ તેમનો આત્મા નશ્વર દેહને છોડી પ્રભુના લીલાધામમાં સિધાર્યો.

(૨)

બબલાશેઠ સાવ સામાન્ય વેપારીમાંથી ધીમે ધીમે પ્રગતિ કરતા ગયા. તેમનો સિતારો વધુને વધુ ચમકતો ગયો. સમય જતાં તે પોરબંદર શહેરના સૌથી વધુ ધનાઢય વેપારી બન્યા. તેમનો વેપાર ધમધોકાર ચાલવા લાગ્યો. બધાની સાથે તેમનો વ્યવહાર એટલો મીઠો, સ્નેહમય અને નીતિમય હતો કે તે સર્વને આકર્ષતો આથી તેમના વ્યાપારિક સંબંધનું વર્તુળ ખૂબ વિસ્તૃત બન્યું. પોરબંદરની બબલા શેઠની પેઢી દેશ દેશાવરમાં ખુબ જ વિખ્યાત બની. સમુદ્રપારના દેશો સાથે તેમણે વેપાર ખેડયો. તેમના વહાણો પરદેશોની સફળ ખેડી અઢળક ધન સંપત્તિ તેમની પેઢીમાં ઠાલવવા માંડયા. તેમની પેઢીની શાખ દેશમાં અને પરદેશમાં દિન પ્રતિદિન ખુબ વધતી ગઇ. ધમધોકાર ચાલતી તેમની પેઢી મુનીમો અને નોકર ચાકરોથી ગાજી ઊઠતી.

આવી જાહોજલાલીમાં પણ બબલાશેઠ પ્રભુનું વિસ્મરણ થવા દેતા નહીં. તેઓ દૃઢપણે માનતા કે પોતાના આવા વૈભવ અને જાહોજલાલી એ પ્રભુ કૃપાના ફળરૂપે જ છે. આથી પ્રભુમાં તેમની આસ્થા દૃઢતર બનતી ગઇ. સામાન્ય રીતે ધનની વૃદ્ધિ સાથે ધનમદ, અહંકાર, અહંતા-મમતા, આડંબર વગેરે દુર્ગુણો પણ પુષ્ટ થતાં હોય છે. પરંતુ પુષ્ટિ ધર્મમાં અંતઃકરણથી પ્રબુધ્ધ બનેલા બબલા શેઠમાં આ દુર્ગુણો પ્રવેશી શકયા નહીં. પોતાના સઘળા કારોબારને તે 'પ્રભુ કૃપા હિ કેવલમ્' માનતા અને તેથી વધુને વધુ દીન, આર્દ્ર અને ધર્માનુરાગી બનતા ગયા. હવે તે પ્રભુની વૈભવી સેવા કરતા અને પ્રભુને નિત નવીન ભોગ ધરાવી, વસ્ત્રો પહેરાવી લાડ લડાવતા અને પ્રસન્ન કરતા. ભાવપુર્વક પ્રભુના દર્શન કરતાં તેમની આંખ ભીની થતી. તે પ્રભુને ભીંજાતા હૈયે વિનવતા: "મારા નાથ, આપનો સોંપેલો આ કારોબાર આપની ઇચ્છા મુજબ બરાબર સંભાળી શકું એવી કૃપા સદા વરસાવતા રહેજો.'

પ્રભુના દર્શન કર્યા પછી તેઓ માતા અને પિતાની છબીને ફુલ ચઢાવતા અને માતાને આપેલ વચનને સદા લીલુંછમ રાખતા.

(૩)

બબલા શેઠની ધીકતી વિશાળ પેઢીમાં લગભગ પચાચેક જેટલા મુનીમો કામ કરતા હતા. કેટલાક મુનીમો પરદેશનો વેપાર અને હિસાબ કિતાબ સંભાળવા રોકેલા હતા. એક

વાર તેમના એક મુનીમથી કોઇ અક્ષમ્ય ક્ષતિ થતાં બબલાશેઠ તેને ઠપકો આપ્યો મુનીમને અપમાન લાગવાથી તે રોષે ભરાઇને બોલી ઊઠયો : 'શેઠ, તમે એમ માનો છો કે આ ધનદોલત, આ વૈભવ આ રાજશાહી જાહોજલાલી તમારી પોતાની મહેનતના ફળ રૂપે તમે મેળવેલ છે? ધન દોલત જે તમે ભોગવી રહ્યા છો તે તમારા નહીં પરંતુ અમારા પરસેવાની કમાણી છે એ રખે ભૂલતા!'

પેઢીમાં આજુબાજુના બધાને લાગ્યું કે શેઠ આ મુનીમની ઝાટકણી કાઢી નાખશે અને તેને પાણીચું પકડાવશે. પરંતુ શેઠના સૌમ્ય ચહેરા પર ગુસ્સાનો કોઇ ભાવ દેખાયો નહીં. મુનીમના કટુ વચનો સાંભળી શેઠ થોડીવાર કંઇ પણ બોલ્યા નહીં. તેમનો ચહેરો વધુ શાંત અને આર્દ્ર બન્યો. પછી તેઓએ 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' બોલી કહ્યું 'મુનીમજી, તમે કહો છો એ વાતમાં કોઇ તથ્ય નથી. તમે રખે માનતા કે હું તમારી મહેનતની કે પરસેવાની રોટી ખાઉં છું.

પછી તેમણે શ્રીનાથજીના વિશાળ ચિત્રજી તરફ અંગુલિ નિર્દેશ કરતાં કહ્યું, 'મુનીમજી, હું તો મારા આ પ્રભુની આપેલી રોટી ખાઉં છું, તમે મારા મુનીમ છો તો હું શ્રીનાથજી પ્રભુનો મુનીમ છું. હું એમનો સોંપેલો કારોબાર સંભાળું છું અને એ મારા પર કૃપા કરી જે કંઇ આપે છે તે હું ખાઉં છું. હું અને તમે બધા પ્રભુએ આપેલું ખાઇએ છીએ, ખરેખર તો આપણે જે કંઇ છીએ, જયાં છીએ અને જે કંઇ ભોગવીએ છીએ એ બધું ભગવદીચ્છાનુસાર થયા કરે છે તેથી કોઇ પણ પ્રકારની અહંતા મમતા રાખ્યા સિવાય જાઓ, કામ કરો.

મુનીમ શેઠની વાણી સાંભળી સ્તબ્ધ બની ગયો. વિશેષ કંઇ નહીં બોલતાં તે પોતાની જગાએ બેસી કામમાં લાગી ગયો. આમ છતાં સંસારની માયામાં ગળાબૂડ રહેનાર મુનીમ પર પ્રભુ પરાયણ બબલાશેઠના દીનતા ભર્યા શબ્દોની કોઇ પરિવર્તન શીલ અસર થઈ નહીં. બધાની હાજરીમાં શેઠે સંભળાવેલા આ શબ્દોથી તેનું હૃદય ઘવાયું હતું. શેઠ તો તેની વાત મન પર લાવ્યા વિના તરત ભૂલી ગયા પરંતુ મુનીમે આ વાત પોતાના મનના ખૂણામાં ભંડારી દીધી.

(૪)

સાગરના વિશાળ જળફલક પર મધ્યાકાશે ઝળુંબી રહેલા ચંદ્રની ચાંદની પથરાઈ હતી. સમુદ્રના શાંત જળ ઉપર આ સમયે એક વહાણ હંસ ગતિથી સરી રહ્યું હતું. વહાણના કુવાથંભ પર બાંધેલ શઢ મર્મર, આહ્લાદક ધ્વનિ ઉત્પન્ન કરી વહાણને ગતિશીલ બનાવી રહ્યો હતો. દરિયો જાણે ચાંદીની ચાદર ઓઢી સૂતેલ હોય અને આકાશ તેના પર પોતાની ચંદ્ર કુપ્પીમાંથી અમી વર્ષણ વરસાવી તેના પર ઝૂમી રહ્યો હોય એવું સુંદર મનમોહક પ્રાકૃતિક દૃશ્ય લાગતું હતું.

આ વહાણ હતું પોરબંદરના ધનિક વેપારી શ્રી બબલા શેઠનું પરદેશમાં વેપાર ખેડી મૂલ્યવાન ચીજ વસ્તુઓથી પરિપુષ્ટ થઇ તે વતન તરફ પ્રયાણ કરી રહ્યું હતું.

વહાણમાં સોનાની ઇંટો, ઇમારતી લાકડું, કાપડ વગેરે કિંમતી વસ્તુઓ ભરેલી હતી.

વહાણના તુતક પર એક માણસ ઊભો હતો. એ બબલાશેઠનો મુનીમ હતો. આ એ જ મુનીમ હતો જેને બબલાશેઠે ભૂતકાળમાં કામમાં થયેલ ક્ષતિ બદ્દલ ઠપકો આપ્યો હતો. જળતરંગના વર્તુળોને જોઇ રહેલા આ મુનીમના મનમાં પણ વિચાર તરંગના વર્તુળો ઉત્પન્ન થઇ તેને તેના ભૂતકાળમાં લઈ ગયા. તેના મનના ભંડકિયામાં ભંડારી મુકેલી વાત સળવળી ઊઠી. તેની અને શેઠ વચ્ચે થયેલ શબ્દોની આપલે યાદ આવી શેઠે ઠપકો આપી કરેલ અપમાન તાજું થયું 'હું તમારા પરસેવાની કમાણી નહીં પરંતુ પ્રભુ કૃપાથી મળેલી રોટી ખાઉં છું.' એમ બોલાયેલા બબલાશેઠના શબ્દોનો પ્રતિઘોષ તેના મનમાં થયો. ધર્મમાં આસ્થારહિત મુનીમને શેઠના શબ્દો પોકળ, આડંબરયુક્ત અને બનાવટી લાગ્યા. તેથી તેને પરીક્ષા કરવાનું મન થયું.

મુનીમ વહાણના ભંડકિયામાં ગયો. તેણે ઇમારતી લાકડામાંથી એક લાકડાનો નાનો ટુકડો લીધો અને સોનાની ઇંટોમાંથી એક નાની ઇંટ લીધી, ઇટ પર એક ચબરખી ચોંટાડી તેના પર લખ્યું: 'પ્રભુએ શેઠને આપેલ હોય તો જજે બબલાશેઠને ત્યાં ?

પછી તેણે એક સળીયાની મદદથી લાકડાના ટુકડાને પોલો બનાવ્યો અને તેમાં ચબરખીવાળી સોનાની ઇટને ગોઠવી દીધી બંને બાજુના ખુલ્લા છેડામાં કાપડના ડૂચા ભરાવી છેડા મીણથી સીલ કરી દીધા. પછી આ લાકડાંનો ટૂકડો લઇ તે ફરી તૂતક પર આવ્યો. તેણે જોયું કે નાવિકો શાંતિથી હલેસાં મારી રહ્યા હતા. આજુબાજુ જોઇ તેણે ખાતરી કરી લીધી કે કોઇનું ધ્યાન તેના તરફ નથી. સચેતપણે ધીમે રહી તેણે લાકડાના ટૂકડાને દરિયાના પાણીમાં ફેંકી દીધો.

વહાણ પોરબંદરના દરિયા કિનારે લાંગર્યું મુનીમે સોનું, ઇમારતી લાકડું વગેરે વહાણમાંનો બધો માલ ગણી તપાસી, નોંધ કરી જે તે કોઠારોમાં મૂકાવી દીધો અને તેના વિગતવાર હિસાબના કાગળોઆં શેઠને સુપરત કરી દીધાં. શેઠે મુનીમ પાસેથી પરદેશમાં કરેલ વેપાર અંગેની વિગતવાર માહિતિ મેળવી તેણે કરેલ કામ બદલ સંતોષ વ્યકત કર્યો. બધું સુપરત થઇ ગયા પછી મુનીમ પોતાના રોજિંદા કાર્યમાં વ્યસ્ત થયો.

(૫)

પાંચેક દિવસ પછી પેઢીના બેઠક ખંડમાં બિરાજેલા શ્રીનાથજીના ચિત્રજીને વંદન કરી બબલાશેઠ પેઢીના થડા પર બેસી મનમં, મહામંત્રનો જાપ કરી રહ્યા હતા. આ સમયે પેઢીનો એક નાવિક આવ્યો અને પેઢીના મહામુનીમજીને એક લાકડાનો ટુકડો આપતાં તેણે કહ્યું, "મહામુનીમજી. દરિયામાં તણાઇને આ લાકડું આપણી ગોદીના કિનારે આવ્યું છે"

તેમણે લાકડાનો ટૂકડો હાથમાં લેતાં કહ્યું, 'પરદેશથી હમણાં જે ઇમારતી લાકડાંનો માલ આવ્યો છે તેમાંનો આ લાગે છે."

મહામુનીમજીની નજર લાકડાના છેડા પર ગઇ, તેના બંને છેડા મીણથી સીલબંધ જોઇ

તેમને આશ્ચર્ય થયું. તે શેઠ પાસે આવ્યા અને લાકડું આપતાં કહ્યું, "શેઠજી, હમણા પરદેશથી જે ઇમારતી લાકડાંનો માલ આવ્યો છે તેમાંનુ આ લાકડુ લાગે છે."

શેઠે લાકડુ હાથમાં લીધું. મીણથી સીલ કરેલ છેડાવાળી આ કૌતુક ભરેલી લાકડું જોઇ તેમને કુતુહલ થયુ. તેમણે પરદેશથી વેપાર કરી આવેલ મુનીમને બોલાવ્યો અને કહ્યું. 'મુનીમજી, આલાકડું તમારી ખેપના ઇમારતી લાકડામાંનું લાગે છે. એના બંને છેડે મીણનું સીલ લગાડેલ છે તેને જરા દૂર કરો તો.'

મુનીમ લાકડુંને ઓળખી હેબતાઈ ગયો. પરંતુ હવે શેઠના આદેશનો અમલ કર્યા સિવાય છૂટકો ન હતો. તેણે લાકડાના છેડે લગાડેલ મીણ ઉખેડી કપડાના ડૂચા કાઢી નાખી સોનાની ઇંટને બહાર ખેંચી કાઢી શેઠને આપી.

શેઠે ઇંટને હાથમાં લઈ આમ તેમ ફેરવી તેમણે તેના પર ચબરખી ચોંટાડેલ જોઇ. આંખ ઝીણી કરી તેમણે તે પરના શબ્દો ઉકેલ્યા : 'પ્રભુએ શેઠને આપેલ હોય તો જજે બબલાશેઠને ત્યાં.'

શેઠે પુછ્યું, 'મુનીમજી, આ અક્ષર તો તમારા જ છે ને ?'

મુનીમનું શિર શરમથી નીચે ઝૂકી ગયું. શેઠે વાતનો મર્મ પકડી લીધો. પરંતુ જાણે કંઇ જાણતા ન હોય તેમ પુછ્યું, 'મુનીમજી, આ શબ્દોનો અર્થ શો છે તે કહેશો ?'

મુનીમે કહ્યું: "શેઠજી, હું આપની ક્ષમા યાચું છું. મેં જ આ ઇટ પર આ લખાણ લખી લાકડાના ટૂકડામાં પેક કરી તેને દરિયામાં ફેંકી દીધેલ. દરિયામાં તણાતાં તણાતાં આજે જયારે તે બીજે કયાંય નહીં જતાં આપની પાસે પરત આવેલ છે ત્યારે મને ખાતરી થઇ છે કે....'

'કહો મુનીમજી, શી ખાતરી થઈ તમને ?' શેઠે પુછ્યું.

મુનીમે કહ્યું, 'શેઠજી, ભુતકાળમાં એકવાર જયારે મેં આપને કહેલું કે આપને કહેલું કે આપ જે રોટી ખાઓ છો તે અમારા પરસેવાની છે ત્યારે આપે કહેલું : 'મુનીમ, હું તો મારા પ્રભુએ આપેલ રોટી ખાઉં છું', આ વાતનું પારખું કરવાની ઇચ્છા થતાં આ લાકડામાં સોનાની ઇંટ મૂકી તેને દરિયામાં નાખી દીધેલ. મારે ખાતરી કરવી હતી કે પ્રભુએ આ ઇંટ આપના માટે નિર્માણ કરેલ હોય તો તે આપની પાસે પહોંચે છે કે કેમ. પરંતુ આજે મને ખાતરી થઇ છે કે આ ઇંટ પર પ્રભુએ આપના નામની મહોર મારેલી છે. પ્રભુમાં આપની આસ્થા અને ભકિતને હું બાહ્ય આડંબર માનતો હતો અને તેથી આપના શબ્દોમાં મને વિશ્વાસ આવતો ન હતો. પરંતુ આપની અફલ શ્રદ્ધા અને ભકિતના કારણે આપના પર પ્રભુકૃપા હોવાથી આપને પ્રભુએ આપેલી આ સોનાની ઇંટ આપનાથી વિખૂટી પડયા પછી પણ આપની પાસે પાછી આવી છે. તેથી મને ખાતરી થઇ છે કે આપ ખરેખર પ્રભુએ આપેલ રોટી ખાઓ છો સતનાં પારખાં ન હોય છતાં પણ મેં મૂઢ બની સતનું પારખું લીધું, શેઠજી, મને માફ કરો."

શેઠ બોલી ઊઠયાઃ "વાહ પ્રભુ! તારી લીલા અપાર છે. આ દાસ પ્રત્યે તારી કૃપાનો પાર નથી. આ ચમત્કાર સર્જી તેં બતાવ્યું છે કે ભગવદીચ્છા એ સર્વોપરી છે. જગતમાં જો કોઇ પરમ શ્રધ્ધેય વસ્તુ હોય તો તે ભગવદીચ્છા છે."

પછી તેમણે મુનીમ તરફ જોઇ કહ્યું, "મુનીમજી, લઇ જાઓ આ લાકડું તથા ઇંટ અને તેમને કોઠારમાં મૂકાવી દો."

મુનીમ બંને વસ્તુઓ લઇ કોઠારમાં મુકવા ગયા. શેઠ ઇશ્વરની લીલા અને કરુણાના વિચારમાં ડુબી જઇ પ્રભુસ્તવન કરવા લાગ્યા.

(૬)

પ્રભુકૃપાએ બબલાશેઠ અખૂટ સંપત્તિ પામ્યા હતા. તેમણે એક ભવ્ય નિવાસસ્થાન બંધાવવા વિચાર કર્યો. આ માટે વિશાળ જમીન ખરીદવામાં આવી. અનેક કડિયા-મીસ્ત્રી-મજુરો રાત દિવસ આ મકાન નિર્માણ કરવા કામે લાગી ગયા. આજુબાજુના બધા મકાનોમાં અનોખી ભાત પાડતું, અનેક ભવ્ય ઓરડા અને સુંદર ગોખ-ઝરૂખાઓ વાળું, સંગેમરમરની દિવાલો અને કલાત્મક નકશી કામથી સુશોભિત એક મનમોહક ભવ્ય પ્રાસાદ તૈયાર થયું. આ સુંદર નિવાસ સ્થાનના વસ્તુપૂજનનો શુભ દિવસ બબલાશેઠે જોવડાવ્યો.

બબલાશેઠ અનન્ય ભાવ વાળા વૈષ્ણવ હતા. તેથી વાસ્તુ પૂજનના શુભ દિને મહા રાજશ્રીની પધરામણીનું આયોજન કર્યું. વાસ્તુ પૂજનની ભવ્ય તૈયારી કરી. જાતજાત અને ભાતભાતના મિષ્ટાન્ન તૈયાર કરાવી ગામને ધુમાડાબંધ જમાડવા પ્રબંધ કર્યો.

નિશ્ચિત સમયે મહારાજશ્રી પધારતાં શેઠે દબદબા પૂર્વક ભાવ અને ભકિત ભીનું સ્વાગત કર્યું. પોરબંદર શહેરમાં જાણે એક પુષ્ટિમાર્ગીય મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવું દૃશ્ય સર્જાયું. અનેક આમંત્રિત મહેમાનોએ પ્રેમપૂર્વક ઉત્સવમાં ભાગ લીધો. પુષ્ટિ માર્ગીય સ્તોત્ર સ્તવન, ધોળપદોના કીર્તન, મહારાજશ્રીનું પ્રવચન, મનોરથ, પલના, હીંચહમચી, ઢાઢીલીલા વગેરે અનેક કાર્યક્રમોમાં વૈષ્ણવજનતાએ ઉમંગભેર ભાગ લીધો.

નિવાસસ્થાનનો પ્રત્યેક ખંડ મહારાજશ્રીના ચરણકમલથી પુનિત બને એવી ભાવનાથી આપશ્રીને સાથે લઈ શેઠ સમગ્ર નિવાસસ્થાન બતાવવા નીકળ્યા. ઉપર નીચેના તમામ ખંડો અને આવાસો મહારાજશ્રીએ જોયા. આખું યે મકાન જોઇ આવ્યા બાદ શ્રીનાથજીના સ્વરૂપને જે ખંડમાં બિરાજવામાં આવેલા તે ભવ્ય અને કલાત્મક ખંડમાં મહારાજશ્રીએ આસન પર સ્થાન લીધું..

મહારાજશ્રીએ મકાન બંધાવવામાં બબલા શેઠે જે કલાત્મક અને ધાર્મિક અભિરુચિ બતાવી હતી તેની પ્રશંસા કરી કહ્યું, 'બબલાશેઠ, આપનું આ ઘર ખરેખર હવેલી જેવું સુંદર બન્યું છે.'

નિજ ગુરુમાં શ્રીહરિનું દર્શન કરી કૃતાર્થ થનાર બબલાશેઠ મહારાજશ્રીના શબ્દોથી ખુશ થયા. મહારાજશ્રીના શબ્દોમાંથી ભગ-

વદીચ્છા પ્રકટ થતી હોય તેમ તરત શેઠે આપશ્રીને કહ્યું, 'બાવાશ્રી, આ પ્રાસાદને આજથી આપણી 'હવેલી' જ સમજજો.'

'અરે નહીં બબલાભાઇ !' મહારાજશ્રી બોલી ઊઠયા, 'આ મકાન મને હવેલી જેવું ભવ્ય લાગ્યું અને તેથી સ્વભાવિક રીતે જ પ્રશંસાના રૂપમાં હું આમ બોલ્યો છું. આપના મકાનની હવેલી સાથે કરેલી સરખામણીને આપે અન્યથા રીતે ન લેવી જોઇએ....'

મહારાજશ્રી કંઇ વધુ કહે તે પહેલાં બબલાશેઠે ભાવથી કહ્યું, 'બાવાશ્રી, કૃપા કરી એવું ન કહો. આપના શ્રીમુખેથી આ મકાન માટે જે ધન્ય વચન પ્રગટ થયું એથી મને પરમ આનંદ થયો છે. આપશ્રીના શ્રીમુખના વચન એ ભગવદ ઇચ્છાનું પ્રગટ સ્વરૂપ છે અને ભગવદ ઇચ્છાથી વિશેષ પ્રિય વસ્તુ મારા જીવનમાં અન્ય કોઇ નથી. હું એકલો આ મકાનમાં રહું તેના કરતાં આપણા પ્રાણ પ્યારા પ્રભુ આ મકાનમાં હવેલીના રૂપમાં રહે અને સર્વ વૈષ્ણવજનોને એમના દર્શનનો લાભ અહીં મળે તો એથી રૂડું બીજું શું હોઇ શકે ? હું આને મારા જીવનનું પરમ સદભાગ્ય માનું છું અને આજથી આ મકાન આપશ્રીને અર્પણ કરું છું.'

દરિયાવ દિલ બબલાશેઠના ઔદાર્ય, નિર્મોહીપણું, ન્યોચ્છાવરી અને હરિગુરુ માટે ઉત્કટ પ્રેમ જોઇ મહારાજશ્રી પ્રસન્ન થયા.

બબલાશેઠનું કલ્યાણ ઇચ્છતાં મહારાજશ્રી તેમને પ્રશંસી રહ્યાઃ "ધન્ય છે બબલાશેઠ આપની શ્રદ્ધા, ભકિત અને ભગવદીયતાને !'

બબલાશેઠે અર્પણ કરેલ મકાન શ્રીગોપીનાથજીના મંદિર તરીકે આજે વિખ્યાત છે. શેઠ જીવનભર પોતાના વડવાઓએ બાંધેલા ઘરમાં રહ્યા. આ ઘર પણ આજે હયાત છે. ▣

॥ શ્રી હરિઃ ॥

શ્રીગોપીગીતની ભાવના

રચયિતા **શ્રી જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'**
બી. એ. (ઓનર્સ) જુનાગઢ

[શ્રીકૃષ્ણ ચંદ્રની સર્વ લીલાઓમાં **'રાસલીલા'** એજ શ્રીમદ્ ભાગવતનું ફળ છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં આચાર્ય શ્રીમહાપ્રભુજીનું એક નામ છે **'રાસલીલૈક તાત્પર્યઃ'** શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના ૨૯ થી ૩૨ અધ્યાયમાં રાસ–પંચાધ્યાયી પૈકીના એકત્રીશમાં અધ્યાયમાં જે ઓગણીસ શ્લોકોનું ગોપીગીત છે તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને શ્રીકૃષ્ણ વિરહના સુખની અનુભૂતિ કરાવે છે. લગભગ દરેક ગામમાં થતી ભગવદ્ વાર્તામાં આ ગોપીગીત ગાવાની એક પ્રણાલી–નિત્ય નિયમના રૂપમાં છે.

પ્રસ્તુત **'મંદાક્રાતા'** છંદનાં કાવ્યમાં એ ગીતની ભાવનાનો સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ કરેલ છે. આ અક્ષરશઃ ભાષાંતર તો નથી જ શ્રી ઠાકોરજીની પ્રેરણાથી રચાયેલ આ ગીત વૈષ્ણવોને ગમશે તો મારું તે સદ્ભાગ્ય. –રચયિતા]

[મંદાક્રાંતા]

જૈ જૈ શોભા અધિક વ્રજની જન્મ તારા થકી આ,
લક્ષ્મીજીનો સતત વ્રજમાં વાસ તેથી અહીં આ.
આજે તારી પ્રિયતમ સખી શોધતી સર્વ દિશા,
આપો સ્વામી દરશન હવે ઓ દયાળુ અહીં આ. (૧)

જેણે કોઇ શરદ ઋતુના નિર્મળા જે જળે ત્યાં,
ખીલ્યું એવા કમલદલની સર્વ શોભા હરી આ,
એવી પ્યારા તુજ નજરથી દાસીઓ સર્વ જો આ,
કેવી આંહીં તરફડી રહી, શું નથી આ ય હત્યા ? (૨)

રક્ષા કીધી ગરલ-જળથી ને અઘાસુરથી છે,
વર્ષા, વાયુ, દવ, વીજ અને વૃષભાસુરથી તે,
આહા આવા ભય જગતનાં સર્વથી રક્ષનારા,
શ્રદ્ધા છે કે નિશ-દિન હજુ રક્ષશો નાથ મારા. (૩)
જાણું છું કે યશુમતિ તણા તો નથી પુત્ર કાંઈ,
બ્રહ્માજીની નિજ જગતને રક્ષવા પ્રાર્થનાથી,
સર્વે આંહી જન જગતના આત્મ દ્રષ્ટા મુરારી,
આવ્યા છો આ યદુકુળમહીં તારવા વિશ્વ આંહી. (૪)

વૃષ્ણિ શ્રેષ્ઠ ! ચરણ કમળે પ્રીત જેને સદા આ
આપો છો રે અભય સહુને કામનાઓ પૂરો ત્યાં,
લક્ષ્મીજીના પ્રિયતમ સદા કાંત આજે તમારા,
હસ્તો મારા શિર પર ધરો એજ માંગુ હું પ્યારા. (૫)

પીડા હારી વ્રજ-જન તણાં કામિની-વીર સાચા,
મીઠાં સ્મિતે ગરવ સઘળા, ભકતના છો હરંતા,
આવો આંહીં સનમુખ હવે દાસીઓ પાસ સ્વામી,
ઝંખે જોવા મુખ કમળને આપમાં પ્રીતવાળી. (૬)

પાપો સર્વે નમન કરનારાતણાં દુર કર્તા,
ધેનુ-ગામી વિષધર તણી ફેણુને દાબનારા,
લક્ષ્મી સ્વામી, તમ ચરણ એ પ્રીતથી આજ રાખો,
હૈયે મારાં કુટુહૃદયની કામના સર્વ ટાળો. (૭)

મીઠાં તારાં મનહર ઘણાં વાકય પ્રેમાળ વળી,
વાણીથી જે હૃદય હરતી સર્વ વિદ્વાન એવી,
આજે આંહીં કમળનયના ! મોહથી વ્યાપી છે જે,
દાસીને આ તુજ અધરના અમૃતે તૃપ્ત કીજે. [૮]

લીલા તારી કવિજન બધા પ્રેમથી તો વખાણે,
સંતાપ્યા જે ભવ ભય થકી તૃપ્ત થાયે બધાયે,
પાપો-હારી, સુખ શ્રવણથી સર્વ કલ્યાણ કારી,
વ્યાપી છે આ અવનિ પર તો એ કથા-કીર્ત તારી. [૯]

આહા તારી પ્રણય રસથી ભીંગતી દૃષ્ટિ પ્યારા,
પ્રેમે તારાં સ્મરણ કરતી દિવ્ય વિહાર-વાર્તા,
શાને આજે કપટિ ! અમને ક્ષોભ તું તો પમાડે ?
શું ભૂલ્યો છે વચન સઘળાં પ્રેમ-કેલી તણાં તે ? [૧૦]

રે રે જ્યારે વ્રજ-વન મહીં ગાયને ચરાવાને,
જાતા ત્યારે તમ ચરણ આ પામતાં છે પીડાને,
એ વિચારે પ્રિયતમ મને શુળ હૈયા મહીં છે,
આજે સ્વામી પ્રિય નજરથી દૂર એતો કરો ને. [૧૧]

સાયંકાળે અલક લટથી શોભતું ગોધૂલીથી,
પ્યારા તારું વદન મધુરું જોઇને વ્યગ્રતાથી,
ક્યારે થાશે મધુ-મિલન ઓ શ્યામ ! તારી જ સાથે. [૧૨]

પૂરી થાતી નમન કરનારા તણી કામના એ,
બ્રહ્મા, લક્ષ્મી નિશ-દિન અહો ચિત્ત જેમાં લગાડે,
પૃથ્વી-શોભા, વિપદ સમયે ધૈર્ય ને સુખ આપે,
એવાં પ્યારાં ચરણ હૃદયે આ અમારા ધરોને. [૧૩]

વેણુથી જે ચુમિત, જગનાં શોકનો નાશ-કર્તા,
ભૂલાવે જે જગતભરનાં રાગને અન્ય ચિંતા,
એવાં પ્યારાં અધર-દ્વયની દિવ્ય એ પ્રેમ-સુધા,
આપી આજે અમ જીવનને ધન્ય સ્વામી કરો આ. [૧૪]

જ્યારે જાતા વ્રજ વન મહીં આપ આ ઘેનુચારી !
ત્યારે આંહીં ક્ષણ ક્ષણ બધી લાગતી આ યુગો શી,
સાયંકાળે વદન તુજનું કેશથી ઘુંઘરાળા,
શોભંતુ તે અપલક સદા નીરખું શ્યામ મારા. [૧૫]

આવ્યાં સર્વે પતિ, સુત, સગાં છોડીને પાસ તારા,
મોહ્યાં તારા મધુર ગીતથી જાણતો તું બધું આ,
તો યે શાને કપટી ! વનમાં આમ છોડયાં અમોને ?
જાણ્યો છે તું નરવીર મહા ! અન્ય ના આમ ત્યાગે ! [૧૬]

એકાંતે જે મધુર વચનોથી વધી કામના એ,
જોતાં તારું સ્મિત વદનને પ્રેમ-ભીના કટાક્ષો,
લક્ષ્મી કેરા સદન સમ આ દિવ્ય જે વક્ષ તારું,
મોહ્યું તેથી મન સરળ આ પ્રેમ-ભીનું અમારું. [૧૭]

આવ્યા છો આ વ્રજ-જન તણાં પાપના નાશ કર્તા,
ને સાથે આ જગત સહુના દિવ્ય-કલ્યાણ કર્તા,
જાણો છો આ અમ હૃદયનો રોગ જે આપ ભર્તા,
આપો આજે પ્રિયતમ હવે ઔષધી રોગની આ. [૧૮]

મૂકો સ્વામી મૃદુ ચરણને વક્ષ માથે અમારા,
શું ના પીડા વન મહીં જતાં કાંઇ થાતી તને ત્યાં ?
એવું ધારી મતિ અમ તણી વિભ્રમે આ ડૂબે છે,
આવો આપો વિમલ મતિ જે વેદના ને શમાવે. [૧૯]

ગોપીઓનાં વિરહ-સુખનું દિવ્ય આ ગીત છે જે,
પ્રેમે ગાશે પ્રતિદિન ઘણાં ભાવ ને પ્રીત સાથે,
થાશે તેને ‘કુસુમાયુધ’ ના ગર્વહારી પ્રભુમાં,
પ્રીતિ સાચી હરિચરમાં વાસ થાશે વ્રજે ત્યાં. [૨૦]

॥ વાકપતિર્વિઠ્ઠલેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

લેખાંક ૧૮મો

રસ્તે ચાલતાં ચાલતાં વૃદ્ધિનગર આવ્યું. જે કૃષ્ણા નદીની લગભગ વસાવેલું હતું. ત્યાં દામોદરદાસ હરસાની શ્રીવલ્લભને શરણે આવતા શ્રીકૃષ્ણદાસ મેઘનની જોડ મલી ત્યાંથી પુષ્પદંત નામક આચાર્ય શ્રી ગણપતિનું ઇષ્ટ સાધી સિદ્ધિબલે શાસ્ત્રાર્થ કરતાં શ્રીવલ્લભથી હાર્યા. ત્યાંથી નરસિંહ ક્ષેત્રમાં દૂઢી નામના વેદપાઠી શ્રીવલ્લભની પરિક્ષા લેવા આવતા શ્રીવલ્લભે વેદપાઠ આરોહીથી અવરોહી ગાન કરી વેદપાઠીને વિસ્મય પમાડી બાલ સરસ્વતી પદની સુયોગ્યતા દેખાડી.

શ્રી વ્યંકટેશ શ્રી લક્ષ્મણ બાલાજીની ઝાંખી માતાને કરાવી માતાને શોગથી મુક્ત કર્યા. શ્રીલક્ષ્મણ બાલાજીએ શ્રીવલ્લભને આજ્ઞા કરી કે હવે આપ જલ્દી વિજયનગર પધારી આચાર્ય પદવી પ્રાપ્ત કરી ગ્રંથોની રચના, ભૂ પરિક્રમા વગેરે કાર્ય કરવા તત્પર થાઓ ભૂમિ ઉપર વધુ સમય રોકવાની ઇચ્છા ના કરશો. મને ગોવરધનેશની આજ્ઞા થઇ તે આપને કહી રહ્યો છું. આપને રોકટોક કરનાર આપના પિતાજીને મેં મારા સ્વરુપમાં લીન તેથી કર્યા છે.

પછી શ્રીવલ્લભ ત્વરિત વિજયનગર રવાના થયા.

દોહા-બઢત આપજિન નગરકો, કહત કછુક ઇતિહાસ;
ભારતમેં સબસે મહત ધનિક જનોંકા વાસ

આ વિજયનગર (વિદ્યાનગર) વાલીની રાજધાની કિષ્કિંધાથી પંપા સરોવર સુધી વસાવેલું હતું અંગદના નામથી આજે અંગદી નામનું ગામ પણ છે અને અનગુડી એજ શ્રીકૃષ્ણદેવનું હાથીખાનું આજે મૌજુદ છે. શ્રીકૃષ્ણદેવની સાવકી માયે પોતાના પુત્ર વીર નૃસિંહને ગાદી પ્રાપ્ત કરાવવા શ્રી કૃષ્ણ દેવની આંખો ફોડાવી નાખવા છલ કર્યું પણ કંઇ બન્યું નહિ. વીરનરસિંહ થોડા દિવસમાં જ રાજ કરી શ્રી શૈલ પર્વત ભાગી ગયો સાત વર્ષ સુધી શ્રી કૃષ્ણદેવ રાજાએ મુખ્ય પ્રધાન રૂપે રાજ્ય ચલાવ્યા પછી પ્રજાયે શ્રી કૃષ્ણ દેવને સિંહાસને સત્તા સાથે બેસાડી ગાદી અરપણ કરી સૂર્યનારાયણ અને સુવેજનો ઇતિહાસ જોતાં વિશેષ માહિતિ મલશે. ઇ. સને. ૧૪૯૧ માં પોતે ગાદી પતિ થયો. (વિક્રમ સંવત ૧૫૪૭ માં વિ. સંવત ૧૫૬૫ થી ૮૫ સુધી સારા દક્ષિણનો સમ્રાટ થયો. ૮૫ પછી શ્રી કૃષ્ણ દેવની હયાતી મનાતી નથી. તેની રાણીનું નામ મિનાક્ષીદેવી મધ્વ સંપ્રદાયના આચાર્યની દીક્ષા પ્રાપ્ત કરેલ તેથી શ્રીકૃષ્ણદેવ રાજાને વૈષ્ણવ દીક્ષા લેવા આગ્રહ કરતાં શાંકર મતાનુયાયીઓ મધ્વ સાથે શાસ્ત્રર્થ કરવા તત્પર થઇ ગયા. વૈષ્ણવ સિદ્ધાન્ત-વેદ સિદ્ધ કરાવ્યા પછી જ રાજાને દીક્ષા લેવા દેશું. (ક્રમશઃ)

વિનય-પદ

અબિગત-ગતિ જાની ન પરૈ ।
મન-બચ-કર્મ-અગાધ-અગોચર, કિહિ બિધિ બુધિ સંચરૈ ।।
અતિ પ્રચંડ પૌરુષ બલ પાએં, કેહરિ ભુખ મરૈ ।
અનાયાસ બિનુ ઉદ્યમ કીન્હેં, અજગર ઉદર ભરૈ ।।
રીતે ભરૈ, ભરૈ પુનિ ઢારૈ, ચાહૈ ફેરિ ભરૈ ।
કબહુંક તૃન બૂડૈ પાની મેં, કબહુક સિલા તરૈ ।।
બાગર તૈં સાગર કરિ ડારૈ, ચહું દિસ નીર ભરૈ ।
પાહન-બીચ કમલ બિકસાવૈ, જલ મેં અગિનિ જરૈ ।।
રાજા રંક, રંક તે રાજા, લૈ સિર છત્ર ધરૈ ।
'સૂર' પતિત તરિજાઇ છિનક મેં, જો પ્રભુ નૈંક ઢરૈ ।।

ભાવાર્થ-આ પદમાં પરમાત્માના અનૌખા (વિરૂદ્ધધર્માશ્રય) દ્વારા એમની અપાર તથા અલૌકિક શકિતનો પરિચય દર્શાવતા શ્રી સુરદાસજી કહે છે કે જે જાણી ન શકાય એવા પરમાત્માની કાર્ય પ્રણાલીને કોઇ નથી જાણતું તે મન, વચન અને કર્મથી પહોંચી શકાય નહિં તેવા પર છે, અર્થાત્ ન સમજી શકાય ન વર્ણન કરી શકાય અને ન તો ત્યાં સુધી પહોંચી શકાય. બુદ્ધિ તેમાં કયા પ્રકારે પ્રવેશ કરે ? અર્થાત્ બુદ્ધિથી કેવી રીતે તેનો પતો લગાવી શકાય ? તેમની લીલાઓ અનૌખી છે.

આપણે જોઇએ છીએ કે ઘણું જ બલ તથા પુરુષાર્થ હોવા છતાં પણ સિંહ ભુખે મરે છે અને પરિશ્રમ અથવા ઉદ્યોગ ન કરવા છતાં પણ અજગર પોતાનું પેટ ભરે છે. પરમાત્મા ખાલીને ભરી દીએ છે, ભરેલાને ખાલી કરી નાખે છે અને ઇચ્છા થવાથી પાછું ભરી દીએ છે. આ પરમાત્માની ઇચ્છાથી કયારેક તણખલું પાણીમાં ડૂબી જાય છે. અને કયારેક પત્થરનો વજનદાર કટકો પાણી ઉપર તરવા લાગી જાય છે. વળી કયારેક બહુ ઉંચી ભુમિને સમુદ્ર બનાવી દે છે અને તેની ચારે તરફ પાણી પાણી કરી મૂકે છે કયારેક પત્થરમાં કમલ ખિલવે છે તો કયારેક જલમાં અગ્નિ (વડવાનલ) લગાવી દે છે. કયારેક રાજાને રંક બનાવી દે છે અને કયારેક રંકને રાજા બનાવીને તેના શિર પર છત્ર ધારણ કરાવી દે છે.

આવા સ્વામી જો થોડીક કૃપા કરે તો પાપી ક્ષણ ભરમાં ભવ સાગરને પાર કરી જાય છે. અર્થાત્ જીવન-મરણના બંધનમાંથી છૂટી જાય છે.

ટીકાકાર- શ્રી શિવપ્રસાદ અગ્રવાલ (સૂર પદાવલીમાંથી સાભાર)

॥ નિઃ સાધનાધીશ શ્રીગોપીજન વલ્લભાર્યે નંમઃ ॥

“જલકમલવત્ રહિયે”

લે. પ. ભ. શ્રીનટવરલાલ મહાસુખલાલ શેઠ, અરાદ.

વ્હાલા વલ્લભીઓ ! આપણો સ્નેહ માર્ગ અલૌકિક માર્ગ છે વલ્લભ સૃષ્ટિ અલૌકિક સૃષ્ટિ છે. આ વાતથી કોઈ અજાણ નથી. શ્રીવલ્લભના આપણે અંગીકૃત જીવો શ્રીવલ્લભના કહેવાઈએ. આપણા અંગને તાળવાથી તળીયા સુધી ગમે ત્યાં કશી ઇજા પહોંચે તો તેની સર્વ પીડા આપણને થાય છે. વલ્લભીઓનું દુઃખ વલ્લભ સહન કરી શકતા નથી પોતાના અંગીકૃત જીવોની પોતે ખુબ જ કાળજી સંભાળ રાખે છે.

“સ્વદાસાર્થં કૃતાશેષ સાધનઃ સર્વશકિત ધૃક” અનન્ય ભકત જ અંગીકૃત જીવ કહેવાય “સ્વાર્થોંજિતાખિલ પ્રાણપ્રિયસ્તાદૃશ વેષ્ટિતઃ” અનન્ય ભકતને વલ્લભ–વલ્લભીઓ વ્હાલા, વલ્લભને વલ્લભીઓ ખુબ વ્હાલા “સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાભોજ વિષ્ટરઃ” આપણે દિવસમાં કલાક કલાક બાર જણની મુલાકાત કરો. પ્રભુની સ્મૃતિ કરાવાવાળાઓ ઓછા મળશે પ્રભુની વિસ્મૃતી કરાવવાવાળા ઘણા મળશે. જેને જેના પર વધારે પ્રીત હોય છે તેમાં જ તેનું ચિત્ત રહેતું હોવાથી તેની મુલાકાતથી એના ચિત્તમાં ઘુમતું આપણને સાંભળવા મળશે.

લૌકિક પદાર્થોણાં જેનું મમત્વ વધારે હોય છે તેની પાસેથી અલૌકિક ક્યાંથી પ્રાપ્ત થવાનું છે ! જેની જેનામાં આસકિત છે. તેને તેનો જ આશ્રય છે. કારણ પ્રિય વસ્તુ ભુલાતી નથી. પ્રિય વસ્તુની યાદમાં સર્વ કાંઇની વિસ્મૃતિ થઇ જાય છે.

ચિંતા કરનાર અને ચિંત્વન કરનાર, એ બન્નેની આ સ્થિતિ હોય છે. આપણને શું ગમે છે, એનો આધાર પણ આપણા ચિત્ત ઉપર છે. પ્રિયના ચિંતનમાં સ્મરણમાં બીજું ગમે તેટલું રસવાળું હોય તો પણ ફીકકું લાગશે. આપણા સ્વામી સર્વેશ્વર શ્રીવલ્લભ વલ્લભીઓના ચિત્તમાં હૃદયમાં વસે છે. લૌકિક કાર્યો કરે છે. લૌકિકનો આદર કરતા હોય છે, પરંતુ એમની આસકિત પ્રિય વલ્લભ અને વલ્લભીઓમાં હોવાથી લૌકિકમાં આસકિત હોતી નથી.

શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થ ધર્મનો અંગીકાર કર્યો છે. આપણને ઘરમાં રહી ગૃહસ્થાશ્રમમાં રહેવાની આજ્ઞા કરેલી છે. ભગવદીય ભાવના ભગવદ્ કાર્યો કરતા રહી દૃઢ કરવા ભગવદ્સંગ પોષણ જ દૈન્યનું દાન કરી અભય તરફ આપણને લઇ જશે. લૌકિક સૃષ્ટિ (લાકડાની તરવાર) કાળવગેરે આપણને અલૌકિક સૃષ્ટિ (પાણીદાર તલવાર) ને કાંઇ કરી શકનાર નથી. ઉલટો એનો જ ઘાત થાય છે. કર્મના બંધન માયામાં આસકત છે એને જ છે. જેને નફાની લાલચ છે એને ખોટના ઢગલા ભોગવવા પડે છે આપણે લૌકિકમાં જલકમલવત્ અનાસકત ભાવે રહી આસકિત પ્રભુમાં કરીયે અસ્તુ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

પદ ૩૬ મું

(ગતાંકથી ચાલુ)

એસી કૃપા કીજિયે લીજિયે નામ,
શ્રીયમુને જગવંદની ગુણ ન જાત કાહુ ગિની,
જિનકે એસે ધની સુંદર શ્યામ. ૧
દેત સંયોગ રસ, એસે પિયુ હે જુ બસ,
સુનત તિહારો સુજસ, પૂરે સબ કામ;
'કૃષ્ણદાસનિ' કહે, ભકત હિત કારને,
શ્રીયમુને એક છિન નહિ કરે વિશ્રામ. ૨

અર્થ–એવી કૃપા કરો શ્રી મહારાણીમા, કે અમે આપનું નામ સ્મરણ કરી શકીયે, આપ અનંત ગુણોના સાગર છો. આપ સમસ્ત વિશ્વને વંદનિય છો. શ્રી ઠાકોરજી એવાં આપને આધિન બની રહયા છે કે જે ભકત આપના ગુણાનુવાદ ગાય છે. તેને શ્રવણ કરતાં જ આપ નિત્યલીલાના સુખનું દાન અને તેની સમસ્ત અભિલાષા પુર્ણ કરોછો.

કૃષ્ણદાસજી કહે છે કે શ્રી યમુનાજી ભકતોના હિત માટે એવા તત્પર રહે છે કે આપ ક્ષણભર પણ વિશ્રામ કરતા નથી.

વિવેચન – શ્રી યમુનાજીની કૃપાની યાચના શિવ, બ્રહ્માદિક દેવતા તથા ધ્રૂવ પરાશરાદિ વગેરેએ પણ કરી છે. ભગવદ્કૃપા શ્રી યમુનાજીના અનુંગ્રહથીજ પ્રાપ્ત થશે. એવું એ જાણે છે. ભગવદ ચરણથી ઉત્પન્ન થયેલા ગંગાજી પણ જેમાં સ્વર્ગ, ભૂતલ તથા અંતરિક્ષ મા રહેલા સાડાત્રણ કરોડ તિર્થો પણ ગંગાજળમાં રહેલાં છે તે શ્રી યમુનાજજીના સંગમ પછી જ પ્રભુને પ્રિય બન્યા છે. જે કોઇ આપના સમાગમમાં આવ્યા તે સર્વના મહિમામાં આપે શોભિવૃદ્ધિ કરી છે.

યદ્યપિ લક્ષ્મિજી, ગંગાજીએ સર્વ ભગવદીયા છે. લક્ષ્મીજી કમળથી અને ગંગાજી ભગવાનના ચરણ કમળથી ઉત્પન્ન થયા છે એટલે એ પણ ભગવદ્ સંબંધિત હોવાથી ભકત પણ છે. જેનું માહાત્મ્ય વિશ્વવિશ્રુત છે, પરંતુ શ્રીયમુનાજીની તુલનામાં એનું કોઇ મહત્વ નથી.

શ્રી યમુનાજીના આવા ગુણોના કારણેજ શ્રી મહાપ્રભુજીએ યમુનાષ્ટકમાં વિનતિ કરી છે કે "મનસીમે સદાસ્થિયતામ" આપ સદા મારા મનમાં બીરાજો ત્યારેજ મારા મનમાં શુદ્ધતા પ્રગટ થશે. કારણ કે મન એજ ઇન્દ્રિયોનું પ્રેરક છે. એટલે મનની શુદ્ધિથીજ સમસ્ત ઇન્દ્રિયો સ્વતઃ નિષ્પાપ બને છે.

કૃષ્ણદાસજી પણ એવી જ વિનતિ કરે છે કે આપ કૃપા કરી મારા હૃદયમાં બિરાજશો ત્યારેજ હું સ્નેહપુર્વક આપનું નામ સ્મરણ કરી શકીશ. મા યમુનાજી ! જગત વંદનિય! આપના ગુણોની ગણના કોણ કરી શકે ? આપ ભગવદ લીલા સંયોગ સુખના દાતા છો. ભકત મનોરથ પુરકાય છો. ભકતોના સુખ કારણે આપ એક ક્ષણ પણ વિશ્રામ કરતા નથી, મા ! આપનો સદા જય હો !

દોહો–કૃપા કરો મુઝ ઉપરે, સ્નેહે સમરૂં નામ,
ગુણ અપાર કયમ વર્ણવું, મિલવત સુંદર શ્યામ.

–ક્રમશઃ

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧૫ તા. ૯-૮-૮૭ રવિવાર રક્ષાબંધન શૃંગારમાં નાળીયેરી પૂનમ, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૧ તા. ૧૦-૮-૮૭ સોમવાર હિંડોળા વિજય

શ્રાવણ વદ ૨ તા. ૧૧-૮-૮૭ મંગળવાર કજજલી ત્રીજ

શ્રાવણ વદ ૭ તા. ૧૫-૮-૮૭ શનિવાર શયનમાં છઠ્ઠી પૂજન, શ્રી વિષ્ણુ સ્વામી પ્રાકટ્ય ઉત્સવ

શ્રાવણ વદ ૮ તા. ૧૬-૮-૮૭ રવિવાર શ્રી કૃષ્ણ જયંતિ, ગોકુલાષ્ટમી, જન્માષ્ટમી વ્રત મન્વાદિ તિથિ ભાવાત્મક મહારાત્રી

શ્રાવણ વદ ૯ તા. ૧૭-૮-૮૭ સોમવાર શ્રીનંદ મહોત્સવ

શ્રાવણ વદ ૧૦ તા. ૧૮-૮-૮૭ મંગળવાર આજથી અમાસ સુધી બાલ લીલાના પદ બોલાય

શ્રાવણ વદ ૧૧ તા. ૨૦-૮-૮૭ ગુરુવાર અજા એકાદશી વ્રત

શ્રાવણ વદ ૧૪ તા. ૨૩-૮-૮૭ રવિવાર શ્રી કાકા વલ્લભજીનો પ્રાકટય દિન (સ. ૧૭૦૩) લાલા લહેરી શ્રી ગોપાલજીનો પ્રાકટય દિન (સં ૧૯૧૦)

ભાદરવા સુદ ૧ તા. ૨૫-૮-૮૭ મંગળવાર શ્રી રાધાજીની વધાઇનો પ્રારંભ

ભાદરવા સુદ ૩ તા. ૨૭-૮-૮૭ ગુરુવાર હરિતાલિકા (કેવડા) ત્રીજ

ભાદરવા સુદ ૪ તા. ૨૮-૮-૮૭ શુક્રવાર શ્રી ગણેશ ચતુર્થી

ભાદરવા સુદ ૫ તા. ૨૯-૮-૮૭ શનિવાર ઋષિ પંચમી દ્વિતીય સ્વરૂપોત્સવ શ્રી ચંદ્રવલીજીનો પ્રાકટય દિન

ભાદરવા સુદ ૬ તા. ૩૦-૮-૮૭ રવિવાર શ્રી લલિતાજીનો પ્રાકય દિન

ભાદરવા સુદ ૮ તા. ૧-૯-૮૭ મંગળવાર શ્રી રાધાષ્ટમી

ભાદરવા સુદ ૧૦ તા. ૩-૯-૮૭ ગુરુવાર નવ નાગરીના પદ બોલાય વર્ષા ઋતુ પૂરી થઇ

ભાદરવા સુદ ૧૧ તા. ૪-૯-૮૭ શુક્રવાર પરિવર્તિની (દાન) એકાદશી વ્રત. વામન જયંતી. લેખવાળા શ્રી પુરૂષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૭૨૪) શ્રી દયારામભાઇ જયતિ (સં. ૧૮૩૩). શ્રી કૃષ્ણચંદ્રનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. સરદ ઋતુની શરૂઆત થઈ કારતક સુદ ૧૦ સુધી

ભાદરવા સુદ ૧૪ તા. ૬-૯-૮૭ રવિવાર અનંત ચતુર્દશી

ભાદરવા સુદ ૧૫ તા. ૭-૯-૮૭ સોમવાર સાંઝીનો પ્રારંભ સાંઝીના પદ આજથી અમાસ સુધી ગવાય છે.

સમાચાર

શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

ગોંડલ–પૂ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને અને પ. ભ. શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળાના વ્યાસાયને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું વિશ્વશ્રેયાર્થે આયોજન કરવામાં આવેલ છે. પ્રારંભ તા. ૧–૮–૮૭ શનિવાર, પૂર્ણાહુતિ તા. ૭–૮–૮૭ શુક્રવાર સ્થળ : ટાઉન હોલ, ગોંડલ.

આ કથામૃતનું પાન કરવા સર્વે વલ્લભીય સૃષ્ટિને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

આજ્ઞાથી – શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમિતિ.

શ્રીનાથદ્વારામાં શ્રીનાથજી ભોજન ગૃહ

શ્રીનાથજી બાવાની કૃપાથી પી. વી. દલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત તા. ૧૬–૮–૧૯૮૭ થી બહારગામના યાત્રાળુઓની સેવાર્થે જ શુદ્ધ સાત્ત્વિક ગુજરાતી ભોજન ગૃહ શરૂ કરવામાં આવે છે. સંપૂર્ણ ભોજન થાળી રૂા. ૫–૦૦ એડવાન્સ કુપન વિતરણ સમય સવારે ૫–૩૦ થી ૭–00 અને બપોરે ૧–00 થી ૩–00 યાત્રાળુએ પોતાની સાથે આવેલ સભ્યોની કુપન સમય દરમ્યાન મેળવી લેવા.

સ્થળ–શ્રીનાથજી ભોજનગૃહ, જનતા કોટેજ, તોપખાના, નાથદ્વારા.

ખેડા જીલ્લાના વિરપુર ગામે કોમી તોફાનોમાં ભોગ બનેલા લોકોને પહેલા રાઉન્ડમાં રોકડા રૂપિયા, બીજા રાઉન્ડમાં સ્ટીલના વાસણોના સેટ અને છેલ્લા રાઉન્ડમાં એક દરજીને સીવવાનો સંચો શ્રી ઈન્દ્રકાંત ત્રીકમલાલ શેઠના વરદ હસ્તે આપવામાં આવ્યો છે.

પરિષદ દ્વારા આજ સુધી પંચોતેર હજાર કીલો ઘાસ, ત્રણ હજાર કીલો સુખડી, ૫૦૦ કીલો બુંદી–ગાંઠીયા, માંડવી–કચ્છ, જામનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જીલ્લામાં વિતરણ થયેલ છે.

વળી મેઘરજ પાસેના લગભગ ૨૦ નાના નાના ગામોના આદિવાસી લોકોને ત્રણ હજાર કીલો મકાઈ પણ અપાયેલ છે.

કચ્છના દુષ્કાળ વિસ્તારમા – ગોલીમાસર, ધોકળા, ભાડૈમ મોટી, વિંઝાણ, સોઢાકેમ્પ, સીરવા વાંઢના વિસ્તારમાં લગભગ ત્રણ હજાર કિલો બાજરીનું વિતરણ કરવામાં આવ્યું છે. અને હજુ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર કચ્છમાં રાહતની વધુ જરૂર છે. તો સરકાર અને સેવાલક્ષી સંસ્થાઓ પણ વરસાદ ખેંચાતા વધુ કાર્યવાહી કરવા આગળ આવે.

ગૌ સંરક્ષણ અને દુષ્કાળ સેવા કાર્ય સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠની આગેવાની હેઠળ પરિષદની ટુકડી નિષ્કામ ભાવે કરી રહી છે તે પ્રશંસનીય છે.

જુનાગઢ–સંવત ૨૦૪૩ ચૈત્ર વદ ૯ તા. ૭–૪–૧૯૮૭ મંગળવારે નિ. લી. પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજીના વહુજી પૂ. ચંદ્રપ્રભાજીની ગોદ પધારેલ પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના વચનામૃતનો કાર્યક્રમ દર રવિવારે તથા દર એકાદશીના રોજ શયનના દર્શન પછી એક કલાકનો કાર્યક્રમ મોટી હવેલીમાં રાખવામાં આવે છે.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ માનવ સેવાના કાર્યો સંપન્ન કરીને વૈષ્ણવતાને ચરિતાર્થ કરી રહી છે.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

ધોળ

મારો લાડિલો લલન બલિહારી, છબિલા લાલ
મુખ છબિ લાગી મુને પ્યારી–છબિલા૦ ૧
ઘુંઘરાયલા કેશ ગુંચળી શીશ ઉપર શોભે,
અલકાવલિ તિલક મન મોહે–છબિલા૦ ૨
શ્રવણ માંહે ઝુમકી તે તારા, જોત ઝબકે,
નાસિકા વેસર મોતી લચકે–છબિલા૦ ૩
અરૂન કમલ નેત્ર માંહે, અંજન તે ફેલ્યાં,
રૂદન કરી વહેતરાવ્યા છે રેલા–છબિલા૦ ૪
નવનીત આરોગ્યા કાંઈ મુખ કપોલ લેસી
આ છબિ તો મનમાંહે પેસી–છબિલા૦ ૫
હુલરી કંઠ હાંસ કઠુલા રણકે શોભા ભારી,
કટિ કિંકિની તે ઘુઘરાવાલી–છબિલા૦ ૬
બાજુ પોહોંચી કડા વળી કુમતાને ફરકે,
શ્રીનંદ જશોદાજી જોઈ હરખે–છબિલા૦ ૭
રત્નખચિત ચોક માંહે ઘુટનિયાં ખેલે,
ઝુંઝના ચૂસની રમે મુખ ખેલે–છબિલા૦ ૮
મદનમોહનજી ને બાલકૃષ્ણલાલ
નવનીત પ્રિયજી રમે ખ્યાલ–છબિલા૦ ૯
ચરનકમલ માંહે ઝાંઝર નૂપુર ઝનકાર,
શ્રી જશોદાજી નિરખે વારવાર–છબિલા૦ ૧૦
દુધની દંતુડી બે જ મુખમાંહે તે લસે,
કીલકીને તે વ્હાલા હસે–છબિલા૦ ૧૧
બિંજન પ્રકાર ભોગ લગાવી મુખ માંહે,
હસ્તકમલ વચ્ચે વચ્ચે બોળે–છબિલા૦ ૧૨
આઠ દર્શન આઠ ભોગ આવે સુખે,
સામર્થ્ય શું વરણી શકું મુખે–છબિલા૦ ૧૩
એક૦ સ્વરૂપે યશોદાજીને પાસ,
એક સ્વરૂપ થકી રમે રાસે–છબિલા૦ ૧૪
જગમોહન સિંહપોર મન મોહે,
કૃષ્ણ ભંડાર પરછનો ત્યાં સોહે–છબિલા૦ ૧૫
'કૃષ્ણકમલ' બાલ લીલા સહુ નિરખે,
જન્મ સફલ કરિ હરખે–છબિલા૦ ૧૬

પૂ. શ્રીકૃષ્ણાવતી મહારાજ, મથુરા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
वैदिकसन्मार्गरक्षकः

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિ ॥

કેટની આરતિ

રાગ–માલવ

ખેલત સાંઝી રંગ રહ્યો,
નંદનંદન વૃષભાનનંદિની
અંતરપટ જુ દયો. ૧

ફૂલન ડલિયા ભર ભર લીની,
ચિત્ર વિચિત્ર કરયો;
બહુ પ્રકાર વ્યંજન ધર આગે,
બિનકે કરત નયો. ૨

આરતી કરત કોટકી સુંદરી,
રાગ હી રંગ છયો;
‘શ્રીવિઠ્ઠલ ગિરિધરન’ કૃપાનિધિ,
બ્રજજન સુખહી દયો. ૩

◆

વર્ષ ૬ : અંક ૬ ⊞ સપ્ટેમ્બર, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, સવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦1

શ્રીદ્વારકેશ શ્રીવ્રજયાત્રા – લીલી પરિક્રમાનો લાભ મેળવો

ચાલુ સાલે મથુરા–પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીની આજ્ઞા અને અધ્યક્ષતામાં ૮૪ કોસ વ્રજયાત્રાનો પ્રારંભ આપને આ અંક મળે તે પહેલાં તા. ૨૬–૮–૮૭ના રોજ થઇ ગયો છે અને હજુ પણ ભાગ લઈ શકાશે. શ્રીયમુનાપાન, બેઠકજીએ ઝારી ચરણસ્પર્શ, લીલાસ્થળોની ઝાંખી તો થાય જ ઉપરાંત શ્રીગિરિરાજજીનાં ‘કુનવાડા’ તા. ૯–૯–૮૭ બુધવારે, નંદગામમાં “શ્રીનો વિવાહખેલ” તા. ૨૨–૯–૮૭ મંગળવારે, શ્રીમદ ગોકુલમાં ‘શ્રીયમુનાજીનો કુનવાડા’ તા. ૯–૧૦–૮૭ શુક્રવારે થશે, તેની ઝાંખીનો લાભ મળશે.

આ યાત્રાના નિયમ વિસર્જન તા. ૧૦–૧૦–૮૭ શનિવારે શ્રીમથુરાજીમાં શ્રીયમુનાજીના વિશ્રામ ઘાટે થશે.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદે ગોસંરક્ષણ અને દુષ્કાળ સેવા કાર્ય અંગે જામનગર ખાતે બાબુ અમૃતના વાડામાં એક ટ્રક ઘાસનું અર્પણ પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના વરદ હસ્તે તા. ૨૬–૬–૮૭ના રોજ કરવામાં આવ્યું. તેમાં પરિષદના ગુજરાત એકમના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઇ શેઠ, શ્રી ગોકળદાસ રાજાણી, શાખા મંત્રી માર્કંડભાઈ ધોળકીયા, શ્રી ચંદુભાઇ, શ્રી જયંતિભાઇ સોની, મંગળદાસ વગેરે પૂ. મહારાજશ્રી તથા ગાયો સાથે દશ્યમાન

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૬ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * સપ્ટેમ્બર, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૫મો)

અર્જુન ઉવાચ–
એવં સતતયુકતા યે ભકતાસ્ત્વાં પર્યુપાસતે ।
યે ચાપ્યક્ષરમવ્યકતં તેષાં કે યોગવિત્તમાઃ ॥૧॥

અર્જુને કહ્યું, એ પ્રમાણે નિરંતર જોડાઇ રહેલા જે ભકતો આપને ઉપાસે છે, અને વળી જેઓ અવ્યકત અક્ષરને (ઉપાસે છે), તેઓમાંના ઉત્તમ રીતે યોગને જાણનારા કોણ ? ॥૧॥

શ્રીકૃષ્ણાય નમઃ । પુરુષોત્તમ એવા ભગવાન શ્રીકૃષ્ણના ભકતોના (સ્વરૂપની) અને અક્ષર બ્રહ્મમાં આસકિતવાળાના સ્વરૂપની વિશિષ્ટતા જાણવા માટે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું. ॥૧॥

આગળના અધ્યાયના અંતમાં (૧૧–૫૫માં) 'મત્કર્મકૃત્' (મારે અર્થે કર્મ કરનાર) એવા શબ્દોથી ભકતોને એટલે કે ભગવાનના ભજનમાં અનન્ય નિષ્ઠાવાળાઓને ભગવાનની પ્રાપ્તિ થાય છે, એમ કહ્યું, અને તે પહેલાં આઠમા અધ્યાયમાં 'યદક્ષરં વેદવિદો વદન્તિ'થી આરંભીને 'સ યાતિ પરમાં ગતિમ્' સુધીમાં (એટલે કે વેદને જાણનારાઓ જેને અક્ષર કહે છે, આસકિત વગરના સંન્યાસીઓ જેમાં પ્રવેશ કરે છે, જેને ઇચ્છનારાઓ બ્રહ્મચર્યને આચરે છે, તે પદ હું તને સંક્ષેપમાં કહીશ. બધાં ઈંદ્રિયદ્વારોને વશમાં રાખીને અને મનને હૃદયમાં નિરોધીને, પોતાના પ્રાણોને મસ્તકમાં ધારણ કરીને, યોગ ધારણાને આશ્રયે રહેલો, ૐ એ પ્રમાણે એકાક્ષરરૂપ બ્રહ્મને ઉચ્ચારતો, મને સ્મરતો, દેહને છોડનાર જે જે પ્રયાણ કરે છે. તે પરમ ગતિને પામે છે. ગીતાજી, ૮–૧૧,૧૨,૧૩ માં) અક્ષરના ઉપાસકોની પરમ ગતિ કહી. એ બંનેના ભાવાર્થને જાણવાની ઇચ્છાવાળો અર્જુન 'એવમ્' વગેરે શબ્દોથી ભગવાનને વિનતિ છે. 'એવમ્' એટલે

એ પ્રમાણે, પહેલાં કહ્યું છે તે પ્રમાણે, બધા સાંસારિક વિષયોમાં રહેલી આસકિતના પૂર્ણ પણે ત્યાગપૂર્વક જેઓ અનન્ય ભકત છે તેઓ પ્રકટ સ્વરૂપ, એટલે કે આનંદ સ્વરૂપ એવા આપને ઉપાસે છે, આપનું ચિંતન કરે છે, બંનેમાં યોગને પૂર્ણપણે જાણનારા કોણ છે? એટલે કે આપના સંયોગને અતિશયતાથી જાણનારા શ્રેષ્ઠ છે, એમ અર્થ છે. કૃપા કરીને તેઓને જણાવો, એવા ભાવ છે. ।।૧।।

શ્રીભગવાનુવાચ–

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુકતા ઉપાસતે ।
શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુકતતમા મતાઃ ।।૨।।

શ્રી ભગવાને કહ્યું, મારામાં મનને એકાગ્ર કરીને, પરમ શ્રદ્ધાથી યુકત, સદાય જોડાઇને રહેલા જેઓ મને ઉપાસે છે, તેઓ મારા શ્રેષ્ઠ યોગીઓ મનાયેલા છે. ।।૨।।

જેમાં પ્રકટ પુરૂષોત્તમ સ્વરૂપ એવા મારૂં ભજન કરનારા જેઓ છે તેઓ ઉત્તમ છે, એવા આશયથી 'મયિ વગેરે શબ્દોથી ભગવાન ઉત્તર આપે છે. 'મયિ' એટલે મારામાં, પ્રકટ રૂપમાં પૂર્ણપણે નિષ્કામતાથી, સર્વદા એકરૂપ એવા મનને પરોવીને, એટલે કે પૂર્ણપણે સર્વાત્મભાવથી મનને સ્થિર કરીને, જેઓ ભાગ્યવાન, નિત્ય જોડાયેલા, એકમાત્ર મારી સેવામાં તત્પર, એકમાત્ર પરમ પ્રેમના લક્ષણવાળી શ્રદ્ધાથી ભરેલા, એવી રીતે મને ઉપાસે છે, એટલે કે સેવે છે તેઓ ઉત્તમ રીતે જોડાયેલા છે, ઉત્તમ છે, એમ મેં માન્યું છે– તેઓ મને પ્રિય છે, એવો અર્થ છે. ।।૨।।

યે ત્વક્ષરમનિર્દેશ્યમવ્યકતં પર્યુપાસતે ।
સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમચલં ધ્રૂવમ્ ।।૩।।
સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।
તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ।।૪।।

વળી જેઓ અવર્ણનીય, સર્વ સ્થળે રહેલ, કલ્પના ન થઇ શકે તેવા કૂટસ્થ, અચલ, શાશ્વત અને અવ્યકત અક્ષરને ઉપાસે છે, ઇંદ્રિયોના સમૂહને વશમાં રાખીને બધામાં સમાન બુદ્ધિવાળા, પ્રાણી માત્રના હિતમાં રચ્યાપચ્યા તેઓ મને જ પામે છે. ।।૩,૪।।

એ પ્રમાણે ભકતોને ઉત્તમ કહીને અક્ષરના ઉપાસકોનું સ્વરૂપ 'યે ત્વક્ષરમ્' વગેરે શબ્દોથી બે શ્લોકમાં કહે છે. 'યે તુ' શબ્દોને સમજાવે છે. 'તુ' શબ્દથી પોતાને પ્રિય હોવાને સ્પષ્ટ કર્યું છે. જે અનિર્દેશ્ય એટલે નિર્દેશ ન થઇ શકે તેવું, શબ્દોથી વર્ણવી ન શકાય તેવું, અવ્યકત એટલે અપ્રકટરૂપ, સર્વત્રગ એટલે સર્વત્ર રહેલું, ધ્યાન વગેરેની દશામાં પણ હૃદયમાં સ્થિર ભાવ રહિત અને તેથી જ અચિંત્ય એટલે કે કલ્પના ન થઇ શકે તેવું છે; કારણ કે તેમાં રૂપનો (આકારનો) અભાવ છે અને અસ્થિર છે. કૂટસ્થ એટલે પ્રપંચમાં નિયામક થઇને રહેલું, અચલ એટલે ચળે નહિ તેવું, મારા ચરણરૂપ હોવાથી ધ્રૂવ એટલે કે નિત્ય છે, એવું તે અક્ષર છે. ઇંદ્રિયોના સમૂહને વશ કરીને સર્વત્ર મારામાં, દેવો વગેરેમાં કે લૌકિકમાં, એટલે કે સુખ કે દુઃખમાં, એ રીતે સર્વમાં સમભાવ રાખનાર, પ્રાણીમાત્રના હિતમાં રત, એવા થઇને જે મારી ઉપાસના કરે છે, મારું ધ્યાન ધરે છે તેઓ મને જ પામે છે. 'એવ' શબ્દથી અક્ષરના નિરંતર સંબંધ રહિત એવા તેઓ મને પામે છે, એવો ભાવ છે, અને પોતાનાથી ઉત્તમ નહિ એવો ભાવ જણાવ્યો છે. ।।૩,૪।।

ક્લેશોડધિકતરસ્તેષામ વ્યક્તા સક્ત ચેતસામ્ ।
અવ્યક્તા હિગતિર્દુ:ખં દેહવદ્‌ભિરવાપ્યતે ।૫।

અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા તેઓનો ક્લેશ ઘણો વધારે હોય છે, ખરેખર દેહધારીઓથી અવ્યક્ત ગતિ ઘણી કાઠનાઇથી મેળવાય છે. ।૫।

અને વળી, મને માન્ય ન હોવાથી પરંપરાથી પ્રાપ્ત છતાં તેઓને ક્લેશ થાય છે. (અવ્યક્તમાં એટલે કે) અપ્રકટ રૂપમાં આસક્ત મનવાળાને સેવા અર્થે પ્રકટેલ પરત્મામાં કોઇ ઇંદ્રિયોનું સામર્થ્ય ન હોવાથી તેઓને વધારે ક્લેશ થાય છે. (અવ્યક્તમાં) આસક્ત ચિત્ત હોવાથી દર્શન આદિની અભિલાષા છતાં ભગવાનની ઇચ્છાના અભાવથી વધારે ક્લેશ થાય છે. સાધનદશામાં પણ ક્લેશ રહે છે, તેથી જ અધિકતર (વધારે) એમ કહ્યું છે. ફળ પણ કઠિનાઇથી મળે છે, એમ ‘અવ્યક્ત’ વગેરે શબ્દોથી કહે છે. દેહધારીઓથી એટલે કે દેહને આત્મા માનીને સેવનારાઓથી ‘અવ્યક્તા ગતિઃ’ એટલે કે અવ્યક્તમાં નિષ્ઠાવાળી ગતિ કઠિનાઇથી મળે છે. અહીં ‘હિ’ શબ્દ છે તે યોગ્ય છે એવા અર્થમાં છે. માત્ર ભગવાનની સેવા જ યોગ્ય છે, એવા દેહધારીને વ્યર્થ ગમનથી તેવી (અવ્યક્તમાં) ગતિ દુ ખથી મળે છે. તેવી ગતિની પ્રાપ્તિ પછી પણ અલૌકિક દેહ વગેરેના અભાવે અવ્યક્તપણે થતા પ્રવેશમાં તેના સ્વરૂપના અંશનું પહેલાં અનુભવેલ લૌકિક ઇંદ્રિયો દ્વારા થતા આનંદનું સ્મરણ કરીને, પાણીમાં ડૂબેલાને પાણી પી જવાથી થતા દુઃખની જેમ દુઃખને પામે છે, એવો ભાવ છે. ।૫।

યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।
અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ।૬।
તેષામહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।
ભવામિ ન ચિરાત્ પાર્થ મય્યાવેશિતચેતસામ્
।૭।

પરંતુ જેઓ મારે પરાયણ રહેનારાઓ (છે તેઓ) સર્વે કર્મોને મારામાં સમર્પણ કરીને અનન્ય યોગ વડે ચિંતન કરનારાઓ મને જ ઉપાસે છે. ।૬।

હે પૃથાના પુત્ર અર્જુન, મારામાં પરોવાયેલા ચિત્તવાળા તેઓનો મૃત્યુયુક્ત સંસારરૂપી સાગરથી હું વિના વિલંબે ઉદ્ધાર કરનાર થાઉં છું. ।૭।

અક્ષરની ઉપાસના કરનારાઓને સાક્ષાત્કાર થવામાં પણ ક્લેશ રહેલો છે. પરંતુ મારા ભક્તોનો, મારા સ્વરૂપના ધ્યાન વડે મારી પ્રતિમા વગેરેનું સેવન કરનારાઓનો પણ હું ઉદ્ધાર કરું છું, એમ ‘યે તુ’ વગેરે શબ્દોથી બે શ્લોકમાં કહે છે. પરંતુ જેઓ લૌકિક વૈદિક સર્વનો મારામાં એટલે કે મારા નિમિતે ત્યાગ કરીને મારે પરાયણ રહીને, એટલે કે ઉત્કૃષ્ટ એવો હું જ પ્રાપ્ત કરવા યોગ્ય છું તેવા પ્રકારના થઇને અનન્ય યોગ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માલજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

વડે જ, બીજો કોઇ જ ભજવા યોગ્ય નથી, જેઓમાં એવા પ્રકારનો ભકિતયોગ છે તેનાથી મારું ધ્યાન કરે છે, ઉપાસના કરે છે, સેવે છે–મુર્તિ વગેરેમાં, એટલું ઉમેરવું, (તેઓનો હું ઉદ્ધાર કરનાર છું.) હે પાર્થ. હે મારા ભકત, મારામાં પૂર્ણ રૂપથી, પૂરેપૂરા ભાવથી પરોવાયેલા ચિત્તવાળાઓનો મૃત્યરૂપી સંસાર-સાગરથી એટલે કે વરંવાર મરણધર્મવાળા શરીરની પ્રાપ્તિરૂપ સંસારથી અલૌકિક સ્વરૂપના દાનથી, એટલે કે ભજનને યોગ્ય એવા સ્વરૂપના દાનથી શીઘ્રતાથી હું ઉદ્ધાર કરનાર થાઉં છું, ધ્યાનમાં અથવા મુર્તિમાં પ્રકટ થાઉં છું, એમ અર્થ છે. ।૬, ૭।

મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।
નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ।૮।

મારામાં જ તું મનને જોડ, મારામાં બુદ્ધિને તું સ્થિર કર, તો પછી મારામાં જ તું નિવાસ કરીશ, (એમાં) શંકા નથી. ।૮।

કારણ કે ધ્યાન વગેરેથી અનુરાગ રાખનારાઓને પણ ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે, તો પછી સાક્ષાત્ મારું ભજન કરનારાઓને માટે શું કહેવાનું હોય ! તેથી તું મારે પરાયણ થા, એમ 'મયિ' વગેરે શબ્દોથી કહે છે. મારામાં જ એટલે પ્રકટ રૂપમાં જ સંકલ્પવિકલ્પાત્મક મનને તું સ્થિર કર એટલે કે ચોતરફથી સ્થિરતાપૂર્વક સર્વ સ્થળેથી આકર્ષીને સ્થાપિત કર વ્યવસાયાત્મિક (વ્યવસાયમાં જોડાયેલી) બુદ્ધિને મારામાં જ જોડી દે. આથી પછી એટલે કે બુદ્ધિનો મારામાં પ્રવેશ કરાવ્યા પછી મારામાં કે પુરુષોત્તમમાં તું નિવાસ કરીશ, એટલે કે નિતરામ આત્યંતિક રીતે સેવા વગેરેની યોગ્યતાથી નિકટમાં જ રહીશ, એમાં શંકા નથી, એટલે કે તેમાં સંદેહ નથી; તારે સંશય રાખવો નહિ, એમ અર્થ છે. ।૮।

અથ ચિત્તં સમાધાતું ન શકનોષિ મયિ સ્થિરમ્ ।
અભ્યાસયોગેન તતો મામિચ્છાપ્તું ધનંજય ।૯।

જો મારામાં ચિત્તને સ્થિર રાખવાને તું શકિતમાન ન હો તો પછી હે ધનંજય, યોગના અભ્યાસથી તું મને મેળવવા માટે પ્રયત્ન કર. ।૯।

અરે, મન ચંચળ હોવાથી શી રીતે આપનામાં સ્થિર થાય ? એમ હોય તો 'અથ' વગેરે શબ્દોથી કહે છે. હે ધનંજય, એવું સંબોધન સાવધાન કરવા માટે છે. હવે જો મારામાં ચિત્ત સ્થિર કરવાને તું શકિતમાન ન હો તો યોગના અભ્યાસથી એટલે કે મારું શ્રવણ અને નિરંતર સ્મરણ કરવું વગેરે રૂપે તું મને મેળવવા ઇચ્છા કર, એટલે કે પ્રયત્ન કર, વિચારીને પ્રયત્ન કરનારો તું થા, એમ અર્થ છે. ।૯।

પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. સોની દામજીભાઇ પ્રભુદાસ, રાજકોટના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

ગ્રંથપરિચય : પૂ. પા. ગો. શ્રીશ્યામ મનોહરજી મહારાજ (મુંબઇ, પારલા)

(લેખાંક બીજો)

અનુવાદ : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

આમ તો ભાગવતજીની વ્યાખ્યાનું પ્રયોજન અંતે તો શ્રીકૃષ્ણના સ્વરૂપમાં આસક્તિ મેળવવી તે જ છે. પરંતુ આ સમસ્યા શ્રીમહાપ્રભુજીની નહિ, કિંતુ અન્ય પુષ્ટિજીવોની હતી. ભાગવતજીના વાસ્તવિક અર્થને પ્રગટ કરવાથી પુષ્ટિજીવોનું કલ્યાણ થશે. તેઓ શ્રીકૃષ્ણની પુષ્ટિલીલાના વાસ્તવિક રહસ્યને સમજીને શ્રીકૃષ્ણમાં આસક્ત થઇ જશે. જ્યાં સુધી શ્રીમહાપ્રભુજીનો પ્રશ્ન છે. ત્યાંસુધી તેઓશ્રીને તો આ પ્રક્રિયામાં ભાગવતજીની લૌકિકી ભાષા અને પરમત્ ભાષાનું પણ ચિંતન–મનન–વ્યાખ્યાન કરવું જ પડતું હતું. કેવળ ભગવાનની લીલાના મનન કે પ્રવચન સુધી મર્યાદિત રહી શકાતું નથી. એમ હોવાથી અનેક પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે બીજાઓનું કલ્યાણ કરવાની મનોવૃત્તિથી શ્રીમહાપ્રભુજી સ્વયં ભગવાનનો વિપ્રયોગ સહન કરવા તત્પર થયા હતા.

જેટલું વ્યાખ્યાન પૂર્ણ કરી દેવાયું હતું તે પુષ્ટિજીવોને પુષ્ટિપથ પર પ્રવૃત્ત કરવા માટે પુરતું છે. તેનાથી વધારે પરોપકારની આવશ્યકતા નથી. સર્વનિર્ણય નિબંધમાં શ્રીમહાપ્રભુજીએ સ્વયં એવો નિર્ણય કરી દીધેલો છે કે. ભગવાનની સેવાના અવસરમાં ભાગ પડાવનારા ધર્મોનો ત્યાગ કરી દેવો જોઇએ. પરોપકાર વગેરે ધર્મો પણ જો ભગવાનની સેવામાં બાધક હોય તો છોડી દેવા ઉચિત છે. એતદ્વિરોધિ યત્કિંચિત્ તતુ શીઘ્રં પરિત્યજેદ્ । ધર્માદીનાં તથા ચાસ્ય તારતમ્યં વિચારયંન્ ॥૨૩૯॥ એતદ્વિરોધીતિ સામાન્યવચનં ધર્માદીનામુપલક્ષણમ્ પરોપકારાદિ સર્વધર્માણામપિ ક્ષયિષ્ણ્વેવ ફલમ્ । અતઃ ઉભયોરંતર જ્ઞાત્વા પરોપકારાદિધર્માઃ ન કર્તવ્યાઃ યદિ પૂજાવિરોધિનો ભવન્તિ ॥” (ધર્મ વગેરેનું તથા આનું તાત્પર્ય વિચારીને આથી વિરુદ્ધ જે કાંઇ હોય તેને તો તુર્ત જ સંપૂર્ણ રીતે ત્યજી દેવું જોઇએ. ॥૨૩૯॥ આથી વિરુદ્ધ એટલે આ સામાન્ય વચન ધર્મ વગેરેનું સૂચન કરનાર છે. પેરોપકાર અને તેના જેવા સર્વે ધર્મોનું ફળ નાશવંત જ છે, તેથી બંનેનો ભેદ સમજીને પરોપકાર વગેરે ધર્મો જો પુજાવિરોધી હોય તો આચરવા જોઇએ નહિ.) કોઇ ધર્મ કે કર્તવ્ય ભગવાનની સેવામાં સહાયક હોય તો તે કરવા યોગ્ય છે, તે સિવાય ભગવાનની સેવામાં બાધક પરોપકાર વગેરે ધર્મ પણ ત્યજવાયોગ્ય છે, એમ સમજવું જોઇએ પરિણામે આત્મસમર્પણ કર્યા પછી ભગવાનની સેવાથી અધિક બીજું કોઇ પણ કર્તવ્ય પુષ્ટિજીવ માટે હોઇ શકતું જ નથી.

તેથી જ શ્રીમહાપ્રભુજી કહે છે કે, સમર્પણ કર્યા પહેલાં બધાય પુષ્ટિજીવોની સ્થિતિ

અસ્પૃશ્ય કુળમાં જન્મેલી કોઇ સુંદર સ્ત્રીના જેવી હોય છે. પરંતુ આત્મસમર્પણ કર્યા પછી એ જ પુષ્ટિજીવોની સ્થિતિ, ઉપર કહેલી સુંદરી જો કોઇ રાજાના મનને ગમી જાય છે. આ અસાધારણ આદરની પ્રાપ્તિ થતાં કયારેક અભિમાન પણ આવી જવાનું શકય છે. અને તે અભિમાનના કારણે કયારેક અપમાનિત થવાનો અવસર પણ આવી શકે છે. પરંતુ પોતાની પહેલાંની જે અવસ્થા હતી તેની અધમતાનો વિચાર કરતાં મળેલી આદરપૂર્ણ અવસ્થામાં થોડુંઘણું અપમાન થાય તો એ પશ્ચાત્તાપનો વિષય નહિ લાગે, એટલા માટે કે રાજા દ્વારા અપમાનિત થયેલી છતાં રાણી તો જગતમાં આદરણીય જ મનાય છે.

એવી રીતે કોઇ પ્રૌઢભાવવશ ભગવદાજ્ઞાનું ઉલ્લંઘન કરવાના કારણે અપમાનિત પણ થવું પડે તો પોતાની પહેલાંની અસમર્પિત અવસ્થાનો વિચાર કરવો જોઇએ. જે પુષ્ટિજીવે બધું જ સમર્પણ કરી દીધું હોય તેને પછી માન કે અપમાનની શી પરવા ? તેનું કર્તવ્ય તો માત્ર ભગવદાજ્ઞાનું પાલન કરવામાં જ રહેલું છે.

પુષ્ટિ સૃષ્ટિ પ્રભુએ પોતાની સ્વરૂપ સેવાને માટે પ્રકટ કરેલી છે. ભગવાન તો સત્યસંકલ્પ છે, તેથી ભગવદાજ્ઞાને શિરોધાર્ય કરવી તે જ પુષ્ટિજીવનું પ્રથમ કર્તવ્ય છે, નહિ તો સ્વામીદ્રોહનો પ્રસંગ ઉપસ્થિત થઇ જશે. અને પછી વિલંબથી કે વિના વિલંબે, ગમે તેમ, જે ફળ અમારા સ્વામી દેવા ઇચ્છે છે તે તો પોતાની મેળે જ દેશે. તેથી ફળ મળવામાં વિલંબની ચિંતા કર્યા વિના આપણું કર્તવ્ય છે કે, આપણા સ્વામીની આજ્ઞાનું પાલન કરવું.

પહેલાં ગંગા-સાગરના સંગમ ઉપર અને પછી મધુવનમાં જે બે ભગવદાજ્ઞા પ્રાપ્ત થઇ હતી, તેનું પાલન થઇ શકયું નહિ. હવે ત્રીજી ભગવદાજ્ઞા લોકગોચર દેહ-દેશ-પરિત્યાગની થઇ છે (અર્થાત્ આસુર વ્યામોહ-લીલાની થઇ છે), આ આજ્ઞાનું તો પાલન કરવું જ પડશે. તેમ છતાં તેમાં પશ્ચાતાપનું કોઇ કારણ નથી. જયારે અમે સેવક છીએ જયારે અમારું બધું જ અમારા સ્વામીને સમર્પિત કર્યું છે તો પછી લોકગોચર દેહ-દેશના પરિત્યાગની આજ્ઞામાં પશ્ચાત્તાપ કેવો ! [પ્રાચીન બધા વ્યાખ્યાકાર ક્રમશઃ દેહત્યાગની પ્રથમ આજ્ઞા દેશત્યાગની બીજી અને લોકત્યાગની ત્રીજી આજ્ઞા, એવો અર્થ સ્વીકારે છે.]

અમારા સ્વામી કૃષ્ણ રોષે ભરાઇને કોઇ લૌકિક સ્વામીની જેમ નિર્દય થઇ જશે, એવો તો સંભવ નથી. તેમની તો પ્રત્યેક આજ્ઞામાં અમારું પરમ કલ્યાણ તેમ જ અંતિમ સુખ રહેલું છે. આથી બધુંય જયારે પોતાના સ્વામી શ્રીકૃષ્ણને ભકિતપૂર્વક સમર્પિત કરી જ દીધું છે ત્યારે બીજું શું કરવાનું શેષ રહી જાય છે ? તેથી આજ્ઞાના પાલનમાં જ પોતાની કૃતાર્થતાનો અનુભવ કરવો જોઇએ.

કોઈ કોઇવાર પરણેલી પુત્રી ઉંમરલાયક થઇ જવા છતાં તેને તેના પતિની પાસે સાસરે મોકલવા પિતાનું મન માનતું નથી. એવા વાત્સલ્ય કે મોહને વશ થઇને તે પોતાની પુત્રીનું હિત કરે છે કે અહિત ? પુત્રીને તેના પોતાના પતિની પાસે ન મોકલીને કન્યાદાનનો

શો અર્થ રહે છે?–કોઇ પતિ એવી પિતાને ઘેર રહેનારી પત્નીથી શી રીતે સુખી થઇ શકે ?

પોતાના દેહની સાથે પણ એવો જ મોહજન્ય વ્યવહાર દેહના સ્વામી શ્રીકૃષ્ણને કેવી રીતે યોગ્ય લાગશે ? કેવી રીતે સંતુષ્ટ કરી શકાશે ? આથી એવો વિચાર કરવો જોઇએ કે, આત્મસમર્પણ વિના અન્ય લૌકિક જનોની જેમ અમારી પણ તેવી સ્થિતિ થાય તો શું થાય ?

શરીરનો હઠપૂર્વક ત્યાગ કરવો એ અશકય કાર્ય લાગે છે, પરંતુ બધાં જ દુઃખોને હરી લેનાર શ્રીહરિના સ્વરૂપનો વિચાર કરવો જોઇએ કે સાક્ષાત્ નિત્ય લીલામાં નિત્ય સંયોગ–સુખનું દાન જો પ્રભુ કરવા ઇચ્છે છે તો પછી દુઃખ શાનું ? તેથી કોઇ પણ પ્રકારના મોહની આવશ્યકતા નથી કે પ્રભુ લૌકિક સ્વામીની જેમ રોષે ભરાશે તો શું કરવું ? અથવા ફલદાનમાં પ્રભુ વિલંબ કરશે તો શું થશે ? અથવા દેહ–દેશનો લોકગોચર ત્યાગ કરવાથી પુષ્ટિ જીવનો ઉદ્ધાર કેવી રીતે થશે ? અથવા શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા સુબોધિનીજી સંપૂર્ણ શકય ન થયાં વગેરે વગેરે.

પોતાના આ અંતઃકરણને જાગૃત કરવા માટે ગ્રંથના રૂપમાં રચના કરી શ્રીમહાપ્રભુજીએ એમ જ સ્પષ્ટ કરી દીધું છે કે, પોતાના અંતઃકરણના ઉપદેશને બહાને શ્રીમહાપ્રભુજી સઘળા પુષ્ટિજીવોના અંતઃકરણને સંબોધિત તથા પ્રબોધિત કરવા ઇચ્છે છે, જેમા ભગવાનની સેવા સિવાય કોઇ આધ્યાત્મિક કે આદિદૈવિક ફળ, પ્રયોજન કે કર્તવ્ય પ્રત્યે અધિક આકર્ષણ ઉત્પન્ન થઇ શકે છે. તેથી જ “તત્ર કથામૃતં તપ્તજીવનમ્” પરનાં સુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ વિવેચન કર્યું છે કે, અમૃતની આવશ્યકતા મૃત્યુ આવી પહોંચે ત્યારે છે. બીજી રીતે સ્વતઃ અમૃતપાનની તીવ્ર ઇચ્છા કોઇને પણ નથી હોતી એવી જ રીતે ભગવાનના સ્વરૂપમાં અને ભગવાનની કથામાં પણ ઘનીભૂત રસ અને તરલીભૂત રસના જેવું અંતર હોય છે. નહિ તો રાસમાં ભગવાન તિરોહિત થઇ જતાં તેમને ખોળવા કરતાં ગોપીજનોએ પણ ભાગવત કથાનું આયોજન કર્યું હોત ! “રસપિંડયોરિવ તત્ર કથાયાશ્ચ વિશેષઃ અન્યથા કથાર્થમેવ યત્નઃ કૃતઃ સ્યાત્” આથી જ “સેવાયાં વા કથાયાં વા”માં “સેવા ' અને કથા” મુખ્ય કલ્પ છે જ્યારે ‘સેવા અથવા કથા’ ગૌણ કલ્પ છે.

તેથી બધાય પુષ્ટિજીવોએ ચિંતા રહિત થઇને એ નિશ્ચિત કરી લેવું જોઇએ કે “ભગવતદ્રૂપસેવાર્થ તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્” (પુષ્ટિપ્રવાહમર્યાદા–૧૨) (ભગવાનના સ્વરૂપની સેવા માટે પુષ્ટિ સૃષ્ટિ છે. તે સિવાય તેની ઉત્પત્તિ થઇ ન હોત.) એટલે કે, ભાગવત કથા પણ વાસ્તવિક રીતે ભગવત્સેવાનું અંગ હોય તો તે ઉત્તમ કલ્પ છે, નહિ તો તે ગૌણ કલ્પ કે અનુકલ્પ જ છે. એ રીતે શ્રીમહાપ્રભુજી સેવાના અંગભૂત અંતઃકરણની શુદ્ધિનો પ્રકાર, ભગવાનની સેવામાં અનન્ય રુચિ થવાની પ્રેરણા દ્વારા આ ગ્રંથમાં અંતઃકરણને આપી રહ્યા છે.

ગો. શ્રી શ્યામમનોહરજી

પ્રભુના લાડીલા કમળાબા

શ્રીવલ્લભપદરેણુ

વૈશ્વાનરાવતાર એવા આપણા આચાર્ય શ્રીવલ્લભ મહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રતિ અખંડ ભાવવાળા વૈષ્ણવોની વૈષ્ણવતા (વૈ = વૈશ્વાનર + ષ્ણ = શ્રીકૃષ્ણ + વતા = પ્રતિ ભાવમયતા) એ પુષ્ટિમાર્ગની લાક્ષણિકતા છે. આવી ભાવમયતાવાળા વૈષ્ણવો પર પ્રસન્ન થઇ પ્રભુ તેમને ગોલોકધામમાં વાસ આપે છે. આપણી વચ્ચેથી એ ભલે ચાલ્યા જાય પરંતુ તેમની જાગૃત વૈષ્ણવતાને લીધે આપણે આવા પરમ ભગવદીય વૈષ્ણવોને વિસ્મરી શકતા નથી.

આવા એક ભગવદીય વૈષ્ણવોની જીવન ઝરમર ઝીલી આપણે કૃતાર્થ થઈશું આ છે રાજપીપળાના ગો. વા. પરમ પરમ ભગવદીય કમળાબા તેમનો જન્મ ઇ. સ. ૧૯૦૨ માં ખડાયતા વૈષ્ણવ વણિક કુટુંબમાં થયો હતો. તેઓ રાજપીપળાના દીવાન શ્રી જેકિશનદાસ મહેતા જેવા ધનાઢય પિતાના પુત્રી હતા. બાળપણથી જ તેમને વૈષ્ણવી સંસ્કારો પ્રાપ્ત થયા હતા.

તેમના માતુશ્રી પાર્વતીબા ખરા અર્થમાં ભગવદીય વૈષ્ણવ હતા. તેઓ ધાર્મિક વૃત્તિના અને ખુબ જ સેવાભાવી હતા. એક દીવાનના પત્ની હોવા છતાં તેઓ નિરાભીમાની, પ્રભુ પ્રેમી અને ધર્મની ચાહનાવાળા હતા. પૈસાપાત્ર હોવા છતાં પૈસાનો મદ તેમનામાં જરા પણ પ્રવેશ્યો નહીં હતો. દીનતાનો ગુણ તેમનામાં દીપી ઊઠયો હતો.

તેમનું દીવાનનું ઘર એટલે રાજશાહી ઠાઠમાઠ અને પડયો બોલ ઝીલી લેનારા અનેક નોકર ચાકરો હોવા છતાં પોતાનું બધું જ કામ તેઓ જાતે જ ઉપાડી લેતા. હવેલીએ દર્શન અને સેવા કરવા જવાનો તેમનો નિતનિયમ હતો.

વૃદ્ધાવસ્થાને લીધે પાર્વતીબા થોડો સમય પથારીવશ રહ્યા ત્યારે તેમને સાક્ષાત્ શ્રીયમુનાજી તથા ગોપીજનોના યુથના કમનીય દર્શન થતા. આવા સુભગ સમયે ભાવવિભોર બની તેઓ 'શ્રીયમુનાષ્ટક' અને ધોળ કીર્તન ગાતા. તેમના અંત સમયથી બે દિવસ પહેલાં ગોપીજનોના યુથે પધારી તેમને દર્શન આપેલા. દર્શન આપી તેઓ પાછા પધારી રહ્યા હતા. ત્યારે પાર્વતીબા એ કહ્યું કે હું પણ આપની સાથે આવું છું. ત્યારે ગોપીજનો એ તેમને કહ્યું કે બારસને દિને તું આવજે અને ખરેખર તે જ દિવસે પાર્વતીબા પોતાનો નશ્વર દેહ છોડી શ્રી ગોપીજન વલ્લભના લીલાધામમાં ગોપીજનોની પાસે સિધાર્યા. આવા ભગવદીય વૈષ્ણવના સંબંધીજન પુષ્ટિ પ્રભુ પ્રેમી હોય એમાં આશ્ચર્યને કોઈ સ્થાન નથી. એ બધામાં એમના સંતાન તારાબેને અને કમળાબેને એમના પુષ્ટિ સંસ્કારો સવિશેષ ઝીલ્યા હતા. પ.ભ. તારાબેનની જેમ કમળાબેન પણ વિશેષ પ્રભુ પ્રેમી અને સેવા નિષ્ઠ હતાં પ્રભુના લાડીલા બન્યા.

(૨)

લીલાધર એવા આપણા ઠાકોરજી શ્રીનાથજી પ્રભુની અકળ લીલાનો આપણે પામર લોકો પાર પામી શકીએ નહીં. પ્રભુ

એ જાણે કમળાબેનને જીવનની જંજાળમાંથી મુક્ત કરી પોતાનું કરવાનું ધાર્યું હશે એટલે તેમને પ્રાપ્ત થયેલ એક પુત્ર અને પુત્રીને પણ લઇ લીધાં. તેમના પતિ પણ સંગ્રહણીના રોગનો ભોગ બની છ મહિનાની માંદગી ભોગવી શ્રીજી ચરણ પામ્યા. અઢાર વર્ષની ભર યુવાનીમાં કમળાબેન વિધવા બન્યા.

સંસાર માંડયા પછી ટૂંક સમયમાં પુત્રીનું સૌભાગ્ય ખંડિત થયું. તેથી તેના માતા પિતાને દુઃખ તો થયું પરંતુ પ્રભુ પ્રતિ અટૂલ આસ્થા વાળા પાર્વતીબાએ 'પ્રભુની એવી ઇચ્છા હશે' માની મનોબળ મેળવ્યું. તેમણે પુત્રીને કહ્યું, "કમળ, જે થયું તેમાં આપણા પ્રભુની અકળ લીલા રહેલી છે તેવું માનજે, બેટા, શ્રીનાથજી પ્રભુના ચરણ કમળોમાં. સદા તારું ચિત્ત સ્થિર હો અને તું સેવામય જીવન ગાળે અને સદા શ્રીજીની પ્યારી બની રહે એવા અંતરના આશીષ હું તને આપું છું પુત્રી."

પાર્વતીબાના શીતલ, શાન્ત્વનકારી શબ્દોથી કમળાબેનનાં પરિતપ્ત હૃદયમાં જાણે અમીવર્ષણ થયું. હૃદયને અંધકારમય બનાવનાર તાપ, સંતાપ અદૃશ્ય થયાં અને જાણે કોઇ અલૌકિક પ્રકાશથી તેમનું મન પ્રફુલ્લિત બની રહ્યું. એમને જાણે જીવનની નવી દિશા સાંપડી હરતાં, ફરતાં, ઊઠતાં, બેસતાં તેમને પ્રભુના ચરણકમલના દર્શન થવા લાગ્યાં. તેમનું ચિત્ત શ્રીનાથજીના ચરણકમલમાં સ્થાન પામવા ઝંખી રહ્યું. તેમણે પોતાનું મન નોધારાના આધાર એવા પ્રભુની સેવામાં જોડી દીધું. આથી આસક્તિ છૂટવા માંડી અને પ્રભુમાં અનુરક્તિ વધવા માંડી. એમનું જીવન ભક્તિમય–સેવામય પ્રભુમય બની ગયું.

શ્વસુર પક્ષ તરફથી કમળાબેનને કોઇ સહારો રહ્યો નહીં તેથી તેઓ પિયરમાં રહ્યાં અને સેવામય, ધર્મમય જીવન વીતાવવા લાગ્યા. અહીં ધર્માનુરાગી માતાની છત્રછાયા નીચે તેમનામાં પુષ્ટિ ધર્મના સંસ્કારોનું સિંચન થતું રહ્યું. ષોડશગ્રંથના સ્તોત્રો, શ્રી સર્વોત્તમ સ્તોત્ર અને અનેક ધોળ–પદ અને કીર્તનો તેમણે કંઠસ્થ કર્યા. કોઇ વ્રજવાસી, ભગવદીય વૈષ્ણવજન, પુષ્ટિમાર્ગી શાસ્ત્રીજી કે શ્રીવલ્લભ કુલના બાલક રાજપીપળામાં પધારે ત્યારે પોતાને ત્યાં તેમને પધરાવે, તેમની ભાવભરી સેવા કરે અને જિજ્ઞાસાવૃત્તિ રાખી તેમની પાસેથી પુષ્ટિમાર્ગનું જ્ઞાન મેળવે.

(૩)

કમળાબાએ પ્રભુ સેવા સાથે સાથે માનવ સેવા પણ અપનાવી. ઘરમાં તેમના માતુશ્રી તથા માસીની અને તેમના બાના મામીની સ્નેહપૂર્વક સેવા કરી તેમના આશીર્વાદ મેળવ્યા. પુષ્ટિભક્ત શ્રી નારાયણદાસે શ્રીવિઠ્ઠલ દાસ વૈષ્ણવ પ્રતિ જે અમાનુષી વર્તન કરેલ કરેલ તે બદલ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણની માનવતાને નહીં ભૂલવાની શીખ તેમને સદા સ્મરણમાં રહેતી અને ઘરના બારણે કોઇ અભ્યાગત, સાધુ–સંત કે ભિક્ષુક આવે તો તેઓ તેમનો સત્કાર કરતા અને કદી પણ તેમનો તિરસ્કાર કરતા નહીં. ગાય માતાને ખવડાવ્યા સિવાય તેઓ કોઇ દિવસ પ્રસાદ ગ્રહણ કરતા નહીં.

કમળાબાનું ઘર સદા ય સેવાની સુવાસથી મઘમઘી રહેતું અને કીર્તન ધોળના ગુંજારવથી ભક્તિમય રહેતું તેમને ઘેર નિત્ય સત્સંગ

થતો અને સત્સંગ મંડળના સભ્યો ઉપરાંત બીજા વૈષ્ણવો પણ આવતા અને તેમને પુષ્ટિ માર્ગ વિષે કંઇક નવું જ્ઞાન મેળવ્યાનો આનંદ મળતો. વૈષ્ણવ બહેનો તેમની ભગવદ્દીયતાથી અને તેમના ઘરના પુષ્ટિમય વાતાવરણથી આકર્ષાઇ તેમને ત્યાં જતી અને સત્સંગનો અનેરો લહાવો લેતી. કેટલીકવાર વૈષ્ણવ કુટુંબના બાળકો પણ તેમની પાસે પુષ્ટિ ધર્મના વાર્તા પ્રસંગો અને કીર્તન સાંભળવા આવતા. આ બાળકોમાંથી તેમના ઘરની સામે રહેતા બે વૈષ્ણવ બાળકોને એમણે કીર્તનનું ઘેલું લગાડયું. કીર્તન ગાઈ ગવડાવી તેમનામાં કીર્તન રસ જગાડયો અને તેમની કિશોરાવસ્થાથી મંદિરમાં કીર્તન સેવા કરવા તેમને પ્રેર્યા. કમળાબા તેમની કીર્તન સેવાથી ખુશ ખુશ રહેતા અને તેમણે ગાયેલા કીર્તનોના અર્થ અને ભાવની તેમની સાથે સુંદર છણાવટ કરી તેમને પ્રોત્સાહિત કરતા. આજે પણ આ સુવાનભાઈ શ્રી જનકભાઇ મધુસુદન ગાંધી અને શ્રી પ્રશાંતભાઇ પુષ્પકાંત પરીખ વેપાર ધંધામાં વ્યસ્ત રહેતા હોવા છતાં ભકિત ભાવથી પ્રેરાઇ શ્રીનાથજીના મંદિરમાં દરરોજ કીર્તન સેવાથી શ્રીજીને રીઝવી લાડ લડાવે કમળાબાના જીવનના અંત સમયે પણ આ બંને ભાઇઓએ તેમની સેવા કરી હતી.

શ્રીનાથજીના મંદિરમાં દર્શને જવાનો કમળાબાનો નિતનિયમ હતો. આ નિયમ તેમણે જીવનના અંત સુધી જાળવી રાખ્યો. તેઓ પોતાના ઘરના ઠાકોરજીને તો લાડ લડાવતા જ પણ સાથે સાથે મંદિરમાં શ્રીજીની સેવામાં સદા તત્પર રહેતા, મંદિરમાં તેઓ ફુલની તથા બુહારીની સેવા કાયમ કરતા. ઉત્સવ–મહોત્સવના દિને વહેલી સવારે મંદિરે જઇ મેવા–ટોકરીની સેવા પણ કરતા અને દરેક પ્રકારની સેવા પ્રેમભાવથી કરતા. ઉત્સવોમાં પ્રસંગોચિત સર્વ સામગ્રી શ્રીજીને અર્પણ કરાઇ છે કે નહીં તેની તેઓ ખાસ કાળજી રાખતા.

એકવાર વસંત પંચમીના દિને ઠાકોરજીની સેવામાં બહારના મુખિયાજી હોતાં તેમણે છડી નહીં ધરાવેલ. આ જોઇ કમળા બા તરત જ બોલી ઉઠેલા કે આજે તો ઠાકોરજીને છડી ધરાવ્યા વીના ચાલે જ નહી તત્કાળ દોડધામ કરી છડી ધરાવડાવી. આમાંથી આપણને શીખ મળે છે કે ઠાકોરજીની હર પ્રકારની સુવિધા આપણે જોવી જોઇએ. તેઓ સેવા સામગ્રીની બાબતમાં શ્રીજી પ્રત્યેના સેવાભાવથી પ્રેરાઇ મુખિયાજી તેમજ મંદિરના સંચાલકોને ઝીણામાં ઝીણી વિગતનું માર્ગદર્શન પ્રેમપૂર્વક આપતા. આજે હવે જયારે કમળાબા નથી ત્યારે તેમની ખોટ આ પ્રકારે બધાને આવે છે.

(૪)

કમળાબાએ જીવનમાં ત્રણવાર વ્રજપરિક્રમા કરી હતી. શ્રીનાથજીના સાત સ્વરૂપ સહિત છપ્પન ભોગનું આયોજન થયેલ તે વખતે ત્યાં હાજર રહી તેઓ સેવારત રહ્યા હતા. તેમણે પોતાનું જીવન પ્રભુના સેવાસ્મરણ અને ભકિતમાં વીતાવ્યું. સતત ભગવદ્દનામનું રટણ અને અષ્ટાક્ષર મહામંત્ર –'શ્રીકૃષ્ણઃ શરણં મમ' તેમના હોઠે રમ્યા કરતું એમને અનેકવાર પ્રભુ સાનુભવ જતાવતા. શ્રી દામોદરદાસ હરસાનીજીના ખોળામાં પોઢેલા

શ્રી મહાપ્રભુજી અને તેમની સામે ઠાડા રહેલા શ્રી ગોવર્ધનનાથજીના મનહર સ્વારૂપના તેમને વારંવાર સ્વપ્નમાં દર્શન થતાં શ્રીનાથજીના ચરણકમલના અને શ્રી યમુના મહારાણીજીના દર્શન-સ્વપ્નમાં અનેકવાર પામી તેઓ પોતાને કૃતકૃત્ય માનતા.

કમળાબાએ રાજનગરવાળા ગોસ્વામી શ્રી મધુસુદન લાલજી મહારાજ પાસેથી બ્રહ્મસંબંધ લીધું હતું અને પોતાના ગુરુમાં તેઓ સદા શ્રીહરિનો ભાવ રાખતા. તેમણે શ્રીનાથજીના ચિત્રજી તથા શ્રીયમુનાજીના ચિત્રજીની સેવા પધરાવી હતી, તેમણે જીવનભર પોતાના સેવ્ય ઠાકોરજીની ખૂબ પ્રેમ ભાવથી–આરત ભાવથી સેવા કરી. પાછલી અવસ્થામાં આખરે જ્યારે સેવા પહોંચી વળવાનું મુશ્કેલ જણાયું ત્યારે તેમના શ્રીગુરુદેવના વહુજી મહારાજ પાસે પોતાના ઠાકોરજીને પધરાવ્યા અને ધામધૂમપૂર્વક મનોરથ કરી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવ્યો હતો. એમના બહેનની દીકરી કિશોરીબેન એમને ઘણી મદદ કરતા અને તેમની દરેક ઇચ્છા પાર પાડતા. એમના સત્સંગ મંડળમાં અનેક બહેનો આવતાં પરંતુ તેમાંના મુખ્ય મણિબહેન અને સવિતાબેન શ્રીજીચરણ પામ્યા છે અને કપિલાબેન, સોમલીબેન, વિદ્યાબેન અને અમથીબેન આજે હયાત છે. સત્સંગ મંડળમાં ધોળ કીર્તન, માર્ગીય અને ભગવદ્ સ્મરણ કરતી વખતે તેઓ બધા કમળાબેનનું સ્નેહપુર્વક સ્મરણ કરે છે.

કમળાબા હિંડોળા વિજયના આખરી દર્શન કરી સૌ વૈષ્ણવો, કીર્તન મંડળી અને તેમના સત્સંગ મંડળના સોમલીબેન, કપિલાબેન વગેરે સાથે હવે હીંડોળાના દર્શન બંધ થતાં આપણને બહુ સુનું લાગશે એવી વાત કરી, શ્રીઠાકોરજીની પ્રેમપૂર્વક પરિક્રમા કરી, હૃદયના આરત ભાવથી ઠાકોરજીને અશ્રુસભર નયને દંડવત કરી મોડેથી ઘેર ગયા.

બીજે દિવસે સવારે શરીરે અસુખ જણાતાં હવેલીએ તેઓ દર્શને જઈ શકયા નહીં. એમની સામે અને આજુબાજુ રહેતા વૈષ્ણવોમાંથી શ્રીજનકભાઇ, શ્રીપ્રશાંતભાઇ તથા દમયંતિબેન, નિર્મલબેન અને બીજા વડીલો તેમજ એમની સત્સંગ મંડળીની બેનો એમને ત્યાં ગયા. તેમણે બધાને પ્રેમપૂર્વક ભગવદ્ સ્મરણ કર્યા, પોતાનો અંતસમય નજીક છે એમ તેઓ પામી ગયા હોય તેમ શ્રીજીનું નામસ્મરણ કરવા લાગ્યા અને ‘શ્રીકૃષ્ણ: શરણં મમ’ કહેતાં કહેતાં વિક્રમ સવંત ૧૯૪૧ ના શ્રાવણ માસની વદી ત્રીજના સોમવારે તા. ૨–૯–૧૯૮૫ના દિને શ્રીજીચરણ પામ્યા. હિંડોળાદર્શનનો તેમનો વિરહતાપ અને આરતભાવ જોઇ જાણે શ્રીજીએ તેમને પોતાના લીલાધામમાં બોલાવી લીધા !

કમળાબા લૌકિક સંબંધે કોઇના ન હતા. છતાં રાજપીપળાની પુષ્ટિસૃષ્ટિના વૈષ્ણવોમાં કમળાબા અમારા છે એવી ભાવના હતી અને તેમને પણ વૈષ્ણવો પ્રત્યે અપાર ભાવ હતો.

મધુરાધિપતિ શ્રીનાથજીના ચરણકમલમાં સ્થાન પામનાર પ્રભુના લાડીલા ગો. વા. પરમ ભગવદીય કમળાબાને આપણા સૌ વૈષ્ણવોના અનેકશ: વંદન.

॥ શ્રીવલ્લભઃ ॥

એક પત્ર

લે. પ. ભ. **શ્રી નટવરલાલ મ. શેઠ, અરાદ**

પ્રિય સ્નેહી શ્રીવલ્લભના વ્હાલા વલ્લભીય બંધુ !

શ્રીમહાપ્રભુજીની કૃપાબળે, અનન્ય ભગવદીયો જીવન જીવતા હોય છે. ભગવદ્ સબંધિ કોઈનું કોઈ કાર્ય કરતા રહેવું એ આપણું શ્રેષ્ઠ પ્રથમ કર્તવ્ય છે. ભગવદ્ સંબંધી કાર્યને ભગવદીય ભાવના કહી શકાય છે. આપણા સંબંધના અનેક કાર્ય આપણે હરરોજ કરીયે જ છીએ ને? એ થઇ ગૃહસ્થિ ભાવના. શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમ ધર્મનો આદર કર્યો છે અને ભગવદ્ ધર્મને મોખરે બતાવ્યો છે. લૌકિક વૈદિક કાર્યો દેખાવ પૂરતાં આસક્તિ વગર કરવાં. ભગવદ્ કાર્ય ચિત્ત દઈને કરવા એ આપણો ધર્મ છે, આપણી ફરજ છે. એમ સમજી અવશ્ય કરતા રહેવું.

પ્યારા ! વલ્લભીય ભાઇ ! આપણો માર્ગ નિઃસાધન જીવો, જે અંગીકૃત જીવો ભુતલ પર ભટકી રહ્યા છે, એવા જીવો માટે વિના સાધનનો માર્ગ આપણા શ્રીવલ્લભાધીશ પ્રભુએ બતાવ્યો છે. “સાચા સ્નેહી નંદકુમાર” એક માત્ર એ સાચા સ્નેહી છે.

મહાપ્રભુ પૂર્ણ બ્રહ્મ શ્રીવિઠ્ઠલેશ પ્રભુ પુરૂષોત્તમ છે, યે હી હમારે શ્રીનાથજી શ્રીમહાપ્રભુજીના સંબંધવાળુ સ્વરૂપ સેવનીય છે. એ પુષ્ટિ પુરૂષોત્તમ છે. શ્રીમહાપ્રભુજી વિઠ્ઠલેશ પ્રભુ મહોદાર છે. પરમ કૃપાળુ પરમ ઉદાર છે. આનંદનિધિ, રસનિધિ, કલાનિધિ બીજ વસ્તુ છે પૂર્ણાનંદ, પૂર્ણ કામ છે. જીવો ઉપર અને તેમાંયે નિજજન ઉપર પોતે કૃપા વૃષ્ટિ વરસાવી રહ્યા છે. અનન્ય જીવો આજેય એનો અનુભવ કરી રહ્યા છે.

અનેક જન્મોના ભટકારા બાદ કરુણાનિધિએ આપણા ઉપર કેટલો બધો સ્નેહ વરસાવ્યો છે ? આપણો માર્ગ સ્નેહ માર્ગ પ્રેમ માર્ગ છે. વલ્લભ સૃષ્ટિના જીવો અભય છે, એ વાત નિર્વિવાદ છે. ફક્ત અનન્ય બની ચિત્તને આપણા આ પ્રેમનિધિ, રસનિધિ, કૃપાનિધિમાં જોડવાનું છે.

કોઇ સ્નેહી એવો નથી જે શ્રીહરિની તૂલના કરી શકે. વ્હાલા ! આપણા દોષો, અવગુણો, અપરાધો સામું જોયા વિના આ અજાણ્યા પરદેશમાં જન્મ આપીને પોષણ–રક્ષણ કોણ કરે ? આપણા ઉપર એ મહોદાર સ્વામીને કેટલું બધું વ્હાલ છે. આપણા માટે કેટલો બધો પરિશ્રમ ઉઠાવ્યો છે એ સમર્થ સ્વામિએ ! કેટલા બધા ઉપકાર કર્યા છે આપણા ઉપર !

ક્યાં જઇશું ? ક્યાં ઠરીશું ? આવા સુખસિંધુને ત્યજીને ?

સાચા સ્નેહી, પ્રાણાધાર પ્રાણેશને આપણા કોટિ કોટિ પ્રણામ.

દોહરો

અષ્ટ પ્રહર ઉદાસ જે, સત્સંગે જ ઉમંગ;
ચાતક ચકવા ચતુરનર, તૂજ ધીરજને રંગ.
કૃષ્ણ સ્મરણમાં રાચતા, ખેલે જિવન જંગ;
‘નટવર’ પરખે કો’કજન, સાચા જનનો રંગ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)

પદ ૩૭ મું

(ગતાંકથી ચલુ)

શ્રીયમુને કે સાથ અબ ફિરત હેં નાથ.
ભકત કે મન કે, મનોરથ પૂરન કરત,
કહાં લોં કહિયે જુ ઇન કે ગાથ. ૧

વિવિધ શૃંગાર આભૂષણ પહેરેં,
અંગ-અંગ શોભા, બરની ન જાત,
'દાસ પરમાનંદ', પાયે અબ બ્રજચંદ,
રાખે અમને શરન, બહે જુ જાત. ૨

અર્થ-પ્રાણનાથ શ્રીનાથજી શ્રીયમુનાજીની સાથે નિરતર વિચરણ કરે છે. શ્રીનાથજી ભકતોના મનોરથ પૂરણ કરે છે. શ્રીમહારાણીજીની આવી અતુલનિય કૃપાનું વર્ણન કયાં સુધી કરૂં ? ૧

શ્રીયમુનાજી વિવિધ પ્રકારના આભૂષણો ધારણ કરે છે, આપના અલૌકિક સૌંદર્યનું વર્ણન કોણ કરી શકે? પરમાનંદદાસજી કહે છે શ્રીયમુનાજીની કૃપાથી જ મને વ્રજચંદ મળ્યા છે. મારી માફક અનેક જીવોને શરણે લઈ શ્રીમહારાણીજીયે સંસાર સાગરમાંથી વહિ જાતા બચાવ્યા છે. ૨

વિવેચન-શ્રીયમુનાજી નિરંતર શ્રીઠાકોરજીની સાથે જ વિચરે છે, તે પોતાના સુખને માટે નહીં પરંતુ અનેક પ્રકારના ભકતોને સુખ આપવા માટે આપ શ્રીઠાકોરજીને વિનંતિ કરતા રહે છે જેથી શ્રીનાથજી પણ શ્રીયમુનાજી પ્રત્યેના સ્નેહને લીધે ભકતોના દરેક મનોરથો પૂર્ણ કરે છે. બલિહારી શ્રીમહારાણીજીની આવી અતુલનિય કૃપાની કેટલી વાત કરૂં ?

શ્રીયમુનાજી ષોડશ શૃંગાર ધારણ કરે છે. જેની શોભા અપરંપાર છે.

જે કૃપાળુ હોય તે અન્યના દુઃખો જોઇ શકતા નથી. શ્રીયમુનાજી એટલે કૃપાનું પ્રગટ સ્વરૂપ.

સંસારમાં જીવો ત્રિવિધ તાપથી સળગી રહ્યા છે. શાશ્વત શાંતિ માત્ર પ્રભુના શરણમાં જ મળે છે. પરતુ જીવને કોઇ માર્ગદર્શક મળતું નથી તેથી દુખી થાય છે.

કેટલાક જીવો કર્મકાંડમાં આસકિત રાખી અનેક પ્રકારના સાધનો કરે છે. પરંતુ દોષથી ભરેલા આ કળી કાળમાં કોઇ સાધન સિદ્ધ થતા નથી કદાચ બહુ જ પરિશ્રમથી કોઇ સાધન સિદ્ધ થાય તો પણ અલ્પ લાભ આપે છે. ક્ષણિક સુખ આપે છે. કયાંય શાંતિ મળતી નથી.

ત્યારે દૈવીજીવોની વ્યથાનો પાર નથી કર્મકાંડમાં એને આસકિત નથી. પ્રભુ પ્રાપ્તિ માટે કોઇ માર્ગદર્શક નથી શ્રીયમુનાજી ભકતનું આ દુઃખ જોઇ શકયા નહિ એટલે શ્રીઠાકોરજીની આજ્ઞાથી જેમ શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા તેમ સર્વ પ્રથમ શ્રીયમુનાજી પણ પધાર્યા છે.

શ્રીયમુનાજી પરમ ભગવદીય છે. ભગવદીયનું હૃદય નવનિત (માખણ) સમાન કોમળ હોય છે. તેમ કહેવામાં આવ્યું છે. પરંતુ તે બરોબર નથી. માખણ તો જ્યારે પોતાને તાપ લાગે ત્યારે પિગળે છે. પરંતુ ભગવદીય તો અન્યના તાપથી દુઃખથી દ્રવી જાય છે. શ્રીયમુનાજી આવા દયાળુ છે. સુંદર શૃંગાર અને સેવા દ્વારા શ્રીઠાકોરજીને પ્રસન્ન કરે છે, ત્યારે શ્રીઠાકોરજી જીવો પ્રત્યે કૃપા વિચારી શ્રી વલ્લભકૂળ દ્વારા અંગીકાર કરી અલૌકિક લીલા–રસનો અનુભવ કરાવે છે.

એટલે પરમાનંદજી કહે છે કે મને વ્રજચંદ્ર મળ્યા છે તે શ્રીયમુનાજીની કૃપાનું ફળ છે.

સોરઠો–શ્રીકૃષ્ણ સંગાથે સદા બિરાજો, શોભા અપરંપાર; ભકત મનોરથ પૂનર કરતા, 'મા' જીવનના આધાર.

–ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

"શ્રીવલ્લભ તવાસ્મિ"

લેખક : **પ્રો. જીવનલાલ જોશી**

(ઢાળ : તાલીઓના તાલે, પગને ઠેકે,
હીંચ લેતા લેતાં ગાઇ શકાય છે.)

(૧)

શ્રીયમુનાજી બોલે, શ્રીગોવર્ધન બોલે: શ્રીવલ્લભ તવાસ્મિ
શ્રીયમુનાજી બોલે, રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧.
શ્રીયમુનાજીનાં તટ બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨.
શ્રીયમુનાજીનાં ઘાટ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૩.
શ્રીયમુનાજીનાં પનઘટ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૪.
શ્રીયમુનાજીનાં પગથાર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૫.
શ્રીયમુનાજીનાં કમલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૬.
શ્રીયમુનાજીની લહેરો બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૭.
શ્રીયમુનાજીની જલકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૮.
શ્રીયમુનાજીની રજકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૯.
શ્રીયમુનાજીનાં જલચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૦.

શ્રીયમુનાજીનાં વનચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૧.
શ્રીયમુનાજીનાં સચરાચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૨.
શ્રીયમુનાજીનાં પક્ષીઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૩.
શ્રીયમુનાજીનાં પશુઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૪.
શ્રીયમુનાજીનાં ભ્રમરા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૫.
શ્રીયમુનાજીનાં આરા બોલે, શ્રીવલ્લભ તવાસ્મિ ૧૬.
સ્વયં શ્રીયમુનાજી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૭.
કૃષ્ણનાં ચતુર્થ પ્રિયા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૮.
શ્રીયમુનાજીનાં યમુનાજી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૯.
સ્વયં દ્રવીભૂત સ્વરૂપ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૦.
સ્વયં ઘનીભૂત સ્વરૂપ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૧.
શ્રીયમુનાજીના વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૨.
શ્રીયમુનાજી મહારાણીજી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૩.
અજા ગાવો મહિષી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૪.
શુક મયૂર હંસાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૫.
માટે, તમે બોલો રે બોલો ભાઈ; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૬.
શ્રીવલ્લભી વૈષ્ણવજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૭.
મહાનુભાવી તાદૃશીજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૮.
ઠકુરાણી ઘાટે નિજજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૯.
ગોવિંદ ઘાટે વ્રજજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૦.
વિશ્રામ ઘાટે પ્રિયજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૧.
વિશ્રાંત ઘાટે પ્રેમીજન બોલો; શ્રીવલ્લભ તસ્વામિ ૩૨.
શ્રીવલ્લભ ઘાટે ગોપીજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૩.
ઘાટે રે ઘાટે તમે સૌ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૪.
જ્યાં ત્યાં બોલો રે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૫.
જયત–ત્યમ, બોલો રે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૬.
ભક્તજનના સથવારે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૭.

સખીજનના સાથમાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૮.
ગોપીજનના વલ્લભ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૯.
ગોપીજનના વહાલાં બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૦.
ગોપીજનના નાથ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૧.
શ્રીવલ્લભીજનના વલ્લભ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૨.
વ્રજજનના વ્રજપતિ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૩.
માટે, તમે સૌ બોલો રે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૪.
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૫.

[૨]

શ્રીયમુનાજી બોલે, શ્રી ગોવર્ધન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧.
શ્રીગોવર્ધન બોલે, ગો-વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨.
શ્રીગોવર્ધનના ગોવર્ધન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૩.
શ્રીગોવર્ધનના વલ્લભ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૪.
શ્રીગોવર્ધનનાં શિખર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૫.
શ્રીગોવર્ધનનાં રજકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૬.
શ્રીગોવર્ધનનાં ઝરણાં બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૭.
શ્રીગોવર્ધનનાં જલકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૮.
શ્રીગોવર્ધનનાં પશુઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૯.
અજા, ગાવો, મહિષી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૦.
શ્રીગોવર્ધનનાં પક્ષીઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૧.
શુક, મયુર, હંસાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૨.
શ્રીગોવર્ધનનાં સચરાચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૩.
શ્રીગોવર્ધનનાં કંદ-મૂળ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૪.
શ્રીગોવર્ધનનાં ફલ-ફુલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૫.
શ્રીગોવર્ધનનાં વૃક્ષ-લત્તા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૬.
શ્રીગોવર્ધનનાં 'પુષ્પિત ક્યારા' બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૭.
શ્રીગોવર્ધનનાં 'ફલિત-ક્યારા' બોલે; શ્રીવલ્વભ તવાસ્મિ ૧૮.

શ્રીગોવર્ધનનાં 'સઘન-કંદરા' બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૧૯.
શ્રીગોવર્ધનનાં સૃષ્ટિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૦.
શ્રીગોવર્ધનનો સાંવરો બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૧.
શ્રીગોવર્ધનવાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૨.
હરિદાસ બોલે, ગિરિરાજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૩.
માટે બોલો, તમે સૌ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૪.
માટે બોલો, વૈષ્ણવજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૫.
શ્રીવલ્લભનો પરિવાર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૬.
શ્રીવલ્લભનો પરિકર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૭.
શ્રીવલ્લભનો ઉપરકર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૮.
શ્રીવલ્લભના પ્યારા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૨૯.
શ્રીવલ્લભના વલ્લભ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૦.
શ્રીવલ્લભના વલ્લવ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૧.
શ્રીવલ્લભના પ્રીતમ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૨.
પુષ્ટિ-સૃષ્ટિ અગ્રેશ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૩.
પુષ્ટિમાર્ગના પારસમણિ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૪.
સૂરદાસાદિ અષ્ટ સખા બોલો: શ્રીવલ્લભ તવાસ્મિ ૩૫.
ચોરાશી-બસો ને બાવન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૬.
શ્રીવલ્લભના દાસાનુદાસ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૭.
શ્રીકૃષ્ણના દાસાનુદાસ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૩૮.
પરમાનંદના દાસાનુદાસ બોલો: શ્રીવલ્લભ તવાસ્મિ ૩૯.
પુષ્ટિ-સૃષ્ટિનાં જીવન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૦.
પુષ્ટિ-સૃષ્ટિનાં રતન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૧.
હંસા, હરખા ને હીરા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૨.
યુગલ સ્વરૂપની મધ્યા બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૩.
શ્યામા-શ્યામના મંજરી બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ ૪૪.
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ ૪૫.

શ્રીહરિરાયજી મહાપ્રભુવિરચીત

શ્રીવલ્લભ પંચાક્ષર સ્તોત્રમ્

(અનુષ્ટુપ)

શ્રીવલ્લવીવલ્લભાસ્ય, વિયોગાગ્ને કૃપાકર ।
અલૌકિક નિજાનન્દ, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૧।।

હે શ્રી ગોપીજન વલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીના મુખારવિંદરૂપ, વિયોગાગ્નિરૂપ, હે કૃપા કરનારા અને અલૌકિક નિજ આનંદવાળા શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૧

કૃષ્ણાધરસુધાગાર, ભરિતાવયવાવૃત ।
શ્રીભાગવતભાવાબ્ધે, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૨।।

શ્રીકૃષ્ણચન્દ્રજીની અધરસુધાના ધામથી ભરપૂર એવા નિજ અંગોથી આવૃત અને શ્રીમદ્ ભાગવત્‌ના તત્ત્વના મહા સાગરરૂપ હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૨

ભાવાત્મકસ્વરુપાર્તિ, ભાવસેવા પ્રદર્શક ।
ભાવવલ્લભપાદાબ્જ, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૩।।

ભાવાત્મક જે પ્રભુ, તેમની આર્તિભાવ (તાપકલેશ) થી જે સેવા, તે બતાવનારા તે ભાવને કારણે જ જેનાં ચરણકમળ વહાલાં બને છે, તેવા હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૩

કરુણાચુતદૃક્પ્રાન્ત, પાતપાતકનાશક ।
નિઃસાધનજનાધીશ, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૪।।

કરૂણાવાળાં નેત્રોના અંત ભાગથી દષ્ટિ કરતાં જ પાપોનો નાશ કરનારા અને નિઃસાધન જનોનાં સ્વામી હે શ્રીવલ્લભાધીશ! હું આપનો છું. ૪

મધુરાસ્યાતિમધુર, દૃગન્ત મધુરાધર ।
સ્વરૂપમ મધુરાકાર, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૫।।

હે મધુર મુખવાળા! હે મધુર નેત્રોનાં અંત ભાગવાળાં! હે મધુર અધરવાળા! અને મધુર સ્વરૂપવાળા શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છું. ૫

દીનતા માત્ર સન્તુષ્ટ, દીનતા માર્ગ બોધકઃ ।
દીનતાપૂર્ણ હૃદય, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૬।।

માત્ર દીનતાથી સંતોષ પામેલા, દીનતાના માર્ગનો બોધ કરનારા અને દીનતાથી પૂર્ણ હૃદયવાળા શ્રીવલ્લભાચર્યજી! હું આપનો છું. ૬

અંગીકૃતકૃતાનેકા, પરાધવિહિતિક્ષમ ।
ગૃહીતહસ્તનિર્વાહ, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ ।।૭।।

જે ભકતોને આપે આપના કર્યા છે, તેવા ભકતોનાં અનેક અપરાધોનો નાશ કરવાને શાકતવાળા અને તેવા ભકતોનાં યોગક્ષેમ વહાવનારા હે શ્રીવલ્લભાચાર્યજી ! હું આપનો છું ૭

અશેષહરિદાસૈક, સેવિતસ્વપદામ્બુજ !
અદેયફલદાનાર્થં, શ્રીવલ્લભ તવાસ્મ્યહમ્ ।।૮।।

ન આપી શકાય તેવા દાનને માટે સંપૂર્ણ ભાવે હરિદાસો માત્રથી જેમનાં ચરણ કમલની સેવા કરવામાં આવી છે, તેવા હે શ્રી વલ્લભાચાર્યજી ! હું આપનો છું. ૮

ઇતિ શ્રીહરિદાસોક્તં શ્રીવલ્લભ પંચાક્ષર સ્તોત્રં સંપૂર્ણમ્ ।

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૧ તા. ૮-૯-૮૭ મંગળવાર મુંબઇ શ્રીલાડુ બેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદજીનો પટોત્સવ કાશીમાં શ્રીમુકુન્દરાયજીનો પાટોત્સવ આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજયા દસમી સુધી બોલાય

ભાદરવા વદ ૫ તા. ૧૨-૯-૮૭ શનિવાર શ્રીહરિરાયજીનો જન્મોત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૧૫-૯-૮૭ મંગળવાર શ્રીમહાંપ્રભુજીના પૌત્ર શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૧૧ તા. ૧૮-૯-૮૭ શુક્રવાર ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૧૯-૯-૮૭ શનિવાર શ્રીમહાપ્રભુજીના મોટા પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૫૭)

ભાદરવા વદ ૧૩ તા. ૨૦-૯-૮૭ રવિવાર શ્રીગુસાંઇજીના ત્રીજા લાલ શ્રીબાલકૃષ્ણલાલજીનો ઉત્સવ (સં. ૧૬૦૬)

ભાદરવા વદ ૧૪ તા. ૨૨-૯-૮૭ મંગળવાર સર્વ પિત્રી દર્શ અમાવાસ્યા સર્વ પિતૃ શ્રાદ્ધ.

ભાદરવા વદ અમાસ તા. ૨૩-૯-૮૭ બુધવાર કોટની આરતિ સાંઝીની સમાપ્તિ અસ્તોદિત સૂર્ય ગ્રહણ.

આસો સુદ ૧ તા. ૨૪-૯-૮૭ ગુરૂવાર નવરાત્ર આરંભ, જવારા વાવવા ચંદ્રદર્શન રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા નવવિલાસ રાસ પંચાધ્યાયી ભોગનો ટેરો આવ્યા પછી તથા સેન ભોગ વખતે બોલાય.

આસો સુદ ૧૦ તા. ૨-૧૦-૮૭ શુક્રવાર વિજયા દશમી, અંકુરાર્પણ,

આસો સુદ ૧૧ તા. ૩-૧૦-૮૭ શનિવાર પાશા કુશા એકાદશી વ્રત.

આસો સુદ ૧૬ તા. ૫-૧૦-૮૭ સોમવાર શ્રીબાલકૃષ્ણજીનો પાટોત્સવ (સુરત)

આસો સુદ ૧૪ તા. ૬-૧૦-૮૭ મંગળવાર શરદ પૂર્ણિમા, રાસોત્સવ ફલાત્મક મહારાત્રિ.

આસો સુદ ૧૫ તા. ૭-૧૦-૮૭ બુધવાર શ્રીરણછોડજી (ડાકોર)નો મેળો કાર્તિક સ્નાન શ્રીગોકુલચંદ્રમાજીના ઘરમા રાસોત્સવ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધરમ્બોલા)

ગતાંકથી ચાલુ

શ્રીકૃષ્ણદેવ રાજા પોતે સંસ્કૃતનો મહાન વિદ્વાન કવિ પંડિત રણધીર જેના ત્રણ કાવ્યો અત્યારે સંસ્કૃતમાં ઉપલબ્ધ છે. તે રાજાએ વિચાર્યું કે સર્વ ભારતના આચાર્યો વિદ્વાનોને વિજયનગરમાં પધરાવી મહાન શાસ્ત્રાર્થ સર્વ નિર્ણયરૂપ થયા પછી મને યોગ્ય લાગે તેની દીક્ષા લઇશ, આવા હેતુથી શ્રીકૃષ્ણદેવ રાજાએ આખાએ ભારતના આચાર્યો, સાધારણ–મહાન કોઇ પણ વ્યક્તિ ધર્મ સંબંધી ચર્ચા કરનારને વિજયનગરમાં વાહનમાન સાથે નિમંત્રણ મોકલ્યા. રાજયના મુખ્ય મેદાનમાં સગવડો સાથે સભા ભરી શાસ્ત્રાર્થ શરૂ કરાવ્યો. તેમાં નિયમ કર્યો કે પાંચ કલાક લેખિત શાસ્ત્રાર્થ અને એક કલાક મૌખિક ખુલાસા. એ નિયમના પાલન સાથે શાસ્ત્રાર્થ શરૂ થયો.

વિજયનગરનું વર્ણન

ચૌપાઇ–રાધેશ્યામ તર્જ

વહ નગર તુંગભદ્રા નદી કે, દક્ષિણ વિભાગ પર આયાથા.
થી આઠ કોસકી લંબાઈ, ચૌડાઇ પાંચકી પાયાથા
કિષ્કિંધા નગરી વાલીકી, વહિં પર નગર બસાયાથા
પંપાસરવર કે નિકટ નગર, સબવિધ સુન્દરતા પાયાથા
થે નગર નિવાસી તીસલાખ, ઉમરાવ ધનિક બીરબલધારી

વિનય-પદ

સબ તજિ ભજિએ નંદકુમાર ।
ઔર ભજે તૌ કામ સરૈ નહિં, મિટૈ ન ભવ-જંજાર ।।
જિહિં જિહિં જોનિ જન્મ ધાર્યો, બહુ જાર્યો અધકો ભાર .
તિહિં કાટન કૌં સમરથ હરિ કૌ તીછન નામ-કુઠાર ।।
વેદ, પુરાન, ભાગવત, ગીતા સબ કૌ યહ મત સાર ।
ભવ-સમુદ્ર હરિ-પદ નૌકા બિનુ, કોઉ ન ઉતારૈ પાર ।।
યહ જિય જાનિ ઇહીં છિન ભજિ, દિન બીતે જાત અસાર ।
'સૂર' પાઇ યહ સમૈ લાહુ લહિ, દુર્લભ ફિરિ સંસાર ।।

ભાવાર્થ – આ પદમાં અનન્ય ભકિતનું પ્રતિપાદન કરતાં શ્રી સૂરદાસજી પોતાના મનને સંબોધન કરતા કહે છે કે તું બધાનો મોહ છોડી નંદજીના પુત્ર શ્રી કૃષ્ણનું ભજન કર. બીજા કોઇના પણ ભજન કરવાથી કામ નહિ ચાલે અને સંસારની જાળમાંથી છુટકારો. નહિ મળે. તેં જે જે યોનિમાં જન્મ લીધો ત્યાં ત્યાં તેં પાપોનો બહુ જ ભાર ભેળો કર્યો. પાપો ને તે ભાર કાપવા માટે ભગવાનના નામ રુપ તેજ ધારવાળો કુહાડો જ સમર્થ છે.

વેદ, પુરાણ, ભાગવત, ગીતા આદિ બધાં શાસ્ત્રોના મતોનો એજ નિચોડ છે કે ભગવાનના ચરણ રુપી નાવ વિના સંસાર સાગરથી કોઇ પાર નથી ઉતારી શકતા, એમ સમજી અત્યારથી જ ભગવાન શ્રી કૃષ્ણના ભજનનો આરંભ કરી દે તારા જીવનના દિવસો વ્યર્થ વિતી રહ્યા છે. આ સમય (મનુષ્ય-જીવન) મેળવીને લાભ ઉઠાવી લે, નહિ તો સંસારમાં આવો સારો અવસર પાછો દુર્લભ થઇ જશે.

ટીકાકાર – શ્રી શિવ પ્રસાદ અગ્રવાલ

[સૂર પદાવલીમાંથી સાભાર]

વિદ્વાન વિવિધ શિલ્પીસજજન, કઈ ગાયક નૃત્ય કલાકારી
શ્રીકૃષ્ણદેવ નૃપ રાજ કરત, શુભ ધરમ કરમ કૃત વીર બડા
થા પાન્ડુવંશમે પ્રકટ રાવ, કવિ પંડિત પુનિ રણધીર બડા
અધિકાર પાય દક્ષિણ દિશિપર, ઇન પ્રતાપ લખ અરિ ડરતે થે
ઇન નિકટ બસત વહ નૃપતસભી, નિજરક્ષાહિત કર ભરતે થે
સોહત વિશાલ આકાશ ભવન, માનહુ સુરપુરી સુહાતીથી
પૈંઠોર ઠોર બાટિકા કુંડ ચૌક, પથ કુસુમ બેલિ તરુ પાંતીથી
થે ધર્મ પ્રેમી અતિ નેમીજન, નિજ ઇચ્છિત સબ સુખ પાતે થે
થા પ્રેમ પરસ્પર નૃપત પ્રજા, ચહું લોગ રાવગુન ગાતે થે
રક્ષાહિત ગ્યારહ લાખ સૈન્ય, ગજ સહસ પાંચ થે સ્વાર જહાં
નૌકાદલ પૈદલ કુશલ સૈન્ય, થે બીસ સહસ્ર હય સ્વાર તહાં
ઉમરાવ સચિવ આજ્ઞાકારી, સૈનિક નાયક જન હિતકારી
તન મનસે ચાહત દેશ કુશલ, ઇક ઇકસે બઢકર ઉપકારી
આવત કઇ નૃપત સમીપ સુજન, સત્કાર રાવસે પાતે થે
લખ ધર્મ ધૈર્ય નૃપ પ્રજા પ્રેમ, ગુણવન્ત નૃપત ગુણ ગાતે થે
નગરી મેં મંદિર ચાર સહસ્ર, પૂજાભી વિધિ સહ હોતીથી
ચહુ યજન ભજન અતિ દાન માન, માન હું ચહું બિપદા સોતીથી ક્રમશઃ

સમાચાર

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે તેમજ ગો. શ્રી વલ્લભરાયજી (સુરત) દ્વારા આયોજીત કારીરી યજ્ઞ અનુષ્ઠાનમાં મંડપમાં વૈષ્ણવ પરિષદ દ્વારા રાજકોટ જીલ્લાના વૈષ્ણવોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનને સંબોધતા ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીએ જણાવ્યું કે, ભગવદ પ્રેમ દ્વારા સૌજન્યતા પ્રાપ્ત કરવાનું વિશ્વમાં શ્રી મહાપ્રભુજીનો સંદેશો પહોંચાડનાર આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ છે. જો આપણી જાતને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ માનતા હોઈએ તો આપણે વૈષ્ણવ પરિષદના સભ્ય થવું જોઈએ. અને હાલની પરિસ્થિતમાં દુષ્કાળ પીડીતોને તથા મુંગા પ્રાણીઓને સહાયરૂપ થવા તત્પર બનવું જોઈએ.

આ સંમેલનમાં ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રીએ પંચસુત્રી કાર્યક્રમ-ધર્મસંસ્કાર શિબિર ગૌ સંવર્ધન અને દુષ્કાળ સેવા જેવી વિવિધ પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો.

શ્રી હસુભાઈ ખખ્ખરે રાજકોટ શાખાનો ગતવર્ષનો અહેવાલ રજુ કર્યો હતો.

શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ દુષ્કાળ રાહત અંગે ઠરાવ રજુ કર્યો હતો. જેને તાલુકાઓમાંથી આવેલ પ્રતિનિધિઓએ સમર્થન આપ્યું હતું.

આભાર દર્શન ઠરાવ ગુજરાત પ્રદેશના કોષાધ્યક્ષ શ્રી ગોપાલભાઈ શાહે રજુ કર્યો હતો.

આ ઉપરાંત કેન્દ્રના મહામંત્રી શ્રી નિરંજન શાસ્ત્રી મુંબઈના શ્રી જીતુભાઈ શાસ્ત્રીએ વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બીરદાવી.

સ્વાગત પ્રવચન તથા મહેમાનોનું સ્વાગત રાજકોટ શાખાના પ્રમુખશ્રી કાંતિભાઈ રાધનપુરાએ કર્યું. કાર્યક્રમનું સંચાલન અને હર્ષ શ્રી હસમુખભાઈ ખખ્ખરે વ્યકત કર્યો હતો.

અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા દર વર્ષની આ વર્ષની પરીક્ષાઓ ૧ અને ૨ ઓગસ્ટના રોજ થઈ ગઈ છે. પરંતુ પુસ્તકો ન હોવાથી વધારાની પરીક્ષા જાન્યુ. ૧૯૮૮ માં ફરી થશે. તે પહેલાં આજથી જ જાન્યુ. ૧૯૮૮ ના ફોર્મ સ્વીકારી શકાશે. આ માટે તમારા ગામમાં નીચેના સરનામાએ પત્ર વ્યવહાર કરો.

શ્રી મધુસુદન શાસ્ત્રીજી
બંગલા નં. ૩, દ્વારકાધીશ સોસાયટી,
પાલનપુર પાટીયા બસ સ્ટેન્ડ પાસે
રાંદેર રોડ, સુરત ૩૯૫૦૦૯

રાજકોટ :– આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તેમજ સરગમ સ્પોર્ટ્સ એન્ડ રીક્રીએશન ક્લબ આયોજીત શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે ત્રિકોણ બાગ પાસે, શ્રી બાલકૃષ્ણની વિરાટ ચિત્રકૃતી ૪૦ ફુટ ઉંચી તેમજ ૨૭ ફુટ પહોળી એ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ ગુજરાતમાં આ પ્રથમ પ્રયોગ હતો.

માખણ ખાતા શ્રી બાલકૃષ્ણનું સ્વરૂપ કલાકારો એ અતિ સુંદર બનાવેલ હસુભાઈ ગજ્જર, રાજુ જાડેજા કાંતી ખારેચા તેમજ રવિએ આઠ દિવસ અને રાત્રિની જહેનત બાદ સુંદર ભાવાત્મક ચિત્ર બનાવેલ.

તા. ૧૪–૮ થી ૧૭–૮ દરમ્યાન રાજકોટ શહેર તેમજ મેળો માણવા આવેલ બહારના મળી પાંચેક લાખ લોકોએ કૃષ્ણ દર્શનનો લાભ લઈ ભાવ વિભોર બનેલ.

ગો. શ્રી વલ્લભરાયજી મહોદય (ષષ્ઠપીઠ સુરત) તેમજ ગો. શ્રી ગોપાલલાલ મહોદય (સપ્તમપીઠ કામવન) વાળા એ પધારી આશીર્વચન આપેલ.

જન્માષ્ઠમીને દિને સવારે રાજકોટનાં મેયર તેમજ ધારાસભ્ય શ્રી વજુભાઈ વાળા એ આ વિરાટ ચિત્રકૃતીને ૨૮ ફુટ લાંબો ૬ ઈંચ પહોળો એવો વિશાળ ફુલહાર ચડાવેલ. રાત્રે ૯ કલાકે રજપૂત પરા યુવક મંડળની રથયાત્રા સદર સ્થળે આવેલ અને ભવ્ય નંદ મહોત્સવ ઉજવેલા તેમજ ૨૦ ફુટ ઉંચે બાંધેલ મટકી રજપૂત પરા યુવક મંડળના યુવકો એ પીરામીડ રચી મટકી ફોડેલ.

રાત્રે ૧૦–૪૫ થી ૧૨ દરમ્યાન ચાલુ વરસાદે રાજકોટના યુવાનોએ ગોપાલ કૃષ્ણ રાધેકૃષ્ણ તેમજ નંદઘેર આનંદ ભયો જય કનૈયાલાલકી ની સતત ધુન બોલાવી વાતાવરણ શ્રીકૃષ્ણ ભકિતમય બનાવી દીધેલ.

તા. ૧૪–૮ થી ૧૬–૮ દરમ્યાન શ્રી બાલકૃષ્ણની ચિત્રકૃતીની બન્ને સાઈડમાં જલ સેવાના કેન્દ્રો ઉભા કરવામાં આવેલ. જે કેન્દ્રોનો સવારે ૮–૦૦ થી રાત્રીના ૨–૦૦ સુધી સતત લોકો લાભ લેતા હતા.

શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવનો ઉત્સવ સફળ બનાવવા સર્વ શ્રી પ્રવિણભાઈ ડેલાવાળા, અશોકભાઈ વ્યાસ, દિનેશ પરમાર, રમેશ ટેકવાણી, ભુદરભાઈ પટેલ, પ્રકાશ જેઠાણી, હસુભાઈ ગજ્જર, તેમજ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ,–સરગમ સ્પોર્ટ્સ એન્ડ રીક્રીએશન ક્લબ તેમજ સરગમ લેડીઝ ક્લબના સભ્યોએ ભારે જહેમત ઉઠાવેલ.

ગોધરા – આં રા. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ કારોબારી તથા કાર્યકરોની મીટીંગ તા. ૨૬–૭–૮૭ ને રવિવાર ના રોજ ગોધરા મુકામે પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (સુરત) ની નિશ્રા તથા અનેક કાર્યકરોની ઉપસ્થિતિ માં શ્રીમાળી વાડીમાં મળી હતી. તેમાં ધ્વજ વંદન પ્રમુખશ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠના વરદ હસ્તે થયુ સ્વાગત પ્રવચન ગોધરા શાખાના તથા પંચમહાલ જીલ્લાના પ્રમુખ શ્રી બાબુભાઈ ગાંધીએ કર્યું હતું. કોષાધ્યક્ષ શ્રી ગોપાલભાઈ શાહે સને ૧૯૮૬–૮૭ ના ઓડીટ થયેલ હિસાબ તથા ચાલુ સાલનો હિસાબ તથા ગૌ સંરક્ષણ અને દુષ્કાળ સેવા કાર્યમાં થયેલ આવક–ખર્ચનો હિસાબ રજુ કરેલ.

ત્યારબાદ શ્રી પ્રેરણાત્મક પ્રવચનો શ્રી ચીમનભાઈ શેઠ, શ્રી યોગેશભાઈ શાસ્ત્રી, શ્રી માણેકલાલ ગાંધી (કાલોલ), શ્રી વી. પી. પરીખ (બોડેલી), શ્રી હરસુખભાઈ ખખ્ખર (રાજકોટ), શ્રી એમ. કે. ગજેરા (ધોરાજી), શ્રી મધુસુદનભાઈ શાસ્ત્રી (સુરત), શ્રી સી. પી. તલાટી (હાલોલ) વગેરેએ કર્યા બાદ પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (સુરત) એ બન્ને બેઠકોમાં પૂરો સમય બિરાજીને આશિર્વચન આપતાં જણાવ્યું કે "પરિષદનું કાર્ય એ ભગવદ કાર્ય" છે. છે પરિષદની પ્રવૃત્તિઓ, ગતવિધિ જાણી સંતોષ વ્યકત કર્યો હતો.

પુષ્ટિ સાહેલી સૌ રાસે રમે

(ગરબા–રાસના ઢાળમાં)

રાસે રમે રે રાસે રમે
પુષ્ટિસાહેલી સૌ રાસે રમે
શ્યામના ગીતો ગાતી ઘૂમે
અંગમાં શ્યામરંગ ભરી ઝૂમે
જાણે શ્યામની ગોપીઓ રાસે રમે ! જાણે.

રાસે રમે રે રાસે રમે
પુષ્ટિસાહેલી સૌ રાસે રમે
ઘૂઘરી ઘમકે રાસે ઘૂમે
ઝાંઝર ઝમકે રાસે ઝૂમે
જાણે શ્યામની ગોપીઓ રાસે રમે ! જાણે.

રાસે રમે રે રાસે રમે
પુષ્ટિસાહેલી સૌ રાસે રમે
એકમેક થઈ રાસે ઘૂમે
શ્યામસું એકરસ રાસે ઝૂમે
જાણે શ્યામની ગોપીઓ રાસે રમે ! જાણે.

રાસે રમે રે રાસે રમે
પુષ્ટિસાહેલી સૌ રાસે રમે
બ્રહ્મના નાતે આનંદે ઘૂમે
શ્યામના નેહમાં ન્હાતી ઝૂમે
જાણે શ્યામની ગોપીઓ રાસે રમે ! જાણે.

રાસે રમે રે રાસે રમે
પુષ્ટિસાહેલી સૌ રાસે રમે
પુષ્ટિના તાનમાં આનંદે ઘૂમે
શ્રીનાથજીના ગાનમાં હરખે ઝૂમે
જાણે શ્યામની ગોપીઓ રાસે રમે ! જાણે

પ્રા. એસ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

રાજકોટમાં શ્રીકારીરી યજ્ઞ અનુષ્ઠાન

સોરાષ્ટ્ર કચ્છમાં સતત ચોથા વર્ષે અપૂરતા વરસાદના કારણે ઉભી થયેલી પરિસ્થિતિના નિવારણ ના પ્રાણી માત્રના કલ્યાણના હેતુથી મેઘ ઘટા–વાદળઓ સાથે "કારીરી યજ્ઞ" દ્વારા તાદાત્મ્ય સાધીને વરસાદ વરસાવવ નો દૃઢ સંકલ્પાત્મક અનુષ્ઠાન કરનાર પુષ્ટિ સંપ્રદાયની ષષ્ઠ પીઠ સુરતના સોમયાજી અગ્નિહોત્રી પૂ પા. ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીએ વચનામૃત કર્યા હતા કે શ્રીમદ વલ્લભાચાર્યજીના મોટાપુત્ર શ્રી ગોપીનાથ જીએ ૪૫૦ વર્ષ પહેલાં ઓરીસ્સામાં દુષ્કાળ પડયો ત્યારે 'કારીરી યજ્ઞ" કરેલો તેવું જગન્નાથ મંદિરની નોંધપોથીમાં છે તે પછી એ પ્રકારનાં યજ્ઞનું કોઈ આયોજન થયું હોય તો તે રાજકોટમાં પ્રથમ છે.

તામિલનાડુના વયોવૃદ્ધ અગ્નિહોત્રી સોમયાજી શ્રી રામાનુજ તાતાચાર્યે એવી માહિતી આપી હતી કે આ યજ્ઞમાં વિશેષ પ્રમાણમાં ધન. ધાન્ય કે ઘીનું હવન થતું નથી. આ યજ્ઞના પ્રયોજક ઋષિ મુનિઓએ જીવન જરૂરી ચીજોનો વ્યય ન થાય તે માટે વેદ કાળમાં પણ કાળજી લીધેલી છે. અન્ય યજ્ઞો કરતાં આ યજ્ઞની વિશેષતા એ છે કે, યજ્ઞમાં જરૂરીઆત પ્રમાણમાં કાળું મધ, ખારેકનો લોટ, જવનો લોટનું મિશ્રણ કરી તેના પીંડ બનાવીને આહુતિ અપાય છે. યજ્ઞમાં બલી આપવાના રિવાજના બદલે આ યજ્ઞમાં કાળા ઘોડા અને કાળી ઘેટીનું પૂજન કરાય છે. અગ્નિહોત્રીએ પણ વાદળો સાથે તાદાત્મ્ય સાધવા કાળા વસ્ત્રો ધારણ કરવા પડે છે.

વરસાદની કામનાવાળાઓએ કારીરીયજ્ઞથી શ્રી હરિનું સ્મરણ કરવું જોઈએ. યજ્ઞથી વરસાદ થાય છે તેવું ગીતામાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે.

આચાર્યશ્રી વલ્લભરાયજી તથા શાસ્ત્રી શ્રી [illegible]ાચાર્યે આ યજ્ઞનું શુભ ફળ શ્રી હરિ આપશેજ તેવી દ્રઢ શ્રધ્ધા વ્યકત કરી હતી.

તા. ૬-૮-૮૭થી પ્રારંભ થયેલા આ વિશિષ્ટ યજ્ઞની તા. ૧૧-૮-૮૭ના રોજ સાંજે પૂર્ણાહુતી થઈ હતી. તા. ૧૦-૮-૮૭ના દિને ગો. શ્રી રસીકરાયજી મહારાજ (પોરબંદર)ની અધ્યક્ષતામાં કિર્તન સંગીત મેલન યોજેલ. આ કારીરીયજ્ઞ અનુષ્ઠાનમાં

પૂ. પાં. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)
પૂ. પા ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)
પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણ બાવાશ્રી (સુરત)
પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી (સુરત)
પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)
પૂ. પા. ગો. શ્રી અનુરાગબાવ શ્રી સુરત.
પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી રાજકોટ,
પૂ. પા. ગો. શ્રી ગોવિંદલાલજી બાવાશ્રી રાજકોટ.
પૂ. પા. ગો. શ્રી પંકજ બાવાશ્રી,
પૂ. વ્રજવનિતાબેટીજી
પૂ. શ્રી ગો. શ્રી દામોદરલાલજી (કડી-કોટા) વગેરેએ પધારી આશીર્વાદ સહ વચનામૃતનો લાભ આપેલ.

આ "કારીરી યજ્ઞ" અનુષ્ઠાનના અનુસંધાને પ્રભુ પ્રીત્યર્થે સવાલક્ષ સર્વોત્તમ સ્તોત્ર પાઠ જપયજ્ઞનો સવાલક્ષ અંક ઉપરાંતના પાઠ વૈષ્ણવો દ્વારા થયા હતા.

શ્રીવલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

યુગલ-છબિ

રાગ-કાન્હરા

ઢીગેં રી દોઉ ગર-બાંહીં ।
શ્રી વૃંદાવન કાલિંદી તટ,
ઠાડે સઘન કુંજ કી છાંહીં ॥
વાકે પ્રાન બસત આલી વા મેં ।
વાકે પ્રાન બસત વા માંહીં ॥
બરસત રંગ, સંગ-સંગ હરષત ।
નિરખત દંપતિ નૈના ન અઘાહીં ॥
રસ કી ખાન, રુપ-નિધિ સજની,
ઇક પલ બિછુરતહી ક્યોં હૂં નાંહીં ।
બાલકૃષ્ણ હિત જુગલકુંવર છબિ,
'ચંદસખી' લખિ બલિ-બલિ જાહીં ॥

વર્ષ ૬ : અંક ૭ ✣ ઓકટોબર, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, નવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ના ઉપક્રમે
ગો. શ્રી વલ્લભરાયજી (ષષ્ઠપીઠ) દ્વારા વિશિષ્ટ આયોજન
દુષ્કાળ નિવારણ ભાવનાથી પ્રાણીમાત્રના કલ્યાણાર્થે
કારીરી યજ્ઞ અનુષ્ઠાન

આં. રા. પુ. વૈ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે તેમજ ષષ્ઠપીઠ સુરતના પૂ. પા ગો. શ્રી વલ્લભરાયજી મહોદય આયોજીત પ્રાણીમાત્રના કલ્યાણ અર્થે તા ૬-૮-૮૭થી તા. ૧૧-૮-૮૭ દરમ્યાન કારીરીયજ્ઞનું આયોજન કરવામાં આવેલ તેના ખર્ચ બાદ કરતાં રૂા. ૫૧૦૦૦ એકાવન હજાર જેવી માતબર રકમનો વધારો રાજકોટ પાંજરાપોળને ગૌ સેવા માટે પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીના વરદ હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

આ સમારોહમાં પાંજરાપોળના ટ્રસ્ટી શ્રી જયંતિભાઈ શાહ તથા શ્રી સુમનભાઈ કામદાર, પરિષદના ગુજરાત પ્રદેશના મંત્રી શ્રી કયાભાઇ ડેલાવાળા અગ્રગણ્ય વૈષ્ણવો શ્રી શાંતિલાલ હરિલાલ પારેખ, જયંતિભાઈ પઢીયા, ભુદરભાઈ રણછોડભાઇ, મનસુખભાઈ માવજીભાઇ રાણપરા, જમનાદાસ લાલજીભાઇ ઉપસ્થિત હતા

આભારવિધિ શ્રીવ્રજલાલ ખુશાલદાસ રાણપરાએ કરી હતી તેમજ વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાંતિભાઈ રાધનપુરાએ આ પ્રવૃત્તિને હજુ વધુ વેગ અપાશે તેવી ખાત્રી આપી હતી અને સંગઠન મંત્રી શ્રી હસમુખભાઇ ખખ્ખરે સમારોહનું સંચાલન કરેલ હતું.

સમાચાર

અમદાવાદ – આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ અમદાવાદ શાખાની સને ૧૯૮૭-૮૮ના વર્ષ માટેની કારોબારી સમિતિના સભ્યોની નિયુક્તિ તા. ૨૩-૮-૮૭ના રોજ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (રાજકોટ) તથા પૂ. પા ગો. શ્રી રાજેશ બાવા (કડી-અમદાવાદ)ની સાન્નિધ્યમાં કરવામાં આવી હતી. આ મીટીંગમાં ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ શ્રી શેઠ ઇન્દ્રકાંતભાઈ તથા શ્રી ચીમનભાઈ શેઠ અને વી. પી પરીખ હાજર રહ્યા હતા. નિયુક્ત થયેલ ૨૧ સમિતિના સભ્યો પૈકી પ્રમુખ શ્રી જયંતિલાલ ચીમનલાલ વોરા, ઉપપ્રમુખ શ્રી જયંતિલાલ છગનલાલ શાહ અને શ્રી ગોવિંદભાઈ માણેકલાલ દેસાઈ, મંત્રી શ્રી જયંત એમ. શેઠ, સહમંત્રી શ્રી વસંતભાઈ ઠક્કર, કાર્યાલય મંત્રી શ્રી ગૌતમભાઇ ભીખાભાઈ શાહ, કોષાધ્યક્ષ શ્રી કરસનદાસ ત્રિકમદાસ ભાટીયા અને શ્રી જયંતિલાલ કેશવલાલ શાહની વરણી કરવામાં આવી.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૭ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * ઓકટોબર, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૬મો)

અભ્યાસેઽપ્યસમર્થોઽસિ મત્કર્મપરમોભવ ।
મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ
॥૧૦॥

અભ્યાસમાં પણ તું સમર્થ ન હો તો મારે અર્થે ઉત્કૃષ્ટ કર્મ કરનાર તું થા, મારે માટે કર્મો કરતાં પણ તું સિદ્ધિને પામીશ. ॥૧૦॥

એ પ્રમાણે ચિત્તને દૃઢ રાખવા માટે અભ્યાસ એ સાધન છે, એમ કહ્યુ છે, તે સાધન પણ 'અભ્યાસ' વગેરે શબ્દોથી કહે છે. અભ્યાસમાં એટલે કે નિરંતર સ્મરણ કરવામાં પણ જો તું સમર્થ ન હો તો મારે અર્થે ઉત્કૃષ્ટ અનુષ્ઠાંન કરનાર તું થા, એટલે કે મારી પ્રીતિના હેતુથી પૂજા વગેરે રૂપ અથવા તેવી ધાર્મિક ક્રિયાનું અનુષ્ઠાન જ પરમ-ઉત્કૃષ્ટ છે, એમ માનનારો તું થા. એ પ્રમાણે મારે માટે એટલે કે મારી પ્રીતિને માટે, નહિ કે ફળની કામનાથી, કર્મ કરતાં કરતાં પણ સિદ્ધિને તું પ્રાપ્ત કરીશ, એટલે કે અભ્યાસરૂપી સિદ્ધિને તું મેળવીશ ॥૧૦॥

અથૈતદપ્યશક્તોઽસિ કર્તું મદ્યોગમાશ્રિતઃ ।
સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન ।૨૧॥

અને તું એમ પણ કરવાને શકિતમાન ન હોતો પછી મારી સાથે જોડાયેલા (ભકત)ને આશ્રયે રહેલો (અને) જીતેલાં મનવાળો તું સર્વ કર્મનાં ફળનો ત્યાગ કર. ॥૧૧॥

એની (સિદ્ધિની) પ્રાપ્તિ માટે અતિ સરળ ઉપાય 'અથૈતદ' વગેરે શબ્દોથી કહે છે. હવે જો સ્વરૂપના અજ્ઞાનને કારણે મારે અર્થે એમ પણ કરવાતે તું શકિતમાન ન હો તો મારો યોગ એટલે સંયોગ જેમાં છે અથવા જેને છે તેવા ભકતને આશ્રયે રહીને યત્ન કરનાર અને તે એકને જ પરાયણ ચિત્તવાળો થઇને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ

કર, એટલે કે સંધ્યાવંદન, અગ્નિહોત્ર વગેરે સ્વર્ગરૂપી ફળ આપનારા કર્મોનો તું ત્યાગ કર, ચિંતા છોડવી જોઇએ, એમ અર્થ છે. તેનાં ફળોની અભિલાષામાં મારી આજ્ઞાથી કર્મો કરવાથી ચિત્ત શુદ્ધિ થતાં મારા ભકતે ઉપદેશેલ જ્ઞાન સ્થિર થશે, તેનાથી મારે અર્થે કર્મ કરવાની સિદ્ધિ પ્રાપ્ત થશે, એવો ભાવ છે. ।।૧૧।।

શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાજ્જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે ।
ધ્યાનાત્કર્મફલત્યાગસ્ત્યાગાચ્છાન્તિરનંતરમ્ ।।૧૨।।

કારણ કે, અભ્યાસથી જ્ઞાન વધુ સારું છે, જ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ છે, ધ્યાનથી કર્મનાં ફળોનો ત્યાગ અને ત્યાગથી તરત જ શાન્તિ (પ્રાપ્ત થાય છે) ।।૧૨।।

એ પ્રમાણે કહેલાં સતત વૃદ્ધિ પામતાં કર્તવ્યોનું સ્વરૂપ 'શ્રેયઃ' વગેરે શબ્દોથી કહે છે. માત્ર ચિત્તના આકર્ષણથી અનુંસ્મરણરૂપી અભ્યાસથી જ્ઞાન શ્રેષ્ઠ છે, એમ અર્થ છે. તેથી જ્ઞાનયુકત અભ્યાસ ઉત્તમ છે, એવો ભાવ છે. માત્ર જ્ઞાનથી મારા સ્વરૂપનું સતત ચિંતન એવું ધ્યાન વધારે છે, એમ અર્થ છે. તેથી જ્ઞાન અને અભ્યાસયુકત ધ્યાન ઉત્તમ છે, એવો ભાવ છે કેવળ ધ્યાનથી કર્મનાં ફળનો ત્યાગ ઉત્તમ છે, તેનાથી જ્ઞાન, અભ્યાસ અને ધ્યાન સહિત મારે અર્થે મારું કર્મ કરવું તે ઉત્તમ છે, એમ અર્થ છે. કારણ કે એ પ્રમાણે તેવા પ્રકારના ત્યાગ પછી તરત જ શાન્તિ પ્રાપ્ત થાય છે, મારી ભકિતની સ્થિરતારૂપી શાન્તિ પ્રાપ્ત થાય છે, એટલું ઉમેરવું. ।।૧૨।।

અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રા કરુણ એવ ચ ।
નિર્મમો નિરહંકારઃ સમદુઃખશુખઃ ક્ષમી ।।૧૩।।

પ્રાણીમાત્રનો દ્વેષ નહિ કરનાર, મિત્ર અને વળી કરુણાળુ, મમતા રહિત, અહંકાર વગરનો, દુઃખ અને સુખને સમાન ગણનાર, ક્ષમાશીલ (તે મને પ્રિય છે). ।।૧૩।।

તેનું આગળ કહેલા ઉત્તમ ભકતનુ) સ્વરૂપ 'અદ્વેષ્ટા' વગેરે શબ્દોથી કહે છે. સર્વ ભૂત એટલે કે પ્રાણીમાત્ર મારા ક્રીડા સ્વરૂપ હોવાથી પ્રાણીમાત્રનો દ્વેષ નહિ કરનાર, એટલે કે અધિકતા વગેરે જોવામાં આવે ત્યારે દ્વેષ રહિત, મૈત્ર એટલે કે ભકતો પ્રત્યે મિત્રતાથી વર્તનાર, કરુણ એટલે કે ભકિત રહિત હોય તેના પ્રત્યે સંસારનાં દુઃખ નિશ્ચિત છે, એમ હોવાથી કરુણ, અને ઉપદેશ વગેરે આપવા માટે કરુણાળુ, અહીં 'એવ' શબ્દ છે તેનાથી કયારેય નિર્દય ન થવાય, એણ જણાવ્યું છે. નિર્મમ એટલે મમતા રહિત, ઉપદેશ આપ્યા પછી તેઓ પ્રત્યે અને સર્વત્ર મમતા વગરનો નિરહંકાર એટલે અહંકાર વગરનો, એટલે કે પોતે શ્રેષ્ઠ છે એવા જ્ઞાનથી થતા અહંકાર વગરનો, સુખ અને દુઃખમાં સમાન, એટલે કે વિયોગ અને સંયોગના પ્રસંગમાં સમાન, ક્ષમાવાળો એટલે કે દુષ્ટ જનોથી થતાં અપમાન વગેરેને સહન કરનારો (એ બધા ઉત્તમ ભકતનાં લક્ષણ છે), ।।૧૩।।

સંતુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢનિશ્ચયઃ ।
મય્યર્પિતમનોબુદ્ધિર્યો મે ભકતા સ મે પ્રિય ।૧૪।

નિરંતર, સંતોષી, ચિંતનશીલ, સંયમી દઢ નિશ્ચયવાળો, મારામાં જેણે મન અને

બુદ્ધિ અર્પણ કર્યા છે તેવો જે મારો ભકત છે તે મને પ્રિય છે. ॥૧૪॥

અને 'સંતુષ્ટ' વગેરે શબ્દોથી આગળ સમજાવે છે. સતત સંતુષ્ટ, એટલે કે નિરંતર હૃદયમાં રહેલા મારા સ્વરૂપથી આનંદી, યોગી એટલે મારું ચિંતન કર્યા કરવું, એવા સ્વભાવ વાળો યતાત્મા એટલે સ્વભાવને વશ કરનારો, દૃઢ નિશ્ચય વાળો એટલે દૃઢ–કામ વગેરેથી નહિ પીડાતો, મેં કસોટી કરી હોય તેવો–દુઃખ વગેરેમાં અચલ મયિ એટલે મારામાં, હું બધું જ કરવા સમર્થ છું. એવા નિશ્ચયવાળો અને જેનાં મન અને બુદ્ધિ મને અર્પણ કર્યા હોય એવા પ્રકારનો જે મારો ભકત છે તે મને પ્રિય છે, મારા મનોભાવને જાણી લઇને આચરણ કરનારો હોવાથી તે મને પ્રિય છે, એવો ભાવ છે. ॥૧૪॥

યસ્માન્નોદ્વિજતે લોકો લોકાન્નોદ્વિજતે ચયઃ ।
હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ ચ સ મે પ્રિયઃ ॥૧૫॥

જેનાથી લોકો ઉદ્વેગ પામતા નથી અને જે લોકોથી ઉદ્વેગ પામતો નથી અને હર્ષ, ક્રોધ, ભય તથા ઉદ્વેગથી જે મુકત છે તે મને પ્રિય છે. ॥૧૫॥

વળી, 'યસ્માત્' વગેરે શબ્દોથી આગળ સમજાવે છે. જેનાથી લોકો ઉદ્વેગ પામતા નથી, ધ્રૂવ વગેરેની જેમ સકામ ભજન વગેરેથી લોક દુઃખને ન પામે, અને વળી લોકોથી એટલે કે પોતાની ઉન્નતિ અર્થે તપ વગેરેનાં કષ્ટથી જે ઉદ્વેગ પામતો નથી, એટલે કે ભય પામતો નથી (તે મને પ્રિય છે), એમ અર્થ છે. વળી જે હર્ષ, ક્રોધ, ભય અને ઉદ્વેગથી મુકત છે (તે મને પ્રિય છે). હર્ષ એટલે પોતાને પ્રિય હોય તેની પ્રાપ્તિ ન થાય છતાં સર્વત્ર ભગવત્સ્વરૂપથી અન્ય કંઇ મનમાં સ્ફુરણ ન થાય તેવો, સર્વદા આનંદ મય હોય તે (મને પ્રિય છે) એમ અર્થ છે. અમર્ષ એટલે બીજાની ઉન્નતિ સહન ન થવી, એવા સ્વભાવથી મુકત હોવાથી આ બધું ભગવાનની લીલા સ્વરૂપે છે એવા જ્ઞાન વાળો (મને પ્રિય છે) એમ અર્થ છે. ભય એટલે ત્રાસ, તેના અભાવથી ભગવાનનું રક્ષણ અને ભગવાનના સામર્થ્યનું જ્ઞાન જેને છે તે (મને પ્રિય છે), એમ અર્થ છે. ઉદ્વેગ એટલે મનની મૂંઝવણ, તેનાથી સેવા વગેરેના સમયમાં ચિત્તની ચંચળતા વગરનો (તે મને પ્રિય છે), એમ અર્થ છે. એવા પ્રકારનો જે છે તે મને પ્રિય છે. ॥૧૫॥

અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।
સર્વારંભપરિત્યાગી યો મદ્ભકતઃ સમે પ્રિય ॥૧૬।

અપેક્ષા રહિત, પવિત્ર, સાવધ, ઉદાસીન દુઃખ રહિત, બધા આરંભોનો આત્યંતિક ત્યાગ 'કરનાર જે મારો ભકત છે તે મને પ્રિય છે. ॥૧૬॥

વળી, અનપેક્ષ એટલે અપેક્ષા રહિત, એટલે કે સેવા વગેરેમાં પોતાનું મન રહે, તે સિવાયની અપેક્ષા વગરનો, એમ હોવાથી સમર્થ. શુચિ એટલે પવિત્ર આત્મા, મારું સ્મરણ કરનારો, દક્ષ એટલે સાવધ, ભજનના સ્વરૂપનો જ્ઞાતા. ઉદાસીન એટલે વિરકત, સાંસારિક વ્યવહારમાં ઉદાસીન, ગતવ્યથ એટલે દુઃખ રહિત, માનસિક કલેશ વગરનો સર્વારંભ પરિત્યાગી એટલે બધા આરંભોનો આત્યંતિક ત્યાગ કરનાર, જોયેલું ને સાંભળેલું તેનાં ફળને આપનારાં કર્મોનો આરંભ નહિ કરવાના સ્વભાવવાળો, એવા પ્રકારનો એટલે

કે કર્મનાં ફળને વશ રહીને ક્રિયા કરાતી હોય તેવો નહિ તે મારો ભક્ત, મારું ભજન કરનારો જે છે તે મને પ્રિય છે. ॥૧૬॥

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।
શુભાશુભ પરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥

જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી, જે શુભ અને અશુભનો ત્યાગ કરનાર છે તે ભક્તિયુક્ત (પુરુષ) મને પ્રિય છે. ॥૧૭॥

વળી, 'યો ન' વગેરે શબ્દોથી આગળ કહે છે. જે લૌકિક રીતે પ્રિય હોય તેની પ્રાપ્તિથી હર્ષ પામતો નથી, તેમ જ અપ્રિય વગેરેથી દ્વેષ કરતો નથી, અને સેવા માટેની વસ્તુનો નાશ થતાં શોક કરતો નથી કે તેની આકાંક્ષા રાખતો નથી તેવો, (અહીં 'વસ્તુ' એવા શબ્દથી સેવા સિવાયનું અન્ય કાર્ય કહેવાયું છે. અને વળી સતત ભગવાનની સેવામાં પ્રવૃત્ત મન હોવાથી અન્ય વસ્તુની હાનિમાં પણ તે શોક કરતો નથી, એમ અર્થ છે.) સ્વર્ગ અને નરકરૂપ શુભ અને અશુભને તે ત્યજી દે છે. સર્વત્ર ભગવાનની ઇચ્છા જાણીને, ભગવાનની લીલા સમજીને તે વ્યવહાર કરે છે, એમ અર્થ છે. એવા પ્રકારે જે ભક્તિવાળો છે તે મને પ્રિય છે. ॥૧૭॥

સમઃ શત્રો ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।
શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ॥૧૮॥
તુલ્યનિંદાસ્તુતિમૌની સંતુષ્ટો યેન કેનચિત્ ।
અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ॥૧૯॥

શત્રુ પ્રત્યે અને મિત્ર પ્રત્યે તથા માન અને અપમાનમાં સમાન છે, શીત, ઉષ્ણ, સુખ અને દુઃખમાં સમાન છે અને આસક્તિ રહિત છે (તે મને પ્રિય છે). ॥૧૮॥

નિંદા અને સ્તુતિમાં સમતાવાળો, મૌન વ્રતવાળો, જે તેથી સંતોષ માનનારો, રહેવાના સ્થાન વગરનો, સ્થિર બુદ્ધિવાળો, ભક્તિમાન પુરુષ મને પ્રિય છે. ॥૧૯॥

વળી 'સમઃ' વગેરે શબ્દોથી આગળ કહે છે. શત્રુ પ્રત્યે એટલે કે દ્વેષ કરનાર પ્રત્યે, મિત્ર પ્રત્યે એટલે કે પ્રેમ રાખનાર પ્રત્યે સમાન છે, અને પોતે દ્વેષ કે પ્રેમ રહિત છે, એમ અર્થ છે. શીત અને ઉષ્ણ જેવા દેહનાં સુખ કે દુઃખમાં અને પુત્રના જન્મ કે મરણ વગેરેમાં સમાન છે, સંગ રહિત એટલે કે લૌકિક આસક્તિ વગરનો જે છે (તે મને પ્રિય છે) ॥૧૮॥

જેને નિંદા અને સ્તુતિ સમાન છે, એટલે કે નિંદાથવાથી જે વ્યથિત નથી થતો અને સ્તુતિ કરી હોય તેનાથી હર્ષ પામતો નથી, અને પોતે કોઇને નિંદતો નથી કે કોઇની સ્તુતિ કરતો નથી, જે મૌની છે, એટલે કે

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વ. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

વાણીને વશ રાખનારો છે, ભગવાનની ઇચ્છાથી જે કાંઇ મળ્યુ તેનાથી સંતોષ માનનારો છે, અનિકેત એટલે ઘર વગરનો, એટલે કે જે ગૃહ વગેરેમાં આસક્તિ વગરનો છે, મારાંમાં જેની સ્થિર બુદ્ધિ છે તે (મને પ્રિય છે), એમ અર્થ છે. એવા પ્રકારનો જે ભક્તિવાળો છે તે પુમીષ મને પ્રિય છે, એમ અર્થ છે. ॥૧૯॥

યે તુ ધર્મામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।
શ્રદ્ધાના મત્પરમા ભક્તાસ્તેડતીવ મે પ્રિયા : ॥૨૦॥

પરંતુ જેઓ શ્રદ્ધાવાળા, મારે પરાયણ, જેમ કહેવાયું તેમ ધર્મયુક્ત અમૃતને સેવે છે તે ભક્તો મને પ્રિય છે. ॥૨૦॥

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગશાસ્ત્રરૂપ, ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં ભક્તિયોગ નામનો બારમો અધ્યાય અહીં પૂરો થયો. ॥૧૨॥

કહેવાયેલી ભક્તિના સ્વરૂપનો 'યે તુ' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. જે માણસ, એવી સામાન્ય ઉક્તિથી તેમાં વર્ણ વગેરેનું બંધન નથી. પરંતુ જે કોઈ ભાગ્યવાન પુમીષો, (અર્જુન) સમક્ષ કહેલું આ ધર્મ્ય અમૃત, અક્ષય, મારી કૃપારૂપ ફળવાળું જે રીતે કહ્યું, શ્રદ્ધાળુઓ મારું કહેલું સત્ય છે, એ પ્રમાણેના જ્ઞાનવાળા, મારે પરાયણ રહેલા, એક માત્ર મારામાં જ નિષ્ઠાવાળા થઇને ઉપાસના કરે છે, એટલે કે મને સેવે છે, તે ભક્તો મને ઘણા જ પ્રિય છે, મારા પોતાના આત્મસમાન મને પ્રિય છે, એમ અર્થ છે. 'હું મને પોતાને ચાહતો નથી' (પોતાના સાધુ સ્વભાવવાળા ભક્તો છોડીને હું મારી જાતને પણ ચાહતો નથી.-ભાગ. ૯-૪-૬૪, પ્રિયવ્રત પ્રકરણમાં ભગવાને દુર્વાસા પ્રત્યે એમ કહ્યું છે.) એ પ્રમાણે એમ છે ॥૨૦॥

એ પ્રમાણે લોકોના ઉદ્ધાર માટે પરમ આધારરૂપ શ્રીહરિએ બધા સંશયોને કાપી નાખીને ભક્તિયોગરૂપી અમૃતભર્યાં વચનોથી અર્જુનને ભીંજવી દીધો. ॥૧॥

એ પ્રમાણે શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા-અમૃત-તરંગિણી ટીકામાં બારમો અધ્યાય પૂરો થયો. ॥૧૨॥

પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. સોની દામજીભાઈ પ્રભુદાસ રાજકોટના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રીમદ્ ગોકુલનાથજી વિરચિત વિવૃતીનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ત્રીજો)

અનુવાદ : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

પોતાનાં સૌભાગ્યને અને પોતાના જનોને ભક્તિમાર્ગ દર્શાવતાં શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ પોતાના મનને બોધ આપનારા વાક્યોને પ્રકટ કર્યાં છે. ।।૧।।

ધાર્યા કરતાં અધિક આપનારાં પિતૃ-ચરણકમળને પ્રણામ કરીને પોતાના મનને બોધ આપનારાં આચાર્યશ્રીનાં ઉપદેશાત્મક વાક્યોને વિસ્તારથી સમજાવવા માટે (શ્રીગોકુલનાથજી) પ્રારંભ કરે છે. ।।૨।।

જો કે ઈશ્વરનાં વાક્યો સદાય સ્વતઃ દુર્બોધ છે, તેથી તેઓશ્રીની કૃપા એ જ તેનો અર્થ સમજવામાં ગુરુ છે. ।।૩।।

બીજી કોઈ રીતે નહિ, પરંતુ તેઓશ્રીની કૃપાથી શક્ય થશે, એમ નિશ્ચય કરીને અમે (શ્રી ગોકુલનાથજી) તેમાં પ્રવૃત્ત થયા છીએ. તેથી પોતાના આચાર્યશ્રીનાં ચરણ સર્વદા મારું શરણ છે ।।૪।।

હવે પૂર્ણપુરુષ, પુરુષોત્તમ એવા ભગવાને પોતાનું સ્વરૂપ એવાં દ્વાદશ સ્કંધાત્મક શ્રી ભાગવતજી પ્રકટ કરીને, તેનો અર્થ પ્રકટ કરવામાં પોતાના સિવાય અન્ય કોઇ યોગ્ય નથી, એમ જાણીને પોતાના વાગધિપતિ (વાણીના અધિપતિ) સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય કર્યું અને ભાગવતજીનો અર્થ પ્રગટ કરવાની આજ્ઞા આપીને ભાગવતજીનો અર્થ સ્પષ્ટ રીતે દર્શાવે એવાં સુબોધિનીજીની રચના કરાવી. તેમાં ક્રમપૂર્વક ત્રણ સ્કંધની રચના કરવામાં સમયનો વિલંબ થવાથી આચાર્યશ્રીનો વિપ્રયોગ સહન ન થતાં શ્રી ભગવતજીનું સત્ય સ્વરૂપ સિદ્ધ કરે એવા દશમ સ્કંધનું વિવરણ કરવાની ભગવાને એક વિશેષ આજ્ઞા આપી. તેથી આચાર્યશ્રીએ સ્કંધનો ક્રમ છોડી દઈને દશમ સ્કંધની વિવૃતિ (ટીકા) કરી. તેની સમાપ્તિમાં પોતાના આચાર્યને મળવામાં વિલંબ થયો છે એમ જાણીને તેવો વિલંબ સહન કરવા અશક્ત એવા ભગવાને વિના વિલંબે પોતાની પાસે આવી જવાની આજ્ઞા કરી. તેને આચાર્યશ્રીએ પોતાના સૌભાગ્યના ગૌરવને લીધે પોતે કરવા ઇચ્છેલ ભાગવતજીનું સંપૂર્ણ વિવરણ થયું ન હોવાથી અને પોતાના ધર્મનો માર્ગ હોવાથી, તેમ જ તે માર્ગના અસ્તિત્વની મહાનતા હોવાથી બેવાર આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેમ છતાં ભગવાન અને આચાર્યશ્રીનું મિલન પોતાને અત્યંત આવશ્યક છે, એમ હોવાથી શ્રીમદ્ ભાગવતજીના વિવરણ માટે આપેલી આજ્ઞા પણ અન્યથા કરીને અતિ કૃપાયુક્ત રોષથી ફરીને પોતાની પાસે આવી જવા ત્રીજી આજ્ઞા કરી. તેને આચાર્યશ્રીએ ભગવાનનો આતે આગ્રહ સમજીને પહેલાંની

એ આજ્ઞાના ઉલ્લંઘનના ભાવનું પ્રૌઢ સ્થાન તો પોતાનું અંત કરણ જ છે, એમ દર્શાવવા માટે પોતાના અંતઃકરણને જ 'અંતઃકરણ મદ્વાક્યમ્' વગેરે શબ્દોથી બોધ આપે છે.

અંત કરણ મદ્વાક્યં સાવધાનતયા શૃણુ ।
કૃષ્ણાત્પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્
॥૧॥

હે અંતઃકરણ, મારું વાક્ય તું ધ્યાનપૂર્વક સાંભળ, સ્વરૂપતઃ શ્રીકૃષ્ણથી શ્રેષ્ઠ અને દોષ રહિત એવું દૈવી તત્વ (બીજું કોઇ) નથી. (૧)

જો કે અહીં કહેવાનું પ્રયોજન જોતાં, તેમાં બધી ઇંદ્રિયોનો ઉપયોગ હોંવાથી બધી ઇંદ્રિયોને સાવધ કરવાનું યોગ્ય છે. તેમ છતાં બધી ઇંદ્રિયો અંતઃકરણને અધીન હોવાથી, જેવી રીતે રાજાને વશ કરી લેતાં આખુંય રાજ્ય વશ થઈ જાય છે તેમ અંતઃકરણ સાવધ થતા સર્વે ઇંદ્રિયો સાવધ થઇ છે એમ હોંવાથી 'મદ્વાક્યં સાવધાનતયા શૃણુ' વગેરે શબ્દોથી અંતઃકરણને જ સાવધ કરે છે.

જો કે 'મારું વાક્ય સાંભળ' એટલું કહેવાથી જ સાવધ થવાનું સિદ્ધ થઇ શકે, તેમ છતાં 'સાવધાનતાથી' એમ કહ્યું તેનો આ હેતુ છે: જેવી રીતે પોતાના શ્રીકૃષ્ણના માર્ગના અભિમાનની મહાનતાથી વ્રજસીમંતિઓએ ફલપ્રકરણમાં ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પોતાના સામર્થ્યની સફળતા સિદ્ધ કરી, તેવી જ રીતે અમે (મહાપ્રભુજી) પણ શ્રી ભાગવતજી ઉપરની સંપૂર્ણ વિવૃતિ સાધીશું, એવો આગ્રહ આ વિષયમાં વિપરીત હોવાથી અનુચિત છે. પરંતુ અનુકુળ વાકયો ફળમાં પ્રતિબંધક છે, એવી ભાવનાના ગૌરવથી વ્રજસીમંતિઓએ વિપરીતતાનું નિરાકરણ કર્યું છે. ચાલુ વિષયમાં તો ભગવાનની આજ્ઞા (ભગવાનની પ્રાપ્તિરૂપ હોવાથી) ફલસાધક છે, એમ હોવાથી રખાયેલો આગ્રહ વિપરીત ફળ આપનાર છે. અનિષ્ટનો અંત આવે એવા હેતુથી એવું વાકય શ્રવણ કરવામાં 'સાવધાનતાથી' (ધ્યાનપૂર્વક) એમ કહ્યું છે. કોઇ વાર અતિ ગૌરવથી વિલંબ કરવામાં આવે તો તે બાધક નીવડે, એમ કહ્યું છે,

હવે 'કૃષ્ણાત્પરં નાસ્તિ દૈવમ' (શ્રીકૃષ્ણથી શ્રેષ્ઠ એવું દૈવી તત્વ બીજું કોઇ નથી, એ સમજાવે છે. ,કૃષ્ણાત' એટલે શ્રી કૃષ્ણથી, શ્રીકૃષ્ણ ફળનો નિશ્ચય કરનાર હોવાથી 'પર' એટલે ચડિયાતું, 'દૈવમ' એટલે પરમ પ્રિય રૂપ, 'દૈવમ' એવા પદથી 'દિવ' ધાતુથી કહેવાયેલા બધાય અર્થ અહીં કહેવા ધારેલ છે. (દિવ ધાતુ ઉપરથી થયેલ દૈવ શબ્દના ક્રીડા, વિજિગીષા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોદ, મદ, સ્વપ્ન, કાન્તિ અને ગતિ એવાં દશ અર્થ થાય છે,) આપનું ધર્મીસ્વરૂપે માર્ગનું ક્રીડાસ્થાન આ જ છે. (ક્રીડામાં) વિજિગીષા એટલે વિજયની ઇચ્છા પણ અહીં જ છે. (ભકત સાથે) પોતાના માર્ગનો વ્યવહાર પણ અહીં છે. (ભકતને પોતાનું માહાત્મ્ય દર્શાવવાથી) દ્યુતિ પણ આથી જ છે. જો ના, તો તેના અભાવથી શુષ્કપણું જ છે. (ભકતોએ) વિશિષ્ટ સમયે કરેલી સ્તુતિ પણ અહીં જ છે. (ભકતોને મોહ એટલે આનંદનું પ્રદાન અહીં જ કર્યું છે, જેમકે કાલીયનું દમન કરીને) મોહ પણ તે જ રીતે છે. વિશેષ પ્રકારના

ભાવથી થયેલ મદ પણ અહીંજ છે. પરમ સંતોષથી થયેલું સ્વપ્ન પણ અહીં જ છે. સ્વપ્ન પછી વિશેષ પ્રકારનો ભાવ સૂચવતા અતિ પ્રેમને કારણે તીરછી આંખે જોવાથી સૂચવાતી રસની ઇચ્છા પણ અહીં જ છે, તે પછી પોતાને ગમતું સ્થાન અને ગતિ (ભક્તની સમીપ ગમન) પણ અહીં જ છે. ઇત્યાદિ બધું જ પહેલાંના ભાવના ગૌરવથી વિરોધી થાય છે. એ રીતે પ્રૌઢિ અનિષ્ટ હોવાના કારણે ત્યાજ્ય છે. તેથી 'કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવમ્' (શ્રી કૃષ્ણથી શ્રેષ્ઠ દૈવી તત્ત્વ બીજું કોઇ નથી) એમ કહ્યું.

એવો પ્રશ્ન થાય કે, શ્રીમદ્ ભાગવતનું વિવેચન પુરુષોત્તમમાં જ પરિસમાપ્ત થનારું છે એમ છે તો કયારેક ગૌરવ ઉચિત ગણાય એવી શંકાનું નિવારણ કરવા માટે 'વસ્તુતઃ દોષવર્જિતમ્' (સ્વરૂપથી દોષ રહિત છે) એમ કહ્યું છે. અહીં આ ભાવ છેઃ જોકે ભાગવતજીનું વિવેચન પુરુષોત્તમમાં જ પરિસમાપ્ત થાય છે, તો પણ વિચાર કરાય ત્યારે પોતાના સિદ્ધાંતનું નિરૂપણ કરવા માટે તેનાથી વિરુદ્ધ હોય તેવા અન્ય શાસ્ત્રના સિદ્ધાંતનું નિરાકરણ કરવું આવશ્યક જ છે. ભગવાનની આજ્ઞાના હેતુ રૂપ ફળનો વિચાર કરવામાં ભગવદ્ભાવ સિવાયનો ભાવ થવો તે જ ફળના માર્ગમાં દોષ છે. એ પ્રમાણે વિષયનો વિચાર કરતાં ફળ દોષ રહિત હોય તે આવશ્યક છે. અન્ય ભાવ થવાના કારણે વિષયની પૂર્ણપણે દોષ રહિતતા નથી, એમ જણાવવાને માટે કહ્યું છે કે, તેઓમાં વસ્તુતઃ એટલે કે સ્વરૂપતઃ નિર્દોષિતા નથી. ॥૧॥

એ પ્રમાણે સાવધ કરવામાં પણ પહેલાંના ગૌરવથી કરાયેલા ઉલ્લંઘનને કારણે થયેલ અપરાધ યુક્ત અનાદરથી ભગવાન ફળમાં વિલંબ કરે તો બંને બાજુ ખોવાનું થતાં એક પણ કાર્ય સિદ્ધ ન થાય. એમ હોવાથી શ્રીભાગવતાર્થની વિવૃતિની સમાપ્તિ કરવાનો આગ્રહ રાખવો એ જ યોગ્ય છે. એ પ્રમાણે મનની મૂંઝવણ લૌકિક દૃષ્ટાંત આપીને કૈમુતિન્યાયે (તો પછી એમાં શું કહેવાનું હોય?) 'ચાંડાલી ચેદ્' વગેરે શબ્દોથી દૂર કરે છે.

ચાંડાલી ચેદ્રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।
કદાચિદપમાનેડપિ મૂલતઃ કા ક્ષતિર્ભવેત્ ॥૨॥

ચાંડાળની કન્યા રાજપત્ની થઇ અને રાજાની માનીતી થઇ, પરંતુ કોઇ વાર અપમાન થાય તોપણ રાજરાણી હોવામાં શી ન્યુનતા આવીજવાની હતી.) ॥૨॥

ચાંડાલી એટલે ચાંડાલ જાતિની કન્યા રાજપત્ની થઇ અને રાજાએ પત્ની તરીકે સ્વી[illegible]ીઓ કરતાં અધિક માનીતી થઇ. અને પછી કોઇ વાર પ્રમાદને કારણે કરેલા અપરાધથી રાજાએ અપમાન પણ કર્યું તો મૂલતઃ એટલે કે રાજપત્નીપણામાં શી હાનિ થવાની છે? રાજરાણી મટી જાતી નથી એમ અર્થ છે. જોકે યજ્ઞ સમયે સાથે બેસવાનો તેને નિષેધ હોવાથી ત્યાં તેનું પત્નીપણું શકય નથી, તેમ છતાં 'ભોગ્યા જાતા' (રખાત થઈ), એવું પદ છોડીને પત્ની એવું પદ લીધું છે, (કારણ કે ભોગ્યાનો એટલે કે રખાતનો પોતાની ઇચ્છા પ્રમાણે ત્યાગ થઇ શકે, પરંતુ પત્નીનો ત્યાગ થાય નહિ.) જેમ પત્ની ત્યજવાને યોગ્ય નથી, તેમ જ તેણીમાં સ્વીકાર

થયાનું ગૌરવ દર્શાવાયું છે. એમ કહીને પોતાના સિવાય અદૃશ્યતા (ઓઝલમાં રહેવાનું) સ્પર્શની અયોગ્યતા અને અન્ય સાથેના વિનિયોગનો અભાવ વગેરે ધર્મો જણાવાયા છે. જોકે 'મૂલ' એવા પદથી ચાંડાલી પણું એવો અર્થ દર્શાવાય તો ચાંડાલીપણું એ માનનું કારણ ગણાય, પરંતુ રાજપત્ની પણું કહેવાય નહિ (પણ એમ નથી), અહીં તો માનીતી હોવામાં રાજપત્ની પણું જ કારણરૂપે કહેવાયું છે, નહિ કે ચાંડાલી હોવાપણું, નહિ તો 'પત્ની થઇ' એવું પદ અર્થ રહિત બને. તેથી રાજાએ કરેલ અપમાન વેળાએ પણ તેણીએ ખેદ કરવો યોગ્ય નથી; કારણ કે મૂળના રાજપત્ની રૂપે તો તે બની જ રહે છે, જેવી રીતે ફાગણ મહિનામાં જૂનાં પાંદડાં ખરી પડવા છતાં સમૂલ વૃક્ષ નવાં પાંદડાં ફૂટી નીકળવાથી ફરીને પહેલાં હતાં તેવું બને છે, તેમ પત્ની બની રહેવાથી ફરીને પહેલાંની જેમ થઇ રહેશે, એમ વિચારીને ખેદ કરવો જોઇએ નહિ. જો એમ હોય તો અધિકારની યોગ્યતા ન હોવા છતાં દૈવગતિથી અંગીકાર થવામાં જ્યાં લૌકિકમાં પણ એવી વ્યવસ્થા છે ત્યાં અંગીકારની પૂરેપૂરી યોગ્યતામાં, અંગીકાર કરનારની અલૌકિકતામાં, અંગીકારની નિત્યતામાં ફળ મળવામાં વિલંબ થવાની તારી આ ચિંતા સર્વથા અનુચિત છે, એમ હોવાથી આગ્રહ રાખવો યોગ્ય નથી. જો વિલંબ થાય તો તે પણ, રસ સંયોગાત્મક છે તેથી અને વિલંબ વિપ્રયોગરસાત્મક હોવાથી ફળ તેમાં જ રહેલું છે, એમ હોવાથી વધું શુભ જ છે. એ પ્રમાણે અલૌકિક રીતે પોતાના મનને સાવધાન કરવાના દૃષ્ટાંતથી તેમના સંબંધમાં રહેલા સ્વમાર્ગીય જનોને પણ બોધ સૂચવેલ છે. ।।૨।।

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)

પદ ૩૮ મું

(ગતાંકથી ચાલુ)

શ્રીયમુને કી આસ અબ કરત હૈ દાસ,
મન–કર્મ–વચન, કર જોરી કે માગત;
નિશ–દિન રાખિયે, અપને જુ પાસ. ૧
જહાં પિય રસિક વર, રસિકનિ રાધિકા,
દોઉ જન સંગ મિલ કરત હૈ રાસ;
'દાસ પરમાનંદ' અબ પાયે બ્રજ ચંદ,
દેખિ સિરાને નયન મંદ હાસ. ૨

અર્થ :– હવે હું દાસ શ્રીયમુનાજીની આશ કરૂં છું. હે મહારાણીજી મા ! આપની દ્વય કર જોડી યાચના કરૂં છું. અહર્નિશ મને આપની નિકુંજમાં આપના ચરણકમલની સાનિધ્યમાં રાખો.

જ્યાં યુગલ સ્વરૂપ શ્યામા–શ્યામ રસિક શિરોમણી રાસલીલા કરી રહેલ છે. પરમાનંદજી

કહે છે કે મને વ્રજચંદ મળ્યા છે. જેના મંગળમુખના દર્શનથી મારા નેત્રો શીતળ થયા છે (તે શ્રીયમુનાજીની કૃપાનું ફળ છે.

વિવેચન :– શાસ્ત્રોમાં કહ્યું છે કે આશા માત્ર દુઃખરૂપ છે. યાચના કોઇપણ પાસે કરવી નહિ. પ્રભુ પાસે પણ કાંઇ માગવું નહિ. આ સિદ્ધાંત છે. છતાં માગવું જ હોય તો એવાની પાસે માગવું કે જે સર્વ સમર્થ હોય. આપણા ઇષ્ટ હોય કે જેથી ફરી કદી માગવાપણું રહે જ નહિ. માગણી પણ એવી કરવી કે ફરી કોઇ વસ્તુની અભિલાષા રહે જ નહીં.

પરમાનંદદાસજી નિત્યલીલાના જીવ છે. નિત્ય નવા વિરહના પદો ગાઇ વિપ્રયોગ-દશામાં જીવન વ્યતિત કરે છે. જ્યારથી લીલામાંથી છૂટા પડયા છે, ત્યારથી જલ વગર માછલી તડપે એવી દશા છે. પ્રભુ પ્રાપ્તિની અભિલાષા છે. પરંતુ એ અભિલાષા કોની કૃપાથી પૂર્ણ થશે તે જાણતા નથી.

'ભકત વિરહ કાતર કરૂણામય' એવા પ્રભુભકતનો વિરહ કયાં સુધી સહી શકે ? બાળલીલામાં પરમાનંદદાસજીનો અધિકાર છે એટલે શ્રીનવનીત પ્રિયાજી પણ પધાર્યા. સહસ્ર પરિવત્સરથી વિખૂટા પડેલા પોતાના જીવને આ નિમિત્તે શરણમાં લેવા છે ને ! શ્રી નવનીપ્રિયાજી જલગરીયાની ગોદમાં બિરાજ્યા અને કીર્તન સાંભળ્યા. આ દર્શનમાત્ર પરમાનંદદાસજીને થયા. જેથી વિરહ વ્યથા પ્રબળ બની. શ્રીયમુનાજીએ પણ ભકતના કીર્તનો સાંભળ્યા. આપે પણ કૃપા વિચારી અને ભગવદ્ પ્રેરણાથી પરમાનંદદાસજીએ જલગરીયાને પૂછયું.–

'તમારી ગોદમાં બીરાજેલા પ્રભુના દર્શન મને કયારે થશે ?'

'તમે શ્રીમહાપ્રભુજીને શરણે જાઓ. શ્રી ઠાકોરજી એમને આધિન છે. એની કૃપાથી તમારી અભિલાષા પૂર્ણ થશે.' જલગરીએ નમ્રતાથી કહ્યું.

બીજે દિવસે પરમાનંદદાસજી શ્રી મહાપ્રભુજીને શરણે ગયા. સ્વામીમાંથી 'દાસ' બન્યા. વીપ્રયોગને બદલે સંયોગરસની લીલા ગાવા લાગ્યા.

પરમાનંદદાસજીને સર્વ પ્રથમ શ્રીયમુનાજીની સાનીધ્યમાં શ્રી નવનીતપ્રીયાજીના દર્શન થયા છે. એટલે એ જાણે છે કે ભગવદ્લીલા દર્શનની મારી અભીલાષા શ્રીયમુનાજીની કૃપાથી જ પુર્ણ થશે. એટલે આપ માગે છે. હે મા શ્રીયમુનાજી ! હું માત્ર એક આપની જ આશા કરૂં છું. અહનીંષ મને આપની સાનીધ્યમાં જ રાખજો. જ્યાં શ્રીયુગલ–સરકાર અહર્નિશ રાસલીલા કરે છે. આપની કૃપાથી જ મને વ્રજચંદ મળ્યા છે. હવે એની લીલારાસનું અલૌકીક સુખ પણ આપની કૃપાથી જ મળશે.

સોરઠો :-

આશા માતા આપકી, મેં ચર્ણોકો દાસ;
મન-વચ-કર્મ વીનતી કરોં, નીશદીન રાખીયે પાસ.

(–ક્રમશઃ)

॥ શ્રીવલ્લભઃ ॥

પ્રિયા પ્રિયતમના લગ્ન

લેખક : **જાદવજી ખેરાજભાઈ. સૂરત**

વહાલા વૈષ્ણવો, આજે દેવદિવાળી-પ્રબોધિની એકાદશીનો તહેવાર છે. ભારતમાં પરાપૂર્વથી આ તહેવાર વિવિધ પ્રકારથી ઉજવવામાં આવે છે. પુરાણાદિકમાં એના અનેક પ્રમાણો છે. પરંતુ આપણે એ જાણવાની આવશ્યકતા નથી. આપણે તો ભાવાત્મક દૃષ્ટિથી શ્રીપ્રિયા-પ્રિયતમના લગ્નમહોત્સવના દર્શન કરવાના છે. અને દર્શન માત્ર દુરથી જ નહીં, પરંતુ જાનૈયા બનીને આ લગ્નમહોત્સવમાં મહાલવાનું છે. આપ કહેશો કે કોઇને ત્યાં લગ્ન પ્રસંગે નિમંત્રણ વિના કેમ જવાય ? તો તેનો ખુલાસો એક જ છે કે, પુષ્ટિ સૃષ્ટિના જીવોને શ્રીમહાપ્રભુજીએ શરણે લઇ શ્રીનાથજીને સોંપ્યા છે, ત્યારથી જ આપણને નિમંત્રણ મળી ચુકયું છે. એટલે આજે શ્રીયશોદાજીના લાડીલાના લગ્નમહોત્સમાં જતાં આપણને કોઇ રોકવાનું નથી.

લૌકિક લગ્નપ્રસંગો તો ઘણા ઉજવ્યા, અને અહંતા–મમતાના કીચડમાં ફસાયા છતાં એમાં તો આનંદને બદલે અહંતા-મમતાની ઝાળમાં ફસાયા અને અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિના ભોગ બન્યા. આમાંથી મુકત બનવા માટે આજે આપણે પ્રિયા-પ્રિયતમના લગ્નમહોત્સવનો આનંદ લેવાનો છે.

હવે દર્શનકારો, વહાલા વૈષ્ણવો ! પ્યારા શ્યામસુંદરના લગ્ન શ્રીવૃષુભાન દુલારી લાડીલી શ્રી રાધાજી સાથે સંપન્ન થઇ રહ્યા છે, આવા અલૌકિક આનંદનો અવસર મહાકારૂણિક શ્રીવલ્લભની કૃપાથી મળ્યો છે. આ લગ્નપ્રસંગનું સુંદર પદ શ્રી સૂરદાસજીએ ગાયું છે તેની શરૂઆત નીચે મુજબ છે.

॥વ્રજવેદ વિદિત બરસના વૃષભાનુ ગોપ તહાં રાના, તાકી રાધાજુ રૂચિર કુમારી માત–પિતાકો પ્રાન પિયારી ॥

આવા વૃષભાનકુમારી શ્રી રાધાજીનો લગ્નમહોત્સવ છે. શ્રી રાધાજી શૃંગારથી શોભી રહ્યા છે કે શૃંગાર શ્રી રાધાજીના શ્રીઅંગના પ્રભાવથી શોભી રહ્યા છે તે કહેવું મુશ્કેલ છે.

જે સમસ્ત શકિતઓની જનની પ્રભુના લીલાધામમાં શ્રી ઠાકુરજીના શ્રીઅંગમાંથી શ્રીઠાકુરજીના આનંદસ્વરૂપ-અલ્હાદિની શકિત સ્વરૂપે પ્રકટ થયા છે, અને "રાધા બિનુ કૃષ્ણ આધે" આવો જેનો અલૌકિક મહિમા છે. એના સ્વરૂપનું વર્ણન કેમ થઇ શકે ?

ત્યારે આ તરફ શ્રીઠાકુરજી દુલ્હા બનીને પધાર્યા છે. કોટી કામદેવ પણ જેની સમક્ષ નિસ્તેજ બની જાય એવા શ્રીકૃષ્ણ દુલ્હા બનીને પધાર્યા છે. નંદબાબા પ્રભૃતિ પ્રમુખ ગોપો અને સખા મંડલી સહિત વ્રજલલનાઓ કે, જેના ગુણ ગાતાં વેદ પણ થાકતા નથી. બ્રહ્માદિકદેવો પણ જેના ચર્ણરજની અભિલાષા કરે છે તે પણ પધાર્યા છે. લાલનના જાનની અલૌકિક શોભા બની છે. વર-કન્યા બન્ને પક્ષોમાંથી કોઇને પણ ન્યુનાધિક કહી શકાય નહીં.

હવે વરરાજા મંડપમાં પધાર્યા છે. લગ્નવિધિ પૂર્ણ થઇ. શ્રીવૃષભાનજીએ કન્યાને

દાયજામાં કેટલું આપ્યું તેનું વર્ણન તો વિણાધારીણી પણ કરી શકે નહીં. લેનાર થાકયા, પણ આપનારા થાકયા નથી. જેના ગૃહમાં સાક્ષાત્ જગતજનનિ લક્ષ્મીજીના પણ જનનિ શ્રી રાધાજીનું પ્રાકટય થયું છે તેના વૈભવનો પાર કોણ પામી શકે ?

લગ્નવિધિ પૂર્ણ થયો પછી વર અને કન્યા પરસ્પરને પાનની બીડી આરોગાવે. એવો નિયમ છે એટલે પ્રથમ શ્રીઠાકુરજી જયારે શ્રીરાધાજીને બીડી આરોગવા તત્પર થયા ત્યારે શ્રીરાધાજી શ્રીમુખ ફેરવી જાય છે. આ પ્રસંગ જોઈ શ્રીરાધાજીની સહેલીયો હસી પડે છે અને આ પ્રસંગ જોયા પછી રાધાજીની સાહેલીયો ચુપ કેમ રહી શકે ? અને ફટાણા બોલવાનો તો લગ્નપ્રસંગમાં નિયમ છે, એટલે હાસ્ય-વિનોદ કરતી સખીયો દુલ્હાને કહે છે: "અહો લાલન, તમે તો ગાયોના ગોવાળ છો એટલે અમારા લાડીલીજીને બીડી કેમ આરોગાવવી એની સમજણ તમને કયાંથી હોય ? અમારા રાધાજી પાસેથી તમારે એ શીખવું પડશે.

॥અહો ગ્વાલ છાછકે ભોગી,
કહા જાનો પાન આરોગી ?
મેરી રાધાજુ આ જુ સિખાવે,
તા તેં પરમ પુણ્ય ફલ પાવે ॥
હરિ નિજકર બીડી લીની,
રાધા મુખ મેલન મતી કીન ।
જબ અધર આન તન હેરો,
તબ રાધાજુ શ્રીમુખ ફેરો ॥
તબ હસહિ સકલ બૃજનારી,
ભલ ઠહકે હો નંદલાલા ।
એક કહે કહો સુનો મેરો,
યહ છુયો ન બેહે તુમરૌ,
તેરી દેહ કાંતિ અતિકારી
વધુ કંચન બરન કુમારી ॥
લીલા છાંડ દેહુ હાથ લલીકો
મત ભેટે કમલ કલિકો ।

રસ સાગરની જાણે લહેરો ઉછળી રહી છે. સખીયો શ્રીઠાકુરજીને કહે છે: તમારા હાથનું પાન અમારા લાડીલીજી આરોગશે નહીં, કારણ કે તમે શ્યામ-સ્વરૂપ છો. અમારા લાડીલીજી સુવર્ણકમળના કળી જેવા છે તમે અમારા લાડીલીજીનો હાથ શા માટે પકડી રાખ્યો છે ? છોડી દો લાલના તમારી કઠોર પકડ અમારા કોમલાંગિ લાડીલીજીથી સહન નહીં થાય.

હૃદયના અણુ-અણુને રસપ્રચુર કરી મુકે એવા આ લગ્નના આલ્હાદક પ્રસંગના અલૌકિક દર્શન થઈ રહ્યા છે સૌ જાણે દેહાનુસંધાન ભૂલી ગયા છે.

જેના "રોમ રોમ પ્રતિરાજહી, કોટિ કોટિ બ્રહ્માંડ" એવા જે પરમતત્વ સ્વરૂપ છે. જેના દર્શન માટે તો "જન્મ-જન્મ યોગી સમાધી લગાવે. સુપનેહું દરસન નહીં પાવે" એવા શ્રીનંદ-યશોદાજીના લાડીલા લાલનલીલા રસ પ્રકટ કરવા વરરાજા બનીને પધાર્યા છે.

અને શ્રીરાધાજીની સાહેલી વ્રજબાલાઓ મનમાં આવે તેમ ફટાણા બોલી રહી છે પ્રસંગને અનુરૂપ ગાળી પણ મીઠી જ લાગે ને !

અધિકાર છે આ વ્રજબાળાઓનો ! આપણે તો માત્ર આ લીલાના દર્શન કરીને જ ધન્ય બનીયે લૌકિક વહેવારના કીચડમાં તો આપણો જન્મ વીતી ગયો. પણ આવી અલૌકિક મંગળસ્વરૂપ લીલાના દર્શનનું સૌભાગ્ય તો આપણને શ્રીવલ્લભની કૃપાથી જ પ્રાપ્ત થયું છો

હવે લગ્નવિધિ પૂર્ણ થયો. એટલે શ્રી ઠાકુરજી સિંહાસન પર બિરાજ્યા ત્યાર પછી સખીયો શ્રીરાધાજીને પૂછે છે :

॥ એક કહંત વર તોહે ભાયો ?
એક અંગુરીન ચિબુક ઉઠાવે,
એક દેખ – દેખ સચુ પાવૌ ॥

સખીયો પરસ્પર હાસ્ય–વિનોદ કરી છે. એક સખી શ્રીરાધાજીનો ચિબુક ઉંચો કરી પૂછે છે : સખી, "તને વર પસંદ પડયો" ?

ત્યારે અન્ય સખીયો અનેક પ્રકારના પ્રશ્નો પૂછી રાધાજીને મીઠી મૂંઝવણમાં મૂકી રહી છે, ત્યારે એક સખી શ્રીરાધાજીને કંઠ લગાવી વિરહભાવથી કહે છે : "લાડિલી, હવે તો તું અમને છોડીને શ્વસુરગૃહે ચાલી જઈશ બહેના ! તારા વગર અમારા જીવન સૂના સૂના બની જશે પણ થાય શું ? દીકરી ને ગાય, દોરે ત્યાં જાય."

આમ હર્ષ અને વિયોગના ભાવો પ્રકટ થઇ રહ્યા છે. એટલામાં ભોજનની તૈયારી થઇ. નંદબાબા અને જાનૈયાઓ ભોજન કરવા બિરાજ્યા. શ્રીઠાકુરજી પણ સભામંડલી સહિત સુવર્ણના બાજોઠપર બિરાજ્યા.

શ્રી વષુભાનજી જેવા વેવાઇ અને નંદબાબા જેવા સમધી. જેની સમૃદ્ધિની ઇંદ્રને પણ ઇર્ષા આવે, એના ઘરના લગ્નપ્રસંગમાં જમણવારમાં શું પૂછવાનું હોય ? પરસ્પર હાસ્ય–વિનોદ કરતા જમી રહ્યા છે. વૃષભાનજીના પક્ષના સ્નેહીઓ આગ્રહ કરી–કરીને જમાડી રહ્યા છે. સ્રી–વર્ગના બન્ને પક્ષો ફટાણાની રમઝટ બોલાવી રહ્યા છે.

શ્રીરાધાજીની સાહેલીયો ગાઇ રહી છે.

(પદ)

જશોદાને કારી અંધેરીમાં જાયો,
યા તે કારોહી કૃષ્ણ કહાયો–જશોદા ૦
ફિરત ગોદ ગુપાલ લીયે સુખ,
મુખ ચુંબન મોદ બઢાયો,
કરમકી રૈખા મિટત નહીં સજની,
ભાગ્ય લીખો સોઇ પાયો–જશોદાને ૦
રસ સિંચત હૈ ઘર–ઘર ભિંતર
દામરી હાથ બંધાયો,
તનક દધીકે કારન લાલન,
માખન ચોર કહાયો–જશોદાને ૦
ભર ભાદોકી આઠો અંધેરી,
ચમકત બિજ સોહાયો,
લે વસુદેવ ગયે ગોકુલમેં,
નંદ ભૂવન પહુંચાયો–જશુદાને ૦
કો વસુદેવ સુનો નહીં ભવનન,
વાસુદેવ કહાં તેં આયો ?
રૂપકી રાસી ચંદ્રમુખી મેરી,
રાધાકો રૂપ બજાયો–જશોદાને ૦

નામ અનંત સુને ગર્ગ તે,
ગર્ગ ન ભેદ બતાયો !
'સૂરદાસ' પ્રભુ કહાંલો બરનો,
શેષહુ પાર ન પાયો–જશોદાને ૦

આનંદ-પ્રમોદ સહિત જમણવાર પુરૂં થયું–વર–કન્યાની વિદાય થઇ.

વિવાહ ખેલતો આ પ્રસંગ આપણા જીવનમાં આનંદ–પરમાનંદ રૂપ બની રહેશે એમાં કોઇ અંશય નથી.

કોઈ વૈષ્ણવના મનમાં એવો પણ પ્રશ્ન થતો હશે કે, જે સૌભાગ્ય વ્રજ ભકતો ને પ્રાપ્ત થયું છે, તેવું સૌભાગ્ય તો આપણને સ્વપ્નામાં પણ કયાંથી પ્રાપ્ત થાય? ત્યારે મોટાઓ આપણને સમજાવે છે કે–શું આપણા લગ્ન શ્રીઠાકુરજી સાથે નથી થયા ? શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણને પણ આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, પતિ સ્વરૂપ પ્રભુ આપણા માથે બિરાજે છે, સેવા પણ આપણે સખી ભાવથી થાય છે, પણ પ્રભુ પ્રત્યે આપણો નિષ્કામ સ્નેહ અને માત્ર પ્રભુના સુખનોજ વિચાર લોકિકમાં અનાસકત ભાવ હશે આપણને પણ એવું સૌભાગ્ય અવશ્ય પ્રાપ્ત થશેજ છતાં આપણે કહીયે કે, આપણો અધિકાર કયાં છે? એ માત્ર છુટી પડવાનું બહાનુંજ છે શ્રીવલ્લભની કૃપાથી બ્રહ્મ સબંધ લીધા પછી તો પ્રભુના અંતઃ પુર સુધી જવાનો અધિકાર પ્રાપ્ત થયો જ છે. છતાં આપણે પ્રમાદી બની જઇયે એ આપણીજ ખામી છે એટલા માટેજ આપણને સાવધાન કરવા માટે શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ આજ્ઞા કરી છે કે

॥ નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદર્શે જને ॥

હંમેશા ભગવદિયો સાથે સત્સંગમાં નિવેદનનું સ્મરણ કરવું અને એ એટલા માટે કે હું કોણ હતો? અત્યારે મારૂં કેવું સૌભાગ્ય છે? હવે મારૂ શું કર્તવ્ય છે? નિવેદનનું સ્મરણ એટલે પ્રભુ રૂપી પતિ મને નિવેદન દ્વારા પ્રાપ્ત થયા છે, તો પછી મારે બીજું શું જોઇયે? હવે તો મારે સર્વદા સર્વભાવથી પ્રભુની સેવા એજ મારો ધર્મ છે સર્વભાવથી એટલે લૌકિકમાંથી આસકિત છોડીનેજ પ્રભુ પરાયણ રહેવાનું છે, એટલા માટેજ નિવેદન રૂપ આપણા અલૌકિક લગ્નને હંમેશાં યાદ રાખવાના છે, આવી સ્પષ્ટતા શ્રીમહાપ્રભુજીએ કરી હોવા છતાં આપણો અધિકાર નથી એમ કહીવું એ માત્ર આપણી અજ્ઞાનતા જ છે.

અત્યાર સુધી આપણે ભલે ચાંડાલી જેવા હતા, છતાં હવે તો રાયપત્નિ બન્યા છીયે. છતાં શું ચાંડાલી જેવાજ બની રહીશું ? અને સેવાથી વિમુખ બનશું? તો પછી આપણા નિવેદનનો અર્થ શું ? એમ થશે તો આપણે રાજપત્નિ તો રહીશું જ પણ રાજપત્નિ જેવું સૌભાગ્ય તો સ્વપ્તામાં પણ પ્રાપ્ત નહીં થાય.

આપણા પૂર્વજ ૮૪–૨૫૨ ભગવદીયો આપણને કેવો આદર્શ બતાવી ગયાં છે? શિક્ષાપત્રમાં પણ શ્રીહરિરાયજીએ સમજાવવાનું શું બાકી રાખ્યું છે? શ્રીગુરૂદેવ પણ આપણને વચનામૃત દ્વારા શું નથી સમજાવતા? છતાં અન્યાશ્રય, અસમર્પિત અને અસદાલાપથી આપણે મુકત થઇ શકતા નથી આપણા હૃદય મલિન બની ગયા છે એ કારણથી જ

ઉત્તમ શિક્ષા આપણા હૃદયમાં સ્થિર થતી નથી.

અસમર્પિત વસ્તુ પણ છેવટ ચર્ણોદક પધરાવીને લેવાથી પણ અન્નનો દોષ દુર થાય છે પરંતુ બુબ અફસોસની સાથે કહેવાય જાય છે કે, આપણા ઘણા વૈષ્ણવભાઇયો હોટલ વિગેરેમાં જે ભોજનાદિક કરે છે, જગત ઝુઠનની જરા પણ સુગ આવતી નથી. આ આપણી કેવી અધોગતિ ? એક વૈષ્ણવે ખૂબ દુઃખીત હૃદયથી પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે, “હવાડામાં ગાય, ભેંસ, શ્વાન, ગધેવ વિગેરે એક સાથે પાણી પીએ છે, પરંતુ એ પશુ છે. અજ્ઞાની છે. તેમ એના માટે અન્ય કોઇ વ્યવસ્થા નથી એટલે ક્ષમાપાત્ર છે, પરંતુ આપણે મનુષ્ય હોવા છતાં અને પ્રભુએ બુદ્ધિ આપી છે, વળી વૈષ્ણવ થયા. તે છતાં આવા સાર્વજનિક ભ્રષ્ટસ્થાનમાં એક જ હવાડાની માફક ખાન-પાન કરીયે તો આપણા કરતાં પશુ શ્રેષ્ઠ છે એમ કોઇ માને તો એમાં શું દોષ ? અને આવી સ્થિતીમાં હૃદયમાં ભગવદ્ ભાવ કયાંથી સ્થિર થાય ?....પ્રભુ આપણને સદ્બુદ્ધિ આપે અને રક્ષા કરે એટલું જ માગીયે.

નંદનો કુંવર પરણાવ

(સિંધ ભૈરવી)

નંદનો કુંવર પરણાવ
માડી મુને નંદનો કુંવર પરણાવ,
વહેલી થા નહિ તો કોઇ વિવાહ કરી જાશે,
મારી સખીઓની સાથે કંઇ કહાવ —માડી૦
મારા પિતાને કહી કુમ કુમ કચોળે ભરે,
વહેલો વહેલો વિપ્રને બોલાવ —માડી૦
રૂપવંતો ને ગુણવંતો ન એવો કોઇ
તુંને દાખું જો ગોકુળિયામાં આવ —માડી૦
અખંડ અહેવાતન એને વર્યેથી,
મારા જન્માક્ષર જોવડાવ.... —માડી૦
શ્રી રાધાના વચન સુણી કીરતીજી હૃદે ચાંપી,
એમ કહીશ બેટા આવ —માડી૦
મેં પણ ‘**દયા**’નો પ્રીતમ વર ધાર્યો,
કાંઇ એક ધીરજ મનમાં લાવ —માડી૦

—શ્રી દયારામભાઈ

॥ શ્રીવલ્લભો જયતિ ॥
॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય
રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

લેખાંક ૧૯ મો —ગતાંકથી ચાલુ

શ્રીકૃષ્ણદેવને થતો ખેદ

દોહા :– ભારત કે આચાર્ય સબ, ગયે નગર જબ આય,
કરત વ્યવસ્થા રાવ શુભ, વાદી વાદ ચલાય.

ચૌપાઈ – રાધેશ્યામ

સબ દેશ દેશ કે પંડિતજન, આચાર્ય પ્રસન્નતા પાતે હૈં,
વૈષ્ણવ શાંકર ચાર્વાક સાંખ્ય, વૈશેષિક બુધ પથિ આતે હૈં.
શાંકર વિદ્વાનોં કે સહાયક, ગણપતિ શિવ શાકત સુસૌર ખડે,
નિમ્બાર્ક વિષ્ણુ રામાનુજસે, શ્રી મધ્વ સહાયક ઔર બઢે.
મધ્યસ્થ રહત ગૌતમ કણાદ, મીમાંસક દ્વય મિલ આતે હૈં,
પાતાંજલ કાપિલ વિવિધ પથિક, વાદી બન વાદ ચલાતે હૈં.
શાસ્ત્રાર્થ ચલત અતિ ઉચિત નિયમ, ષટ મહિને વૈસે બીત ગયે,
હારે વૈષ્ણવ સહ પંથ પથિક, શાંકર મતવાદી જીત ગયે.
ત્રય વ્યૂહ વાકય બલ વિજય લેત, વિદ્યા તીરથકી જય છાઇ,
નિજ વાક્ જાલ સે બિજય પાય, પેખત નૃપકી મતિ સકુચાઇ.
રાજા કા હૃદય ઉદાસ હુઆ, સબ વાક્જાલસે શ્રમિત હુએ,
સાંચે સિદ્ધાંતી વૈષ્ણવ સબ, શાંકર સે હારે ભ્રમિત હુએ.
સિદ્ધાન્ત ઉચિત વૈષ્ણવ મત શુભ, યહાં પરાજિત લખ પાયા હૂં,
રાની સુનકર મર જાયેગી, શાસ્ત્રાર્થ કિયે પછતાયા હૂં.
પહેલે સે વિદિત મુઝે હોવે, યહ પ્રકરણ નહિં ખુલવાતા મેં,

અપમાન કરાયા નિકટ બૈઠે, યહ સોચ દોષ નહિં પાતા મેં.
કહતે હૈ વૈષ્ણવ આપસ મેં, વશીકરણ કિયા માયિક જનને,
સબ મૂઢ ભયે વૈષ્ણવ મતકે, ભય વિવશ ભયે અપને મનમેં.
શ્રી બાલ સરસ્વતી કાશી કે, બુલવાયે ઐસા કહતે હૈં,
બિગડી સબ બાત સુધારેંગે, જાનત નહિં કહિં પર રહતે હૈં.
ઉર સોચ ધરત રાજા મનમેં, માયિક મતકી ચિત ચાહ નહીં,
કલ વિજય પત્ર દેના હોગા, મેરા અબ એક ઉપાય નહીં.

દોહા :- વિધિ નહિં પાવત બિધી ચરિત, પુનિકો પાવહિં પાર,
ગહન બાત અતી ગહન પર, રાખત ઇન આધાર,
આવત નૃપ રનિ વાસમેં, બાત કહત પછતાત;
સુન રાની કે હૃદય પર, મનહું વજ્કા પાત.

ચૌપાઈ - રાધેશ્યામ

બોલા નૃપ સુન મમ પ્રાન પ્રિયાં, મેરા અબ એક ઉપાય નહીં,
હરિ ઇચ્છિત બાત બની સારી, મેરા પ્રણ અબ પલટાય નહીં.
ભકતોં કે રક્ષક શ્રીહરિ હૈં, ભકતોં કે ભવ દુઃખ હરતે હૈં,
તેરી દઢ ભક્તિ શ્રીહરિ મેં, હરિ કછુક પરિક્ષા કરતે હૈં.
છનમેં બ્રહ્માંડ પ્રકટ કરતે, ઇક છનમેં લય કર પાતે હૈં,
અભિલાષા પુર્ણ કરેં તેરી, અન્તિમ રક્ષક બન જાતે હૈં.
યહ વિધ નૃપ રાની સમઝાઇ, નૃપ સભા મંચ પર આતા હૈં,
બુલવાયે ઉપરોહિત સારે, આદેશ એક સમઝાતા હૈં.
ષટ માસ બિતત શાસ્ત્રાર્થ કરત, શ્રી શાંકર મત જય પાયા હૈ,
કલ વિજય પત્ર દેવેં સબ મિલ, દિન દૂજા પ્રહર સુનાયા હૈ.
આદેશ દિયા જબ રંગનાથ, સુન વૈષ્ણવ જન સબ સકુચાયે,
કછુ કહિ ન સકત ઉર વ્યથિત મહત, માનહું હિમકણ બરષા પાયે.

(–ક્રમશઃ)

આ માસના ઉત્સવ

આસો વદ ૧ તા. ૮-૧૦-૮૭ ગુરુવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સ શ્રી ગોવર્ધનલીલાના પદનો પ્રારંભ.

આસો વદ ૧૧ તા. ૧૮-૧૦-૮૭ રવિવાર રમા એકાદશી વ્રત.

આસો વદ ૧૩ તા. ૨૦-૧૦-૮૭ મંગળવાર ધન તેરસ, લક્ષ્મીપૂજન, ધન્વંતરી ભગવાનનો જન્મ દિન, જગાવવાના પદ બોલાય.

આસો વદ ૧૪ તા. ૨૧-૧૦-૮૭ બુધવાર રૂપ ચતુર્દશી, અભ્યંગ સ્નાન.

આસો વદ અમાસ તા. ૨૨-૧૦-૮૭ ગુરુવાર દિવાળી, હટડી, કાન જગાવન, દીપદાન, લક્ષ્મીપૂજન.

સં. ૨૦૪૪ કારતક સુદ ૧ તા. ૨૩-૧૦-૮૭ શુક્રવાર નુતન વર્ષારંભ, ગોવર્ધનપૂજા, અન્નકુટ ઉત્સવ અન્નકુટની આરતિ વખતે ઇન્દ્રમાન ભંગના પદ શરૂ કરી સાતમ સુધી બોલાય.

કારતક સુદ ૨ તા. ૨૪-૧૦-૮૭ શનિવાર ભાઇ બીજ.

કારતક સુદ ૮ તા. ૩૦-૧૦-૮૭ શુક્રવાર ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૩૧-૧૦-૮૭ શનિવાર અક્ષય નવમી, કુષ્માંડ નવમી, સત્ય યુગાદિતિથિ, ગોવિંદાભિષેકોત્સવ વિવાહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય.

કારતક સુદ ૧૧ તા. ૧-૧૧-૮૭ રવિવાર શરદ ઋતુ પૂરી થઇ.

કારતક સુદ ૧૨ તા. ૨-૧૧-૮૭ સોમવાર પ્રબોધિની એકાદશી વ્રત તુલસી વિવાહ મંડપ શૃંગારમાં રસાત્મક મહારાત્રિ ચાતુર્માસ નિયમ સમાપ્તિ, હેમન્ત ઋતુ શરૂ થઈ પોષ વદ ૮ સુધી શ્રી ગુસાંઇજીના પ્રથમ લાલ શ્રી ગિરિધરલાલજી (સં. ૧૫૯૭) તથા પંચમ લાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧) નો જન્મોત્સવ.

કારતક સુદ ૧૫ તા. ૫-૧૧-૮૭ ગુરુવાર પૂર્ણિમા, ચાતુર્માસ નિયમ સમાપ્તિ ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ યજ્ઞ પત્નિનો અંગીકાર.

કારતક વદ ૧ તા. ૬-૧૧-૮૭ શુક્રવાર ગોપમાસ આરંભ વ્રતચર્યા.

॥ શ્રીનાથજી પ્યારેકી જે ॥

એક પત્ર

પ્રેષક : **એક વૈષ્ણવ.**

હે વ્હાલા વલ્લભીય,

હું તમને કહું છું તે સત્ય છે તેમ ન માનતા. હું તમને એમ નથી કહેતો કે તમે આમ કરો. હું તો તમારાથી પ્રેમ કરૂં તેવું પ્રભુ પાસે માગું છું.

જુવો, શ્રી વલ્લભના સિદ્ધાન્તો જેટલા ભુતકાળમાં જરૂર હતી, તેથી વધુ તે અત્યારે કામના છે. તે જીવે ષોડશ ગ્રંથ દ્વારા જીવનમાં ઉતારવાની જરૂર છે. પહેલાની જે મેંડ. અપરસ, ખાસાં, સેવકી ઇત્યાદિક બાંધી હતી તે બરાબર હતી. પરંતુ અત્યારે તે પોત પોતાની પ્રભુએ આપી હોય તેવી સ્થિતિમાં પાળવી.

ધર્મ એ સમય ને સંજોગને અનુકુલ રહી પાળવાનો હોય છે. મુખ્ય તો અંશે (જીવે) અંશી એટલે પ્રભુને ન ભુલવું તે છે. જો આપણી પાસે આશ્રય ધર્મ હશે તો બીજા સાધનો પ્રભુ બળે મળી જ રહેશે. આ કૃપામાર્ગમાં ફક્ત પ્રભુકૃપા મેળવવા સેવા સ્મરણ ને સત્સંગ મુખ્ય સાધન છે. ને તે જ આગળ જતાં ફલરૂપે બની જાય છે.

હવે (૧) **સેવા** તો ગભરાયા વગર જે સ્થિતિમાં પ્રભુએ મુકયા હોય તે સ્થિતિમાં તેમને (પ્રભુને) લાડ લડાવવા. તેમાં સમય ને સંજોગ અનુસાર કરવી ને નિર્ભય બનવું કે મારા અપરાધ પડે છે, હું જાણું છું, પરંતુ તેને બને તેટલી રીતે પ્રભુના સુખનો વિચાર રાખીશ, પરંતુ સેવા છોડીશ નહિ, કારણ કે પ્રભુ મારી સ્થિતિ જાણે છે ને તે કોઇ જીવના અપરાધની નોંધ રાખતા નથી. તો સેવા કરનાર ગમે તેવો પણ "જુઠા ભગતનું પણ માધવ રાખે માનજો" માટે મારે શ્રી ઠાકોરજી કોઇપણ રીતે પધરાવીને સેવા કરવી તે ને પ્રભુ જેના ઘરમાં ન હોય તે સુખી થતો જ નથી માટે ગુરુ પાસે સેવ્ય સ્વરૂપ કરાવી **નિર્ભય બની સેવા કરવી.**

(૨) **સ્મરણ** – સ્મરણ કાંઇ એક ઠેકાણે બેસવાથી જ કે માળા હાથમાં હોય તો જ થાય તેવું નથી. તે તો પોતાના જીવનના દરેક કાર્યમાં લક્ષ પ્રભુ નામનું રાખીને કરવાનું છે. તેથી તમે હું એકલો છું તેવું નહિ લાગે. મારી સાથે સ્મરણરૂપી પ્રભુ છે. પછી મારે આ દુનિયાથી ગભરાવાની જરૂર નથી. માટે નિર્ભય બની સ્મરણ કરવું તો **આશ્રય ધર્મ સિદ્ધ થશે.**

(૩) **સત્સંગ** – તે અત્યારે મલતો નથી. ખાલી ચારિત્ર્યહીન પુરૂષોને સ્ત્રીઓ દ્વારા તે થાય છે. જેમ જલભેદમાં બતાવ્યું છે તેવો દુઃસંગરૂપી સત્સંગ મલે છે. માટે તે જીવનમાં ઉતારવાથી જીવન બગડે છે. માટે જો સત્સંગ–પુષ્ટિમાર્ગ રીતે "નિવેદનં તુ સ્મર્તવ્યમ" તેવો ન મલે તો તેવા પચાસ વર્ષ પહેલાના ભાવ-ભાવના ભરેલા પુસ્તકોનું વાંચન કરી લે ભાવના પચાવવી, ને જીવવું. પરંતુ હીન કક્ષાના વાણીના વિલાસોવાળા પુસ્તકો વાંચી સમય બગાડવો નહિ. પ્રભુ સ્મરણ બને તેટલું વધારવું તો પછીની જવાબદારી પ્રભુની છે. તે તમને 'ભગવદીય કોં ભગવદ સંગ મીલી રહે, જાકે હિયે બસત પ્રાણ પ્યારે, તો તે જરૂર વચન સત્ય કરશે તેવો સંપૂર્ણ ભરોસો રાખવાથી સહજમાં પ્રભુનું સુખ મલે છે. જયશ્રીકૃષ્ણ

પ્રભુ સુખ કર્તા છે.

લે. પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ, અરાદ,

હું લીલાનો જીવ છું. ગોલોક મારું અલૌકિક સદાનું કાયમી નિવાસ સ્થાન છે. રસાત્મક પુરૂષોત્તમનો શ્રીવિઠ્ઠલેશ પ્રભુનો અંગીકૃત જીવ છું હું તેમનો દાસ છું. એ સર્વેશ્વર પ્રભુ મારા સમર્થ સ્વામિ છે. મારી નિકુંજમાં અનંત ભગવદ ભક્તો બિરાજે છે. આજે પણ અમારા આધિદૈવિક સ્વરૂપો તો નિરંતર સદાને માટે ત્યાંજ આનંદનિધિના ચરણકમલનો દઢ આશ્રય કરીને બિરાજી રહ્યા છે. શ્રી........ની ઇચ્છાથી, અમારા કોઇ અપરાધથી અનંતકાળથી આ ભૂતલ ઉપર ભટકતો આ જીવ માયાના ચકાવે શોક અને મોહમાં, માયામાં મમત્વ બાંધી અહં ભાવમાં પ્રભુને સાવ ભૂલી બેઠો. પ્રભુના સ્વરૂપને ભુલ્યો. લીલાધામને ભુલ્યો. પોતાના સ્વરૂપને ભુલ્યો. સઘળું ભુલ્યો. સર્વેશ્વરની સેવા–સ્મરણ તમામ ભુલ્યો. શું કરવું ? કાંઇ ન સૂઝ્યું. ક્ષણિક પદાર્થોમાં મમત્વ બાંધ્યું. અને દુઃખોની હારમાળા શરુ થઈ ગઇ. પ્રભુમાં મમત્વ હતું. ત્યાં સુધી સુખ હતું. શાંતિ હતી. આનંદ હતો. માયાની ભીંસ અને તેની નાગચૂડમાંથી કઇ રીતે ઉગરવું ? કાંઇ સૂઝતું ન્હોતું.

જીવ, જંતુ, પશુ, પંખી અનેક જન્મે ભુતલ પર થયા અને પારાવાર દુઃખ, સંકટો, સહન કરતો પાપ તાપ, સંતાપમાં બળવા લાગ્યો. કાળના સ્મરણથી ધુજવા લાગ્યો. ભયમાં ભયભીત એવો. અનાથ જીવના આક્રંદ–રૂદન હૃદયદ્રાવક હતા. જેનું વર્ણન લખતાં કલમ કંપે છે.

ભગવદ્ભાવ ભુંસાઇ ગયો. જીવભાવે સ્વાર્થભાવના દિનપ્રતિદિન પ્રબળ થતી ચાલી. સમજાતું ન્હોતું કે આવું ક્યાં સુધી ચાલશે ? આમને આમ કેંક કાળ વીતિ ગયો. પરંતુ માયામાં મનથી બંધાયેલો આ જીવ તો છેવટે સર્વેશ્વરનો અંગીકૃત જીવ હતો ને ! અંતઃકરણમાં સ્મરણ તો રહ્યુ હતું. મુંગો પોકાર પ્રભુથી ક્યાં અજાણ હતો !

અનેકાનેક જન્મ ધરતો ધરતો જીવ ઉત્તરોત્તર ગતિ કરી રહ્યો હતો. મહા ઉદાર પરમ દયાળુ પ્રભુએં અંતે મનુષ્ય જન્મ આપ્યો. ભગવદ્ ભક્તને ત્યાં જન્મ થયો. શ્રી વલ્લભકુળે હાથ પકડયો. બ્રહ્મસંબંધ કરાવ્યો. સંબંધ તાજો કરાવ્યો. જેની વિસ્મૃતિ થઈ ગઇ હતી, તેની સ્મૃતિ કરાવી. શ્રી મહાપ્રભુજીનો સંબંધ કરાવી દીધો. વચનામૃતે અભયદાન દીધાં.

સંગદોષથી દુષિત. દુઃસંગથી કલુષિત થયેલો એવો હું દુષ્ટ જીવ, પ્રભુની દયાળુતાની અનુભૂતિ થતાં જ ગદ્ગદિત થઇ ગયો. આજે એક વાત વિચારૂં છું કે અનેક જન્મો લીધા. ઘણાંએ કષ્ટ ભોગવ્યા. પરંતુ પ્રભુએ મારા માટે શું ખોટું કર્યું ? તમામ યોનિમાં મારૂં પાલન પોષણ કર્યું છે અને દયાળુ પ્રભુએ છેવટે મારી યોગ્યતા, કૃતિ જોયા વગર શરણે લઇ મારો અંગીકાર કર્યો છે સાચે જ પ્રભુ સુખ કર્તા છે.

ભૂતકાળ ઘણો લાંબો હતો. પરંતુ ભુતકાળને હું સમજી ન શકયો. પ્રભુને ઘણો જ પરિશ્રમ પહોંચાડયો, એનું હૃદયમાં દુઃખ

છે. ભુતકાળે મારું શું બગાડ્યું છે? દુઃખ સામે જ દૃષ્ટિ રાખી. વર્તમાન વૃથા ગુમાવ્યો ભગવદ્ કાર્ય ન થયું. પરંતુ હજુ પણ વર્તમાન કાળ આપણને આગળ વધવાની તમામ તક આપે છે. વર્તમાન કાળ ભવિષ્ય સુધારશે. ચિત્તની તમામ ચિંતા પ્રભુને સોંપી દઈએ. પ્રભુની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લઈએ. પ્રભુ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખીએ. ભવિષ્યનો ડર તજી દઈએ. વર્તમાન કાળમાં ભગવદાશ્રય દૃઢ કરવા માટે ભગવદ્ સંગ કરી ભગવદ્ સંબંધી ભગવદ્ કાર્યોમાં પળે પળનો ઉપયોગ કરીએ.

યાદ રાખીએ કે ભૂતકાળમાં પ્રભુએ આપણું કદિ ખોટું કર્યું નથી. પ્રભુ સુખ કર્તા છે. જે કાંઈ થયું છે, થાય છે અને થવાનું છે તે પ્રભુની ઇચ્છાથી જ થવાનું છે, પ્રભુ નિજજનનું કદાપિ અહિત કરશે નહિ. પ્રભુ હિતકર્તા છે. વ્રજની લીલા વિચારો. કંસના મોકલેલા દાનવો ખરાબ આશયથી પણ આવી પ્રભુ સન્મુખ થયા. તો તે સર્વેને પ્રભુએ પોતાના ચરણારવિંદમાં લીધા. વળી પૂતના જેવીને તો મા યશોદાની ગતિ આપી. વિમૂખ દાનવો સન્મુખ થતાં પ્રભુપદને પામ્યા. તો પછી આપણે જો પૂર્ણ ભાવથી સેવા–સ્મરણ–સત્સંગ વગેરે ભગવદ્ ભાવનાથી કરશું તો દાનવોથી કાંઇ ગયા? ઉતરતા નથીને? પ્રભુ પરમ દયાળુ છે. જીવ માત્રનું કલ્યાણ જ કરે છે. તો પછી નિજજનનું કેમ અહિત કરશે? વિશ્વાસુના વિશ્વાસુ પ્રભુ છે. અનન્ય ભગવદ્ ભક્તો પ્રભુને ખૂબજ વહાલા છે. અને એવા અનન્ય ભગવદીયોનો સંગ જ સત્સંગ છે. માર્ગીય સત્સંગ જ ફલરૂપ છે. ભગવદીયોના સંગ વગર પ્રભુમાં આસક્તિ ક્યાંથી થવાની છે? ભગવદીયો પ્રપંચનું વિસ્મરણ કરાવી ભગવદ્ભાવની વૃદ્ધિ કરાવે છે.

ભગવત્સંગ બાદ, સતત ભગવત્સ્મૃતિ રહે. સતંત શરણને દૃઢ કરે છે. પ્રભુમાં ચિત્ત રહે તો પ્રભુ દૂર નથી. અને પ્રભુથી આપણે દૂર નથી. ચિત્ત જેની નિકટ રહેતું હોય, તેનું જ તેને ચિંતન થાય છે. ચિત્તમાં સદા શ્રીહરિનું સ્મરણ રહેતું હોય, એવા ભગવદીઓના સંગથી ભગવદાશ્રય જલ્દી દૃઢ થાય છે. ભગવદાશ્રય દૃઢ થયો એટલે સર્વ સિદ્ધ થયું સમજો. એવા અનન્ય ભક્તોનો સંગ હું ઝંખુ છું. એવા જનોની ઝાંખી સ્મરણ અને સંગ અન્ય આશ્રય છોડાવી, પ્રપંચને ભુલાવી પ્રભુમાં દૃઢાશ્રય કરાવે છે. એમાં કશી શંકા નથી. પ્રભુના મિલનની લગની એવાઓના સંગથી જ લાગશે. વિરહનું દાન દઇ, પ્રભુમાં સ્નેહ કરાવનારા, અનન્ય ભગવદ્ ભક્તોનો આશ્રય હું ઝંખુ છું.

"મોરે બલ હે હોઉ ઠોરકો, એક ભરોસો હરિ ભક્તન કો, દૂજો નંદકિશોરકો" પ્રભુ નિર્દોષ છે. સાચા સ્નેહી છે. આપણા એ સ્વામી છે. આપણે સહુ એમની દીનદાસીઓ છીએ. આપણા શિર એ ચરણારવિંદમાં સોંપી, દૃઢ વિશ્વાસ ધરીએ. આપણું શરણાગત જીવોનું એક માત્ર અભયસ્થાન છે. શ્રીહરિના ચરણકમલ આપણું એક માત્ર એ જ સર્વસ્વ છે. સર્વ એ ચરણકમલમાં સમર્પણ કર્યું છે. પ્રભુ સર્વેશ્વર છે. સુખકર્તા છે. જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીહરિઃ ॥

કર્તવ્યનો સાદ

ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાળા

(સહમંત્રી ગુ. પ્ર. આં. પુ. વૈ. પરિષદ)

દેશના પોણા ભાગમાં દુષ્કાળની ગંભીર પરિસ્થિતી ઊભી થઇ છે. તેમાં પણ સહુથી વધુ ભીષણ પરિસ્થિતી સૌરાષ્ટ્ર કચ્છની છે કેમકે સતત છેલ્લાં ત્રણ વર્ષથી અનાવૃષ્ટિની સ્થિતીએ ખેડુતો અને પશુપાલકોને પાયમાલ કરી નાખ્યા છે. આ વર્ષે જ્યારે વરસાદની રહીસહી આશા પણ તૂટી ગઇ. ત્યાર પહેલાંથીજ પાંજરાપોળો અને કેટલ કેમ્પોમાં ઢોરઢાંખરની સંખ્યા ક્ષમતા કરતાં ત્રણથી દશગણી વધી ગઈ. જે સામાન્ય રીતે નબળા પડી ગયેલ ખેડુત, માલધારીઓ હતા. તેમના ઢોર તો આમ પહેલાંથી જ નધણીયાતા મૂકી દેવાયલાં અને રહીસહી આશા પણ તૂટતાં પશુધનને ઉગારવા જેમનાથી જે જે પ્રયત્નો થયાં તે કરવા સરકાર અને સંસ્થાઓ આગળ આવી જ છે. પણ જ્યાં લાખોની સંખ્યામાં ઢોરને ઘાસ પાણી આપવાનો પ્રશ્ન હોય ત્યાં આટલી સંસ્થાઓના પ્રયત્નો પણ અપૂરતાં બની રહે છે. આપણી આં.પુ.વૈ. પરિષદે પણ આ વર્ષના પ્રારંભથી જ દુષ્કાળ પીડીતોની સહાયતામાં કટીબદ્ધ બની કાર્ય શરૂ કરી જ દીધેલ છે અને હજુ પરિષદની ગુજરાત પ્રદેશ સમિતી તેમજ જુદી જુદી શાખાઓ તેમજ અનેક પૂ. ગો. આચાર્યશ્રીઓ આ કાર્યને વેગપૂર્વક ચલાવી રહ્યાં છે. હવે આપણા માટે આજનો પ્રશ્ન એક એ છે કે દુષ્કાળની પરિસ્થિતીના પ્રારંભથી જ જે નબળા લોકો હતા તેમના ઢોર-ઢાંખર પાંજરાપોળ-વા કેટલ કેમ્પોમાં મૂકી દીધા અને તે બધા ન સમાવી શકાય તેટલી હદે ભરાઇ ગયા ત્યારે હવે આગળની જે ભિષણ સ્થિતી, આવતા આઠ દશ મહિનામાં ઊભી થવાની છે તેમાં સુખી ગણાતા અને ધાર્મિકવૃત્તિને લઇને પણ પોતાના ગજા ઉપરાંત ત્રેવડ કરીને ગાય બળદ સાંચવી રહેલ ખેડુતો જેમાં ઘણા મોટા ભાગના વૈષ્ણવ ખેડુતો છે તેમની હિંમત તૂટવાને આરે આવીને ઊભી છે. તેમને જો સત્વરે સહાય નહીં પહોંચાડાય તો ભારી અનર્થ થવાની સંભાવના ડોકાઇ રહી છે. પરિષદની રાજકોટ શાખાના પ્રયાસોથી જામનગર જીલ્લાના કેટલાંક ગામોના આવા ઢોરને તે તે ગામે ઘાસચારો પોંચાડવાનું પણ આરંભાયુ છે. પણ કાર્યની ગંભીરતા જોતાં રાજકોટ શાખાના કાર્યકરો પરિષદના કેન્દ્રિય અધ્યક્ષ પ. ભ. શેઠ શ્રી હરિદાસ (મનુભાઇ) દેવીદાસને બેટદ્વારકા મુકામે મલ્યાં. માનનીય અધ્યક્ષશ્રી પણ ઓખામંડલ તાલુકો કે જ્યાંના પોતે વતની છે ત્યાંની ગૌશાળાઓની સ્થિતીની જાતમાહિતી મેળવવા અને તેમને મદદ પોંચાડવા જ ખાસ આવેલ. તેઓશ્રીએ એક સૂચન કર્યું કે બહારથી ઘાસચારો લાવીને પોંચાડવો તે તાત્કાલિક ઉપાય તરીકે ઠીક છે પણ જ્યાં જ્યાં કંઇપણ પાણીની સગવડ થઇ શકતી હોય ત્યાં ત્યાં જે તે ખેડુતોને મલીને સહાય કરીને ઘાસચારો ઉગાડવા પ્રોત્સાહન આપવું જોઇએ જેથી સ્થાનિક કક્ષાએથી થોડો

ઘણો પણ ઘાસચારો મળતાં મૂંગા પશુઓની યાતનામાં ઘટાડો થાય. આજે આપણે સર્વે વૈષ્ણવોએ તન-મન-ધનથી બીજાં બધા કાર્યોમાંથી પ્રવૃત્તિ ખેંચીને ગૌસેવાના કાર્યને અગ્રતા આપવાની તાતી જરૂર છે. આ દિશામાં સુરતવાળા પૂ. પા. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીએ રાજકોટ મુકામે કારીરીયજ્ઞ દરમ્યાન પોતાના તરફથી અને વૈષ્ણવો દ્વારા એકાવન હજાર રૂ. જેવી સહાય રાજકોટ પાંજરાપોળની કરાવેલ પરિષદના અધ્યક્ષશ્રીએ પણ પોતાના તરફથી અને પોતે જે ટ્રસ્ટો સાથે સંકળાયેલાં છે. તેમના દ્વારા બે લાખ રૂપિયા ઉપરાંતની મદદ કરી છે. બેટદ્વારકામાં કેટલાક કુવાઓ પર મશીન મૂકાવી વગેરે કાર્યો ચાલે છે. આ ઝુંબેશને વધુ અસરકારક બનાવી આપણે આપણી વૈષ્ણવતાનું ગૌરવ વધારી શકીએ છીએ. આવો ! આપણે સંકલ્પબદ્ધ બની ગૌરક્ષા, પ્રાણીમાત્ર ભગવદ્અંશ છે તેમના દુઃખોમાં સહભાગી બની આપણા તન, મન, ધનથી સમર્પિત બનીએ....!

સમાચાર

મુંબઈ : સૌરાષ્ટ્રમાં સતત ત્રીજા દુષ્કાળનાં ઓળા ઉતરેલ છે. જેમાં જામનગર જીલ્લામાં વિશેષ અછતગ્રસ્ત ઓખા મંડળ તાલુકામાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય પ્રમુખ શેઠ હરિદાસ દેવીદાસ ઉર્ફે મનુભાઈ દેવીદાસ રાહત કાર્યમાં તન–મન અને ધનથી લાગી ગયા છે.

ઓખા મંડળ તાલુકાના ગામો દ્વારકા–વરવાળા–ઓખા–બેટદ્વારકા–ગોપીતલાવ–મુલગોમટા વિગેરે ગ્રામ્ય વિસ્તારમાં વૈષ્ણવ પરિષદનાં ઉપક્રમે કેન્દ્રીય પ્રમુખશ્રીનાં હસ્તે રૂપિયા બે લાખ દશ હજારનાં રાહત કાર્યો કરવામાં આવ્યા છે.

જેમાં શેઠ દેવીદાસ માધવજી ઠાકરસી પરિવાર તરફથી રૂા. ૫૦,૦૦૦/– મટુબાઈ આરોગ્ય ભુવન ટ્રસ્ટ દ્વારા રૂા. ૭૫,૦૦૦/–, મોતીબાઈ કસારા બાગ ટ્રસ્ટ દ્વારા રૂા. ૨૫,૦૦૦/– દ્વારકા ગૌશાળાને શ્રી ગોકુલનાથજી મહારાજ ગૌરક્ષક ટ્રસ્ટ દ્વારા રૂા. ૧૦,૦૦૦/– દ્વારકા ગૌશાળાને તેમજ રૂા. ૫૦,૦૦૦/–નાં કપાસીયાના છાલાં તેમજ શેરડી ખરીદ કરી પશુધનને ચારામા નાખવામાં આવેલ છે.

તે ઉપરાંત વૈષ્ણવ પરિષદનાં કેન્દ્રીય પ્રમુખશ્રી હરિદાસ દેવીદાસ ઉર્ફે મનુભાઈ શેઠ ઓખામંડળ તાલુકામાં ઘણા જુના બીન ઉપયોગી કુવા આવેલા છે તેમાંથી ખેડુતોને પ્રેરણા આપી કુવા ગળાવી રહ્યા છે તેમજ જરૂરત મંદને કુવા ઉપર મશીર બેસાડી ઘાસચારા ઉગાડવા માટે પ્રેરણા આપી રહ્યા છે જેથી આગામી તકલીફોનાં દિવસોમાં ઘાસચારો પ્રાપ્ય થઈ શકે.

વૈષ્ણવ પરિષદનાં ગુજરાત પ્રદેશનાં સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળા તેમજ ભૂતપૂર્વ કેન્દ્રીય કારોબારી સભ્ય ગોકલદાસ સોનીએ પ્રમુખશ્રી સમક્ષ સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોની દુષ્કાળની માહિતી રજુ કરતાં પ્રમુખશ્રીએ પોતાના વકતવ્યમાં જણાવેલ કે વૈષ્ણવ પરિષદ દ્વારા અન્ય અસરગ્રસ્ત વિસ્તારમાં પણ આગામી દિવસોમાં રાહત કાર્ય શરૂ થાય તે માટે સંકલન કરી આયોજન વિચારીશું.

રાજકોટ : આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં ઉપક્રમે રાજકોટમાં શિક્ષાપત્ર શિબીરનો પાંચ દિવસનો કાર્યક્રમ યોજાયેલ જેમાં પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહોદય (જામનગર) ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (કામવન) ગો. શ્રી વલ્લભરાયજી (સુરત) તેમજ મુંબઇના વિદ્વાન શાસ્ત્રી જીતુભાઈ ભટ્ટે શિક્ષાપત્ર ઉપર તેમજ વૈષ્ણવોના કર્તવ્ય અંગે માર્ગદર્શન આપેલ.

રાજકોટ : શ્રી મદનમોહન પ્રભુ પાટોત્સવ સમિતિ રાજકોટ દ્વારા બચેલ રકમ રૂા. ૮૫૯૫/- રાજકોટ પાંજરાપોળને ગો. શ્રી ધનશ્યામલાલજી મહારાજનાં વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવી તેમાં અનુરોધ કરતાં ગો. શ્રી ધનશ્યામલાલજી મહારાજશ્રી તેમજ ગો. શ્રી વલ્લભરાયજી મહોદયે આજ્ઞા કરેલ કે સૌરાષ્ટ્રમાં ત્રીજો દુષ્કાળ પડેલ છે જેમાં પશુધન અતિ વિકટ પરીસ્થીતીમાં મુકાયેલ છે. હજુ અતિ કપરો સમય હવે આવી રહ્યો છે ત્યારે આપણે બીન જરૂરી ખર્ચા જેવાકે દિપાવલી નીમીતે અતિ ઝાકઝમાળ રોશની-ફટાકડા ફોડવા-વિગેરેમાં કાપ મુકી બચેલી રકમનો ઉપયોગ વૈષ્ણવ પરિષદ દ્વારા ગામોમાં ધાસધારામાં કરવો જોઇએ.

પુસ્તક પરિચય

''વર્ષા અને કારીરી યજ્ઞ''

લેખક : ગો. શ્રી વલ્લભરાય દીક્ષિત
પ્રકાશક : મહાપ્રભુ શ્રીયદુનાથ ગ્રંથ પ્રકાશન
ષષ્ઠપીઠ ૧૯/૧૩૭, ચૌટા બજાર,
સુરત-૩૯૫૦૦૩
ન્યોછાવર રૂા ૩-૦૦

સામાન્ય રીતે બધા જ યજ્ઞો વર્ષાનું કારણ બને છે, પરંતુ અનાવૃષ્ટિ જેવી વિશિષ્ટ પરિસ્થિતિમાં ''કારીરી યજ્ઞ''નું વિશેષે કરીને વિધાન છે. મેઘઘટાનાં કાળાં વાદળાં સાથે 'કારીરી યજ્ઞ' દ્વારા તાદાત્મ્ય સાધીને તે સંપન્ન કરાય છે. તેમ કરવામાં પુરોહિત વગેરે કાળાં વસ્ત્રો ધારણ કરે છે અને કડક નિયમોનું પાલન કરે છે.

કારીરી શબ્દ કરીર ઉપરથી થયેલો છે. કરીર આ યજ્ઞનું વિશિષ્ટ દ્રવ્ય છે. સોમલતા જેવી જ સોમની પ્રતિનિધિરૂપ લતાના અંકુરને કરીર કહે છે. કરીરનો આ યજ્ઞમાં ઉપયોગ થતો હોવાથી કારીરી યજ્ઞ કહેવાય છે. આ યજ્ઞમાં ધન, ધાન્ય કે ઘીનું હવન થતું નથી. કાળું મધ, ખારેકનો લોટ, જવના લોટનું મિશ્રણ કરીને તેના પિંડ બનાવીને આહુતિ અપાય છે, અને કાળા ઘોડાનું તથા કાળી ઘેટીનું પૂજન થાય છે. બધી જાતના યજ્ઞો કરવાનું મૂળ વેદમાં છે, તેવી રીતે આ યજ્ઞને અહિંસક રીતે કરવાનું વર્ણન વેદમાં રહેલું છે.

આવો કારીરી યજ્ઞ ૪૬૦ વર્ષ પહેલાં ઓરિસામાં અનવૃષ્ટિ દુષ્કાળ પડયો ત્યારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મોટા પુત્ર શ્રીમદ્ ગોપીનાથજીએ કરાવેલો એવી નોંધ શ્રી જગન્નાથજીના મંદિરની નોંધપોથીમાં કરેલી છે. ત્યાર પછી આવો મહાન યજ્ઞ રાજકોટમાં પ્રથમ થયો.

આ અવસર પર યજ્ઞના સંબંધમાં સંક્ષેપમાં માહિતિ જનતાને પ્રાપ્ત થાય એ આશયથી લેખક મહાશયે તાત્કાલિક લખી પુસ્તિકારૂપે પ્રકાશિત કરાવી તે બદલ અભિનંદન...!

સમાચાર

રાજકોટ – આં.રા.પુ.વૈ. પરિષદ રાજકોટ શાખાની સને ૧૯૮૭–૮૮ના વર્ષ માટે ૨૧ સભ્યોની કાર્યકારિણી સમિતિની રચના કરવામાં આવી છે તેમાં પ્રમુખ શ્રી કાંતિલાલ દામજીભાઈ રાધનપુરા, ઉપપ્રમુખશ્રી ઘનશ્યામભાઈ શાસ્ત્રી અને શ્રી કાંતિભાઈ કાટકોરીયા, મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખર સહમંત્રી શ્રી વિઠ્ઠલદાસ ભનુભાઈ માણેક અને શ્રી ભુપેન્દ્રભાઈ ધાબલિયા, ખજાનચી શ્રી વલ્લભભાઈ નથવાણીને નિયુકત કરવામાં આવેલ છે.

દલદેવરીયા – આં. પુ. મા વૈ. પરિષદ શાખાના સલાહકાર સભ્ય તેમજ ગુજરાત પ્રદેશનાં સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાનાં હસ્તે સરગમ સ્પોર્ટસ એન્ડ રીક્રીએશન કલબ તેમજ ભીખુભાઈ ત્રિવેદી રાજકોટના સહયોગથી લીલુ ઘાસ ટ્રક–૨ કિલો ૧૬૭૦૦ દલદેવરીયાની ગાયો માટે પહોંચાડવામાં આવેલ.

હાલોલ–પરીષદની હાલોલ શાખાના ઉપક્રમે શ્રી મહ્‌વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ તથા જન્માષ્ટમી મહોત્સવ નિબંધ સ્પર્ધ, વકતૃત્વ સ્પર્ધા, પ્રભાત ફેરી, રાસ ગરબા વગેરે વિવિધ કાર્યક્રમોથી ઉજવવામાં આવેલ તેમજ ભાગ લેનાર વૈષ્ણવ બાળકોને પુરસ્કાર વિતરણ પૂ. શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીના વરદ્‌ હસ્તથી કરવામાં આવેલ.

ગોંડલ–જેતપુર–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે તથા રાજકોટ શાખાના મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે પ્રવાસ કરીને જેતપુરમાં પરિષદની સ્થાપના કરી પ. ભ. શ્રી નારાયણદાસ લક્ષ્મીદાસ સંઘાણીને શાખાના સંયોજક તરીકે નિયુકત કરી ૧૦ કાર્યકરોની સમિતિ રચવામાં આવી હતી અને ગોંડલમાં પરિષદના કાર્યને વધુ સક્રિય બનાવવા માટે પ. ભ. શ્રી દ્વારકાદાસ ગોરધનદાસ ભગત બાપા અને નાગરદાસ શાંતિલાલ વડનગરાને સંયોજક તરીકે કામગીરી સોંપવામાં આવી.

જુનાગઢ-દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારમાં પુ. વૈ. પ. દ્વારા આયોજીત ગૌસરક્ષણ દુષ્કાળ કાર્ય માટે પરિષદના સંગઠિત મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠની આગેવાની હેઠળ એક ટુકડીએ જુનાગઢ જીલ્લાના બીલખા થાણા–પીપઠી માણાવદર, બાંટવા, ટીકર, રાણાવાવ, વંથલીની તારીખ ૨૯–૩૦ ઓગષ્ટના રોજ ઝડપી પ્રવાસ ખેડીને ઘાસ અર્પણ કરવાના કાર્યક્રમ યોજ્યા હતા.

જુનાગઢમાં પૂ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજના વરદ હસ્તે અને ટીકર અને ગણવાવમાં ચીમનભાઈ શેઠના વરદ હસ્તે પંદર હજાર કિલો ઘાસ અર્પણ કરવાના કાર્યક્રમો યોજયા હતા. પ્રવાસમાં પ્રોફે. ગોપાલભાઈ શાહ, શ્રી જયંતિભાઈ સોની, શ્રી ગોવિંદભાઈ આહિર, શ્રી હરિભાઈ પટેલ, શ્રી કાનજીભાઈ પટેલ, વિગેરે જોડાયા હતા.

શ્રદ્ધાંજલિ

વડોદરા–ભાદરણના વતની અને વડોદરામાં વર્ષોથી રહેતા અને ખેતી તથા જમીન અને બિલ્ડીંગ કોન્ટ્રેક્ટ કરતા પ. ભ. શ્રી દાદુભાઈ પી. અમીન આં. રા. પુ. વૈ. પ. ના આજીવન સભ્ય હતા અને ગુજરાત પ્રદેશની કારોબારી મીટીંગમાં તેઓ કાયમી આમંત્રિત સભ્ય પણ હતા તેઓના આકસ્મિક તા. ૧૪–૮–૮૭ ના રોજ હરિ શરણ થતાં શ્રી મોહનભાઈ વૈદ્યના પ્રમુખ સ્થાને યોજાયેલી વૈષ્ણવ સભામાં કૃષ્ણાશ્રયનો પાઠ કરી શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. તેઓના અવસાનથી હરિ, ગુરુ, વૈષ્ણવની સેવા પરાયણ કાર્યકરની પરીષદને ભારે ખોટ પડી છે.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

BOMBAY

યમુનાજી વહે છે રસ રેલમાં જો

(રાગ : 'શ્રીનાથજી તે છેલ બિરાજતાં જો')

મહારાણીમા છેલ બિરાજતાં જો (૨)
યમુનાજી વહે છે રસરેલમાં જો
સખી ચાલોને જઈએ વ્રજધામમા જો

પહેલા દર્શન મથુરાજીમાં નીરખ્યાં જો (૨)
માના દર્શન કરીને મારા મન ઠર્યાં જો- સખી૦

વિશ્રામઘાટે મહારાણી ઘણા શોભતા જો (૨)
પુષ્ટિ જીવોના મન અતિ મોહતા જો સખી૦

જીરે વૃંદાવનઘાટ રળિયામણા જો (૨)
બાલલીલા પ્રભુએ કરી ઘણી જો- સખી૦

ઠકુરાણીઘાટે મા ઘણા ગાજતા જો (૨)
દુરિજનના હૈડાં દેખી દાઝતાં જો- સખી૦

ગોવિદઘાટે બિરાજે શ્રીજી-મહાપ્રભુ જો (૨)
વિઠ્ઠલનાથજીના બેઠક જોડમા જો- સખી૦

ગોકુલગામની ગલી રળિયામણી જો (૨)
સાત સ્વરૂપની શોભા સોહામણી જો- સખી૦

વલ્લભ વલ્લભીના પ્રિય યમુના તમે જો (૨)
શ્રીનાથજીના પ્રિય પટરાણી તમે જો- સખી૦

માલતીબેન એમ. પારેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રીવલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

શ્રી ગોકુલનાથજીની વધાઈ

આજ હમારે મંગલ માઇ ।
પ્રગટ ભયે પૂરન પુરૂષોત્તમ,
    શ્રીગોકુલેશ સુખદાઈ ॥૧॥
તિહું લોકમેં આનંદ ઉપજયો,
    ઘર ઘર બજત બધાઇ ।
'વિષ્ણુદાસ' પ્રભુકી યહ લીલા,
    નિગમ નેતિ કહી ગાઈ ॥૨॥

વર્ષ ૬ : અંક ૮ ⊞ નવેમ્બર, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, નવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૮ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * નવેમ્બર, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

॥ શ્રીહરિઃ ॥

અનુરોધ પત્ર

સ્વસ્તિ શ્રી વૈષ્ણવવૃન્દ આશિર્વાદ,

આ વખતે ભારતમાં દુષ્કાળની ભીષણ પરિસ્થિતિમાં માણસ અને પશુનું જીવન ભારે દુઃખદ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યું છે.

આપણે આપણા ઘરમાં બેઠે આ વિષયની કલ્પના પણ ન કરી શકીએ એવું કષ્ટ આજે પ્રાણીઓને થઇ રહ્યું છે.

આં. રા. પુ. વૈ. પરિષદના માનનિય કેન્દ્રીય અધ્યક્ષજીએ આ સંદર્ભમાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં સરાહનિય સેવા કરી છે. તથા વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય પદાધિકારીઓને પત્ર પણ મોકલ્યા છે જેના પર આપ લોકોએ વિચાર કર્યો જ હશે. જો કોઇ કારણસર ન કર્યો હોય તો તેના પર ગમ્ભીરતાથી વિચાર કરવાનું કષ્ટ લેશો એવો અમારો અનુરોધ છે.

શ્રીમહાપ્રભુ વલ્લભાચાર્યજીએ સર્વોદ્ધારક શ્રીકૃષ્ણની સેવા કરવાનો આપણને નિર્દેશ કર્યો છે તેનાથી પ્રમાણિત થાય છે કે ભગવાન બધાનો ઉદ્ધાર કરે છે. અને ભગવદ્‌ભક્ત ભગવાનનું કાર્ય કરવામાં આનંદનો અનુભવ કરે છે.

આ માટે આપણું એ કર્તવ્ય છે કે આ ભીષણ પરિસ્થિતિમાં લોકોના દુઃખ દૂર કરીને આપણા પ્રભુનુ કાર્ય સંપાદન કરીએ.

અમોને આશા છે કે પશુજીવન, જનજીવન બચાવવામાં સક્રિય સેવા કરવામાં પોતાની હર સમ્ભવ સહાયતા કરી ભગવદ્ સુ પ્રાપ્ત કરશો.

ભવદિય,

ગો. રણછોડાચાર્યજી "પ્રથમેશ"

દુષ્કાળ માટે સેવા નીચેના નામ સરનામે મોકલશો.

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ, જી-૨ સીતારામ બિલ્ડીંગ, પલટન રોડ, **મુંબઈ-૧.**

શ્રી હરિ:

॥ શ્રી દામોદર-મદનમોહન પ્રભૂ વિજયતે ॥

વૈષ્ણવોને અપિલ

ભગવત્સેવા એ તો પુષ્ટિમાર્ગીયોનું પરમ કર્તવ્ય છે, પરમ ધર્મ છે, અસ્તિત્વની સાર્થકતા છે. પુષ્ટિમાર્ગીયો માટે ભગવત્સેવા સાથે કોઇપણ ધર્મની તુલના પણ પુષ્ટિભકિત વિરોધી ભાવ છે. પરંતુ ભગવત્સેવા એ નિજી કે પારિવારિક ધર્મ છે. સાર્વજનિક પુષ્ટિભકિત સંભવિત જ નથી. પુષ્ટિભકિતની સાર્વજનિકતા તો પુષ્ટિપ્રભુને અર્થ પ્રાપ્તિના સાધન બનાવવા સુધીના મહાપાતક સુધી દોરી જાય છે. આ અપરાધથી બચવું એ આજની તાત્કાલીક આવશ્યકતા છે.

આપણા પુષ્ટિપ્રભુને અર્થ પ્રાપ્તિના સાધન બનાવી નથી સધાતો પુષ્ટિધર્મ, પણ મહા અપરાધના ભાગી થવાય છે. અને જે સામાજિક કર્તવ્ય છે તે પ્રતિ પણ આપણે ઉદાસીન થયા છીએ.

આ વર્ષનો દુષ્કાળ એ કંઈ નવો નથી. સૌરાષ્ટ્ર કે કચ્છના અનેક ભાગોમાં કારમા દુષ્કાળનું આ ચોથું વર્ષ છે. છતાં પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે ગોપાલના પ્રાણસમા ગૌધનને બચાવવા પુષ્ટિમાર્ગીયો કૃત સંકલ્પ નથી. સૌરાષ્ટ્રના અનેક ભાગો તો આ કારમા દુષ્કાળના કારણે ગૌધન વિહોણા થવાની અણી ઉપર છે

આજની પરિસ્થિતિમાં ગૌધનની સેવા એ પ્રભુ સેવાનું મુખ્ય અંગ સમજીને પણ આપણા આ કર્તવ્ય પ્રતિ દરેક વૈષ્ણવે, વ્યકિતએ જાગૃત થવું જ પડશે.

॥ બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ॥

ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાજ
મોટી હવેલી, જુનાગઢ.

કર્તવ્યોદ્‌બોધ :– દુષ્કાળની ભીંસ વધતી જાય છે. આ સાથે આપણા ગોધનને સાચવવાનો પ્રશ્ન પણ વિકટ થતો જાય છે. સરકાર પ્રત્યેક પશુ પાછળ પ્રતિદિન (૪) ચાર રૂપીયા અને આ ઉપરાંત ચારો લાવવાના ટ્રાન્સપોર્ટ ખર્ચમાં સહાયતા આપે છે. આ છતાં પણ પ્રત્યેક પશુ પાછળ બે થી ત્રણ રૂપીયા બીજા ખર્ચ કરીને જ પશુને જીવાડી શકાય.

આજના આ કપરા કાળમાં પોતાના પ્રાણસમા પશુઓ માટે આટલા રૂપિયા કાઢવા પણ લોકો માટે અશકય બન્યું છે. અને આ કારણે સરકારની સહાયનો ઉપયોગ થઈ શકતો નથી. અને પશુધન વિનાશને સીમાડે ઊભું છે.

આ સંકટમાંથી કોઈપણ ભોગે ગોધનને બચાવી લેવાની પ્રત્યેકની ફરજ છે. વૈષ્ણવોની તો આ વિશેષ ફરજ બને છે.

આ કર્તવ્યના પ્રતિકરૂપે અમે અહીં વિજયાદશમીને દિવસે કેટલ કેમ્પ શરૂ કર્યો છે. એક જ દિવસે હજાર પ્રાણીઓ આવી ગયા. પોતાના સંતાન કરતા પણ વહાલા ગાય, બળદ, વાછડી, વાછરડાને ખેડુતો દ્વારા મુકવાનો અવિરત પ્રવાહ દુષ્કાળની ભયાનકતાનો ખ્યાલ આપે છે.

(અનુસંધાન માટે જુઓ પાનું ૬ ઠું)

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૭મો)

અધ્યાય તેરમો

અર્જુન ઉવાચ–

પ્રકૃતિં પુરુષં ચૈવ ક્ષેત્રં ક્ષેત્રજ્ઞમેવચ ।
એતદ્વેદિતુમિચ્છામિ જ્ઞાનં જ્ઞેયં ચ કેશવ ॥૧॥

અર્જુને કહ્યું, હે કેશવ ! પ્રકૃતિને, પુરુષને તેમ જ ક્ષેત્રને, ક્ષેત્રના જાણનારને અને વળી જ્ઞાનને તથા જે જાણવાયોગ્ય તેને, એ સર્વને જાણવાને હું ઇચ્છું છું ॥૧॥

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

આગળ કહ્યું તે પ્રમાણે જે બુદ્ધિમાન પુરુષો મને અનન્ય મનથી ભજે છે, તેઓ મને પ્રિય છે. તેઓનો હું ઉદ્ધાર કરું છું. ॥૧॥

એ પ્રમાણેનાં વચનને સારી રીતે ધ્યાનપૂર્વક સાંભળીને, તેને જાણવાની ઇચ્છાવાળા, પ્રેમથી વ્યાકુળ થયેલા બુદ્ધિમાન અર્જુને પ્રભુને વિનંતી કરી. ॥૨॥

હવે (તેરમા અધ્યાયના પ્રારંભમાં) પ્રપંચ (એટલે કે દૃશ્યમાન જગત) વગેરે સર્વ સ્વરૂપે રહેલા ભગવાનના જ્ઞાનનો અભાવ હોય તો ભક્તિ શી રીતે થાય ? એમ હોવાથી તેની જાણકારી વિષે (એટલે કે પ્રકૃતિ, પુરુષ, ક્ષેત્ર, ક્ષેત્રજ્ઞ, જ્ઞાન અને જ્ઞેય વિષે) ‘પ્રકૃતિમ્’ વગેરે શબ્દોથી (અર્જુન ભગવાનને) પૂછે છે. પ્રકૃતિ એટલે પહેલાં કહેવાયેલી પોતાની શક્તિરૂપે જે રહેલી છે તે. પુરુષ અને પોતાના અંશરૂપ જીવ. ક્ષેત્ર એટલે સર્વની ઉત્પતિનું સ્થાન. ક્ષેત્રજ્ઞ એટલે તેના સ્વરૂપને જાણનાર. જ્ઞાન એટલે જ્ઞાનનું સ્વરૂપ. જ્ઞેય એટલે તે જ્ઞાન વડે પ્રાપ્ત કરવા યોગ્ય. એ બધાંને હે કેશવ ! હે બ્રહ્મા, અને શિવને પણ મોક્ષ આપનાર, હું ભક્તિના સંબંધમાં જાણવાને ઇચ્છું છું ॥૧॥

શ્રી ભગવાનુવાચ–

ઇદં શરીરં કૌન્તેય ક્ષેત્રમિત્યભિધીયતે ।
એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ ક્ષેત્રજ્ઞમિતિ તદ્વિદઃ ॥૨॥

શ્રી ભગવાને કહ્યું, હે કુંતીપુત્ર અર્જુન ! આ શરીરને ક્ષેત્ર એવું નામ અપાય છે. એને જે જાણે છે તેને તેના જાણનારાઓ ક્ષેત્રજ્ઞ એમ કહે છે. ॥૨॥

તેના સંબંધમાં કૃપા કરીને ભગવાન ‘ઇદમ્’ વગેરે શબ્દોથી ઉત્તર આપે છે હે કૌંતેય ! હે કૃપાને પાત્ર, આ દેખાય છે તે શરીર મરણ વગેરેના સ્વાભાવિક ગુણધર્મવાળું છે. ક્ષેત્ર એટલે જ્ઞાન વગેરે અંકુરિત થવાનું સ્થાન, લીલા માટે પોતાના અંશરૂપ જીવની ઉત્પત્તિનું સ્થાન, એમ તેને જાણનારાઓ કહે છે, એમ અર્થ છે. એને જેમ છે તેમ વાસ્તવિકતાથી જે જાણે છે તેને તેના જાણનારા એટલે કે ક્ષેત્રવિદ જ્ઞાનીઓ ક્ષેત્રજ્ઞ કહે છે. અન્યોક્તિ કથનથી તેમ થતું નથી, એમ જણાવ્યું છે ॥૨॥

ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત ।
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનં યત્તજ્જ્ઞાનં મતં મમ ॥૩॥

હે ભરતકુલોત્પન્ન અર્જુન ! બધાં ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ તું મને જ જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જે જ્ઞાન છે તે જ્ઞાન (યથાર્થ) છે, (એવો) મારો મત છે. ॥૩॥

હવે અર્જુનની જાણકારી માટે પોતાના મત પ્રમાણે જેવું તેનું સ્વરૂપ છે તેવું 'ક્ષેત્રજ્ઞમ્' વગેરે શબ્દોથી કહે છે. ક્ષેત્રજ્ઞ એટલે બીજ, 'અપિ' શબ્દથી જે અણુસ્વરૂપે પણ છે એવા મારા અંશરૂપે રસના ભોગ માટે બધાં શરીરોમાં રહેલ છે. મૂળમાં 'ચ' અક્ષર છે તેનાથી વિશેષ અર્થ કરે છે કે, મારાં સ્વરૂપોમાં રહેલું છે એમ તું જાણ. 'હે ભારત,' એવું સંબોધન વિશ્વાસ બેસાડવા માટે છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞમાં મારો અંશ હોવાથી લીલા-વિષયક જે જ્ઞાન મને અત્યંત પ્રિય છે, એમ અર્થ છે. એનાથી ઊલટું દેહ વગેરેનું કર્મથી ઉત્પન્ન થવું, તેનું જ્ઞાન થવું અને જીવનું ક્ષેત્રજ્ઞ હોવું સંબંધ રહિત છે, એવો અર્થ પોતાના મત પ્રમાણે જણાવાયો છે. ॥૩॥

તત્ ક્ષેત્રં યચ્ચ યાદૃક્ ચ યદ્વિકારિ યતશ્ચ યત્ ।
સ ચ યો યત્પ્રભાવશ્ચ તત્સમાસેન મે શૃણુ
॥૪॥

તે ક્ષેત્ર કે જે જેવું છે અને જેવા વિકારવાળું છે અને જેનાથી (ઉત્પન્ન થયેલું) છે અને તે (ક્ષેત્રજ્ઞ) કે જે જેવા પ્રભાવવાળો છે તે ટૂંકમાં મારી પાસેથી તું સાંભળ. ॥૪॥

એ પ્રમાણે નિશ્ચયપૂર્વક જણાવીને ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનું ભેદ સહિત સ્વરૂપ હું કહું છું, તેને તું સાંભળ, એમ 'તત્ ક્ષેત્રમ્' વગેરે શબ્દોથી કહે છે. મેં કહેલું તે ક્ષેત્ર જે મારી સત્તાથી જડ વગેરે રૂપે રહેલું છે, છતાં જેવા પ્રકારનું છે તેવું મારી ઇચ્છા પ્રમાણે લીલા સ્વરૂપે રહેલું છે. તે વિકારથી યુક્ત છે, એટલે કે ઇચ્છા પ્રમાણેની વિચિત્ર ક્રીડાથી ભિન્ન ભિન્ન વિકારોવાળું છે; કારણ કે મારા અંશરૂપ મારી ક્રીડા માટે પ્રકૃતિ ને પુરુષના સંયોગથી તે ઉત્પન્ન થયેલું છે. તે સ્થાવર, જંગમ, પક્ષી વગેરે વિવિધરૂપે છે અને તે ક્ષેત્રજ્ઞ સ્વરૂપે મારા અંશરૂપ છે. જેનો પ્રભાવ સૂક્ષ્મ છતાં વ્યાપક વગેરે છે. તે સેવનને યોગ્ય છે. અચિંત્ય પ્રભાવવાળો છે. તે જે સ્વરૂપે છે તેવા સ્વરૂપનું અજ્ઞાન હોવાથી અન્ય જનોએ બહુ પ્રકારે કહ્યું છે. તે બધું સંક્ષેપમાં મારી પાસેથી તું સાંભળ ॥૪॥

ઋષિભિર્બહુધા ગીતં છંદોભિર્વિવિધૈઃ પૃથક્ ।
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ ॥૫॥

ઋષિઓએ અનેક પ્રકારના વૈદિક છંદોથી અને અલગ અલગ હેતુવાળા નિશ્ચયાત્મક બ્રહ્મસૂત્રનાં પદોથી પણ અનેક પ્રકારે તે ગાયેલ છે. ॥૫॥

બહુધા એટલે અનેક પ્રકારે, અધિકતાથી કહેવાયું છે. સંદેહ ટાળવાને માટે 'ઋષિભિઃ' વગેરે શબ્દોથી વિસ્તારથી કહે છે. ઋષિઓએ પોતાના અનુભવજન્ય ફળના વર્ણનથી બહુ પ્રકારે તે ગાયેલ છે. વળી વિવિધ છંદોથી એટલે કે વેદોથી કર્મ, જ્ઞાન, ઉપાસના અને કોઇ વિશેષ પ્રકારનો ઉદ્દેશ વગેરેથી ભિન્નપણે અધિકાર પ્રમાણે બ્રહ્મસૂત્રનાં પદોથી પણ બ્રહ્મને વર્ણવેલ છે. જેનાથી બ્રહ્મને સુચવાય છે તે બ્રહ્મસૂત્ર, 'જન્માદ્યસ્ય યતઃ' (બ્ર. સૂ. ૧–૧–૨) વગેરે

બ્રહ્મસૂત્રો અને જેનાથી બ્રહ્મ મેળવાય છે એવાં પદો 'એકો દેવો બહુધા નિવિષ્ટઃ' (એક દેવ અનેક પ્રકારે પ્રવેશીને રહેલ છે), વગેરે વડે અનેક પ્રકારે શ્રુતિ અનુસાર જ ગવાયેલ છે. કેવા પ્રકારનાં પદોથી તે ગવાયેલ છે ? તે સહેતુક પદો છે, જેવાં કે, 'કો હ્યોવાન્યાત્ કઃ પ્રાણ્યાત્ યદેષ આકાશ આનંદો ન સ્યાત્ । એષ હ્યેવ તં સાધુ કર્મ કારયતિ ।' (જો આ આકાશની જેમ વ્યાપક, આનંદસ્વરૂપ પરમાત્મા ન હોત તો ખરેખર કોણ જીવી શકત ? કોણ પ્રાણોની ક્રિયા કરી શકત ? ખરેખર આ પરમાત્મા જ સર્વને આનંદ આપે છે. ખરેખર આ જ તેને યોગ્ય કર્મ કરાવે છે,–તૈત્તિરીય ઉપ., બ્રહ્મવલ્લી ૨–૭), સંદેહ રહિત, પોતાના અનુભવથી પ્રમાણ સહિત નિરૂપણ કરનારાં પદોથી તે ગવાયેલ છે, એમ અર્થ છે. એ પ્રમાણે વિસ્તારપૂર્વક તેવાં પદોથી કહેવાયેલ છે અને જે સમજવાં કઠણ છે તે, જેવાં છે તેવે રૂપે તેને સંક્ષેપમાં મેં કહેલાં છે, તેને હું કહું છું, તે તું સાંભળ, એમ અર્થ છે. ।।૫।।

મહાભૂતાન્યહંકારો બુદ્ધિરવ્યકતમેવ ચ ।
ઇંદ્રિયાણિ દશૈકં ચ પંચ ચેન્દ્રિયગોચરાઃ ।૬।

પાંચ મહાભૂત, અહંકાર, બુદ્ધિ અને વળી પ્રકૃતિ, દશ ઇંદ્રિયો અને એક મન પાંચ ઇંદ્રિયોના વિષયો, ।૬।

તેવા ક્ષેત્રનું સ્વરૂપ 'મહાભૂતાનિ' વગેરે શબ્દોથી બે શ્લોકથી કહે છે. મહાભૂત પૃથ્વી વગેરે (એટલે કે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ) પાંચ મહાભૂત, અને તેના કારણ સ્વરૂપે રહેલ અહંકાર, વિજ્ઞાન સ્વરૂપિણી બુદ્ધિ, અવ્યકત એટલે મૂળ પ્રકૃતિ, દશ ઇંદ્રિયો (એટલે પાંચ જ્ઞાનેંદ્રિયો–ત્વચા, ચક્ષુ, કાન જીભ અને નાક તથા પાંચ કર્મેંદ્રિયો વાચા, હાથ, પગ, પાયુ અને ઉપસ્થ) ઉપરાંત એક મન, ઇંદ્રિયોના પાંચ વિષયો શબ્દ વગેરે (એટલે કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસને ગંધ) પાંચ તન્માત્રા, એ પ્રમાણે ચોવીશ તત્ત્વો કહેલાં છે. ।૬।

ઇચ્છાદ્વેષઃ સુખં દુઃખં સંઘાતશ્ચેતના ધૃતિઃ ।
એતત્ ક્ષેત્ર સમાસેન સવિકારમુદાહૃતમ્ ।।૭।।

ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, શરીર, ચેતના, ધૈર્ય, એવા વિકારવાળું ક્ષેત્ર ટુંકમાં કહેવાયેલું છે. ।૭।

અભિલષિત હેતુવાળી ઇચ્છા, પ્રતિકૂળ સ્ફુરણાથી થતો દ્વેષ, પોતે ઇચ્છેલાની પ્રાપ્તિથી થતું સુખ, પોતાના અજ્ઞાનથી કલ્પાયેલું હોય તે દુઃખ સંઘાત એટલે શરીર, ચેતના એટલે જ્ઞાનસ્વરૂપિણી મનોવૃત્તિ, ધૃતિ એટલે ધૈર્ય, ઇચ્છા વગેરે પણ મનના ધર્મો છે, તેથી વિકાર સહિત એટલે કે ઇંદ્રિયો વગેરેના વિકાર સહિત ક્ષેત્ર એટલે કે સર્વની ઉત્પત્તિનું સ્થાન સંક્ષેપમાં સારી રીતે કહેવાયેલ છે, તેને લીલા અર્થે પ્રકટ કરેલ છે, એ પ્રમાણે જ્ઞાનને માટે કહેલું છે, એમ અર્થ છે. ।।૭।।

અમાનિત્વમદંભિત્વમહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।
આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ ।૮।

માનનો અભાવ, દંભનો અભાવ, અહિંસા, ક્ષમા, સરળતા, ગુરુની સેવા, પવિત્રના, સ્થિરતા, શારીરિક સંયમ, ।૮।

એ પ્રમાણે ક્ષેત્રનું સ્વરૂપ કહીને સાધન

સહિત જ્ઞાનનું સ્વરૂપ 'અમાનિત્વમ' વગેરે શબ્દોથી પાંચ શ્લોકથી કહે છે. અમાનિત્વ એટલે અભિમાન ન હોવું તે, પોતાના સદ્ગુણોની અધિકતાના વર્ણનથી ફુલાવું નહિ, તેવી સ્થિતિ. અદંભિત્વ એટલે દંભ વગરના હોવું તે, લોકોને દેખાડવા માટે ધર્મનું અનુષ્ઠાન કરવાનો અભાવ. અહિંસા એટલે બીજાને પીડા ન કરવી તે. ક્ષાન્તિ એટલે અપરાધ, વિરોધ વગેરેને સહન કરવા તે. આર્જવ એટલે કુટિલતા વગરના હોવું તે. આચાર્યની ઉપાસના એટલે કે ગુરુની સેવા શૌચ એટલે પવિત્રતા, તેના બાહ્ય શૌચ માટી, જલ વગેરેથી થાય, આંતરિક શૌચ ભગવાનના સ્મરણથી થાય. સ્થૈર્ય એટલે સ્થિરતા, ક્લેશ વગેરેમાં પણ ભગવત્પરાયણ સ્થિતિ રહેવી તે. આત્મવિનિગ્રહ એટલે દેહને નિયંત્રણમાં રાખવો તે, ભૂખ, ઠંડી વગેરેને સહન કરીને શારીરિક સંયમ જાળવવો તે. ।૮।

(પહેલા પાનેથી ચાલુ)

પશુધનને બચાવવાનો એક માત્ર ઉપાય ગામે ગામ ઢોરવાડો ખોલવાનો છે. અંદાજે પચીસ હજાર ગાયો વિગેરે સાચવવાનો બોજો આવશે એવું લાગે છે. લાખો રૂપીયાની આવશ્યકતા છે. વીસ લાખ રૂપીયા તાત્કાલિક જોઈએ. ।

જ્યાં સુધી મારી પાસે મારો વ્યક્તિગત એક પૈસો પણ હશે ત્યાં સુધી પશુધન પાલનના આ કાર્યને ચાલુ રાખવા વચનબધ્ધ છું.

આ વાતનું પુનસ્મરણ અપાવું છું કે, "ભગવત્સેવા પુષ્ટિમાર્ગીઓનું પરમ કર્તવ્ય છે. પરંતુ ગૃહસેવાના રૂપમાં જ સાર્વજનિક મંદિરોના રૂપમાં નહીં." આપણા સર્વસ્વ પ્રભુને પૈસા પ્રાપ્તિ સાથે જોડવા એ અપસિદ્ધાન્ત છે પોતાના જરૂરી ખર્ચમાં પણ કાપ મૂકી ગોધન બચાવવાના આ કાર્યમાં દરેક વ્યક્તિ સહયોગ આપી પોતાના કર્તવ્યનું પાલન કરશે એવા વિશ્વાસ સાથે.

ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરુષોમત્તલાલજી મહારાજ
મોટી હવેલી, જુનાગઢ. (સૌરાષ્ટ્ર)

પત્ર વ્યવહાર, માહિતી તેમજ ભંડોળ પહોંચ દ્વારા આપવાનું સ્થળ :–

શેઠ હરકિશનદાસ નરોત્તમદાસ

C/o. **નરોત્તમદાસ કરશનદાસ** [ટ્રેડીગ ડીવીઝન] દાણાપીઠ, **જુનાગઢ**–૩૬૨૦૦૧.

સમય : સવારે ૧૦ થી ૧૨ બપોરે ૪ થી ૭ રવિવાર તથા રજાના દિવસો સિવાય

ચેક અથવા ડ્રાફ્ટ શ્રી પુરુષોત્તમલાલજી પશુધન પાલન (દુષ્કાળ) આયોજન જુનાગઢના નામે મોકલી શકાશે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રીમદ્ ગોકુલનાથજી વિરચિત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ચોથો)

અનુવાદ : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

જોકે ફળના વિલંબને કારણે ખેદ હોય નહિ, તેમ છતાં ભાવપૂર્વક પરિપક્વ સ્વમાનની હાનિથી પશ્ચાત્તાપ થયો, એમ હોવાથી ખિન્ન થયેલા અંતઃકરણને સાવધાન કરવા માટે 'સમર્પણાત' વગેરે શબ્દોથી કહે છે :

સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।
કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ।૩।

સમર્પણ પહેલાં શું હું સદાય ઉત્તમ રહ્યો હતો ? મારી એવી શી અધમતા કલ્પવા જેવી છે કે જેનાથી પશ્ચાત્તાપ થાય ? ।।૩।।

માનહાનિથી થયેલો પશ્ચાત્તાપ પોતાના જેવો જ યોગ્ય છે, પરંતુ મારો છે એમ ગણીને હિતને માટે પ્રભુએ કરેલી માનહાનિ પશ્ચાત્તાપ યોગ્ય નથી. ભાવથી થયેલા માનની ઉત્પત્તિની યોગ્યતા પણ તારા પ્રભુ સાથેના અસાધારણ સંબંધથી જ આવી છે, પરંતુ તે પહેલાં (એટલે કે પ્રભુ સાથે અસાધારણ સંબંધ થયો તે પહેલાં) તેવી યોગ્યતા નહોતી. તેનો પણ વિચાર કર, એમ સૂચવવાને માટે પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિત ' (એટલે કે સમર્પણ પહેલાં શું હું સદાય ઉત્તમ રહ્યો હતો ?) એમ કહ્યું છે.

'સદા' એટલે નિત્ય, બધા સમયમાં, અસમર્પણ દશામાં પણ 'ઉત્તમ' એટલે શ્રેષ્ઠ પહેલાં કહેવાયેલા ભાવને યોગ્ય શું હું રહ્યો હતો ? તેથી પહેલાં કહેવાયેલા ભાવને પ્રગટાવનારી મારી યોગ્યતાના અભાવરૂપ અધમતા 'કાભાવ્યા' એટલે કેવા પ્રકારની વિચારવા યોગ્ય છે ? 'કીદશી' (એટલે કેવા પ્રકારની) એવા પદથી અધમતા સીમા રહિત હોવાનું કહેલું છે. જેથી પૂરી રીતે વિચારતાં પશ્ચાત્તાપ થવામાં કારણનો અભાવ છે, તેથી તારે આ વિષયમાં પશ્ચાત્તાપ કરવો જોઈએ નહિ. ।।૩।।

જોકે પશ્ચાત્તાપનો ત્યાગ કરવો તે યોગ્ય છે, તેમ છતાં ફળમાં વધારે સમયનો વિલંબ થાય તો શું કરવું ? એવા શંકાયુક્ત અંતઃકરણને 'સત્ય સંકલ્પતઃ' વગેરે શબ્દોથી સમજાવે છે.

સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ ।
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્।૪।

વિષ્ણુ યથાર્થ સંકલ્પવાળા હોવાથી અન્યથા નહિ જ કરે, સર્વદા આજ્ઞા પાળવી જ, નહિ તો સ્વામીનો અપરાધ થયો ગણાય. ।૪।

જેમના મનોવિચાર યથાર્થ છે, તેવા પ્રકારના શ્રીવિષ્ણુ બહાર અને અંદરના ભેદથી રસ રૂપે વ્યાપ્ત છે, નહિ તો ફલદાનમાં વિલંબ ન કરે, એવા અર્થમાં અન્યથા ભાવની શકાનું નિવારણ કરવા માટે 'તુ' શબ્દ છે. તેથી તારે ફળના વિલંબનો સંદેહ પણ છોડી દઇને પ્રભુની આજ્ઞા જ નિરંતર પાળવી. પરંતુ ભાવના ગૌરવથી કયારેય અન્યથા ભાવ

રાખવો નહિ આજ્ઞાનું પાલન ન થાય તો બાધક બની રહે, એમ 'સ્વામિદ્રોહોઽન્યથા ભવેત' વગેરે શબ્દોથી કહે છે.

આજ્ઞાનું પાલન ન થાય તો સ્વામીદ્રોહ થાય. નિરંતર આજ્ઞાનું પાલન થવું જ જોઇએ એમ હોવાથી એવા પ્રકારની આજ્ઞા કરવાની યથાર્થતામાં પણ બાધક કહેવાનો આ પ્રમાણેનો હેતુ છેઃ જેવી રીતે ફલપ્રકરણમાં વ્રજસીમંતિનીઓએ ભાવની પૂર્ણતાથી પ્રભુની આજ્ઞા ન પાળી, તેમાં પણ કાર્યની સિદ્ધિ છે, તેમ જ મને પણ સિદ્ધિ મળશે, એમ અજ્ઞાનની નિવૃત્તિ અર્થે કહેવાયું છે. 'નહિ, તો સ્વામી દ્રોહ થાય.'' એનો આ પ્રમાણે અર્થ છે. વ્રજસીમંતિનીઓએ ભાવની પૂર્ણતાથી આજ્ઞાનું કરેલું ઉલ્લંઘન પ્રભુના અને પોતાના પુરુષાર્થને સાધનારું થયું. એ દૃષ્ટાંતથી તેં એમ કર્યું તે બંનેમાં વિપરીત ફળ રહેલું છે, એમ સૂચવવા માટે એ બાધક છે એમ કહ્યું. બાધક હોવામાં કારણ એ છે કે, વ્રજસીમંતિનીઓએ કરેલ પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન તો ફલના અવરોધકને દૂર કરવામાં ઉપયોગી થયું, તેનાથી પ્રભુનો અને તેણીઓનો અસીમ આનંદ સિદ્ધ થયો. તેં કરેલ આજ્ઞાનું ઉલ્લંઘન તો પ્રભુએ આપવા ઇચ્છેલ ફળની રુકાવટથી પ્રભુનો ક્રોધ થયો અને તે ક્રોધના કારણે તથા તને ફળ મળવાના વિલંબથી પ્રભુનો કરેલ અપરાધ તારું અનિષ્ટ કરનાર થાય, તેથી પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કોઇ પણ રીતે કરાય નહિ. એમ છે તે માટે કહ્યું છે કે, 'સ્વામિદ્રોહોઽન્યથા ભવેત' (નહિ તો સ્વામીનો અપરાધ કર્યો ગણાય) ।।૪।।

એ પ્રમાણે પ્રમાણ સહિત હઠનો અભાવ સિદ્ધ કરીને હવે કદાચ પહેલાં કરેલી હઠના કારણે પ્રભુ કોપે તો ઇચ્છયું હોય તેની સિદ્ધિ શી રીતે થાય? એવા સંશયવાળા અંતઃકરણને 'સેવકસ્ય તુ' વગેરે શબ્દોથી સાવધ કરે છે.

સેવકસ્ય તુ ધર્મોઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।
આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગાસાગરસંગમે
।।૫।।

યાપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્વયં મયા ।
દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ।।૬।।

(આજ્ઞાપાલન) એ જ સેવકનો ધર્મ છે. સ્વામી પોતાનો ધર્મ બજાવશે. પરંતુ પહેલી આજ્ઞા જે ગંગા અને સાગરના સંગમસ્થાને થઇ તે અને પછી મધુવનમાં થઇ તે બે આજ્ઞાઓ મેં પાળી નથી. તેમાં દેહત્યાગ તથા દેશત્યાગ હતો. ત્રીજો લોકગોચર (સંન્યાસગ્રહણપૂર્વક પરિત્યાગ) હતો. ।। ૫, ૬ ।।

અમે જે આગળના શ્લોકમાં સિદ્ધ કર્યું તે તારા સેવક તરીકેના અસાધારણ અને સ્વાભાવિક ધર્મથી કર્યું. જો તે ધર્મ તારામાં હશે તો તેવા અસાધારણ ધર્મને જોઇને પ્રભુ પણ પોતાનો સ્વામીપણાનો અસાધારણ ધર્મ સેવકની બુદ્ધિશક્તિથી અગમ્ય હોવા છતાં સેવક પ્રત્યે બજાવશે.

અહીં પ્રશ્ન થાય કે, હઠની સ્થિતિમાં પણ મારામાં સેવકપણું વિદ્યમાન હોવાથી અને સ્વામીમાં પણ સ્વાભાવિક રીતે સ્વામીપણાનો અસાધારણ ધર્મ વિદ્યમાન હોવાથી ફળમાં વિલંબ થવાનું કારણ શું? એવી શંકાનું સમાધાન કરવા માટે ફળના વિલંબના

કારણરૂપ સેવકનો ધર્મ 'આજ્ઞા' વગેરે શબ્દોથી વર્ણવે છે.

આજ્ઞા એટલે પ્રભુની આજ્ઞા પહેલાં ગંગા અને સાગરના સંગમસ્થાને જે થઇ તે, તે પછી બીજી આજ્ઞા જે મધુવનમાં, મથુરામાં થઈ તો, એ બેય આજ્ઞા મેં પાળી નથી. અહીં પ્રશ્ન થાય કે, તે બંને આજ્ઞા જે પાળી નથી તે કયા વિષય સંબંધે હતી ? તે સંબંધે 'દેહદેશપરિત્યાગઃ' વગેરે શબ્દોથી કહે છે.

પહેલાં થયેલી આજ્ઞાનો વિષય દેહનો પરિત્યાગ હતો, બીજી આજ્ઞાનો વિષય દેશનો પરિત્યાગ હતો. અહીં પ્રશ્ન થાય કે, બલાત્કારથી દેહનો ત્યાગ કરવો તે દોષરૂપ હોવાથી એવી આજ્ઞા શી રીતે ગણાય ? એવી શંકા થાય તો કહે છે કે, ખરું છે, દેહ કર્મને આધીન છે. પ્રારબ્ધ પૂરેપૂરું ભોગવ્યા વિના બલાત્કારથી દેહનો ત્યાગ કરવો તે દોષ જ છે. આ વિષયમાં દેહ ધરવો કે ત્યાગ કરવો તે માત્ર ભગવાનની ઇચ્છાને અધીન છે. તેમનો દેહ અલૌકિક હોવાથી ભગવાનની આજ્ઞાથી ત્યાગ કરવો તે દોષ નથી. એમ જાણવા છતાં તે આજ્ઞા ન પાળવામાં આજ્ઞાના ઉલ્લંઘનનો તેમાં હેતુ ગણાય અને તેથી તે વિઘ્નકારક છે, એમ કહ્યું છે. 'દેશપરિત્યાગઃ' સ્પષ્ટ છે.

એ પ્રમાણે બે આજ્ઞાઓ ન પાળવામાં અનિચ્છનીય હેતુ જાણીને ત્રીજી આજ્ઞા પાળી, એમ કહે છે. હવે 'તૃતીયો લોકગોચરઃ' આ શબ્દોને સમજાવે છે. ત્રીજો પરિત્યાગ લોકોમાં પ્રસિદ્ધ, સ્મૃતિ વગેરે શાસ્ત્રોનો વિષય છે તે, સંન્યાસ ગ્રહણ કરીને ઘરનો ત્યાગ કરવો તે છે, આ આજ્ઞા પાળી. જો કે અહીં 'કૃતઃ' (પાલન કર્યું) એવો શબ્દ નથી, છતાં પહેલાંની બે આજ્ઞા પાળી ન હોવાથી અહીં 'કૃતઃ' એવો નથી તો પણ 'પાલન કર્યું' એમ અર્થ થાય. જો કે પહેલાં કહેવાયેલી બે આજ્ઞા પાળી નથી, તેનો અપરાધ થાય, તેમ છતાં ત્રીજી આજ્ઞા પાળી છે તેથી પહેલાંની બે આજ્ઞા પાળી છે, એમ ઘટાવાય. એમ હોવાથી અપરાધ થતો નથી ।।૫, ૬।।

એમ હોય તો પણ અજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી થયેલા અપરાધના કારણે જો પ્રભુ ફળમાં વિલંબ કરે તો તેનાથી પશ્ચાત્તાપ અવશ્ય થાય, એમ હોય તો અપરાધની નિવૃત્તિ શી રીતે થાય? એવી શંકાનું સમાધાન 'પશ્ચાત્તાપ' વગેરે શબ્દોથી કરે છે.

પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ।
લૌકિકપ્રભુવત્કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન ।૭।

તેમાં પશ્ચાત્તાપ શા માટે ? હું સેવક છું, તેનાથી અન્યથાભાવ નથી. શ્રીકૃષ્ણને લૌકિક સ્વામીની જેમ ક્યારેય સમજવા ન જોઇએ. ।૭।

ફળમાં વિલંબ થાય તોપણ વિલંબ એ દંડને સ્થાને છે તેથી સેવકે પશ્ચાત્તાપ કરવો ન જોઇએ. તેમાં 'હું સેવક છું,' એ કારણ છે. હું સેવક છું, એટલે કે સેવા કરવાને યોગ્ય છું. બે અજ્ઞા ન માનવી તે સેવાને અવરોધક છે, એમ જાણીને સેવાના વિષયમાં વિલંબથી ઉત્પન્ન થયેલ તાપ વડે શિક્ષાની જેમ પ્રતિબંધને શીઘ્રતાથી દૂર કરીને ફરીથી સેવાના વિષયમાં ખરેખર વિલંબ કર્યો નથી.

એમ છે તેથી પશ્ચાત્તાપને સ્થાન નથી; કારણ કે હું સેવક છું અને અન્યથાભાવ નથી, (સેવક સિવાય અન્ય ભાવ નથી.) જો મારામાં સેવકપણું છે એમ ન મનાય તો અપરાધથી પ્રભુ ઉપેક્ષા જ કરે, પરંતુ પોતાનો હોવાનું જાણીને વિલંબથી ઊપજેલ તાપરૂપી શિક્ષા કરે નહિ. એમ હોવાથી 'ન ચ અન્યથા' એમ કહ્યું. આ વિષયમાં અન્યથાભાવ (એટલે કે સેવક સિવાયનો બીજો કોઇ ભાવ) નથી, એમ અર્થ છે.

અહીં શકા થાય કે, જેવી રીતે લોકમાં રાજાને મિત્ર તરીકે કોઇએ જોયો છે કે સાંભળ્યો છે ? એ પ્રમાણે લૌકિક રાજાના ન્યાયથી સંતાપ પછી પણ ઉપેક્ષા જ થાય, એમ જો હોય તો તે બાધક છે એમ 'લૌકિક પ્રભુવત્' વગેરે શબ્દોથી કહે છે. લૌકિક એટલે પ્રાકૃત જીવો. રાજાઓ લોકમાં રાજાપણાથી વ્યવહાર કરવાને યોગ્ય છે, તેની જેમ ભગવાનને સમજવા જોઇએ નહિ, જાણવા જોઇએ નહિ. તેમાં કારણ એ છે કે, શ્રીકૃષ્ણ ફલ આપનાર અને પ્રભુ છે તેથી. લૌકિક રાજાઓનું પ્રાકૃતપણું હોવાથી અને તેઓએ કરેલો સ્વીકાર અનિત્ય હોવાથી સ્વીકાર કર્યો હોય તેની પણ ઉપેક્ષા થવાનું શકય છે. ચાલુ વિષયમાં પ્રભુ અલૌકિક હોવાથી અને તેમણે કરેલો અંગીકાર પણ નિત્ય હોવાથી અંગીકાર કર્યો હોય તેની ઉપેક્ષા થવાનું શકય નથી, એમ જણાવવા માટે 'ન દ્રષ્ટવ્યા કદાચન' (કયારેય સમજવા નહિ), એમ કહ્યું. આથી જ પિતૃચરણશ્રીએ કહ્યું છે કે, જેનો અંગીકાર થયો છે તેનાથી થયેલા અપરાધની તેમજ કૂટકાર્યની ક્ષમા, વિનોદ અને એનો સ્વીકાર, એ બધું નિત્ય જાણવું. એમની સમાન બીજો કોણ થઇ શકે ? એમ હોવાથી અંગીકારની નિત્યતામાં સંદેહ નથી. 'કદાચન' એટલે કયારેય, ભૂત, ભવિષ્ય કે વર્તમાન કાળમાં પણ, એમ અર્થ છે. ।૭।

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૩૮ મું

શ્રીયમુને પિયકોં બસ તુમ જુ કીને,
પ્રેમકે ફંદતે, ગહિ જુ રાખે નિકટ;
એસે નિરમોલ નગ મોલ લીને. ૧

તુમ જુ પઠાવત તહાં અબ ધાવત,
તિહારે રસરંગમેં રહત ભીને;
'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
પરમ ઉદાર શ્રીયમુને જુ દાન દીને. ૨

અર્થ :– હે શ્રીયમુનાજી ! પ્રેમરૂપી દોરી વડે આપે પ્રિયતમ શ્રીજીને વશમાં કરી લીધા છે. જેમ કોઈ અમૂલ્ય રત્નની ખરીદી કરી પોતાની પાસે જ રાખે તેમ આપે નિષ્કામ સ્નેહરૂપી મૂલ્યના બદલામાં શ્રીનાથજીને જાણે વેંચાતા ન લીધા હોય એમ એ આપને આધીન થઇ રહ્યા છે, એટલે આપ જયાં મોકલો છો ત્યાં અવશ્ય એ પધારે છે. બાકીના સમયમાં આપના સ્નેહ–રસ રંગમાં ભીંજાયેલા જ રહે છે. પરમાનંદજી કહે છે કે, આવા પરમ ઉદાર શ્રીવ્રજચંદ મને શ્રીયમુનાજીની કૃપાથી પ્રાપ્ત થયા છે.

વિવેચન :– પ્રભુ કોઇ સાધનથી પ્રાપ્ત થતા નથી· ગોવિંદસ્વામીએ ગાયું છે કે,

પદ

પ્રિતમ પ્રિત હિ તેં જુ પઇયે,
યદ્યપિ રૂપ–ગુન – શિલ–સુઘરતા,
ઇન બાતેં ન રીઝ ઇ હે. ૧

સત્કુલ જન્મ કર્મ શુભ લક્ષણ,
બેદ પુરાન પઢઇ હે;
'ગોવિંદ' પ્રભુ વિના સ્નેહ સુવાલોં,
રસના કહાજુ નચઇયે. ૨

પ્રભુ માત્ર પ્રેમથી જ પ્રાપ્ત થાય છે.

શ્રી રસખાનજીએ પણ કહ્યું છે કે–

પ્રેમ હરિ કો રૂપ હૈ, ત્યોં હરિ પ્રેમ સ્વરૂપ,
એક વ્હૈ દોઉ યોં લસે, જયોં સૂરજ અરૂધૂપ.

વ્રજભકતોના ચાર યુથ છે. તેમાં શ્રીયમુનાજી ગુણાતિત છે. જે ગુણાતિત હોય તેને કોઇ અભિલાષા હોય નહીં, છતાં શ્રીયમુનાજીને એક જ અભિલાષા છે કે પ્રભુ સાથે ભકતોનું મિલન કરાવી આપવું. જેથી બન્નેને સુખ થાય.

આવા પરમ પ્રેમી શ્રીયમુનાજીના સ્નેહરૂપી બંધનથી શ્રીનાથજી બંધાઇ રહે એ બંધનથી પ્રભુ પણ પ્રસન્ન છે. એમાંથી આપ છૂટવા ઇચ્છતા જ નથી. પ્રભુનો આવો સ્વભાવ છે. આવો અનુભવ પરમાનંદદાસજીને થયો છે, એટલે શ્રીયમુનાજી પાસે આવા સુખની અભિલાષા કરે છે અને પદ દ્વારા આપણને પણ પ્રેરણા આપે છે.

સોરઠો :–

શ્રીયમુને મહિમા અગાધ હૈ, વશ કિયે વ્રજરાજ;
જૈસી ઇચ્છા આપકી, કરત કૃપાનિધી કાજ.

।। શ્રીવલ્લભો જયતિ ।।

।। વાક્પતિર્વિષ્ણુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

લેખાંક ૨૦ મો — ગતાંકથી ચાલુ

શ્રી વલ્લભના મામા શ્રી રંગનાથ વિદ્યા ભૂષણ

દોહા – સભા વિસર્જન હો ગઇ, રંગ નાથ વહિં આય;
મધ્ય સિંહાસર ધરત ઇક, પ્રબંધ ઉચિત કરાય.
રેશમ પટ બિછવાય કે, સુગંધ દિય પ્રસરાય;
છીંક ભઇ સનમુખ તહાં, કોને બડાઈ પાય.

ચોપાઇ – શ્રીરંગનાથ વિદ્યાભૂષણ, થે સભાધ્યક્ષ અતિ અધિકાઇ
શ્રીકૃષ્ણદેવકે ઉપરોહિત, ઇલ્લંમાગારુ કે બડે ભાઇ
સહયોગી સારી બાતોં સે, રાજા ભી આજ્ઞાકારી થા
પદ પ્રાપ્ત પ્રતિષ્ઠિત નૃપત નેહ,
અધિકાર રાજ્ય પર ભારી થા
પૂજત વહ પ્રતિદિન પંચદેવ, શાંકર કી પક્ષ સુહાતીથી
સબ પ્રબંધ કર આયે ઘર પર, ઇક નઇ બાત સિલજાતીથી
આયે શ્રીવલ્લભ માતા સહ, સુવ રંગનાથ અતિ હર ખાયે
ધાયે સનમુખ અતિ પ્રેમ વિવશ,
ભેટત તન મન સુન બિસરાયે
સત્કાર કરત સબ સ્નેહી મિલ, નાની પરમાનન્દ પાતી હૈ
મુખ ચુમી કર શ્રીવલ્લભકો, પ્રફુલિત નિજગોદ બિઠાતી હૈ
નનિહાલ નિરખ પ્રભુ મુદિત ભયે,
સબ બૃદ્ધ મિલન કો આતે હૈ
કછુ ખેદ વિવશ ઇલ્લંમાજી લખ, ભટજીકી સુધ સબ લાતે હૈ

મધ્વાચાર્ય શ્રી વ્યાસતીર્થ રાની મિનાક્ષીદેવીને દીક્ષા પ્રથમ આપેલ, તત્ પશ્ચાત્ રાજાને દિક્ષા દેવા આવેલ. ત્યાં શાંકર મતાનુયાયીની આડાઇથી શાસ્ત્રાર્થ થયો. રાજા કૃષ્ણદેવે સર્વ મતાનુયાયી આચાર્યોને આમંત્રણ આપ્યું. તેમાં ત્રણ વ્યુહમાં શ્રીશાંકરમાતાનુયાયી

વિદ્યાતીર્થનો વિજય થયો. (૧) પ્રથમ એક એક સાથે શાસ્રાર્થ (૨) દ્વિતીય સર્વ મતાનુયાયી આચાર્યોને એકત્રીત કરી શાસ્ત્રાર્થ (૩) તૃતીય શ્રીકૃષ્ણદેવ પોતે અને પોતાના માન્ય નિજ પંડીતો આ રીતે ત્રણ વ્યુહથી વિજય થયો.

શ્રીકૃષ્ણદેવ સ્વાભાવિક વૈષ્ણવ ધર્મ રત હતા શાંકરોના અને અન્યના મતો દેશ કાલને અનુસરી અર્ધ સામાનું અને અર્ધ વેદનું માન્ય કરી સામા પક્ષોનું નિરાકરણ કરી પોતાના મતને માન્ય કરી આચાર્ય પદવી પ્રાપ્ત કરેલ હોવાથી માયામત સ્પષ્ટ જણાતો હતો. તેથી શ્રીકૃષ્ણદેવને અભાવ હતો. ઇશ્વર ઇચ્છાથી જયારે કોઇ પણ વૈષ્ણવ આચાર્ય વિજયી ન થતાં રાજાને કલેશ થયો.

શ્રીકૃષ્ણદેવે વિજય પ્રાપ્ત કરનારને શરણે થવું તેવી કોઇ પ્રતિજ્ઞા કરેલ નોહોતી ફકત વિજયી આચાર્યને સર્વોપરિ માન્ય કરી વિજય પત્ર આપવો તે સ્વાભાવિક હતું.

શ્રી રંગનાથ વિદ્યા ભૂષણ શ્રી કૃષ્ણદેવના પુરોહિત રાજાના સલાહકાર આ સભાના અધ્યક્ષ હતા. શ્રી ઇલકાંમાગારુજીના મોટાભાઇ થતા હતા, પોતે પંચદેવનું પૂજન કરતા સ્માર્ત ધર્મ પરાયણ સ્વાભાવિક શાંકર પક્ષમાં હતા.

શ્રીવલ્લભ વિજય નગરમાં માતા સાથે પધાર્યા, એક પંથ દો કાજ હવે વાત ચીત શાસ્રાર્થ સંબંધી થતાં મામાને વૈષ્ણવ પક્ષ રુચે નહિ તે દેખીતું છે.

ચોપાઇ

કહુ વિવિધ વચન શ્રીમુખવલ્લભ,
વૃદ્ધો કા શોગ છુડાતે હૈ

વલ્લભ મૃદુબચન સુનત સ્નેહી,
નયનોં સેનીર બહા હૈં

દોહા–સરાહના સબમિલ કરત, પિતા તનયમય દેખ
પિતુકુલ પૂર્વજ પુણ્યમય, શ્રીવલ્લભલિય લેખ

લૌકિક વાતો કુશલ તથા શ્રીલક્ષ્મણ ભટ્ટનું દેહાન્ત થવું વગેરે વાતો પૂર્ણ થતાં શ્રીવલ્લભ મામાને પૂછવા લાગ્યા કે આપને ત્યાં છ મહિનાથી શાસ્રાર્થ ચાલે છે, કોણ જીત્યુ–કોણ હાર્યા તે કહો.

મામા કહેવા લાગ્યા કે સર્વ મતાનુંયાયી હાર્યા. વિજયી શાંકરમતવારા વિદ્યાતીર્થ આચાર્ય થયા. બીચારા વૈષ્ણવો વેદના જ્ઞાતા શ્રીશાંકરો સામે શું ટકવાના હતા. આવતી કાલે સવારે તેમને વિજય પત્ર સાથે સ્વારી મહામાન મળશે. તદ્‌ઉપરાંત કનકાભિષેકની તૈયારી પણ કરેલ છે, તે વાત ગુપ્ત છે. જાહેર થઇ નથી. રાજાયે જાહેરાત ન કરાવી તેનું કારણ હું પોતે સભાધ્યક્ષ છું છતાં જાણતો નથી. રાજાનું મન જાણે પ્રફુલ્લિત નથી. હવે શાસ્ત્રાર્થનો પ્રસંગ નથી.

મામા વાત કરી શ્રીવલ્લભ સામે હાસ્યથી જોવા લાગ્યા. ત્યાં તો રાખમાં ઢંકાયેલ અગ્નિ પ્રજ્વલિત થતો પોતાના સ્વાભાવિક ધર્મથી અંધકાર દૂર કરતો ૧૧ વર્ષની વયનો વૈશ્વાનર માયિકમતને મહાત કરતો મુખમુદ્રા તથા રોષની દૃષ્ટિપાત કરતો શ્રીકૃષ્ણનો પ્રિય આત્મા શ્રીવલ્લભ મામાના હાસ્યની ક્ષતિ કરતા કહેવા લાગ્યા.

ચૌપાઈ–રાધેશ્યામતર્જ

મુસકાયે સુનકર બાત આપ, શાંકરમતિ જાલ બિછાતે હૈં
જબ બ્રહ્મવાદ હૈ વેદસિદ્ધ, વૈષ્ણવ ચક્કર કયોં ખાતે હૈં
કલિકાલ વિબશ મતિભ્રાન્ત લોગ, સજ્જન સદ્‌બુદ્ધિ બિસારી હૈ
વિશ્વાસ વેદસે છોડદિયા. અનુચિત મતિ ગતિ ચિત્ત ધારી હૈ
હરિ ઇચ્છાકે વશ આયા મેં, દર્શન સબકે કલ પાઉંગા
હૈ બ્રહ્મવાદ સબ વેદ સિદ્ધ, શુભ અવસર દેખ સુનાઉંગા
માતુલ પ્રભુ વચન સુનત સારે, સંકોચિત મતિસે ચકરાયે
હૈ પ્રવેશ ભી અતિ કઠિન તહાં, મનંસે યહ મત ખંડન પાયે
હૈ બડે બડે આચાર્ય તહાં, લખ મતિ સંકોચિત રહતી હૈ
દેખત હી મૌન ધરેગા યહ, શાંકર મુખ ધારા બહતી હૈ
મુંહ છોટા અરુ બાત બડી, બાલકપન કહિં કર પાયેગા
સબ હંસે સભાસદ બોલતહી, મુઝકો લજ્જિત કરવાયેગા
અધિકાર સભા પર હૈ મેરા, મમ ઇચ્છિત પંડિત આતા હૈ
નહિં પૂછત બોલત મનમાની, દેખેંગે કૈસે જાતા હૈ
કહદેંગે પહરાવાલોંસે, વાદીકી આજ મનાઇ હૈ
યહાં અન્ય નહિં આસકતા અબ, મામાને યુક્તિ લડાઈ હૈ
અન્તરયામી શ્રીવલ્લભવર, માતુલ બિચાર લખ મુસકાયે
ઉઠ કામ કરન લાગે મામા, પકવાન મધુર ભી બનવાયે

—ક્રમશઃ

શ્રી હરિના પાવનકારી નામ
‘અચ્યુત, અનન્ત અને ગોવિન્દ’

– શ્રી વલ્લભપદરેણુ

સનતભાઇ માંદા હતા ત્યારે તેમના મિત્ર શ્રી જગદીશભાઇ તેમને મળવા આવ્યા. તેમણે કહ્યું, “સનતભાઇ, યથા સંભવ ‘ૐ અચ્યુતાય નમઃ, ૐ અનન્તાય નમઃ, ૐ ગોવિંદાય નમઃ’ નો જપ કરતા રહો તથા દવા લેવાના સમયે તો આ મંત્રનો અવશ્ય જપ કરો.”

ભગવદીય શ્રી જગદીશભાઇમાં શ્રદ્ધા હોવાથી સનતભાઇએ આ મન્ત્રનો જપ શરૂ કરી દીધો. આમ કરવાથી આશ્ચર્યકારક રીતે રોગમાંથી તેમની શીઘ્ર મુક્તિ થઇ. આથી શ્રીહરિમાં તેમની આસ્થા વધી. હવે તે જીવનનો ઘણા ભાગનો સમય શ્રીપ્રભુના નામ-સ્મરણમાં અને સેવામાં ગાળવા લાગ્યા.

એવી એક કથા છે કે જયારે સમુદ્રમંથનમાંથી મહાભયંકર વિષ પ્રગટ થયું ત્યારે દેવો અને દાનવો બધા અતિ ભયભીત બની ગયા. આ સમયે ભગવાન શંકરે બધાને ધરપત આપી અને ‘ૐ અચ્યુતાય નમઃ, ૐ અનન્તાય નમઃ, ૐ ગોવિંદાય નમઃ’ એમ શ્રીહરિના આ ત્રણ નામો બોલતાં બોલતાં મહાભયંકર કાલકૂટ વિષનું નિર્વિઘ્ને પાન કર્યું. પદ્મપુરાણમાં કહ્યું છે કે–

અચ્યુતાનન્ત ગોવિન્દ ઇતિ નામ ત્રયે હરે ।
યો જપેત્ પ્રયતો ભક્ત્યા પ્રણવાદ્યં નમોન્તકમ્ ।।
તસ્ય મૃત્યુ ભયં નાસ્તિ વિષ રોગાગ્નિ જં મહત્ ।
નામત્રય મહામન્ત્રં જપેત્ યઃ પ્રયતાત્મવાન્ ।
કાલમૃત્યુ ભયં ચાપિ તસ્ય નાસ્તિ કિમન્યતઃ ।।

આમ શ્રીહરિના આ ત્રણ નામો અત્યંત પાવનકારી છે. આ નામોના આદિમાં ‘ૐ’ પ્રણવ તથા અંતમાં ‘નમઃ’ લગાડી જે વૈષ્ણવ ભક્તિપૂર્વક તેનો જપ કરે છે તેને વિષ, રોગ કે અગ્નિનો ભય રહેતો નથી. તેને વિકરાલ કાલ અને મૃત્યુ પણ ભય પમાડી શકતા નથી તો અન્ય ભયોની તો વાત જ કયાં રહી ?

સકળ મનોરથ એના સાધે

નામ રટે એક કૃષ્ણ રાધે, રાધેશ્યામ જે જન આરાધે;
શ્યામ સુંદર એ જનને લાધે, સકળ મનોરથ એના સાધે.

બાલલીલા તેમજ વાત્સલ્ય પ્રેમ

પદ

જશોદા હરિ પાલનેં ઝુલાવૈ,
હુલરાવૈ, દુલરાઇ મલ્હાવૈ, જોઇ-સોઇ કછુ ગાવૈ.
મેરે લાલકૈં આઉ નીંદરીયા, કાહૈં ન આની સુવાવૈ,
તૂ કાહૈં નહીં બેગીહીં આવૈ, તો કૌં કાન્હ બુલાવૈ.
કબહું પલક હરી મૂંદી લેત હૈં, કબહું અધર ફરકાવૈ,
સોવત જાની મૌન હ્વૈ કૈ રહી, કરી-કરી સૈન બતાવૈ.
ઇહીં અંતર અકુલાઇ ઉઠે હરી, જસુમતી મધુરૈં ગાવૈ,
જો સુખ 'સૂર' અમર મુની દુરલભ, સો નંદ ભામિનિ પાવૈ.

ભાવાર્થ :– સૂરદાસજી કહે છે કે માતા યશોદા બાલક કૃષ્ણને પાલનામાં ઝૂલાવી રહ્યાં છે. ઝુલાવતાં ઝુલાવતાં કયારેક હુલરાવે છે તો કયારેક પ્રેમથી પુચકારે છે. અને મનમાં જે આવે છે તે ગાય છે. તે કહી રહ્યાં છે કે– "હે નિંદ્રા ! તું મારા પ્યારા બાલક પાસે આવી જા. તૂં શા માટે આવીને નથી સુવાડતી ? ઝટપટ કેમ નથી આવતી ? કૃષ્ણ તને બોલાવી રહ્યો છે."

કૃષ્ણ કયારેક નેત્ર બંધ કરી દીએ છે તો કયારે હોઠ ફફડાવવા લાગે છે. તેને ઊંઘી ગયા સમજીને જશોદાજી બોલતા બંધ થઇ જાય છે અને આંખના ઇશારાથી બીજી ગોપીઓને એમ જણાવે છે કે કનૈયો સૂઇ ગયો છે માટે તમે પણ ચૂપ થઈ જાવ. ત્યાં તો એટલામાં કૃષ્ણ બેચેન થઇને જાગી પડે છે. વળી, કનૈયાને સૂવડાવવા માતા યશોદાજી ફરી મીઠા સ્વરથી ગાવા લાગે છે.

કૃષ્ણજીની આ બાલક્રીડા જે સુખ દેવતાઓ અને મુનીઓને પણ દુર્લભ છે તે સુખ નંદજીના પત્ની યશોદાજી પ્રાપ્ત કરી રહ્યા છે.

ટીકાકાર :– શ્રી શિવપ્રસાદ અગ્રવાલ
(સૂર પદાવલીમાંથી સાભાર)

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : દેવર્ષી રમાનાથ શાસ્ત્રી
અનુવાદક : **શ્રી. ધીરજરામ શાસ્ત્રી**

કૃષિર્ભૂવાચ શબ્દોણશ્ચ નિવૃત્તિવાચકઃ । તયોરૈક્યં પરં બ્રહ્મ કૃષ્ણ ઇત્યભિધીયતે । ઓં તત્સત્પરં બ્રહ્મ કૃષ્ણાત્મકો નિત્યાનંદૈકસ્વરૂપ ।, 'યતો વા ઇમાનિ ભૂતાનિ જાયન્તે ।' સ ઇક્ષાંચક્રે સર્વસ્ય વશી 'યઃ સર્વજ્ઞઃ વિશ્વતશ્ચક્ષુરૂત' 'સર્વકામઃ સર્વગંધઃ સર્વરસઃ આત્મા વા રે' 'તદેજતિ તનૈજતિ 'અપાણિપાદોજવનો' 'અણોરણીયાન્મહતો મહીયાન્' 'યતો વાચો નિવર્તન્તે' 'કશ્ચિદ્ધોરઃ પ્રત્યગાત્માનમૈક્ષત્' 'તતસ્તુ તં પશ્યતે નિષ્કલં ધ્યાયમાનઃ' 'પરાસ્ય શક્તિર્વિવિધૈવ શ્રુયતે સ્વાભાવિકી જ્ઞાનબલક્રિયા ચ' 'સત્યં વિજ્ઞા નમાનંદં બ્રહ્મ' 'સદેવ સૌમ્યેદમગ્ર આસીત્' સ આત્માનં સ્વયમકુરૂત' 'સર્વં પુરૂષ અવેદં' 'મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમ્' અહં સર્વસ્યપ્રભવઃ 'મત્તઃપરતરં નાન્યત્' 'અતોઅસ્મિ લોકે વેદે ચપ્રથિતઃ પુરૂષોત્તમઃ' 'નિર્દોષપૂર્ણગુણવિગ્રહ આત્મતંત્રઃ' 'ત્વમક્ષરં પરમં વેદિતવ્યં' નમો નમસ્તેઅસ્ત્વૃષભવ' 'શ્રિયા પુષ્ટયા ગિરા કાન્ત્યા' 'ત્વં બ્રહ્મપૂર્ણમમૃતં વિગુણં વિશોકમાનંદમાત્રમવિકાર મનન્યદન્યત્' ઇત્યાદિ શ્રુતિસ્મૃતિ તથા 'સવધર્મોપપત્તેશ્ચ પ્રતિજ્ઞા દ્રષ્ટાન્તાઅનુપૈરોધાત્' 'અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત્' અપિ ચ સંરાધને પ્રત્યક્ષાનુમાનાભ્યામ્' 'ઉભયવ્યપદેશાત્વપિ હી કુંડલવત્' 'નાનુમાનમતચ્છુતેઃ' 'પ્રકૃતૈતાવત્વં હિ પ્રતિષેધતિતતે । બ્રવીતિ ચ ભૂયઃ' 'આનંદમયોઅભ્યાસાત્' 'આહ ચ તન્માત્રમ્' ઇત્યાદિ સૂત્રોથી એ સિદ્ધ થાય છે કે, તે પરબ્રહ્મ, પરમાત્મા, પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ ભગવાન આનંદમય છે. સાકાર છે. પ્રાકૃત ગુણ આકારાદિથી શૂન્ય છે, શબ્દબલથી અનેક વિરૂદ્ધ શકિતઓનો આશ્રય છે. અર્થબલથી વિરૂદ્ધ સ્વરૂપાત્મક વિવિધ સર્વધર્મોથી વિભૂષિત છે, વાત્સલ્યાદિ સમગ્ર ઉત્તમોત્ત ગુણ રત્નોનો રત્નાકર છે, આજ બધો સિદ્ધાંત પ્રારંભના શ્લોકમાં પણ કહી આવ્યા છીએ. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે, 'એતે ચાન્યે વ ભગવન્નિત્યા યત્ર મહાગુણાઃ' હું કયાં સુધી કહું ? એવું કોઇપણ શાસ્ત્ર નથી કે જ્યાં ભગવાનમાં સ્વાભાવક નિત્ય ગુણો ન માન્યા હોય. ધર્મ અને ગુણો રહેતાં છતાં પણ જરાય દ્વૈતગંધ નથી રહેતો, કારણ કે પરબ્રહ્મના ગુણો અથવા ધર્મો સ્વરૂપાત્મક છે. એ માટે વેદાંતસૂત્રોમાં શ્રી વ્યાસજીએ કહ્યું છે કે, 'પ્રકાશાશ્રય વદ્ વા તેજસ્ત્વાત્' સૂર્ય અને તેનું તેજ બંને જો કે અલગ અલગ દેખાય છે, છતાં પણ તેમાં દ્વૈત નથી, કારણ કે તેનું તેજ સ્વરૂપથી જુદુ નથી, સ્વરૂપાત્મક છે. જે વસ્તુનો જેવો સ્વભાવ હોય

તેને તેવું જ માનવું પડે છે. ભગવાન સમગ્ર જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ હોવા છતાં પણ પોતે નિર્વિકાર છે અને આપ્તકામ છે. આમ પૂર્વોક્ત શ્રુતિઓથી સિદ્ધ થાય છે. કદાચ કહો કે 'મૃત્તિકા ઘટનું ઉપાદાન કારણ છે, પરંતુ તે જેમ ઘટમાં બધીને બધી જ લાગી જાય છે તેમ પરબ્રહ્મ પણ જગતને બનાવતી વખતે બધું જ ખર્ચાઇ જવું જોઇએ. બીજું નિમિત્ત માનવામાં પણ અવયવ વગરનું તે બ્રહ્મ જગતને શી રીતે બનાવી શકે ? તો એનો ઉત્તર એટલો જ છે કે તે ભગવાન અચિંત્યશકિત છે. ત્યાં (બ્રહ્મમાં) પરસ્પર વિરૂદ્ધ જેવી દેખાતી વાતો પણ સંભવી શકે છે. વેદે તેને નિરવયવ અને કર્તા, ઉપાદાન તથા વિકારરહિત કહ્યું છે. 'માટે આસ્તિકે તો જેવું વેદે કહ્યું તેવું જ માનવું આવશ્યક છે. અને માટે જ ભગવાન બાદરાયણે 'શ્રુતેસ્તુ શબ્દમૂલત્વાત્' આ સૂત્ર યોજ્યું છે, આ સૂત્ર ઉપર શ્રી શંકરાચાર્યેજી પણ પહેલાં તો બ્રહ્મને વિરૂદ્ધધર્માશ્રયમાની બરોબર આસ્તિકોના જેવુંજ સમાધાંન કરી જાય છે પરંતુ કંઇ ખબર પડતી નથી કે શા માટે તે આગળ જઇ આસ્તિકોના કર્ણકુહરને પોતાના કુટુબોદ્ધગીતના સૂરથી પુરવા મંડી પડે છે. ચાર પાંચ અંધો ભેગા મળી હાથીને જાણીને વર્ણન કરવા લાગે. ઠીક છે અગર તે લોકો એમ કહે કે 'અમે હાથીનું એક એક અવયવ અનુભવ્યું છે પણ કાંઇ એક એક અવયવ હાથી નથી તો આવી વાત માની શકાય, પરંતુ તેઓ: યદિ કહેવા લાગે કે નહિ જી નહિ, હાથી તો સુપડા જેવો છે ઇત્યાદિ તો જરૂર તેઓ તેને ન જાણી શકયા એમ કહેવું પડશે. બસ, અન્યવાદીઓની પણ આવીજ હાલત છે, કોઇ બ્રહ્મની તિરોભાવ શકિતને જ લઇને કહે છે કે 'બ્રહ્મ શૂન્ય છે, અનિર્વચનીય છે' ઇત્યાદિ વિરૂદ્ધધર્માશ્રય અથવા વિવિધ ધર્મોનો આધાર હોવાથી બ્રહ્મ પોતે ભલે તેનાં કથનનું પણ અનુસરણ કરતું રહે તો પણ કહેવું પડશે કે આવું કહેનારા તેઓ ખરેખર બ્રહ્મને પ્રાપ્ત કરી શકયા નથી, એમ પ્રતીત થાય છે. પૂર્વોકત આ બધી વાતો ભગવાન શ્રીમદ્‌વલ્લભાચાર્ય ચરણે તત્વદીપ નિબંધમાં કહી છે.

'સચ્ચિદાનંદરૂપ તું બ્રહ્મવ્યાપકમવ્યયમ્ ।
સર્વશકિત સ્વતંત્રં ચ સર્વજ્ઞ ગુણવર્જિતમ્ ॥

સમજાતીયવિજાતીય સ્વગતદ્વૈતવર્જિતમ્ ।
સત્યાદિ ગુણસાહસ્ત્રૈર્યુકતં રૌત્પત્તિકૈ સદા ॥

સર્વાધારં વશ્યમાયમાનન્દાકારમુત્તમમ્ ।
પ્રાપંચિકપદાર્થાનાં સર્વેષાં તદ્વિલક્ષણમ્ ॥

જગતઃ સમવાયિ સ્યાત્તદેવ ચ નિમિત્તકમ્ ।
કદાચિદ્રમતે સ્વસ્મિન્પ્રપશ્ચે અપિ કવચિત્સુખમ્ ॥

સર્વવાદાનવસરં સર્વવાદાનુરોધિ તત્ ।
અનંતમૂર્તિ તદ્ બ્રહ્મ કૂટસ્થં ચલમેવ ચ ॥

વિરૂદ્ધસર્વધર્માણામાશ્રયં યુક્તવગોચરમ્ ।
આવિર્ભાવતિરોભાવે મોહિનં બહુરૂપઃ ।।
ઇન્દ્રિયાણાં તું સામર્થ્યાદ્દ્રશ્યં સ્વેચ્છયા ચ તત્ ।।
તત્વદીપનિબંધ–શાસ્રાર્થ પ્રકરણમ્

'આનંદો બ્રહ્મેતિ વ્યજાનાત' 'સત્યંવજ્ઞાનમાનંદં બ્રહ્મ' વિગેરે શ્રુતિઓથી એ જ પ્રતીત થાય છે કે પરમાત્મા આનંદાનુભવરૂપ છે, નિત્ય વર્તમાન રહેવાથી તેને સત્ પણ કહે છે, માટે તે સચ્ચિદાનંદ સ્વરૂપ કહેવાય છે, 'આનંદ બ્રહ્મણો વિદ્વાન ન બિભેતિ' કૃતશ્ચન 'આનંદ બ્રહ્મણો રૂપં' ઇત્યાદિ શ્રુતિઓથી એ પણ સિદ્ધ થાય છે કે સ્વરૂપની માફક પરમાત્મામાં સ્વરૂપથી અભિન્ન કોંઇ ધર્મરૂપ પણ આનંદ છે અને એ જ ત્યાં આકાર, વસ્ત્ર, આભૂષણ, પ્રભૃતિની જગ્યાએ છે, આજ આનંદરૂપ આકાર સૃષ્ટિની પહેલાં સ્વરૂપ સાથે એટલો તો મળેલો રહે છે કે તે વખતે બધાંને પરબ્રહ્મ નિરાકારજ દેખાય છે, અને એજ વાસ્તે એને કોઇ કોઇ સ્થળે નિરાકાર અસત્ વિગેરે શબ્દોથી વ્યવહર્યો છે, વાસ્તવમાં તો સર્વત્ર નિરાકારનો 'પ્રાકૃત આકાર રહિત' એવો જ અર્થ કરવો ઘટે, અને અસતનો 'અસ્પષ્ટ' અર્થ કરવો જોઇએ. પ્રભુશ્રીની બહિઃક્રીડા જ જગત અવસ્થા છે અને આપશ્રીની અંતઃક્રીડા સૃષ્ટિની પૂર્વની અવસ્થા છે. 'એકોઅહં બહુસ્યાં' આ વિચાર પ્રમાણે જયારે તે ભગવાનને બહાર રમણ કરવાની ઇચ્છા થઇ એટલે તે પોતાના તે ધર્મોને પોતાથી જુદા કરે છે, જેથી ધર્મોનો તિરોભાવ, વિગેરે વિવિધ તારમ્યોથી આ જગત્ પ્રગટ થવા લાગે છે. પ્રથમ જે રૂપદ્વારા તે જુદાં પડે છે તેને જ શ્રુતિઓમાં અક્ષર, ધામ, સમષ્ટિજીવ, બ્રહ્મ, ચરણ, અને મહિમા વિગેરે સમષ્ટિ શબ્દોથી સંબોધ્યું છે. શ્રી પુરૂષોત્તમ ભગવાન અને અક્ષર એ બંન્ને સૃષ્ટિની પહેલાં સુપ્તશકિત રહે છે. અક્ષરની બે પ્રકારે સ્ફુર્તિ થાય છે. ભક્તલોકોને તો વ્યાપિ વૈકુંઠ, ભગવદ્ધામ ઇત્યાદિ રીતિથી તેનો પ્રકાશ થાય છે. માટે જ શ્રી ગીતા અને શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ ધામ પરમં મમદર્શયતે માસલોકં સ્વં ગોપાનાં તમસઃ પરમ્ આ ઉકત પ્રકારની સ્ફૂર્તિમાં થોડાએક ભગવદ્ગુણોનું પ્રાકટય અને અન્યોનો તિરોભાવ રહે છે, શુદ્ધાદ્વૈતજ્ઞાનીઓને એ જ અક્ષરની સ્ફૂર્તિ માત્ર પ્રકાશ રૂપે થાય છે. કારણ કે તે વખતે તેઓનાં હૃદયમાં એક જ્ઞાનશકિત સિંવાય બીજી બધી શકિતઓનો ત્યાં તિરોભાવ જ દેખાય છે, માટે તેઓ એનો નિર્ધર્મક કહે છે, એ વાસ્તે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે 'સંસુપ્તવચ્છૂન્યવદપ્રતકર્યં તન્મૂલભૂતં પદમામનન્તિ' એજ અક્ષર ભગવાનને 'બ્રહ્મ પુચ્છ પ્રતિષ્ઠા વિગેરે શ્રુતિઓમાં આનંદમય, પુરૂષોત્તમરૂપ હંસના પુચ્છરૂપે વર્ણવ્યો છે, અક્ષર બ્રહ્મ જ પોતાની સદંશરૂપા પ્રકૃત્તિમાં જીવરૂપ વીર્યનું આધાન કરે છે, જેથી સચ્ચિદ્રુપ જીવોની ઉત્પત્તિ (વ્યુચ્ચરણ) થાય છે.

એજ આનંદાનુભવરૂપ પુરૂષોત્તમ જે વખતે નામરૂપાદિ જગતની સ્પષ્ટ અભિવ્યકિત અલગ અલગ કરવા ચાહે છે અથવા જ્યારે બ્રહ્માંડાત્મક સદંશમાં પ્રવેશ કરી તેનું શાસન

કરવા ઇચ્છે છે, ત્યારે અંતર્યામી રૂપ ધારણ કરી બધાંય જડ ચેતન પદાર્થોમાં પ્રવેશ કરે છે, માટે જ ઉપનિષદોમાં કહ્યું છે કે 'યઃ પૃથિવ્યાં તિષ્ઠન' 'યો વિજ્ઞાને તિષ્ઠન 'એષ ત આત્મા અંતર્યામી અમૃતઃ ધ્યેયઃ સદા સવિતૃમંડલમધ્યવર્ત નારાયણઃ ઇત્યાદિ.

અગર દ્રશ્ય પદાર્થ જ ન હોય તો નેત્રાદિ ઇન્દ્રિય અને દ્રષ્ટા (જીવ) આ બંનેની સિદ્ધિ કરવી મુશ્કેલ થઇ પડે છે અને અગર દ્રષ્ટા ન રહે તો દ્રશ્ય અને ઇંદ્રિયોની સિદ્ધિ કરવી અસંભવ છે, આવી રીતે જયારે એકના અભાવમાં અન્ય સ્થિતિ દુર્લભ થઇ પડે છે તો તે વખતે જે કોઇ બધાંને જોવાવાળો તથા દ્રશ્ય અને દ્રષ્ટાને પોત પોતાના કાર્યમાં સાવધાન કરાવનાર અથવા પ્રવૃત્ત કરાવનાર છે, તેને અંતયાર્મી કહે છે. આ અંતર્યામી તે મહાન અંતયાર્મીનો અંશ છે એ, એક માત્ર દેહી અને દેહનુંજ નિયમન કરે છે, અને એ, કર્મ તથા કર્મફ્લોનો સ્પર્શ સુધ્ધાં કરતો નથી, કારણ કે તે અભિમાન શૂન્ય છે.

આનંદમય અનુભવ અથવા આનંદાનુભવમાત્ર તે ભગવાન જ પોતાની ઇચ્છાથી ભિન્ન ભિન્ન ભાવો દ્વારા બ્રહ્મ પરમાત્મા (અંતર્યામી) અને જીવાદિ રૂપોને ધારણ કરે છે, માટે કોઇ પણ જાતનું દ્વૈત રહેતું નથી. જીવ સજાતીય છે, જડવર્ગ વિજાતીય છે અને અંતર્યામી સ્વગત છે પરંતુ ત્રણે સત્ત, ચિત્ત અને આનંદરૂપ છે, એટલા માટે દ્વૈતગંધ સુધ્ધાં પણ રહેતો નથી, પોતે ચિદંશ હોવાથી જીવ અને ભગવાનમાં સજાતીય ભેદ પણ રહેતો નથી અને સચ્ચિદાનંદ હોવાથી અંતયાર્મી અને ભગવાનમાં સ્વગત ભેદ પણ નથી વિદેહ રાજાની સત્રસભામાં પ્રવચન કરતી વખતે શ્રી પિપ્પલાયન મહર્ષિએ કહ્યું કે હે રાજા જે પોતે અહેતુ રહેતાં છતાં પણ અથવા સાક્ષાત્ કોઈનું કારણ ન હોવા છતાં પણ જે પોતાની નિત્ય ચિચ્છકિતના વિલાસમાં રમણ કરતો રહે, પરંતુ પોતાના અંશ અને અંશાશીરૂપ અક્ષર (બ્રહ્મ) અંતર્યામી (પરમાત્મા) અને જીવદ્વારા આ સર્વ વિશાલ વિશ્વને પેદા કરે છે, તેની સ્થિતિ રાખે છે, અને સંહાર કરે છે, તેને ભગવાન સમજો અને જેના સામર્થ્યથી ચેતનતાને પામેલા જીવો, દેહ, ઇન્દ્રિય અને પ્રાણો પોત પોતાના કાર્યમાં પ્રવૃત્ત રહે છે તેને અંતર્યામી (પરમાત્મા) જાણો, અને જે તત્વ સ્વપ્ન, જાગૃતિ, સુષુપ્તિ તથા તુરીય અવસ્થામાં પોતાના સ્વસ્વરૂપે જ વિદ્યમાન રહે છે અથવા જડાદિમાં પણ સ્વરૂપસ્થિતિ રાખવા માટે સદ્રુપે સુક્ષ્મરૂપથી જ રહે છે તેને બ્રહ્મ (અક્ષર) કહે છે. માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે :

વદન્તિ તત્તત્ત્વવિદસ્તત્ત્વં યજ્જ્ઞાનમદ્વયમ્ ।
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ॥

ભાગવત તત્ત્વને સમજનારા લોકો અનુપમ તે આનંદાનુભવ માત્રને તત્ત્વ (સાર) કહે છે. જે શાસ્ત્રોમાં બ્રહ્મ, અંતર્યામી અને ભગવાન નામથી કહેવાયું છે.

(ક્રમશઃ)

॥ શ્રી વલ્લભઃ ॥

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

સંગઠનના સુત્રધારો

(વ્રજ) ધોરાજી

લે. **રવજીભાઇ મીસ્ત્રી**

ગોવિંદ ગઢના મહારાજા ગોવિંદસિંહજી આજે અસહ્ય ચિંતામાં ગરકાવ થઇ ગયા હતા. ચિંતાનો કોઇ ઉકેલ સુઝતો ન હતો.

પ્રધાનજી : મહારાજ! આજેતો ખૂબ ચિંતામાં લાગો છો એવું શું છે?

રાજાજી : હા પ્રધાનજી! આપણા ગામમાં એક લડોકરી (કજીયાળી) અને માથા ભારે બાઇ છે તે મારો ચિંતાનો વિષય અને માથાના દુઃખાવા રૂપ બની રહી છે દરરોજ આઠ દસ ઘેરે કજીયો કર્યા વીના તેને ભોજન ભાવતું નથી અને શાંન્તિ પણ થતી નથી. સર્વ પ્રજા તેનાથી ત્રાસી ગઇ છે અને સર્વેની ઉંઘ હરામ થઇ છે દરરોજ કાંઇને કાંઇ ફરીયાદ હોય જ છે મારી વ્હાલસોયી પ્રજા દુઃખી હોય તો મને કઇ રીતે સુખ થાય? તે સ્ત્રી હોવાથી તેને કોઇ સજા પણ અપાય નહીં. કંઇ ઉપાય હોય તો બતાવો.

પ્રધાનજી : ઓહો! મહારાજ! એવી બાબતમાં મુંઝાવાનું શું હોય! આપણા ગામમાં એક સાસુ વહું વૈષ્ણવ છે તે બહુજ ચતુર છે તેઓ પોતાના ભક્તિ બળ અને ચતુરાઇથી જરૂર કાંઇ રસ્તે કરી આપશે. ભગવદ ભકતો જગત કલ્યાણ કારી અને દીન જનોના દુઃખ હરિ હોય છે.

રાજાજી : ખરી વાત છે પ્રધાનજી! આજે હું ફરવાને એ તરફ જઇશ અને તેઓને વાત કરીશ વિનંતિ કરીશ વૈષ્ણવો દયાળુ હોય છે. દિન દુઃખીયાના બેલી પણ હોય છે. અને રાજાજી પ્રજાની સંભાળ લેવાને બહાને ત્યાં ગયા. (આગળના રાજાઓ પ્રજાનાં સુખ દુઃખ જાણવા અને સંભાળ લેવા નીકળતા) અને તે સાસુ વહુને વિનંતિ રૂપે વાત કરી રાજાઓને પ્રજા સાથે કુટુંબ જેવું જ હતું.

રાજાજી : બાઇ! પ્રભૂ ભકતો પરમ કૃપાળુ અને પર દુઃખ ભંજન હોય છે એમ સમજી અને હું એક આશા લઇ અને આવ્યો છું. આ લડોકરી (કજીયાળી) બાઇથી આખુ ગામ ત્રાસી ગયું છે મારી પ્રજાને દુઃખ હોય તે મારૂં જ દુઃખ છે તે સ્ત્રી જાતી હોવાથી તેને કંઇ દંડ અપાય નહીં. આપ કંઇક વિચારી મને અને ગામને ત્રાસથી મુકત કરો તો અમે અને આખું ગામ આપનો ઉપકાર માનીશું આ વાત સાંભળી સાસુ વહુનું હૃદય દ્રવી ગયું અને કહ્યું.

સાસુ વહુ : રાજાજી! આપ અને ગામને એ કજીયાળી બાઇનો ત્રાસ છે તે સાંભળી અમને પણ દુઃખ થાય છે. અમારો ઉપકાર માનવાની જરૂર નથી. પ્રભૂ સર્વ સમર્થ છે અને સર્વ એના દાસ છીએ તેમની કૃપાથી બધું સારૂં થઇ રહેશે. હવેથી આપ તે બાઇને કહો કે ગામમાં બીજે કયાંઇ ઝઘડો કરવા ન જાય અને દરરોજ અમારે ત્યાં જ આવે એમ તેનાથી સમજી વઇશું.

રાજાજીતો આશ્વાસન ભરેલા માયાળુ શબ્દો સાંભળી અને જાણે જન્મો જન્મના બળ બળતા તાપો માંથી પરમ શાંતિ મળી

હોય તેમ હહુજ રાજી થયા અને સાસુ વહુ માટે બહુજ માન થયું સિદ્ધાંત કહે છે.

ગંગાજી ટાળે પાપને–શશિ તાપ હરે ગયે શરણ
દારિદ્ર ટાળે સુરતરૂ એ ત્રણે મળી કરે ત્રણ હરણ
પણ મળતામાં હરિ જને દીન દયાળ
ત્રણે હરણ કરે તતકાળ
જ્ઞાને તાપ–હરે દર્શને દોષ
દૈન્ય ઉપજાવે ટાળી અસંતોષ–(દયારામભાઇ)

તુરત જ રાજાજી એ પોતાનો ખાસ માણસ મારફતે કજીયાળી બાઇને કહેવરાવ્યું કે તારે આજથી ગામમાં કોઇને ત્યાં કજીયો કરવા જવાનું નથી અને આપણા ગામમાં જે સાસુ વહુ વૈષ્ણવ છે તેને ત્યાંજ દરરોજ જવાનું છે બીજે કયાંઈ જઇશ તો રાજાજી શિક્ષા કરશે.

આ વાત સાંભળી અને તે કજીયાળી બાઇ રાજી થઇ કે એ બન્ને ભકતાણીઓને તો હું બરાબર સીધી કરી દઇશ તે પણ જાણશે કે, મારા સામે મેદાને પડવું એ લોઢાના ચણા ચાવવા જેવું છે પછી તેઓ જનમ ભર મારા સામે ઉચુ માથું પણ નહીં કરી શકે આમ વિચારી અને તે બીજે દીવસે સવારમાં વહેલી તે સાસુ વહુને ત્યાં પહોંચી ગઇ અને પોતાની પ્રકૃતી પ્રમાણે અણ છાજતા શબ્દોનો વરસાદ વરસાવવા લાગી.

પરંતુ આ સાસુ વહુતો પરમ વૈષ્ણવ હતાં જાણે કંઇ પણ છે નહીં તેમ સમજી પોતે તો પોતાના પ્રભૂની સેવા નિશ્ચિતતાથી કરવા લાગ્યાં તેમ તેમ તે બાઇનો જુસ્સો અને ગુસ્સો આસમાને ચડી ગયાં પરંતુ સાસુ વહુતો શાંતિથી પ્રભૂ સેવા કરતાં હતાં એમ કરતાં જયારે તે કજીયાળી બાઈનું મોઢું થાકી ગયું. અને ઢીલી પડી ગઇ એટલે વહુએ તુરતજ બહાર આવી અને કહ્યું.

વહુ : કેમ બહેન થાકી ગયાં ? એમ કહી કહી અંગુઠો બતાવી ઘરમાં ગયાં અને તે 'લેડોકરી' બાઇનો જુસ્સો અને ગુસ્સ્સો ભભૂકી ઉઠયો અને તીખા તમ તમતા વચન બાણોની ઝડી વરસાવવા લાગ્યાં.

આમ બરાબર ત્રણ પ્રહર થયા એટલે 'લડોકરી' બેન લોથપોથ થઇ ગયાં બોલવાની અને ઉભા રહેવાની શકિત પણ રહી નહીં અને તેઓ ફળીયામાં જ ફસડાઇ પડયાં અને માંડમાડ ઉઠી અને ઘર તરફ ચાલવા લાગી એટલે વહુ એ તુરત કહ્યું કે બેના કાલે પાછાં વહેલાં વહેલાં આવજો હો.

પરંતુ ચમત્કાર એ થયો કે બીજે દીવસે એ નતો સાસુ વહુને ત્યાં ગઇ કે નતો ગામમાં બીજે કયાંઇ ગઇ એટલે બીજે દીવસે સાસુ વહુએ તુરત એક માણસ સાથે રાજાજીને કહેવરાવ્યું કે એ કજીયાળી બાઇ આજે લડવા આવી નથી તેને તુરત મોકલો અમે લડવા તૈયાર છીએ એટલે રાજાએ તે કજીયાળી બાઇને માણસ મોકલી અને કહેવરાવ્યું કે તે સાસુ વહુને ત્યાં ઝગડવા નહી જાય તો રાજા શિક્ષા કરશે. એટલે તે કજીયાળી બાઇ તુરત જ રાજાજી પાસે ગઇ.

લડોકરીબાઇ : મહારાજ ! સાસુ વહુથી હું હારી ગઇ છું તેનામા એવી કોઇ અદૃષ્ય શકિત છે કે તેઓ ઝઘડતાં નથી. અને મારા સામે જોઇ અને ફકત હસે છે છતાં પણ હું તેનાથી હારી થાકી ગઈ છું આજ સુધી મેં મારાં વાણી અને વર્તનથી આપને અને પ્રજાને ત્રાસ આપ્યો છે તેની હું આપ અને ગામ

લોકો પાસે હાથ જોડી અને ક્ષમા માગું છું તો ઉદાર મનથી આપશો હવે મેં ગામ લોકોનું મન દુખાવ્યું છે તેના પ્રાયાશ્ચિતરૂપે સહુની સાથે હળી મળીને રહી મિઠાશથી સર્વના સુખ દુઃખમાં સહાયક અને સમભાગી થઇ અને સર્વ પ્રજાની સેવા કરીશ. અને પ્રાતઃ સ્મરણીય અને પરમવંદનિય ભગવદ ભકત સાસુ વહુને મેં ત્રાસ આપ્યો છે તેના પુનિત પ્રાયાશ્ચિત માટે ગામની સર્વ બહેનોનું એક મંડળ સ્થાપીશ તેમા જ્ઞાતિના ભેદભાવ વીના સર્વને માટે દ્વાર ખુલ્લાં રહેશે એ મંડલનું કાર્ય સાસુ વહુને ત્યાં નાના મોટા ઉત્સવોની સર્વ સેવા અમારૂં મંડલ કરશે અને એ સાસુ વહુની આજ્ઞા પ્રમાણે સહાયક થઇ અને રહેશું ગામમાં ઘેરે ઘેરે સત્સંગનો કાર્યક્રમ રાખીશું અને ભગવદ ગુણ ગાનના મંગલ મય ધ્વનિથી આ ગામ અને આસપાસના સર્વ ગામોને ભકિત મકરંદથી મહેકાવી દઇશું અને તે જીવનભર નિભાવી ધન્ય ભાગ્ય માનીશું.

રાજાજી તો આ સાંભળી અને ચકિત થઇ ગયા. કે કયાં કાલની ત્રાસ વરસાવતી આ કજીયાળી બાઇ અને કયાં આજની પરમ સંત લડોકરીબાઇ ધન્ય છે પ્રભુ ભકતોને કે કોઇ જાણે અજાણ્યે કે કોઇ પણ ભાવનાથી તેની સન્મુખ થાય તેનો પણ હૃદય પલટો થઇ જાય છે અને પરમ ભાગ્યવાન ભકત બની જન્મો જન્મના અપરાધોને ભસ્મિભૂત કરી અને પાવન થઇ પરમ વંદનિય બને છે. આ પરમ વૈષ્ણવ સાસુ વહુમાં જરૂર કાંઇ દૈવી શકિત છે કે સર્વ પ્રજા અને મારા પણ માથાના દુખાવારૂપ આ બાઇ એક જ દીવસમાં પરમ સંત બની ગઇ અને જીવનને સેવામય બનાવી લીધું આમ વિચારી અને રાજાજી તુરત સાસુ વહુ વૈષ્ણવને ત્યાં આવ્યા.

રાજાજી : હે પરમ મહાનુભાવ ભગવદીય બહેનો ! આપને વિનંતિ રૂપે કંઇક કહેવા માટે આવ્યો છું તો આપ સત્ય વાત કહી મારા મનનું સમાધાન કરશો આપની પાસે એવી કઇ અલૌકીક શકિત છે ? કે જેનાથી ગામના અને મારા માથાના દુઃખાવા રૂપ આ કજીયાળી બાઇનો પણ હૃદય પલટો થઇ અને તમારી દાસ બની સેવાનું વ્રત અને જનકલ્યાણ માટે ભેખ લઈ લીધો હું ભલે રાજા છું પરંતુ તમારા જેવાનો દાસ છું માટે કૃપા કરી અને મને સમજાવો.

સાસુ વહુ : રાજાજી ! અમે તેની સાથે એક પણ શબ્દ બોલ્યા નથી અમારા શ્રી ગુરૂદેવની આજ્ઞા છે કે પ્રભુ સેવા સ્મરણ સિવાઇ વૈષ્ણવ મિથ્યા ક્રિયા–મિથ્યા ધ્યાન અને મિથ્યા ભાષણથી અલિપ્ત રહેવું એ આજ્ઞાનું પાલન બરાબર કરવું એ અમારો પરમ ધર્મ છે. આજે કંઇ બન્યું છે તે અમારા શ્રી ગુરૂદેવની કૃપાથી જ બન્યું છે અમારા શ્રી ગુરૂદેવ મહાન પ્રતાપી સર્વસમર્થ અને સાક્ષાત પ્રભુનો અવતાર છે અને જીવોના ઉદ્ધાર માટે પ્રગટ થયા છે.

રાજાજી : એ તમારા શ્રી ગુરૂદેવ કયાં રહે છે અને આપશ્રીનું શુભ નામ શું છે ?

સાસુ વહુ : તેઓ શ્રી મથુરાં મંડલ શ્રી બ્રજભુમિમાં શ્રી ગોકુલ ગામમાં રહે છે અને આપશ્રી જગત વિદિત છે આપશ્રીનું શુભ નામ શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઇજી છે મોટા

રાજાઓ અને દિલ્હીપતિ અકબર ઉપર પણ તેનો મોટો પ્રભાવ છે અને તેઓ પણ આપશ્રીના દાસ બની અનુકુળ રહે છે આ સાંભળી અને રાજાને આપશ્રીના દર્શનની ચટપટી લાગી અને પોતાનો પરિવાર સાથે થોડા દરબારીઓને લઇ અને શ્રી ગોકુલ ગયા સાસુ વહુના દંડવત કર્યાં અને શ્રી ગુંસાઇજીને શરણે થયા શ્રી વ્રજમંડલનાં લીલા સ્થળોમાં દર્શન કરી શ્રી યમુનાજી સ્નાન પાન કરી શ્રી ગોવર્ધન ધર અને શ્રી ગિરિરાજજીનાં દર્શન કર્યાં અને ખુબ આનંદિત થયા પછી પોતાના રાજ્યમાં પધારવા માટે શ્રી ગુંસાઇજીને દીનતા અને આગ્રહપૂર્વક વિનંતી કરી કે આપ પધારી અમને પાવન કરો અમે હવે આપનાં જ છીએ.

શ્રી ગુંસોઇજી : રાજા ! હવે તમે અમારા જ છો થોડા દિવસોમાં અમે શ્રી દ્વારકાજી પધારશું ત્યારે તમારે ત્યાં પધારી તમારો મનોરથ પુરણ કરશું.

પછી રાજા દેશમાં આવી આપશ્રી અને વ્રજના સ્મરણ સહિત સર્વ રાજકાર્ય કરવા લાગ્યા. થોડા સમય પછી શ્રી ગુંસાઇજી મહારાજ દ્વારકા પધારતાં તે રાજાના ગામ ગોવિંદગઢમાં આપશ્રીએ મુકામ કર્યો. રાજા અને પ્રજા સર્વ હર્ષઘેલાં થઇ મોટો ઉત્સવ માન્યો. ત્રણ દિવસ મુકામ રાખ્યો અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો અને વચનામૃતોનો અમુલ્ય લ્હાવો લીધો. સર્વ પ્રજાએ ત્રણ દિવસ સુધી કીર્તનો-રાસ-ગરબા અને પ્રાદેશિક નૃત્યનો આનંદ લીધો અને ત્રણ દિવસ સર્વ પ્રજાએ ભેદભાવ વિના રાજાજીને રસોડે પ્રસાદ લીધા. આપશ્રીનો આવો ઉગ્ર પ્રતાપ બલ જોઇ અને હજારો જીવો શરણે આવ્યા. ગોવિંદગઢ ગોકુળીયું બની ગયું. અને સર્વે પ્રજાએ જીવનમાં કદી ન લીધેલ અભૂતપૂર્વ આનંદનો અનુભવ કર્યો.

પછી શ્રી ગુંસાઇજી દ્વારકાં પધાર્યા. રાજાજી અને સર્વ પ્રજાએ વૈષ્ણવી જીવન જીવી શ્રી પ્રભુમય જીવન ગાળ્યું અને તે સાસુ વહુ વૈષ્ણવની આજ્ઞામાં રહી જીવન સફળ કર્યું.

ધર્મશાસ્ત્રો કહે છે કે રાજનિતિમાં કેટલાંક જાણ્યે અજાણ્યે ઘણાએ પાપો અપરાધો થઇ જતા હોય છે તેનાથી લૌકિક રાજાઓને રાજ્યને એ તે નર્ક મળે છે, પરંતુ ભગવદ્ ભકત રાજાઓને તો રાજ્યને અંતે અચ્યુત અવિનાશી પ્રભુના ધામની પ્રાપ્તિ થાય છે. જેમાં રાજાજી આશકરણજી નાગરીદાસજી અને કીશનગઢના રાજાઓનાં દ્રષ્ટાંતો વિદિત છે.

[શ્રી ગિરધરજીના ૧૨૦ વચનામૃતમાંથી સાભાર સંકલિત]

આ માસના ઉત્સવ

કારતક વદ ૮ તા. ૧૯-૧૧-૭૮ રવિવાર
શ્રી ગુસાંઈજીના [illegible] લાલ શ્રી [illegible]નો પ્રાગટ્ય (સં. ૧૫૯૭)

કારતક વદ ૧૧ તા. ૨૨-૧૧-૭૮ બુધવાર
ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૨૪-૧૧-૭૮ શુક્રવાર.
શ્રીગુસાંઈજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજીનો પ્રાગટ્ય (સં. ૧૬૨૮)

માગશર [illegible] ૫ તા. [illegible] બુધવાર.
શ્રી[illegible]નો [illegible]

માગશર સુદ ૭ તા. [illegible] ગુરુવાર
શ્રી ગુસાંઈજીના [illegible] શ્રી [illegible]નો પ્રાગટ્ય (સં. [illegible]) [illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible] શનિવાર
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] શાંતિ [illegible] કહેવું નથી. [illegible] શાંતિ [illegible]

[illegible] વિદ્યાપીઠમાં [illegible]

[illegible] જરૂર છે તો નીચેના સરનામે પત્ર વ્યવહાર કરો.

શ્રી [illegible] વિદ્યાપીઠ કાર્યાલય,
૯૦૨, [illegible] સેન્ટર, [illegible]
અમદાવાદ ૩૮૦૦૦૧ ફોન [illegible]

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

શ્રી ગોકુલનાથજીનું ધોળ

શ્રી ગોકુલનાથ પ્રકટ થયા રે, સ્થાપો મહા ઓચ્છવ;
માહારા તનના તાપ ગયા રે, આયો મહા ઓચ્છવ આયો૦ ૧

સખીઓ સર્વે મળી ઘેર આવો રે, મોતીના ચોક પુરાવો રે;
કુમકુમના હથા દેવરાઓ રે, મંગલ કલશ ભરાવો રે. આયો૦ ૨

કદળી ખંભ રોપાવો રે, તરીયા તોરણ બંધાવો રે;
રૂડા મંડપ રચાવો રે, ચીરના ચંદરવા બંધાવો રે. આયો૦ ૩

શેરીએ કાચ ઢળાવો રે, વાટે ફુલડાં વેરાવો રે;
શેરીએ પાટ પથરાવો રે, સુગંધ અગર ઉખેવો રે. આયો૦ ૪

મોટા શમીઆના બંધાવો રે, મોતીની ઝાલરો ટકાવો રે;
સખીઓ સહુ મળી ઘેર આવો રે, મંગલ ધોળ ગવરાવો રે. આયો૦ ૫

મોટી જાજમો પથરાવો રે, ગાદી મુંઢા બિછાવો રે;
દીપક જ્યોત પ્રગટાવો રે, આજ આનંદ વધાવો રે. આયો૦ ૬

શ્રી ગોકુલનાથજીને પધરાવો રે, એ છે રૂક્ષ્મણીજીના જાયા રે;
એ છે વૈષ્ણવજનના વાહાલા રે, શ્રી વિઠ્ઠલનાથજીના લાલા રે. આયો૦ ૭

વાહલા વ્રજમાં પૂર્યો વાસ રે, જનમ્યા સુદી સાતમ માગસર માસરે,
વાહાલે પુષ્ટિ પ્રાકટ્ય કીધું રે, વાહાલે ભકતને દાન દીધું રે. આયો૦ ૮

વાહાલે સૌની પૂરી આસ રે, બલિહારી **‘માધવદાસ’** રે,
શ્રી ગોકુલનાથ પ્રકટ થયારે, માહારા તનના તાપ ગયા રે. આયો૦ ૯

–ભકત કવિ શ્રી માધવદાસ દલાલ
ખંભાત

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
पुष्टिमार्ग रक्षकः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

શ્રી ગુસાંઇજીની વધાઇ

[રાગ : દેવગંધાર]

ભક્તિ શ્રીગોકુલતેં પ્રકટ ભઇ ।
પેહલેં કરી શ્રીવલ્લભનંદન,
તબ ઓરન સિખઇ ॥૧॥

ચાર્યો વરન સરન કર,
અપને વિધિસો બાંટિ દઇ ।
શ્રી વિઠ્ઠલનાથ પ્રતાપ તેજ તેં,
તીન્યો તાપ ગઈ ॥૨॥

અબ દેખતહી જીવ પ્રેત જ્હે,
તિનકૂં માંગિ લઇ ।
અબ ઉદ્ધરે કહત અપને સુખ,
પત્રી લિખ પઠઇ ॥૩॥

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ગિરિધર,
તીન્યો એક સહી ।
નવ પ્રકાર આધાર **'નારાયણ'**
ઘોષલોક નિબહી ॥૪॥

* * *

વર્ષ ૬ : અંક ૯ ⊞ ડીસેમ્બર, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, અવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

પરીખ પરિવારની અનુકરણીય સહાયતા

'શ્રીવલ્લભ સુધા' આપણી આં. પુ વૈ. પરિષદ દ્વારા સંચાલિત શ્રી મહાપ્રભુજીના અલૌકિક સિદ્ધાંતોનું પ્રકાશન છે. અને સેવાભાવી કાર્યકરોના સહયોગથી વૈષ્ણવોને વાર્ષિક માત્ર દશ રૂપીયાની અલ્પ ન્યોછવરે અપાય છે. આથી તેના બજેટમાં થોડી ખાધ તો રહે છે. આ માટે સમયે સમયે વૈષ્ણવો તરફથી નાની મોટી રકમો સહાયતામાં મલતી રહે છે.

મુંબઇથી 'સ્મરણાંજલિકા' પુસ્તિકા અને કેસેટ પ્રકટ કરનાર શ્રી એન. કે. પરીખને 'શ્રીવલ્લભસુધા'ને સહાય કરવાનો અનેરો માર્ગ સૂઝયો. તેમણે પોતાના ગો. વા. પિતાશ્રી કેશવલાલ મૂળજીભાઇ પરીખ તથા ગો. વા. માતુશ્રી ગીરજાબેનની પૂણ્ય સ્મૃતીમાં, ગત ઓગષ્ટ માસ દરમ્યાન શ્રીવલ્લભસુધાના જેટલાં આજીવન સદસ્યો નોંધાય તે દરેક સદસ્ય દીઠ એકાવન રૂપીયા સહાય આપવા કાર્યાલય સમક્ષ પોતાની ઇચ્છા પ્રકટ કરી કાર્યાલયે આ સહાયતાનો સહર્ષ સ્વીકાર કરી તે મુજબ માત્ર રૂા. ૧૦૦/– લઇ આજીવન સદસ્યો નોંધવા શરૂ કર્યા. ત્યાર બાદ શ્રી પરીખે સપ્ટેમ્બર માસ દરમ્યાન પણ જેટલાં સદસ્યો નોંધાયેલ તેમને પણ આ યોજનાનો લાભ ચાલુ રાખવા જણાવ્યું. તે બધાં દરમ્યાન ચાલીસ જેટલાં સદસ્યોની નોંધણી થયેલ જેની સુચના કાર્યાલય તરફથી શ્રી પરીખને અપાતા તેમણે ઉત્સાહપૂર્વક જણાવ્યું કે મને એકાવનના અંક પ્રતિ વિશેષ પ્રેમ છે એટલે ઓછામાં ઓછા એકાવન સદસ્યો તો બનાવો જ. આમ એકાવન સદસ્યના પ્રત્યેક દીઠ એકાવન રૂપીયા લેખે રૂપીયા બે હજાર છસો એકની સુંદર સહાયતા કરીને એકાવન પરિવારોને આજીવન 'શ્રીવલ્લભસુધા'નો સત્સંગ પ્રાપ્ત કરાવ્યો છે. આ રીતે જો સાધન સંપન્ન વૈષ્ણવો સહાય કરે અને આજીવન સદસ્યોની સંખ્યા વધે તો 'શ્રીવલ્લભસુધા'ના પ્રકાશનમાં આર્થિક ભીડ ઓછી થાય તેમજ વર્ષો વર્ષ લવાજમ લેવાની જે મોટી કામગીરી થઇ પડે છે તેમાં પણ કાર્યાલયને રાહત થાય. આજના સમયમાં એકસો એકાવન રૂપીયા સાવ મામૂલી રકમ છે, તો દરેક વૈષ્ણવે **આજીવન** સદસ્ય થઇ સહયોગ આપવા તથા શ્રી એન. કે. પરીખે જે **ઉમદા સહાયતા આપેલ છે** તેનું અનુકરણ કરવા વિનંતી. પુનઃ શ્રી પરીખ પરિવાર જે આ સહાય બદલ ધન્યવાદ....

—શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

સમાચાર

રાજકોટ : આં.પુ.વૈ. પરિષદ રાજકોટ શાખાના કાર્યકરોના પ્રયાસથી ગત માસ દરમ્યાન દુષ્કાળગ્રસ્ત ચાવંડી ગામના ઢોર માટે બે ટ્રક ઘાસ (અલગ અલગ) તથા માત્રાવડ ગામે એક ટ્રક ઘાસ તથા રાજકોટમાં રણછોડનગરમાં ચાલતાં વાછરડાના કેટલ કેમ્પમાં એક ટ્રક ઘાસ તથા નવાગામ (કાલાવડ) મુકામે બે ટ્રક ઘાસચારો એમ કુલ છ ટ્રક ઘાસ પહોંચાડી સહાયતા કરેલ છે.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૯ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * ડિસેમ્બર, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૮મો) અધ્યાય તેરમો

ઇંદ્રિયાર્થેષુ વૈરાગ્યમનહંકાર એવ ચ ।
જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુદર્શનમ્ ॥૯॥

ઇંદ્રિયોના ભોગમાં વૈરાગ્ય. અહંકારનો અભાવ અને વળી જન્મ, મરણ, વૃદ્ધત્વ, રોગ અને દુઃખમાં દોષનો વિચાર કરવો, ॥૯॥

ઇંદ્રિયોના ભોગમાં વૈરાગ્ય અને અહંકાર રહિત હોવું તે, વિશેષમાં 'એવ' શબ્દ છે તેનાથી નિરહંકારીપણું આવશ્યક છે, એમ જણાવ્યું છે. જન્મ વગેરેમાં દુઃખ અને દોષનો વિચાર, તેમ જ જન્મથી પ્રભુના અંશરૂપ જીવનો પણ યોનિ, મળ વગેરે સાથે સંબંધ મૃત્યુ એટલે ભગવાનનું વિસ્મરણ, જરા એટલે બુઢાપો, શકિતનું ક્ષીણ થવું તે, વ્યાધિ એટલે રોગ વગેરેનું દુઃખ ॥૯॥

અસકિતરનભિષ્વંગઃ પુત્રદારગૃહાદિષુ ।
નિત્યં ચ સમચિત્તત્વમિષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥૧૦।

પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં આસકિતનો અભાવ, મમતાનો અભાવ અને પ્રિય અને અપ્રિયની પ્રાપ્તીમાં સદાય ચીત્તની સમાનતા ॥૧૦॥

'અસકતીઃ' વગેરે શબ્દોથી વીશેષ કહે છે. પુત્ર, સ્ત્રી, ગૃહ વગેરે પદાર્થોમાં આસકતી ન હોવી, મમતા ન હોવી, તે બધામાં સુખ ને દુઃખની સ્થિતિથી તન્મય થઇ જવું નહિ, ઇષ્ટ અને અનિષ્ટની પ્રાપ્તિમાં ભગવદિચ્છા, એવા વિચારથી સદાય મનની સમતા રાખવી, ॥૧૦॥

મયિ ચાનન્યયોગેન ભકિતરવ્યભિચારિણી ।
વિવિકતદેશસેવિત્વમરતિર્જનસંસદિ ॥૧॥

મારામાં અનન્ય યોગ વડે અવ્યભિચારી ભકિત, એકાંત સ્થળનું સેવન અને જનસમુદાયમાં અણગમો, ॥૧૧॥

ઉપરાંત મારામાં અનન્ય યોગથી લૌકિક અને અલૌકિકમાં મારા શરણથી અવ્યભિચારીણી ભકિત, એટલે કે અન્યમાં મન રાખ્યા વગરની અનન્ય ભકિત, ભગવાનના માર્ગમાં વિઘ્ન ન આવે તેવા પ્રદેશનું સેવન કરવાનો સ્વભાવ, જનસમુદાયમાં પ્રેમ ન હોવો, એટલે કે જન્મ વગેરેના દુઃખથી ભરેલાં લૌકિક

જીવોની સભામાં અણગમો, એટલે કે પ્રતિષ્ઠા વગેરેની આકાંક્ષા ન હોવી તે, ॥૧૧॥

અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્ ।
એતજ જ્ઞાન મિતિ પ્રોક્ત મજ્ઞાનં યદતોડન્યથા
ડ॥૧૨॥

અધ્યાત્મ જ્ઞાનમાં સ્થિર ભાવ, તત્ત્વજ્ઞાનના ફળરૂપ પરમાત્મદર્શન, એ જ્ઞાન છે. એથી જે વીપરીત છે તે અજ્ઞાન છે, એમ કહેવાયું છે. ॥૧૨॥

અધ્યાત્મ જ્ઞાનમાં એટલે કે આત્મસ્વરૂપના જ્ઞાનમાં સ્થિર ભાવ, તત્વજ્ઞાનના અર્થાત્મક ભગવાનનું અથવા મોક્ષનું દર્શન, તત્વજ્ઞાનનો આલોચન રીતિથી વિચાર, એ પાંચ શ્લોકમાં કહેવાયેલું જ્ઞાન છે, એમ કહેવાયું છે. તેની સાથે જોડાયેલો હોય તે જ્ઞાનવાન છે, તેનાથી વીપરીત માનીપણું વગેરે ભાવ હોવો તે અજ્ઞાન છે, તે જ્ઞાન નથી, એમ અર્થ છે. તેનો સંગ કરવો પણ યોગ્ય નથી, તેઓ ત્યજવા યોગ્ય છે. ॥૧૨॥

જ્ઞેયં યત્તત્પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વાડમૃતમશ્નુતે ।
અનાદિમત્પરં બ્રહ્મ ન સત્તન્નાસદુચ્યતે ॥૧૩॥

જે જાણવા યોગ્ય છે તેને હું કહીશ. જેને જાણીને તે મોક્ષને મેળવે છે, તે અનાદી અને હું જેમાં શ્રેષ્ઠ છું તેવું બૃહત્ છે તે સત્ કહેવાતું નથી, અસત્ પણ કહેવાતું નથી. ॥૧૩॥

એ પ્રમાણે જ્ઞાનનું સ્વરૂપ કહીને, તેનાથી જ્ઞેયનું સ્વરૂપ 'જ્ઞેયમ્' વગેરે શબ્દોથી છ શ્લોકથી કહે છે. પોતાના ગુણ સ્વરૂપથી તેમ જ પહેલાં કહેવાયેલાં સાધનોથી જે જ્ઞેય છે (જે જાણવા યોગ્ય છે) તેને વીશીષ્ટતાથી સર્વે અંગ સહીત હું કહીશ, એટલે કે હું કહું છું, એમ અર્થ છે. તેને કહેવાનું પ્રયોજન કહે છે કે, જેને જાણીને અમૃતને પામે છે, એટલે કે મેળવે છે. એ પ્રમાણે નિશ્ચયપુર્વક કહીને મોક્ષનું સ્વરૂપ 'અનાદી' વગેરે શબ્દોથી કહે છે. અનાદી એટલે કે જેનું આદી નથી, જે ઉત્પતિ રહીત છે, તેવા પ્રકારનું તે છે. હું જ જેમાં શ્રેષ્ઠ છું તેવું તે મારા સ્થાન રૂપ છે અને બ્રહ્મ એટલે બૃહત્ અને વ્યાપક છે. તેને જ વિશેષતાથી કહે છે કે, તે સત્ નથી તો તે અસત્ છે, એમ જો શંકા થાય કહે છે કે, તે અસત્ કહેવાતું નથી. સત્ અને અસત્ અનિશ્ચિત હોવાના કથનથી તેનું બ્રહ્મત્વ દુર્જ્ઞેય છે, એમ પ્રતિપાદન કરેલું છે. ॥૧૩॥

સર્વતઃ પાણીપાદં તત્ સર્વતોડક્ષીશિરોમુખમ્ ।
સર્વતઃ શ્રુતીમલ્લોકે સર્વમાવૃત્ય તીષ્ઠતી ॥૧૪॥

તે સર્વત્ર હાથગપવાળું, સર્વત્ર આંખ, માથું અને મુખવાળું, સર્વત્ર કાનવાળું અને લોકમાં બધાંને ઘેરીને રહેલું છે. ॥૧૪॥

એ પ્રમાણે તે બધાનો વીષય ન હોવાથી તેની જ્ઞેયતા એટલે કે તેની જાણકારી પામવી ઘણી કઠીન છે. તેને જાણવું આવશ્યક હોવાથી 'સર્વતઃ' વગેરે શબ્દોથી તેનું સ્વરૂપ કહે છે. તેને સર્વ બાજુએ હાથ અને પગ છે. એ પ્રમાણે બે વિશેષણોથી તેની ક્રીયાશકતી સર્વત્ર રહેલી છે અને સર્વને તે સેવવા યોગ્ય છે, એમ નીરૂપણ કરેલું છે. જેને બધી બાજુએ આંખો, માથાં, મુખ છે તે, એ પ્રમાણે ત્રણ વિશેષણોથી બધું જ જાણનારા અને બધાંમાં મુખ્ય હોવાનું જણાવ્યું છે. તે બધી બાજુએ

કાનવાળું છે. એનાથી ભકતો વગેરેની સ્તુતી સાંભળવા શકતીમાન હોવાથી કૃપાલુતા દર્શાવી છે. લોકમાં પોતાનાં છે તેને માટે તેમ છે, એમ ઉમેરવું. જો એમ હોય તો મર્યાદિત ગણાશે, એવી શંકાના પ્રત્યુત્તરરૂપે કહે છે કે, સર્વે ઇંદ્રિયો વગેરેથી યુકત હોય તેમ સર્વને વ્યાપીને રહેલ છે, એવો ભાવ છે. ॥૧૪॥

સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવીવર્જિતમ્ ।
અસકતં સર્વભૃચ્ચૈવ નીર્ગુણં ગુણભોકતૃ ચ ॥૧૫॥

સર્વે ઇંદ્રિયોના ગુણોને પ્રકાશનાર, બધી ઇંદ્રિયોથી રહીત, આસકતી વગરનું અને વળી બધાંનું પોષણ કરનાર, ગુણો રહિત અને ગુણોનું ભોકતા છે. ॥૧૫॥

વળી, 'સર્વેન્દ્રિયગુણાભાસમ્' વગેરે શબ્દોને સમજાવે છે. સર્વે ઇન્દ્રિયો એટલે આંખ વગેરેના ગુણોમાં અને રૂપ વગેરેમાં તે પ્રકાશીને રહેલ છે. એવા કથનથી જ્યાં સૌંદર્ય વગેરેને થોડો-ઘણો પણ ભગવાન સાથેનો સંબંધ છે, તેથી જ તેમ છે, એમ જણાવ્યું છે. તો તો પછી તે લૌકિક ઇંદ્રિયવાળું હશે, એવી શંકાના સમાધાનમાં કહે છે કે, તે બધી ઇંદ્રિયોથી રહિત છે એમ અર્થ છે, એવા કથનથી પહેલાં કહેવાયેલ ઇંદ્રિયોનું અલૌકિકપણું જણાવ્યું છે. આનું જ વધુ વિવેચન 'અસકતમ્' વગેરે શબ્દોથી સંગનો અભાવ સૂચવ્યો છે, અને તેવું જ તે સર્વના આધારભૂત છે, તે સર્વને ધારણ કરે છે એવા શબ્દોથી તે સગુણ હશે, એવી શંકાના પ્રત્યુતરરૂપે કહે છે કે, તે નિર્ગુણ છે, એટલે કે તે સત્ત્વ વગેરે ગુણોથી રહિત છે. એમ ગુણની વ્યર્થતા હોવાની શંકા કરનારને કહે છે કે, તે ગુણોના ભોકતા છે અને ગુણોમાં રહીને તેને ઉપભોગ કરે છે, એમ અર્થ છે. મૂળમાં 'ચ' અક્ષર છે, તેનાથી વિશેષ અર્થ કરે છે કે, તે પાલન કરનાર છે, એમ જણાવ્યું છે. ॥૧૫॥

બહિરન્તશ્ચ ભુતાનામચરં ચરમેવ ચ ।
સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્ ॥૧૬॥

અચર તેમજ ચર એવા ભુતમાત્રની બહાર અને અંદર તે છે. સૂક્ષ્મ હોવાથી તે જાણી ન શકાય તેવું છે. તે દૂર રહેલ છે અને નિકટમાં પણ છે. ॥૧૬॥

એમ હોય તો ભોકતાપણામાં વ્યાપકતા બાધક થાય, એમ છે તેથી 'બહિઃ' વગેરે શબ્દોથી કહે છે. ભુતમાત્રના એટલે કે ચર અને અચરના બાહ્ય ભોકતાપણાથી અને આંતરિક તદ્રુપતાથી અથવા આત્મરૂપથી તે જ રહેલ છે. એ પ્રમાણે બહાર અને અંદર તે જ રહેલ છે. એમ હોય તો ભિન્નતાથી વ્યાપકતા હાનિરૂપ થાય. એવી શંકા કરીને કહે છે કે, અચર એટલે સ્થાવર અને ચર એટલે જંગમ. મૂળમાં 'એવ' શબ્દથી તેથી સ્થાવર સહિત જંગમ અને જંગમ સહિત સ્થાવર છે. તેથી તે વિરુદ્ધધર્માશ્રયી છે, એમ સિદ્ધ કર્યું છે. એમ છે ત્યારે તે સર્વને જાણનાર હોવાનું જ ઘટાવી શકાય, પહેલાં કહેલાં સાધનવાળા હોવામાં શી વિશેષતા છે? એમ પ્રશ્ન થાય તો 'સૂક્ષ્મત્વાત્' વગેરે શબ્દોથી કહે છે. તે બ્રહ્મ ત્યાં ત્યાં લીલાસ્વરૂપે સુક્ષ્મ હોવાથી સાધનના અભાવમાં 'અવિજ્ઞેયમ્' એવા વિશેષણથી તે જાણવું અશકય છે, એમ અર્થ છે. તેને જ તે દૂર

રહેલ છે અને પાસે રહેલ છે, એમ કહેલ છે. એટલે કે જે બહિર્મુખ છે તેને માટે તે દૂર છે અને ભકતોને માટે તે પાસે રહેલ છે, એમ અર્થ છે. મુળમાં બે 'ચ' અક્ષર છે, તેનાથી વિશેષ અર્થ કરે છે કે, એ બંનેનું પણ લીલાત્મકપણું જણાવ્યું છે. અથવા મર્યાદામાં રહેલ માટે તે દૂર રહેલ છે અને પુષ્ટિમાં રહેલ માટે તે નિકટમાં રહેલ છે. અથવા પુષ્ટિમાર્ગીઓને જ વિરહદશામાં અતિ તાપને લીધે આગળ રહેલ છે અને તે જ વિરહની રીતે દૂર પણ રહેલ છે. અને પરોક્ષ રીતે નિકટમાં હૃદયમાં રહેલ છે. તેના અજ્ઞાનથી તેના જીવન માટે તે નિકટમાં રહેલ છે. 'મારાથી પરોક્ષ રીતે ભજનારને હું તિરોહિત છું,' એ રીતે એવો ભાવ છે. ॥૧૬॥

અવિભકતં ચ ભુતેષુ વિભકતમિવ ચ સ્થિતમ્ ।
ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ॥૧૭॥

ભૂતોમાં નહિ વહેંચાયેલું છતાં વિભકત હોય તેમ તે રહેલું છે અને ભૂતમાત્રનું પોષણ કરનાર તે જાણવાયોગ્ય છે, અને સંહાર કરનાર તથા ઉત્પન્ન કરનાર છે. ॥૧૭॥

વળી 'અવિભકતમ' વગેરે શબ્દોથી આગળ કહે છે. ભુતમાત્રનું એટલે કે સ્થાવર અને જંગમનું, પોતાની લીલા અર્થે પોતાનાં સ્વરૂપાત્મક એવાં બધાંનું પ્રાકટય કર્યું હોવાથી, અભિન્ન રસ માટે બીજા સ્વરૂપે એમ કર્યું હોવાથી ભિન્ન હોય તેમ તે રહેલું છે. મુળ શ્લોકમાં 'ઇવ' પદ છે તેનાથી પોતાની ઇચ્છાથી તે પ્રમાણે પ્રદર્શિત કરે છે, એમ જણાવ્યું છે. વળી પહેલાં કહ્યા પ્રમાણે તે જાણવાયોગ્ય ભુતમાત્રનું ભરણપોષણ કરનાર અને રક્ષક છે. મુળમાં 'ભર્તૃ' એવું પદ છે તેનાથી તે રમણ કરવાના સ્વભાવવાળું હોવાનું જણાવ્યું છે. તેથી રમણને માટે જ સૃષ્ટિના અસ્તિત્વના સમયે તે રક્ષણ કરનાર છે, એમ અર્થ છે. વિયોગાત્મક પ્રલયના સમયમાં તે ગ્રસન કરી જવાના સ્વભાવવાળું એટલે કે પોતાનામાં જ સમાવી દેવાના સ્વભાવવાળું હોય છે, એમ અર્થ છે. વળી સૃષ્ટિ ઉત્પન્ન કરવાના સમયે લીલાત્મક રસદાન કરનાર થઇને વિવિધ સ્વરૂપે ઉત્પન્ન થવાના સ્વભાવવાળું તે છે. ॥૧૭॥

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રીમદ્ ગોકુલનાથજી વિરચિત વિવૃતિનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક પાંચમો)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

જોકે ઉપેક્ષા તો નહિ કરે, તો પણ અપરાધ થયો હોવાથી ફરીને પહેલાંની જેમ તાદૃશી કૃપા નહિ કરે, એવા મનના સંદેહને ટાળવાને માટે 'સર્વ સમર્પિતમ્' વગેરે શબ્દોથી કહે છે.

સર્વ સમર્પિત ભક્ત્યા કૃતાર્થોઽસિ સુખી ભવ ।

ભક્તિ પૂર્વક બધું સમર્પણ કર્યું છે, તું કૃતાર્થ છે, તું સુખી થા.

તારા ઉપર પહેલાં કૃપા હતી જ, તેથી તેં બધું જ સમર્પણ કરી દીધું, અને તે પણ ભક્તિથી, ભક્તિના માર્ગ પ્રમાણે, નહિ કે આજ્ઞા વગેરેના કારણે એમ હોવાથી તું ફળ રૂપ ભક્તિ માર્ગના અંગીકારથી કૃતાર્થ જ છે. વચ્ચે પ્રૌઢિ ભાવે કરેલ આજ્ઞાના ઉલ્લંઘનથી થયેલ અપરાધને કારણે અંતરાય થતાં તેં કલેશને પ્રાપ્ત કર્યો. તેથી તેવો આગ્રહ છોડી દઈને પ્રભુની આજ્ઞા માનીને ફરીને પહેલાંની જેમ જ સુખી થા, પહેલાંની જેમ તું સુખ મેળવ. અહીં પ્રશ્ન થાય કે, અંગીકાર નિત્ય છે તેથી માર્ગીય ફળ પ્રમાણેનું સુખ જોકે આપશે, તેમ છતાં પહેલાંની જેમ પૂર્ણ પણે આપશે કે નહિ, એવા સંદેહથી થયેલ કલેશને પ્રથમ 'પ્રૌઢાપિ' વગેરે શબ્દોથી દૃષ્ટાંત આપીને દૂર કરે છે.

પ્રૌઢાપિ દુહિતા યદ્વત્સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ।૮।
તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા ।

જેવી રીતે ઉંમરલાયક હોવા છતાં સ્નેહને લીધે પુત્રીને પતિને ત્યાં મોકલાય નહિ, પુત્રીને પતિને ત્યાં ન મોકલાય તો પતિ પ્રસન્ન નહિ થાય. તેમ જ દેહના સંબંધમાં કરવું જોઇએ નહિ. ॥૮॥

જો તું અપેક્ષા રહિત થઇ જઇશ તો પ્રભુ ફળમાં ભેદ કરશે. જેની અપેક્ષા અનિવાર્ય છે તેના તેવા દોષને દૂર કરીને પણ પ્રભુ ફળ આપશે જ. પહેલાં (બીજા શ્લોકમાં) અપાયેલ દૃષ્ટાંતને જ વધારે સ્પષ્ટ કરે છે. જેવી રીતે ઉંમરલાયક પોતાની પુત્રીને તેના ઉપરના અધિક સ્નેહને લીધે ભોગને આવશ્યક એવા સમયે પોતાના પતિ પાસે ન મોકલે તો પતિ પોતાની અભિલાષા પૂરી ન થવાથી અસંતુષ્ટ થાય, જો મોકલે તો સંતુષ્ટ થાય. 'અપિ' (પણ) શબ્દથી જોકે હસ્ત મેળાપના પ્રારંભથી જ તેની ભોગની ઈચ્છા છે જ, તો પણ તેણીની તેવી સહિષ્ણુતા ન હોવાથી વિલંબ પણ સહી લે છે; તેવી સહિષ્ણુતાના સમયમાં વિલંબ કરનાર ઉપર અવશ્ય નારાજી થાય. તે જ પ્રમાણે પ્રભુની પોતાની પૂર્ણપણે થયેલ અપેક્ષાના સમયે જો અપેક્ષાને જાણીને કાર્ય સાધવામાં ન આવે તો પ્રભુ નારાજ થાય જ, તેથી આ વિલંબ પ્રભુની પોતાની ઇચ્છિત સિદ્ધિના અભાવને કારણે છે, એમ છે. વિલંબના અભાવમાં પહેલાંની જેમ જ

પોતે સર્વથા ઇચ્છેલાની પૂર્તિ માટે ફળ આપશે જ. એમ છે તેથી આ વિષયમાં વિલંબ ત્યજી દેવો જોઇએ. તેથી 'તથા દેહે ન કર્તવ્યમ્' (પ્રમાણે દેહના સંબંધમાં કરવું ન જોઇએ) વગેરે શબ્દોથી એમ કહ્યું છે. દેહે એટલે દેહત્યાગના વિષયમાં પ્રભુના પૂર્ણ સંતોષના અભાવરૂપ વિલંબ ન કરવો જોઇએ. જેવી રીતે પુત્રીને ન મોકલવામાં સ્નેહ એ કારણ છે, તેના નિરાકરણ માટે પુત્રીને મોકલવામાં તેના પતિના સંતોષથી બંને કાર્યની સિદ્ધિ છે. એ રીતે પૂર્ણપણે પ્રભુના સંતોષ અર્થે દેહને ત્યાગવામાં વિલંબના કારણરૂપ હઠને છોડી જ દેવી જોઇએ. ॥૮॥

અહીં શંકા થાય કે, જોકે આ વિષયમાં હઠ ઉચિત નથી, તોપણ ભગવાનને પ્રિય એવા શ્રીમદ્ ભાગવતના અર્થને પ્રકટ કરવાથી લોકમાં પરમ ઉન્નતિ સિધ્ધ થાય છે. એમ હોવાથી કોઇ વાર થોડો ઘણો વિલંબ કરવાની ઇચ્છા થાય, અને તેવી ઇચ્છાથી પણ ફળમાં વિલંબ થાય, તે કારણે તેવી ઇચ્છાને 'લોકવત્' વગેરે શબ્દોથી નિવારે છે.

લોકવચ્ચેત્સ્થિતિર્મે સ્યાત્કિં સ્યાદિતિ વિચારય ।૯।

લોકોની જેમ જો મારી સ્થિતિ થાય તો શું થાય? એનો તું વિચાર કર. ॥૯॥

જોકે ભગવાનને પ્રિય એવા ભાગવતજીના અર્થને પ્રગટ કરવાથી જૈમિની, વ્યાસ વગેરેની જેમ શ્રુતિથી વિરુધ્ધ ન હોય તેવા અલૌકિક શાસ્ત્રાર્થના પ્રાકટ્યથી ખરેખર લોકોમાં ઉત્કર્ષ સિધ્ધ થાય, પરંતુ પોતાના (એટલે કે પુષ્ટિમાર્ગીય) સિદ્ધાંત પ્રમાણે અલૌકિક ફળને અનુભવવાના હેતુવાળો ઉત્કર્ષ સિધ્ધ થાય નહિ. લોકોનો ઉત્કર્ષ સિદ્ધ થતાં જૈમિની, વ્યાસ વગેરેના ઉત્કર્ષની જેમ લૌકિક ઉત્કર્ષ જ સિદ્ધ થશે, પરંતુ સ્વમાર્ગીય (એટલે કે પુષ્ટિમાર્ગીય) ઉત્કર્ષ તો સિધ્ધ નહિ થાય. તેથી જો ઉત્કર્ષની સિધ્ધિ ન થાય તો મારા સ્વમાર્ગીય (પુષ્ટિમાર્ગીય) ફળના ભોક્તાને પહેલાંના ઉત્કર્ષના ફળનો વિચાર એ સ્વમાર્ગીય (પુષ્ટિમાર્ગીય) ફળ મળવામાં વિલંબનું કારણ હોવાથી શું ફળ મળે? કંઇ જ ફળ મળે નહિ, એમ અર્થ છે. સ્વમાર્ગીય ફળના વિચારમાં જ્યાં મુક્તિ વગેરે પણ વ્યર્થ છે ત્યાં પહેલાં કહેવાયેલ લૌકિક ફળની ગણના પણ સર્વથા અનાદરણીય છે, એમ જણાવવાને માટે 'કિં સ્યાત્' (શું થાય)? એમ કહ્યું. તેથી એવા ફળના તુલનાત્મક મૂલ્યના વિચારથી તારે પણ સર્વ પ્રકારે સિદ્ધિના વિલંબનો અભાવ વિચારવો જોઇએ, પરંતુ અન્ય કોઇ વિચાર કરવો જોઇએ નહિ. એમ જાણાવવાને માટે 'વિચારય' (તું વિચાર કર), એમ કહ્યું. ॥૯॥

જોકે ફળના વિલંબનો અભાવ ખરેખર વિચારવા યોગ્ય છે, તેમ છતાં શરીરનો પરાણે કરાતો ત્યાગ એ સ્વતઃ અશક્ય છે, તેથી તે શી રીતે સંભવી શકે? એવા સંદેહના નિવારણનો પ્રકાર 'અશક્યે' વગેરે શબ્દોથી કહે છે.

અશક્યે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથંચન
॥૧૦॥

અશક્ય હોય તેમાં દુઃખહર્તા શ્રીહરિ જ છે, માટે કોઈ પણ રીતે તું વ્યામોહને પામ નહિ. ॥૧૦॥

જોકે પોતે જ શરીરનો પરાણે ત્યાગ કરથાય નાર તો તે શકય નથી. વર્તમાન વિષયમાં શરીરનો ત્યાગ તો ભગવાનની ઇચ્છાથી કરનાર છે, એમ હોવાથી પોતે જ દેહત્યાગ કરે તો અશકય નથી. એમ હોવાથી અશકય એવાં બધાં દુઃખોને હરી લેનાર જે શ્રીહરિ છે તે જ બધાય પુરુષાર્થને સાધી આપનાર છે એવા સ્વરૂપે તે નિકટમાં જ રહેલો છે. અહીં 'હરિ' એવું પદ કહેવાયું છે તેથી દેહનો ત્યાગ પણ ફળના અંતરાયરૂપ દુઃખને દૂર કરવા માટે જ છે, તેથી લોકમાં જે અશકય છે તેને પણ શ્રીહરિ અનાયાસે સાધી આપનાર હોવાનું કહેવાયું છે. તેથી ફળ મળવામાં થતા વિલંબના અભાવ માટે એટલું બધું કરનારા પ્રત્યે તું ચિત્તને વ્યગ્ર થવા દઇશ નહિ.

કોઇ પણ પ્રકારે આજ્ઞાના ઉલ્લંઘનથી થયેલ અપરાધને કારણે ફળ મળવામાં વિલંબ થવા સંબંધે, તેમ જ આજ્ઞાનું ઉલ્લંઘન થયું તે પહેલાં સમયને અનુરૂપ ફળ ભોગવવામાં અને આજ્ઞા થયા પછી ફળભોગના ઓછાવત્તાપણામાં પૂર્ણપણે વ્યગ્રતાનો અભાવ જણાવવા માટે 'કથંચન' (કોઇ પણ રીતે) એમ કહ્યું. તે પછી કહેવાયેલા વિષયનો ઉપસંહાર કરે છે. ॥૧૦॥

એ પ્રમાણેના ઉપદેશથી (અંતઃકરણની) વ્યગ્રતાની પૂર્ણપણે નિવૃત્તિ થઇ, એમ દર્શાવવાને માટે 'ઇતિ' વગેરે શબ્દોથી કહે છે.

ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ।
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભકતો નિશ્ચિંતતાં વ્રજેત્
॥૧૧॥

એ પ્રમાણે શ્રીકૃષ્ણના દાસ શ્રીમદ્ વલ્લભનું ચિત્ત પ્રત્યે હીતકારી વચન છે. તેને ધ્યાનપૂર્વક સાંભળીને ભકતજન નિશ્ચિંત થાય. ॥૧૧॥

એ પ્રમાણે શ્રીવલ્લભાચાર્ય વિરચિત 'અંતઃકરણપ્રબોધઃ' પૂરો થયો.

અહીં ઇતિ શબ્દ સમાપ્તિના અર્થમાં છે. 'શ્રીકૃષ્ણદાસસ્ય' એમાં શ્રીકૃષ્ણ એવા શબ્દથી ભકત સહિત લીલારસમાં નિમગ્ન હોવાનું જણાવાયું છે. શ્રીકૃષ્ણના દાસ, એવા શબ્દથી શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફળરૂપ દાસ્ય પ્રાપ્ત કર્યું હોય તેનું, અને વલ્લભનું એટલે કે જે અત્યંત પ્રિય છે તેનું, તાદશનું, પોતાના ચિત્ત પ્રત્યે હિતકારી વચન છે. 'હિતમ્' એટલે હિતકારી. વાણીમાં હિત, એવા ઉલ્લેખથી, વાણી આપ્તવાકય હોવાથી નિશ્ચયપૂર્વક પ્રમાણથી ચિત્તમાં પૂર્ણપણે વ્યગ્રતાનો અભાવ સિદ્ધ થાય છે, એમ જણાવવા માટે એમ કહ્યું છે.

હવે 'ચિત્તં પ્રતિ' એ શબ્દોને સમજાવે છે. એ પ્રમાણેના ઉપદેશથી પોતાના ચિત્તની શુદ્ધ પુષ્ટિમાર્ગીય પરમ ફળ અનુભવવાની યોગ્યતાને સંદેહ રહિત પ્રગટ કરી છે. એના શ્રવણથી સ્વમાર્ગીય જનોને પણ પોતપોતાના અધિકાર પ્રમાણે ભકિતમાર્ગીય ફળ પ્રાપ્ત થાય છે, એમ જણાવવાને 'યદાકર્ણ્ય' (જેને ધ્યાનપૂર્વક સાંભળીને) એમ કહ્યું. જો કે વચન સાંભળીને એવા પ્રકારની શ્રવણની સિદ્ધિમાં પણ 'ધ્યાનપુર્વક' એમ કહેવાથી હેતુપુર્વકનું શ્રવણ છે, એમ જણાવ્યું છે. હેતુપુર્વકના શ્રવણનું ફળ 'ભકત' વગેરે

શબ્દોથી કહે છે. ભકતો ભગવાન પ્રત્યે પ્રેમાળ હોય છે. તે પછી ફળના વિલંબનું કારણ દૂર કરવાનું આચાર્યશ્રીનું સામર્થ્ય જાણીને ફળના વિલંબના કારણરૂપ પોતાની ચિંતાને પણ દૂર કરશે, એમ હોવાથી ચિંતાના ત્યાગથી ભકત નિશ્ચિંતતાને પામે છે, એમ અર્થ છે. ॥૧૧॥

ચિત્તને ઉપદેશ આપનારાં આચાર્યશ્રીનાં વચનોનું વિવરણ કર્યું, તેનાથી આચાર્યશ્રી પોતાના એવા મારા ઉપર સદાય સ્વતઃ પ્રસન્ન થાઓ. ॥૧॥

એ પ્રમાણે શ્રી પિતૃચરણકમળની પરાગ એ જ જેનું ધન છે એવા મેં એટલે કે શ્રીવલ્લભ નામધારી શ્રી ગોકુલનાથજીએ રચેલી વિવૃત્તિ પૂરી થઇ. ॥૨॥

તે મારાથી શ્રીમદ્ આચાર્યશ્રીનાં ચરણ-કમળોમાં સ્વતઃ અર્પણ થયેલ છે, તેનાથી હું કૃતકૃત્ય જ છું, એવો મારો દૃઢ વિશ્વાસ છે. ॥૩॥

એ પ્રમાણે શ્રીવલ્લભ વિરચિત (શ્રીગોકુલ-નાથજીએ રચેલી) 'અંતઃકરણપ્રબોધઃ' ઉપરની ટીકા સમાપ્ત થઇ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

લેખાંક ૨૧ મો

-ગતાંકથી ચાલુ

શ્રી વલ્લભે મામાનું ભોજન ન લીધું

શ્રીલક્ષ્મણ ભટ્ટ કે શિષ્ય નેક, શ્રીવલ્લભ કે સાથ આયે થે.
બૈઠાવત ભોજન કરને કો, સબ સગે સબન્ધી મનાયે થે.
બુલવાયે જબ શ્રી વલ્લભકો, શ્રી રંગ નાથજી વહિં આતે હૈં
આગ્રહ અતિ લખ કર મામાકા, શ્રીવલ્લભ વચન સુનાતા હૈં
રિષિ બાલક સમ આચાર યુકત, હરિ કો અર્પણ કર દેતા હૂં
હરિ ભગવત્ વૈષ્ણવ ધરમ નિયમ, ઇક સમય પ્રસાદી લેતા હૂં
ભોજન કરલેવેં આપ સભી, મુઝસે આગ્રહ નહિં સેવેંગે
અબ સ્નાન સ્મરણ પહેલે કરલોં, ફિર હરિ ઇચ્છિત ઘર જેવેંગે

દોહા-બચન સુને દ્વિજરાજકે, મામા ગયે રિસાય
સિદ્ધ ભયે મમ ભાનજા, મેરા ખાય છુવાય
બોલત અનુચિત બચન વહ, કૌન કરાવત રોષ
નિજ ઇચ્છિત અનુસરણના, માનત સદ્ગુણ દોષ

શ્રીવલ્લભના વાક્યો પ્રથમ શાંકર મતનો સામનો કરવાના મામાના વિરોધ ભરેલા સંપૂર્ણપણે લાગ્યા હતા. મામા યે સભામાં ન પ્રવેશ કરે તેવી યુક્તિ પણ લડાવી દીધી. શ્રીવલ્લભે મામાના ઘરનું રાંધેલું ભોજન વૈષ્ણવ ધર્મ તેમ પોતાના નિયમ (આચાર) યુક્ત ન હતું. વળી મામા સ્વાભાવિક સ્માર્ત હોવાથી વૈષ્ણવ ધર્મ પર અભાવ હતો. સ્માર્ત શાસ્ત્ર પ્રમાણે તો માતુલના ઘરનું ભોજન નિષેધ નથી, પણ ભાગવત્ ધર્મ પ્રમાણે જોતાં વિરોધ આવે છે. શ્રીવલ્લભ એક ભોકતા સ્વયં પાકી હતા, તેથી પોતે મામાના ઘરનું ભોજન ત્યાગ કરેલ છે. શ્રીવલ્લભના શિષ્યો બધા સગા સંબન્ધી તૈલંગ હતા. ફકત એક શિષ્ય ગુજરાતી ગોવિંદરામ હતો. સર્વ જ્ઞાતિજનો હોવાથી ભોજન માટે શ્રીરંગનાથની ધાકથી ભોજનમાં બેસી ગયા. વળી ગુરુ પત્નિ ઇલ્લંમાગારુજીના ભાઇ છે તેમને ત્યાં આનાકાનીથી ગુરુ પત્નિને ખરાબ પણ લાગે તેથી બેઠા. પરંતુ શ્રીવલ્લભના નિજિ શિષ્ય શ્રી દામોદરદાસ તથા શ્રીકૃષ્ણદાસ ન બેઠા તે યોગ્ય છે. ગુરુનું અનુસરણ છે.

શ્રીવલ્લભ સ્નાન કરી પોતાના ઠાકુરને પોતાની પાસે રહેલ મેવો અને ફલ વગેરે ઠાકુરજીને ભોગ ધરાવી પોતે લઇ બન્ને સેવકોને પ્રસાદ આપી પોઢતાં બન્ને સેવકો શ્રીચરણની સેવા કરતાં આપની આજ્ઞાથી જ્યારે સુતા ત્યાર પછી મધ્યરાત્રીએ શ્રીગોવર્ધનેશ પ્રકટ થઇ શ્રીવલ્લભના મસ્તકના કેશ દબાવવા લાગ્યા. શ્રીવલ્લભને ઠાકુરના કરકમલનો સ્પર્શ થતાં શ્રમ રહિત થયેલા શ્રીવલ્લભ ઉભા થઇ ઠાકુરજીના ચરણ સ્પર્શ કરી વિનંતી કરી, મહારાજ ! મધ્ય રાતે કેમ પધારવું થયું. ત્યાં શ્રીઠાકુરજીની આજ્ઞા થઇ-

દોહા-મુદિત બદત વ્રજરાજ મુખ, કરેં ત્વરિત સબ કામ
બ્રહ્મવાદ સેવા મરમ, ભુવ શુચિતીર્થ તમામ
કાર્ય પુર્ણ કર નગરસે, કરેં ક્ષિપ્ર સબ કાજ
હમ વ્યાકુલ નિજ વિરહસે, રહેં બિલગ દ્વિજરાજ

ચૌપાઇ-રાધેશ્યામ તર્જ

આયસુ કર હરિ હૃદય વિરાજે, વિદ્યાકુંડ બઢત દ્વિજરાજે
ચહું હરિ મંદિર વિટપ સુહાયે, સન્ત મહન્ત બસત હરખાયે
વિવિધ વ્યવસ્થા પેખતતાહીં, સ્થલ પુનીત કછુ જંજટ નાહીં

હરિ ગાથા હરિ કીર્તન ઐસે, વિષ્ણુપુરી ધ્વનિ પાબત જૈસે
દ્વય સેવક સહ દ્વિજવર આયે, સન્ત પુરુષ સબ સન્મુખ ધાયે
કુંડ નિકટ દ્વિય સુખદ અગારા, સ્નાન નિયમ કર સમય બિહારા
માતુલ ગૃહ પ્રભુ બાત પઠાઇ, વિદ્યા કુંડ રહન રુચિ પાઇ
સુન માતુલ મન રોષ બઢાવા, ભાનજ ખેલ કરનકો આવા
શિષ્ય શંભુ ભટ્ટ સહ સબ સંગી, આવત વિદ્યા કુંડ ઉમંગી
સબ મિલ સ્નાન ધ્યાન પરવારે, મામા ચલ પાબત નૃપ દ્વારે

મામા સભામાં આવી રોષપુર્વક પહેરેદારોને કહેવા લાગ્યા કે આજ કોઇ અન્ય પંડિત સભામાં ન આવવા પામે. રાજ કાજ છ મહિનાથી બંધ પડયું છે. આજે માનપત્ર આપીને આમાંથી નિવૃત્ત થવું છે. માટે સાવધાન રહેવું વગેરે કહી વ્યવસ્થા સભાની બરાબર કરાવી પોતે ઘેરે આવી પાછા સભામાં ગયા. સાચી વાત સામાવાળાની ખોટી માનવી અને પોતાની વાત સાચી તેને દુરાગ્રહથી સાચી માનવી તેનું કારણ શું ?

દોહા-યૌવન રોગ રહિત તનુ, સત્તા કુલ ધન જ્ઞાન
પાવત ષટ શઠતા બઢત, માનહું મદકે સ્થાન
કાર્ય કરન ભારત ભુવિ, લેવત દ્વિજ અવતાર
માયા મત ખંડન કરન, દ્વિજવર લેત વિચાર.

પદ

મદનો મોટો છે પરિવાર, એનો ગડબડીયો સંસાર.
જેના ઘરમાં માણસ ઝાઝા, ધમાધમી બહુ થાય;
તેમાં મેળ જો અવળા મનનું જોવા જેવું થાય. મદનો. ૧
ઇર્ષા બાઇ તો ઘર ધણીઆણી, છણુ છણુ છે નાર;
કામ ક્રોધ છે દીકરા એના રાક્ષસનો અવતાર મદનો. મદનો. ૨
નિંદા ચુગલી બે દીકરીઓ, માને પણ ચડી જાય;
છપ્પર પગની જ્યાં ત્યાં પહોંચે, જરૂર ભડકો થાય. મદનો. ૩
સૌ ઉપાધી દૂર કરીને, મદનો કરવો નાશ;
'પુનિત' થાવું મદ છોડીને, એ તો કારો નાગ. મદનો. ૪

—ક્રમશઃ

જીવને આકર્ષવા પ્રભુ કેવી કેવી લીલા કરે છે!

-માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

ગુજરાતના કચ્છ જીલ્લામાં ભાટિયા જ્ઞાતિની વસતી મોટા ભાગે માંડવી શહેરમાં વસેલી છે. વેપારમાં આ લોકો સાહસ પ્રેમી અને ઉદ્યોગશીલ છે. સમસ્ત ભાટિયાં કોમ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ધર્મ પાળે છે શહેરમાં વિશાળ પુષ્ટિમાર્ગીય હવેલી, ભાટિયા યજ્ઞશાળા વગેરે વસેલાં છે.

આ માંડવી શહેરના એક ભાટિયા કુટુંબની આ વાર્તા છે. કુટુંબના વડાનું નામ વિજયસીંહ અને તેમના ધર્મપત્નીનું નામ વાસંતીબેન વિજયશેઠ શહેરમાં 'શ્રીજી વસ્ત્રાલય' નામની કાપડની એક આલીશાન દુકાન ધરાવે છે. પૈસે ટકે તે સુખી કુટુંબ છે. પતિ-પત્ની બંને ધર્માનુંરાગી છે અને દરરોજ હવેલીએ મંગળાના દર્શન કર્યા પછી રોજીંદા કાર્યમાં જોડાય છે.

વિજય શેઠને ભારતી અને આરતી નામે બે પુત્રીઓ છે મોટી પુત્રી ભારતી મુંબઇમાં મામાને ત્યાં ઘાટકોપરમાં રહી મોટી થઇ છે જ્યારે આરતી પુષ્ટિપ્રેમી માતાપિતાની છત્રછાયામાં મોટી થયેલ છે.

બંને બહેનોને બ્રહ્મસંબંધ થયેલ છે પરંતુ આરતીમાં પુષ્ટિધર્મ પ્રત્યે સહજરીતે જે આરત ભાવ છે તે ભારતીમાં નથી મુંબઇમાં મામાને ત્યાં પંચરંગી વાતાવરણમાં ઉછેરેલ ભારતીને ધર્મ પ્રતિ કોઇ ભાવ કે અનુરાગ જાગ્યો નથી.

આરતી સ્વમાર્ગીય પુસ્તકોનું વાચન નિયમિતપણે કરે છે. સત્સંગમાં જાય છે, અપરસ પાળે છે, ભાવપૂર્વક સેવા કરે છે અને હવેલીમાં કીર્તન-ધોળ સુંદર રાગે હલકથી ગાઈ શ્રીજીબાવાને રીઝાવે છે.

સમય જતાં બંને બહેનો લગ્નવયસ્ક થતાં તેમનાં લગ્ન નિષ્પન્ન થાય છે. લગ્ન પછી ભારતી કોલ્હાપુરવાસી બને છે. તેનું શ્વસુરગૃહ મૂળ પુષ્ટિમાર્ગી હોવા છતાં ઘરમાં ધાર્મિક વાતાવરણ નહિવત્ છે. તેના કુટુંબમાં અત્યારે પ્રભુસેવા નથી. ઘરના સભ્યો બહાર ફરવા જાય ત્યારે કોઈ કોઇ વાર અન્ય દેવ દેવીઓના દર્શન કરે આથી કુટુંબમાં કોઇને સ્વમાર્ગ પ્રત્યે કોઇ રૂચિ કે ભાવ રહ્યા નથી.

સદ્ભાગ્યે આરતીને તેને અનુરૂપ શ્વસુરગૃહ મળે છે. સાસુ, સસરા, પતિ, નણંદ કુટુંબના બધા સભ્યો પ્રભુકૃપાએ પુષ્ટિધર્મમાં ચાહનાવાળા-આસ્થાવાળા છે. એટલે દુધમાં સાકર ભળે તેમ આ કુટુંબમાં આરતી ભળી જાય છે. પોતાના ગુણોની સુવાસથી અને પુષ્ટિભકિતથી 'વ્રજકુટિર'ની સેવાની સુવાસ સર્વને આહ્લાદિત કરે છે આરતી તેના શ્વસુરગૃહના બધા સભ્યોની પ્રીતિપાત્ર બને છે.

ઘરમાં પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય છે, સંબંધીજનો પુષ્ટિમાં અનન્યભાવવાળા અને પુષ્ટિપ્રેમ પ્રેરક છે, સત્સંગને અનુંકુળ વાતાવરણ છે અને પરમપ્રિય શ્રીબાલકૃષ્ણપ્રભુજીની સેવા છે. આથી શ્વસુરગૃહમાં આરતીનો પુષ્ટિભાવ વધુ દઢ બને છે તે નિયમિતપણે અપરસ પાળી સેવા કરે છે અને પ્રભુને મનગમતા ભોગ ધરાવી, કીર્તન-ધોળ-સ્તોત્ર

ગાઇ લાડ લડાવે. છે સત્સંગ સભામાં આરતીના સુમધુર કંઠે ગવાતાં કીર્તન–ધોળ સાંભળવા માત્ર કુટુંબના સભ્યો જ નહીં પરંતુ બીજા ભાવિક વૈષ્ણવો પણ આવે છે.

આરતીના નાના બાળકો પણ પુષ્ટિધર્મના સંસ્કારવાળા મનોજ અને ચંદ્રાવલિ શાળાના અભ્યાસમાં તો આગળ પડતા છે જ પરંતુ પુષ્ટિપાઠશાળાના ધાર્મિક શિક્ષણમાં પણ ઘણો રસ ધરાવે છે યમુનાષ્ટક, કૃષ્ણાશ્રય, નવરત્ન, સર્વોત્તમ સ્તોત્ર વગેરે અનેક પુષ્ટિમાર્ગીય સ્તોત્રો તેમણે કંઠસ્થ કરેલાં છે. નાની વયમાં માતાપિતાને સેવાકાર્યમાં અનેક રીતે સહાયક નીવડે છે અને પ્રભુસેવામાં રૂચિ રાખે છે હવેલીએ નિયમિતપણે મંગળાના અને શયનના દર્શને જવાનો બંને બાળકો આગ્રહ રાખે છે.

ગઇ કાલે જ કોલ્હાપુરથી ભારતીના સસરા હરિદાસનો પત્ર આવેલ છે. ભારતીના પુત્ર કિરણના યજ્ઞોપવિત ધારણ કરવાના શુભ પ્રસંગે આવવા નિમંત્રણ પાઠવ્યું છે અને પ્રસંગ પર ઉપસ્થિત રહેવા બધાને ભાવભર્યો આગ્રહ કરેલ છે. સાથે ભારતીનો પણ પત્ર છે. તેણે આરતીને અને બધા કુંટુંબીજનોને થોડા દિવસ વહેલા આવી જવા પ્રેમભર્યો આગ્રહ કરેલ છે.

આ પત્ર મળતાં આરતી વિચારમાં ગરકાવ બની જાય છે તે જાણે છે કે મોટી બહેનને ત્યાં પ્રભુસેવા નથી તેમ જ સેવાને અનુંકુળ વાતાવરણ પણ નથી. પરંતુ સગી બહેનને ઘેર શુભ પ્રસંગ એટલે જવું તો પડે લૌકિક પ્રસંગ પણ સાચવવો પડે છેવટે નિશ્ચિત કરવામાં આવે છે કે તેણે અને તેના પતિ અજયે પુત્ર–પુત્રી અને નણંદ સાથે કોલ્હાપુર જવું અને શ્રીઠાકોરજીને સાથે પધરાવી જવા.

કોલ્હાપુર આવ્યા પછી આરતી લૌકિકમાં આનંદથી ભાગ લે છે પરંતુ તેનું મન તો તેના ઠાકોરજીનાં જ લાગેલું રહે છે તે દરરોજ વહેલી સવારે જાગે છે અને અપરસમાં ન્હાઇ ઠાકોરજીને જગાડે છે અને પોતાને ત્યાં થી લાવેલ મિસરી અને બંટાભોગ ભાવથી ધરાવે છે. સેવામાં કોઇ ત્રુટી રહી ગઇ હોય તો ક્ષમા કરવા પ્રભુને વિનવી લે છે એ પછી પોતાના પતિ, બાળકો અને નણંદને પણ પ્રભુસેવા અને દર્શનમાં સહાય કરે છે.

આમ આરતી વહેલી સવારે છાનીછપની પ્રભુસેવા કરે છે તેથી બહેનના ઘરના લોકોને કુતુહલ જાગે છે બહેન–બનેવી તેની મજાક ઉડાવે છે અને બહુ પૂછપરછ કરે છે પણ આરતી આનો કોઇ જવાબ આપની નથી.

એક દિવસ પરોઢિયે વહેલા ઊઠી અપરસમાં ન્હાઇ આરતી જયારે પ્રભુસેવામાં રત હતી ત્યારે કુતુહલવશ તેના બહેન–બનેવી અને છોકરાં ત્યાં આવી પહોંચે છે.

તેને સેવામાં બેઠેલી જોઇ તેના બનેવી બોલી ઊઠે છે 'વાહ! આરતી તો ખરી ભગત બની ગઇ છે ને!”

બનેવી તેમના સ્વભાવ મુજબ વધુ મજાક કરવા જતા હતા પણ અચાનક અટકી ગયા અને આશ્ચર્યચકિત થઇ જોઇ જ રહે છે આરતી અતી ધીમા પણ મધુર અવાજે શ્રીસર્વોત્તમજીનો પાઠ કરી રહી હતી અને તેના ઠાકોરજી આનંદથી બંટાભોગ આરોગી રહ્યા હતા. બનેવીના હાથ આપોઆપ જોડાય જાય છે. ભોગ આરોગતા શ્રીબાલકૃષ્ણ પ્રભુના

દર્શનની એક માત્ર ઝલકથી બધા અંજાઇ જાય છે અને પ્રભુ અને આરતી પ્રતિ અહોભાવ ધારી કંઇ પણ અવાજ કર્યા સિવાય પાછા વળી જાય છે.

યજ્ઞોપવિતની વિધિ સુંદર રીતે સંપન્ન થાય છે. બીજે દિવસે બધા સાથે મળી આનંદપ્રમોદની વાતો કરતા બેઠા છે.

ભારતીએ પૂછ્યું, આરતી, તું વહેલી સવારે છાનીછપની તારા પ્રભુની સેવા કેમ કરે છે ? તને કોનો ડર લાગે છે ?'

આરતીએ કહ્યું, 'ભારતી બેન, આમાં ડરનો સવાલ નથી સેવામાં અપરસ સાચવવા અને ઠાકોરજીની સુવિધા માટે હું વહેલી ઊઠી સેવા કરું છું.'

બહેને કહ્યું, 'આરતી, તારા ઠાકોરજી બહુ સુંદર છે. અમને અને અમારા બાળકોને તે ઘણા ગમે છે. તું અમને પણ સેવાની રીત શીખાવી દે.'

બનેવીએ કહ્યું, 'આટલા દિવસ અમે પ્રભુની ઠેકડી ઉડાવતા આવ્યા છીએ અને તારી સેવાની મજાક મશ્કરી કરતા આવ્યા છીએ. પરંતુ હવે તારા લાલનના મનોહરી દર્શન કરી અમારું મન પણ સેવા કરવા લાલાયિત થાય છે. ઠાકોરજીએ જાણે અમારું મન હરી લીધું હોય એમ લાગે છે! કોણ જાણે આવું કેમ થતું હશે. આમ તો અમે આ વસ્તુને એક ધતિંગ તરીકે મજાક મશ્કરી કરવા ટેવાયલા છીએ આવતી કાલે અમે પણ વહેલાં ઊઠીશું અને સેવા પ્રકાર નીરખી પ્રભુના દર્શનનો લહાવો લઇશું.'

'ભારતી બહેન, સુધીરભાઇ, મૂળ તો તમે પણ પ્રભુથી વિખુટા પડી ગયેલા જીવો છો, બ્રહ્મસંબંધ પણ લીધેલ છે. આપણા ઠાકોરજીની જીવને પોતાના પ્રતિ ખેંચવાની આકર્ષવાની અનેક રીતો છે. પરમકૃપાળુ ઠાકોરજીની લીલાથી તમે બંને પ્રભુસેવા પધરાવવા પ્રેરાયા એ મારા માટે ઘણા આનંદની વાત છે.'

બહેન અને બનેવી સેવા કેમ પધરાવવી સેવા કઇ રીતે કરવી અને પ્રભુ પ્રત્યે ભાવ જાગૃત થાય અને દઢ બને તે માટે શું કરવું. વગેરે અનેક પ્રશ્નો પૂછે છે. આરતી આ બધા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપે છે. તે બંનેને માર્ગીય ગ્રંથો-ષોડશગ્રંથ શ્રી સર્વોત્તમજી, શિક્ષાપત્રો, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા વગેરે વાંચવાની અને સત્સંગ કરવાની ભલામણ કરે છે, અંતે તેમને સેવા પધરાવવાના શુભ હેતુ માટે માંડવી સાથે આવવા ભાવભીનો આગ્રહ કરે છે. બેન-બનેવી તેનો સહર્ષ શીઘ્ર સ્વીકાર કરે છે.

આથી બીજે દિવસે કોલ્હાપુરથી રવાના થઇ આરતીનું કુટુંબ અને સાથે ભારતીનું કુટુંબ પણ માંડવી આવી પહોંચે છે.

માંડવીની પુષ્ટિમાર્ગીય હવેલીના પુજ્ય ગોસ્વામી મહારાજ પાસેથી સુંદર સ્વરૂપ પુષ્ટાવી આરતીના બહેન-બનેવી પોતાના ઠાકોરજી પધરાવી લાવે છે. થોડા દિવસ રોકાઇ આરતી પાસેથી સેવા-શૃંગારની રીત શીખી લે છે અને ભાવથી પ્રભુની સેવા કરે છે. ભારતી નાની બહેન પાસેથી થોડાં કીર્તન ધોળ પણ શીખી લે છે. ખોટી દોડાદોડ, ખટપટ અને આળપંપાળ વગરનુ નિષ્કપટ પ્રભુસેવામય જીવન જીવવાનો હવે તેઓ નિશ્ચય કરે છે.

થોડા દિવસ માંડવીમાં ઉમંગભેર રોકાઇ ભકિત અને સેવાના રંગથી રંગાઇ ભારતીનું કુટુંબ આનંદભેર કોલ્હાપુર જવા સિધાર્યું.

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

પ્રભુશ્રીનાં આ ત્રણે સ્વરૂપો આનંદમય છે પરંતુ એટલો જ વિશેષ છે કે વેદમાં ‘સ એકો બ્રહ્મણ આનંદઃ’ આ શ્રુતિદ્વારા અક્ષરના આનંદની ગણના કરી છે, જયારે ‘યતે. વાચો નિવર્તન્તે’ આ શ્રુતિદ્વારા પરાત્પર તે ભગવાનના આનંદને અપરિમેય કહ્યો છે.

મહાત્મા શંકરાચાર્ય આનંદમયાદિકરણના પ્રારંભમાં બે ચાર સૂત્રોથી તો અન્ય આસ્તિકોની માફક આનંદમય વસ્તુને પરમાત્મા જ કબૂલે છે, અને કહે પણ છે કે ‘બ્રહ્મનો બ્રહ્માનંદસ્ય નિરતિશયત્વાઅવધારણાત્ ।’ ૧–૧–૧૨ ભાષ્યમ્ આનંદ નિરતિશય છે, અમેય છે ‘પરંતુ’ અસ્મિન્નસ્ય વેદાંત મીમાંસા ૧–૧–૧૯ । સૂત્રમ્ । ચ તદ્યોગં શાસ્તિ’ આ સૂત્રમાં તે પોતાની નાસ્તિકતા ઉપર બીલકુલ પાણી ફેરવી દે છે, અને સિદ્ધાંત કરે છે કે : (તસ્માત્કાર્ય પતિત એવાનન્દમયો, ન પર એવાત્મા આનંદ ઇતિ વિદ્યાકર્મણોઃ ફલમ્ તદ્વિકાર આનંદમયઃ આનંદ બ્રહ્માવલ્લીઃ શાંકરભાષ્યમ્) પરમાત્મા નહિ પણ કોઈ જીવ વિશેષ જ આનંદમય છે.’ ઇદન્ત્વિહ વક્તવ્ય : થી પ્રારંભ કરીને અધિકરણની સમાપ્તિ સુધી આપ ફરમાવે છે કે :– અમારે તો સુત્રકારને એટલું જ કહેવું છે (અર્થાત્ પ્રશ્ન) કે આનંદવલ્લીમાં પ્રવાહ અને પરંપરા તો વિકારાર્થક ‘મયટ’ પ્રત્યયની ચાલી રહી છે. પછી વચમાં જ એકદમ પ્રાચુર્ય અર્થમાં ‘મયટ’નું ગ્રહણ શા માટે કરો છો ? અને અગર આનંદમયને બ્રહ્મ કહેવું હોય તો પછી બિચારાં અન્નયથે શો અપરાધ કર્યો ? તેને પણ બ્રહ્મ કહો. બીજું આનંદમયને બ્રહ્મ માનશો તો બ્રહ્મને તો સવિશેષ સ્વીકારવું પડશે, અને ‘યતો વાચો નિવર્તન્તે’ આ નિર્ણય વાકયમાં તો બ્રહ્મને નિર્વિશેષ કહ્યું છે. એક વાત બીજી પણ છે કે ‘બ્રહ્મને આનંદમય માનવામાં તેમાં થોડુંક દુઃખ પણ માનવું જોઇશે કારણ કે પ્રચુરાર્થમાં વિરોધીની થોડીક સત્તા પણ માલમ પડયા કરે છે.

વળી પ્રતિશરીરમાં પ્રિય, મોદ, વિગેરેનો ભેદ જોવામાં આવે છે, માટે આનંદમયમાં પણ ભેદ માનવો પડશે. અને બ્રહ્મ તો અનેક શરીરોમાં પણ એક જ છે, અભિન્ન છે. અને શ્રુતિમાં અભ્યાસ (વારંવાર કથન) પણ આનંદમયના નથી પણ ફક્ત આનંદ માત્રનો અભ્યાસ છે અગર ક્યાંય આનંદમયનો અભ્યાસ આવી પણ જાય તો તેને અન્નમયાદિ પ્રવાહમાં આવવાથી બ્રહ્મ વિષયક ન માનવો જોઇએ. માટે (તસ્માદન્નમયાદિષ્વીવાનન્દમયેઅપિ વિકરાર્થ એવ મયવિજ્ઞેયો ન પ્રાચુર્યાર્થ; । ૧-૧-૧૯ । ભાષ્યમ્-) અન્નમયાદિની માફક આનંદમયમાં પણ 'મયટ' સમજો, પ્રાચુર્ય અર્થમાં નહિ.

આનંદમયાધિકરણ ઉપર કરેલી શ્રીશંકરાચાર્યની બૌદ્ધ કલ્પનાઓનો વિચાર

એ તો અમે કોઇ અન્ય ગ્રંથમાં દેખાડીશું કે શ્રીશંકરાચાર્યનું ભાષ્ય શ્રી વેદવ્યાસજીના કોઇ પણ સૂત્રનો સ્પર્શ સુદ્ધાં કરતું નથી, પરંતુ હાલમાં તો આપશ્રીએ જે આનંદમયાધિકરણ ઉપર કૌશલ કર્યું છે, તે જ કૌશલ મતિમાન મનુષ્યોના હૃદય ઉપર વિચારાર્થ સ્થાપીશું. પ્રથમ તો શ્રીશંકરાચાર્યે મોટી જબરી ભૂલ એ જ કરી છે કે તેણે 'આનંદમયાધિકરણ' ઉપર ભાષ્ય બનાવ્યું. કારણ કે 'આનંદમયોઅભ્યાસાત્' આ સૂત્રથી લઇ 'અન્તસ્તદ્ધર્મોપશાત્' સૂત્રની પહેલ પહેલાં સૂત્રકારે બ્રહ્મને આનંદમય ઠરાવ્યું અને આપને ત્યાં તો બ્રહ્મને આનંદમયરૂપે પ્રદર્શન કરાવવું ઝેર જેવું લાગે છે. તો પછી આવા સૂત્રો પર ભાષ્ય જ શા વાસ્તે રચ્યું ? અને અગર પોતાના આશયનો મેળ ન ખાતાં છતાં પણ સૂત્રભાષ્યકાર થવું હતું તો પછી પ્રારંભથી જ ખંડન શું કામ ન કર્યું ? લોકોને ભ્રમમાં ભમાવવા પ્રથમ આસ્તિક જેવા શા માટે જણાયા ? બ્રહ્મને આનંદમય શું કામ કહ્યું ? અને 'મયટ્' ને પ્રચુર અર્થમાં માનવાનું શું પ્રયોજન હતું ? સાફ સાફ કહી નાખવું હતું ને કે 'અહીં સૂત્રકારની ભૂલ છે' આનંદમય બ્રહ્મ થઇ શકતું નથી કારણ કે 'મયટ્' પ્રચુરાર્થમાં સંભવતો નથી. પહેલાં સૂત્રમાં બ્રહ્મને આનંદમય સ્વીકારી લીધું. બીજા સૂત્રમાં 'મયટ્' ને પ્રચુરાર્થક માની વળી પાછા બ્રહ્મને આનંદમય સિદ્ધ કરી ચૂકયાં. વધારે તો શું, અધિકરણના બધાંય સૂત્રો પર સૂત્રકારની અનુકૂલ જ સિદ્ધાંત માની શ્રુતિયુક્તિઓથી આનંદમયને જ બ્રહ્મ માન્યું. તો પછી બિચારા આ અંતિમ સૂત્ર ઉપર જ માયાવાદનું સ્વપ્ન ક્યાંથી તૂટી પડયું ? સૂત્રનાં અક્ષરોથી તો આવા આશયનો ગંધ પણ નથી નીકળતો. પ્રત્યુત 'ચ' કારથી પૂર્વક્તિ વાતનું પોષણ થાય છે.

અગર દ્વૈતગંધને લીધે આનંદમયને બ્રહ્મ કહેવા ન ચાહતા હોય તો પણ યુકત ન કહેવાય, કારણ કે જયારે આનંદ અને આનંદમય બંને એક જ પદાર્થ છે તો પછી દ્વૈત કયાં રહ્યું ? આનંદમય તો આનંદ અને આનંદમય બંને છે. સૂર્ય જ તેજ અને તેજોમય છે. ઐકય રહેતા છતાં પણ જે અલગ અલગ પ્રતીતિ થાય છે તે ઠીક છે કારણ કે, વસ્તુમાં શક્તિ જ તેવી છે. જયાં વસ્તુ જ બંને પ્રકારનું પ્રતીત થતું હોય ત્યાં તર્ક કરવો વ્યર્થ છે. બ્રહ્મમાં રૂપ અથવા આકાર સ્થાનીય આનંદ તેનાથી ભિન્ન નથી. પરંતુ તે પોતે જ રૂપ અથવા આકાર છે. માટે જરાય દ્વૈત રહેતું નથી. પ્રાકૃત વસ્તુઓની માફક રૂપ તેનાંથી જુદું નથી પરંતુ બ્રહ્મ જ રૂપ અને આકાર છે. તથા સરૂપ અને સાકાર છે સૂત્રકારે 'અરૂપવદેવ હિ તત્પ્રધાનત્વાત્' આ સૂત્રથી સિદ્ધાંત કર્યો છે કે બ્રહ્મ રૂપવાળું નથી પણ રૂપ જ બ્રહ્મ છે, કારણ કે આનંદ પ્રધાન છે. જયાં રૂપવાનથી રૂપ જુદુ હોય ત્યાં દ્વૈતનો ડર રહે છે. પરંતુ જયાં રૂપ અને રૂપવાન બંને એક જ હોય ત્યાં દ્વૈતની ગંધ સુદ્ધા પણ રહેતો નથી. સ્વાદ લેવાથી જયારે ખાંડ અને ખાંડના રમકડાં બંને એક જ વસ્તુ નિશ્ચિંત થઈ ચૂકે છે, તો પછી હજારો યુક્તિઓ લડાવ્યા જ કરોને તેનાંથી શું તેનું વાસ્તવ દ્વૈત થઇ જશે ? કદી નહિ, માટે આનંદમય જ બ્રહ્મ છે.'

વિકારાર્થક 'મયટ્' ના પ્રવાહમાં પડવાથી આનંદમય પણ જીવવિશેષ જ છે, બ્રહ્મ નહિ. આ સૂચન પણ ભૂલ ભરેલું છે કારણ કે કયાંય પણ પ્રવાહ પતિત પદાર્થમાં પ્રવાહનાં ધર્મો આવતા નથી. જલપ્રવાહમાં અગર તૃણ આવી જાય તો શું તે પણ જલ માની લેવાય ? જલ અને તૃણનો ભેદ પ્રમાણાંતરથી સ્પષ્ટ પ્રતીત થઇ રહ્યો છે. પ્રવાહપ્રતિત હોવાથી જેમ તૃણને જલ કહી દેવું ભૂલ વગરનું નથી તેમ અન્નમદાદિ પ્રવાહમાં આવવાથી આનંદમયને અબ્રહ્મ કહી નાખવું પણ પ્રમાદ જ છે. યદિ આનંદમયને કોઇ વેદાદિ પ્રમાણથી વિકારાર્થતા આવી પડતી હોય તો તો 'પ્રવાહ પતિત' આ હેતુથી આનંદમયને અબ્રહ્મ કહી શકો છો. પરંતુ 'અપહતપાપ્મા' ઇત્યાદિ હજારો શ્રુતિઓથી તેમાં વિકારપાતનો નિરાસ કર્યો છે. માટે માત્ર 'પ્રવાહપતિત' હેતુ દેખાંડી આનંદમયને અબ્રહ્મ કહેવું મોટી ભૂલ કહેવાય બીજું વિકારાર્થનો પ્રવાહ પણ તો સિદ્ધ થતો નથી કારણ કે અજામય સિવાય કયાંય પણ વિકારાર્થ છે જ નહી, પ્રાણમયથી જ વિકારાર્થનો પરિત્યાગ છે કારણ કે પ્રાણનો વિકાર ન થઇ શકવાથી ત્યાં વિકારાર્થ મયટ (ભામતી નિબંધમાં જે વિકારાર્થના પ્રવાહનું સમર્થન કર્યું છે.

(ક્રમશઃ)

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૪૦ મું

શ્રી યમુને સુખકારની પ્રાણ પતિકે,
જિન્હે ભૂલિ જાત પિય, તિન્હે સુધિ કરિ દેત;
કહાંલો કહિયે ઇનકે જુ હિતકે. ૧
પિય સંગ ગાન કરે, ઉમગિ જ્યોં રસ ભરે,
દેત તારી કર, લેત ઝટકે;

'દાસ પરમાનંદ' પાયે અબ બ્રજચંદ,
યેહી જાનત સબ પ્રેમ ગતિકે. ૨

અર્થ– શ્રી યમુનાજી પ્રાણનાથને સુખ આપનારા છે. શ્રી ઠાકોરજી જો કોઇ ભકતને ભૂલી જાય છે, તો શ્રીયમુનાજી યાદ કરાવી આપે છે. આમ ભકત અને ભગવાન પ્રત્યે આપનું જે હેત છે તેની શું વાત કરવી! ૧

પ્રિયતમ સાથે આપ ઉત્સાહ પૂર્વક નૃત્ય અને ગાન કરે છે, ત્યારે સહેજ પણ તાલભંગ થતો નથી. નૃત્ય કરતાં વચમાં પ્રિયતમને શ્રીહસ્તમાં તાલ પણ આપતા રહે છે. છતાં નૃત્યનો તાલ તૂટતો નથી. પરમાનંદદાસ કહે છે કે એની કૃપાથી જ અને વ્રજચંદ મળ્યા છે. મારા હૃદયનો સ્નેહ એના પ્રત્યે જ વહી રહ્યો છે, એ વાત પણ શ્રી યમુનાજી જાણે છે.

વિવેચન-પ્રભુના મનોભાવને સમજીને વિવિધ પ્રકારની સેવા દ્વારા પ્રભુને સુખ આપવું એ જ શ્રીયમુનાજીની અભિલાષા છે. નિષ્કામ ભકતની પણ એવી જ કામના હોય છે.

પ્રભુને અનેક ભકતોના મનોરથ પૂર્ણ કરવાના હોવથી કદાચ કોઇ ભકતને ભુલી જાય-અથવા પરીક્ષાર્થે ભુલવાની લીલા કરે તો પણ શ્રીયમુનાજી એ ભકતની યાદ પ્રભુને કરાવે છે. અને વિનતિ કરે છે કે હે નાથ! જેવો છે તેવો પણ એ આપણો જ છે ને! એના પ્રત્યે કૃપા વિચારો નહિંતર એ બિચારો કયાં જશે?

વળી નૂતન-ભકતોનો અંગીકાર થાય એથી તો શ્રી ઠાકોરજી અને શ્રી યમુનાજી બન્ને પ્રસન્ન થાય છે.

શ્રી ઠાકોરજી રાસેશ્વર છે, તો શ્રીયમુનાજી રાસેશ્વરી છે રાસાદિક લીલામાં શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સાથે જ રહે છે.

નૃત્ય એ પણ એક શાસ્ત્ર છે કળા છે. એવી જ રીતે સંગીત પણ સામ-

વેદનો પ્રકાર છે. જેમાં જડને ચૈતન્ય અને ચૈતન્યને જડ બનાવવાની શકિત છે નૃત્ય અને ગાન જ્યારે સાથે ચાલતા હોય ત્યારે તેમાં સહયોગ આપવો એ દરેકને માટે સુગમ નથી. એ કળા તો સ્વામિનીજી. શ્રીગોપીજનો અને શ્રીયમુનાજીને સહજ સાધ્ય છે.

શ્રીઠાકોરજી માત્ર 'નટ' નથી, પરંતુ 'નટવર' છે જેના સમાન નૃત્યકળામાં કોઇ પારંગત થયું નથી અને થવાનું પણ નથી. સમસ્ત વિશ્વમાં જે નૃત્ય કળા છે તે આપણા નટવરની કળાનો એક અંશ માત્ર છે.

શ્રીઠાકોરજીએ કાળી નાગની ફણાપર નૃત્ય કર્યું છે. કાળીય નાગની ફણાએ કોઈ સ્ટેજ છે કે જ્યાં નૃત્ય થઇ શકે? કૃતાંત કાળ જેવો 'નાગ' જે પ્રભુને મારવા ઇચ્છે છે. ધરતીકંપની માફક ફણાઓ ઉછાળે છે ત્યાં પણ આપણા 'નટવરે' નૃત્ય કર્યું છે છતાં નૃત્ય અને બંસીવાદનના તાલમાં સહેજ પણ ક્રમભંગ થયો નથી. આ પ્રસંગે ગંધર્વો અને અપ્સરાઓએ પણ વાજીંત્રો સાથે સંગીતમાં સાથ આપ્યો છે પરંતુ એ વધારે વખત ટકી શકયા નથી, તો પછી અન્યની તો વાત જ કયાં.

પરંતુ વ્રજભકતોની વાત ન્યારી છે જેની રાસલીલાના દર્શન કરીને તો દેવાધિદેવો પણ ધન્ય બની ગયા છે.

આવા 'નટવર' સાથે રાસલીલામાં તાલ બદ્ધ નૃત્યગાન કરીને શ્રીયમુનાજી સદા શ્રીઠાકોરજીને પ્રસન્ન કરે અને શ્રીઠાકોરજી જયારે પ્રસન્ન થાય છે ત્યારે શ્રીયમુનાજી પ્રભુ પાસે એટલું જ માગે છે કે 'પ્રભુ ! આપ ભકતોને ભુલશો નહિં' 'એના અપરાધ ક્ષમા કરજો' 'ગમે તેવા પણ છેવટે તો આપણા બાળકો છે ને' ! આ છે શ્રીયમુનાજીની અભિલાષા.

પરમાનંદદાસજી કહે છે મારામાં કોઈ યોગ્યતા નહિ હોવા છતાં શ્રીયમુનાજીની કૃપાથી મને શ્રીવ્રજચંદ મળ્યા છે. હવે મારૂં મન એના સિવાય કયાંય જતું નથી ધન્ય શ્રીનાથજી, શ્રીયમુનાજી અને આપના ભકતો !

સોરઠો : પ્રિયના સુખથી સુખ આપને, નિશદિન
કરતા સેવા; એવા શ્રીયમુનાજીને
ચરણે, જઇશું સુખડા લેવા.

(ક્રમશઃ)

વૈષ્ણવતા અને ભારત વર્ષ

મૂળ લેખક : શ્રી ભારતેન્દુબાબુ હરિશ્ચંદ્ર

અનુવાદક : શ્રીયુત ભટ્ટ શ્રી વ્રજરમણશર્મા
તથા શ્રી હરિશંકર શાસ્ત્રી

[વિક્રમ સંવત ૧૬૭૪ થી ૧૬૭૭ માં એક સત્યાગ્રહનો પ્રસંગ બન્યો હતો. ચિદ્રુપ નામના સંન્યાસીના ઉપદેશથી જહાંગીર બાદશાહે હુકમ કર્યો હતો કે કોઇએ તુલસીની માળા પહેરવી નહિ. આ હુકમનો અનાદર કરીને શ્રી ગુંસાઇજીના ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજીએ ગોકુલનાં ઘરબાર–વૈભવનો ત્યાગ કરીને સોરમજી વસ્યા અને કાશ્મીર જેવા દુર અને વિકટ માર્ગવાળા પ્રદેશમાં વર્ષાઋતુમાં સિત્તેર વર્ષની વય છતાં પ્રવાસ ખેડયો અને આખરે સત્યાગ્રહનો વિજય થયો. જહાંગીરે પોતાનો હુકમ પાછો ખેંચ્યો અને શ્રીગોકુલનાથજી ગોકુલમાં પધાર્યા. આ પ્રસંગ મથુરાની આસપાસના વ્રજમંડળમાં જ બન્યો હતો.

આવો જ બીજો પ્રસંગ સંવત ૧૯૨૩માં જયપુરમાં બન્યો હતો. લક્ષ્મણનાથ નામના સંન્યાસીએ રાજા રામસિંહજીને ભરમાવીને હુકમ કઢાવ્યો હતો કે "રાજ્યની જાગીર લેનાર બધા આચાર્યોને ફરમાવવામાં આવે છે કે તેમણે આ હુકમ મળ્યા પછી પોતે તથા પોતાતા ઇષ્ટદેવને રુદ્રાક્ષની માળા તથા ત્રિપુંડ્જ ધારણ કરાવવાં. જો આ ફરમાનનો અનાદર થશે તો તેની જાગીર જપ્ત કરવામાં આવશે." આ વખતે શ્રી ગોવિંદ પ્રભુ શ્રી ગોકુલચન્દ્રમાજીને જયપુરમાં સેવી રહ્યા હતા. તેઓશ્રી એ આ ફરમાનનો અનાદર કરીને લાખોની જાગીર–જાહોજલાલીનો ત્યાગ કરી પોતાના ઈષ્ટદેવને બિકાનેરમાં ત્યાંના રાજાની વિનંતિથી પધરાવી ગયા. આ પ્રસંગ જયપુર રાજ્ય પૂરતો હતો.

પરંતુ સાંપ્રતકાળમાં ભારત વર્ષમાં આવા અનેક ચિદ્રુપ અને લક્ષ્મણનાથ જેવા સંન્યાસીઓ ઉત્પન્ન થયા છે. તેઓ ભારતવર્ષની ભૌતિક અને આધ્યાત્મિક સંસ્કૃતિનો વિધ્વંસ કરી રહ્યા છે. તેવી પરિસ્થિતિને નિપટાવવા માટે "શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડ" ના પુરાણા અંકમાંથી પ્રસ્તુત થતો લેખ મનનીય અને માર્ગદર્શક નીવડશે તેવી શુભ અપેક્ષા]

—સંપાદક

જો વિચાર કરીને જોશો તો ચોખ્ખું જણાશે કે ભારતવર્ષમાં સૌથી પ્રાચીન વૈષ્ણવ મત છે. અમારા આર્ય લોકોએ બધાથી પ્રાચીન કાલમાં સભ્યતાનું અવલંબન કર્યું એ જ કારણથી આર્ય લોકો શું ધર્મ, શું નીતિ, બધા વિષયના, સંસાર માત્રના તેઓ દીક્ષાગુરુ છે. આર્યોએ આદિ કાલમાં સૂર્યને જ પોતાના જગતના સૌથી ઉપકારી અને પ્રાણદાતા સમજીને બ્રહ્મ માનેલ છે. અને એમનો મંત્ર ગાયત્રી. એથી જ એજ સૂર્ય-નારાયણની ઉપાસનામાં કહેલ છે. સૂર્યના કિરણો "આપો નારા ઇતિ પ્રોકતા આપો વૈ નર સૂનવ :" પાણીમાં અને મનુષ્યોમાં પ્રસરેલાં રહેલ છે, અને એનાથી જ જીવન પ્રાપ્ત થાય છે, અને એથી જ સૂર્યનું નામ નારાયણ છે.

આપણા જગતનાં ગૃહ માત્ર, જે સૌ પ્રત્યેક બ્રહ્માંડ છે, અને તેની આકર્ષણ શક્તિથી સ્થિર છે. એ જ નારાયણનું નામ અનંત કોટિ બ્રહ્માંડ નાયક છે. એ જ સૂર્યનું નામ વેદમાં વિષ્ણુ છે કેમકે એની વ્યાપકતાથી જગત સ્થિર છે. એથી જ આર્યોમાં સૌથી પ્રાચીન

એકજ દેવતા હતા. ઘણા કાલ પછી સૂર્યમાં ચતુર્ભુજ દેવની કલ્પના થઇ.

"ધ્યેયઃ સદા સવિતૃમંડલમધ્યવર્તી નારાયણઃ સરસિજાસનસંનિવિષ્ઠ : !" "તદ્વિષ્ણો : કર્માણિ પશ્યત" "યત્ર ગાવો ભૂરી શૃંગા :" "ઇદં વિષ્ણુર્વિચક્રમે" વગેરે શ્રુતિઓ જે સુર્ય નારાયણનાં આધિભૌતિક ઐશ્વર્યની પ્રતિપાદક હતી, તે આધિદૈવિક સુર્યની વિષ્ણુમૂર્તિના વર્ણનમાં વ્યાખ્યાત થઈ. ગમે તે રૂપથી પણ વેદોએ પ્રાચિન કાળથી વિષ્ણુનો મહિમા ગાયો, તેના પછી એ સુર્યની એક પ્રતિમૂર્તિને પૃથ્વી પર માનવામાં આવી, એ પ્રતિમુર્તિ તે અગ્નિ. આર્યોનો બીજો દેવતા છે અગ્નિ. અગ્નિ એ યજ્ઞ છે અને "યજ્ઞો વૈ વિષ્ણુ :" અને યજ્ઞથી જ રુદ્ર દેવતા મનાયા. આર્યોના એક છોડીને બે દેવતા થયા. આમ પછી ત્રણ થયા, અને ત્રણમાંથી અગિયાર થયા અને અગિયારને ત્રણ ગણા કરવાથી તેત્રીસ થયા અને તેત્રીસમાંથી તેત્રીસ કરોડ થયા. આ વિષયનું વિશેષ વર્ણન જુદા પ્રસંગે કરીશું. અહીં તો ફક્ત એ વાત દેખાડવામાં આવે છે કે વર્તમાન સમયમાં પણ ભારતવર્ષ અને વૈષ્ણવતાને કેટલો ઘનિષ્ઠ સંબંધ છે !

પંડિતવર બાબુ રાજેન્દ્રલાલ મિત્રે વૈષ્ણવતાના યુગને પાંચ ભાગમાં વહેંચી નાખ્યો છે.

૧. વેદ સમયની વૈષ્ણવતા – વેદના પ્રારંભના સમયમાં વિષ્ણુની ઇશ્વરતા કહેવામાં આવી છે. ઋગ્વેદ સંહિતામાં વિષ્ણુની ઘણી સ્તુતિઓ છે. કોઇ અમુક સ્થાનના નાયક અથવા તો કોઇ વિશેષ તત્વ યા કર્મના સ્વામી તરીકે વિષ્ણુને ઓળખાવ્યા નથી, પણ સર્વેશ્વર તરીકે તેમની સ્તુતિ કરી છે. જેમકે (વેદ મંત્રોના અર્થ) "વિષ્ણુ પૃથ્વીના સાતે પડમાં વ્યાપી રહેલો છે." "વિષ્ણુએ જગતને પોતાનાં ત્રણ પગલાંની અંદર મૂકી દીધું." "જગત તે જ કે જે વિષ્ણુની ચરણરજથી લપેટાયેલું છે." "વિષ્ણુના કર્મોને જુઓ જે વિષ્ણુ ઇન્દ્રના સખા–મિત્ર છે." "હે ઋષિઓ ! વિષ્ણુના ઊંચા પદને જુઓ, જે પદ આકાશમાં એક આંખની જેમ સ્થિર છે." "હે પંડિતો ! સ્તુતિ ગાઇને વિષ્ણુના ઊંચા પદને શોધો." વગેરે વગેરે. વેદના અને વેદના બ્રાહ્મણ નામના વિભાગમાં આ જ મંત્રોનો મોટો વિસ્તાર કર્યો છે. વળી હજી સુધી યજ્ઞ હોમ, શ્રાદ્ધ આદિ બધા કર્મોમાં આ મંત્ર ભણવામાં આવે છે. એવી જ રીતે બીજાં સ્થાનોમાં વિષ્ણુ ભગવાનને જગતના રક્ષક તરીકે તથા સ્વર્ગ અને પૃથ્વીને બનાવનારા, સૂર્ય અને અંધારાને ઉત્પન્ન કરનારા તરીકે ઓળખાવ્યા છે. આ મંત્રોમાં વિષ્ણુના વિષયમાં સ્વરૂપનો પરિચય એટલો જ મળે છે કે એ વિષ્ણુએ પોતાનાં ત્રણ પગલાંથી જગતને વ્યાપ્ત કરી રાખ્યું છે. યાસ્કાચાર્યે નિરુક્તમાં પોતાનાથી પહેલાં થઇ ગયેલા બે ઋષિઓનો મત આ મંત્રના અર્થમાં લખ્યો છે. જેમ શાકય મુનિ લખે છે કે પૃથ્વી ઉપર અગ્નિ એ ઇશ્વરનું રૂપ છે, વાદળમાં વીજળી અને આકાશમાં સૂર્ય એ પણ ઇશ્વરનાં રૂપો છે. ("કોઇ જમાનામાં સૂર્યની પૂજા સમગ્ર પૃથ્વીમાં થતી હતી એમ અનુમાન થઇ શકે છે. હજુ સુધી ભાષાઓમાં એક કહેવત પ્રખ્યાત છે કે "ઊગતા સુર્યને બધા પૂજે છે."

સુર્યની ઉદય, મધ્ય અને અસ્ત—એ ત્રણ અવસ્થાને ત્રણ પદ તરીકે (અરુણભાવ નામના ઋષિ) માને છે. દુર્ગાચાર્ય પોતાની ટીકામાં એ જ મતને પુષ્ટિ આપે છે. સાયનાચાર્ય વિષ્ણુના માનવાવતાર પરત્વે એ મંત્રને લગાવે છે. પરંતુ યજ્ઞ અને આદિત્યજ વિષ્ણુ છે, એ વાત તો ઘણા લોકોએ એક મત તરીકે સ્વીકારી છે. ખેર, તે સમયે સુર્યના જ બીજા નામ તરીકે વિષ્ણુ ગવાયા કે પોતે વિષ્ણુદેવ આદિત્યમાં જુદા બિરાજે છે એ લગડો અહીં કરવો નથી. આ બધી વાતો લખવાનો અમારો આશય એટલો જ છે કે અત્યંત પ્રાચીન સમયથી વિષ્ણુ અમારા દેવતા છે. અગ્નિ, વાયુ, સુર્ય, એ ત્રણ વિષ્ણુનાં જ રૂપ છે અને બ્રહ્મા, શિવ અને વિષ્ણુ એ ત્રણ દેવો એથી થયા છે.

૨. બ્રાહ્મણ નામના વેદ વિભાગના સમયમાં વિષ્ણુનું માહાત્મ્ય સુર્યથી જુદું કહીને વિસ્તારરૂપ વર્ણવેલું છે. અને શતપથ એતરેય તથા તૈત્તિરીય બ્રાહ્મણમાં વિષ્ણુને દેવતાઓના દ્વારપાલ તથા દેવતાઓ માટે જગતનું રાજ્ય રક્ષણ કરનારા વગેરે કહીને લખવામાં આવ્યું છે.

૩. ઇતિહાસ સમયની વૈષ્ણવતાઃ ઇતિહાસ ગ્રંથોમાં રામાયણ—મહાભારતમાં તો વિષ્ણુનો મહિમા સ્પષ્ટ જ છે. વળી ઇતિહાસના ગ્રંથોના સમયમાં તો પૃથ્વી ઉપર વિષ્ણુના અવતારો માનવામાં આવ્યા છે એ વાત ખુલ્લી છે. મહર્ષિ પાણિનિના સમય કરતાં ઘણાં પ્રાચીન કાલથી કૃષ્ણાવતાર, કૃષ્ણ પૂજા તથા કૃષ્ણભકિત પ્રચલિત હતી, એ એ મહર્ષિના વ્યાકરણ સુત્રથી જ સિદ્ધ થાય છે. "યથા જીવિકાર્થે આપણો વસુદેવઃ કૃષ્ણં નમેચ્ચેત સુખં યાયાત વાસુદેવે ભકિતરસ્ય વસુદેવકઃ, તેમજ પ્રધુમ્ન, અનિરુદ્ધ અને સુભદ્રા વગેરે" નામો પાણિનિ ઋષિએ લખ્યાં છે. તેથીજ સિધ્ધ થાય છે.

એ સમય કરતાં ઘણા પેહેલાંના સમયથી શ્રી કૃષ્ણાવતારની કથા ભારતવર્ષમાં ફેલાઇ ગઇ હતી. યુનાનીઓના ઉદય પહેલાં પાણિનિનો સમય બધા માને છે. વિદ્વાનોનો એવો મત છે કે અનુક્રમે પૂજાના નિયમો પણ બદલાયા છે. જેમકે પહેલાં યજ્ઞમાં આહુતિઓ અપાતી હતી, પછી બલિદાન તથા અષ્ટાંગ પૂજા આદિ યોજાયાં, છેવટે દેવ વિષેનું જ્ઞાન વૃદ્ધિ પામતાં બધાં પૂજનો કરતાં દેવની ભકિત સર્વથી શ્રેષ્ઠ માનવામાં આવી છે.

૪. પુરાણોના સમયમાં વૈષ્ણવમત તો વિધિપૂર્વક બરોબર ફેલાયેલો હતો, એ બધા જાણે છે જ. વૈષ્ણવ પુરાણોની વાત શા માટે? શાકત અને શૈવ પુરાણોમાં પણ શિવ કે શકિત વગેરે દેવદેવીઓની સ્તુતિ તેમને વિષ્ણુથી સંપૂર્ણ જુદા ગણીને કરી શકયા નથી. હાલમાં જે વૈષ્ણવ મત માનવામાં આવે છે તેના ઘણાખરા નિયમો પુરાણોના સમયથી અને તે પછીના તંત્રોના સમયથી ચાલેલા છે. વરાહ, રામ લક્ષ્મણ અને વસુદેવની મૂર્તિઓ બે હજાર વર્ષથી પણ જૂની મળેલી છે, તેમજ તે મુર્તિઓ પર કોતરાવેલું છે કે એ મુર્તિઓની સ્થાપના કરનારાઓનો વંશ ભાગવત અર્થાત વૈષ્ણવ હતો. રાજતરંગિણી નામનો ગ્રંથ જોવાથી

સ્પષ્ટ જણાશે કે રામકેશવ આદિની મુર્તિઓની પૂજા ઘણા સમયથી પ્રચલિત છે. તેથી વૈષ્ણવ મત નવીન છે કે પ્રાચીન, એ ઝઘડામાં ન પડતાં અહીં થોડું અદલબદલ થવાનું કારણ શું છે તેનું નિરૂપણ કરીએ છીએ.

૫. પરમતત્વની શોધનો ક્રમવિકાસ

આ વાત તો મનુષ્યનાં સ્વભાવમાંજ છે કે, જયારે તે કોઇ વાત ઉપર પ્રવૃતિ કરે છે ત્યારે તેની ઉન્નતિ કરતો રહે છે, તે ત્યાં સુધી કે એ વિષયમાં છેક છેલ્લે સુધી તે પહોંચતો નથી ત્યાં સુધી તેને સંતોષ થતો નથી.

સૂર્યને માનવા તરફ જયારે મનુષ્યોની પ્રવૃત્તિ થઇ ત્યારે એ વિષયને પણ એ લોકો સુક્ષ્મ દ્દષ્ટિથી જ જોતા ગયા. પહેલાં તો લોકો કર્મ માર્ગમાં ફસાયા. અનેક દેવીદેવોને પુજવા લાગ્યા. પણ બુદ્ધિનો એક સ્વભાવસિદ્ધ ધર્મ છે કે જેમ જેમ ઉજ્જવલ થતી જાય છે તેમ તેમ તે પોતાના વિષયને પણ ઉજ્જવલ બનાવતી જાય છે. થોડી બુદ્ધિ વધતાં જ આ વિચાર ચિત્તમાં ઉત્પન્ન થાય છે—આટલાં દેવી દેવતા આ અનંત સૃષ્ટિના નિયામક બની શકે નહિ. આ મહાસૃષ્ટિનો કર્તા કોઇ વિશેષ શકિતસંપન્ન ઇશ્વર છે. આવો નિશ્ચય કર્યા પછી તે ઇશ્વરનું સ્વરૂપ જાણવાની મરજી થાય છે. તાત્પર્ય કે માણસ કર્મકાંડમાંથી જ્ઞાનકાંડમાં આવે છે. જ્ઞાનકાંડમાં વિચાર કરતાં કરતાં સંગતિરુચિ અનુસાર માણસ નિરીશ્વર વાદી (ઇશ્વરને નહિ માનનારો નાસ્તિક) અથવા તો ઉપાસના કરતો આસ્તિક બની તેમાં પ્રવૃત્ત થાય છે એ ઉપાસના છોડીને નિરાકારની તરફ રુચિ કરે છે પણ ઉપાસના કરતાં કરતાં જ્યારે ભકત પ્રબલ થાય છે ત્યારે તે પોતાના નિરાકાર ઉપાસ્યને એ ભકત સાકાર કહેવા મંડી પડે છે. મોટા મોટા નિરાકારવાદીઓએ પણ સ્તુતિ સમયે એવો પ્રયોગ કરેલો છે કે "હે પ્રભો ! દર્શન આપો. આપનાં ચરણ કમલોને અમારા મસ્તક પર સ્થાન દો. આપની અમૃતમય વાણી શ્રવણ કરાવો." એવીજ રીતે પૃથ્વીવાસીઓને સહુથી પહેલાં સુર્ય બધાથી વિશેષ આશ્ચર્ય અને ગુણકારી વસ્તુરૂપે જણાયો. પછી તેમાં દેવ બુદ્ધિ થઇ. દેવબુદ્ધિ થયાથી આધિભૌતિક સુર્યમંડળમાં એક આધિદૈવિક નારાયણ માન્યા. પછી છેવટે કહેવામાં આવ્યું કે નારાયણ એક સુર્યમાં જ નથી, સર્વત્ર છે અને અનંતકોટિ સુર્ય, ચંદ્ર, તારા એનાજ પ્રકાશથી પ્રકાશિત છે. અર્થાત આધ્યાત્મિક નારાયણની ઉપાસનામાં લોકોની પ્રવૃત્તિ થઇ.

પશ્ચિમના યુરોપીઅન વિદ્વાનોનો એ મત છે કે આર્યલોકો જયારે મધ્ય એશિયામાં હતા ત્યારથીજ તે લોકો વિષ્ણુનું નામ જાણે છે. ઝોરોસ્ટ્રિયન ગ્રંથ જે ઈરાની અને આર્ય શાખાઓથી જુદા થયા અગાઉ લખાયેલો છે, તેમાં પણ વિષ્ણુનું વર્ણન છે, વેદોની શરૂઆતના વખતથી લઇને પુરાણોના વખત સુધી તો આર્યગ્રંથોમાં વિષ્ણુનો મહિમા પુરેપુરો છે. વળી તંત્ર અને આધુનિક ભાષા ગ્રંથોમાં એ જ રીતે એકછત્ર વિષ્ણુના મહીમાનું રાજય છે.

આ કારણોથીજ વૈષ્ણવ મતની પ્રવૃત્તિ ભારત વર્ષમાં સ્વભાવસિદ્ધ છે. સારા જગતમાં

ઉપાસના માર્ગ જ મુખ્ય ધર્મમાર્ગ માનવામાં આવે છે. ક્રિશ્ચિયન, મુસલમાન, બ્રહ્મોસમાજી, બૌદ્ધ એ બધાને ત્યાં ઉપાસના જપ તથા તપ આદિ શુભ કર્મો મુખ્ય હોવાથી એ મત સ્માર્ત મત જેવો કહી શકા૧. અને એ ધર્મોમાં ભક્તિની મુખ્યતા હોવાથી એ લોકો વૈષ્ણવ મતના સિદ્ધાંત જેવા સિદ્ધાંત વાળા કહી શકાય. અર્થાત બધા મતો વૈષ્ણવ મતને જ અનુસરનારા છે.

અતિ પ્રાચીન કાળમાં ધૃવ, પ્રહલાંદ વગેરે વૈષ્ણવો અને મધ્યકાલના પરીક્ષિદાદિ તેમજ આધુનિક કાલના વૈષ્ણવોનાં આચાર વિચાર, ખાન, પાન ઐક્ય છે કે નહીં તેનો નિર્ણય થઇ શકે તેમ નથી. વૈષ્ણવાચાર અનાદિકાલથી જેમનો તેમ અવિચ્છિન્ન રીતે ચાલ્યો આવે છે કે તેમાં કાંઇ ફેરફાર થયા છે, તેના ઐતિહાસિક પ્રમાણો મલી આવતાં નથી પ્રાચીન વૈષ્ણવો પણ આધુનિકોની પેઠે કંઠીતિલક મુદ્રા ધારણ કરતા હતા આધુનિકોમાં જે ધર્મરુચિ જોવામાં આવે છે, તે ઉપરથી ચોખ્ખું જાની શકાય છે કે થોડા વખત વૈષ્ણવોમાં ખાનપાનની છુટમાં ઘણા ફેરફાર થયા થે યદ્યપિ અનેક આચાર્યોએ માનવજાતિમાં સમાનતા લાવવા અને ખાનપાનાદિ લોકોમાં ઐક્ય સ્થાપવા માટે જ પોતાના મતનો પ્રચાર કર્યો, પણ તેઓ ફાવી શક્યા નહિ. કારણ કે સ્માર્તમત અને બ્રાહ્મણોની તેમાં વિશેષ હાનિ હોવાથી તેઓએ તે માર્ગમાં અટકાયત કરી અને તેથી જ વૈષ્ણવોમાં સ્પર્શાસ્પર્શનો વિચાર ઘણો વધી ગયો છે અમારા ધારવા મુજબ આ પ્રથા બહુદેવો પાસકો પ્રત્યે તિરસ્કાર બતાવવા માટે જ પ્રચલિત થઇ હશે પણ હવે તો આ રિવાજની હદ ઘણી જ વધી ગઇ છે તે અહીં સુધી કે એક સંપ્રદાયના વૈષ્ણવો બીજા સંપ્રદાયના વૈષ્ણવોને પોતાનાં મંદિરોમાં અને ખાનપાનમાં એક સાથે બેસાડવામાંયે કરે છે અને તેથી 'સાત કનૌજિયા નવ ચુલા' આ લોકોક્તિ ચરિતાર્થ થાય છે પણ આ લક્ષણ તેમની અવનતિનું છે.

આધુનિક સમયમાં તો વૈષ્ણવી સંપ્રદાયોની ઉન્નતિ તેમના બાહ્ય વ્યવહારો અને આડંબરોમાં ન્યુનતા થવાથી જ થઇ શકે. અને ઐક્ય પણ થાય આ સમયમાં લોકો તેજ મતને અનુસરે છે કે જેમાં દેહ કષ્ટ ઓછું હોય વૈષ્ણવ ધર્મ ભારત વર્ષનો સ્વાભાવીક ધર્મ છે તેથી લોકો તેને અનુસરે છે તેમ છતાં તેમાં અનેક સંસ્કારો થવાની ઘણી જ જરૂર છે.

સૌથી પ્રથમ તો આચાર્યો પોતાના રજોગુણી અને તમોગુણી સ્વભાવનો ત્યાગ કરે ત્યારે આગળ ઉન્નતિની વાત કરી શકાય વૃદ્ધોથી જ તેમનાં શીલ, સંકોચથી ધર્મા નાભી રહયો છે. વીશ પચીશ વર્ષ પછી કાંઇ પણ રહેવાનું નથી ગુરુઓનું ચરિત્ર એવું આદર્શ હોવું જોઇએ કે જેથી શ્રદ્ધા ઉત્પન્ન થાય અને વૈષ્ણવો આકર્ષાય અને વળી કિંબહુના પુર્ણપુરુષોત્તમ નંદનંદન શ્રીકૃષ્ણનો કેલિકથાયુક્ત અતિ રહસ્ય ભર્યા વર્ણનો પણ ઓછા પ્રમાણમાં લોકોમાં ગવાય તેનો ભાર ઐકાન્તિક ભક્તોપર મુકાય અને લોકમાં સપ્રમાણ શ્રીકૃષ્ણની રહસ્ય લીલાનું વર્ણન પ્રસિદ્ધ થાય. તેવાં ચરિત્રો વિશદ

વ્યાખ્યા કરીને સમજાવાય રાસ એટલે શું ? ગોપીઓ કોણ છે ? આ સર્વ શ્રુતિ સંમત હોવા છતાં લોકોમાં ભ્રમ ફેલાયો છે તે દુર કરવા) સપ્રમાણ પ્રતિપાદન કરવું જોઈએ. અમે તો એટલી હદ સુધી કરતા ડરતા જીભ દાબીને પણ કહેવાની હિંમત કરીએ છીએ કે સ્ત્રીઓમાં સ્નાન વ્રત વગેરેના નિયમો શરીરને કષ્ટદાયક ન થાય તેવા જ હોવા જોઈએ.

સંપ્રદાયના સંસ્થાપક આચાર્યોએ જે ઉત્તમ આદર્શ દ્વારા આત્મસુખનો ત્યાગ કરીને ભક્તિસુધા વડે જનસમુહને આપ્લાવિત કર્યો તે જ આદર્શો સામે રાખીને કાર્ય કરવું જોઈએ બાહ્ય આડંબરોને છોડીને કેવલ આન્તરિક ઉચ્ચ પ્રેમમયી ભક્તિનો પ્રચાર કરવો રહ્યો. આથી જોઇ શકશો કે દશે દિશાઓમાં હરિ નામનો કેવો સુંદર ધ્વનિ આવે છે અને વિધર્મીઓ શિર નમાવે છે કે નહિ ? અને શીખ, કબીરપંથી વગેરે અનેક પંથોના હિન્દુઓ પણ વેશ મુકીને પોતાની મેળે આ ઉન્નત સમાજમાં મળે છે કે નહિ ?

કદાચ કોઇ કહેશે કે વૈષ્ણવ મતને જ હિન્દુસ્તાનનો સ્વભાવીક ધર્મ શા માટે કહો છો ? તો અમે તેને કહીશું કે વૈષ્ણવમત જ ભારત વર્ષનો મુખ્ય ધર્મ છે અને તે ભારતીયોનાં લોહી અને અસ્થિઓમાં પણ મળી ગયો છે આનાં અનેક પ્રમાણો અનુક્રમે સાંભળો. પ્રથમ તો કબીર, દાદુ, શીખ, બાઉલ વગેરે જેટલા પંથો છે, તે સર્વે વૈષ્ણવોની જ શાખા–પ્રશાખાઓ છે અને સંપુર્ણ ભારતવર્ષ તે શાખાઓથી જ આચ્છાદિત છે.

બીજું, અવતાર અન્ય કોઇ દેવદેવીનો નથી. કોઇએ આવો ઉપકાર (દસ્યુદલન વગેરે) કર્યો નથી.

ત્રીજું, હિન્દુઓમાં નામ પણ વિષ્ણુના જ મુકાય છે. સ્ત્રી હોય કે પુરુષ પ્રત્યેકનાં નામ ઘણું કરીને વિષ્ણુ સંબંધી જ હોય છે. કૃષ્ણભટ્ટ, રામસિંહ, ગોપાલદાસ, હરિદાસ, રામગોપાલ, રાધા, લક્ષ્મી, રુક્મિણી, ગોપી, જાનકી વગેરે. જેને વિશ્વાસ ન હોય તેણે કલેકટરના દફતરમાંથી મનુષ્યગણનાના કાગળો કઢાવીને જોઇ લેવા. અથવા પોસ્ટ ઓફિસના કવરોની મુલાકાત લેવી. લગભગ અર્ધા જગતમાં વિષ્ણુ સંબંધી નામો છે.

ચોથું કાવ્ય નાટક વગેરે (સંસ્કૃતભાષામાં) જુઓ રઘુવંશ, માઘ રામાયણ વગેરે ગ્રંથો વિષ્ણુનું ચરિત્ર ગાય છે, આવા ગ્રંથો ઘણા છે.

પાંચમું, પુરાણોમાં ભારત, ભાગવત, વાલ્મીકિ રામાયણ વગેરે ઘણાં પ્રસિદ્ધ છે. આ ત્રણે ગ્રંથો વૈષ્ણવમતના છે.

છઠ્ઠું, વ્રતોમાં મુખ્ય એકાદશી છે. આ વૈષ્ણવ વ્રત છે. બીજાં જેટલાં વ્રતો છે, તે સર્વમાં અર્ધાં વૈષ્ણવ વ્રત છે.

સાતમું, ભારતવર્ષમાં જેટલા મેળા ભરાય છે, તેમાંથી અર્ધાથી વધારે વિષ્ણુલીલા, વિષ્ણુપર્વ કે વિષ્ણુતીર્થોના નિમિત્તે જ ભરાય છે.

(ક્રમશઃ)

આ માસના ઉત્સવ

માગશર વદ ૭ તા. ૧૨–૧૨–૮૭ શનિવાર શ્રી ગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી) નો ઉત્સવ (સંવત ૧૬૨૫).

માગશર વદ ૮ તા. ૧૩-૧૨–૮૭ રવિવાર. હેમન્ત ઋતુ પૂરી થઈ.

માગશર વદ ૯ તા. ૧૪–૧૨-૮૭ સોમવાર. શ્રી ગુસાંઈજીનો પ્રાકટ્ય ઉત્સવ (સંવત ૧૫૭૨) જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઈ મહાસુદ ૪ સુધી.

માગશર વદ ૧૧ તા. ૧૭–૧૨-૮૭ ગુરૂવાર. સફલા એકાદશી વ્રત. ધનુર્માસ આરંભ.

માગશર વદ ૧૨ તા. ૧૮–૧૧–૮૭ શુક્રવાર. લલિત પંચમના પદની શરૂઆત કરી મહાસુદ ૫ ના રોજ રાજભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ અમાસ તા. ૨૦–૧૨–૮૭ રવિવાર. દર્શ અમાવાસ્યા. શ્યામઘટા.

પોષ સુદ ૧૧ તા. ૩૦–૧૨–૮૭ બુધવાર. પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૫ તા. ૩–૧–૧૯૮૮ રવિવાર. પોષી પૂનમ. માઘસ્નાન આરંભ.

પુસ્તકપરિચય

આચમનમ્ (સર્વોત્તમસ્તોત્ર – પરિચય) : ડો. વિનોદ પુરાણી

પૃષ્ઠસંખ્યા ૮૦, ન્યોછાવર રૂા. પાંચ, ભારતીય તત્વજ્ઞાન મંદિર, મોડાસા (૩૮૩૨૧૫), જિ. સાબરકાંઠા

મોડાસામાં સ્થપાયેલ 'ભારતી તત્વજ્ઞાન મંદિર' નામની સંસ્થા પુષ્ટિમાર્ગીય અનેક પ્રવૃત્તિઓ કરે છે, જેમાં ગ્રંથપ્રકાશન પણ એક ઉત્તમ પ્રવૃતિ છે. આજ સુધીમાં આ સંસ્થાએ ત્રણ પ્રકાશનો પ્રસિદ્ધ કર્યા છે અને આ 'આચમનમ' એ તેમનું ચોથું પ્રકાશન છે.

આ પ્રકાશનમાં સર્વોત્તમ સ્ત્રોત તેના મૂળ શ્લોક, શ્લોકમાંના શબ્દે શબ્દને છૂટા પાડીને અર્થ આપવામાં આવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે, પ્રત્યેક શ્લોક નીચે વિસ્તારપૂર્વક સમજણ આપવામાં આવી છે. ડો. વિનોદભાઈ સંસ્કૃતના પ્રાધ્યાપક છે અને પુષ્ટિજીવ હોવાથી ગ્રંથ મૂલ્યવાન બન્યો છે.

આ ગ્રંથના પ્રારંભમાં અપાયેલા પરિચય વિદ્વત્તાપૂર્ણ અને રસિક છે. આ ગ્રંથ સૌ વૈષ્ણવજનોએ ઘરમાં વસાવવા વિનંતિ છે.

–સમીક્ષક

સમાચાર

રાજપીપળા–આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની રાજપીપળા શાખાના ઉપક્રમે તા. ૯–૧૦ ૮૭થી તા. ૧૧–૧૦–૮૭ સુધી શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત શિક્ષાપત્ર ઉપરના પ્રવચનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વકતા પરિષદની ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ શસ્ત્રી યોગેશભાઈ હતા. જાન્યુ. ૮૮ માં "શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ"નું આયોજન પણ વિચાર્યું છે. વ્યાસપીઠ ઉપર પૂજ્ય યોગેશભાઈ શાસ્ત્રી બિરાજશે.

શ્રી ગુસાંઈજીનું ધોળ

શ્રીવલ્લભ કુલ ભલે પ્રગટીયા, પ્રગટયા શ્રી વિઠ્ઠલનાથ રે;
દાસને મન રે આનંદ ઘણો, વેદ પુરાણે આ વાત રે. ૧

ધન્ય માતાજી શ્રી અક્કાજી, જેણે શ્રીનાથજી હુલરાવ્યા રે;
શુક સનકાદિક ગમ નહિ, પ્રગટ પુરુષોત્તમ આવ્યા રે. ૨

ઘેર ઘેર ગુંઠી ઉછળે, તોરણ દ્વારે સોહાય રે;
પરમ પનોતાં સુંદરી, હરિને નિરખવા જાય રે. ૩

સુંદરી સર્વે ટોળે મળ્યાં, મુખ જોઇ જોઈ મોહે રે;
આનંદ સાગર ઉલટયો, ત્રિભુવન જયકાર હોયે રે. ૪

વાજીંત્ર વાગે શોભિતાં, ઘેર ઘેર ઓચ્છવ થાય રે;
દુંદુભી વાગે દેવતાનાં, શુકજી શ્રીભાગવત ગાય રે. ૫

કેસર કુમકુમ છાંટણા, દેવની આશિષ થાય રે;
દાન આપે શ્રીવલ્લભજી ઘણું, ઉલટ અંગ ન માય રે. ૬

ભકિતમાર્ગ સ્થિર સ્થાપવા, વૈષ્ણવની કરવા સહાય રે;
આપણને અનુગ્રહ કર્યો, જોગી ન જાણે એ ભેદ રે. ૭

ભકિત કરો શ્રીવિઠ્ઠલજીની, બીજી ફોગટ વાત રે;
એરે લીલા જે કોઇ જાણશે, છે વ્રજવાસીનો સાથ રે. ૮

માગસર વદી તે નવમી ભલી, ભલી આજની વાત રે;
શ્રી વિઠ્ઠલવર હૃદય હુવા, પ્રમટયા શ્રી પૂરણબ્રહ્મ રે. ૯

ધવલ મંડળ હોય ઘણાં, આ સુખ અંગે ન માય રે;
ચિરંજીઓ મહારો વાલમો, બલિહારી 'માધવદાસ' રે. ૧૦

—ભકતકવિ શ્રી માધવદાસ, ખંભાત.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षका

શ્રી વલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

ભોગી સંક્રાંતિ કે પદ

રાગ : આશાવરી

માતા જશોદા પરવ મનાવે,
ભોગી કે દિન તિલ લડુવા લે,
લાડીલે લાલનકો જુ જમાવે ॥૧॥
ગોદ બિઠાય નિહારત સુતમુખ,
નાના બિધિ કે દાન દિવાવે ॥
'કુંભનદાસ' પ્રભુ ગોવર્ધન ધર,
નિરખ નિરખ સબ હી સુખ પાવે ॥૨॥

અગત્યની સુચના

શ્રીવલ્લભ સુધાનું સરનામું બદલાયું છે.

શ્રીવલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ
લોહાણા પરા **રાજકોટ-૧**
ફોન : C/o ૨૮૮૬૯

* * *

વર્ષ ૬ : અંક ૧૦ ✿ જાન્યુઆરી, ૧૯૯૮
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ ૩૬૦૦૦૧

॥ શ્રીહરિઃ ॥

શુભ સુચના

કલકત્તામાં સોમયજ્ઞનું આયોજન

ધર્મ અને સંસ્કૃતીના રક્ષણ માટે તથા પુષ્ટિમાર્ગના પ્રચાર અર્થે તેમજ રાષ્ટ્રના ઉત્થાન અને લોક કલ્યાણ માટે વિકૃત વાતાવરણને દુર કરવાના શુભ આશયથી પ્રથમપિઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજી દ્વારા વૈદિક પરંપરા અનુસાર 'ગરૂડચયનમ્' સોમ-યજ્ઞનું આયોજન સં. ૨૦૪૪ના મહા સુદ ૧૧ ને શુક્રવાર તા. ૨૯-૧-૮૮ થી મહા વદ ૨ ગુરૂવાર તા. ૪-૨-૮૮ સુધી કલકત્તા મુકામે યોજવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે આં. પુ. વૈ. પરિષદનું અધિવેશન પૂ. ગો. આચાર્ય શ્રીઓના વચનામૃતો સાંસ્કૃતિક કાર્યક્રમો રાસલીલા આદિનું પણ આયોજન થયેલ છે.

પત્ર વ્યહાર સંપર્ક
શ્રી પ્રતાપસિંહ ભાટીયા ફોન :
નેશનલ ઇલેટ્રીક વર્કસ O ૨૬૧૪૧૫
૨૬, પોલોક સ્ટ્રીટ R ૨૫૮૯૭૮

પૂ. મહારાજશ્રીનું નિવાસ સ્થાન :
'વ્રજ નિકુંજ'
૩૫-૧૧ પદ્મપુકુર રોડ
ભવાનીપુર કલકત્તા-૨૦ ફોન : ૪૮૨૮૭૯

શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા (અમદાવાદ) શ્રી વલ્લભ મેમોરીઅલ ટ્રસ્ટ અને શ્રી ભગવત્ વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે એક કેટલ કેમ્પ તા. ૧૭-૧૧-૮૭ના દિવસે પૂ. પા. ગો. શ્રી ઈન્દીરા બેટીજીના વરદ હસ્તે પ્રારંભ થયેલ છે.

આ કેટલકેમ્પમાં લગભગ આઠસો ગાયોને આશરો આપેલ છે. પ્રારંભને દિવસે બધી ગાયોને લાપશી ખવડાવી કેટલકેમ્પનો પ્રારંભ થયો. આ પ્રસંગે પૂ. પા. શ્રી વ્રજરાયજી મહારાજશ્રી (અમદાવાદ) એ ખાસ પધારી આશિર્વાદ આપ્યાં હતાં. તેમજ આપશ્રીના અસારવા બેઠકજી ખાતે પણ કેટલકેમ્પ શરૂ કરવાની જાહેરાત કરેલ. પૂ. શ્રી ઈન્દીરાબેટીજી આવા લગભગ ૧૧ કેટલ કેમ્પ શરૂ કરવા ઈચ્છા રાખે છે.

સેવા મોકલવાનું સરનામું : શ્રી વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટ
શ્રીવલ્લભસદન, આશ્રમરોડ,

રાજકોટ-આં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા અને વૈ. સમાજના ઉપક્રમે પરમકૃપાળ શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીનો પ્રાકટ્યોત્સવ જશુબાઈ મંડપ ખાતે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન-રાજકોટ) પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (રાજકોટ) પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજી બાવાશ્રી (રાજકોટ)ની સાનીધ્યમાં ખૂબ આનંદપૂર્વક ઉજવાયો. રાત્રે વધાઈ પદગાન તથા સભાના કાર્યક્રમો થયેલ જેમાં

(વધુ માટે જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

॥ वंदे श्री कृष्णदेवं ॥

અપૂરણિય ક્ષતિ

"શ્રીવલ્લભ સુધા" ના સંપાદક મંડળમાં મુખ્ય કાર્યરત સંપાદક, સંસ્કૃત ભાષા અને વેદાંતના ઊંડા મર્મજ્ઞ શ્રીવલ્લભસુધાના પ્રારંભથીજ શ્રીમદ્ ભગવદ્ ગીતાજી પરના અમૃત તરંગીણી ટીકાનો તથા શ્રી શોડષ ગ્રંથની ટીકાઓનો ગુજરાતી અનુવાદ કરી દુર્લભ આકરૂં ગ્રંથોના આશયો સામાન્યજનને સુલભ કરાવનાર પ. ભ. શ્રી મગનભાઇ લાલજીભાઇ તન્ના, ગત તા. ૬-૧૨-૮૭ રવીવારે બપોરે રાજકોટ મૂકામે હરી શરણ થયાં તે નોંધ લેતાં હૃદયમાં અસહ્ય દુઃખનો અનુભવ થાય છે.

પ્રોસ્ટેટની થોડા સમયની જ થયેલ બીમારી અને તેના સફળ ઓપરેશનના પાંચમાં જ દિવસે હૃદય ગતી રોકાઇ જતા શ્રી તન્ના સાહેબનું નિધન થયું તેહકિકતનો સ્વીકાર કરવાને મન આનાકાની કરે છે છતાં એ સ્વીકારવી જ રહી.

શ્રી તન્ના સાહેબ **શ્રી વલ્લભસુધા** માં અસ્ખલીત રીતે ઉપરોકત બે ગ્રંથમાળાનો અનુવાદ કરવાં ઉપરાંત પુસ્તકોની સમીક્ષા પણ અવારનવાર લખતાં તેમજ અન્ય લેખકોના લેખોમાં ભાષાકિય શુદ્ધિ અને વિશેષે કરી જે લેખાદિમાં સંસ્કૃત ગ્રંથો શ્રીમદ્ ભાગવત આદિના પ્રમાણો ટાંકેલ હોય તે પ્રમાણોની પ્રમાણીત વાચના (પાઠ) ઉપલબ્ધ કરી 'શ્રી વલ્લભસુધા'માંના લેખાદિ તેમજ શ્રીવલ્લ સુધા દ્વારા પ્રકાશિત થયેલ અન્ય પુસ્તકાદિને ઉચ્ચ સ્તર બક્ષવામાં શ્રી તન્નાસાહેબનું અમૂલ્ય યોગદાન હવે અમારે ભૂતકાળનું સંભારણું જ બની જશે. એ પણ ભગવદ્ ઇચ્છા જ માની સાંત્વન લઇએ.

ગો. વા. શ્રી તન્ના સાહેબે અધુરૂં છોડેલ અનુવાદનું કાર્ય આગળ ચલાવવા આપણા માર્ગનાં મર્મજ્ઞ સંસ્કૃત વિદ્વાનો આગળ આવી આપણા આ પ્રકાશન કાર્યને પૂર્વવત્ ચાલુ રખાવવામાં યોગદાન આપે એજ શ્રી તન્નાસાહેબને ઉત્તમ શ્રદ્ધાંજલી હોય.

વૈશ્વાનર શ્રીમદ્ વલ્લભપ્રભુ, રસેશ્વર શ્રીનાથજી બાવા, શ્રી તન્નાસાહેબને નિત્યલીલાના સુખ સદૈવ આપે એ અભ્યર્થના.

— શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટ.
— 'શ્રીવલ્લભ સુધા' તંત્રી, સંપાદક, વ્યવસ્થાપક મંડળ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૫૯ મો)

અધ્યાય તેરમો

જયોતિષામપિ તજજયોતિસ્તમસઃ પરમુચ્યતે ।
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય ધિષ્ઠિતમ્ ।।

જયોતિઓનું પણ તે જયોતિ છે. તે અંધકારથી પર કહેવાય છે. તે જ્ઞાનસ્વરૂપ, જ્ઞેયસ્વરૂપ, જ્ઞાન વડે પ્રાપ્ત થઈ શકે તેવું, બધાંના હૃદયમાં રહેલું છે. ।।૧૮।।

‘વળી, ‘જયોતિષામ’ વગેરે શબ્દોથી આગળ કહે છે. જયોતિઓનું તે જ જયોતિ છે, એટલે કે સૂર્ય ચંદ્ર વગેરેને અને અન્ય પ્રકાશ આપનારાઓને પણ તે જ પ્રકાશ આપનાર છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છેઃ ‘ન તત્ર સૂર્યો ભાતિ’ (ત્યાં સુર્ય પ્રકાશતો નથી, કાઠક ૨–૨–૧૫) વગેરે શ્રુતિ અનુસાર ત્યાં એ બધાંની પ્રકાશરહિતતા કહેવાઇ છે, અને તે પ્રમાણે તેનું પ્રકાશવું વ્યર્થ થાય, તે માટે તેના પ્રકાશવાથી ત્યા શોભાવનાર તે છે, એમ અર્થ છે. નહિ તો અન્યત્ર કોઇ પ્રકાશને મેળવી શકે નહિ. તેનાથી પ્રથમ જે અંધકાર રૂપ છે તે બધાં પ્રકાશિત થશે, એમ હોવાથી ‘તમસઃ પરમ’ વગેરે શબ્દોથી કહે છે. અંધકારથી એટલે કે મુખ્ય અંધકારથી પણ પરમ ઉત્કૃષ્ટ કહેવાય છે અથવા તો સંભળાય છે. એમ અર્થ છે. આથી જ શ્રુતિ પણ ‘તમસા ગૂઢમગ્રે પ્રકેતમ’ એમ કહે છે. અહીં પ્રશ્ન થાય કે, પોતાનું પ્રકાશ કરવાપણું હોવાથી પોતાનાં જ વિવિધ સ્વરૂપમાં રહેલાં બધાંનું તે સંબંધી જ્ઞાન કેમ નહિ હોય ? તેના પ્રત્યુત્તરમાં ‘જ્ઞાનમ’ વગેરે શબ્દોથી કહે છે. જ્ઞાન, બુદ્ધિ, વૃત્તિ, અભિવ્યક્તિ વગેરે સ્વરૂપે તે જ છે. તેથી જયાં પ્રકાશવાની ઇચ્છા હોય ત્યાં જ તે સ્વરૂપે તે પ્રગટ થાય છે, એમ અર્થ છે. તે જ રીતે જ્ઞેયરૂપે પ્રગટ થયેલ છે, એમ અર્થ છે. તેમ છતાં પુરુષોત્તમ ગૃહ રૂપે જ છે, એમ કહે છે. હવે ‘જ્ઞાનગમ્યમ’ વગેરે શબ્દોથી કહે છે. જ્ઞાન, બુદ્ધિ, વૃત્તિ. અભિવ્યક્તિ વગેરે સ્વરૂપે તે જ છે. તેથી જયાં પ્રકાશવાની ઇચ્છા હોય ત્યાં જ તે સ્વરૂપે તે પ્રગટ થાય છે. એમ અર્થ છે. તે જ રીતે જ્ઞેયરૂપે પ્રગટ થયેલ છે, એમ અર્થ છે. તેમ છતા પુરૂષોત્તમ ગૃહ રૂપે જ છે, એમ કહે છે. હવે ‘જ્ઞાનગમ્યમ’ વગેરે સમજાવે છે. જ્ઞાનથી પહેલાં કહ્યા પ્રમાણેના સ્વરૂપે પ્રાપ્ત કરવા યોગ્ય છે, તેનાથી તે અક્ષરસ્વરૂપ હોવાનું જણાવ્યું છે. અહીં શંકા થાય કે, પહેલાં જ્ઞાનરૂપથી બધુ અગમ્ય હોવાનું કહ્યું છે. તો પછી જ્ઞાનથી શી રીતે જણાય ? એમ હોવાથી ‘હૃદિ’ વગેરે શબ્દોથી કહે છે. તે પ્રાણીમાત્રના હૃદયમાં નિવાસ કરીને રહેલ છે, એમ અર્થ છે. સર્વના પ્રેરકપણાથી પણ તે રહેલ છે, તેનાથી જયાં જેવી ઇચ્છા ત્યાં જ્ઞાનરૂપે તે પ્રગટ થાય છે. જયાં ઓળખાવાની ઇચ્છા નથી, ત્યાં તે અદૃશ્યપણે રહે છે, એવો ભાવ છે. ।।૧૮।।

ઇતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ।।૧૯।।

એ પ્રમાણે ક્ષેત્ર તથા જ્ઞાન અને જ્ઞેય ટુંકમાં કહેવાયું છે. એને જાણીને મારો ભકત મારા ભાવને પામે છે. ॥૧૯॥

હવે 'ઇતિ' શબ્દથી ઉપસંહાર કરે છે. ઇતિ એટલે એવા પ્રકારે 'મહાભૂતાનિ' (શ્લોક ૬) વગેરે શબ્દોથી ક્ષેત્રને, 'અમાનિત્વમ' (શ્લોક ૮) વગેરે શબ્દોથી જ્ઞાનને, 'અનાદિમત્પરં બ્રહ્મ' (શ્લોક ૧૩) વગેરે શબ્દોથી જ્ઞેયને અને 'ચ' અક્ષરથી બધું અક્ષરાત્મક છે એમ સંક્ષેપમાં સરલ બોધ આપવાને માટે કહેવાયું છે. જે માટે કહેવાયું છે તે 'મદ્ભકત' વગેરે શબ્દોથી કહે છે. એવા કહેવાયેલા રૂપને સમજાવીને વિશેષતાથી મારી વિભૂતિ અક્ષરાત્મક છે એમ જાણીને મારો ભકત એટલે કે મારૂ ભજન કરવાના સ્વભાવ વાળો જે છે તે મારા ભાવને માટે એટલે કે મારા ભાવાત્મક સ્વરૂપની પ્રાપ્તિ માટે શકિતમાન થાય છે, એમ અર્થ છે. ॥૧૯॥

પ્રકૃતિં પુરૂષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ ।
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસંભવાન્ ।૨૦।

પ્રકૃતિ અને પુરુષ બેયને તું અનાદિ જ જાણ. વિકારોને અને ગુણોને પણ તું પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલ જાણ. ॥૨૦॥

એ પ્રમાણે પહેલાં કહેવાયેલું છે તે ક્ષેત્ર 'યચ્ચ યાદૃક્ ચ' (જે છે અને જેવા પ્રકારનું છે, શ્લોક ૪) વગેરે શબ્દોથી નિરૂપાયું છે, પોતાનો અંશ હોવાથી ત્યાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એવી સંજ્ઞા શા માટે આપી છે ? એવી શંકા કરીને, 'મદ્વિકારી' (જેવા વિકારવાળું છે, શ્લોક ૪) વગેરે શબ્દોથી પહેલાંજ કહેવાયેલ છે તે બંનેના સ્વરૂપને 'પ્રકૃતિમ વગેરે શબ્દોથી પાંચ શ્લોકથી વર્ણવે છે. પ્રકૃતિ કે જે બધું જ ઉત્પન્ન કરવાને શકિતમાન છે અને વ્યાપક વગેરે ધર્મવાળી છે. તે ભગવાનની શકિતરૂપા હોવાથી અનાદિ છે, અને પુરુષ તેના રસનો ભોકતા છે, એટલે કે ભોકતાના અંશરૂપ છે, અને ભગવાનનો અંશ હોવાથી પુરુષ અનાદિ છે. એ પ્રમાણે પ્રકૃતિ અને પુરુષ બેય અનાદિ છે, એમ તું જાણ અહીં આ ભાવ છેઃ પહેલાં બ્રહ્મ પ્રકૃતિ અને પુરુષ રૂપે વિચિત્ર રસના ભોગ માટે પ્રગટ થઇને તેમણે તેનાથી બધું નિર્માણ કર્યું. પોતાના અંશરૂપ જીવોની જાણકારી માટે, તે સંબંધમાં કહે છે કે, મોહક સ્વભાવવાળી માયાના સંબંધથી થતા અન્યથા જ્ઞાન સાથે સંબંધ થાય છે તે ન થાય તે માટે અનાદિ એવી ભગવાનની પોતાની શકિત ભગવાનના અંશ રૂપ છે, એવા જ્ઞાનથી મોહ નહિ થાય, એમ અર્થ છે. એ પ્રમાણે પ્રકૃતિ અને પુરુષ બંને અનાદિ છે એમ જાણીને દેહ–ઇંદ્રિયો વગેરેના વિકારોને એટલે કે સેવાને યોગ્ય ગુણોને કે જે સુખ, દુઃખ, મોહ સ્વરૂપ છે તેને પ્રકૃતિથી જ ઉત્પન્ન થયેલા તું જાણ અહીં આ ભાવ છેઃ કોઇ અવસ્થામાં રહેલ પોતાના સ્વરૂપથી પોતે રસનો ભોગ કરવા માટે અસ્તિત્વરૂપ દેહ વગેરેને પોતાની શકિતથી પ્રગટ કરે છે. તેમ જ સંયોગસુખના ભોગ અર્થે અને વિરહના દુઃખનો આનંદ ભોગવવા માટે આસકિતરૂપ આનંદ અને મોહસ્વરૂપ ગુણોને પણ તે પ્રગટ કરે છે. તે કારણે તે પ્રમાણે તું જાણ. એ પ્રમાણેના જ્ઞાનનું પ્રયોજન આગળ સ્પષ્ટ થશે. ॥૨૦॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રી રઘુનાથ ચરણ નિર્મિત વિવરણનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક છઠ્ઠો)

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

('અંતઃકરણપ્રબોધઃ' ઉપરની પૂ. પા. શ્રીગોકુલનાથજી વિરચિત ટીકાનું ભાષાંતર પૂરું થયું. હવે એના જ ઉપરના પૂ. પા. શ્રીરઘુનાથજી વિરચિત વિવરણનું ગુજરાતી ભાષાંતર આપવાનો પ્રારંભ થાય છે.

'અંતઃકરણપ્રબોધઃ'ના મૂળ શ્લોક અને તેનું ગુજરાતી ભાષાંતર આ પહેલાં અપાઇ ગયેલ હોઇ અહીયાં ફરીને આપવામાં આવેલ નથી. અગાઉ અપાઇ ગયેલ મૂળ શ્લોક અને તેના ભાષાંતરની સાથે આ વિવરણ વાંચવાથી વિશેષ સમજાશે. ભગવદીય જનો તેનું વાચન અને મનન કરશે, એવી અપેક્ષાપૂર્વકની વિનંતિ છે. અનુવાદક)

(વિવરણનો પ્રારંભ કરતાં પૂ. પા. શ્રીરઘુનાથજી મંગલાચરણ કરે છે કે,) વ્રજની સ્ત્રીઓનાં નેત્રરૂપી કમળોની હારોવાળાં વનોમાં ભ્રમણ કરી રહેલા અને તેનો મધુર રસ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા, જેમણે ભ્રમરપણું ધારણ કર્યું, તેવા શ્રીકૃષ્ણને હું શરણે છું. ॥૧॥

હવે પ્રારંભ કરાય છે. ભગવદીય જનો ભગવાનનું ભજન સતત થતું રહે એવી સિદ્ધિને પ્રાપ્ત કરે તે માટે અને તેમાં આવતાં વિઘ્નો તેમ જ સંકટોથી ઉત્પન્ન થતી ચિંતાઓની પરંપરારૂપ દાવાગ્નિને શાન્ત કરવાનો ઉપાય જે છે એવા 'અંતઃકરણપ્રબોધઃ'ને અંતઃકરણને અભિમુખ કરીને, (શ્રીમહાપ્રભુજી) 'અંતઃકરણ મદ્વાક્યં સાવધાનતયા શૃણુ' વગેરે શબ્દોથી નિશ્ચયપૂર્વક કહે છે.

અહીં પોતાના અંતઃકરણને મિષે અન્ય જનોનાં અંતઃકરણને સુચવાય છે, એમ જાણવું. 'શ્રીકૃષ્ણથી પર કોઇ દેવ નથી,' (શ્લોક ૧) વગેરે હવે કહેવાશે એવા મારા વાકયને સાવધાનતાથી એટલે કે પ્રમાદ રહિત થઇને તું સાંભળ, એટલે ધ્યાનપૂર્વક તું સાંભળ, એમ અર્થ છે.

તે જ 'કૃષ્ણાત્ પરમ્' વગેરે શબ્દોથી કહે છે. ખરી રીતે વિચારતાં 'કૃષિર્ભૂવાચકઃ' (કૃષ્ણમાં કૃષ ધાતુ છે, તે સંચાલન કરવાના અર્થમાં છે, જે સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરે છે તે કૃષ્ણ,) વગેરે વ્યુત્પત્તિ શાસ્ત્રના સમર્થનથી શ્રીકૃષ્ણથી પર, દોષ રહિત અન્ય કોઇ દેવ નથી, એટલે કે સર્વને ઉપાસવા યોગ્ય ઇશ્વર બીજો કોઇ નથી, એમ અર્થ છે. આથી જ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં 'ન ત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યઃ' (આપના સમાન બીજો કોઇ નથી, તો પછી અધિક તો કયાંથી હોય? ગીતાજી, ૧૧–૪૩), એમ કહ્યું છે, એ પ્રમાણે તું જાણ, એટલું ઉમેરવું.

અરે, ભગવદીયોને પણ કયારેક સામાન્ય લોકોની જેમ કયાંકથી માનહાનિ દેખાય છે. અને એમ હોવાથી અભિમાનથી પોતાના અપમાનની શંકા કરીને, હું ભગવાન પ્રત્યે

આત્મનિવેદન કરાયેલ છું, બધું મારામાં એક માત્ર ભગવાનનું કર્તાપણું છે, એમ વિચારીને મારું અપમાન પણ ભગવાને જ કર્યું, એ પ્રમાણે ભગવાન પ્રત્યે પણ દોષનું સ્ફુરણ થતાં તેનું સમાધાન દૃષ્ટાંત સાથે દર્શાવે છે. ।।

અહીં ચાંડાલી એવો શબ્દ છે તે મહાદોષવાળી, એવું લક્ષણ બતાવ્યું છે. તેનાથી દોષવાળી એવી જે કોઇ રાજપત્નીરૂપે સ્વીકારેલી અને રાજાથી આદર પામેલી થઇ છે. કોઇ સમયે તેણીનું અપમાન થાય તોપણ તેની મૂળ સ્વભાવિક સ્થિતિ જે હતી તેનાથી વિશેષ તેને શી હાનિ થવાની હતી ? કોઇ હાની થવાની નથી, એમ અર્થ છે. અહીં આ ભાવ છેઃ ભગવાનના સંબંધ વગર બધાનું અંતઃકરણ સ્વાભાવિક રીતે જ દોષવાળું હોય છે. પરંતુ ઉન્નતિ તો ભગવાન સાથે સંબંધ કરાયો તેથી જ છે, તેનાથી એટલે કે ભગવાન સાથે સંબંધથી એની મેળે જ ઉન્નતિ થાય, એમ દઢતાપૂર્વક મનાય છે. તેણીના કરાયેલા અપમાનમાં પણ પહેલાં પોતાની જે સ્વાભાવિક સ્થિતિ હતી તે હીનતાવાળી જ હતી, તો પછી તેનાથી વિશેષ હીનતાને અવકાશ જ ક્યાં છે ?

મૂળ શ્લોકમાં 'ચ' અક્ષર છે તેનાથી વિશેષ અર્થ કરે છે કે, રાજરાણી હોવાથી અન્ય જનોથી પણ તે સન્માનને પામી. દૃષ્ટાંત આપવામાં એ પ્રમાણે જાણવું. દોષયુક્ત હોવા છતાં ચાંડાલીનો રાજાથી રાણીસ્વરૂપે સ્વીકાર થતાં માનીતી હોવા છતાં કોઇક વાર રાજાએ કરેલ તિરસ્કારમાં તો પોતાની જાતિના પતિએ કરેલ સન્માન કરતાં રાજાએ કરેલ તિરસ્કાર વધુ સારો છે; કારણ કે જેની સાથે સંબંધ બંધાયો છે તેની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ રહેલી છે. એ પ્રમાણે ભગવાને કરેલ અપમાનમાં પણ પોતાનો લાભ જ રહેલો છે, હાનિ નહિ, એવો ભાવ છે. ।।૨।।

પોતાના અંતઃકરણને પોતે જ શી રીતે સમજાવવું, એવી અપેક્ષાથી કહે છેઃ

જે હું આ સમયે ઉત્તમ હોવાના અભિમાનથી અપમાનિત છું, એમ હું માનું છું. તે જ હું આત્મસમર્પણ કર્યા પહેલાં પણ શું બધો જ સમય ઉત્તમ જ રહેલો હતો ? ઊલટાનું તેથી વિપરીત જ અસમાનતાથી મારી પહેલા કરતાં અધમતા શી થવાની હતી કે જેથી પહેલાંની અવસ્થાને સંભારીને મને પશ્ચાત્તાપ થાય એમ અર્થ છે. ।।૩।।

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઈ
હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઈ
(રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી હરિ: ॥

સંત ચલે નિજ ધામ

'શ્રીવલ્લભ સુધા'ના સંપાદક પ. ભ. શ્રી મગનભાઇ લાલજીભાઇ તન્ના તા. ૬-૧૨-૮૭ રવિવારે બપોરે શ્રી હરિ: શરણ થયા.

સંપાદક મંડળમાં અને અન્યત્ર 'તન્ના સાહેબ'ના નામે ઓળખાતા પ. ભ. શ્રી મગનભાઇનો જન્મ ગોંડલ પાસેના મોવિયા ગામે સન ૧૯૧૩ ના માર્ચની ત્રીજી તારીખે થયેલ. પિતાશ્રી લાલજીભાઇ અને માતુશ્રી ગોમતીબેન ઉચ્ચ ધાર્મીક સંસ્કારવાળા અને પરાપૂર્વથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણ સંપ્રદાયના અનુયાથી હતા. શ્રી તન્ના સાહેબના દાદીમાં મર્યાદી વૈષ્ણવ હતા ગળથુથીમાં જ વૈષ્ણવી સંસ્કાર અને ઉચ્ચનિતિમતાને વારસો મેળવેલ શ્રી તન્ના સાહેબ ભણતરમાં પણ અત્યંત તેજસ્વી કારકિર્દી ધરાવતાં હતાં માત્ર ચૌદવર્ષની નાની ઉમરે ગોંડલમાં મેટ્રીકની પરીક્ષામાં ઉચ્ચ ગુણો મેળવી ઉતીર્ણ થયાં.

ગોંડલના મહાન રાજવી સર ભગવતસીંહજીએ આ કિશોરનું હીર પારખી નિયમોમાં અપવાદ કરી તેઓને મેટ્રીક થતાં જ કેળવણી ખાતામાં નોકરી આપી જ્યારે રાજ્યનો સામાન્ય નિયમ સોળ વર્ષથી નાના કર્મચારી રાખવાનો નહોતો ત્યારે ચૌદ વર્ષની ઉમરે નોકરી મેળવી નોકરી કરતાં કરતાં અભ્યાસ ચાલુ રાખ્યો. અને સંસ્કૃતના વિષય સાથે બી, એ. (ઓનર્સ) ની પરીક્ષા પાસ કરી અને ત્યાર બાદ હિન્દી 'કોવિદ'ની ઉપાધી પણ મેળવી.

ગુર્જર ભાષાનો મહાન શબ્દ કોષ 'ભગવદ્ ગોમંડળ' જ્યારે સંપાદન કરવાનો શરૂ થયો ત્યારે સર ભગવત સિંહજીએ શ્રી તન્ના સાહેબ માટે બીજી વખત નિયમમાં અપવાદ કરી તેમને હજુ ગ્રેજ્યુએટ ન થયાં હોવા છતાં 'ભગવદ્ ગોમંડળ'માં ઘણી મહત્વની કામગીરી સોપેલ અને વર્ષો સુધી શ્રી તન્ના સાહેબે શિક્ષણ કાર્યની સાથોસાથ આ અપૂર્વ ગૌરવ ગ્રંથની રચનામાં પાયાની કામગીરી બજાવી તે તેમની કારકિર્દીનું જવલંત પૃષ્ઠ બન્યુ એક સફળ કેળવણીકાર અને ભાષા શાસ્ત્રના નિષ્ણાત શ્રી તન્ના સાહેબ માત્ર ભૌતિક કારકિર્દીને વળગી ન રહેતાં પોતાના સંસ્કૃત ભાષાના જ્ઞાનનો ઉપયોગ શ્રીમદ્ ભગવદ્ ગીતાજી શ્રીમદ્ ભાગવત, અને ઉપનિષદોના ગંભીર અદયયનમાં કરી ધીર અને ઉદ્દાત માનવની ઉંચાઇએ પહોંચ્યા.

પોતે કૌટુંબીક રીતે પરા પૂર્વથી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ હોતા છતાં પુષ્ટિ માર્ગની બ્રહ્મ સંબંધ દિક્ષા બહુજ મોટી ઉમરે સુરત-વડોદરાવાળા પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવા પાસેથી પામ્યા અને જ્ઞાનનો દરીઓ ડહોળી ચુકેલ શ્રી તન્ના સાહેબ શ્રીમદ્ વલ્લભ પ્રભુની અસિમ કરૂણાના પ્રતાપબળે પ્રેમ ભકિત પથે આગળ વધ્યા ત્યારે લગભગ નોકરી આદિ વ્યાવસાયિક પ્રવૃત્તીથી નિવૃત થવાની વેળાએ હતા.

એ દરમ્યાન 'સરસ્વતી' અને ઉદ્દાત્ત શિક્ષણ' માસિકોમાં માનદ્ સંપાદક તરીકે પણ ઘણો સમય સેવા આપી.

ગોંડલ રાજ્યમાં કેળવણી ખાતામાં સેવા આપતાં તેઓશ્રી કેળવણી નિરીક્ષક આદી ઉત્તરોત્તર પદો શોભાવતાં ગુજરાત રાજ્યના કેળવણી ખાતાના અધિકારીની કારકીર્દીએથી નિવૃત્ત થયાં.

સંત સ્વભાવના સૌમ્ય પ્રકૃત્તિના શ્રી તન્ના સાહેબના ધર્મપત્નિ પ. ભ. શાન્તાબેનનો પણ તેમની જીવન યાત્રામાં એવો સુંદર સુભગ સહયોગ મલ્યો. અને પ્રસન્ન જીવનના પરિપાક રૂપે પાંચ પુત્રો સર્વ શ્રી ડો. પ્રફુલ્લભાઇ, પ્રવિણભાઇ, મહેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, હિમાંશુભાઇ, અને ચાર પુત્રીઓ સુશ્રી પુષ્પાબેન, જયાબેન, મંજુલાબેન અને રશ્મીબેન બધાં જ માતા પીતાના ઉચ્ચ આદર્શો અને ગુણવાન પણ ધરાવતાં થયાં મોટા પુત્ર ડો. પ્રફુલ્લભાઇ અમેરીકામાં કેન્સરના નિષ્ણાત ડોકટર તરીકે પ્રસિદ્ધ થયાં છે. બીજા પુત્રો પણ બેન્કીંગ આદિ ક્ષેત્રોમાં આગળ વધી બધાભાઇઓ અમેરીકા જઈ સ્થાયી થયાં છે. છતાં તેમનામાં ઉચ્ચ ધાર્મિક ભાવનાઓ અકબંધ જળવાઈ રહી છે. અને છેલ્લા ત્રણ વર્ષના દુષ્કાળના સમયમાં સતત ગૌ સેવા માટે અમેરીકાથી વણ કહયે આર્થિક સેવા મોકલતાં રહ્યાં છે.

કેળવણી ખાતાની નોકરીમાંથી નિવૃત્ત થયાં તે પછી શ્રી તન્ના સાહેબ રાજકોટમાં આવી સ્થાયી રહેણાંક કર્યું અને બરોબર તેજ સમયે રાજકોટમાં પૂ. પા. આચાર્ય ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીએ 'સોમયજ્ઞ'નું આયોજન અને આપણી અ. ભા. પુ. ગૌ. પરિષદનું હિરક મહોત્સવ અધિવેશન યોજ્યું અને તેના સ્મરણ રૂપે ત્યારે જ શ્રીવલ્લભ સુધા માસિક પત્રનો પ્રારંભ પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની આજ્ઞાથી થયો અને આપશ્રીની ખાસ આજ્ઞા કે 'આપણા સંપ્રદાયના મુખ્ય પ્રમાણ ગ્રંથોનો સટીક ગુજરાતી અનુવાદક કરી શ્રીવલ્લભ સુધામાં પ્રકટ કરવો. અને પ્રભુની પ્રેરણાથી શ્રી તન્ના સાહેબે પોતે ઉત્સાહથી અનુવાદનું કાર્ય ઉપાડી લીધું એટલું જ નહી પણ સંપાદક મડળમાં જોડાવાની જ્યારે શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિએ વિનંતી કરી ત્યારે પોતે સહર્ષ સર્વ સેવાઓ આપવા સમંત થતાં કહ્યું કે 'મારું જીવન હવે માત્ર સંપ્રદાયના કાર્યો માટે જ છે' અને એ વચન ને એમણે જીવનના અંતીમ સમય સુધી, ઓપરેશન માટે હોસ્પીટલ જવા વાહન આવ્યું ત્યાં સુધી અનુવાદનું કાર્ય કરતાં રહી યથાર્થ કર્યું.

બહુમુખી પ્રતિભા ધરાવતાં શ્રી તન્ના સાહેબનો ભાષા અને ખાસ કરી વ્યાકરણ, જોડણી ઉપરનો અદ્ભુત કાબુ હતો, સુલેખનના તો તેમને ખાસ નિષ્ણાત કહેવાય તેમના જેવાં સુસ્પષ્ટ સુવાચ્ય અક્ષરો જોવા પણ દુર્લભ છે. જીવંત શબ્દ કોશ સમુ તેમનું ભાષા જ્ઞાન, સંસ્કૃત હિન્દી, ગુજરાતી ઉપરાંત તેઓ અંગ્રેજી, ફારસી અને ઉર્દુ ભાષાઓનું પણ જ્ઞાન ધરાવતાં ઉપરાંત જ્યોતીષનું ઉડું જ્ઞાન ધરાવતા હતા.

શ્રીમદ્ ભાગવતનું તેમને નિયમીત પાઠનો ક્રમ હતો. અને વર્ષમાં એકાદ વખત આખું સપ્તાહ ફલાહાર કરી સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતજીના શ્લોકોનો પાઠ કરતાં. સુસ્પષ્ટ ઉચ્ચારથી સ્વર અને છંદના લય પૂર્વક શ્રીમદ્ ભાગવતના શ્લોકો નો તેમને મોઢેથી પાઠ સાંભળવો તે એક લ્હાવો હતો. તેમાં પણ પભુના દયાલુ પણાનું સ્મરણ કરતો એક શ્લોક અહો બકીયં સ્તન કાલ કૂટં જિઘાંસયાડપાય યદ્દાપ્ય સાદવી લેભે ગતિં ધાત્ર્યુ ચિતા તતોડન્યં કંવાદયાલું શરણંવ્રજેમ્ (ભા. ૩–૨–૨૩) વારંવાર તેઓ બોલતા

રાજકોટમાં રેસકોર્સ પરની શ્રીપ્રણવાનંદ સંસ્કૃત ભવન સંસ્થાના ઉપક્રમે યોજાતાં સાંજના વ્યાખ્યાનોમાં તેઓ ઘણી વખત શ્રીમદ્ ભાગવતજીનો એક એક શ્લોક લઇ તે પર વિવેચન કરતાં અને શ્રોતાઓ કલાકો સુધી મંત્ર મુગ્ધ બની શ્રવણ કરતાં, છે.

સાંપ્રત સમયમાં ધર્મ ભાવનાનો હ્રાસ અને સદાચાર નિતીમતા આદિના અભાવથી સમાજને થતા નુકશાનથી તેઓ ઘણા વ્યથિત થતા અને અમદાવાદના સંદેશ, રાજકોટના ફુલછાબ આદિ દૈનિકોમાં તે વિષે અવારનવાર લખાણો પ્રકટ કરતાં.

આવા સંત ચરિત પરમભગવદ્દિય શ્રી મગનભાઇ તન્ના સાહેબ સં. ૨૦૪૪ના માગશર વદ ૧ ને રવીવારે શ્રી ભગવત ચરણાંરવિંદને પામ્યા, તેમને થોડા સમયથી જ પોસ્ટેટ ગ્રંથીમાં કંઇ તકલીફ ઉભી થયેલ. અમેરીકાથી તેમના પુત્ર શ્રી મહેશભાઇ આવેલ તેમણે ડોકટરોની સલાહ લેતાં મોટી ઉમરે ઘણાએકને આ તકલીફ થાય છે અને તેનું ઓપરેશન કરતાં તે તકલીફ મટી જાય છે તેમ સલાહ પડતાં તેમને હોસ્પીટલે દાખલ કર્યા તા. ૧–૧૨–૮૭ મંગળવારે તેમનુ ઓપરેશન થયું જે સારી રીતે સફળ થયાં નો ડોકટરનો મત હતો. ગુરૂવાર તા. ત્રીજીએ શ્રીવલ્લભ સુધાના સંપાદક વ્યવસ્થાપક મંડળના સભ્યો મુલાકાતે ગયેલ ત્યારે સારી રીતે વાતો થઈ અને રવીવાર તા. ૬–૧૨–૮૭ બપોર બાદ એકાએક તબીયત બગડી અને હૃદય ગતી રોકાઇ જતાં છેવટ સુધી વાતો કરતા શ્રી તન્ના સાહેબ શ્રી હરિ શરણુ થયાં.

આવા સેવા ભાવી ભગવદ્દિયનો તો શ્રી પ્રભુચરણે વાસ હોય તે નિઃસંશય છે. પરંતુ આપણને તો ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. શ્રીવલ્લભ સુધામાં તેમના અનુદિત ગ્રંથોની લેખમાળાનું લગભગ ત્રણ ચાર માસ ચાલે તેટલું સાહિત્ય તેઓ તૈયાર કરી ગયાં છે.

શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ રાજકોટ, શ્રીવલ્લભ સુધા સંપાદક મંડળ, શ્રી અાં. રા. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા એ શોક ઠરાવો કરી એઓશ્રીને શ્રદ્ધાંજલી અર્પણ કરી છે. તેમના કુટુંબીજનોને તે મોટી ખોટ પડી છે પ્રભુ તેમને ધૈર્ય પ્રદાન કરી દુઃખ સહન કરવા શકિત આપે એજ અભ્યર્થના.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૨ મો

ગતાંકથી ચાલુ

શ્રીવલ્લભનું સભામાં પધારવું

ચૌપાઈ–રાધેશ્યામતર્જ

પહેરે શ્વેત ઉપરના ધોતી, માલાતિલક મુખાકૃતિ જયોતી
નયન કમલ મુસકન મૃદુહાસી, ગૌરશ્યામ તનું રસિક પ્રકાશી
કમ્બુકંઠ શ્યામલ લટ સોહે, દસન પંકિત વિદ્યુત ગોહે
આભુષણ ષટગુણ મણિમાલા, સબ સુખરાશી મનહું કૃપાલા
વામસ્કન્ધ ઉપવીત સુહાવા, બાહુવિશદ ગજ નાસ મનાવા
કટિપટ સોહત નાભી ભ્રમરસી, માનહું મૂરત લગત સમરસી
ચરણ પાદુકા શશિનખ શોભા, ગજગતિ ચલત નગરજન લોભા
મારગ ચલત લખત જન કૈસે, બલિમખ આવત વામન જૈસે
ચહું સેવક બિચમેં દ્વિજરાઇ, કૃષ્ણ સખાસહ મથુરા પાઇ
લખત લોગ પરમાનંદ પાયે, વિષ્ણુરાતહિન શુકમુનિ ધાયે
કરત કુલાહલ દર્શન કામી, તજત ભવન ધાવત જન નામી
કહત પરસ્પર કરત પ્રતીક્ષા, આયે નૃપહિત જનુ જગદીશા
કુલવ્રત કરમ સફલકર પાસે, રામકૃષ્ણ વામન લખ પાયે
વૈષ્ણવ ધરમ પરાયન રાની, વાદ કરન રુચિ શ્રીહરિઠાની
ચહું મારગ ધાવત જન કૈસે, બિધુ લખ જલધી બાઢત જૈસે
હાટબાટ ગૃહ મંદિર સારે, ભીરભઈ પથ ચલત નિહારે
સંગીજન નૃપ ભવન દિખાવેં, ધર્મ સભા કી બાત સુનાવેં
નૃપત ભવન કછુ નિકટ દિખાયે, સચિવ રુપ લખ અચરજ પાયે
કર પ્રણામ બોલત બલિહારી, ધાવત સચિવ સહિત નરનારી
બઢત સચિવ નૃપ બાત સુનાઇ, સુનત રાવ વિસ્મયતા છાઇ
સચિવ કહત શુભ લચ્છન ઐસે, માનહું બાલ સરસ્વતી જૈસે
આવત ઉત્તમ દ્વાર ગુસાઇ, લઘુબય પ્રતિભા લખ હરખાહીં
સુન પરમાનંદ પાવત રાજા, પટ બિછવાય બજાયે બાજા,

સચિવ સહિત નૃપ સનમુખ ધાવા, મુરત લખતન સુધ બિસરાવા
દંડ પ્રણામ કરત હરખાઇ, ચરન પકર દૃઢ ધાર બહાઇ
પ્રેમ અશ્રુછલ ચરન પખારે, હૃદય ભાવમય કુસુમ ચઢાયે
હૃદય વ્યથા કછુ કહત ન પાવે, નયન સજલ સે દુખબિસરાવે
ગુપત વ્યથા મનુ દેત દુરાઇ, નૃપ દ્વય કર પકરે દ્વિજરાઇ
ઉભય મૌન સમઝાવત નીતી, મહત પુરુષ જનકી યહ રીતી
પ્રફુલ્લિત નૃપ ઉઠ પાબત કૈસે, વિષ્ણુરાત શુક પાવત જૈસે
વિવિધ પાંબડે લગત બિરંગે, પટસરિ પથ પ્રભુ લોગ તરંગે
દ્વાર નિકટ આવત દ્વિજ રાજા, કિય પૂજન ચહું બાજત બાજા

દોહા : પરખત પ્રવેશ કરત હી, વૈષ્ણવ ચિન્હ સુહાય
મનહું પ્રમુખદિત રવિ કમલ, ચાહકે ચન્દ મિલાય
ઉઠત સભી આચાર્ય જન, ઇકટક સબકે નૈન
મધ્ય સભા લાવત નૃપત, પુનિ બોલત નૃપ બૈન

છંદ-હરિગીતિ

તબ વિજયપાતી દેનકો, બિચમેં સિંહસન વહ બડા
સારે સભાસદ દેખતે પ્રફુલ્લિત, નૃપત વહિંપર ખડા
બિછવાય પટ નિજ કર, નૃપત બોલત પ્રભુ યહાં રાજ હીં
વૈષ્ણવ વિવેકી વદવ, ધન ધન નૃપત મનશા સાજ હીં
ષટ ચાહ બચન સમર વિજય ધ્વજ રુપ સિંહાસન તહાં
પાવત મહત પદ તનક સમ જન ઇશ બલ માનત જહાં
આવત સિંહાસન નિકટ દ્વિજવર વિનય ધર સિરનાવહીં
બૈઠત શ્રીવલ્લભ બિઠત સબ પુનિ નયન સેન દિખાવહીં
જનુ મધ્યમેં પરમેષ્ઠી સમ દ્વિજ રાજ રવિ સમ શોભતે
આચાર્ય શશિ ઉડુગણ ભૂ સુર વૈષ્ણવ કમલ મન લોભતે
ઉડુપતિ રહિત ઉડુગણ મહત ઉડુપતિ ઉદિત કછુ દેખતે
વલ્લભ ઉદય રવિ સમ લગત ‘ગણપત’ પ્રભો મુખ પેખતે

શ્રીવલ્લભ પ્રભુનું વિદ્યા કુંડ ઉપર બિરાજવું તેનું કારણ વારંવાર મામા સાથે રહેવાથી વાદનો પ્રસંગ અને ભોજન તેમજ સેવકોની ભાવનામાં ક્ષતિ આવે માતાને દુઃખ થાય તેમ ઘણા કારણોથી આપ વિદ્યાકુંડ પર બિરાજ્યા. જ્યાં સુધી શાસ્ત્રાર્થ થાય ત્યાં સુધી ત્યાંજ મુકામ રાખ્યો. સભામાં પધારતાનું વર્ણન કાવ્ય અલંકારી ભાષામાં વર્ણન

આગળ આવી ગયું છે. સભામાં પ્રવેશ થતાં વૈષ્ણવ ચિહ્ન શીતલ મુદ્રા ગોપી ચન્દનની, ઉર્ધ્વપુંડ્ર શ્રીવિષ્ણુ સ્વામી સંપ્રદાયના સ્પષ્ટ દેખાતાં શ્રીવલ્લભનો પરિચય સર્વને સ્વાભાવિક થઇ ગયો. વૈષ્ણવ આચાર્ય તેમજ વૈષ્ણવોને ગયેલા પ્રાણ પાછા આવ્યા હોય તે પ્રમાણે હર્ષ થયો. રાજા સભામાં જતાં અતિ આનંદમાં દેહાનું સંધાન રહિત થયેલ, આનંદ મગ્ન મધ્યમાં નવું સિંહાસન હીરાજડિત સુવર્ણનું ઉંચા મંચપર હતું તેના પર પોતાના હાથે રેશમી વસ્ત્ર બિછાવી પોતે પ્રાર્થના કરતાં વૈષ્ણવોની સંમતિ થતાં શ્રીવલ્લભને તે પર વિરાજવાની પુનઃ પુનઃ જિજ્ઞાસા દર્શાવતાં શ્રીવલ્લભ તે સિંહાસન પર બિરાજ્યા. અદ્‌ભુત બનાવ બન્યો. વિજય પામેલ આચાર્ય તથા તેમના સહ યોગી પણ જોતા રહી ગયા. ઐશ્વર્ય ગુણનો પ્રભાવ સર્વ કોઇયે જોયો.

હવે શ્રીકૃષ્ણદેવ રાજાએ જયારે શ્રીવલ્લભનું પૂજન સભા દ્વાર પર કર્યું, ચરણ સ્પર્શ કરતાં શ્રીવલ્લભે પોતાના છઃ ધર્મ પ્રમેયબલે રાજામાં પ્રવેશ કરાવ્યા. પૂછવા કે બોલવાની વકી રહી નહી. શ્રીકૃષ્ણદેવ રાજા જાણે હૃદયમાં બાલ સરસ્વતી શ્રીવલ્લભ સ્થિતિ હોય અને પોતે જ બોલતા હોય તેમ બોલવા લાગ્યો. શ્રી સુશર્મા પોતાના પુરોહિતની પુત્રી ઇલ્લંમા ગારુજીના પુત્ર શ્રીવલ્લભ છે તે પણ પોતે જાણતા નથી. સર્વ શ્રીવલ્લભની કૃપાબલે સિદ્ધ થાય છે.

–ક્રમશઃ

લવાજમ ભરવા માટે જુના ગ્રાહકોને સાગ્રહ વિનંતિ

શ્રી વલ્લભ સુધાના ગઈ સાલના ગ્રાહકોને ચાલુ સાલના અંકો નિયમીત મોકલાય છે અને લવાજમ બાકીનો રબ્બર સ્ટેમ્પ દરેક અંક ઉપર લગાવાય છે તે છતાં ઘણા ગ્રાહકોએ લવાજમ વર્ષ પૂરું થવા આવ્યા છતાં નહિ મોકલાવતા વ્યકિતગત પત્રો લખવામાં આવ્યા છે તો પણ હજુ ઘણા ગ્રાહકોએ લવાજમ મોકલવામાં આળસ કરી છે. તો હવે આ વિનતિ ધ્યાનમાં લઈ ચાલુ સાલનુ તથા નવી સાલનું લવાજમ રૂા. વીસ કાર્યાલયને અગર આપના ગામના સેવાભાવી કાર્યકર ભાઈને ભરી પહોંચ મેળવી લેવા કૃપા કરશો. અથવા આજીવન લવાજમ રૂા. ૧૫૧ સત્વરે મ. એ. થી કાર્યાલય ઉપર મોકલાવી સાંપ્રદાયિ સાહિત્ય પ્રચારના કાર્યને પ્રોત્સાહિત કરશો.

॥ શ્રીહરિઃ ॥

સત્સંગની વાતો

-એક વૈષ્ણવ

ભાગ્યવાન શ્રોતાજનો,

આપણે પ્રભુની કથાઓ ને લીલાઓનું શ્રવણ કરવું તે જરૂરનું છે. પરંતુ એ પણ પણ ધ્યાન રાખવું કે જે વસ્તુ પ્રાપ્ત કરવી હોય તેનો પરિચય હોવો જોઇએ. કોઇ વિના પરિચિત વ્યક્તિથી આપને પ્રેમ થતો નથી, તો આપને પ્રભુ સાથે પ્રેમ કરવો છે તો તેના સ્વરૂપનો તેના જ્ઞાનની ખાસ જરૂર છે, ને તેમની સાથે પરિચય નહિ હોય તો સંબંધ કેવી રીતે બંધાઇ જાય? માટે પ્રભુ સંબંધી ભાવ ને જ્ઞાનની ખાસ જરૂર છે. જેથી જેમાં હમારી રૂચિ હોય તે કામ આપણે પ્રેમથી કરીએ છીએ. કોઇ ન જોયેલ કે ન જાણેલ પદાર્થમાં પ્રેમ થતો નથી, કારણ આપણે દેહધારી છીએ માટે લૌકિક છીએ ને અલૌકિક પ્રભુ મેળવવા છે ને તેમની કૃપા પણ મેળવવી છે, તો એકલા જ્ઞાન કામ નહિ આવે. ભગવદ્ તત્ત્વ પણ સમજવું પડશે ને તે માટે ભાવપૂર્વક સત્સંગની જરૂર પડશે. શ્રીમહાપ્રભુજી કહે છે -- 'નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૌર્જનૈઃ' તો તે કોણ બતાવશે. ભગવદીઓ શું કહે છે, ભગવાન શ્રીકૃષ્ણ એ પરમતત્ત્વ છે ને સર્વેશ્વર છે. તેનું સેવા-સ્મરણ દ્વારા પ્રાપ્ત કરવાની પહેલી આવશ્યકતા છે. જગતમાં વહેવારમાં પણ જ્ઞાન વગર કામ ચાલતું નથી, તો પરમાર્થમાં કેવી રીતે ચાલે?

ભલા ભગવદીઓ, હે પ્યારે! ભગવદ્ તત્ત્વનો બોધ થવો જરૂરી છે. કેવળ શુષ્ક જ્ઞાનથી કામ નહિ ચાલે. ભગવદ્ભાવવાળું જ્ઞાન–થી જ ભગવદ્રસનો સ્વાદ આવે છે, ને તે જ જીવનમાં પ્રાપ્ત કરવાનું પરમ ફળ છે ને તે માટે શુભ ભાવનાથી પ્રયત્નો ચાલુ રાખવા જોઇએ. તેની સાથે પ્રેમ કરો. તમે કહેશો કે પ્રભુ વિચારશે ત્યારે થશે. તો શું તમે ખાવ છો, પીઓ છો, કમાવા જાવ છો તો તેમાં તમે પ્રયત્ન કેમ કરો છો? પ્રભુ વિચારશે ત્યારે બધું આવી મળશે તેમ સમજી કેમ બીજા સાધનો વસાવતા નથી? ત્યારે તમે કહો છો કે પુરૂષાર્થ વગર કાંઇ કામ ચાલે! તો ભલા માણસ ભગવદ્ સેવા–સ્મરણમાં પુરૂષાર્થ વગર ચાલે? ના ચાલે. તો જીવનની છેલ્લી ક્ષણ સુધી ભગવદ્ નામ વગર ન ચાલે તે ન જ ચાલે એટલે શ્રીમહાપ્રભુજીએ મુખ્ય પ્રધાનતા સેવા-સ્મરણની બતાવી છે.

શરીરના બારે અંગો પ્રભુમાં વિનીયોગ થાય તેનું નામ સેવા કહેવાય, ને રાઇનો દાણો ગાયનાં સીંગ પર રહે તેટલીવાર ભગવદ્ભાવ પુર્વક નામ ન ભૂલાય તેને સ્મરણ કહેવાય ને તે જ પરમતત્ત્વને પામવાનો રસ્તો છે. હમારે શ્રીકૃષ્ણ—'યશોદોત્સંગલલિત' તે પરમતત્ત્વ છે. આ પરથી આપને તો એને મેળવવાની ઇચ્છા થશે. જો આ જાણીએ જ નહિ તો મેળવવાની ઇચ્છા કેવી રીતે થાય? તો સમજવું જોઇએ કે આ ભાવ વગરનું જ્ઞાન કામ લાગશે નાહ. ભગવાન સરસ, સુંદર ને મધુર છે. માટે તેમનાથી જ પ્રેમ કરવો જોઇએ. એક તો જીવ ભગવાનથી પ્રેમ કરે અને ભગવાન જીવથી પ્રેમ કરે. આ બન્નેની જરૂર છે. એક તરફી પ્રેમ ન ચાલે. બન્ને પ્રકાર મહત્વના છે.

કેટલાક લોકો કહે છે કે પ્રભુ હમારી વિચારશે ત્યારે બનશે. તો આપની જવાબદારી ભગવાનને સોંપવાની હોય? ના, ન હોય. મારું કાર્ય મારે કર્યા પછીથી પ્રભુની કૃપા હોય. શું દુનિયાના કામ આપણે પ્રભુ પર છોડીએ છીએ.? એવું ન બોલનું. ભગવાન તો હરપળે વિચારે છે કે આ જીવ મારો છે ને મારા તરફ કયારે આવી જાય તેવું પ્રભુ વિચારે છે પરંતુ જીવ ભગવાનની વાણી તરફ ધ્યાન ન આપતા તેને પ્રમાદવશ ભૂલી જાય છે, ને તે પણ એક દોષ જ ગણાય. માટે આપણે સાવધાન રહેવું જોઇએ, તો આ લાભ સત્સંગ દ્વારા પ્રાપ્ત થાય છે.

જો ભગવાન તરફ આપણી અભિરૂચિ ના થઇ તો પછી શું જીવનની સફળતા ગણાય? ના જ ગણાય. ખાના–પીના–સોના–ઉઠના–બેઠના (ખાવું–પીવું–સુવું–ઉઠવું–બેસવું) એ તો પશુ પણ કરે છે, તો આપણા ને તેના જીવનમાં શું સાફલ્યતા – શું ફેર? કંઇ જ નહિ. માટે આવું ન કરો. જીવ માત્રની ઉપર પ્રભુ પ્રેમ કરે છે, એ ભૂલવું ન જોઇએ. ભાઇ, આપના પર પ્રભુની કૃપા છે, પરંતુ તેને મેળવ્યા વગર આપણે નિર્ધન છીએ ને પ્રભુ કૃપા મેળવ્યાથી ધનવાન બની ગયા સમજો. દુવિયાના પૈસા તે ધન નહિ. ભાઇ, તે તો દુઃખરૂપ છે ને અસ્થિર છે. કયા ટાઇમે ચાલ્યા જશે તે ખબર નહિ પડે, ઉપરથી ભયવાળું જીવન બની જાય છે. ત્યારે ભગવદ્ ધન અભય બનાવે છે.

આપણે સાંભળીએ છીએ, પરંતુ એ કાનનો વિષય છે. હૃદયમાં ઉતરવું જોઇએ, તો જ કલ્યાણ થાય. ભગવાન વગર હું એકલો છું તેમ લાગવું જોઇએ આ વાતને સમજવા માટે સત્સંગ કરવો જોઇએ.

પહેલા તો મારા મનથી નક્કિ કરવું જોઇએ કે મારે પ્રભુ મેળવવા છે, દુનિયાની વસ્તુ દેખાય છે માટે મોહ થાય છે. પ્રભુ દેખાતા નથી. માટે પ્રભુ પર શ્રમ જાગતો નથી. માટે જીવનનું પરમ ફળ પ્રભુપ્રાપ્તિ હોવી જોઇએ. તો પહેધા દુનિયાનો સંગ છોડવો જોઇએ, તો પ્રભુનો સંગ લાગે. ભાઈ પ્રભુ દયાળુ છે, કૃપા કરવી તે તેમનો સહજ ધર્મ છે. સદાચારી ધર્મના નિયમો પાળનાર પંર ભગવાનની કૃપા છે. પરંતુ તે પોતાની કૃપાથી તે ધાહૃ તો દુરાચારીના ઉપર પણ કૃપાં કરે છે પરંતુ તે તેમની પોતાની સત્તા છે દરેક જીવ માટે નહિ.

પુષ્ટિ માર્ગમાં આશ્રયધર્મ સિદ્ધ થાય તે તેજ કૃપા આ પ્રભુ પ્રવચન કરવાથી ના ના મળે, બહુ ભણવાથી જ્ઞાનીને પણ ના મળે બહુ શ્રવણ કરવાથી પણ ના મળે ભગવાન જીવને સહજ કૃપા કરી અપનાવી છે તેને કૃપા કરી સેવા–સ્મરણમાં પ્રભુ જ અપનાવી લે છે ત્યારે લોકનિષ્ઠા પ્રભુ બળે છુટે છે. ત્યારે તેને માલુમ પડે છે કે જે જે હું મારું માનતો હતો તે તે સર્વે પ્રભુની છે એવું હૃદય ગમ્ય થઇ જાય છે. આજ સુધી હું મારું સમજ્યો તે જ માંરું અજ્ઞાન છે હવે હું મારું આત્મસમર્પણ કરીને પ્રભુનો બની જાઉં હવે હું બધાનો દાસ છું, સેવક છું. આવી ભાવના જાગે છે ને તેને લાગે છે કે હવે હું ભગવાનનો બની ગયો છું તો તે ભગવદીપ બની જાય છે અને ભગવાન પણ તે જીવ પર પોતાનો જાણી અનહદ કૃપા કરે છે ને સેવાનો અધિકારી બનાવે છે આ કોઈ સાધન સાધ્ય નથી, પરંતુ આશ્રય સાધ્ય છે માટે દીન બનો તો પ્રભુ દયા કરે કરે ને કરે જ. તેમાં બે મત નથી. જય શ્રીકૃષ્ણ.

જેને શ્રી વિઠ્ઠલનાથ વિચારે.....

લેખક રમણલાલ મહાસુખલાલ શેઠ (અરાદવાળા)
શ્રીજીવાડા-ગોધરા

શ્રી આચાર્ય ચરણનું પ્રાકટય કેવળ દૈવી જીવોના ઉધ્ધારાર્થે ભુતલ ઉપર થયું હતું. આપશ્રીએ પ્રમેય બળથી દૈવી જીવોને શરણે લઇ શ્રી ગોવર્ધનધરના ચરણમાં સોંપ્યા. આમ પુષ્ટિમાર્ગના પ્રચારાર્થે ત્રણ ત્રણ વખત પૃથ્વી પરિક્રમા કરીને દૈવી જીવોને નામ નિવેદન કરાવી અનહદ કૃપા કરી, એટલું જ નહીં પરંતુ સ્વવંશે આપશ્રીનું સઘળું સામર્થ્ય-માહાત્મ્ય સ્થાપિત કરી આ કાર્ય ચાલુ રખાવ્યું. શ્રી વિઠલેશચરણે અને શ્રી ગોકુલેશપ્રભુએ પણ અતિ પરિશ્રમ કરી પુષ્ટિમાર્ગનો પ્રચાર કરી અનેક જીવોને શરણે લીધા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રની જાતિ કે કૃતિ ન જોઇ આર્યખાન, અલીખાન, ખાનજાદી, કુંજરી, તાનસેન તથા બાગીખાન જેવા પણ આપશ્રીના સેવકો બન્યા. અને પુષ્ટિમાર્ગને મરણાંતે ન ત્યજયો. આમ માર્ગમાં સ્થિત કરી સર્વેએ પ્રભુને લાડ લડાવ્યાં. ૮૪,૨૫૨, વૈષ્ણવોની વાર્તાઓ આપણામાં દઢતા લાવે છે.

અત્યારે પણ વલ્લભકુળ દ્વારા દૈવી જીવોને બ્રહ્મસંબંધ પ્રાપ્ત થાય છે **"એવો માર્ગ શ્રી વલ્લભવરનો રે જયાં પ્રવેશ નહીં વિધિ હરનો રે"** આવા પુષ્ટિ માર્ગમાં દીન-હીન જીવોનો પ્રવેશ શ્રી વલ્લભની કૃપાથીજ થાય છે. જીવકૃત સાધનો સર્વે વ્યર્થ છે. જીવને તાપકલેશ થાય. સતત સ્મરણ ચિંતન થાય ત્યારે તેની આતુરતા જોઇ શ્રી આચાર્યચરણ તે જીવ ઉપર કૃપા કરી તેને નામ નિવેદન કરાવી પ્રભુની સન્મુખ કરે છે. આવી કૃપા આ કાલીકાળમાં પણ એક ચમાર ઉપર કરી શ્રી વિઠ્ઠલનાથે અદેયદાન કર્યું છે.

કાળિદાસ-શ્યામદાસ ચમારની વાર્તા :

આ કાળુભાઈ ચમાર આમ તો કાલોલ જી. પંચમહાલના વતની છે. પરંતુ ઘણાં વર્ષોથી અરાદ ગામે સાસરીમાં રહી ચમારનો ધંધો કરતા હતા. એક સમયે કાલોલમાં છપ્પન ભોગ હતો ત્યારે ભગવદીયોની ભીડમાં તે દુર ઉભા ઉભા વિરહતાપ કરતા હતા. અચાનક મેં તેમને પુછયું કે કેમ અહીં કયાંથી? ત્યારે તેમણે જણાવ્યું કે હું ચમાર જાતિમાં જન્મ્યો છું જેથી શ્રી ગોવર્ધનનાથજી છપ્પનભોગ આરોગે છે. તેવાં દર્શન તો મને દુર્લભ છે. પરંતુ આવાં દર્શન કરીને આવેલા ભગવદીયોનાં દર્શન કરીને આનંદ માણું છું. ભગવદીયોની ચરણ રજથી કોઇ સમયે પ્રભુ કૃપા કરે તેવી આશાના તાંતણે વિરહમાં ઝુરું છું.

દીનતા ભરેલી વિરહાત્મક વાણી અને સજળ નયન જોઇ હું ગદ્ગદ્ થઇ ગયો. અને કહ્યું કે પ્રભુ દૈવી જીવો ઉપર કૃપા કરતા આવ્યા છે અને કૃપા કરશે જ. તે પછી અવારનવાર તે મારા ભાઇને અને મને મળ્યા કરે. અને તાપ-કલેશ કરી પુષ્ટિને અનુરૂપ વાણી બોલે. યમુનાષ્ટક બોલે. અને બીજાં કેટલાંક ધોળ બોલે લીલાની સ્મૃતિ આવતી હોય તેમ લાગે. ઘરમાં શ્રીમહાપ્રભુજી શ્રી

નાથજી શ્રી યમુનાથજીનાં ચિત્રજી આગળ નામ સ્મરણ કરે. વિરહ કરે ટેરો કરી ભોગ ધરે. અને સત્સંગમાં પ્રવૃત્ત રહેવા ઝુર્યા કરે તેઓ વ્રજમાં જવાની ઇચ્છા કરે અને કહે કે આ અધમ યોનિમાં પડેલા જીવને વ્રજનાં દર્શન શી રીતે થશે ? એમ કહેતા પ્રભુ ભકતોની ઈચ્છા પૂર્ણ કરે છે જ.

વડોદરામાં શ્રી કલ્યાણરાયજીના મંદિરમાં છપ્પનભોગ હતો. અચાનક હજારોની મેદનીમાં તેઓ મળી ગયા. ઉભા ઉભા ટી. વી. ઉપર છપ્પનભોગનાં અને બાળકોનાં દર્શન કરતા હતા. મને જોઇને તે ગદગદ થઇ ગયા.

હું પૂ. પા. ગો. શ્રી ગોપાલબાવાને ત્યાં જતો હતો. તેઓ બાલકનાં (બાવાશ્રીનાં) દર્શનની આશાએ મારી સાથે આવ્યા. જ્યાં કણિકો પામ્યા, અને પૂ. સૂર્યલતા બેટીજીએ નામ પમાડી તુલસીની માળા કંઠમાં ધરી. આમ તેઓ પુષ્ટિના પ્રવેશદ્વાર ઉપર આવતાં આનંદ આનંદ થઇ ગયો અને ખૂબજ ભાવ વિભોર બન્યા.

માગશર શુદ-૧૧એ શ્રી વિઠ્ઠલનાથજીએ બ્રહ્મ સંબંધ કરાવ્યો

નામ પામ્યા પછી ૨૫૨-૮૪ની વાર્તાઓ વાંચે, અને કેટલાંક પુસ્તકો પુષ્ટિમાર્ગનાં વસાવી સતત સ્મરણમાં રહેવા લાગ્યા. આમ પુષ્ટિની લગની છેલ્લાં છ સાત વર્ષોથી લાગેલી જેથી સ્વરૂપ જ્ઞાન અને લીલાઓનું જ્ઞાન થવા લાગ્યું. જયારે જયારે વલ્લભકુળના બાળકોની પધરામણી થાય ત્યારે દૂર રહીને નીરખે. અને વિરહતાપ વધાર્યા કરે. એક સમયે પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી (કાંકરોલી) અરાદ પધાર્યા. ત્યારે સાક્ષાત શ્રી પુરૂષોત્તમનાં દર્શન થતાં વિરહાર્તિ વધી ગઇ. થોડા સમય પછી એક ભગવદીય મધુસુદનભાઇ દ્વારા બ્રહ્મસંબંધ માટેની આજ્ઞા મેળવી. અને આપશ્રીએ આજ્ઞા કરી કે “દસમી કે દિન ઉપવાસ વ્રત કરો ઔર ગ્યારસ કે દિન સન્મુખ આ જાવ.” આજ્ઞા મળતાં આ કાળુભાઇના આનંદનો પાર રહ્યો નહીં. તેઓએ ઉપવાસ કર્યો. અને કોરાં વસ્ત્ર વિગેરે લઇને પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીની સન્મુખ થતાં, આપશ્રીએ બ્રહ્મ સંબંધનાં દાન દીધાં. અને હવે તુમારા નામ શ્યામદાસ રખના. એવી આજ્ઞા થતાં હવે કાળુભાઇ, કાળીદાસ મટી નવો જન્મ શ્યામદાસનો પામ્યા છે.

તા. ૧-૧૨-૮૭એ બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરી આ શ્યામદાસ પૂ. ગુરૂદેવની આજ્ઞા મુજબ સેવા કરે છે. અને પુષ્ટિની રીતે આનંદથી રહી હવે વ્રજમાં જવાનો અધિકાર મળ્યો તેમ માની વ્રજ નીરખવાનો તાપ કરી શ્રી યમુના મહારાણીજીની સ્તુતિ નિરંતર કરી રહ્યા છે. પુષ્ટિમાર્ગ ભાવભર્યો – તાપાત્મક અને વિરહાત્મક છે. તેનું ઉદાહરણ હોય નહીં વિરહતાપ થાય એટલે પ્રભુ ફલદાન કરે જ છે. તેવા અનુભવો ૫૦૦ વર્ષોથી દૈવી જીવોને થઇ રહ્યા છે.... “જીવ માત્ર હોય જે કોઇ આવે તમારે શરણે તે ઉપર કરૂણા કરી રાખીશ મારે ચરણે” આ આજ્ઞા મુજબ શ્રી વલ્લભકુળ દ્વારા આજે પણ આવા દૈવી જીવોને બ્રહ્મ સંબંધ થાય છે. અને લીલાપ્રાપ્તિનો તેને અધિકાર મળે છે. દઢાશ્રય, સત્સંગ, અને અસમર્પિત વસ્તુનો ત્યાગ દ્વારા ભગવદીયો સેવા-સ્મરણ કરી અંતે ભગવતચર્ણાવિંદની પ્રાપ્તિ અવશ્ય કરે છે જ. શ્રીનાથજીએ આજ્ઞા કરી છે કે “કરો અબતેં બ્રહ્મ કો સંબંધ દૈવી સૃષ્ટિકો, પ્રાંચ દોષ ન રહે તાકે, ‘**નિવેદન**’ કરો વૃષ્ટિકો”

॥ શ્રી વલ્લભ: ॥

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

“શ્રી વલ્લભ તવાસ્મિ”

લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

(ચાલુ વર્ષના અંક ૬ ના અનુસંધાને)

૩ શ્રીમદ્ ગોકુલ બોલે, શ્રીમદ્ ગોકુલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧)
શ્રીમદ્ ગોકુલની ગલીઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨)
શ્રીમદ્ ગોકુલનું આંગણુ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩)
શ્રીમદ્ ગોકુલનાં પશુઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪)
અજા ગાવો મહષી બોલે: શ્રીવલ્લભ તવાસ્મિ (૫)
શ્રીમદ્ ગોકુલનાં પક્ષીઓ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬)
શુક મયૂર હંસાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭)
શ્રીમદ્ ગોકુલનાં વૃક્ષાદિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૮)
શ્રીમદ્ ગોકુલનાં ફલ-ફુલ બોલે: શ્રીવલ્લભ તવાસ્મિ (૯)
શ્રીમદ્ ગોકુલનાં પલ્લવ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦)
શ્રીમદ્ ગોકુલનાં લતા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧)
શ્રીમદ્ ગોકુલનાં સચરાચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨)
શ્રીમદ્ ગોકુલનાં રજકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩)
શ્રીમદ્ ગોકુલનાં જલકણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪)
શ્રીમદ્ ગોકુલનાં વાસી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫)
શ્રીમદ્ ગોકુલનો સાંવરો બોલે: શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬)
શ્રીમદ્ ગોકુલના નાથ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭)
શ્રીમદ્ ગોકુલના ગ્વાલ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮)
શ્રીમદ્ ગોકુલની ગોવાલણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯)
શ્રીમદ્ ગોકુલની પનિહારી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦)
શ્રીમદ્ ગોકુલની ગોરી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૧)
શ્રીમદ્ ગોકુલની ગોપી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૨)
શ્રીમદ્ ગોકુલની ગોપાંગના બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૩)
શ્રીમદ્ ગોકુલની ગોપિકા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૪)
શ્રીમદ્ ગોકુલનાં ભવન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૫)
સમગ્ર ગોકુલિયું બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૬)
માટે, તમે બોલે રે બોલે ભાઇ; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૭)

-ક્રમશઃ

મહાપ્રભુજીના કૃપાપાત્ર વૈષ્ણવો

શ્રીનાથજીને અતિ પ્યારા છે

શ્રીવલ્લભપદરેણું

કચ્છ માંડવી પાસે દુર્ગાપુર નામનું ગામ છે. આ ગામમાં ગોપાલભાઇ જેસરાણી નામના એક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભાટિયા રહે. તેમણે થોડા સમય પહેલાં જ બ્રહ્મ સંબંધ લીધેલો છે. ઝાઝી માર્ગીય સમજણ નહીં પરંતુ તેમના હૃદયમાં પુષ્ટિ ધર્મ પ્રત્યે થોડો ભાવ તો ખરો જ અવારનવાર માંડવીમાં આવેલી શ્રીનાથજીની હવેલીએ દર્શન કરવા અને પૂ. મહારાજશ્રીના વચનામૃતનું પાન કરવા આવે પાટણની પુષ્ટિમાર્ગીય લાયબ્રેરીમાંથી નાની પુસ્તિકાઓ મંગાવી થોડું ઘણું માર્ગીય વાંચન પણ કરે.

માંડવીના ભાટિયા ગૃહસ્થ શ્રી માધવદાસ બાપા અનન્ય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ગોપાલભાઇને તેમની સાથે સારો સંબંધ તેથી અવારનવાર સત્સંગમાં તેમને ત્યાં આવે માધવદાસ બાપા પાસેથી તેમને સારું એવું માર્ગીય જ્ઞાન મળી રહે.

એકવાર માધવદાસ બાપાને ત્યાં ઠાકોરજીના ઉત્સવ પ્રસંગે ગોપાલભાઇને આવવાનું થયું. ઉત્સવમાં ઉત્સાહથી ભાગ લીધો અને આનંદ મેળવ્યો. ઉત્સવ પૂર્ણ થઇ ગયા પછી ગોપાલભાઇ સત્સંગ માટે એક દિવસ તેમને ત્યાં રોકાઇ ગયા.

તે દિવસ શયન–આરતીના દર્શન કર્યા પછી માધવદાસ બાપાને ત્યાં સત્સંગમાં ઘણા વૈષ્ણવો આવ્યા.

સત્સંગમાં ગોપાલભાઇએ માધવદાસ બાપાને કહ્યું, 'બાપા, શ્રીજીની સેવા તો હું નિત્ય ભાવથી કરું છું પરંતુ મારું મન સેવામાં બરાબર પરોવાઇ શકતું નથી તો એનો કોઇ ઇલાજ સુચવશો ?'

બાપા કહે: 'ગોપાલભાઇ, આ પ્રશ્ન મોટા ભાગના વૈષ્ણવોને સ્પર્શે છે. તમારો પ્રશ્ન સાંભળી મને આપણા ભક્ત કવિવર શ્રી દયારામભાઇના 'રસિકરંજન'ની એક કડી યાદ આવે છે. શ્રી ષોડશગ્રંથના 'નવરત્ન'માં શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનું સુખદ સ્મરણ કરાવી તેઓશ્રી કહે છે:'

ચિંતા કોઈ બાતકી ન કરની કહે શ્રીવલ્લભ,
આસરો અનન્ય સહજ પ્રાપ્ત પુષ્ટ ફલ હૈ.

'તાત્પર્ય' કે આપણે આપણા મનમાં લૌકિક–અલૌકિક કોઇ પણ પ્રકારની ચિંતાને ભરી રાખીએ તો આપણા હૃદયમાં અવકાશ ન રહેવાથી શ્રીજી કેવી રીતે વાસ કરે ? જે જીવે આત્મનિવેદન કર્યું છે એ જો શ્રીવલ્લભ પ્રભુનો અનન્ય આસરો રાખી સેવા કરે તો તેની લૌકિક ગતિ શ્રીજી કદી પણ કરશે નહીં અને તેને શ્રેષ્ઠ પુષ્ટિ ફલ પ્રાપ્ત થશે જ.'

ગોપાલભાઇ કહે: 'બાપા, નિશ્ચિંત મનથી સેવા કરવી એ અઘરું છે છતાં ભક્તિભાવપુર્વક પ્રયત્ન કરવાથી સાધ્ય થઇ શકે તેમ લાગે છે. પરંતુ મને એવું લાગ્યા કરે છે કે પ્રભુની સેવા કરતાં જીવથી કોઇને કોઇ દોષ થઇ જાય ત્યારે આપણા પ્રભુ નારાજ ન થાય ?'

માધવદાસ બાપા કહેઃ 'ગોપાલભાઇ, આના ઉત્તરમાં શ્રી દયારામભાઇના એ જ કવિતની બીજી બે પંક્તિઓ ધ્યાનથી સાંભળો તેઓશ્રી કહે છે.'

મહાપ્રભુ કૃપાપાત્ર શ્રીજી પ્રાનપ્રિય માને,
હરિ લે અયોગ્ય યોગ્ય, યદ્યપિ સમલ હૈ.

'આનો ભાવાર્થ સમજ્યા? કવિશ્રી કહે છે કે જે શરણાગત જીવો શ્રી મહાપ્રભુજીના કૃપાપાત્ર છે તે ભગવદીય વૈષ્ણવોને શ્રીજી પ્રાણ સમાન પ્રિય માને છે. તેઓ કદાચ કોઇ દોષયુક્ત અને અયોગ્ય હોય તો પણ પરમ કૃપાળુ પ્રભુ તેમને દોષમુકત અને યોગ્ય બનાવી દે છે.'

ગોપાલભાઇ કહેઃ 'બાપા, આટલી અમથી એક કડીમાં શ્રી દયારામભાઇએ અમારા જેવા વૈષ્ણવોની ઘણી બધી શંકાનું સમાધાન કરી માર્ગદર્શન આપ્યું છે. એ સમજાવવા બદલ અમે આપના ખુબ આભારી છીએ. છતાં મનમાં હજી એક શંકા રહી જાય છે. એમ કહેવાય છે કે જીવ તો અનેક દોષોથી ભરેલો છે. એવો જીવ પ્રભુની સેવા કરવામાં કોઇ અક્ષમ્ય અપરાધ કરી બેસે તો પ્રભુ કોપાયમાન ન થાય?'

બાપા કહે : "ગોપાલભાઇ, એજ કડીને આગળ સાંભળો."

તાહિકો પક્ષપાત, અક્ષમ અપરાધ ક્ષમા,
નિઃ સાધન નિજાનંદ દે પ્રમેય બલ હૈ.

આ પંક્તિઓ દ્વારા શ્રી દયારામભાઇ કહે છે કે સેવા જો નચિંત મનથી, શંકા–કુશંકા કર્યા વિના, પ્રીતિપૂર્ણ હૃદયથી કરવામાં આવે છતાં સેવા પણ કદાચ કોઈ અક્ષમ્ય અપરાધ થઈ જાય દોષ રહી જાય તો પણ આપણા શ્રીનાથજી પ્રભુ એટલા તો કરુણાળુ છે કે શ્રી વલ્લભને વહાલા વૈષ્ણવજનોને આપશ્રી નિજના ગણે છે અને એટલા હદ સુધી તેમનો પક્ષપાત કરે છે કે તેમના અક્ષમ્ય અપરાધોની પણ ક્ષમા આપે છે. નિઃસાધન જીવોને કેવળ કૃપા બળથી શ્રીજી પોતાના પરમ આનંદ સાગરમાંથી આનંદનું દાન કરી તેને કૃત કૃત્ય બનાવી દે છે.

"અંતમાં શ્રી દયારામભાઇ કહે છે."

શ્રીમદ્ આચાર્યજીકો દયા તુ તો હોય રહે,
અનાયાસ અભયદાતા યે પ્રભુ અનલ હૈ.

"આ છેલ્લી બે પંક્તિઓમાં કવિશ્રી નિજને સંબોધી જે શબ્દો કહે છે તે આપણા જેવા બધા પુષ્ટિજીવોને સમાન રીતે લાગુ પડે છે તેઓશ્રી કહે છે કે હે જીવ, તું સદાસર્વદા આચાર્ય શ્રીવલ્લભ મહાપ્રભુજીનો નિજ જન બની રહે અદેયદાની વૈશ્વાનરાવતાર શ્રી વલ્લભ પ્રભુ વિના પ્રયાસે પરમ ફલનું દાન આપનારા છે."

ગોપાલભાઇ કહે : "વાહ? શ્રી દયારામભાઇનું આ કેટલું સરસ મનનીય કવિત છે અમને આ આ આખું કવિત ફરીથી સળંગ સંભળાવો વધુ આનંદ થશે."

બાપા કહે : લો ત્યારે સાંભળો."

કવિત

ચિંતા કોઇ બાતકી ન કરની કહે શ્રીવલ્લભ,
આસરો અનન્ય સહજ પ્રાપ્ત પુષ્ટ ફલ હૈ.
મહાપ્રભુ કૃપા પાત્ર શ્રીજી પ્રાનપ્રિય માને,
હરિ લે અયોગ્ય યોગ્ય, યદ્યપિ સમલ હૈ.
તાહિકો પક્ષપાત, અક્ષમ અપરાધ ક્ષમા,
નિઃ સાધન નિજાનંદ દે પ્રમેય બલ હૈ.
શ્રીમદ આચાર્યજીકો 'દયા' તૂ તો હોય રહે,
અનાયાસ અભયદાતા યે પ્રભુ અનલ હૈ.

ગરબી

શરણાષ્ટક

શ્યામદાસ શરણું મળીયું છે વ્હાલા શ્યામનું;
ચિત્તડાને ચિંતન કરાવો લીલા ધામનું....ઓ શ્યામદાસ ૦ ૧

શ્યામદાસ મારૂં ને તારૂં નથી કામનું;
મનડાને ઘેલું લગાડો શ્યામ નામનું....ઓ શ્યામદાસ ૦ ૨

શ્યામદાસ સેવામાં કામ નથી દામનું;
રોમ રોમ ઝંખે ગૂંજન શ્યામા શ્યામનું....ઓ શ્યામદાસ ૦ ૩

શ્યામદાસ દાસી વલ્લભવરની જાણ તું;
ઘોર વને પકડી છે બાંહ્ય તે વિચારતું....ઓ શ્યામદાસ ૦ ૪

જન્મ ધર્યા અગણિત તો યે ન પામ્યો પારતું;
ભક્તિ ભાવે દીનતા ધારીને સમજ સારતું....ઓ શ્યામદાસ ૦ ૫

દીનદાસ કિંકરની કિંકરીનો દાસ છું,
પ્રાણપતિ વલ્લભ-વિઠ્ઠલેશ શરણ ધારતું....ઓ શ્યામદાસ ૦ ૬

કાળ ઘણો વિત્યો, કરૂણાનિધિને જાણ તું;
ભક્તિભાવે તાર્યો, પરિણામ વિરહ તાપનું....ઓ શ્યામદાસ ૦ ૭

શ્યામદાસ ! જીવનું ઠેકાણું નો'તું ઠામનું;
ગુરૂ કૃપા તન મન ધન પ્રાણ વિઠ્ઠલનાથનું....ઓ શ્યામદાસ ૦ ૮

સંવત ૨૦૪૪ માગશર સુદિ ૧૩ તા. ૩-૧૨-૮૭ ગુરૂવાર લે. દાસાનુદાસ દીનકિંકર નટવરલાલ મહાસુખલાલ અરાદવાળાના જયશ્રીકૃષ્ણ.

સુરતના ગ્રાહકોને ખાસ વિનંતિ

આપને મોકલાતા દરેક અંક ઉપર લવાજમ બાકીનો રબ્બર સ્ટેમ્પ લગાવવામાં આવે છે, વ્યક્તિગત પત્રો લખાયેલ છે. તે છતાં આપે લવાજમ મોકલવા તત્પરતા દાખવેલ નથી. તો હવે તુરત બે વર્ષના લવાજમના રૂા. ૨૦ વીસ નીચેના સ્થળે અચૂક ભરી પહોંચ મેળવી લેવા કૃપા કરશો.

શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રી કૃપારત્ન કોર્નર
મોટા મંદિર કમ્પાઉન્ડ-સુરત

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૪૧ મું

શરણ–પ્રતિપાલ, ગોપાલ રતિ–વર્ધિની,
દેત પતિ–પંથ પિય–કંથ સન્મુખ કરત;
અતુલ કરુણામયી નાથ–અંગ અર્ધિની. ૧
દીનજન જાન, રાસ–પુંજ કુંજેશ્વરી,
રમત રસ–રસ, પિય–સંગ. નિશા–શરદની;
ભકિત દાયક સકલ ભવસિંધુ–તારિણી,
કરત વિધ્વંસ જન અખિલ અઘ–મર્દિની ૨
રહત નંદ–સુનુ, તટ નિકટ નિસદિન સદા,
ગોપ–ગોપી રમત, મધ્ય રસ–કંદની;
કૃષ્ણ–તન–વર્ણ, ગુણ–ધર્મ–શ્રીકૃષ્ણ કે,
કૃષ્ણ–લીલામયી, કૃષ્ણ–સુખ કંદની. ૩
પદ્મજા પાય તૂ–સંગ હી મુરરિપુ,
સકલ સામર્થ્યમથી પાપકી ખંડની;
કૃપારસ પૂર વૈકુંઠ–પદકી સિઢી,
જગત વિખ્યાત, શિવ–શેષ શિર–મંડની. ૪
પર્યો પદ–કમલ–તર, ઔર સબ છાંડકે,
દેખ દગ કર દયા, હાસ્ય–મુખ–મંદની;
ઉભય કર જોર, ‘**કૃષ્ણદાસ**’ વિનતિ કરે,
કરો અબ કૃપા, કલિંદ–ગિરિ–નંદિની. ૫

અર્થ–હે મહારાણીજી મા ! શરણાગત જીવોનું આપ પ્રતિપાલન કરનારા છો. પ્રભુના રસરૂપ રતિમાં વૃદ્ધિ કરનારા છો. જીવોને પ્રભુને મારગે દોરવણી કરાવી પ્રભુ સન્મુખ કરો છો. આવા આપ અતુલ કરૂણાના સાગર અને પ્રાણનાથના અર્ધાંગના છો. ૧

નિકુંજના મહારાણી–રસિકરાસેશ્વરી, આપ શરદની રજનિયોમાં પ્રિયતમ સાથે રાસાદિક લીલાઓ કરો છો. દીનજનોની નિ:સાધનતા આપ જાણો છો. સંસાર સાગરથી પાર ઉતારી પ્રભુ પ્રાપ્તિ કરાવો છો. ૨

આપના તટ ઉપર ગોપ–ગોપી સહુ ક્રિડાઓ કરે છે, તેની મધ્યમાં રસના સાગર આપ શ્રીયમુનાજી ક્રિડા કરે છે, શ્રીકૃષ્ણના સ્વરૂપમાં તથા એની લીલાઓમાં આપ લુબ્ધ બની જવાથી આપના શ્રીઅંગનો વર્ણ પણ શ્રીકૃષ્ણના સમાન સુંદર અને આપ ગુણ અને ધર્મથી પણ શ્રીકૃષ્ણ સમાન છો. શ્રીકૃષ્ણને આપ પરમ સુખ આપો છો. ૩

ગંગાજી પણ આપનો સમાગમ થયા પછી જ ભગવદ્ પ્રાપ્તિ કરી શકયા છે. તેમજ સર્વ સમર્થ્યયુકત અને પાપ સમુહનો નાશ કરનારા બન્યા છે. આપ કૃપારસથી પરિપૂર્ણ છો. જીવને પ્રભુ ધામની પ્રાપ્તિ માટે સીડીરૂપ છો. જગતમાં વિખ્યાત અને શિવ–શેષજીના પણ શિરોમણી છો. ૪

કૃષ્ણદાસજી કહે છે કે હે શ્રીયમુનાજી ! હું ઉભય કરજોડી આપને વિનતિ કરૂં છું કે હું સર્વ સાધનોથી નિવૃત્ત બની આપના શરણમાં આવ્યો છું. તો આપ કૃપા કરી આપના મંદહાસ્ય યુકત મુખકમળ વડે મારા પ્રત્યે કૃપા દૃષ્ટિની વૃષ્ટિ કરી કલિંદ-ગિરિ-નંદિનિ મને કૃપા રસનું દાન કરો. ૫

સોરઠો

શરણાગતનું પાલન કરતા, પ્રભુ તમારે હાથ;
દીનજનો પર દયા કરીને, સોંપ્યા શ્રીવ્રજનાથ.

ઉપર મુજબ શ્રીયમુનાજીનાં ૪૧ પદોનો અર્થ સહિત હૃદયમાં બિરાજી શ્રીમહારાણીજીએ પ્રેરણા કરી તેવો ભાવ ભગવદીઓની સેવામાં રજુ કર્યો છે. આશા છે કે ભગવદીઓ એનો લાભ ઉઠાવશે.

શ્રીમહારાણીજીના અલૌકિક માહાત્મ્યને વર્ણવાનો પ્રયાસ એટલે જમીન પર પડેલો આકાશના તારા પકડવા જેવો બાલીશ પ્રયાસ ગણાય. પરંતુ મને વિશ્વાસ છે કે મહાનુભાવો અને ભગવદીયો મને ક્ષમા કરશે. નાનું બાળક તોતડી ભાષામાં કાલું-કાલું બોલે છતાં માતા-પિતાએ શ્રવણ કરીને પ્રસન્ન થાય છે, અને વિચારે છે કે કાલો-ઘેલો પણ આપણો બાળક છે ને ! તો મહાનુભાવો મારા પ્રત્યે એવો જ કૃપાભાવ વિચારી મને ક્ષમા આપશો જ.

વળી આમાં જે કાંઇ અર્થ-વિવેચન વગેરે આપ્યા છે તે મારા મગજની સ્ફુર્ણા તો નથી જ પરંતુ મહાનુભાવોના શ્રીમુખની વાણી છે. યાદ રહી તે લખી છે. અને જેની આ મુડી છે તે એનાજ ચર્ણોમાં અર્પણ કરૂં છું. એમાં જે ક્ષતિ રહી ગઇ હોય તે દોષ મારો જ હશે. તે બદલ દીનતાપૂર્વક ક્ષમા માગું છું. અસ્તુ

દા.દા. જાદવજી ખેરાજભાઇના સદૈન્ય ભગવત્સ્મરણ

આ માસના ઉત્સવ

પોષ વદ ૧૦ તા. ૧૪-૧-૮૮ ગુરુવાર ભોગી ધનુર્માસ સમાપ્તિ.

પોષ વદ ૧૧ તા. ૧૫-૧-૮૮ શુક્રવાર મકર સંક્રાતિ પુણ્યકાળ સુર્યોદયથી છે. તિલવા શૃંગારમાં ધરવા ષટતિલા એકાદશી વ્રત.

પોષ વદ ૧૨ તા. ૧૬-૧-૮૮ શનિવાર ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મ દિન (સં. ૧૯૦૧)

પોષ વદ ૧૪ તા. ૧૮-૧-૮૮ સોમવાર દર્શ-સોમવતી અમાવાસ્યા.

મહા શુદ ૪ તા. ૨૨-૧-૮૮ શુક્રવાર શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મ દિન (સં. ૧૫૩૧) શિશિર ઋતુ પુરી થઈ. શ્રી મુકુન્દરાયજી (કાશી) નો પાટોત્સવ.

મહા સુદ ૫ તા. ૨૩-૧-૮૮ શનિવાર વસંત પંચમી શ્રીમદનમોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૧૧ તા. ૨૯-૧-૮૮ શુક્રવાર જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૩૦-૧-૮૮ શનિવાર શ્રી લાડીલેશજીનો પાટોત્સવ (વેરાવળ)

મહા સુદ ૧૩ તા. ૩૧-૧-૮૮ રવિવાર શ્રી વિશ્વકર્મા જયંતિ.

મહા સુદ ૧૫ ૨-૨-૮૮ મંગળવાર હોળી દંડા રોપણદિન ધમારનો પ્રારંભ ખેલના પદ. પૂર્ણિમા માઘસ્નાન સમાપ્તિ.

મહા વદ ૫ તા. ૮-૨-૮૮ સોમવાર શ્રી રણછોડજી (ડાકોર) નો પાટોત્સવ.

વૈષ્ણવતા અને ભારત વર્ષ

મૂળ લેખક : **શ્રી ભારતેન્દુબાબુ હરિશ્ચંદ્ર**
અનુવાદક : **શ્રીયુત ભટ્ટ શ્રી વ્રજરમણશર્મા**
તથા શ્રી હરિશંકર શાસ્ત્રી

આઠમું, તહેવારોની પણ આજ સ્થિતિ છે. હોલી વગેરે સાધારણ તહેવારોમાં પણ વિષ્ણુ ચરિત્ર જ ગવાય છે.

નવમું ગીત, છંદ વગેરેમાં ચૌદ આના વિષ્ણુ પરત્વે છે, અને બે આની અન્ય દેવતા પરત્વે છે.

દશમું, તીર્થો પણ વિષ્ણુ સંબંધી ઘણાં છે.

અગિયારમુ, નદીઓમાં ગંગા યમુના મુખ્ય છે અને તે પણ વિષ્ણુનો સંબંધ હોવાથી મુખ્ય છે.

બારમું, ગયાજીમાં પ્રત્યેક હિન્દુને પિંડદાન કરવાની ફરજ છે, ત્યાં પણ વિષ્ણુપદ છે.

તેરમું, મરણ પછી શબને સ્મશાનમાં લઇ જતાં 'રામ નામ સત્ય હૈ' (રામ બોલો ભાઈ રામ) કહેવાય છે. અને અંતે શુદ્ધ શ્રાદ્ધમાં 'પ્રેતમુકપ્રદોભવ' વગેરે વાકયો વડે વિષ્ણુનું જ સ્મરણ અને પૂજન થાય છે. કિંબહુના, પિતૃસ્વરૂપી જનાર્દનજ કહેવાય છે.

ચૌદમું, નાટક અને તમાશામાં રામલીલા, રાસલીલા જ મુખ્ય છે.

પંદરમુ, બધાએ વૈદિક ગ્રંથનો આરંભ અને અંત 'હરિઃ ૐ' શબ્દથી જ થાય છે.

સોળમું, સંકલ્પનો આરંભ 'વિષ્ણુ ર્વિષ્ણુ વિષ્ણુઃ' થાય છે.

સતરમું, આચમનમાં કેશવ, નારાયણ, માધવ વગેરે નામો આવે છે.

અઢારમું, શુદ્ધિમાં 'યઃ સ્મરેત્ પુંડરીકાક્ષ' કહેવું પડે છે.

ઓગણીસમું, પોપટને પણ રામ રામ શીખવાડે છે.

વીશમું જો કોઇ પોતાનું વૃત્તાંત કહે તો તે પણ રામકહાણી કહેવાય છે.

એકવીશમું, નાના છોકરાઓને બાલગોપાલ કહે છે.

બાવીશમું, પ્રેસમાં રામાયણ અને ભાગવત વગેરે વગેરે ગ્રંથો જેટલા પ્રમાણમાં છપાય છે તેટલા પ્રમાણમાં અન્ય દેવતાઓઓનાં ચરિત્રો છપાતાં નથી કે વંચાતાં પણ નથી.

ત્રેવીશમું, આર્યોના શિષ્ટાચારમાં રામરામ જય શ્રીકૃષ્ણ, જય ગોપાલ વગેરે શબ્દો વપરાય છે.

ચોવીશમું, જો બ્રાહ્મણ ન મળે તો વૈષ્ણવ વૈરાગીને ભોજન કરાવે છે અને પગે લાગે છે.

પચીશમું, ચંદ્ર વિષ્ણુનો સાળો હોવાથી બધા તેને ચાંદા મામા કહે છે.

છવીશમું, પ્રત્યેક ગૃહસ્થના ઘરમાં તુલસી અને મહાવિષ્ણુ હોય છે.

સત્તાવીશમું, ગંગાજીના ઘાટ ઉપર તથા બીજાં જાહેર સ્થળોમાં રામાયણ ભાગવતની જ કથાઓ થાય છે.

અઠ્ઠાવીશમું, નગરોનાં નામ પણ રામપુર, ગોવિંદપુર, રઘુનાથપુર, ગોપાલપુર વગેરે હોય છે.

ઓગણત્રીશમું, મીઠાઇમાં ગોવિંદવડી, મોહનભોગ વગેરે નામ છે.

ત્રીશમું, સૂર્યવંશી અને ચંદ્રવંશી ક્ષત્રિયો શ્રી રામ અને શ્રી કૃષ્ણના વંશજો હોવાનું અભિમાન ધરાવે છે.

એકત્રીશમું, બ્રાહ્મણો પણ 'બ્રાહ્મણો મામકી તનુઃ' કહીને પોતાની પૂજ્યતા સિદ્ધ કરે છે.

બત્રીશમું, ઔષધિઓને રામબાણ ઉપમા આપે છે. નારાયણ ચૂર્ણ વગેરેનાં નામ પણ રાખે છે.

તેત્રીશમું, કાર્તિક સ્નાનમાં રાધા દામોદરનું પૂજન સર્વત્ર થાય છે.

ચોત્રીશમું, તારકમંત્ર શ્રીરામનામ જ છે.

પાંત્રીશમું, કોઇપણ સંગ્રહસ્થાનમાં જઇને જુઓ, જેટલાં ચિત્રો વિષ્ણુના મળશે તેટલાં અન્યનાં નહિ.

છત્રીશમું, બાર માસના દેવતા વિષ્ણુ છે. એવાં અનેક પ્રમાણો છે. વિષ્ણુથી સંબંધ ધરાવતા પદાર્થોનાં નામ ક્યાં સુધી ગણાવી શકાય ?

વિષ્ણુપદ=આકાશ, વિષ્ણુરાત=પરીક્ષિત, રામદાના, રામધેનુ, રામજીકી ગૈયા, રામફલ, સીતાફલ, રામતોરઇ, શ્રીફળ, હરિગીતિ, રામકલિ, રામગિરિ, રામચંદન, હરિસિંગાર, હરિકેલા, હરિનેત્ર (કમળ), હરિકેલી (બંગાળ), હરિપ્રિય, (શ્વેતચંદન), હરિવાસર (એકાદશી), હરિબીજ, હરિવર્ષખંડ, કૃષ્ણકલી, કૃષ્ણકંદ, કૃષ્ણકાન્તા, સીતામઉ, સીતાબદલી, સીતાકુડ, સીતામઢી, સીતાનું રસોડું, હરિપર્વત, રામગઢ, રામબાગ, રામઘોડી, હરિપદા, નારાયણી, કનૈયા વગેરે. નગર, નદી, નદપર્વત, ફલફુલ આદીનાં સેંકડો નામ છે. 'જલેવિષ્ણુઃ સ્થલે વિષ્ણુઃ' સર્વત્ર વિષ્ણુ જ છે, પછી અમારી વાત સમજાશે કે ભારતવર્ષનો સ્વાભાવિક ધર્મ વૈષ્ણવ જ છે.

વૈષ્ણવોને નિવેદન કરવાનું કે આપનો મત કેવી દઢભિત્તિપર છે અને કેવા સાર્વજનીન ઉદારભાવથી પરિપૂર્ણ છે, એ તો આપ સારી પેઠે સમજ્યા છો, તમારે પણ તેવી જ દઢતા ધારણ કરીને તેનું અનુસરણ કરવું જોઇએ. જે ભાવથી આજે હિન્દુ ધર્મ ચાલે છે, તે ભાવ ભવિષ્યમાં રહેશે નહિ. હવે આપણા શરીરનું બલ ઓછું થઇ ગયું વિદેશી શિક્ષાથી મનોવૃત્તિ બદલાઇ ગઇ છે. જીવિકા અને ધનોપાર્જમાં પાંચ છ કલાક પરસેવો વહેવરાવવો પડે છે. કલકત્તા, લાહોર, મુંબઇ, સીમલા સુધી દોડવું પડે છે. સિવિલસર્વિસ, બેરિસ્ટરી, એન્જીનીયરી, ડોકટરી વગેરેની પરીક્ષાઓ આપવા વિલાયત જવું પડે છે અને આ બધું કર્યા વિના ચાલે તેમ નથી. આપણે દિનપર દિન હીન દશામાં મુકાઇએ છીએ. જો ખાવાને જ નહિ મલે તો ધર્મ ક્યાંથી રહેશે ?

આથી જીવમાત્રનો સહજ ધર્મ ઉદરપુરણ તરફ પણ ધ્યાન દેવાની જરૂર છે પરસ્પર દ્વેષભાવનો ત્યાગ કરો. શૈવશાકત, શીખ જૈન ગમે તે ધર્મના હોય પ્રત્યેકની સાથે બેસો. ઉપાસના હૃદયની વસ્તુ છે તેને આર્યક્ષેત્રમાં ફેલાવાની કાંઇપણ જરૂર નથી વૈષ્ણવ, શૈવ, બ્રહ્મોસમાજી, આર્યસમાજી બધા જુદી જુદી પાતળી દોરીઓ જેવા છે, અને આથી જ ઐશ્વર્યરૂપી મદમસ્ત હાથીને તેઓ બાંધી શકતા નથી. આ બધી દોરીઓને મેળવીને એક મોટું દોરડું બનાવો. અને તે વડે આ હાથીને બાંધવાથી તે

દિગંતમાં દોરતો રોકાશે. અર્થાત્ હવે તે સમય નથી. હવે મહાન ઘોર કાલેકાલ આવ્યો છે ચારે બાજુએ આગ લાગી છે. દરિદ્રતારૂપી અગ્નિ દેશને બાળી નાખે છે આવક વાણિજ્યની ન હતી, નોકરીની હતી. અને તે પણ આ પ્રકારે ધીમે ધીમે ચાલી હવે કામ શી રીતે ચાલી શકે? કદાચિત્ બ્રાહ્મણો અને મોટાઓ કહે કે અમને શું? અમને તો મફતનું મલે છે. અમે કહીશું કે તમારે રડવું પડશે. જે કરાળ કાળ આવી રહ્યો છે તેને આંખ ઉઘાડીને જુઓ થોડા દિવસ પછી તમને માનનારા કવચિત જ મળશે.

હવે બધાએ એકત્ર થવું જોઇએ હિન્દુ નામધારી વેદથી લઇ તંત્ર અને ભાષાગ્રંથ પર્યન્તના માનતા બધા એકત્ર થઇમે પરમધર્મ આર્યજાતિનું ઐકય જ માનો આજ ધર્મરક્ષા છે. અંદર તમે ગમે તેવા ભાવ ધરાવી શકો છો. તમારા ભાવને અનુસરીને ઉપાસના કરો, પણ ઉપરથી બધા એક થાઓ. ધર્મ સંબંધી ઉપાધિઓને છોઠીને સ્વાભાવિક ધર્મની ઉન્નતિ કરો.

❖

વૈષ્ણવ પરિષદનું દુષ્કાળ રાહતકાર્ય

સુરત–આં. રા. પુ. વૈ. પરિષદ તરફથી મોટા મંદિરમાં દુષ્કાળ રાહત અને ગૌ સંરક્ષણ માટે જાહેર સભા ભરાયેલ તેમાં મંત્રી શ્રી રમેશભાઈ શ્રોફે થયેલ રાહત કાર્યની વિગત આપી હતી. રૂા. ૮૮,000 ભેળા થયેલા તેમાંથી રૂા. ૫૭,000 રાહતકાર્યમાં ગુજરાતમાં વપરાયા છે. સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે જીલ્લાવાર થયેલા રાહત કાર્યની વિગત આપી હતી, આ પ્રસંગે પૂ પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ તરફથી રૂા. ૨,૫00 દુષ્કાળ રાહત કાર્ય માટે આપવામાં આવ્યા હતા. તેમજ સભામાં ઉપસ્થિત નાગરિકો નરફથી રૂા. ૧,000 દાનમાં મળ્યા હતાં.

નવસારી–આં. રા. પુ. વૈ. પરિષદ તરફથી 'રંગ વિહાર' માં "કૃપા શ્રી યમુનાજીની" નું નાટક રજુ થયેલ. સુરન મોટા મંદિરના પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી ઉપસ્થિત થયા હતા અને આશીર્વચન સાથે દુષ્કાળ રાહતકાર્યમાં દાન આપી પશુધન બચાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શ્રી નરેન્દ્રભાઇ પારેખ તરફથી રૂા. ૧૦0૧ ના દાનની જાહેરાત થઈ હતી

લવાજમ મ. ઓ. થી મોકલાવતા ગ્રાહકોને ખાસ વિનંતિ

શ્રીવલ્લભ સુધા કાર્યાલય ઉપર જે રકમ મ. ઓ. થી મોકલાવાય છે તે ફોર્મમાં નીચેની સ્લીપ જે કાર્યાલયે રાખવાની હોય છે તેમાં નામ–ગામ–સરનામું કાંઈ લખેલ હોતું નથી તો આ રીતની રકમ માટે કાર્યાલય જવાબદાર નથી તેની નોધ લેવા વિનંતિ.

ચેક કે ડ્રાફ 'શ્રીવલ્લભ વિજ્ઞાન' એ નામથી મોકલવા વિનંતિ.

પરિષદ શાખાના મંત્રી શ્રી હસુભાઈ ખખ્ખરે ગૌ સેવા માટે અપીલ કરેલ કે દરેક સંપન્ન વૈષ્ણવ પરિવારે જ્યાં સુધી દુષ્કાળ રાહતનું કાર્ય ચાલે ત્યાં સુધી દસ્રોજનો એક રૂપીયો આપવો એ અપીમના જવાબમાં તુરત જ ૧૨૮ પરિવારોએ નામ લખાવી દીધા અને વધુ નામ નોધવા ચાલુ છે. આ રીતે ગૌ સેવામાં આર્થિક સહાયની નવતર યોજના અમલમાં મૂકાઈ છે.

ઉત્સવમાં પધારેલ પૂ. આચાર્યશ્રીઓને આં. પુ. વૈ. પરિષદ શાખાના પ્રમુખ શ્રી કાન્તીભાઈ રાધનપૂરાએ પુષ્પમાળાઓ ધારાવેલ. ઉપરાંત શ્રી રતીલાલભાઈ ભટ્ટ, શ્રી હરીભાઈ ઝવેરી વગેરેએ પ્રાસંગીક પ્રવચનો કર્યા બાદ પૂ. આચાર્યશ્રીઓના વચનામૃત થયેલ.

રાજકોટ–પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી મદનમોહન પ્રભુ પુષ્ટિમાર્ગીય યુવક સમાજના ઉપક્રમે શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ, શ્રી ગુસાંઈજીનો પ્રાકટ્ય મહોત્સવ ૧૫, પંચનાથ પ્લોટ ખાતે પૂ. મહારાજશ્રીના નિવાસ સ્થાને ખૂબજ ઉત્સાહપૂર્વક ઉજવાયો. માગશર વદ ૮ રવીવારે રાત્રે સભાના કાર્યક્રમમાં પૂ પા. આચાર્યશ્રીઓના વચનામૃતનો વિષદ કાર્યક્રમ થયેલ. તા. ૯ ને સોમવારે સવારે શ્રી...... ના પલના શ્રીનામરત્નાખ્ય સ્તોત્રના પાઠ, બહેનોના રાસ ગરબા, સાંજે વધાઈ કિર્તન અને સભાના કાર્યક્રમો થયેલ સભામાં અધ્યક્ષસ્થાને પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી બીરાજેલ અને પ્રેરક વચનામૃતો કરેલ. પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન–રાજકોટ) અને પૂ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રીના વચનામૃતો થયેલ.

પુસ્તક પરિચય

પુષ્ટિ–સુધા–બિંદુ :– આ સોળ પેઈજી ક્રાઉન સાઈઝની આઠ પેઈજની પુસ્તિકામાં 'પુષ્ટિચરણ-વંદના' 'શ્રીનાથજીના દર્શન' 'વૃત્રાસુર ચતુ;શ્લોકીનો ભાવાનુવાદ' શ્રી યમુના મૈયાની આરતિ' વગેરે ભકિતગીતો સુંદર રાગ–ઢાળ–છંદમાં ગાઈ શકાય છે. લેખકે પોતાના ગો. વા. પૂ. પિતાશ્રી ગાંધી ગોકળદાસ ગોરધનદાસ ઠકરાર અને ગો. વા. પુત્રી નીતાકુમારી જ. ગાંધીના સ્મરણાર્થે પ્રસિદ્ધ કરેલ છે.

રચયિતા–પ્રકાશક–પ્રાપ્તિ સ્થાન
શ્રી જયંત જી. ગાંધી "કુસુમાયુધ"
"માતૃછાયા", માંગનાથ રોડ, નીચીબારી, જુનાગઢ.

મુલુન્ડ–પ્રભુચરણ શ્રી ગુસાંઈજીના સપ્તકુમાર શ્રી ઘનશ્યામજીનો પ્રાગટ્યોત્સવ તથા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રમેશકુમારજી મહારાજશ્રીનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સજાતિય વર્ગ ઉપરાંત સ્થાનિક તેમજ ઘાટકોપર, મુંબઈ, થાણા, કાંદિવલી વગેરેનો વૈષ્ણવ સમાજે ઉપસ્થિત થઈ અલૌકિક આનંદ પ્રાપ્ત કર્યો હતો.

આ જ પ્રમાણે પરમ દયાળ પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી ગુસાંઈજીનો પ્રાકટ્યોત્સવ પૂ. પા. શ્રી રમેશકુમારજી મહારાજશ્રી તથા પૂ. ચિ. શ્રી રઘુનાથજી બાવાશ્રીની અધ્યક્ષતામાં ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવાયેલ. દીવસના શ્રી નામરત્નાખ્ય સ્તોત્રના પાઠ સાંજે કલશ શોભાયાત્રા સભામાં વચનામૃતાદીના સુંદર કાર્યક્રમ થયેલ.

।। શ્રીકૃષ્ણ: શરણં મમ ।।

શ્રીકૃષ્ણનામ બેંકમાં ખાતુ ખોલાવો

આ બેંક શ્રી ભાગવત વિદ્યાપીઠ, કૃષ્ણધામમા ચાલે છે. તેમના તરફથી આવેલ નામમંત્ર લખવાની નોટબુકો મેળવવા અને નામમંત્ર લખવાની નોટબુકો પાછી પહોંચતી કરવા નીચેના સ્થળે મલવું.

(૧) શ્રી વસંતભાઈ વોરા
C/o વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઈ રોડ,
ફોન – ૩૩૦૫૯ રાજકોટ

(૨) શ્રી હેમતભાઈ પટેલ
C/o શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી,
૪, વૈશાલી નગર, આમ્રપાલી સીનેમા સામે,
ફોન – ૪૮૬૮૧ રાજકોટ

નોંધ–શ્રીવલ્લભ સુધાનું લવાજમ પણ ઉપરના બન્ને સ્થળે ભરી શકાશે.

ચિત તું શીદને ચિંતા ધરે !

ગિત્ત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે
સ્થાવર જંગમ જડ ચેતનમાં, માયાનું બળ ઠરે,
સમરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મ-મરણ-ભય હરે. (૧)

નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે
માયાનું આવરણ કર્યું ત્યારે, લક્ષ ચોરાસી ફરે. (૨)

તું અંતર ઉદ્વેગ ધરે તેથી, કારજ શું સરે ?
ધણીનો ધાર્યો મનસૂબો, હર-બ્રહ્માથી નવ ફરે. (૩)

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે,
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે. (૪)

થનાર વસ્તું થયા કરે, જયમ શ્રીફળ પાણી ભર,
જનાર વસ્તુ એણી પેરે જાશે, જયમ ગજ કોઠું ગળે. (૫)

જેવું જેટલું જે જે કાળે, તે તેને ઠર ઠરે,
એમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કુટાઇ તું મરે ? (૬)

તારું ધાર્યું થતું હોત તો, સુખ સંચે દુઃખ હરે,
આપપણું અજ્ઞાન-ફળ એ, મૂળ વિચારે ખરે ? (૭)

થવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઉચ્ચરે,
રાખ ભરોસો રાધાવરનો, ‘દયા’ શીદને ડરે ? (૮)

–દયારામભાઇ

સંગ્રાહક : **ગો. વા. ૫. ભ. શ્રી મગનલાલ તન્ના**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
वैदिकसन्मार्गरक्षक

શ્રીવલ્લભસુધા

॥ શ્રીહરિ ॥

ડોલનું પદ

રાગ : **સારંગ**

હરિ ડોલ દેખી વ્રજવાસી ફૂલે ।
ગોપી ઝુલાવે ગોવિંદ ઝુલેં ।।૧।।
આનંદ કંદ ગોકુલમેં સોહે ।
મુરલી મનોહર મન્મથ મોહે ।।૨।।
કમલ નયનકો લાડ લડાવે ।
પ્રભુદિત ગીત મનોહર ગાવે ।।૩।।
રસિક શિરોમણી આનંદ સાગર ।
'રામદાસ' પ્રભુ મોહન નાગર ।।૪।।

* * *

વર્ષ ૬ : અંક ૧૧ ✠ ફેબ્રુઆરી, ૧૯૮૮
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ ૩૬૦૦૦૧

॥ શ્રી વલ્લભ ॥

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ઉપક્રમે વિવિધ ક્ષેત્રે યોજાયેલ કાર્યક્રમની સંક્ષિપ્ત માહિતી

સાવલી–પરિષદના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠના પ્રમુખસ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ શાખા પ્રમુખ શ્રી રમણભાઈ શ્રોફે સ્વાગત પ્રવચન કર્યું હતું અને શ્રી વિઠ્ઠલભાઈ શાહે આભાર દર્શન કર્યું હતું. ભરૂચના કિર્તનકાર શ્રી અનંતભાઈ ભગત અને શ્રીમતી મધુબેન શાહની આગેવાની હેઠળ ભરૂચની બહેનોએ સંગીત–કીર્તન સાથે સુંદર ગરબા તા. ૧૨–૧૨–૮૭ ના રોજ રજૂ કર્યા હતા.

જરોદ–શ્રી કનુભાઈ શાહના પ્રમુખ સ્થાને યોજાયેલ જાહેર સભામા મંત્રીશ્રી ચીમનભાઈ શેઠે પરિષદ દ્વારા આયોજિત ગૌસંરક્ષણ–દુષ્કાળ સેવા કાર્યમાં સહાય ભૂત બનવા અપીલ કરી હતી. વાઘોડીયા અને જરોદના વૈષ્ણવોએ એકસો ગાયો દત્તક લીધી છે.

બોરીયાળી–ગામે શાખાની સ્થાપના કરવામાં આવી શ્રી સુર્યકાત કે. શાહ અને શ્રી રાવજીભાઈ પટેલની સંયોજક તરીકે નિયુક્તિ કરવામાં આવી.

ખેડા જીલ્લાના સોજીત્રા, તારાપુર, ખંભાત વગેરે સ્થળોએ પૂ. પા. ગો. શ્રી વાધીશકુમારજી મહારાજે યોજાયેલી સભામા પ્રવર્તમાન દુષ્કાળ પરિસ્થિતિમાં તન, મન, ધન પૂર્વક સહયોગ આપવા વૈષ્ણવોને અપીલ કરી હતી. બધા સ્થળોયે મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે ઉપસ્થિત રહી પરિષદ દ્વારા થઈ રહેલા કાર્યની વિસ્તૃત જાણકારી આપી હતી. તા. ૨૧–૧૨–૮૭

સંખેડાજીલ્લાના બહાદરપુર, ડભોઇ વગેરે સ્થળોએ તૃતીય પીઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી વ્રજેશ કુમારજી મહારાજ (કાંકરોલી નરેશ) શ્રી એ પ્રવાસ ખેડી યોજાયેલ સભામાં દુષ્કાળની ગંભીર પરિસ્થિતિનો ખ્યાલ આપી ગોધન બચાવવા અને દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારમાં માનવ સેવા કાર્ય કરવા વૈષ્ણવ સમાજને કટિબદ્ધ થવાં અનુરોધ કર્યો હતો ડભોઈમા ૮૪ વૈષ્ણવો ગાયને દત્તક લેવાની અપીલમાં ૬૦ નામો સભામાં લખાયા હતા અને લક્ષ્યાંકને સિદ્ધ કરવા તત્પરતા દર્શાવી હતી. સંખેડા અને બહાદપુર ખાતે પણ ૪૦ વૈષ્ણવોએ ગાયોને દત્તક લીધી છે. એવી જાણકારી સંગઠન મંત્રીશ્રી ચીમનભાઈએ આપી છે. પ્રવાસમાં જે તે વિભાગના અગ્રગણ્ય વૈષ્ણવો જોડાયા હતા.

બોડેલી–શ્રીમદ્ ભાગવત સપ્તાહની વ્યાસપીઠ ઉપર બિરાજમાન શ્રીમાન યોગેશ શાસ્ત્રીજીએ ‘આજે પ્રભુને પ્રિય એવી ગાયો તેમજ અન્ય પશુધન જળ અને ઘાસ વિના વલખાં મારી રહ્યા છે ત્યારે સાચો ભક્ત સાચો વૈષ્ણવ, સાચો માનવી મૂક પ્રેક્ષક બની કેમ બેસી રહે?” આવી હૃદય વેધક વાણીમાં શ્રોતા વૈષ્ણવોના હૃદયને ઢંઢોળવા યત્ન કર્યો હતો અને પૂ. પા. ગો. શ્રી ઈન્દીરાબેટીજીની પ્રેરણા અનુસાર એક વ્યક્તિ રોજના એક રૂપિયા લેખે આગામી ૩૦૦ દિવસ માટે રૂ. ૩૦૦ બચાવે અને તેને સમર્પે તો એક ગાયને બચાવવાનું પૂણ્ય કાર્ય થઈ શકે. આ સંદેશો ઝીલીને બોડેલીના વૈષ્ણવોએ રૂ. ૮૪ હજારની સેવા એકત્રિત કરી. આ કાર્યમાં બોડેલી ઉપરાંત આસપાસના ગામો જબુવળ, પાવી જેતપુરના વૈષ્ણવો યે પણ સહકાર આપેલ આ રકમ પૂ. પા. મો શ્રી ઈન્દીરાબેટીજીને સમર્પણ કરવામા આવી. પૂ. બેટીજી દ્વારા એક હજાર ગાયોનો કેમ્પ સોલામાં અને પાંચસો ગાયોનો કેમ્પ બાંટવામાં સક્રિય થઈ ચૂક્યો છે.

સલામલી–ગૌરવની વાત એ છે શ્રીમાન યોગેશ શાસ્ત્રીજીએ વૈષ્ણવ પરિષદને તેના કાર્ય પ્રસાર માટે તેમજ દુષ્કાળ નિમિત્તે રાહત કાર્યો માટે એક વર્ષની બાર શ્રીમદ્ ભાગવત કથાઓ નિઃસ્વાર્થ ભાવે સમર્પણ કરી છે તેમાં પ્રથમની કથા પ્રસંગે માત્ર દેઢ હજારની વસ્તી ધરાવતા આ નાનકડા ગામના ગ્રામવાસીઓએ રૂ. ૧૪૫૦૦ એકત્રિત કરી તે રકમનું ઘાસ લઈ દ્વારકા નજીકના ગામોમાં ગૌ માટે ઘાસ વિતરણ કર્યું.

(જુઓ ટાઈટલ ત્રીજું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૧૦ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * ફેબ્રુઆરી, ૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૦ મો)

અધ્યાય તેરમો

કાર્યકારણકર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।
પુરુષ સુખદુઃખાનાં ભોક્તૃત્વે હેતુરુચ્યતે ॥૨૧॥

કાર્ય અને કારણોને પ્રગટ કરવામાં પ્રકૃતિ હેતુ કહેવાય છે, સુખ અને દુઃખોના ભોક્તાપણામાં પુરૂષ હેતુ કહેવાય છે. ॥૧૨॥

આથી જ 'કાર્યકારણકર્તૃત્વે' વગેરે શબ્દોથી વધારે સ્પષ્ટ કરે છે. કાર્યનાં એટલે કે પોતાનાં રસાનુભવનાં કારણોને એટલે કે દેહ, ગુણ વગેરેને પ્રગટ કરવામાં પ્રકૃતિ એ હેતુ છે, પ્રકૃતિ એટલે પહેલાં કહેવાયેલા સ્વરૂપની ભગવાનની શકિત કહેવાય છે. તેમ જ સુખ અને દુઃખના એટલે કે સંયોગ અને વિરહાત્મક વગેરેના ભોક્તા હોવામાં અને તેના રસના જ્ઞાતા હોવામાં પુરૂષ હેતુ છે એટલે કે કારણ છે, એમ કહેવાય છે. ॥૨૧॥

પુરૂષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ ગુણાન્ ।
કારણં ગુણસંગોઽસ્ય સદસદ્યોનિજન્મસુ ॥૨૧॥

કારણ કે, પ્રકૃતિમાં સ્થિત પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણોને ભોગવે છે, ગુણોનો સંગ આનું (આ જીવનું) સારી નઠારી યોનિઓમાં જન્મ થવાના કારણ બને છે. ॥૨૨॥

તેથી શું ? તે 'પુરુષ' વગેરે શબ્દોથી કહે છે. પુરુષ એટલે પુરુષરૂપે પ્રગટેલા ભગવાન પ્રકૃતિમાં રહેલ એટલે કે પોતાના રસના અનુભવના સ્થાનમાં રહેલ તે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ પહેલાં કહેવાયેલ ગુણોને ભોગવે છે, ઇતર સંભોગ કરે છે, એમ અર્થ છે. પરંતુ એમ સમજવું નહિ કે, પુરુષરૂપે સારી કે નીચ યોનિમાં એટલે કે, દેવ તિર્યંચ વગેરેમાં જન્મ થવામાં ગુણના રસ ભોગવવાની ઇચ્છા એ કારણરૂપ છે, એમ અર્થ છે. ॥૨૨॥

ઉપદ્રષ્ટાઽનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્
પુરુષઃ પરઃ ॥૨૩॥

આ દેહમાં રહેલ પરમ પુરુષ સાક્ષી, અનુમતિ દેનાર અને ભરણપોષણ કરનાર ભોકતા, મહેશ્વર અને પરમાત્મા એ રીતે પણ કહેવાયેલો છે. ।।૨૪।।

એ પ્રમાણે રસ ભોગવવાની ઇચ્છાને કારણરૂપે જણાવીને, તે સંબંધમાં કહે છે કે, દેહ વગેરેમાં પ્રવેશેલ, સ્વલ્પ અંશરૂપ અવિદ્યાત્મક જીવ ભોગ ભોગવે છે એમ દેખાવા છતાં પુરુષનું ભોકતાપણું શી રીતે કહેવાય? તેનાથી જીવનો સંસાર કેવા પ્રકારનો હોય? એવી શંકા કરીને તેનું સમાધાન 'ઉપદ્રષ્ટા' વગેરે શબ્દોથી કરે છે. સર્વથી પર પુરુષ પુરુષોત્તમ આ દેહમાં 'ઉપદ્રષ્ટા' એટલે સાક્ષી, તેમ જ 'અનુમંતા' એટલે અનુમોદ આપનાર 'ભર્તા' એટલે ધારક, 'ભોકતા' એટલે રક્ષક અને મહેશ્વર' એટલે મહાન એવા ઇશ્વર છે. તેમજ 'પરમાત્મા' અને 'ચ' અક્ષરથી પંચ પ્રાણ અને જીવ વગેરે પણ તે કહેવાયેલ છે, એમ અર્થ છે. અહીં આ ભાવ છે: દેહ વગેરે બધું જ ભગવાનને સમર્પણ કરીને તેમણે આપેલા પ્રસાદથી સેવા માટે ઉપયોગમાં લેવા યોગ્ય ભોગ કરનારના સાક્ષી એટલે મુખ્ય સેવામાં તેનો ઉપયોગ કરાવનાર, તેમ જ સમર્પણ કરાયું છે તેના આનંદમાં સમર્પણ કરીને આનંદિત, તેમ જ ભર્તા એટલે પતિપણાથી ધારક અને પોષક તે છે, એમ અર્થ છે. તેમ જ ભોકતાપણાથી પોતાનો હોવાની પ્રતીતિથી રક્ષક તે છે. તેવી જ રીતે મહેશ્વર એટલે સ્રષ્ટા એવા બ્રહ્માજી વગેરેના પણ પ્રભુ તેનાથી તેવા પ્રકારે વસ્તુ (વિદ્યમાન બધું જ) ઉત્પન્ન કરનાર તે છે, એમ અર્થ છે. તેવા પ્રકારના ગુણોવાળો પરમાત્મા ભિન્નરૂપે રહેલો છે એમ અર્થ છે. ।।૨૩।।

ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।
સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૂયોઽભિજાયતે ।।૨૪।।

એ પ્રમાણે પુરૂષને અને ગુણો સાથે પ્રકૃત્તિને જે જાણે છે, સર્વથા વર્તે છે, તે પણ ફરીથી જન્મ પામતો નથી. ।।૨૪।।

એ પ્રમાણે સમર્થન કરીને, એવા પ્રકારના જ્ઞાનવાળાના સંસારનો અભાવ 'યઃ એવમ' વગેરે શબ્દોથી કહે છે. પહેલાં કહ્યા પ્રમાણે પુરૂષને, ગુણો સાથે પ્રકૃતિને અને ભગવદ્રુપને જે જાણે છે અને જાણીને તે પ્રમાણે સર્વથા વર્તતો હોય છે, તે પણ એટલે કે તેવા પ્રકારનું આચરણ કરવાના અભાવવાળો જ છે તે ફરીને જન્મ પામતો નથી, સંસારમાં આવતો નથી, પરંતુ મુકત જ થઇ જાય છે,

ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના ।
અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ।।૨૫।।
અન્યે ત્વેવમજાનન્તઃ શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે ।
તેઽપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિ પરાયણાઃ ।।૨૬।।

કેટલાક મન વડે ધ્યાનથી આત્મ સ્વરૂપ ભગવાનને હૃદયમાં જુએ છે. બીજાઓ સાંખ્ય વડે અને બીજાઓ કર્મયોગ વડે (ભગવાનને જુએ છે.) ।।૨૫।।

વળી એ પ્રમાણે નહિ જાણનારા બીજા, બીજાઓ પાસેથી સાંભળીને. પણ ઉપાસના કરે છે, વેદવિહિત શ્રદ્ધાથી ઉપાસના કરનારા તેઓ પણ મૃત્યુને ખરેખર જીતી લે છે. ।।૨૬।।

એ પ્રમાણે જ્ઞાન વડે જ જો મુક્તિ મળતી હોય તો બીજા સાધનોનું પ્રયોજન રહે નહિ.

એવી શંકાના પ્રત્યુત્તરમાં અન્ય સાધનોનું ‘ધ્યાનેન’ વગેરે શબ્દોથી બે શ્લોકથી કહે છે. કેટલાક જ્ઞાનીઓ ધ્યાન વડે મનને સ્થિર કરીને, હૃદયમાં મન વડે આત્મ સ્વરૂપ ભગવાનને નિહાળે છે. બીજા કેટલાક નિત્ય અને અનિત્ય વસ્તુના વિવેકવાળા સાંખ્યયોગ વડે તે પ્રમાણે ભગવાનને નિહાળે છે. અને બીજાઓ કર્મયોગ વડે એટલે કે કર્મોમાં તદાત્મક પ્રાકટયરૂપ યોગ વડે ભગવત્સ્વરૂપને નિહાળે છે. વળી બીજા નહિ જાણનાર મૂર્ખજનો બીજા ગુરુઓ પાસેથી સાંભળીને, અનુભવ વગર જ એ પ્રમાણે, પહેલાં કહેવાયેલા પ્રકારે ઉપાસે છે, અને તેઓ પણ બધા મૃત્યુને અવશ્ય તરી જાય છે, એટલે કે મુકત થઇ જાય છે, એમ અર્થ છે. તેઓ શી રીતે મુકત થઇ જાય છે તે ‘શ્રુતિ પરાયણાઃ’ વગેરે શબ્દોથી કહે છે. શ્રુતિ પરાયણજનો શ્રુતિમાં કહેલા (વેદ વિહિત) પ્રકારે શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરવાથી મૃત્યુને તરી જાય છે, એમ અર્થ છે. અહીં આ તાત્પર્ય છેઃ પોતાનું વાકય સત્ય કરવાને માટે તેઓને પણ નિબંધ રીતે હું તારું છું. પરંતુ સ્નેહથી તારતો નથી, એ પણ ‘એવ’ અને ‘અપિ’ એ બે શબ્દોથી સુચવ્યું છે. ॥૨૫, ૨૬॥

યાવત્ સંજાયતે કિંચિત્ સત્ત્વં સ્થાવર જંગમમ્ ।
ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્તદ્વિદ્ધિ ભરતર્ષભ ॥૨૭॥

હે ભરત કુળમાં શ્રેષ્ઠ અર્જુન જેટલું સ્થાવર અને જંગમ જે કાંઇ વસ્તુ ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના સંયોગથી (ઉત્પન્ન થાય છે, તેમ) તું જાણ. ॥૨૭॥

પહેલાં કહેવાયેલા એ પ્રકારોમાં કયો પ્રકાર ઉત્તમ છે, તેમ જ તે શી રીતે જાણવા યોગ્ય છે, એમ હોવાથી ‘યાવત્’ વગેરે શબ્દોથી કહે છે. જેટલા પદાર્થો છે તે બધા એટલે કે સ્થાવર અને જંગમ જે છે તે બધું ક્ષેત્ર ક્ષેત્રજ્ઞના પહેલાં કહેવાયેલ સ્વરૂપના સંબંધથી, ક્રીડા માટે મારા સંયોગથી સત્ત્વરૂપે થયેલું તું જાણ. ‘હે ભરતર્ષભ, એવું સંબોધન તે માટેના જ્ઞાનની યોગ્યતા બતાવવા માટે છે. ॥૨૭॥

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઈ
હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઈ
(રાજકોટ) ના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રી રઘુનાથ ચરણ નિર્મિત વિવરણનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ૭ મો) અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

જો એ પ્રમાણે આત્યંતિકતાથી સમાધાન થવામાં પણ અત્યારના અપમાન જેવું ફળદશામાં પણ થાય તો અત્યારે મનનું સમાધાન શી રીતે થાય ? એવો પ્રશ્ન થાય તો તેના પ્રત્યુત્તરરૂપે કહે છે કે,

યોગ્ય સંકલ્પ એ જેનું વ્રત છે, એટલે કે જે નિશ્ચિત વ્રતધારી છે, તેથી તે વિષ્ણુ છે, જે સર્વત્ર રહેલ છે, તે ફલદશામાં પણ અન્યથા નહિ જ કરે, એમ જાણવું. અને મૂળ શ્લોકમાં 'ચ' અક્ષર છે તે નિશ્ચિતતાના અર્થમાં છે; નિશ્ચિત સંકલ્પ જેનો છે તે; જેમ કે, 'શ્રીરામ બીજી વાર શરનું અનુસંધાન કરે નહિ, આશ્રિતોને બીજાનો આશ્રય લેવો પડે નહિ, યાચકોને બીજી વાર યાચવું પડે નહિ, અને પોતે બીજી વાર બોલે નહિ' "જે એક જ વાર શરણે આવીને તે 'હું તમારો છું,' એમ યાચના કરે છે એવાં પ્રાણીમાત્રને હું અભય આપું છું, એ મારું વ્રત છે." 'હે કુંતીપુત્ર અર્જુન, મારો ભક્ત નાશ પામતો નથી. એમ તું નિશ્ચયપૂર્વક જાણ (ગીતાજી, ૯-૩૧), વગેરેમાં એ પ્રમાણે જાણવું. બધું ય અળગું કરીને જે ભગવાન સાથે હું ભગવાનના ભજનમાં જોડાયેલો છું, તો પછી તે ભગવાન મને શી રીતે ત્યજશે ? એવો ભાવ છે. પોતાનું જે કર્તવ્ય છે તે 'આજ્ઞા એવ' વગેરે શબ્દોથી કહે છે. આચાર્યશ્રી દ્વારા જે આજ્ઞા થાય તે પ્રમાણે જ નિરંતર કરવું, પરંતુ અન્ય મતે સિદ્ધ હોય છતાં જેની આજ્ઞા ન થઇ હોય તે કયારેય પણ કરવું નહિ. એથી ઊલટું, આજ્ઞા થઇ હોય તે ન કરવામાં પણ સ્વામીદ્રોહ જ થાય ॥૪॥

જો આજ્ઞા વિના કોઇ કાર્ય કરવામાં ન આવે તો કરવા ધારેલું કાર્ય શી રીતે સફળ થાય ? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહે કે, જેમણે સર્વસ્વનું નિવેદન કરેલું છે, એવા ભક્તનો આ ધર્મ છે; કારણ કે પોતાના ભકતોનું આ લોક કે પરલોકનું એમ બધું ય પ્રભુ જ કરશે, એમ અર્થ છે. એ પ્રમાણે સતત અનુસંધાન કરતાં રહેવું, એવો ભાવ છે. ॥૫॥

અહીં વિશ્વાસ બેસે તે માટે આચાર્યશ્રી પોતાના અનુભવને 'આજ્ઞા પૂર્વમ્' વગેરે શબ્દોથી પ્રારંભ કરીને બે શ્લોકમાં પ્રગટ કરે છે.

મારા પ્રત્યે પહેલી આજ્ઞા દેશના પરિત્યાગ સંબંધી હતી, જે ગંગા અને સાગરના સંગમ ઉપર થઇ હતી. ફરીને બીજી જે આજ્ઞા થઇ તે દેહના પરિત્યાગ સંબંધી હતી, જે મધુવનમાં મથુરામાં થઇ હતી. તે બંને આજ્ઞા મેં માની નથી. ત્રીજી લોકગોચર આજ્ઞા, એટલે કે લોકો સંબંધે, લોકોનો ઉદ્ધ કરો, એવા પ્રકારની હતી. તે મેં માની છે, એટલું ઉમેરવું.

તેમાં બે આજ્ઞાના ભંગરૂપ હોવા છતાં મને પશ્ચાત્તાપ શા માટે થાય ? તે પશ્ચાતાપ કેવો કે જે મેં આજ્ઞા માની નથી એવા સ્વરૂપનો પશ્ચાતાપ. તે પશ્ચાતાપ કોઇ રીતે આજ્ઞાભંગની સાથે સંબંધિત નથી, એમ છે. આજ્ઞા ન માનવામાં 'અહમ્ સેવકઃ' વગેરે શબ્દોથી તેનો હેતુ કહે છે. સેવકનું બધું સમર્પણ કરેલું હોય છે. તેથી તેનું જે કોઇ કાર્ય થાય તે ભગવાનની ઇચ્છાથી જ થાય છે, એ નિશ્ચિત છે. 'ન ચ અન્યથા' એટલે કે અન્યની સમાન હું નથી, એમ અર્થ છે.

તો તો પછી, લૌકિક સ્વામીની જેમ આજ્ઞાભંગનો દોષ ન હોવામાં ભગવાન પણ લૌકિક સ્વામી જેવા ગણાય, તેવી શંકાના પ્રત્યુત્તરરૂપે 'લૌકિકપ્રભુવત્' વગેરે શબ્દોથી કહે છે. કોઇ વાર આસુરવ્યામોહ અર્થે લૌકિક જેવું આચરણ કરે તોપણ લોકની જેવા ભગવાનને ક્યારેય જાણવા જોઇએ નહિ, એમ અર્થ છે. લોક જેવું આચરણ તો રામાયણ, મૌસલપર્વ વગેરેમાં જાણીતું છે. ॥૬, ૭॥

કોઇ પણ વિષયમાં ચિંતા કરવી નહિ, એમ કહે છે.

લૌકિક કે અલૌકિક એવું પોતાનું બધું જ ભક્તિથી એટલે કે સ્નેહપૂર્વક સમર્પિત થયેલું જ છે, તેથી તું કૃતકૃત્ય છો, તું સુખી થા, તું સુખપૂર્વક જીવ, મિથ્યા ચિંતા ન કર, એમ અર્થ છે. આળસ વગેરે કારણે પોતાના શરીરને પ્રિય આશ્રય એવા ભગવાનમાં જોડતો નથી તેવા પ્રત્યે 'પ્રૌઢા અપિ' વગેરે શબ્દોથી દૃષ્ટાંત આપીને તેવા દોષને દર્શાવે છે. મોટી ઉંમરની, 'અપિ' શબ્દથી વિશેષ અર્થ કરે છે કે, મોટી ઉંમરની ન હોય તો પણ પુત્રીને જ્યારે સ્નેહવશ થઇને પતિગૃહે મોકલાય નહિ, એટલે કે મોકલવામાં દુર્લક્ષ્ય સેવાય ત્યારે તેનો પતિ તેના વિના અન્ય રીતે સંતુષ્ટ થતો નથી. જે જે જેમ છે જ્યારે દેહનું સમર્પણ કર્યું છે ત્યારે પણ અતિ સ્નેહને વશ થઇને ભગવાન સાથે ન જોડવામાં ભગવાનના અસંતોષનું કારણ ભને છે, એમ અર્થ છે.

હવે 'લોકવત્' વગેરે શબ્દોને સમજાવે છે. સામાન્ય લોકોની જેમ જો મારી સ્થિતિ થાય તો હવેની અવસ્થા કરતાં તેનાથી અધિક લોકમાં અને વેદમાં શું હોય ? કાંઇ જ ન હોય. ઊલટાનું શર્વનાશ જ હોય, એમ છે, તે પ્રમાણે આ યોગ્ય છે કે નહિ, તેનો વિચાર તું જ કર. ॥૮, ૯॥

સર્વ પ્રકારે કાર્ય અસાધ્ય હોય ત્યારે 'મારું શરણ શ્રીહરિ જ છે,' એવી બુદ્ધિનો આશ્રય લે, આ અર્થમાં કોઇ પણ રીતે તું માનસિક વિકળતાને પામ નહિ. ॥૧૦॥

ઉપસંહાર કરે છે કે, શ્રીકૃષ્ણના દાસ્યને વરેલા શ્રીવલ્લભનું, એટલે કે શ્રીકૃષ્ણના દાસનું એમ હોવાથી અથવા જાતિ અભિપ્રાયથી બધે એકવચન વપરાયું છે. એવા શ્રીકૃષ્ણના દાસના ચિત્ત સંબંધે હિતની ઇચ્છાથી સંપાદન કરેલું, શ્રીવલ્લભનું કહેલું આ વચન જાણવું. એમ શી રીતે ? એવો પ્રશ્ન થાય તો 'યદાકર્ણ્ય' વગેરે શબ્દોથી કહે છે કે, જે વચન સાંભળીને ભક્ત ચિંતાથી મુક્ત થાય છે, એમ છે. ॥૧૧॥

એ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશ્વરના આત્મજ શ્રીરઘુનાથજીએ રચેલ 'અંતઃકરણપ્રબોધઃ' ઉપરનું વિવરણ પૂરું થયું.

છુવત પરસમનિ લોહ કંચન વ્હે જાવે

માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

સૌરાષ્ટ્રના મોરબી શહેરમાં હરિદાસ શેઠ નામે એક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભાટિયા સદ્‌ગૃહસ્થ રહે છે. તેમના પત્નીનું નામ કાન્તાબેન, પુત્રનું નામ રાજેશ અને નાનકડા પૌત્ર–પૌત્રીનું નામ વ્રજેશ અને ચંદ્રા. હરિદાસ શેઠ શહેરમાં અનાજ–કરિયાણાની દુકાન ચલાવે છે અને રાજેશ શહેરની નગરપાલીકામાં નોકરી કરે.

ઘરમાં શ્રીજીની સેવા બિરાજે છે. સેવાની જવાબદારી કુટુંબમાં મુખ્યત્વે કાન્તાબેન સંભાળે, પરંતુ પ્રસંગોપાત તેમના પતિ પણ પ્રભુસેવામાં જોડાય. નાનકડા વ્રજેશ અને ચંદ્રા પણ સેવામાં વડીલોને સહાય કરતા. રાજેશની પત્ની વિશાખા બે વર્ષ પહેલાં શ્રીજીચરણ પામેલ છે. કુટુંબમાં એક માત્ર રાજેશ પ્રભુસેવાથી અલિપ્ત રહે છે.

કાન્તાબેનને શ્રીજી પર અત્યંત ભાવ નિયમિત હવેલીએ દર્શન કરતા જાય અને ઘરમાં પોતાના ઠાકોરજીની સેવા પણ ભાવથી કરે. તેમને લીધે કુટુંબમાં ધર્મભાવ ટકી રહેલો છે એમ કહેવામાં કોઇ અતિશયોકિત નથી. રાત્રે સ્તોત્ર–ધોળ–કીર્તનના કૌટુંબિક સત્સંગમાં રાજેશ સિવાય કુટુંબના બધા સભ્યો જોડાય. પાત્ર–પૌત્રીમાં ધર્મભાવના પુષ્ટ થાય તેની કાન્તાબેન સંભાળ રાખે. તેમને સત્સંગમાં અને હવેલીએ મંગળાના અને શયનના દર્શન કરવા સાથે લઇ જાય.

હરિદાસ શેઠના પુત્ર રાજેશમાં બહિર્મુખતા ભારોભાર હતી. બ્રહ્મસંબંધ લીધેલ હોવા છતાં પણ સંગદોષના કારણે મંદિરે દર્શન કરવા અને સત્સંગમાં જતો નહીં તેમજ ઘરના ઠાકોરજીના દર્શન પણ ક્યારેકજ મનેકમને કરી લે છે. શ્રીજી પ્રત્યે કે નિજ ધર્મ પ્રત્યે લવલેશ પણ ભાવ તેનામાં ન હતો આને બદલે સંસારની ક્ષુલ્લા વસ્તુઓમાં રચ્યાપચ્યા રહેતા, મિત્રોની મંડળીમાં પત્તા રમવામાં મિજબાની ઉડાવવામાં અને અર્થહીન વાતો કરવામાં તે પોતાના જીવનનો મોટા ભાગનો સમય વ્યતીત કરતો વળી તેને બજારુ વસ્તુ ખાવાની આદત પડી ગઇ હતી. મિત્રમંડળીમાં બહારનું ખાવા ઉપરાંત દરરોજ રાત્રે ઘેર આવતી વખતે બજારમાંથી બસો ગ્રામ ખમણનું પડીકું બંધાવી લાવે અને તે ખાય ત્યારેજ તેને સંતોષ થતો ઘરની નાનીથી કરીને મોટી કોઇ પણ વ્યકિત તેણે લાવેલ ખમણને અખાદ્ય ગણી સ્પર્શ પણ કરતી નહીં.

રાજેશની માતાને પુત્રના અસમર્પિત વસ્તુ, લેવાથી, અન્યાશ્રયથી, બજારુ વસ્તુ ખાવાથી અને દુસંગથી દુઃખ થતું તે પુત્રને ઘણું સમજાવતી કે તું આવી ઠાકોરજીના પ્રસાદ જેવી સાકરની વસ્તુ ત્યજીને કડવા લીંબડા જેવી બજારુ વસ્તુ ખાવાનું છોડી દે. છતાં દરરોજ ખાટું, ખોરું, અને તીખું તમતમતું ખાવાનો તેને એટલો બધો ચસકો લાગી ગયો હતો કે તે તેને છોડી શકતો નહીં.

રાજેશને પોતાની માતા પર ઘણી લાગણી હતી. પરંતુ માતાની નારાજગી વહોરીને પણ તે બજારની વસ્તુ ખાવાનું ટાળી શકતો નહીં.

વૃદ્ધાવસ્થામાં કાન્તાબેન કોઇ કોઇ વાર બાળકો પાસેથી સેવા કરાવે. પરંતુ માંદગીએ તેમને અવશ બનાવી દીધા ત્યારે તેમને લાગ્યું કે હવે શ્રીજી તેમને પોતાની પાસે બોલાવી લેશે. તેથી છેલ્લે છેલ્લે તેઓ ઘેર શ્રીજીનો ઉત્સવ મનાવે છે.

આ શુભ પ્રસંગે તેઓ પુત્રને કહેઃ "રાજેશ, આજે આપણે ત્યાં ઠાકોરજીનો ઉત્સવ છે તેથી ખમણ કે એવી તેવી વસ્તુ બહારથી ઘેર નહીં લાવતાં પ્રભુનો પ્રસાદ લેજે."

પરંતુ આદત પ્રમાણે રાજેશ તે દિવસે પણ ખમણ લાવ્યો અને ખાધું પણ ખરું આ વખતે મનના ઊંડાણમાં તેને આ વસ્તુ માટે ખટકો લાગ્યો.

માતાને આથી દુઃખ થયું. તેમણે કહ્યું. "રાજેશ બેટા, હવે હું આ જગતમાંથી વિદાય લેવાની છું. આજે મારી વહુ હોત તો પ્રભુ સેવા ખુશીથી માથે લઇ લેત. બાળકોમાં ભાવ છે પરંતુ તેઓ હજી ઘણા નાના છે તેથી સેવાની જવાબદારી તેમને સોંપાય નહીં. આથી સંબંધીજન હોવા છતાં મને ઠાકોરજીને મારા ગુરુગૃહે પધરાવવાની ફરજ પડશે"

રાજેશ માતાનું દુઃખ સહી શકયો નહીં તેથી લાગણીવશ થઇ તેણે કહ્યું. "નહીં મા, ઠાકોરજીને પધરાવી આવતી નહીં તારા પછી હું સેવા કરીશ."

માતાને તેના શબ્દોથી થોડું આશ્વાસન મળ્યું પણ તેના પર વિશ્વાસ આવ્યો નહીં. રાજેશનું વલણ પણ કંઇ બદલાયું હોય તેવું લાગ્યું નહીં. તે પોતાની જૂની આદત મુજબ વર્તતો રહ્યો.

માતાની માંદગી વધતી ગઇ અને આખરે તે પથારી વશ બની તેને લાગ્યું કે હવે તે આ જગતની બેચાર રોજની મહેમાન છે. તેના બિછાના પાસે પતિ, પુત્ર, પૌત્ર-પૌત્રી બધા શોકમગ્ન બેઠા હતા.

રાજેશની દૃષ્ટિ માતાના ચહેરા પર સ્થિર થઇ તેને હૃદયમાં પારાવાર દુઃખ થતું હતું.

કાન્તાબેને તેના તરફ મુખ ફેરવ્યું અને બોલી ઊઠયા; 'રાજેશ, તારા શબ્દો પર વિશ્વાસ રાખી મારા ઠાકોરજીને મેં મારા ગુરુગૃહે પધરાવ્યા નહીં. હવે મારા પછી મારા ઠાકોરજીની સેવા કોણ કરશે ? આમ કહેતાં માતાને પારાવાર કષ્ટ થયું.

રાજેશ માતાનું દુઃખ સહન કરી શકયો નહીં. તે આગળ આવ્યો અને માતાના દુબળા હાથ પોતાના હાથમાં લઇ અશ્રુસભર આંખે બોલ્યો, "મા, હું તને વચન આપું છું કે હું આપણા ઠાકોરજીની સેવા મન દઇને કરીશ અને તેમની હરેક પ્રકારે સુવિધા જાળવીશ તું મનમાં જરા પણ ઓછું લાવતી નહીં."

હૃદયના ઊંડાણમાંથી બોલાતા શબ્દોથી માતાને આનંદ થયો તેમણે પોતાનો ક્ષીણ

હાથ રાજેશના શીરે મૂકી કહ્યું, બેટા, પ્રભુની સેવા ભાવથી કરજે અને સુખી થજે.’

આ પ્રસંગ પછી કાન્તાબેન માત્ર ચાર જ દિવસ જીવ્યા, પરંતુ આ ચાર દિવસમાં પોતાના પુત્ર રાજેશની પરિચર્યાથી તેમને ઘણો સંતોષ થયો, રાજેશમાં ધરખમ પરિવર્તન આવી ગયું હતું. હવે તે ઘેર વધારે સમય ગાળવા લાગ્યા. બહારની વસ્તુ ખાવાનું સદંતર બંધ કરી દીધું અને શ્રીજીની સેવા પ્રેમપૂર્વક કરવા લાગ્યો. આ જોઇ તેની માતા ઘણા પ્રસન્ન થયા અને આનંદ ભર્યા હૃદયથી ‘શ્રીકૃષ્ણઃ શરણ મમ’ રટતાં રટતાં આ જગતને છોડી તેઓ શ્રીજીચરણ પામ્યા.

રાજેશભાઇએ માતાને આપેલ વચન પાળ્યુ તેઓ ઠાકોરજીની સેવા ખૂબ ભાવથી કરે છે, સેવામાં આગળ વધતાં તેમનામાં શ્રીજી પ્રત્યે ભાવ–આસક્તિ વધતાં જાય છે. માર્ગીય પુસ્તકોના વાચન અને સત્સંગથી તેમનામાં ભાવની પુષ્ટિ થાય છે. બંને બાળકો પિતાની સાથે સેવામાં સમયે સમયે હાજર રહે છે, તેમનામાં આવેલ આ ભાવપરિવર્તનથી આજુ બાજુના લોકોને પણ આશ્ચર્ય થાય છે, તેમને થાય છે કયાં પહેલાનાં સેવા વિમુખ, ભાવ રહિત રાજેશભાઇ અને કયાં આજના સેવા-પરાયણ અને પ્રભુમય જીવન ગાળતા રાજેશ ભાઇ લોકો એક અનન્ય વૈષ્ણવ તરીકે રાજેશભાઇનું દૃષ્ટાંત આપતા થઇ ગયા.

જે રાજેશભાઇને થોડાં વર્ષો પહેલાં સેવા સત્સંગ એટલે શું તેની કોઇ ગતીગમ ન હતી એ રાજેશભાઇને ત્યાં આજે સત્સંગ કરવા અને એમના પુષ્ટિ બોધ વચનો સાંભળવા અનેક વૈષ્ણવો આનંદ અને ઉત્સાહથી આવે છે અને રાજેશભાઇ તેમને આનંદથી પ્રભુપ્રસાદ લેવડાવે છે. પ્રભુ પણ તેમને પર પ્રસન્ન રહે છે અને તેમને અનેકવાર સાનુભવ જતાવે છે, આમ પ્રભુસેવા રૂપી પારસમણિના સ્પર્શે પહેલાંના લોહ જેવા ક્ષુદ્ર રાજેશભાઇ આજે કંચન જેવા વિશુદ્ધ બની ગયા છે. આજે હવે તે રીટાયર્ડ જીવન જીવે છે, પ્રભુસેવા તેમના જીવનનો મહત્તમ આનંદ છે.

સેવા–પરાયણ રાજેશભાઇને જોઇને ભકત કવિ શ્રીદયારામભાઇના કવિતની એક પંકિત યાદ આવી જાય છે.

‘છુવત પરસમનિ બહુત લોહ કંચન વ્હે જાવે.’

સદાય વૃન્દાવન મારું મન હો

મહાપ્રભુ વલ્લભ હે કૃપાળુ,
કરું પ્રગટ હું મનની અભીપ્સા;
સદાય વૃન્દાવન મારું મન હો,
લાલન રમે જ્યાં નિજ નિત્ય લીલા

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

લીલી ટોપીવાળો

(લાવણી)

એક સમે શામળિયો સિધાવ્યા
પધાર્યા વ્રજમાં ગોકુળવાસી
ગાયો રે છોડી ચારા રે કીધા
ગાયુ નાશી ચોય દિશે
તેવે રે સમે ગોપના છૈયા જોતાં
ગાયોને છબીલે છોડી મૂકી
અણસમજુ રે બચ્ચા નવ ઓળખે
ટોપીની નિશાની રાખી
રમતા રે છૈયા ઘરમાં રે ગયા
માતા ખોટો થયો છે ખેલ
લીલી રે ટોપીવાળો છોકરો એક
ગાયો છોડીને નાશી ગયો છેક
સુણી રે ગોપી સર્વે બોલી ઉઠી
ચાલો રે તેને ગોતવા જઇએ
કેનું રે છોકરું છકી ગયેલું
તેની રે માતાને કહીએ
ઉત્પાત કરતા આવ્યા અલબેલો
ભાઇબંધની ટોળીમાં પેઠા
એક ભાઇબંધની માથે
ટોપી ઓઢાડી પાસે બેઠા
એવે રે સમે સર્વે ગોપીનું ટોળુ
વઢતું ને લડતું ને ગડગડતું
વ્રજ વનિતા વૃંદ ત્યાં આવ્યું
ગોપી કહે ગાયુ છોડનારો
અહીં હશે કૃષ્ણ કાળો
તેણી રે પેરે છૈયા રે બોલ્યા
આ રહ્યો લીલી ટોપીવાળો
સુણી રે ગોપી સર્વે ખીઝી
તેને મારવાને લાગી
ઢીકા રે પાટું ઢીંચણ કોણી
તે જોઇને અલબેલો હસે
કુંવર કહે આ નથી ટોપી મારી
ગિરધારીની છે આ ટોપી
ગોવિંદ કહે રે ગોપી સમ તમારા
મારે નથી રે લીલી ટોપી
એમ કહીને કોકનો કુંવર કુટાવ્યો
કામિનીઓ સર્વે કરગરે
વલ્લભના સ્વામી રે શામળીયા
વ્રજ વનિતાના છે છેલછોગાળા

પ્રેષકઃ પ.ભ. સમરથમા (શ્રીમદ્ ગોકુલ)

ઓ મહાપ્રભુ ! મહામંત્રી છો તમે

(રાગઃ ‘ઓ શ્રીનાથજી આવજો તમે)

ઓ મહાપ્રભુ ! મહામંત્રી છો તમે
શ્રીકૃષ્ણરાયના પુષ્ટિ રાજ્યના....ઓ મહાપ્રભુ૦
મહામંત્ર દાન દઇ જગના જીવો પરે
કરૂણાનીધિ તમે કરૂણા કરી ખરે ! ઓ મહાપ્રભુ૦
શ્રીનાથ ઇશનો આદેશ અનુસરી
સંબંધ બ્રહ્મસું જોડયો જીવતણો
ભવાટવી મહીં અટવાઇ જે રહ્યા
બ્રહ્મસંબંધ દઇ પુષ્ટિમાં ગ્રહ્યા....ઓ મહાપ્રભુ૦
આપ–કુલ થકી જે બ્રહ્મસંબંધ લે,
તે જીવ જાય છે શ્રીકૃષ્ણ શરણમાં
વિરકત થઇ જગે અનુરકત ઇશિમાં
શ્રીનાથજી મળે ફેરા ટળે ખરે ! ઓ મહાપ્રભુ૦

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

શ્રીયમુનાજીના પદ

(ભાવર્થ વિવેચન સહિત)

લેખક : પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૨મું, રાગ બિભાસ

શ્રી યમુનાજી દીન જાન મોહે દીજેં,
નંદકુમાર સદા વર માંગો;
ગોપિન કી દાસી મોહે કીજેં. ૧
તુમ તો પરમ ઉદાર કૃપાનિધિ,
ચરણ શરણ સુખકારી;
તિહારે વશ સદા લાડિલી વર્તંત,
તટ ક્રિડત ગિરિધારી. ૨
સબ બ્રજનન વિહરત સંગમિલ-
અદ્ભૂત રાસ વિલાસી;
તુમારે પુલિન નિકટ કુંજન,
પુંજા કોમલ રાશી સુવાસી, ૩
જયોં મંડલમેં ચંદ વિરાજત
ભર ભર છિરકત નારી;
શ્રમ જલ હસત ન્હાત અતિ રસ,
ભર જલ ક્રિડા સુખકારી, ૪
રાનીજી કે મંદિરમેં નિત્ય ઉઠ,
પાય લાગ ભુવન કાજ સબ કીજેં,
'પરમાનંદ' દાસ દાસી હોય,
નંદ નંદન સુખ દીજેં. ૫

ભાવાર્થ : હે શ્રી યમુનાજી! મને દીન જાણીને મારૂં ઇચ્છિત આપો. હે નંદકુમાર! આપ યુગલ સ્વરૂપ પાસે સદા એજ વરદાન માગું છું કે હું ગોપીજનોની દાસી થાઉં.

આપ તો પરમ ઉદાર અને કૃપાના ભંડાર છો. ચરણ શરણસ્થ જીવોના પરમ સુખકારી છો. હે શ્રી યમુનાજી! શ્રી લાડિલીજી–રાધિકાજીના વર શ્રી ગિરિધારી આપને વશ થઇને અષ્ટ પ્રહર આપના તટ ઉપર ક્રિડા કરે છે.

અનેક વ્રજસુંદરીઓનાં યુથો સાથે મળીને અદ્દભુત રાસવિલાસ જલવિહાર આદિ અનેક પ્રકારનાં વિહારોથી વિલસે છે. સાથે આપના પુલિનમાં દ્રુમલતાઓ, કુંજનિકુંજો કોમલ અને મકરંદિત થઇને ચંદ્ર સમાન પ્રકાશી રમણ સહાયક બને છે.

જેમ તારિકા મંડલમાં ચંદ્ર બિરાજે એમ શ્રીવ્રજવિહારી યમુના જલમાં પધારી અનેક પ્રકારની ક્રિડાઓ કરે છે. ચારે તરફથી ગોપીજનો, આપને અંજલી ભરી ભરીને જલ છીરકે છે. શ્રમજલ એવા આપના જલમાં હાસ્ય વિનોદ સહ ખેલ અને અનેક પ્રકારની ભકતાધીન સુખમય લીલા કરે છે એવાં આપ શ્રીમહારાણીજીના કેલી મંદિરમાં નિત્ય ઉઠી વંદન કરી, આપના દાસ થઇને સર્વ કાર્ય કરીએ. પરમાનંદ પોતે દાસ અને તેના લીલાત્મક સ્વરૂપ શ્રીચંદ્રભગાજી દાસી એવા આપના આશ્રિતને શ્રીનંદનંદનના ઉપરનાં સર્વ સુખો દીન જાણીને આપો.

વિવેચન–પ્રભુને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન દૈન્ય છે. ગમે તેટલાં ઉત્તમ કાર્ય કરવા છતાં મનમાં સહજ પણ 'અહમ' આવે તો કાર્ય સિદ્ધ થતું નથી. માટે જ સર્વ લીલાના અધિષ્ઠાત્રિ શ્રીયમુનાજી પાસે પરમાનંદદાસજી દીન થઇને માગે છે. ભાનુનંદિની શ્રીયમુનાજીનો જીવો ઉપર સ્નેહ વાત્સલ્ય માતા જેવી મમતા અને પ્રેમ છે. બાળક દીન થઇ જાય તો તેને તુરત જ ઇચ્છીત આપે છે. 'પોષત હે પયપાન પુત્રલો' આવું વહાલ છે.

॥ શ્રી વલ્લભઃ ॥
॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રી વલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ) લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

શ્રીવલ્લભી વૈષ્ણવજન બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૮)
શ્રીવલ્લભી સૃષ્ટિ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૯)
શ્રીવલ્લભ પરિવાર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૦)
શ્રીવલ્લભ પરિકર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૧)
શ્રીવલ્લભ ઉપસ્કર બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૨)
સદા સર્વદા બોલો-બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૩)
બોલ્યા કરો, બોલ્યા કરો; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૪)
અંતરની ઉલટે, આત્માના આનંદે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૫)
શ્રીમદ્ ગોકુલનો સિમાડો બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૬)
શ્રીમદ્ ગોકુલનુ પાદર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૭)
શ્રીમદ્ ગોકુલનાં વનચર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૮)
માટે, તમે સૌ બોલોરે બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૩૯)
શ્રીમદ્ ગોકુલની દાસી બોલો; શ્રીવલ્વભ તવાસ્મિ (૪૦)
શ્રીમદ્ ગોકુલની ખવાસણ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૧)
શ્રીમદ ગોકુલના ખવાસ બોલો; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૨)
શ્રીમદ ગોકુલના આવાસ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૩)
શ્રીમદ્ ગોકુલની ખવાસી બોલેઃ શ્રીવલ્લભ તવાસ્મિ (૪૪)
શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ, શ્રીવલ્લભ તવાસ્મિ (૧)
નંદાલયનાં આંગણ બોલેઃ શ્રીવલ્લભ તવાસ્મિ (૪૫)
નંદાલયનાં ચોક બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૬)
સ્વયં નંદાલય બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૭)
નંદાલયના કાંગરા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૮)
નંદરાયના રોમે રોમ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪૯)
યશોદાની રગે રગ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૦)
નંદાલયની કુમારિકા બોલે; શ્રીવલ્વભ તવાસ્મિ (૫૧)
એ સૌનાં જીવન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૨)
જમનાના જીવન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૩)
મંજરીના પ્રિતમ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૪)
મધુરાના અધિપતિ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૫)
રતનના રવન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૬)
રાધાના રમણ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫૭)

આ માસના ઉત્સવ

મહા વદ ૭ તા. ૧૦–૨–૮૮ બુધવાર શ્રીનાથજીનો પટોત્સવ (નાથદ્વારા)

મહા વદ ૧૧ તા. ૧૪–૨–૮૮ રવિવાર વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૪ તા. ૧૬–૨–૮૮ મંગળવાર મહાશિવરાત્રિ.

મહા વદ અમાસ તા. ૧૭–૨–૮૮ બુધવાર દર્શ–અમાવાસ્યા. દ્વાપર યુગાદિ તિથિ.

ફાગણ સુદ ૬ તા. ૨૨–૨–૮૮ સોમવાર શ્રીલલિત ત્રિભંગીજી (વેરાવળ) નો પાટોત્સવ આજથી બગીચા.

ફાગણ સુદ ૭ તા. ૨૩–૨–૮૮ મંગળવાર શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા)

ફાગણ સુદ ૯ તા. ૨૫–૨–૮૮ ગુરૂવાર. બગીચા નોમ.

ફાગણ સુદ ૧૧ તા. ૨૮–૨–૮૮ રવિવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદ ૧૩ તા. ૧–૩–૮૮ મંગળવાર બગીચા તેરસ.

ફાગણ સુદ ૧૪ તા. ૨–૩–૮૮ બુધવાર હોલીકા ઉત્સવ.

ફાગણ સુદ ૧૫ તા. ૩–૩–૮૮ ગુરૂવાર હોલી પ્રદીપન સાંજે ભદ્રા નથી મન્વાદિ તિથિ શ્રીચૈતન્ય મહાપ્રભુ જયંતિ (સં. ૧૪૦૭)

ફાગણ વદ ૨ તા. ૫–૩–૮૮ શનિવાર દોલોત્સવ (ઉદયાત ઉત્તરા ફાલ્ગુન આજે છે તેથી)

ફાગણ વદ ૩ તા. ૬–૩–૮૮ રવિવાર. દ્વિતીયા પાટોત્સવ આજથી છાક તથા કુંજના પદ અક્ષયતૃતીયા સુધી બોલાય.

ફાગણ વદ ૫ તા. ૮–૩–૮૮ મંગળવાર રંગ પંચમી શ્રીરણછોડજી (ડાકોર)ના ષોડશોપચાર.

પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. શ્રી લુધામલ નરસીદાસ, સુરતના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધર્મબોલા)

લેખાંક ૨૩ મો — ગતાંકથી ચાલુ

સભામાં રાજાએ આપેલ શ્રીવલ્લભનો પરિચય

ચૌપાઇ

કહત રાવ હમ પરિચય પાયે, દર્શન દેવન સન્મુખ આયે
શતયાજી કુલ પરમ કુલીના, વૈષ્ણવ ધરમ મરમ શુભલીના
સોમયાજી લછમન ભટ ગેહા, પ્રકટ અનલ ચંપારન દેહા
બસત માતુ પિતુ સહ સબ કાશી, બાલકપન વિદ્યા અભ્યાસી
લઘુવય ગુરુઘર હરિ રતિ ઠાની, બાલ સરસ્વતી પદલિય નામી
વ્રત કુલ કરમ સફલ મમકીને, શુભ અવસર દર્શન પ્રભુદીને
મમ અધિકાર ન એક દયાલુ, વિપ્ર ચરન રજ પરમ કૃપાલુ
બ્રહ્મસત્ર આગમન શુભ પાવા, સફલ સત્ર મોરે મન ભાવા
યહ દ્વિજ મંડલ મમ હિત ધાયે, નિજ મતિ વેદતત્ત્વ બિલગાયે
નિગમ અગમનકો પાવહિં પારા, ગ્રથિત કથિત ષટ માહ નિવારા
સગુણ અગુણ જગજીવ અનેકા, વદત વેદ ઇન ઈશ હૈ એકા
ક્રીડા કરત ઇશ વહ એકા, સદ્ચિદ્ અંશ બિલગ કર રેખા
માયાકૃત જબ પાય ઉપાધી, હોત જન્તુ કૃતિ કર અપરાધી
વિવિધ વચન બોલત મતવારે, સિદ્ધ હોત શાંકર મતિ સારે
કોવિદ વદત સરસ્વતી વાસા, તત્ત્વ શ્રવણ નિજ મુખ અભિલાષા
સુનત બચન વલ્લભ મુસકાયે, માયિક ગિરિ વિદ્યુત ભય પાયે

દોહા :– વિજય પત્રકી બાત તજ, વદત રાવ કર જોર
કરત કુલાહલ કછુક જન, બોલત નૃપત બહોર
હરિ પ્રેરિત આયે યહા, પૂછત હમ નિર્દોષ
હોનહાર હોવે સદા, ક્યોં કર પાવત રોષ

શ્રી વિદ્યાતીર્થને માનપત્રનો સમય થયો છે. શ્રીવલ્લભનું અકસ્માત પધારવું, તેમાં મુખ્ય સિંહાસન પણ શ્રીવલ્લભને મળ્યું. આ બધું શ્રીકૃષ્ણદેવે સમજયા વગર કર્યું ? ના, સમજીને કર્યું કેમ, કેવી રીતે ? જયાં સુધી સભામાં શ્રીવલ્લભ ઉભા રહે ત્યાં સુધી કોઇથી બેસાય નહિં, શ્રીવલ્લભ માટે નવું સિંહાસન મંગાવતાં સમય લાગી જાય, વળી સર્વ આચાર્યો સોનાના સિંહાસનો પર બેઠેલા હતા, ત્યારે અન્તિમ આવેલ અતિથી નીચે કેમ બેસી શકે ? જે વચમાં સિંહાસન વિજયપત્ર આપવા મૂકેલ તેના પર શ્રીવલ્લભને અતિ ઉતાવળથી પધરાવ્યા, તેમાં શ્રીવલ્લભનો વીર્ય ગુણ કામ કરી રહ્યો છે.

વિજયપત્રની વાત છોડી કૃષ્ણદેવે સત્ય સિદ્ધાંત સમજવા પ્રાર્થના કરી તે અયોગ્ય નથી ? ના. કારણ કે કૃષ્ણદેવ જિજ્ઞાસુ છે. કોઇ ઠેકો આપી દીધો નથી કે અમારી આગળ હવે કાંઇ ન બોલાય. જાણવાની જિજ્ઞાસાવાળો વ્યક્તિ કોઇ પણ વ્યક્તિને પૂછી શકે છે.

મર્મ બીજો પણ સમજાય છે. જે વ્યક્તિ ગભરાય છે તેનું કારણ તેનો સિદ્ધાન્ત સંશયયુક્ત છે. તેથી તેને ભય થાય છે કે રખે મારો મત ખંડન કરે, કારણ કે મારા મતમાં ગડબડ છે.

હવે પ્રશ્ન કરવો તેમાં કોઇ દોષ નથી, કારણ કે જે સત્ય છે તે સત્ય રહેવાનું છે. શાંકરોનું સાચું ન હોય તો શાસ્ત્રાર્થ મા પુનઃ સહેવાનું છે. અર્થાત્ ખંડન થશે જ, ગ્રન્થ કર્તા ખોટી પક્ષ કરતો નથી. લેખકને સર્વ વાદીઓ પર સમાનતા છે. સમ્યક દર્શન વગર સિદ્ધાન્ત સમજાતો નથી. વિજય પત્રની અવહેલના નથી કરી, નથી કોઇનું અપમાન શ્રીકૃષ્ણદેવે કર્યું. કુલાહલ કરનારને યોગ્ય શબ્દો કહી આસને બેસાડી દીધા. એક જ વાકય જો સાચા હશો તો સાચા રહેવાના છો. પછી સાચા માટે સાચુ સ્થાન છે.

શ્રીવલ્લભનું કૃષ્ણદેવને આશ્વાસન

છંદ-ગીતિ માત્રા ૩૦

નૃપત વિનતી યહ વિધકીની, વ્યથા નૃપકી પ્રભુચિન લીની
કહત પ્રભુધૈર્ય ધરેં રાજા, કરત હરિ ભકતન કે કાજા
કાલને પ્રબલ દોષ ઢાયે, વેદ તજ અનુચિત મત છાયે
ભકિતને પરંપરા ધારી, દ્રવિડમેં ભકત ભયે ભારી
દેવ દ્વિજ સન્તન હિતકારી, ધરત અવતાર ચક્રધારી
ધરમ રતિ ચાહત મતિ તેરી, સફલ હો આશિષ યહ મેરી
ધર્મમય બાત ચલત જહંપૈ, તીરથ સહ ધર્મ હરિ તહંપૈ
ધન્યકુલ પાન્ડવ સુખકારી, પરીક્ષિત સમ કૃતિ ચિત ધારી

ભકત કુલ પરંપરા જાયો, નૃપત શાસ્ત્રાર્થ કરત પાયો
જગત કે મહત પુરુષ આયે, ઇશગુણ અગુણ મરમ ગાયે
ઇશિ પ્રેરિત હમહું આયે, સ્વજન દર્શન કર સુખ પાયે
દીક્ષિત હમ વિષ્ણુસ્વામી કે, વદત ગુણ અન્તરયામી કે
બ્રહ્મમય જન્તુ જગત સારા, અંશ અંશીસે નહિં ન્યારા
વાદકર ચાર પ્રમાણો સે, ઔર અનુરુપ પુરાણોં સે
વદત શ્રીમુખ વલ્લભરાઇ, સન્ત સુખનિધિ સનમુખ ધાઇ
માયિક ઉર અનલ રોષ ગોહે, પ્રભો મુખ ઘૃત ધારા સોહે

દોહા – કૃષિ ચાતક અરુમીન જબ, તજત પ્રાણુ જલ પાય
દાવાનલ પર વૃષ્ટિ સમ, વૈષ્ણવ બચન સુહાય
પ્રભુ મુખ વચનામૃત સુનત, માયિક પાબત રોષ
સન્ત સુધા ભાવત સુખદ, વચન વહી કિન દોષ

સમય સંયોગ જોતાં શ્રીવલ્લભનું આગમન કેવા પ્રકારનું વૈષ્ણવોને માટે. કૃષિ, ચાતક, મીન અને દાવાનલ પર મુસલધાર વૃષ્ટિ. મધ્વ, નિમ્બાર્ક, વિષ્ણુસ્વામી અને રામાનુજ આચાર્યોનું સજીવન થવું સર્વ વૈષ્ણવોના પ્રાણ ગયેલ પાછા ફરતાં ઇન્દ્રિયો દેહ સાથે સાવધાન ! કેટલો આનંદ !

–ક્રમશઃ

લવાજમ ભરવા માટે જુના ગ્રાહકોને વિનંતી

શ્રીવલ્લભ સુધાના લવાજમ માટે ગયા અંકમાં કરેલ વિનંતિને માન આપી ઘણા જુના ગ્રાહકોએ પોતાનું બે વર્ષનું લવાજમ રૂા. ૨૦ વીસ વીસ મોકલાવીને સહકાર આપેલ છે તે બદલ ધન્યવાદ.

હજુ પણ જે જુના ગ્રાહકોએ લવાજમ મોકલવામાં ઢીલ કરેલ છે તેવા ગ્રાહકો આ વિનંતિને માન આપી રૂા. વીસ વીસ મોકલાવી સાહિત્ય પ્રચાર કાર્યને પ્રોત્સાહિત કરે.

ચેક કે ડ્રાફ્ 'શ્રીવલ્લભ વિજ્ઞાન' એ નામથી મોકલવા વિનંતી

શ્રી તન્ના સાહેબને શ્રદ્ધાંજલિ

Phone : Res. 6144669
6149222

N. K. Parikh
M.Com. LLB, A.I.A.

F-78, Gujarati Society
Nehru Road, Vile Parle (East)
BOMBAY 400 057

માનનીય શ્રી રવજીભાઈ,

શ્રી તન્ના સાહેબના અવસાનના સમાચાર વાંચી હું અવાક બની ગયો. મારૂં મન ભૂતકાળમાં સરી પડયું. એમના મારા પર ઘણા ઉપકારો છે. એ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી તેમજ સાંપ્રદાયિક સાહિત્યના વિદ્વાન હતા અને સહજતાથી વિદ્વતાનો લાભ અન્યને આપતા હતા. ખૂબ જ જહેમત લઇ એમને મારી પુસ્તિકા 'કણ્ઠાભરણમ્'ની હસ્તપ્રતો સુધારેલી ને એને પ્રકાશિત કરવા યોગ્ય બનાવેલી. જયારે જયારે મને મુશ્કેલી આવે ત્યારે હું એમની પાસે દોડી જતો. મારી વિનંતીથી એમને સંશોધન કરી વૃત્રાસુરનું વૃત્તાંત પણ લખી આપેલું. સાચું કહું તો હું પછી લોભમાં આવી ગયેલો ને એમને નિયમીત રીતે પ્રૂફો તપાસવા મોકલતો. આ પ્રમાણે એમને નરસિંહ, મીરાં, સુરદાસ, દયારામ વિ. પ્રૂફો મને તપાસી આપેલી. કમભાગ્યે આ પુસ્તિકાઓનું પ્રકાશન તેમજ એને લગતી કેસેટોનું ઉદ્દ્ઘાટન એ જોઇ ન શકયા, નહીં તો એમની મહેનતનું પરિણામ જોઇ એમને ખૂબ જ પ્રસન્નતા થાત. આ પુસ્તિકાઓ-કેસેટો એમની બહુમુખી પ્રતિભાની સાક્ષી પૂરે છે. એમને અમને તેમજ વૈષ્ણુવ જગતને ઋણી બનાવ્યા છે.

આવા પ્રાતઃસ્મરણીય પુરુષને હું મારી રાજકોટની મુલાકાત વખતે મળી નહીં શકયો એનો મને વસવસો રહી ગયો છે.

આપના તા. ૬-૧૧-૮૭ના પત્રમાં શ્રી તન્નાસાહેબની અસ્વસ્થ તબિયત વિષે નિર્દેશ હતો, પણ ગંભીરતાનો મને ખ્યાલ નહિ આવેલો. 'વલ્લભસુધા'એ એક સમર્થ સંપાદક ખોયો છે, વૈષ્ણુવ જગતે એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યો છે. એ આપના જમણા હાથ સમા હતા. એમની ખોટ પૂરી શકાશે નહીં.

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તેમજ એમના કુટુંબીજનો ને સ્નેહીઓને આ આઘાત સહન કરવાની શકિત બક્ષે એ જ પ્રાર્થના !

એમની પાવન સ્મૃતિને મારા લાખ લાખ વંદન !

લિ.
ન. કે. પરીખના જય શ્રીકૃષ્ણ.

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

તેની પોલ તો અમે કોઇ અન્ય ગ્રંથમાં ખોલીશું કારણ કે 'ભામતી' શાંકર ભાષ્યની ટીકા નથી પણ યુકિતથી તેનું ખંડન જ છે-) થઈ શકતો નથી થતો શ્રૌતમતથી પણ અહીં તો પ્રચુર અર્થ જ છે. વ્યાકરણ (યાતું મનોરમાયાં દીક્ષિતૈઃ ભાષ્યકારાય ચંષ્ટિઃ પ્રદીયતે વિકારાર્થસાધને સા તુ શ્રીરામકૃષ્ણ પંડિતૈઃ ખંડિતોત ગ્રન્થાન્તરે તદપિ સ્ફોરયિષ્યતે) પ્રમાણે પણ આનંદ શબ્દથી વિકાર અર્થમાં 'મયટ' પ્રત્યય થઇ શકતો નથી. અન્નમયાદિમાં જેમ એક અન્ય આત્મા કહ્યો છે તેમ આનંદમયનો કોઇ જુદો આત્મા કહ્યો નથી. એથી માલમ પડે છે કે આનંદમય જ બ્રહ્મ છે.' અગર કહો કે 'આનંદમય વિગેરે પાંચ કોશો છે, એવી કલ્પના કરી શકીએ છીએ, કારણ કે વાત બ્રહ્મની ચાલી રહી છે, તે પુચ્છરૂપ બ્રહ્મનું જ્ઞાન કરાવવા માટે જ કોશની કલ્પના કરી છે. તો આ કથન પણ યુકત નથી કારણ કે બ્રહ્મ શબ્દમાં તો કોઇ જાતનો સંદેહ રહ્યો જ નથી. કેમકે 'સત્યં જ્ઞાનં આ શ્રુતિથી તેનો નિર્ણય થઈ ચુકયો છે પરંતુ 'પર'' શબ્દનો નિણર્ય કરવો બાકી રહ્યો છે અને તેના જ નિર્ણય વાસ્તે અનુવાકનો પ્રારંભ છે. માટે બ્રહ્મનું નહિ પણ આનંદમય બ્રહ્મનું પ્રકરણ ચાલી રહ્યું છે. અગર ભાવાભાવની શંકા લઇને આનંદમયને બ્રહ્મ ન માનતા હો તો પણ ઠીક નહિ, કારણ કે પ્રિયમોદાદિ અવયવવાન્ અવયવી આનંદમય લોકમાં અપ્રસિદ્ધ છે માટે ત્યાં પણ ભાવાભાવશંકા થઇ શકે છે.

યદિ કહો કે આનંદમયના પુચ્છાદિનું વર્ણન કર્યું છે માટે તે સવિશેષ છે અને વેદમાં તો નિર્વિશેષ બ્રહ્મનું જ વર્ણન કર્યું છે માટે આનંદમય બ્રહ્મ નથી, તો પણ ઠીક નહિં કારણ કે વેદમાં કયાંય પણ નિર્વિશેષ બ્રહ્મનો ગંધ સુદ્ધાં નથી એ અમે પ્રથમ શ્રુતિ અને યુક્તિઓથી બહુ સારી રીતે સિદ્ધ કરી આવ્યા છીએ.' યતો વાચો' આ શ્રુતિમાં તો બ્રહ્માનંદના પરિમાણભાવનો જ નિષેધ કર્યો છે, નિર્વિશેષ બ્રહ્મનો તો ગંધ પણ નથી માટે આનંદમય જ બ્રહ્મ અને પરબ્રહ્મ છે.

બીજું જે એવું કહ્યું છે કેઃ આનંદમયનો અભ્યાસ નહીં પરંતુ આનંદનો અભ્યાસ છે. એ માટે પણ આનંદમય બ્રહ્મ નથી તો તે પણ ઠીક નહીં કારણ કે આનંદ શબ્દથી

અર્થતઃ આનંદમયનું જ સુચન કર્યું છે, સાંભળો ! 'આનંદ બ્રહ્મણ:' 'યદેષ આકાશ આનંદઃ વિગેરે શ્રુતિઓથી આનંદની જ સ્તુતિ કરી છે, આવી રીતે સ્તુતિ દ્વારા પ્રાચુર્યનું દ્યોતન કર્યું છે. લોકમાં ધન પ્રાચુર્યાદિ સ્તુતિપાત્ર થાય છે એ સર્વજનીન છે, વાસ્તે આનંદમાં અર્થતઃ મયટ છે જ, અને આનંદમયમાં શબ્દતઃ મયટ છે, માટે આનંદમયનો જ અભ્યાસ છે 'આનંદમયમાત્માનં ઇત્યાદિમાં શબ્દતઃ અને "આનંદ' ઇત્યાદિમાં અર્થાત્: અભ્યાસ છે, બીજું જે એવું કથન છે કે 'પ્રચુર' અર્થ માનવામાં બ્રહ્મમાં કંઇક દુઃખનું હોવું પણ પ્રતીત થાય છે માટે આનંદમયને બ્રહ્મ ન માનવું જ ઠીક છે' આ પણ અણસમજની જ વાત છે કારણ કે પ્રાચુર્યું અર્થ અને આનંદની અત્યંતતા પ્રબોધે છે, પણ કાંઇ વિરૂદ્ધ વસ્તુની સત્તાનો બોધક નથી. વિરૂદ્ધ વસ્તુ ત્યાં છે કે નહિ એ પ્રમાણાંતરથી જોઇ શકીએ છીએ.

'તેજોમયઃ સુર્યઃ' પ્રભુતસંતાપો નિદાઘદિવસઃ' 'પ્રચુરાંધકારા વર્ષાશર્વરી બહુધનો વૈશ્રવણ: ઇત્યાદિ ઇત્યાદિ પ્રયોગોમાં શું સુર્યમાં અંધારૂ" ગરમીના દિવસમાં શૈત્ય, વર્ષારાત્રિમાં પ્રકાશ અને કુબેરને ત્યાં દારિદ્રય સંભવી શકે છે ? વધારે તો શું કહીએ, એ લોકો પણ ક્યાંય ક્યાંય તો એ પરવાહી જ ઉડાવે છે.

'સુર્ય તેજોમય છે' અહીં સુર્યમાં અંધકારની કલ્પના 'ગરમીના દિવસોમાં અત્યંત ધામ રહે છે' અહીં ખરા જેઠ મહીનાના મધ્યાન્હે શીતળતાની શંકા 'ચોમાસાની રાત્રિ વિકટ અંધકારવાળી હોય છે.' અહીં કાંઇક પ્રકાશનું સ્વપ્નું અને 'કુબેરને ત્યાં ઘણું ધન છે.' અહીં જરાક કુબેરને દરિદ્ર પણ સમજી લેવો વિગેરે બધું બીન સમજ સિવાય બીજું શું સમજાય ? એવી રીતે આનંદમય પ્રભુમાં થોડાંક દુઃખનો આરોપ કરવો એનાથી બીજી વિકટ ઘેલછા કઈ કહેવાય ? યદિ હઠાગ્રહથી માની પણ લેવાય કે આનંદમયઃ' 'મયટ' પ્રચુરાર્થક હોવાથી થોડીક દુઃખ સત્તાની પણ આશંકા રહે છે તો પણ બ્રહ્મ કે ભગવાનમાં તો આ શંકા પણ કરવી ઉચિત ન લેખાય. એવો એક નિયમ છે કે 'જ્યાં વસ્તુમાં ગુણ કે દોષોનું હોવું કોઇ પ્રમાણથી ન જણાય તો ત્યાં જરૂર સંદેહ રહે છે. એવી રીતે અગર પ્રામાણાંતરથી બ્રહ્મનું નિર્દુ:ખ રહેવું પ્રતીત ન થતું હોય તો કહી શકો છો કે–પ્રચુર અર્થ માનવામાં કિંચિત દુઃખની સત્તા પણ પ્રતીત થશે. પરંતુ પરમાત્માની નિદુઃખતાની સાક્ષી તો સમગ્ર ઉપનિષદો તથા વેદ વિગેરે સમગ્ર પ્રમાણો ડિમડિમ શબ્દથી પૂરી રહ્યાં છે માટે ત્યાં પ્રાચુર્ય અર્થ રહેતાં છતાં પણ એ કહી શકતા નથી કે ત્યાં (આનંદમયમાં) થોડું દુઃખ પણ છે' હજારો શ્રુતિ સમૂહોથી એ સિદ્ધ થાય છે કે' પરમાત્મા નિર્દુ:ખ છે' તથા દુરાગ્રહથી માત્ર પોતાની યુક્તિઓને જ આગળ કરી આનંદમયમાં દુઃખનું સ્વપ્ન દેખવું એ એ સિદ્ધ કરી રહ્યું છે કે આવી આશંકા કરવાવાળા મનુષ્યોમાં દુઃખના સંસ્કારો પોતાનું મજબૂત ઘર બાંધી બેઠાં છે. અસ્તુ, તો હવે એ સિદ્ધ થયું કે 'આનંદમય જ પરબ્રહ્મ છે.'

તૃતીય જે સર્વાન્તર્યામી પુરૂષ કહ્યો છે તે (વિશુદ્ધસત્વં તવ ધામ શાન્તમ્ । સત્ત્વં તસ્ય પ્રિયા મૂર્તિઃ । સત્ત્વં (વશુદ્ધ શ્રયતે ભવાન સ્થિતૌ । શ્રીમદ્ભાગવતમ્) પોતાના શુદ્ધ

સત્વનું શરીર જેવું રૂપ બનાવી તેમાં જ્યારે પ્રવેશ કરે છે ત્યારે તેઓને લીલાવતાર કહે છે. નૃસિંહ વામનાદિ અનેક (લીલાવતારાન પુરૂષસ્ય ભૂમ્નઃ । શ્રીમદ્ભાગવતમ્ ।)

લીલાવતારો એ સર્વાન્તર્યામી પુરૂષનાં જ છે. પ્રકૃત્તિના અશુદ્ધ સત્વ, રજસ અને તમસની માફક ભગવાનના પણ વિશુદ્ધ ત્રણ ગુણો (સત્વ, રજસ, તમસ) છે, બંનેનું નામ સમાન હોવાથી ક્યાંક ક્યાંક ભ્રમ પણ થવા લાગે છે, પરંતુ વાસ્તવમાં પ્રાકૃત ગુણોમા અને ભગવદીય ગુણોમાં ઘણું જ અંતર છે, જ્યારે આ સર્વાન્તર્યામી ભગવાન આ વિશાલ પ્રપંચની રક્ષા કરવાની યથાસ્થિત રાખવાની અથવા ધારણ કરવાની ઇચ્છા કરે છે ત્યારે તે પોતાના વિશુદ્ધ સત્વને વિગ્રહરૂપ બનાવી લોઢાના ગોળામા અગ્નિની માફક ત્યાં પ્રવેશ કરી વિષ્ણુ નામને ધારણ કરે છે અને અપ્રાકૃત અથવા વિશુદ્ધ રજોગુણના વિગ્રહમાં પ્રવેશ કરી ‘બ્રહ્મા’ની સંજ્ઞા ધરે છે, તેમજ વિશુધ્ધ તમોગુણનો પોતાનો વિગ્રહ બનાવી તેમાં શિવરૂપ સંજ્ઞા ધારણ કરે છે. માટે જ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એ ત્રણે ગુણાવતારો કહેવાય છે, આ નામસામ્યથી અગર કોઇ વિષ્ણુને સગુણ કહી દે તો તો તેની મોટી ભૂલ છે કારણ કે પ્રકૃત્તિના ગુણોનો તેમાં સ્પર્શ પણ નથી, અને શ્રીકૃષ્ણ ભગવાન તો આ બધાય અવતારોનું મૂલસ્વરૂપ છે, બધાંથી અલગ છે, પુરૂષોત્તમ છે, નિર્ગુણ છે, આનંદમય છે, સાકાર છે તથા સર્વશ્રેષ્ઠ છે, બ્રહ્માનું સૃષ્ટિ કરવાનું, વિષ્ણુનું પાલન કરવાનું તથા શિવનું સંહાર કરવાનું કાર્ય છે, એટલા જ માટે વિષ્ણુ વિગેરે અવતારોને અથવા ભગવદ્રુપોને કયાંક કયાંક સગુણ પણ સંભળાવી દીધા છે. પણ એથી કંઇ એઓને પ્રાકૃત ગુણવાળા ન સમજી લેવા પરંતુ એવે વખતે ગુણનો વિશુદ્ધ ગુણ એવો અર્થ થાય છે. આવી રીતે મૂલસ્વરૂપ ભગવાનનાં જ ચાર સ્વરૂપો છે એ સિદ્ધ થયું. એક શ્રીકૃષ્ણ ભગવાન પુરૂષોત્તણ સ્વરૂપ, બીજુ અક્ષર બ્રહ્મ જેની બે પ્રકારની સ્ફૂર્તિ થાય છે અને ચતુર્થ અંતર્યામી સ્વરૂપ છે.

કહેવાનો આશય માત્ર એટલો જ છે કે ગ્રાહકની સ્ફુર્તિમાં (અનુભવમાં) અનુભવથી આનંદની માત્રા જે અતિવિશેષ હોય છે તે આનંદાનુભવને ભગવાન કહે છે. ભગવાનનાં રૂપો અથવા આકારાદિ જુદાં નથી. પરંતુ ધર્માત્મક આનંદ જ ભગવાનના આકાર રૂપ વિગેરે છે, કેમકે ધર્મ અને ધર્મી બંને એક છે માટે ભગવાન આનંદ માત્ર છે. આનંદાનુભવ માત્ર છે, સચ્ચિદાનંદ છે તે (વેદાન્તે ચ સ્મૃતૌ બ્રહ્મલિંગં ભાગવતેઅપિ ચ । બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્ધતે । ભગવદ્વલ્લભાચાર્યકૃતસ્તત્વાર્થદીપઃ) આનંદાનુભવનેજ વેદમાં બ્રહ્મ, પર, ઇત્યાદિ શબ્દોથી સ્મૃતિમાં પરમાત્મા વિગેરે શબ્દોથી તથા શ્રીભાગવતમાં ભગવાન શબ્દથી વ્યવહર્યો છે, નિત્યવર્તમાન રહેવાથી અને અનુભવરૂપ હોવાથી તે ભગવાન સચ્ચિદાનંદ કહેવાય છે.

ગ્રાહકની જે સ્ફુર્તિમાં અનુભવની માત્રા વિશેષ હોય અને આનંદ કંઇક તિરોહિત જેવો હોય તો એવા આનંદાનુભવને અક્ષરબ્રહ્મ કહે છે. માટે જ આનંદવલ્લીમાં બ્રહ્માનંદની ગણના

('સ એકો બ્રહ્મણ આનંદઃ) કરી દીધી છે અને ત્યાં જ તેને હંસ સ્વરૂપ આનંદમય ભગવાનનું પુચ્છ ('બ્રહ્મ પુચ્છં પ્રતિષ્ઠાં') કહ્યું છે. આ અક્ષરબ્રહ્મ જ સર્વ પ્રપંચનું ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ છે આ અક્ષર બ્રહ્મથી જ પુરૂષ (રયિજ૭ા પ્રાણ ચ શ્રુતિઃ........ દ્વિધાસમભવદ બૃહત્૦ .. ..પ્રકૃતિઃ । સોમયાત્મિકા । જ્ઞાનં ત્વન્યતમો ભાવઃ પુરૂષ........ શ્રીભાગવતમ્) અને પ્રકૃતિ આ બંને જગત્ના માતા પિતા પ્રકટ થયા છે. અક્ષરબ્રહ્મ પણ સચ્ચિદાનંદાત્મક છે. એ માટે એનાથી ૨૮ તત્વો તથા યષ્ટિ જીવો ઉત્પન્ન થાય છે. આ અક્ષરબ્રહ્મની બે પ્રકારે સ્ફૂર્તિ થાય છે. શુદ્ધાદ્વૈત જ્ઞાનીઓને તો જ્ઞાનમાત્ર સ્ફૂર્તિ અને ભકતોને વ્યાપી વૈકુંઠરૂપ સ્ફુર્તિ થાય છે. જેઓને જ્ઞાનમાત્ર સ્ફુર્તિ થાય છે તેઓને માટે જ કોઈ કોઈ સ્થળે નિર્વિશેષ જેવું પણ કહી દીધું છે, માટે કાંઇ વસ્તુમાં કોઇ પણ જાતનો ભેદ નથી.

જે વખતે તે ભગવાન નામરૂપનું (અનેન જીવેનાઆત્મનાઅનુપ્રવિશ્ય નામરૂપે વ્યાકરવાણિ શ્રુતિઃ કોહ્મેબાન્યાત્ કઃ પ્રાણ્યાદ્યદેષ આકાશ આનંદોઃ ન શ્રુતિઃ) પૃથક્કરણ કરવા ચાહે છે, વિશ્વને ધારણ કરવા ચાહે છે. બધાંને ભીષાસ્માદ્વાતઃ પ્રવૃતે શ્રતિઃ –પોતપોતાના કાર્યમાં પ્રવૃત્ત કરવા ઇચ્છે છે અથવા બધાનો –મત્તઃ સ્મૃતિર્જ્ઞા નમપોહનં ચ' શ્રી ગીતોપનિષદ્ । પ્રકાશ કરાવવા ચાહે છે તે વખતે ભગવાન જ પરપુરૂષ, અંતર્યામી અથવા પરમાત્મરૂપ લે છે અથવા તે આનંદાનુભવ જ્યારે ગ્રાહકના હૃદયમાં ધારકત્વાદિ શકિતઓ સહિત ઉદ્ભૂત થાય છે ત્યારે તે પરમાત્મા કહેવાય છે. બધાંને જીવડાવે (પોતાના સ્વરૂપમાં લાવે) માટે એને કયાંય કયાંય જીવ પણ કહ્યો છે, અને બધામાં પ્રવેશ કરવાથી જ અંતર્યામી બ્રાહ્મણાદિમાં પૃથ્વી વિગેરેને તથા આત્માને એનું શરીર કહ્યું છે. સૂર્યાન્તર્વર્તી નારાયણ પણ એજ ભગવાન છે.

આ પ્રમાણે નિત્ય નિરતિશય આનંદાનુભવ માત્ર ભગવાન જ ત્રણ સ્વરૂપે થઇ જાય છે. એ ઠીક છે. એવી રીતે પરબ્રહ્મ જ ત્રણે રૂપોને ધારણ કરી લે છે. જ્ઞાનમાર્ગીય સાધનોથી બ્રહ્મસ્ફુર્તિ, મર્યાદામાર્ગીય ભકિતદ્વારા પરમાત્માની સ્ફુર્તિ અને શુદ્ધ પ્રેમથી ભગવાનની સ્ફુર્તિ થાય છે.

જેની શકિતઓ વિરૂદ્ધ જેવી ભાસતી રહે તેને બ્રહ્મ કહે છે. માટે આ ત્રણેમાં અથવા જીવાદિમાં પણ અગર વિરૂદ્ધ જેવા ધર્મોનું દર્શન થતું હોય તો કાંઈ પણ હાનિ નથી, કારણ કે એ બધું એ પરબ્રહ્મનું જ રૂપાંતર છે. આવી રીતે બ્રહ્મવાદની અનુરૂપ ભગવતસ્વરૂપનો નિર્ણય થયો છે. ભકત્યનુરૂપ બ્રહ્મસ્વરૂપનો નિર્ણય તો અમે આગળ ભકિતખંડમા કરીશું, શુભં ભૂયાત્ શમિતિ.

(દ્વિતીય ભાગ સમાપ્ત્)

॥ શ્રીકૃષ્ણ ॥

॥ નિ:સાધનાધિશ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

એક પત્ર

પ્રીય વલ્લભ બંધુઓ,

અનન્ય વલ્લભીયોનું સ્મરણ, દર્શન, અને સંગ ફલરૂપ છે. માર્ગિય સંગ જ ફલિત થાય છે, અન્ય માર્ગો અન્યને માટે અનન્ય માટે અન્ય માર્ગો જોખમરૂપ છે, આપણો માર્ગ વલ્લભનો માર્ગ છે, આપણો પંથ વલ્લભીય પંથ છે. વલ્લભીયોનો સંગ જ વલ્લભના ચર્ણાર્વિંદને પ્રાપ્ત કરાવે પ્રેમ, સ્નેહ આપણા માર્ગનો પાયો છે. શ્રધ્ધા વિશ્વાસ, સંગીઓનો જ કરાય, દીનતા. ભાવ, અને અંતરનો સ્નેહ માર્ગીય જનોમાં રાખવાનો છે, દૈન્ય આપણા માર્ગમાં મહત્વનું અને અતિ આવશ્યક પાસુ છે. પ્રેમ માર્ગમાં અહં ખતરારૂપ છે; અહં એ અધર્મ છે. અપરાધ છે. દૈન્ય ધર્મ દૈન્યમાં ભગવદ્ પ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય છે. ધર્મ–અધર્મની વ્યાખ્યા જો કરીયે તો મારા મતાનુસાર લખું છું, સર્વેશ્વરમાં સ્નેહ થાય સતત્ સ્મરણ દ્વારા સર્વનું વિસ્મરણ થાય તો તેજ ધર્મ કહેવાય, સર્વેશ્વરની સ્મૃતિમાં સર્વની વિસ્મૃતિ થવી, એજ પુષ્ટિસ્થજીવ માટે ધર્મ છે. જેની અધિક સ્મૃતિ, તેમાં જ પ્રીતિ થાય છે.

॥ સર્વદા સર્વભાવેન્ ભજનિયો વ્રજાધિપ : ॥

॥ સ્વસ્યાય મેવ ધર્મોહિ, નાન્યઃ કવાપિ કદાચન્ ॥

સદા સર્વદા સર્વ ભાવથી વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણચંદ્રનાં સેવા સ્મરણમાં રહેવું, એજ એક માત્ર આપણો ધર્મ છે. બીજો કોઇ ધર્મ નથી જ નથી. ધર્મી સ્વરૂપ સર્વેશ્વરમાં ઓતપ્રોત થઇ જવું, સર્વ પ્રપંચાદિકનું વિસ્મરણ થઇ જવું એનું નામ ધર્મ છે. એનાથી ઉલટું સર્વેશ્વરનું વિસ્મરણ થાય, સર્વમાં પ્રીતિ, આસક્તિ થાય, સર્વમાં મમત્વ બંધાય, સર્વ પર પોતાની સત્તા જમાવવાની વૃત્તિ થાય, એને અધર્મ કહેવાય સર્વ કાંઈના સ્વામિ સર્વેશ્વર છે. આપણે સૌ સર્વેશ્વરની દાસીઓ છીએ એ ન ભૂલવું. આપણા માટે તો એ કૃપાનિધિ જ સર્વ કાંઈ છે. આપણો આધાર આશ્રય શ્રીમહાપ્રભુ જ છે, આપણા એ જીવનદાતા પ્રાણાધાર કરૂણા સાગરની અપાર કરૂણાની અનુભૂતિ કરી, આપણે આપણું કર્તવ્ય વિચારી, ભગવદીય ભાવના રાખી જીવન પ્રસન્નતાથી ભગવદ્ ચિંતનમાં વિતાવીએ. સર્વ ચિંતાઓનો ત્યાગ કરીયે, દૈન્ય વડે અહંને ઓગાળી, દંભથી બચી, શરણ દ્દઢ કરીયે. શરણ દ્દઢ કરવા સ્મરણ ખૂબ આવસ્યક છે, ભગવદ્ સ્મરણ ભગવદીયોના સંગથી જ થશે. ભગવદ્ ભાવનું પોષણ ભગવદ્ સંગથી જ થાય છે. પોતાના દોષોને દૂર કરવા માટે, સામાના ગુણો ગ્રહણ કરવાની ટેવ રાખીયે, સામાના દોષો આપણે કામના નથી, ભગવદ્ ભક્તોએ પાંચ વાત યાદ રાખવાની છે, પ્રથમ તો ખોટું બોલવું નહિ. ખોટું જોવું નહિ ખોટું સાંભળવું નહિ. ખોટું કરવું નહિ. અને ખોટી જગ્યાએ જવું નહિ. દંભને દેશવટો દેવો. જેવા છીએ તેવા જ દેખાવું જ્યાંથી આપણા ભાવનું પોષણ થાય ત્યાંથી ગ્રહણ કરવું. શ્રીમહાપ્રભુજી સર્વ સત્તાધિશ સર્વના સ્વામિ છે, ઈશ્વરનાએ ઇશ્વર છે, પુર્ણબ્રહ્મ છે. પરબ્રહ્મનાં અનંત સ્વરૂપો જેમના રોમ રોમમાં બિરાજી રહ્યાં છે, જેઓ આનંદના નિધિ છે એમનો દ્દઢ આશ્રય આપણે કરવાનો છે.

મહોદાર પ્રભુના આશ્રયે આનંદ આનંદ સુખ અને શાન્તિ પ્રાપ્ત થશે જ, એમાં કોઇ શંકા નથી આપણે સૌ વલ્લભીઓ અલૌકિક સૃષ્ટિના છીએ. ભય ત્યજી દઇને, સેવા–સ્મરણ સત્સંગે આટલું તો અવશ્ય જાણી લઇએ, કે અંગીકૃત જીવોને પ્રભુએ શરણે રાખી અભયદાન દીધું છે, આપણે સર્વ સમર્પણ કર્યું છે, હવે આપણી માલિકીનું ગણતા હતા તે સૌ પ્રભુનું જ છે, દેહ પણ પ્રભુનો છે, આપણે એ દેહમાં રહી ભગવદ્ સંબંધી કાર્યો કરીયે, પ્રભુ સેવા સત્સંગ માટે, દેહને દુઃખ ના દઇએ, પ્રભુથી વિમૂખ જનોના સંગથી દુષિત થઈ સ્વામિને પરિશ્રમ ના પહોંચાડીયે, સર્વનો આદર કરીયે, કારણ સર્વ સર્વેશ્વરનું છે માટે. આપણે પ્રીત સર્વેશ્વરમાં કરીયે, ચિત્તને સર્વેશ્વરમાં જોડીયે, યશોગાન સર્વેશ્વરનાં જ કરીયે, આપણે સર્વેશ્વરના ઋણી છીએ, સહાયના આપણે એ સ્વામિના દાસ છીએ.

દીન કિંકર નટવરલાલ મહાસુખલાલના
જય શ્રીકૃષ્ણ

સમાચાર

નવાગામ (કાલાવડ તાલુકો) આં. પુ. વૈષ્ણવ પરિષદ આયોજીત ગો સંવર્ધન તેમજ દુષ્કાળ રાહત સમિતિના અધ્યક્ષ ગો. શ્રી વૃજેશકુમારજીના હસ્તે કેટલ કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો. આપશ્રીનું સ્વાગત કરવામાં આવેલ. ગો. શ્રી વૃજેશકુમારજીએ વચનામૃત કરતાં જણાવેલ કે રાષ્ટ્રનું મહામુલુ પશુધન બચાવવું અને કોઈપણ જન દુઃખી હોય ત્યારે તેને ઉપયોગી બનવું એ આપણું કર્તવ્ય છે. આ પ્રસંગે વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળા, રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાંતીભાઈ રાધનપુરા, મંત્રી શ્રી હસુભાઈ ખખ્ખર કાલાવડ ખરીદ વેચાણ સંઘના પ્રમુખ શ્રી છગનભાઈ પટેલ તેમજ અન્ય આગેવાનોએ સંબોધન કરેલ

ભાદરા (તાલુકો જામકંડોરણા)

ગૌ સંવર્ધન તેમજ દુષ્કાળ રાહત સમિતિના અધ્યક્ષ ગો. શ્રી વૃજેશકુમારજીનાં હસ્તે ભાદરા મુકામે તા. ૧૦-૧-૮૮ના દિને કેટલ કેમ્પનું ઉદઘાટન કરતાં ગો. શ્રી વૃજેશકુમારજીએ જણાવેલ કે ભારતીય સંસ્કૃતિ મુજબ ગાય એ આપણી માતા છે. આવી વિકટ પરિસ્થિતિમાં ગૌ સંવર્ધન કરવા દરેક ધર્માચાર્યો-સંતો-મહંતોએ આગળ આવવું જોઈએ. અને તેઓને પ્રાપ્ત થતી કિર્તન ભેટ, ભજનભેટ, સત્સંગભેટ ગો સંવર્ધનમાં વાપરવી જોઈએ. તો વિકટ પરિસ્થિતિમાંથી પાર ઉતરવાની પ્રભુ સહાય કરે. આ પ્રસંગે પોતાના તરફથી જાહેરાત કરવામાં આવી કે વૈષ્ણવ સંપ્રદાયમાં થતાં કિર્તનમાં આચાર્ય તરીકે પધરાવી મને પ્રાપ્ત થતી કિર્તનભેટ હું આગામી વર્ષાઋતુ સુધી ગૌ સંવર્ધન કાર્યમાં અર્પણ કરીશ.

આ પ્રસંગે પરિષદની રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાન્તીભાઈ રાધનપુરા, હસુભાઈ ખખ્ખર, સંસદ સભ્ય રમાબેન માવાણી, રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ રામજીભાઈ માવાણી, બાલુભા જાડેજા વગેરે આગેવાનોએ વક્તવ્યો આપેલા.

આં. રા. પુ. વૈ પરિષદ આયોજીત :

ગૌસંવર્ધન-દુષ્કાળ રાહત સમિતિ દ્વારા ચાલુ માસમાં નવાગામ, ચાવંડી, ગુંદાસરી, ધુન ધોરાજી, માત્રાવડ, ભાદરા, વગેરે ગામોમાં ૧૦ ટ્રક ઘાસ પોંચાડવામાં આવ્યું.

વધાઇ વધાઇ વધાઇ

।। વિજયતે શ્રી બાલકૃષ્ણઃ પ્રભુઃ ।।

।। શ્રી યદુનાથ મહાપ્રભુઃ પ્રસીદતુ તમામ્ ।।

સુરતમાં શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ

જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે ષષ્ઠપીઠાધિશ્વર ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના જ્યેષ્ઠ આત્મજ નિ. લી. ગો. શ્રી ગોવિન્દરાયજીના લાલજી ગો. શ્રી વલ્લભરાયજીના લાલજી ગો. શ્રી અનુરાગરાયજી બાવાનો યજ્ઞોપવિત પ્રસ્તાવ સુરતમાં સં. ૨૦૪૪ના ફાગણ સુદ ૨ શુક્રવાર તા. ૧૯-૨-૮૮ના રોજ નિશ્ચિત થયો છે. આ શુભ અવસરનો લાભ લેવા આગ્રહભર્યું નિમંત્રણ છે.

પ્રસ્તાવ સ્થળ : મીરાંનગર સોસાયટી, બંગલા નંબર ૯૧,
ભાતની વાડી, વરાછા રોડ, સુરત.

પત્ર વ્યવહાર : અધિકારીજી, ષષ્ઠપીઠ, ૧૦/૧૩૭ ચૌટાબજાર,
સુરત-૩૯૫૦૦૩.

રાજકોટમાં નીચેના સ્થળોએ "શ્રી વલ્લભ સુધા"નુ લવાજમ લેવાય છે.

(૧) શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ
લોહાણાપરા = રાજકોટ
ફોન – C/o ૨૮૮૬૯

(૨) શ્રી મનસુખભાઇ માવજીભાઇ સોની
શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી, રાજકોટ.

(૩) શ્રી ત્રિકમરાયજીની હવેલી
જાગનાથ પ્લોટ, રાજકોટ

(૪) શ્રી હસમુખભાઇ ખખ્ખર
C/o સંજય ગેસ સર્વીસ
૪૯, પ્રહલાદ પ્લોટ
રજની બિલ્ડીંગવાળી શેરી
ભુપેન્દ્ર રોડ, રાજકોટ. ફોન=૨૭૪૦૮

(૫) શ્રી પુષ્ટિમાર્ગીય વૈ. પુસ્તકાલય
સાત સ્વરૂપ હવેલી
મ. ગાંધી રોડ, રાજકોટ.

(૬) શ્રી વસંતભાઇ વોરા
C/o વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઇ રોડ,
ફોન – ૩૩૦૫૯ રાજકોટ.

(૭) શ્રી હેમતભાઇ પટેલ
C/o શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા સામે
ફોન – ૪૮૬૮૧ રાજકોટ.

નોંધ : નં. ૬–૭ ને ત્યાંથી "નામમંત્ર" લખવાની નોટબુકો પણ મળી શકશે.

શ્રદ્ધાંજલી

ખંભાળીયા તાલુકાના મોવાણ ગામના વતની ગૌભકત, દાનવીર અને પરમ વૈષ્ણવ શ્રી કરસનદાસ કાળાભાઇ દાવડા ઉર્ફે બચુ શેઠનું હૃદયરોગના હુમલામાં તા. ૨૪–૧૨–૮૭ના રોજ ૭૬ વર્ષની વયે દેહાવસાન થતાં સેવાનિષ્ઠ વ્યકિતની સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

સદ્‌ગત છેલ્લા ઘણાં વર્ષોથી મોવાણ ગામે ગૌશાળા–પાંજરાપોળ ચલાવતા હતા. દુષ્કાળના આ કપરા સમયમાં હાલ પાંચેક હજાર જેટલાં ઢોર તેમના કેટલ કેમ્પમાં છે. સદ્‌ગત ધર્મપરાયણ અને પરોપકારી હતા. તેમણે ગામમાં શાળા અને દવાખાનું બંધાવેલ હતું. તથા શ્રીવ્રજમાં પણ ગૌશાળા વિ. પ્રવૃત્તિ ચલાવતા હતાં.

પરમ કૃપાળુ શ્રીનાથજી બાવા નિત્યલીલાના સુખ સદૈવ આપે એ જ અભ્યર્થના.

–શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટ.
–શ્રીવલ્લભસુધા સંપાદક મંડળ.

સમાચાર

જુનાગઢ મુકામે ગો. શ્રી ૧૦૮ કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી, મોટી હવેલી-જુનાગઢની છત્રછાયામાં શ્રીમદ પ્રભુચરણશ્રી ગુંસાઈજીનો પ્રાકટય મહોત્સવ સુંદર રીતે ઉજવાયો, જેનો ક્રમ સવારના ધ્વજવંદન, પ્રભાતફેરી. સાંજના કલશ સાથે વરણાંગી સાજસમાજ સહિત સ્થાનિક તેમજ બહારગામના સમુહવચ્ચે નીકળેલી અને ત્યારબાદ સભાના રૂપમાં મોટીહવેલીમાં ફેરવાયેલ તેમાં આપશ્રીના વચનામૃત, શ્રી ગુંસાઈજીના જીવનદર્શન અંગે થયેલ, તથા વધાઈ વિગેરે બાદ શ્રી પુરૂષોતમ પાઠશાળાના બહેનોના અભિનય સાથે રાસ-ગરબાનો કાર્યક્રમ રહેલો.

શિક્ષાપત્ર શિબિર આયોજન

જુનાગઢ મુકામે તા. ૨૮-૧૨-૮૭ થી ૩૧-૧૨-૮૭ સુધી જુનાગઢ મોટી હવેલીમાં બપોરના ૩થી ૬ તથા રાત્રીના ૯થી૧૧ના સમયમા પ, ભ. શ્રી રમેશભાઈ પરીખ-મહેસાણાવાળાની સરલ અને રસભરી ભાષામાં જ સુંદર રીતે વૈષ્ણવોનો મન એ રસવર્ષામાં તરબોળ થયા. સ્વમાર્ગ પ્રત્યેની પ, ભ. શ્રી રમેશભાઈની નિષ્ઠા અને સત્સંગ દ્વારા સ્વમાર્ગના સિદ્ધાંત અને પ્રચાર પ્રસારણ ખરેખર સરહનીય છે.

પ્રમાણપત્ર વિતરણ સમારંભ :

જુનાગઢ મુકામે અખીલ ભારત બાલકૃષ્ણ શુધ્ધાધ્વૈત મહાસભામાં ઉતીર્ણ થયેલા શ્રી પુરૂષોતમ પાઠશાળાના વિદ્યાર્થીઓ તેમજ ગામના તથા બહારગામના અન્ય ભાઈ-બ્હેનો મળી કુલ ૧૦૨ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા જેના પ્રમાણપત્ર વિતરણ ગો. શ્રી ૧૦૮ કિશોરચંદ્રજી બાવાશ્રીના શ્રીહસ્તેથી થયું અને વિદ્યાર્થીઓને સ્થાનીક એક વૈષ્ણવ તરફથી પારીતોષિક થયેલ.

આ સમારંભમાં સ્થાનીક તેમજ બહારગામના વૈષ્ણવોની બહોળા પ્રમાણમાં હાજરી હતી. તેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી રમેશભાઈ પરીખની ઉપસ્થિત હતી.

જુનાગઢ શ્રી પુરુષોતમ પાઠશાળા બધા કેન્દ્રોમાંથી સંખ્યાબળમાં સૌથી પ્રથમ નંબરે આવેલ જે અંગે અ.ભા. મહાસભા સુરત ગો. શ્રી વૃજરત્નલાલજી મહારાજશ્રીના તરફની શીલ્ડ એનાયત કરવામાં આવેલ. જે ગો. શ્રી ૧૦૮ કિશોરચંદ્રજી મહારાજશ્રીના શ્રીહસ્તેથી પાઠશાળાને એનાયત કરવામાં આવેલ તેમજ 'પંચમી વિશારદમાં ૪ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયેલ તેમને પ્રમાણપત્ર સાથે 'ચંદ્રક' એનાયત કરવામાં આવેલ

જુનાગઢ મોટી હવેલીના પુ. પા. આચાર્ય શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રી પ્રેરીત શ્રી પુરૂષોત્તમલાલજી પશુધનપાલન (દુષ્કાળ) આયોજન દ્વારા જુનાગઢ જીલ્લામાં લગભગ ૧૨૫ કેટલ કેમ્પનું આયોજન કરી પાંત્રીસ હજાર જેટલા ઢોરનો નિભાવ કરવાનુ ભગીરથ કાર્ય થઈ રહયું છે. સર્વે વૈ.એ સેવા મોકલવા વિનંતી.

લવાજમ મ. ઓ. થી મોકલાવતા ગ્રાહકોને વિનંતી

મ. ઓ. ફોર્મની નીચેની સ્લીપ કે જે કાર્યાલયે રાખવાની હોય છે તેમાં નામ-ગામ-સરનામું લખાઇને આવતું નથી. તો જરૂરથી ગ્રા. નંબર અગર નવા ગ્રાહક હોય તો તેમ લખી પોતાનું નામ શરનામાં લખવું નહીં તો રીતે આવેલ રકમ માટે કાર્યાલય જવાબદાર નથી તેની નોંધ લેવા ખાસ વિનંતી છે.

વૈષ્ણવ-પરિષદના ઉપપ્રમુખ માનનીયશ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ સમયે આ કાયા કહેલ ક્ષણ ભંગુર છે. તો ભગવાનના કાર્યમાં વિનિયોગ કરવા માટેની સેવા કરવા મન સંકુચિત ન રાખીયે અને સંગઠન મંત્રીશ્રીએ 'પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિનો ખ્યાલ તથા તે અંગેની પ્રવૃત્તિઓને ખ્યાલ આપી તન, મન, ધનથી સહકાર આપવા અનુરોધ કરેલ હતો.

જામનગર શેઠ શ્રી જેઠાલાલ રૂગનાથ બદીયાણીના અધ્યક્ષસ્થાને અને જયપુરના પૂ. પા. ગો. શ્રી સત્યભામા બેટીજીના અતિથિવિશેષની સાન્નિધ્યમાં શ્રી ગુસાંઈજીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે સભાનું આયોજન થયેલ હતું. ચરિત્રનાયકના જીવન પ્રસંગો ઉપર પ્રવચન ઉપરાંત દુષ્કાળ રાહત કાર્યોમાં સહયોગ આપવા સભામાં ઉપસ્થિત વૈષ્ણવોને અનુરોધ કરવામાં આવ્યો હતો. પૂ. બેટીજી તરફથી રૂ. ૫૦૦ શ્રી મદનગોપાલ ટ્રસ્ટ દ્વારા ચાલતા કેટલ કેમ્પમાં આપવામાં આવેલ. આ સભાનું સંચાલન શાખા મંત્રી શ્રી માર્કંડભાઈ ધોળકીયાએ કરેલ હતું,

નાસિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ અને વિષ્ણુયાગ પ્રસંગે રાજકોટ શાખાના ઉપપ્રમુખ શાસ્ત્રીજી શ્રી ઘનશ્યામજી વ. ભટ્ટ ઉપસ્થિત હતા. તેમના અધ્યક્ષસ્થાને શ્રી ગુંસાઈજીનો પ્રાકટ્યોત્સવ યાત્રા. શોભાયાત્રા, સભા-પ્રવચન દ્વારા ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. અને પરિષદના દુષ્કાળ રાહત કાર્યમાં સહયોગ આપવા અનુરોધ કરેલ,

સુરત અ. ભા. શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાની ૬૪મા વર્ષની આગામી છ પરીક્ષાઓ તા. ૧૩-૮-૮૮ શનિ અને તા. ૧૪-૮-૮૮ રવિવારે થશે. તો ફોર્મ ફી સાથે નીચેના સરનામે તા, ૭-૭-૮૮ પહેલાં મળી જાય તે રીતે મોકલાવવા.

એક હજાર જેટલા હેતુલક્ષી "ઓબ્જેક્ટીવ પ્રશ્નો" પ્રશ્નોત્તરવાળી. સંસ્કાર અને સંસ્કૃતિ વધારનારી શ્રી વલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત દરેક જીવોને માટે ઉપયોગી, સરળ સેવા માર્ગ બતાવનારી પુસ્તિકાનું તા. ૨૦-૧-૮૮થી વિતરણ થઈ રહ્યું છે. તેની ન્યોછાવર રૂ. ૫-૦૦ છે.

આ મહાસભાની પરીક્ષાઓમાં ૧૪ પુસ્તકો છે. આ માટે પુસ્તક દત્તક યોજના પણ છે. આ યોજનામાં જોડાઈ લાભ લેવા ઈચ્છતા સદ્ગૃહસ્થ વૈષ્ણવોએ વિશેષ માહિતી માટે નીચેના સરનામે પુછાવવું.

શ્રી મધુસુદન શાસ્ત્રીજી

બ્લો. નં. ૩ દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા, બસ સ્ટેન્ડ પાસે, રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯

લવાજમ ભરવા માટે ચાલુ ગ્રાહકોને વિનંતી

શ્રીવલ્લભ સુધાનું વર્ષ પૂરૂં થવામાં છે તે પહેલાં ઘણા ચાલુ ગ્રાહકોએ નવા વર્ષનું લવાજમ કાર્યાલયને મોકલાવી આપેલ છે. તો અન્ય ચાલુ ગ્રાહકો પોતાનું નવા વર્ષનું લવાજમ તુરત જ કાર્યાલયને મોકલાવી આપે અગર આપના ગામના સેવાભાવી કાર્યકર ભાઈને ત્યાં ભરી પહોંચ મેળવી લેવા કૃપા કરે.

અગર કોઈ સંજોગોમાં આપ નવા વર્ષમાં ગ્રાહક રહેવા ન ઇચ્છતા હો તો તુરત જ એક પોસ્ટ કાર્ડ લખી જણાવશો તો તે પણ આપની સેવા જ ગણાશે.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

|| શ્રીહરિઃ ||

—: શ્રીજી દર્શનની ભાવના :—

[છંદ—મંદાક્રાંતા]

આવો પ્રેમે સરળ હૃદયે વૈષ્ણવો જીવ દૈવી,
શોભા જોવા નટવર પ્રભુ પ્રિય આવી શ્રીજીની,
ભાવે પ્રીતે દરશન કરો શામળા કૃષ્ણજીના,
મેવાડે જે મનહર સ્વરૂપે બિરાજે હરિ આ. (૧)
વાંકી વેણી શિર પર ધરે કેશ જે ખીંટલાળા,
આહા કેવો મુકુટ દીપતો મોરના પીચ્છથી આ,
ભાલે શોભે તિલક કસ્તુરી તણું દિવ્ય શ્રી ને,
નીચાં રાખી નયન, સહુનાં ચિત્તને ચોરતાં જે. (૨)
શોભે છે આ હડપચી પરે હીરલો તેજથી છે,
ને શોભે છે આ અધર-દ્વયને નાસિકા મોતીએ છે,
ગુંજા-માળા ઉર પર ધરી, પુષ્પ-માળા ય સાથે,
વાઘા ધાર્યાં મનહર ઘણાં રંગ બે રંગના છે.’ (૩)
ડાબે હાથે ગિરિવર ધર્યો ઇંદ્રના ગર્વ તોડયા,
શોભે બીજા કર કમલના પુષ્પને વેણુ યે ત્યાં
સોનાનાં ત્યાં રણઝણ થતાં નૂપુરો પાય-પદ્મે,
શોભા જોતાં નયન ઠરતાં જીવ દૈવી તણાં છે. (૪)
શ્રીજીબાવા વ્રજ ભૂમિ માંહી રાસના છે રચૈયા,
જેણે કીધા ‘કુસુમાયુધ’ના ગર્વના સાવ ચુરા,
પૂરી કીધી વ્રજ-જન અને વૈષ્ણવોની મનીષા,
શ્રીજીની એ ચરણ-રજની દિવ્ય છે ભાવના આ. (૫)

રચયિતા—જયંત જી. ગાંધી—‘કુસુમાયુધ’ જુનાગઢ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી ૨. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રીવલ્લભ સુધા

॥ શ્રીહરિ ॥

શ્રીરામચંદ્રજીની વધાઈ

રાગ : સારંગ

ચૈત્ર શુક્લ નૌમી દિન જન્મ;
નગર અયોધ્યા વધાઇ, દશરથનંદન બ્રહ્મ. ૧
રામ લક્ષ્મન ભરત શત્રુઘ્ન, ચાર વ્યુહ નિજ ધર્મ;
પૂરન જબ અવતાર લેહિ, તબ ઇહ બિધ જાનો મર્મ. ૨
રામ મર્યાદા, પુષ્ટિ શ્રી વ્રજપતિ, પુરૂષોત્તમ યહ ભેદ;
'દ્વારકેશ' બલિ કૌશલ્યા સુત, નિજ ગુન ગાવત વેદ. ૩

વર્ષ ૬ : અંક ૧૨ માર્ચ, ૧૯૯૮
શ્રીવલ્લભાબ્દ ૫૦૯

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ ૩૬૦૦૦૧

॥ શ્રી હરિઃ ॥

પ્રિય વાંચક વૃંદ

શ્રી વલ્લભસુધા માસિક છ વર્ષ પુર્ણ કરી આગામી અંકથી સાતમા વર્ષમા આપ સહુના ઉષ્માભર્યા સહકારથી પ્રવેશશે.

પુજયપાદ ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન અનુસાર માસિકની શરૂઆત કરેલ ત્યારે નિર્ણય લેવામાં આવેલ કે પુષ્ટિ સંપ્રદાયમાં વાર્તા સાહિત્ય તો અનેક પ્રકાશિત થાય છે પરંતુ સંપ્રદાયનું સાચું હાર્દ જાણવા આચાર્યશ્રીઓ તેમજ ભગવદીજનોના ગ્રંથોનુ વિશ્લેષણ કરી પ્રકાશિત કરવામાં આવે અને તે સમજવામાં આવે તો વ્યકિતમા વૈષ્ણવતાનાં ગુણ પ્રકટે.

જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજીએ સ્થાપેલ પુષ્ટિ સંપ્રદાયને શ્રેષ્ઠ ગણતાં હોવા છતાં ભૌતિકવાદમા રચ્યાપચ્યા રહેતા એવા આપણે સહુ માર્ગના મુળભુત સિદ્ધાંતોને ગ્રહણ કરવા અને જીવનમાં ઉતારવા દુર્લક્ષ સેવીએ છીએ અને દંભ, આડંબર તેમજ અહંકારભર્યું જીવન જીવીએ છીએ.

જે સાહિત્યથી ભાવી પેઢીના સંસ્કાર દુષિત થાય તેવા સાહિત્ય પાછળ તેમજ વિડીયો, ટી.વી, સિનેમા દ્વારા વિકૃત મનોરંજન પાછળ અનેકવિધ ખર્ચાઓ અને સમય બગાડતા એવા આપણે સૌ ધર્મના સંસ્કારો પ્રાપ્ત કરવા સદવાંચન કે સત્સંગનો સમય નથી મળતો એમ જણાવી તે તરફ અતિ દુર્લક્ષ સેવીએ છીએ જેને કારણે આપણે જીવનમાં સાચી શાંતિ અનુભવી શકતા નથી.

સાચું શાશ્વત સુખ પ્રાપ્ત કરવા જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજીએ જીવને તાદશીજનનો નિત્ય સત્સંગ કરવાનુ સુચવેલ છે. આ યુગમાં તાદશી વૈષ્ણવનો સત્સંગ દુર્લભ બન્યો છે ત્યારે આચાર્યચરણોના તેમજ ભગવદભકતોનાં ગ્રંથોનાં સાહિત્યનુ નિત્ય મનન સાથે વાંચન કરવાથી સત્સંગ પ્રાપ્ત થાય છે.

દરેક વ્યકિતને બધા ગ્રંથો પ્રાપ્ત કરવામાં તેમજ ખર્ચની દષ્ટિએ અનુકુળતા ન પણ હોય તે દ્રષ્ટિથી આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત 'શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ" દ્વારા પ્રકાશિત થતા "શ્રી વલ્લભ સુધા" માસિક પ્રાપ્ત થવામાં સરલ છે.

દિન પ્રતિદિન વધતી જતી મોંઘવારીને કારણે વાર્ષિક રૂા. ૧૮થી૨૦નો ખર્ચ આવતો હોવા છતાં સામાન્ય માણસને પણ પોષાય શકે તે હેતુથી હજુ વાર્ષિક લવાજમ રૂા. ૧૦/- દશ ચાલુ રાખેલ છે. તેમજ આજીવન લવાજમ રૂા, ૧૫૧/- રાખેલ છે.

અનેકવિધ અન્ય ખર્ચા કરતા એવા આપણે સૌ ભાવિ પેઢીમાં સંસ્કાર પડે તે હેતુથી પણ માસિક નિયમિત આવે અને સાંપ્રદાયીક સેવા થાય તે હેતુથી લવાજમ સમયસર ભરવામાં પ્રવૃત બનવું જોઈએ.

સંપન્ન પરિવારે આજીવન ગ્રાહક બની પ્રકાશન સમિતિને પ્રોત્સાહિત કરવી જોઈએ તેમજ માસિકમા આવતી ખોટને નિવારવા પૃષ્ઠદાન સહાય એક અંકના રૂા. ૫૧/ તેમજ વાર્ષિક ૧૨ અંકોમાં પૃષ્ઠદાન સહાય રૂા, ૫૦૧/- ભરી પોતાના જયશ્રીકૃષ્ણ લખાવી સહાયભુત બની શકે છે.

સાથોસાથ "શ્રી વલ્લભ સુધા" માસિકનો ફેલાવો વધે તે માટે દરેકે પોતાનુ યોગદાન આપી દરેક વાંચક ઓછામાં ઓછા પાંચ ગ્રાહક બનાવી સંપ્રદાયની સેવા કરી પોતાનું કર્તવ્ય બજાવે એવી અપેક્ષા.

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૬ : અંક ૧૧ * શ્રીવલ્લભાબ્દ ૫૦૯ * માર્ચ, ૧૯૮૮
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

॥ શ્રીકૃષ્ણઃ ॥

સુંદરશ્યામ સુજાનશિરોમણિ...

–શ્રી પરાગ

ફાગણનો સમય એટલે સખ્યતામાં હાસવિલાસના રંગોથી રેલાવાનો દુર્લભ સમય શીતકાલમાં જે સ્નેહમય ભાવો અંતરમાં ઉદ્દભવે તેનો જગત સન્મુખ નવપલ્લાવત, પુષ્પિત રૂપે રેલાવાનો સુ અવસર. તેવે વખતે પોતાના પરમ સખાને વ્યંગ વિનોદ વડે હસાવવાનું અષ્ટસખા અને તેમની પરંપરાના ભક્તો જ જાણે છે.

જુઓ, મહાનુભાવ ગદાધરદાસએ કેવી તોળી તોળીને સંભળાવી છે. ન ઓછી, ન વધુ, જેવી છે તેવીજ કહી છે.

> 'સુદર શ્યામ સુજાન શિરોમણિ દેહું કહા કહી ગારીજુ
> બડે લોગ કે ઔગુન બરનત સકુચ હોત જીય ભારીજુ ॥૧॥'

એક તો સુંદર શ્યાય સ્વરૂપમાંયે કોઇ ખોટ નહી. બીજુ સુજાન શિરોમણી જાણકાર સાથે પ્રેમી તે સુજાણ, તેનાય શિરોમણી એટલે સ્વભાવને કારણેય કશું કહેવાય નહીં તેવા મોટા હોવાથી, તેમના અવગુણ કહેતાં મનમાં ઘણો સંકોચ થાય છે. કારણ નાને મોઢે મોટી વાત કેમ કહેવી ?

> 'કો કરીસકે પિતાકો નિર્ણય જાત પાંત કો જાને (જૂ)
> જાકે જિય જૈસી બનિ આવે તેસી ભાંત બરને (જૂ) ॥૨॥'

સારા કુળવાળાની લોકમાં પ્રતિષ્ઠા હોય. અહિંયા તો પિતાનો નિર્ણય પણ મૂશ્કેલ છે. કોઇ કહે વસુદેવજીનાં પુત્ર છે, કોઇ નંદબાવાના કહે છે. વળી જ્ઞાનીઓને પૂછો તો કહેશે કે એમને તો કોઇપણ પિતા નથી અજન્મા છે. તો પછી જાત પાંત તો કયાંથી જાણવામાં આવે ? આથી જેને જેવું જાણવામાં આવે તેવું કહે છે. પરિણામ સ્વરૂપ આવી મહત્વની વાત અનિર્ણીત જ રહે છે.

'માયા કુટિલ નટી તનચિતયો કૌન બડાઇ પાઇ
ઉન ચંચલ સબ જગત બિગોયો જહાં તહાં ભઇ હંસાઈ ।।૩।।'

જ્યારે ભૂતલ ઉપર પ્રકટ થયા ત્યારે માયા જે કુટિલ નટી છે, જેની કુટિલતા–ચાલાકીથી ભરેલ અભિનય અથવા રંગમંચની સજાવટમાં ભલભલા થાપ ખાઇ જાય તેણે અથવા તેનાથી ભ્રમિત બુધ્ધિ વાળા જીવોએ આપને પોતાની દૃષ્ટિના વિષય બનાવ્યા તેથી શું મોટાઇ આપે મેળવી? કશી નહીં. એ ચંચલમાયાએતો આખું જગત જ વગોવ્યું છે, રાગ દ્વેષ, સુખ દુઃખ આદિ દ્વંદ્વો માયાથી થાય છે. તેજવાત તે લોકોએ આપનામાં આપની લીલામાં પણ કલ્પિત કરી જેથી જ્યાં ત્યાં માયિક સમાજમાં હાસ્ય થયું. ગોવાળીયો છે, માખણ ચોર છે, વગેરે...

'તુમ પુનિ પ્રકટ હોઇ બારે તે કૌન ભલાઇ કીની
મુક્તિ વધૂ ઉત્તમ જન લાયક લે અધમન કૂં દીની ।।૪।।

ત્યાં કહેશો કે ભૂમિપર પડેલા ભક્તોના ઉધ્ધાર માટે તેમ કરી કૃપા કરવામાં આવી છે તો કહીયે છઇએ જે તમે પ્રકટ બાલપણાંથી શું મોટાઇ કરી? જે મુક્તિ વધૂ ઉત્તમ પુરુષોને દેવા જેવી છે તે પૂતના આદિ અધમોને આપી દીધી.

'બસિ દસ માસ ગર્ભ માતાકે ઉન આસ કરિ જાયે
જીભકે લાલચ કે વશ મોહન વ્હે ગયે પૂત પરાયે ।।૫।।'

માતા દેવકીના ઉદરમાં દસ મહિના રહીને, જેમણે દિવ્ય હજાર વર્ષ આપને પુત્ર રૂપમાં પ્રાપ્ત કરવા તપ કરેલ તેમણે આપને પુત્ર રૂપમાં પ્રાપ્ત કર્યા પણ વ્રજમાં ગોપિઓના ઘરના દૂધ, દહીં, માખણ માટેની જીભની લાલચને લીધે નંદ યશોદાના દીકરા બની ગયાં.

'બારે હીતે ગોકુલ ગોપીનકે સૂને ગૃહ તુમ ડાટે
વ્હે નિસંક તહાં પેઠિ રંકલોં દધિ કે ભાજન ચાટે ।।૬।।'
(ડાટે એટલે નુકશાન કર્યું)

બાળક પણાંથીજ માંડીને તમે ગોકુળની ગોપિઓના સૂના–જલભરવા વગેરે કામે ઘરનાઓના બહાર જવાથી સૂના પડેલા ઘરોમાં તમે કંઇક ખાઇને, કંઇક વાંદરા વગેરેને ખવડાવીને નુકસાની કરી (ખંખોર્યા) છે. અને તેવા ઘરમાં નિર્ભયતાથી ઘુસી જઇ છેક ગરીબ સુધીના ઘેર દહીં વાસણો ચાટયા છે, તેમાંથી દહીં ખાધૂં છે.

'આપુ કહાઈ બડેન કે ઢોટા ભાત કૃપન લોં માંગ્યો
માનભંગ પે દૂજે જાચત નેંકુ સંકોચન લાગ્યો ।।૭।।'

(ઢોટા–દિકરા, કૃપનલોં–ગરીબની જેમ, અપમાન થયા પછી પણ બીજીવાર માગવામાં પણ સંકોચ ન થયો.)

વ્રજના રાજા નંદબાવાનાં દિકરા કહેવાઇને પણ ખાવા માટે યજ્ઞ કરતા બ્રાહ્મણો પાસે ગોપબાલકો મોકલી ભાત આદિ અન્નની યાચના કરાવી. તેમણે જવાબ ન આપી માન ભંગ કર્યું તો ફરીવાર તેમનાં પત્નીઓ પાસે ગોપ બાળકોને મોકલી યાચના કરાવી તેમાં જરાય સંકોચ ન થયો (શ્રી ભા. ૧૦ સ્કં. ૨૩ અ.)

‘લરિકાઇ તે ગોપિન કે તુમ સૂને ભવન ઢંઢોરે
જમુના ન્હાત ગોપ કન્યન કે નિપટ નિલજ પટ ચોરે ॥૮॥’

બાળપણાથી તમે ગોપીઓના સુના ઘર ખંખોર્યા છે. અને શ્રીયમુનાજીમાં ન્હાતી ગોપ કન્યાઓનાં વસ્ત્રો સાવ નિર્લજ્જ થઇ ચોર્યા.

‘બેનુબજાઇ વિલાસ કિયો બન બોલી પરાઇ નારી
વે બાતે મુનિ રાજ સભા મેં કહે નિંસંક વિસ્તારી ॥૯॥’

પારકી નારીને વેણુનાદ દ્વારા વનમાં બોલાવી રાસવિલાસ કર્યો ને તે વાતો શ્રી શુકદેવજી જેવા મુનિઓએ રાજ સભામાં નિઃશંક થઇ વિસ્તારપૂર્વક સંભળાવી છે. અર્થાત્ જેવા તમે તેવા તમારા ગુણગાનારાઓ પણ છે.

‘સબ કોઉ કહેત નંદબાવાકો ઘર ભર્યો રતન અમોલે
ગરે ગુંજા સિર મોર પખૌવા ગાયન કે સંગ ડોલે ॥૧૦॥’

બધાય કહે છે જે નંદબાવાનું ઘર અણમોલ રત્નોથી ભરેલું છે અને અહિં તો ગળે ગુંજા માળા અને માથે મોર પીછા ધરાવી ગાયો સાથે ફરતા રહો છો.

‘રાજ સભા કો બૈઠનાહારો કૌન ત્રિયન સંગ નાચૈ
અગ્રજ સહિત રાજ મારગ મેં કુબ્જા દેખત રાચૌ ॥૧૧॥’

મથુરામાં નાના ઉગ્રસેનની સભાના મોવડી સભાસદ હોવા છતાં કેવી કેવી સ્ત્રીયો જોડે નાચ્યા છો ? મોટાભાઇ સાથે હોય તેવે વખતે છડેચોક કુબ્જા જોઇ પ્રસન્ન થયા (મલકાયા) છો.

‘અપની સહોદર આપુન છલકારિ અર્જુન સંગ ભજાઇ
ભોજન કરિ દાસી સુત કે ઘર જાદો જાત લજાઇ ॥૧૨॥’

(એકદા દેવ યાત્રાયાં રથસ્થાં દુર્ગં નિર્ગતાં જહારાનુ મતઃપિત્રો કૃષ્ણસ્ય ચ મહારથઃ દ. ઉ. અ. ૮૬)

હસ્તિના પુરમાં વિદુરદાસી પુત્રને ઘેર ભોજન કરી જાદવ કુળને વટલાવ્યું.

‘લેલે ભજે રાજનકી કન્યા ઇહ ધો કૌન ભલાઇ
સતભામાજુ ગોતનમેં બ્યાહી ઉલટી ચાલ ચલાઇ ॥૧૩॥’

શ્રીરુકિમણી, મિત્રવિંદા, શ્રુત કીર્તિજી, અવંતિકાનાં પુત્રી (ભદ્રાજી), મદ્રાધિપ સુતા લક્ષ્મણા મત્સ્ય વેધ કરી રાજાઓના વચ્ચેથી હરીલાવ્યા આવી રીતે અનેક વખત રાજ કન્યાઓના હરણમાં કઇ ભલાઇ સારૂં કામ કર્યું. તેમાવળી સત્યભામાજી તો યદુકુલના હોવાથી એક ગોત્રના, તેમની જોડે વિવાહ કરી ઉંધી રીત કરી.

‘બહેન પિતાકી સાસ કહાઇ નેકહુ લાજ ન આઇ
એતે પર દીનીજુ વિધાતા અખિલ લોક ઠકુરાઇ ।।૧૪।।’

શ્રુત કીર્તિજી અને રાજાધિદેવીજી એ બન્ને વસુદેવજીના બહેન તેમની પુત્રીઓ ભદ્રાજી અને મિત્રવિન્દાજીની જેડે લગ્ન કર્યું તેથી ફઇ હતી તે સાસુ કહેવાઇ તો એ શરમ ન આવી અને તે છતાં વિધાતાએ બધાના આગેવાન બનાવ્યા. પાંડવો (કૌરવો) અને યાદવાદિ સર્વ ભગવાનને પુછીને જ કરે.

‘મોહન વશીકર ચટ ચેટક જંત્ર મંત્ર સબ જાને
તાતે ભલે ભલે કરીજાને ભલે ભલે જગ માને ।।૧૫।।’

ગોપી કહે છે કે આ બધુ અવળીવાતો સવળી ઉતરવાનું કારણ તો મોહન નામથી સ્પષ્ટ છે જે જેને તેને મોહીલે છે વશીકરણ વિધા જાણે તેમ નજર મળતાં જ ભાન ભુલાવી પોતાનો આજ્ઞાકારી બનાવી લેવો વગેરે ચેટક કરતાં તેના જંત્ર મંત્ર બધું જ જાણે છે. અને તેથી જ પરિચયમાં આવનાર ભલા લોકો પણ તેમને ભલા જાણે છે અને તેમના દ્વારા આખું જગત પણ તેમને ભલા ભલા એમ જાણે છે.

‘બરનોકહા યથા મતિ મેરી વેદ હુ પાર ન પાવે
દાસ ‘ગદાધર’ પ્રભુકી મહિમા ગાવત હી ઉર આવે ।।૧૬।।’

જેવી મારી નાની બુદ્ધિ છે તેવું વર્ણન કર્યું વધુ વર્ણન કેમ કરૂં ? વેદ પણ જેમનું વર્ણન કરતાં કરતાં (નેતિ નેતિ) પાર નથી પામતાં. તેમ છતાં ગદાધરદાસ પ્રભુની મહિમા જે કોઇ પ્રેમથી ગાય છે તેને હૈયે વસે છે.

દાખલા તરીકે આ પદમાં ગવાયલી લીલા ગાવાથી પ્રાથમિક દૃષ્ટિથી પરિહાસમય લાગવા છતાં કીર્તનથી પ્રસન્ન થઇ પ્રભુ ભગવદ્દિયોનો અથવા ભગવદ્દિયના હાર્દરૂપ પુષ્ટિમાર્ગીય ગ્રંથો શ્રીસુબોધિનીજી આદિના સંગવડે ભગવલ્લીલાનું રહસ્ય જણાવે ત્યારે આ પદમાં કહેલી દશમ સ્કંધની લીલાઓ પણ માહાત્મ્યમય જ જણાવા લાગે.

બીજી તુકમાં કહેલ પિતાના નિર્ણયનો અભાવ સ્પષ્ટ જ માહાત્મ્ય જણાવનાર છે. તેમજ યદુકુળમાં હોવા છતાં તેથી પરતા બતાવે છે.

ત્રીજી તુકમાં માયિક લોકોના ગોચર બનવાની કૃપાલુતા જાન્મ લીલાની સમજાય છે, જેથી (અવતારથી) તેવા માયામાં પડેલ જીવો પણ ભગવલ્લીના સંપર્કથી કૃતાર્થ થાય છે.

ચોથી કડીમાં બાળ લીલામાં પુતના જેવી ને મુક્તિ આપ્યાનું કહી મહાન ઉદારતા દેખાડી છે.

પાંચમી કડીમાં પણ શ્રી દેવકી માતાથી દૂર વ્રજમાં ગોપીઓના દૂધ દહીં માખણની લાલચથી બાળપણ વિતાવ્યાનો ઠપકો પણ તે લીલાનો ભાવ (ભગવદ્ અભિપ્રાય) જાણ્યા પછી હાંસી પુરતો જ જણાઇ આવે છે. કારણ કે વ્રજમાં પધાર્યા વીના વસુદેવ દેવકીજીને વિપ્રયોગનો અનુભવ ન થાત અને તે વિના ભકિત ભાવ પુષ્ટ ન બને. જન્મ પહેલાંની આશા તો વરદાનથી પ્રાપ્ત લૌકિક હતી. અલૌકિક દર્શન અને વરદાન પછી તે અલૌકિક બની. વ્રજમાં પણ ત્યાં વસ્તુનો અંગીકાર પણ સ્નેહ માર્ગના વિસ્તાર માટે કર્યો છે.

છઠ્ઠી કડીમાં ગોપીજનના બહિર્મુખ સગાઓથી છાના અંગીકાર કરવા માટે ચોરીનું બહાનું બનાવેલ છે.

સાતમી કડીમાં પણ યજ્ઞ પત્નિઓ ભગવજજન્મ આદિની વાતો સાંભળી ઉત્સુક હતા તેઓ પર અને તેમના દ્વારા તેમના પતિ બ્રાહ્મણો પર કૃપા કરવા માટે આ લીલા કરી છે જે શ્રી ભા. ૧૦ સ્કં. અ. ૨૩માં સ્પષ્ટ છે.

આઠમી કડીમાં બાલપણમાં ગોપિઓના ઘર ખંખોરવાની વાતનું રહસ્ય પહેલા કહેવાયું છે. અને શ્રી યમુના સ્નાન કરનાર કુમારિકાઓના વસ્ત્ર છાનેથી વૃક્ષ પર રાખ્યા તે લીલા પણ કુમારિકાઓનો લૌકિક ભાવ દૂર કરી અલૌકિક ભાવ દાન કરવા માટે કરી છે ત્યાં ભગવાનેજ આ આજ્ઞા કરી છે જે મારામાં બુદ્ધિ આવિષ્ટ હોય તેમનો કામ લૌકિક કામના રૂપ ફળ માટે નથી થતો જેમ રાંધેલું કે કુટેલું ધાન બીયારણના રૂપમાં ઉપયોગી નથી થતું. તેથીજ લૌકિક પતિભાવ ન હોવાથી વસ્ત્ર વિના પણ નદી કાંઠે આવી પ્રણામ કરી વસ્ત્રો પ્રાપ્ત કર્યા છે. લૌકિક પ્રેમિકા આવી મશ્કરી (તે પણ વિવાહ પહેલાંજ) સહન ન કરે, નવમી કડીમાં "વેણુ બજાઇ વિલાસ કિયો વન બોલી પરાઇ નારી, વેબાતે મુનીરાજ સભામેં વ્હેનિશંક વિસ્તારી" રાસલીલાની નિર્દોષતા કૃપાપાત્રો માટે સ્પષ્ટ છે. ત્યાં પણ વેણુનાદના માર્ગે અલૌકિક રીતે ત્યાં રાસસ્થલમાં પહોંચાય છે. ઇત્યાદિ પ્રમાણોથી ભગવલ્લીલાની બધી વાતો અલૌકિક છે અને તેથીજ શ્રીશુકદેવજી રાજા પરીક્ષિતને, સભા બધાના કલ્યાણ માટે સંભળાવી છે જેના શ્રદ્ધા સહિત શ્રવણ કીર્તનથી પણ કામરૂપ હૃદયરોગ દૂર થઇ જાય છે.

દશમી કડીમાં કુબ્જાના ઉદ્ધારની લીલા વ્યંગમાં કહેવાઇ છે તે વીના હાસ્ય ન ઉપજે ખરી રીતે કૃષ્ણાવતાર, અવતાર સમયે અધિકાર પ્રમાણે બધીજ સ્ત્રિઓનો ઉદ્ધાર કરવાવાળો છે. તેથી સકામભાવવાળી કુબડીને પણ સુંદર દેહ આપી અંતે સંસારથી મુકત કરી છે.

(વ્યાધઃ કુબ્જા વ્રજે ગોપ્યઃ બહવસ્તદ્લિંગતાઃ)

અગ્યારમી કડીમાં, સુભદ્રાજી સાક્ષાત્ ભગવન્માયાનું સ્વરૂપ તેને કોણ પરણી શકે? કૃષ્ણાવતારમાં ભગવાન તો તેના ભાઇ રહયા અને લોકનિંદાભયથી આજન્મ કુંવારા પણ ન રાખી શકાય એટલે નરનાં અવતાર અર્જુનમાં પોતાનો આવેશ પ્રગટાવી ચોરીથી તેમને અપાવવામાં અદ્‌ભુત બુદ્ધિશાળીના ભગવાને કરી છે. પાંડુ અને ધૃતરાષ્ટ્રની પેઠે વિદુરજી પણ ભગવાન વ્યાસજીના આશીર્વાદથી સાક્ષાત ધર્મરાજ ઉત્પન્ન થયા છે. તે યમરાજને શાપ વડે સો વર્ષ શુદ્રપણુ ભોગવવું પડયું છે. આ ઘટના તેમના સો વર્ષ પછીની છે. જે ભગવાન તેમને ત્યાં આરોગ્યા અને દુર્યોધનના સન્માનનો ત્યાગ કર્યો ત્યાં પણ ભક્તિને વશ થઇ પધાર્યા છે.

શ્રી દ્વારકાધિશે શ્રી રુકિમણીજી, સત્યાજી, મિત્રવિંદાજી, અને લક્ષ્મણાજીને તેમની તથા માતાપિતાની ઇચ્છા હોવા છતાં દુષ્ટ ભાઇ અથવા તેવા રાજાઓના પ્રતિબંધ, એક શુરવીરને છાજે તેવી રીને દુર કરીને પરણ્યા છે જે ત્યાંની સંપુર્ણ કથા શ્રવણ કર્યાથી સમજાય. તેને બદલે અધુરી બુધ્ધિના ધર્મ નિંદકોની પેઠે અધુરી વાત ખાલી હાસ્ય માટે કહી છે.

સમાન ગોત્રમાં વિવાહ શાસ્ત્રમાં નિષિધ્ધ છે. પણ ભગવાન તો શાસ્ત્રથી પર છે. તેમને તેવા બંધનો નથી બાંધી શકતાં તેમ છતાં મનુષ્યલોકમાં લીલા કરતી વખતે તે શાસ્ત્રોનો આદર આવશ્યક ગણાય તો પણ સત્યભામાજીને પરણાવવાનો મુખ્ય આગ્રહ તેમના પિતા સત્રાજીતનો હતો કારણ કે તેણે ખોટી રીતે સ્યમંતકમણીની ચોરીનો આરોપ ભગવાન પર લગાડેલો જેથી ભગવાનને બહુ શ્રમ પડયો અને બધાય દ્વારકાવાસી સત્રાજિતને નિંદવા લાગ્યા તે નિંદાથી બચવા સત્રાજિતે આ ઉપાય કર્યો જે ભગવાનને પુત્રીરત્ન સાથે પેલો રત્ન સોંપી અપયશથી મુક્ત થવાય.

ઉજજેન (રાજાધિદેવીજી) ના પુત્રી મિત્રવિંદાજી, કૈકયદેશના ભદ્રાજી તેઓ આઠ પટરાણીઓમાં છે તેમનો સ્વીકાર ત્રણ ગુણ અને પંચપર્વાવિધારૂપી શક્તિના રૂપમાં કર્યો છે જેથી તેમના સેવક પરિકર યાદવોને તેમના દ્વારા મોક્ષદાન થયું છે. તેથી લૌકિક દ્રષ્ટીથી જ અજુગતું દેખાય છે.

આવી લોક વિલક્ષણ ભગવલ્લીલાનું કારણ લૌકિક બુધ્ધિગમ્ય રીતે કહ્યું જે કામણ ટૂમણ વગેરે જાણતા હોવાથી આવું બને છે. ખરી રીતે સંપૂર્ણ જગતમાં જે પરસ્પર આકર્ષણ છે તેનું મુળ, તે માટે ભગવદ્ અંશ સતચિદાનંદતત્વનો આભાસ અથવા સત્તાજ છે.

આ રીતે પુરા દશમ સ્કંધની લીલા મહા અલૌકિક છે જે ભગવદ્ ભક્તો સાથે મલી પ્રેમથી ગાય છે તેને હૈયે વશે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રી પુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૬૧ મો)

અધ્યાય તેરમો

સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્ ।
વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ
॥૨૮॥

નાશવાન સર્વે ચેતન અચેતનમાં આવેનાશી પરમાત્માને સમાન ભાવથી રહેલો જે જુએ છે તે (યથાર્થ) જુએ છે. ॥૨૮॥

આ જ ફળરૂપ હોવાથી 'સમમ્' વગેરે શબ્દોથી વધારે સ્પષ્ટ કરે છે. દૃશ્યમાન જગતમાં રહેલ બધાંમાં એટલે કે સ્થાવર જંગમ સ્વરૂપે રહેલ ભૂતમાત્રમાં લીલા વડે અનેક પ્રકારના રસભોગ માટે પરમાત્મા રહેલો છે. રસના ભોગને માટે ઊંચ નીચના ભેદ વગર સર્વમાં સમાન રીતે તે રહેલ છે. ભૂતમાત્ર નાશ પામે છે છતાં નાશ ન પામનાર પરમાત્માને, એટલે કે તેવા પ્રકારની લીલાના જ્ઞાનવાળા ન હોવાથી વિનાશને પામેલાંઓમાં અન્યથા ભાવે, ક્રોધ રહિતતાથી, તેવા પ્રકારની લીલાઓનો ઉપભોગ કરનારને જે જુએ છે તે પરમેશ્વરને જુએ છે, તેમ હોવાથી એ રીતે જે જોતો નથી તે અપરાધી જ છે. ॥૨૮॥

સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।
ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં
ગતિમ્ ॥૨૯॥

બધાંમાં સ્થિરતાથી રહેલા ઈશ્વરને સમાન ભાવથી જોનાર જ પોતા વડે આત્માને હણતો નથી, તેથી તે પરમ ગતિને પામે છે. ॥૨૯॥

જે જુએ છે તે મુક્ત થઇ જાય છે, એમ 'સમમ્' વગેરે શબ્દોથી કહે છે. સર્વત્ર એટલે જગતના સર્વે પદાર્થોમાં ઉત્તમ પ્રકારે તેવી લીલા અર્થે રહેતો ઈશ્વર સર્વ સામર્થ્ય વાળો છે, તે સર્વમાં સમાન રીતે રહેલો છે, એમ જોનાર પોતાના લીલાત્મક સ્વરૂપથી આત્મસ્વરૂપને એટલે કે વિકાર રહિત આત્માને નિશ્ચયપૂર્વક હણતો નથી, એટલે કે અન્યથાને પામતો નથી, તે પરમાત્માને યથાર્થરૂપે જાણીને ભજે છે. તેથી ઉત્કૃષ્ટ ગતિને એટલે કે વૈકુંઠની ગતિને પામે છે. અહીં 'હિ' શબ્દ છે તે યોગ્યતાના અર્થમાં છે. યોગ્ય ન હોય તો શરણાગતિ નિષિદ્ધ છે. આથી જ 'જે અન્યથા થઇને આત્માને અન્યથા સમજે છે, તેવા ચોર અને આત્મઘાતીએ કયું પાપ કર્યું નથી ?' એમ યોગ્ય રીતે ઉલ્લેખ કરાયો છે. ॥૨૯॥

પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।
યઃ પશ્યતિ તથાત્માનકર્તારં સ પશ્યતિ ।૩૦।

દરેક રીતે પ્રકૃતિ વડે જ કર્મો કરાતાં હોય છે, અને તે પ્રમાણે આત્માને અકર્તા જે જુએ છે તે (યથાર્થ) જુએ છે. ॥૩૦॥

અહીં પ્રશ્ન થાય છે કે, જો સર્વરૂપે સર્વત્ર તે જ હોય તો તે પ્રમાણે બધાય કેમ નહિ જોતા હોય ? એવી શંકાના પ્રત્યુ-

ત્તરમાં 'પ્રકૃત્યા એવ' વગેરે શબ્દોથી કહે છે. પ્રકૃતિથી માત્ર લીલામાં ઉપયોગી એવાં જ કરાતાં કર્મોને જે જુએ છે, અને 'ચ' અક્ષરથી વિશેષ અર્થ કર્યો છે કે, કરાવાતાં કર્મોને જે જુએ છે તથા જીવને અકર્તા, તેમની ઇચ્છાના અભાવમાં કંઇ પણ કરવાને અશક્ત જે જુએ છે તે યોગ્ય જુએ છે. અહીં પરમેશ્વરને જુએ છે, એટલું અધ્યાહાર છે, અથવા તે જ જુએ છે, બીજા તો અંધ જ છે, એવો ભાવ છે. ॥૩૦॥

યદા ભૂતપૃથગ્ભાવમેકસ્થમનુપશ્યતિ ।
તત એવ ચ વિસ્તાર બ્રહ્મ સંપદ્યતે તદા ॥૩૧॥

જ્યારે ભૂતોના ભિન્ન ભિન્ન ભાવને એકમાં રહેલ જુએ છે અને તેનાથી જ થતા વિસ્તારને જુએ છે ત્યારે તે બ્રહ્મને પામે છે. ॥૩૭॥

એ પ્રમાણે જ સર્વના લયમાં સૂક્ષ્મત્વને અને ઉત્પત્તિમાં વિસ્તારને, બ્રહ્મથી પ્રેરિત થયેલા તેવા રૂપને જ્યારે જુએ છે ત્યારે તે બ્રહ્મત્વને પામે છે, એમ 'યદા' વગેરે શબ્દોથી કહે છે. જ્યારે ભૂતમાત્રના એટલે કે સ્થાવર અને જંગમના ભિન્ન ભિન્ન ભાવને, બ્રહ્મના ભેદને, એકત્ર થયેલ અનેક વિચિત્ર રૂપોવાળાને, સંહાર કરવાની ઇચ્છાવાળાને પ્રલય પછી રમણ સ્વરૂપ એવા બ્રહ્મના સ્વરૂપમાં રહેલ જે જુએ છે, અને પછી સૃષ્ટિની રચના કરીને રમણ કરવાની ઇચ્છાવાળા બ્રહ્મથી જ સૃજનના સમયે વિસ્તારને પરિણામ રૂપે જુએ છે ત્યારે તે બ્રહ્મત્વને પામે છે, એમ અર્થ છે. ॥૩૧॥

અનાદિત્વાન્નિર્ગુણત્વાત્ પરમાત્માયમવ્યયઃ ।
શરીરસ્થોઽપિ કૌન્તેય ન કરોતિ ન લિપ્યતે ।૩૨।

હે કુંતીપુત્ર અર્જુન, આ અવ્યય પરમાત્મા અનાદિ હોવાથી (અને) નિર્ગુણ હોવાથી શરીરમાં રહેલો છતાં કાંઇ કરતો નથી (અને) લેપાતો નથી. ॥૩૨॥

અહીં પ્રશ્ન થાય કે, જેવી રીતે બ્રહ્મના અંશરૂપ જીવનો દેહ સાથે સંબંધ થવાથી તે કર્મ સાથે જોડાય છે, તેનાથી જ અજ્ઞાન અને તેનાથી જ નાશ થાય છે. પ્રેરક આત્મશક્તિના સંબંધથી જીવને કર્મનો લેપ થતો નથી, ત્યારે સમાન રીતે નહિ જોવાનો પ્રશ્ન જ ક્યાં છે ? એની શંકાના પ્રત્યુત્તરમાં 'અનાદિત્વાત્' વગેરે શબ્દોથી કહે છે. જેની ઉત્પત્તિ છે તેનો જ અન્યની સાથે સંબંધ થવાથી નાશ થાય છે. આત્મા અનાદિ છે, પરંતુ અવિદ્યાવાળા જીવભાવની જેમ તેની ઉત્પત્તિ નથી. તેથી જ અન્ય સંબંધના અભાવે તે સાક્ષી હોવાનું પહેલાં (૯–૧૮ માં) વર્ણવેલ છે. તેથી ગુણોની સાથે સંબંધ હોય તેનો જ નાશ થાય છે, તે નાશ છે. પરમાત્મા તો નિર્ગુણ છે, તેથી આ પરમાત્મા અવ્યય છે અને અન્ય સાથે સંબંધ વગેરેથી નાશ રહિત છે. એમ હોવાથી શરીરમાં રહેલો છતાં તે કર્મ કરતો નથી, અને તેથી જ તે લેપાતો નથી. ॥૩૨॥

યથા સર્વગતં સૌક્ષ્મ્યાદાકાશં નોપલિપ્યતે ।
સર્વત્રાવસ્થિતો દેહે તથાત્મા નોપલિપ્યતે
॥૩૩॥

જેવી રીતે સર્વ સ્થળે રહેલું આકાશ સૂક્ષ્મ હોવાથી લેપાતું નથી, તેવી રીતે

આત્મા શરીરમાં બધે રહેલો છે, તે લેપાતો નથી. ॥૩૩॥

એને માટે 'યથા' વગેરે શબ્દોથી દૃષ્ટાંત આપે છે. જેવી રીતે સર્વત્ર એટલે કે જડ અને જીવમાં રહેલું આકાશ સૂક્ષ્મ હોવાથી, એટલે કે સ્વરૂપ રહિત હોવાથી સંગ રહિત છે, તેની સાથે તે લેપાતું નથી, તેમ જ સર્વત્ર રહેલો આત્મા, એટલે કે ઉચ્ચ કે નીચ દેહમાં રહેલો આત્મા પણ લેપાતો નથી. ॥૩૩॥

યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમિમં રવિઃ ।
ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત ॥૩૪॥

હે ભરતકુલોત્પન્ન અર્જુન, જેવી રીતે એક સૂર્ય આ સમગ્ર લોકને પ્રકાશિત કરે છે તેવી રીતે ક્ષેત્રી સંપૂર્ણ દેહને પ્રકાશિત કરે છે. ॥૩૪॥

અહીં પ્રશ્ન થાય કે, જો આત્મા કશાથી ન લેપાતો હોય તો દેહ વગેરેના ગુણોનો પ્રકાશક તે શી રીતે થાય? એવી શંકા કરીને પ્રત્યુત્તરમાં 'યથા' વગેરે શબ્દોથી કહે છે. જેવી રીતે એક સૂર્ય મારો અંશ હોવાથી આ સંપૂર્ણ લોકને પ્રકાશે છે, તેમ જ મારો અંશ હોવાથી જ ક્ષેત્રી સંપૂર્ણ ક્ષેત્રને પ્રકાશે છે, સૂર્ય દૃષ્ટિરૂપે હોવાથી તેના દૃષ્ટાંતમાં મારી કૃપાદૃષ્ટિથી ક્રીડામાં ઉપયોગી થવા માટે પણ ક્ષેત્રને પ્રકાશે છે, એમ જણાવ્યું છે. 'હે ભારત, એવા સંબોધનથી સૈન્યની વચ્ચે રહેલો મારો અંશ હોવાથી જેવી રીતે તું તેના દોષોથી લેપાઇશ નહિ તેમ આત્મા પણ લેપાતો નથી, એમ જણાવ્યું છે. ॥૩૪॥

ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમન્તરં જ્ઞાનચક્ષુષા ।
ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્ ॥૩૫॥

એ પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને અને પ્રાણીઓના પ્રકૃતિથી છુટકારાને જેઓ જ્ઞાનરૂપી દૃષ્ટિ વડે જાણે છે, તેઓ પરબ્રહ્મને પામે છે. ॥૩૫॥

એ પ્રમાણે ઉપનિષદરૂપ, બ્રહ્મવિદ્યારૂપ, યોગશાસ્ત્રરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદમાં પ્રકૃતિપુરુષયોગ નામનો તેરમો અધ્યાય પૂરો થયો. ॥૧૩॥

હવે 'ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. પહેલાં કહ્યું તે પ્રમાણે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદને, લૌકિક સૃષ્ટિની રીતે, જ્ઞાનચક્ષુ વડે એટલે કે આલોચન દૃષ્ટિથી જેઓ જાણે છે, અને વળી ભૂતો સાથે સંબંધવાળી એટલે કે જડ ચૈતન્ય સાથે સંબંધવાળી સંસારમાં ઉપયોગી એવી જે પ્રકૃતિ છે, તેનાથી ભિન્ન ધ્યાન વગેરે મોક્ષનું સાધન છે તેને જેઓ જાણે છે તેઓ મોક્ષને પામે છે, એમ અર્થ છે. ॥૩૫॥

એ પ્રમાણે અને ક્ષેત્રજ્ઞના સ્વરૂપને કહીને સ્વયં ભગવાને અર્જુનનો મોહ ટાળ્યો, તેવા ભગવાનને હું નમસ્કાર કરું છું. ॥૧॥

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપરનાં અમૃતતરંગિણી નામની ટીકામાં તેરમો અધ્યાય પૂરો થયો. ॥૧૩॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

અંતઃકરણપ્રબોધઃ

(શ્રી શ્યામલાલાત્મજ શ્રીવ્રજરાજ કૃત વિવરણનું ગુજરાતી ભાષાંતર)

(લેખાંક ૮ મો) અનુવાદક : **ગો. વા. પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી. એ. (ઓનર્સ), કોવિદ

[અંતઃકરણ પ્રબોધઃ' ઉપરની બે ટીકાઓ પૂરી થઇ. હવે તેના જ ઉપરની આ શ્રી વ્રજરાજકૃત ત્રીજી ટીકાનો પ્રારંભ થાય છે. પ્રત્યેક ટીકા કે જે પૂ. આચાર્યશ્રીઓના વરદ હસ્તે લખાયેલી છે, તેથી તેના વાચન અને મનનથી વધુને વધુ આનંદ સાથે જ્ઞાનની પ્રાપ્તિ થશે. તેવો આનંદ લેવા આગ્રહ પુર્વક સર્વે વૈષ્ણવોને વિનંતિ છે.–અનુવાદક]

(શ્રીવ્રજરાજજી 'અંતઃકરણ બોધ પ્રનુઃ' વિવરણ કરતાં મંગલાચરણ કરે છે કે,) ઇચ્છિત એવું બધું જ આત્યંતિક રીતે આપનારાં પોતાનાં આચાર્યશ્રીનાં ચરણ કમલોને વંદન કરીને, તેઓશ્રીએ કહેલાં બોધદાયક વાકયોનું, અંતઃકરણ પ્રબુદ્ધ થાય (સાવધ થાય) તેવી સિદ્ધિની પ્રાપ્તિ માટે હું વિવરણ કરું છું. ॥૧॥

(હવે પ્રારંભ કરે છે.) શ્રીમદ્ આચાર્યચરણશ્રી (જેઓ પોતાનાં છે તેઓ પ્રત્યે 'નવરત્ન'માં 'ચિંતા કરવી નહિ–નવરત્ન, શ્લોક ૧, એ પ્રમાણે આજ્ઞા આપીને, અને ચિંતા એ અંતઃકરણનો મુળ ગુણ હોવાથી, તેમ જ અંતઃકરણ એટલે મનનો સ્વભાવ ચંચળ હોવાથી ધ્યાન વગેરેમાં તેનો અનુચિત ઉદ્ભવ થાય છે. એમ હોવાથી પહેલાં કહેવાયું છે તે પ્રમાણે તેમાં આજ્ઞા ભંગની શકયતા હોવાથી નિવેદન કર્યું છતાં ન કર્યું થાય એમ છે તેથી ચિંતા ન ઉદ્ભવે તે માટે પ્રમેય બળથી જેવી રીતે ફલ પ્રકરણમાં ભગવાને ભકતોના અઃતકરણ સાથે સંબંધવાળા મદ અને માનનું નિરાકરણ કર્યું તેમ જ અહીં પણ) પોતાના અંતઃકરણને સાવધ કરવા માટે (તેને અભિમુખ કરીને) સગર્વ પોતાના મુળ સ્વરૂપની જાણકારી થાય તે રીતે અંતઃકરણ પ્રબોધને, તેના અગિયાર શ્લોકથી, અગિયારેય ઇંદ્રિયોને ઉપદેશક થાય તેવી રીતે 'અંતઃકરણ' વગેરે શબ્દોથી આરંભ કરીને વર્ણવે છે.

હે અંતઃકરણ, મારું અંતઃકરણ, એટલું ઉમેરવું. (સમાપ્તિમાં–છેલ્લા શ્લોકમાં 'ભક્તો નિશ્ચિંતતાં વ્રજેત્'–ભકત ચિંતાથી મુકત થાય–એમ ઉપસંહારરૂપે કહ્યું હોવાથી તેમ જાણવું.) મારું વાકય સાવધાન થઇને તું સાંભળ, એમ અર્થ છે. તેમાં 'મારું વાકય' એવા શબ્દોથી આપ્તપણું કહેવાયું છે. તે શ્રવણ કર્યા પછી તે પ્રમાણે આચરવું, એવા અર્થમાં છે. અંતઃકરણ શબ્દ એક વચનમાં છે તે પોતાના માર્ગમાં બધાની એકરૂપતા દર્શાવવા માટે જાતિ અભિપ્રાયથી (જન–સમુદાયના અભિપ્રાયથી) કહેવાયું છે. (અહીં પહેલાંના બધાએ પોતાનું અંતઃકરણ જ બોધ

છે, એમ સ્વીકાર્યું છે. તેમ છતાં વલ્લભાષ્ટકમાં રૂપદ્વયેનાવતાર બોધનાત્'-બંને રૂપે પ્રગટ થયાનું જણાવેલું હોવાથી એમ કહ્યું છે. સર્વોત્તમસ્તોત્રશ્લોક ત્રીજામાં-'સ્વાસ્યં પ્રાદુર્ભુતં ચકાર'-પોતાના મુખારવિંદરૂપે પ્રાકટ્ય કર્યું, એમ કથન છે. એવા અભિપ્રાય પ્રમાણે મુખારવિંદરૂપ અને વૈશ્વાનરરૂપ-સુસંગત જ છે.) એ પ્રમાણે પોતાના અંતઃકરણને સન્મુખ કરીને 'કૃષ્ણાત્ પરમ્' વગેરે શબ્દોથી નિશ્ચિત રૂપે બોધનું વાકય કહે છે. 'કૃષ્ણાત્' એટલે શ્રીકૃષ્ણથી, કૃષિર્ભુવાચકઃ' (એટલે કે કૃષ્ણ શબ્દમાં કૃષ ધાતુ છે તે સંચાલન કરવાના અર્થમાં છે. જે સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરે છે તે કૃષ્ણ.) એ પ્રમાણે શ્રીકૃષ્ણનું ભાવાનંદપણું છે. એવા વિવરણથી વ્રજશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ જેઓને પ્રિય છે તેવા વ્રજજનોના ભાવાત્મક હોવાથી શ્રીકૃષ્ણથી શ્રેષ્ઠ કોઇ દેવ નથી, એમ અર્થ છે. ('પરમ્ એટલે ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ અને દૈવમ એટલે દેવોનો સમૂહ અથવા ક્રીડા કરનારનો સમુહ કોશમાં આપ્યા પ્રમાણે દૈવના દિષ્ટ, ભાગધેય, ભાગ્ય એ પર્યાય છે, એટલે કે ક્રીડા કરનારના ભાગ્યરૂપ શ્રીકૃષ્ણ છે.) એ રીતે શ્રીકૃષ્ણથી પર બીજું કાંઇ જ નથી. અહીં 'ન અસ્તિ' શબ્દનો અર્થ બીજો કોઇ નથી, એમ છે. આવી માત્ર પ્રશંસા શા માટે ? એવી શંકાના પ્રત્યુત્તરરૂપે 'વસ્તુતઃ' વગેરે શબ્દોથી કહે છે. તેમાં શ્રેષ્ઠ હોવાની વાસ્તવિકતા બતાવવા 'દોષવર્જિતમ' એવા વિશેષણથી કહે છે કે, તે દોષ રહિત છે, એમ અર્થ છે. (અને તે પ્રમાણે તે વાસ્તવિક હોવાનું મુળ કારણ છે. વળી) 'કૃષ્ણ' એવા પદથી સદાનંદ કહેવાયેલ છે. એમ કહેવામાં જેવી રીતે ગોપીઓને માટે કોટિ કામદેવના સમાન સૌંદર્ય પ્રગટ કરીને પ્રભુ પ્રગટ થયા છે, તેવી જ રીતે બધેય તે માટે તે પ્રગટ થશે, એમ જણાવ્યું છે. તેનાથી બીજે ક્રીડારૂપ નથી જ, એમ કહેવાયું છે. અન્ય પ્રત્યે નાયકના ભાવથી થતું જીવોનું ભજન દોષરૂપ જ છે, એવો ભાવ છે, એમ દોષવર્જિત શબ્દથી જણાવ્યું છે. આથી જ 'વીર યોષિતામ્' (હે સ્ત્રીઓના વીર,-ભાગ. ગોપીગીત, ૧૦-૩૧-૬) એમાં વ્રજનિતંબિની વાકયની ટીકામાં શ્રીમદ્ આચાર્યશ્રીએ (સુબોધિનીમાં) દર્શાવ્યું છે કે, ખરેખર શ્રીકૃષ્ણ સિવાય અન્ય 'કોઇ પણ એવા સંબોધનને યોગ્ય નથી. (કારણ કે શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઇ 'પૂર્ણકામ' નથી.) એમ નિરૂપણ કરેલું છે. પ્રથમ મહિષીઓએ પણ 'ત્વક્સ્મશ્રુરોમ' એ પદ્યથી અન્યત્ર કાન્તભાવની દોષરૂપતા દર્શાવી છે. (તેમ જ ભગવાનની ક્રીડા કરવાની સ્વેચ્છાથી પોતાનાં જેઓ છે તેમના ભાગ્યને અનુરૂપ અને પોતાની મેળે જ અમારું કાર્ય કરશે, એવો નિશ્ચય કરીને ચિંતા કરવી નહિ, એમ અર્થ છે.) ॥૧॥

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૧/-

પ. ભ. શ્રી વલ્લભદાસ વિઠ્ઠલદાસ છાટબાર રાજકોટ તરફથી ચિ. કુંદનબેન તથા ચિ. વસંતભાઇના શુભલગ્ન પ્રસંગે ધન્યવાદ.

શ્રીયમુનાજીના પદ

(ભાવર્થ વિવેચન સહિત)

લેખક : પં ભ.શ્રી રવજીભાઇ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પદ ૪૩ મું, રાગ–બિભાસ

દોઉ કૂલ ખંભ તરંગ સીઢી,
શ્રીયમુના જગત વૈકુંઠ નિશ્રેની;
અતિ અનુકૂલ કલોલન કે ભરલિયેં,
જાત હરિકે ચરણન સુખ દેને. ૧
જન્મ જન્મ કે પાપ દૂર કર,
કાટત કર્મ ધર્મ ધાર પેની;
'છીતસ્વામી' ગિરિધર જૂકી પ્યારી,
સાંવરે અંગ કમલ દલ નેની. ૨

ભાવાર્થ :– જેના બન્ને કિનારા ખંભ રૂપ અને જલ તરંગો સીડીરૂપ છે એવાં શ્રી યમુનાજી જગતમાંથી વૈકુઠમાં જવાની સીડીરૂપે દર્શન આપે છે. શરણુસ્થ નિજાશ્રિત જીવોને અતિ અનુકૂળ રહી હર્ષથી કલ્લોલ કરતાં એ જીવોને સાથે લઇને પ્રિયતમ પાસે પધારી નિજકરથી તે જીવોને પ્રભુના ચરણમાં સમર્પણ કરે છે, એવા અખંડ સુખને આપનારા છે.

શરણે આવેલા જીવોનાં જન્મો જન્મનાં પાપોને દૂર કરી, કર્મ–ધર્મના બંધનોને દૂર કરવાના દ્રઢ સંકલ્પવાળાં છે. છીતસ્વામીજી કહે છે કે હે તુર્યપ્રિયાશ્રી યમુનાજી ! આપ શ્રીગિરિધરના પરમ પ્યારાં અને શ્યામસુંદર સમાન શ્યામ અંગવાળા ને શતદલ કમલની પાંખડી સમાન નયનોવાળાં છો.

વિવેચન-જલનો એવો સ્વભાવ છે કે જે ભારી પદાર્થ હોય તેને ડૂબાવે છે. જલમાં એક પૈસો નાખશું તો તેને પણ ડૂબાવી દેશે તો પૈસા કરતાં લાકડું ઘણું ભારે હોય છે છતાં જલ તેને ડૂબાવતો નથી. લાકડાને જલ અનુકુલ છે. જલ એમ સમજે છે કે લાડું મારા સીંચનથી થયું છે, માટે એને તારવું જોઇએ. એને કોઇ પ્રકારે પણ ડુબાવવો ઉચિત નથી. આ ભાવના વિચારવી એ મહાન વ્યકિતઓની રીત છે. એજ અનુકુલતા કહેવાય એ રીતે શ્રીયમુનાજી ભકતોને અતિ અનુકુલ છે. માટે ડુબવા નહિ દીયે. હર્ષ ભર્યા ગોલોકમાં હરિ ચરણને સુખદેવાને માટે ભકતોને લઇ જશે. પુષ્ટિ સૃષ્ટિ પ્રભુએ પોતાની સેવા અર્થે રચી છે. તો અહીં પણ સેવા અને ત્યાં લીલામા જઈ સેવામાં તત્પર થવાનું છે. પ્રભુની સેવા કરનારને અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે.

કર્મ ધર્મનાં બંધનોને પણ કાપે છે. શ્રીયમુનાજીનાં દર્શન અને નામસ્મરણ પયપાનથી કર્મના બંધનો તો કપાઇ જ જાય પરંતુ ધર્મની બેડી એટલે લૌકિક વૈદિક ધર્મના બંધનો બહુ જ દુષ્કર હોય છે. ગૃહ ધર્મ, કુલ ધર્મ, દાન પૂન્ય કરી સ્વર્ગમાં જવાનો ધર્મ પુણ્યો વૃતો કરીને વૈકુંઠમાં જવાનો ધર્મ, સાયુજય મુકિત મેળવવાના ધર્મ આમ લૌકિક વૈદિક ધર્મોના બંધનો અતિ કષ્ટમય હોય છે આ સર્વ ધર્મો પુષ્ટિ ફલમાં બાધક છે. માટે તેને પણ શ્રીયમુનાજી સ્વસામર્થ્યથી કાપીને ગોલોક ધામમાં ગતિ આપી યથાધિકાર લીલાનાં સુખો આપે છે. જે ભકતો શ્રીયમુનાજીના યુગલ સ્વરૂપના અનન્ય આશ્રયી હોય છે તેને વિના પરિશ્રમે તરંગ રૂપ સીડી દ્વારા લીલામાં લઈ જાય છે.

–ક્રમશઃ

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયનમહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

લેખાંક ૨૪ મો

ગતાંકથી ચાલુ

વિજયનગરમાં શાસ્ત્રાર્થ

સભામાં બેઠેલા સર્વ વૈષ્ણવ આચાર્યો શ્રીવલ્લભને સર્વ પ્રકારે સર્વાધિક માન્ય કરી વેદસિદ્ધ વૈષ્ણવધર્મની મહતા વર્ણન કરવા પ્રેરણામય વાક્યો કહેવા લાગ્યા.

શ્રીવલ્લભ સેજ મૌન ધારણ કરી, સર્વને સન્તોષતા સાનુકુલ શબ્દો વડે પ્રતિવાદીઓ સામે શાસ્ત્રાર્થની શરૂઆત કરવા લાગ્યા.

(પ્રિય વૈષ્ણવો ! શ્રી વલ્લભનો શાસ્ત્રાર્થ ૨૮ દિવસ સુધી ચાલેલો વાણીના પતિ શ્રી વલ્લભ પ્રભુ દિવસ ૨૮ સુધી સર્વ શાસ્ત્રોનો નિર્ણય આપી શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરેલ છે. આ જગતમાં કોણ એવો પંડિત કે કવિ હોઇ શકે જે આપશ્રીએ મંડન ખંડન કર્યું તે લખી શકે અથવા કહી શકે ? તેમ શ્રીવલ્લભાયન કાવ્યમાં જે મારી મતિ પ્રમાણે જે વર્ણન છે તે તો હું પોતે આપી શકવા સમર્થ નથી, પણ સાધારણ સાંકેતીક શબ્દોથી થોડું લખાણ કરૂ છું વિશેષ અણુભાષ્ય, તત્વાર્થદીપ નિબંધ વગેરે ગ્રંથોમાં જોઇ લેવું.

પહેલાં જીવ સ્વરૂપનો શાસ્ત્રાર્થ અમોએ લખ્યો છે કારણ કે જગત અને બ્રહ્મના ધર્મો વિષે કાશીના શાસ્ત્રાર્થમાં કંઇક લખ્યું. હવે જીવ વિષે સાંકેતિક શબ્દોથી યથામતિ ગ્રંથોના આધારે લખું છું.)

જીવ બ્રહ્મનો અંશ છે, આભાસ પ્રતિબિંબ કે દેહાદિક જેવો નથી. તે અણુરુપ અંતઃકરણમાં ઇશ્વર સાથે સ્થિત પોતાના કર્મરુપ દેહના ભોગ ભોગવતો દ્વાસુપુર્ણા શ્રુતિ મુજબ અથવા કૃષ્ણ યજુર્વેદની શાખા શ્વેતાશ્વર અને ગીતામાં 'મમૈવાંશો જીવલોકે' અનેક પ્રમાણોથી સિદ્ધ છે. જીવ અંશ, અંશી ભગવાન છે. જીવમાં સદ્ ચિદ્‌ના ધર્મો સ્પષ્ટ છે. આ જીવ વિસર્વિ ગુણ યુક્ત (એટલે કે દેહાદિક માહેનો પ્રકાશ એક જગ્યાએ મુકેલા દીપકથી જેમ પ્રકાશ તેમ છે.) જીવનું વ્યાપકત્વ ભગવદ્ આવેશથી થાય છે. જયારે જીવમાં આનંદના ધર્મો લોખંડના ગોળામાં અગ્નિ પ્રવેશની માફક જીવમાં ઇશ્વરના ધર્મો સ્પષ્ટ દેખાય છે. જીવને આભાસ બ્રહ્મ સૂત્રમાં કહેલ છે. તે આભાસ શાંકરોના મત મુજબ નથી, પણ જયારે જીવ પોતાના આધ્યાત્મિક ભાવ રહિત થયે દેહને આત્મા માને ત્યારે તે ભૌતિક જ્ઞાનવાળાને

આભાસ શબ્દ વપરાય છે. જેમ માણુસ માણુસાઇથી રિકત થાય ત્યારે તે માણસાઈનો આભાસ બને છે. તેમ જીવને પ્રતિબિંબ માનવામાં આવતા જીવ ઇશ્વરનું પ્રતિબિંબ બની શકતો નથી. શાંકરમતમાં તેમનું બ્રહ્મ સાકાર નથી, તો પછી નિરાકારનું પ્રતિબિંબ પડતું (શાકરના મત પ્રમાણે) પ્રતિબિંબ માયા કે અવિદ્યામાં પડતા અવિદ્યાના નાશથી જીવનો નાશ થાય તે મુકિત ગણાય નહિ. કદાચ માયામાં પ્રતિબિંબ પડે તેમ માનો તો જીવન મુકિતનો પ્રસંગ આવે નહિ, કારણ કે શુધ્ધ સત્વા માયા અને રજતમયુકત અવિધાનો શાંકર મતમાં કિંચિત્ સંબંધ નથી. ત્યારે દેહાદિકમાં અવિદ્યા અને માયા સાથે આવતાં શાંકરોની દલીલો ખોટી પડે છે.

નૈયાયકનું જીવનું વ્યાપકત્વ સત્ય નથી, દૂર દેશની વસ્તુની પ્રાપ્તિ જીવનું વ્યાપકત્વ સિદ્ધ કરતું નથી. એક દેહમાં રહેલ જીવ બીજા દેહના સુખ દુઃખનો અનુભવ કરી શકતો નથી. આવું અયોગ્ય વ્યાપકત્વ વગર વિચારે માનવા જેવું થાય છે. જીવને ગીતામાં નિત્ય, સર્વગત વિભુ વિગેરે વિશેષણો આપેલા છે, તે બ્રહ્મના આનંદમય ધર્મોના પ્રવેશથી દેવોમાં અથવા મનુષ્યમાં ઇશ્વરનું બલ મેં જોયું છે.

ખુલાસો–જયારે દેવોમાં ભગવદ્દાવેશ થાય છે ત્યારે સર્વશક્તિમાન દેખાય છે તે આવેશ (પ્રવેશ) છે. કદાચ જીવમાં આનંદનો આવિર્ભાવ થાય તો અણું પણું નષ્ટ થતુ નથી જેમ લોખંડના ગોલાને તપાવી અગ્નિરૂપ થતાં લોખંડ જતું નથી.

બ્રહ્મબિન્દુમાં જીવનું અને ઈશ્વરનું એકય બતાવવા 'એક એવોહ ભૂતાત્મા' નું વર્ણન 'તૂં તે છે' 'તત્વમસિ' વાકય અનુસાર અભેદ બતાવેલ છે. તે જીવને અન્તઃકરણમાં યોગથી સાધીતમન, જ્ઞાન, તથા જે દૃષ્ટિથી ભગવાનના દર્શન થાય તે દૃષ્ટિથી જીવને જોઇ શકે છે. જીવ ભૌતિક દૃષ્ટિથી જોઈ શકાય નહિ, કારણ કે વિજાતિ છે નેત્રો સદ્રૂપ અને જીવ ચિદ્રુપ છે. ઇશ્વર પ્રાપ્તિ માટે અનેક સાધનો બતાવ્યા તે સહુંથી શરણાગતિ સર્વોપરી છે.

સાત્વિક, રાજસ અને તામસ આ ત્રણ ગુણ વાળી માયા છે. તે હરિના શરણથી પોતાનું બલ શરણાગત પર બતાવી કે ચલાવી શકતી નથી.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાઽદ્‌ભૂત કર્મણે ।
રુપનામવિભેદેન જગત ક્રીડતિ યો યતઃ ।। ત. દી. નિ. શાત્ર

હવે બ્રહ્મના ધર્મ અને બ્રહ્મના સ્વરૂપનો વિચાર લખું છું. જે વિષયો વિજયનગરની સભામાં શાસ્ત્રાર્થ રૂપે આવેલ છે.

બ્રહ્મ કેહેતાં ભગવાન પુરૂષોત્તમ પરબ્રહ્મ કૃષ્ણ (અવતારોમાં સર્વોપરિ) ભગવાનના અવતાર ભેદમાં છ ભાગ છે. એક પરિપૂર્ણ (શ્રીકૃષ્ણ) બે પૂર્ણ (શ્રીરામ) ત્રણ કલા (વામન

નૃસિંહ વગેરે) ચાર અંશ (પૃથુ વગેરે) પાંચ અંશા અંશ (મત્સ્ય, કૂર્મ વગેરે) છ આવેશ (અર્જુન, મારુત, વિભિષણ, ભીમ, ધર્મ વગેરે. આવેશ વાળા ઓરસ છે. બીજા ઓરસ નથી.

સ એવહિ જગતકર્તા તથાપિ સગુણો નહિ । ત.દી. નિ. કા. ૭૭
જન્મ કર્મ ચ મે દિવ્યમેવં ચો વેત્તિ તત્ત્વતઃ ગી. ૪-૯

ભગવાન જગતને પ્રકટ કરે છે. છતાં ત્રણ ગુણો તેના પ્રકટ કરેલા જેને માયા કહેવામાં આવે છે, તે તેને બંધનકર્તા નથી. તે ગુણોના આત્મા પોતે ત્રણ ગુણોથી રહિત એટલે કે નિર્ગુણ નિજ ધર્મો છે અલૌકિક તેમના અલૌકિક દેહાદિક અવતાર દશામાં પણ સદા માનવા. જન્મ, કર્મ દિવ્ય છે. બ્રહ્મની પરા તથા અપરા બન્ને શકિતઓ બ્રહ્મરૂપ બ્રહ્મથી પ્રકટ. બ્રહ્મ તેનો આત્મા છે. (અપરા એટલે પાતાલથી બ્રહ્મલોક સુધી ત્રણ ગુણ યુકત તે. પરા એટલે અલૌકિક અપ્રાકૃત દિવ્ય આનંદાકાર.) અપરાનું બંધન બ્રહ્મને નથી, કારણ પોતે નિર્ગુણ છે.

પરા શકિત બ્રહ્મલોકથી આગળ આવેલ છે. વૈકુંઠાદિ લોક બ્રહ્મનું સુખ બ્રહ્માનંદ, પરમાનંદ વગેરે માનવું ત્યાં કાળબળ, માયાબળ કે દેવબળ નથી. સર્વ ઈશ્વરના આનંદમય સ્વરૂપો છે. રમા વૈકુંઠ બ્રહ્મની કચેરી, ગોલોક બ્રહ્મનું ઘર-રણવાસ (અન્તપુરઃ)

જે પ્રાકૃત છે તેનાથી આ અપ્રાકૃત કોઈ સંબંધ ધરતું નથી. ત્યાં શિવ બ્રહ્મા કે ગુણાભિમાની વિષ્ણુ નથી. શું વિષ્ણુ નથી ? ના. કેમ વિષ્ણુ શબ્દ વ્યાપક પુરૂષોત્તમનો અધ્યાત્મિક સ્વરૂપ અનંત થાય છે. તેતો પુરૂષોત્તમ પોતે છે. ગુણાભિમાની સાત્તવિક ગુણોનું પોષણ કર્તા વિષ્ણુ અલગ છે. તે પ્રધાન પુરૂષોત્તમ કહેવાય છે.

બ્રહ્મા રેવન્યુના વડા પ્રધાન, શિવજી ફોજદારીના વડા પ્રધાન, વિષ્ણુ સત્ત્વ ગુણવાળા મુખ્ય પ્રધાન-પોષણકર્તા.

તો શું શિવ ભગવાન, બ્રહ્મા ભગવાન, વિષ્ણુ ભગવાન તે ભગવાન નથી ?

ના. જેને ભગવાન કહીયે તે ભગવાન આ ત્રણ ઉપર રાજા છે.

તો પછી આ ભગવાનો શું કરે ?

એ બધા દેવો કહેવાય. મુખ્ય ભગવાનશ્રીકૃષ્ણ, પુરૂષોત્તમની આજ્ઞા પ્રમાણે કામ કર્યા કરે છે.

ત્યારે શિવજીએ મોટું કામ કર્યું, બ્રહ્માએ મોટું કામ કર્યું, વિષ્ણુએ દાનવ-રાક્ષસોને માર્યા તે ખોટું ?

ના, સાચું ! પણ તેમનામાં જે સત્તા સંપત્તિ સર્વ શ્રી હરિકૃષ્ણની આપેલ તે જ હતું. જયારે ભકતો પર અતિ સંકટ આવે ત્યારે પોતે જેવું કામ તેવો અવતાર ધારણ કરે છે. તે સર્વોપરી રાજારૂપ શ્રી હરિકૃષ્ણ સાધન સાધ્ય નથી. શન, વાણી જેને પહોંચી ના શકે તે હરિ ભકિતથી પ્રાપ્ય છે.

– ક્રમશઃ

॥ શ્રી હરિઃ ॥

શ્રદ્ધાંજલિ

“વૈશ્વાનર” માસિકના તંત્રી પ. ભ. શ્રી પ્રેમલાલ ગો. મેવચાનો તા. ૧૯-૧-૮૮ ના રોજ ગોલોકવાસ થયાના સમાચાર જાણી અત્યંત દુઃખ થાય છે.

પ. ભ. શ્રી પ્રેમલાલભાઇનો જન્મ માણાવદર પાસેના વેળવા ગામે સંવત ૧૯૬૭ના આસો વદ ૧૩ ના રોજ થયેલ. પિતાશ્રી ગોવર્ધનદાસ જેઠાભાઇ અને માતુશ્રીનું નામ મણિબેન ત્રિભોવનદાસ. શ્રી પ્રેમલાલભાઇના જન્મ પછી થોડા વર્ષમાં તેમના માતુશ્રી ગોલોક પામ્યા. તેથી તેઓ ગોંડલ પાસેના મોવિયા ગામમાં પોતાના મોસાળમાં રહ્યા. મામાનું ઘર વૈષ્ણવ હોવાથી તેમના નાનાની સાથે તેઓ હવેલીએ જઇ દર્શન કરતાને ભગવત્કથા શ્રવણ કરતા. આ સંસ્કારોએ તેમને વૈશ્નવ બનાવ્યા સંવત ૧૯૮૨માં ધંધાર્થે તેમના મામાનું કુટુંબ સુલતાનપુર વસ્યું. અહીં અમરેલીવાળા પૂ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજી (દાદાજી) પાસેથી શ્રી પ્રેમલાલભાઇને યજ્ઞોપવિત અને બ્રહ્મસંબંધ દીક્ષા એકી સાથે લીધી. તે વખતે પૂજ્ય મહારાજશ્રીએ મંદ મંદ હસતા આશીર્વચનો ઉચ્ચાર્યા કે “આ સંપ્રદાયની સેવા કરશે.”

શ્રી પ્રેમલાલભાઇ દ્વારા ‘વૈશ્વાનર” સામાયિક પ્રકાશન ઉપરાંત અનેક ગ્રંથોનું સંપાદન, અનુવાદ તેમજ સ્વમાર્ગીય સિદ્ધાંતોને વણી લઇને રચેલ નાટીકાઓ, વાર્તાઓ, કાવ્યો તેમજ સંસ્કૃત શ્લોકો, આમ સાહિત્યના બધા પાંસાઓ તેમની બહુમુખી પ્રતિભા પ્રકટ થતી હતી. આ રીતે ઉપરોક્ત આશીર્વચન ચરિતાર્થ થયા છે. તેઓ સંપ્રદાયમાં “ભક્તિપ્રિય” તરીકે પ્રખ્યાત હતા.

તેઓશ્રીએ અ.ભા.પુ.વૈ. પરિષદના મંત્રી તરીકે પણ કેટલોક સમય સેવાઓ અર્પેલ તેમજ શ્રીનાથ દ્વારા પ્રકરણ વખતેની ચળવળમાં અગ્ર ભાગ ભજવેલો.

આવા ધગશવાળા સિદ્ધાન્તના જાણકાર અનુભવી સાહિત્યકારના આપણી વચ્ચેથી વિદાય થવાથી એક ન પુરાય તેવી ખોટ પડી છે.

પ્રભુ તેમને નિત્ય લીલાના સુખ સદૈવ આપે. તેમજ તેમના કુટુંબીજનોને આ ભૌતિક વિયોગજન્ય દુઃખ સહન કરવા ધૈર્ય આપે એવી અભ્યર્થના.

–શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, રાજકોટ.

–“શ્રી વલ્લભ સુધા” તંત્રી, સંપાદક અને વ્યવસ્થાપક મંડળ.

॥ શ્રી વલ્લભઃ ॥

॥ ગોપીજન વલ્લભાય નમઃ ॥

"શ્રી વલ્લભ તવાસ્મિ"

(ગતાંકથી ચાલુ)

લેખક- પ્રો. **જીવનલાલ જોશી**

શ્રીમદ્ વૃંદાવન બોલે શ્રીમદ્ વૃંદાવન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧)
શ્રીમદ્ વૃંદાવનના ચંદ્રમા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨)
શ્રીમદ્ વૃંદાવનના રસરાજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૩)
શ્રીમદ્ વૃંદાવનના રસેશ્વર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૪)
શ્રીમદ્ વૃંદાવનના રાસેશ્વર બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૫)
શ્રીમદ્ વૃંદાવનના શ્યામ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૬)
શ્રીમદ્ વૃંદાવનના શ્યામા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૭)
શ્રીમદ્ વૃંદાવનના મધ્યા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૮)
શ્રીમદ્ વૃંદાવનના સખીજન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૯)
શ્રીમદ્ વૃંદાવનની કુંજ બોલે, નિકુંજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૦)
શ્રીમદ્ વૃંદાવનની રસકુંજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૧)
શ્રીમદ્ વૃંદાવનની ભાવ નિકુંજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૨)
કુંજ-નિકુંજની શતદલ શ્યામા (સુંદરી) બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૩)
કુંજ-નિકુંજની શતદલ સુંદરી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૪)
શ્રીમદ્ વૃંદાવનની અનુભવ કુંજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૫)
શ્રીમદ્ વૃંદાવનની વિરહ કુંજ બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૬)
શ્રીમદ્ વૃંદાવનની સોહગિન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૭)
શ્રીમદ્ વૃંદાવનની સંયોગિની બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૮)
શ્રીમદ્ વૃંદાવનની વિરહિણી બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૧૯)
સંયોગે-વિયોગે સખીજન બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૦)
પલકાંતર વિયોગે શ્યામા બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૧)
શતદલ શ્યામા બોલે રે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૨)
શતદલ સુંદરી બોલે બોલે; શ્રીવલ્લભ તવાસ્મિ (૨૩)

-ક્રમશઃ

"શ્રી વલ્લભ સુધા" ના સેવાભાવી પ્રતિનિધિઓ

૧ શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ અરાદ.

૨ શ્રી વિઠ્ઠલભાઈ શાહ
C/o. શ્રી દ્વારકેશ હાર્ડવેર માર્ટ
ઝંડા ચોક–છોટા ઉદેપુર.

૩ સોની ભાષ્કરભાઈ ચત્રભુજભાઇ
રાયજાદા શેરી, ગોંડલ.

૩ રમણલાલ એમ. શેઠ
પત્રકાર અને સામાજિક કાર્યકર
શ્રીવાડા, દલાલ ફળીયા, ગોધરા.

૪ શ્રી અમૃતલાલ સુંદરજી હીંડોચા
C/o. શ્રી રૂગનાથ વશરામભાઇ
શ્રી નાથજી ચેમ્બર્સ જુનાગઢ.

૫ શ્રી મુલજીભાઇ એલ. ભાટીયા
"ગુરૂ કૃપા" ૧૬ બી. ડોઉર રોડ,
કલકત્તા–૭૦૦૦૧૯

૬ શ્રી મોરારજી જમનાદાસ હીંડોચા
૧૧૨, આસુતોશ મુકરજી રોડ,
ભવાનીપુર કલકત્તા, ૭૦૦૦૨૫

૭ શ્રી કૃષ્ણદાસ મથુરદાસ અઢીઆ
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,
કલ્યાણ (જી. થાણા) ૪૨૧૩૦૧

૮ શ્રી દિનકરરાય વલ્લભદાસ લાઠીગરા
રેલ્વે સ્ટેશન સામે, ધોરાજી.

૯ શ્રી અરજણ જેસાભાઇ વૈષ્ણવ
C/o. પટેલ જીવરાજ ગોકળભાઇની કું.
કાપડ બજાર, ધોરાજી.

(૧૦) આં. રા. પુ. વૈ. પરિષદ કેન્દ્રીય કાર્યાલય
જી–૨ સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુબઇ ૧

(૧૧) શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન ૧ લે માળે
વિલે પાર્લે (પશ્ચિમ) મુંબઈ–૫૬

(૧૨) શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
ખત્રીવાડ શેરી નં. ૪ મોરબી

(૧૩) પોંકીયા વલ્લભભાઇ રાઘવભાઈ, મોટાભાદરા

(૧૪) શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે, લીંબડી

(૧૫) શ્રી દેવેન્દ્રભાઇ આર. પાલેજા
૧૨/૨૯૦ રંગાઇ ગોવદર સ્ટ્રીટ
કોઇમ્બતુર

(૧૬) પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ. રાજપીપળા

(૧૭) શ્રી અરવિંદભાઇ ચંદુલાલ મહેતા
ગિરિધર નિવાસ, મજમુદારની ખડકી
મંગળ બજાર, ચાર રસ્તા પાસે
બાજવાડા, વડોદરા

(૧૮) શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રી કૃપારત્ન કોર્નર
મોટા મંદિર કમ્પાઉન્ડ, સુરત

(૧૯) શ્રી રમણિકભાઇ મેઘજીભાઇ બાબરીયા,
સમઢીયાળા

(૨૦) શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર, વાંકાનેર

(૨૧) શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન, હળવદ

લવાજમ મ. ઓ. થી મોકલાવતા ગ્રાહકોને વિનંતી

મ. ઓ. ફોર્મની નીચેની સ્લીપ કે જે કાર્યાલયે રાખવાની હોય છે તેમાં નામ–ગામ–સરનામું લખાઇને આવતું નથી. તો જરૂરથી ગ્રા. નંબર અગર નવા ગ્રાહક હોય તો તેમ લખી પોતાનું નામ સરનામું લખવું. નહીં તો તે રીતે આવેલ રકમ માટે કાર્યાલય જવાબદાર નથી તેની નોંધ લેવા ખાસ વિનંતી છે.

ચેક કે ડ્રાફ "શ્રીવલ્લભ વિજ્ઞાન" એ નામથી મોકલાવવા વિનંતિ.

રાજકોટમાં નીચેની સ્થળે "શ્રીવલ્લભ સુધા"નું લવાજમ લેવાય છે.

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન બિલ્ડીંગ
લોહાણા પરા,
ફોન–C/o. ૨૮૮૬૯

૨ શ્રી મનસુખલાલ માવજીભાઇ સોની
શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી.

૩ શ્રી ત્રિકમરાયજીની હવેલી
જાગનાથ પ્લોટ, રાજકોટ.

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ
૪૯, પ્રહલાદ પ્લોટ,
રજની બિલ્ડીંગવાળી શેરી ભૂપેન્દ્ર રોડ.

૫ શ્રી પુષ્ટિમાર્ગીય વૈ. પુસ્તકાલય
શ્રી સાત સ્વરૂપ હવેલી, મ. ગાધી રોડ,

૬ શ્રી ગોરધનદાસ વેલજીભાઈ શનિશ્વરા
"લલિત કુંજ" ૪, કૈલાસ વાડી,
જંકશન પ્લોટ, રાજકોટ.

૭ શ્રી વસંતભાઇ વોરા
C/o. વોરા એન્ડ કું.
દુર્લભ ચેમ્બર, ઢેબરભાઇ રોડ,
ફોન ૩૩૦૫૯

૮ શ્રી હેમતલાલ પટેલ
C/o. શ્રીકૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા રોડ,
ફોન–૪૮૬૮૧

નોંધ : નં. ૭–૮ને ત્યાંથી "નામ મંત્ર" લખવાની નોટ બુકો પણ મળી શકશે.

શ્રીવલ્લભ સુધાના સંપાદક શ્રી તન્ના સાહેબને આપવામાં આવેલ શ્રદ્ધાંજલીની આભાર સહ નોંધ

૧. પૂ. પા. શ્રી રસિકરાયજી મહારાજ –સંપાદક નવપ્રકાશ, પોરબંદર
૨. શ્રી દ્વારકાદાસ ગોરધનદાસ શરાફ, ગોંડલ
૩. શ્રીમતી કિરણબેન નંદલાલ શાહ, કડી
૪. શ્રી બાબુભાઇ પી. નાયક, કડી
૫. શ્રી પોપટલાલ રામજીભાઇ મરજાદી, બામણગામ
૬. શ્રી જયંતભાઈ જી. ગાંધી, જુનાગઢ
૭. શ્રી એમ. આર. પાલેજા, રાજપીપળા
૮. શ્રી જાદવજીભાઇ ખેરાજભાઇ, સુરત

પ્રકાશન સહાય

પ. ભ. શ્રી એન. કે. પરીખ, વિલેપાર્લે તરફથી 'શ્રીવલ્લભ સુધા' ને પ્રકાશન રૂા. ૨૫૧ આપવામાં આવેલ છે તે બદલ ધન્યવાદ.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે "વલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	"અમૃત" જલારામ પ્લોટ નં. ૧ માર્ગ ૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ, ૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણુનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ જી-૨, સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઇ-૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦-૩-૧૯૮૮

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

પૂણ્ય સ્મરણાંજલિ પુરસ્કાર

'શ્રીવલ્લભ સુધા'ના સંપાદક ગો. વા. પ. ભ. શ્રી મગનલાલ લાલજીભાઇ તન્નાને પૂણ્ય સ્મરણાંજલિ પુરસ્કાર રૂપે પ. ભ. શ્રી એન. કે. પરીખ, વિલેપાર્લે તરફથી' રૂ. ૫૦૧ અપાયેલ તે શ્રી તન્ના પરિવાર તરફથી "શ્રીવલ્લભ સુધા" ને ભેટ આપવા બદલ ધન્યવાદ

કલકત્તામાં સોમયજ્ઞ

ભારતના પૂર્વાંચલની મહાનગરી કલકત્તામાં પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજ 'શ્રીપ્રથમેશજી' એ નવમો સોમયજ્ઞ 'ગુરુડચયનમ્' સં. ૨૦૪૪ના મહાસુદ ૧૧થી મહાવદ ૨ તા. ૨૯–૧–૮૮ થી ૪–૨–૮૮ સુધી ખૂબજ ધામધૂમથી કર્યો.

શ્રી સોમયાગ સમારોહની વ્યવસ્થા આં. પુ. વૈ. પરિષદ શાખા દ્વારા ગઠીત સમિતિએ ખૂબજ સુંદર, સુચારૂ ગોઠવેલ. કલકત્તાના હાર્દરૂપ–બડાબજાર પાંસેજ આવેલ ચિત્તરંજન એવેન્યુમાં શ્રીવલ્લભ ઉધાન (મો. અ. પાર્ક) ખાતે ભવ્ય સુશોભીત યજ્ઞમંડપમાં તા. ૨૯–૧–૮૮ના પ્રાતઃ ૯ વાગે શ્રી મહાપ્રભુજીના 'સ્વરૂપની પધરામણી થઈ ત્યારે વાતાવરણ શ્રી વલ્લભાધિશ કીજયના જયઘોષોથી ગાજી ઉઠેલ.

આ પહેલાં શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનું સામૈયું–શોભાયાત્રા શ્રી સાંવરીયાજીના મંદિરે થી પ્રારંભ થઈ મુખ્ય મુખ્ય માર્ગો પર ફરેલ શ્રી મહાપ્રભુજીના શ્રીવિગ્રહને સુંદર સુશોભિત રથમાં પધરાવી છત્ર ચમર નિશાન સહિત વાજતે ગાજતે પધરામણી થયેલ. વૈષ્ણવ યુવકો આનંદ વિભોર થઈ 'જયજમુના શ્રી ગોવર્ધનનાથ મહાપ્રભૂશ્રી વિઠ્ઠલનાથ'ના નાદ ગજવતાં નૃત્ય કરતાં હતાં તે દૃષ્ય અત્યંત પ્રેરક મનોહારી હતું.

દક્ષીણના રામાનુજાચાર્ય શ્રીતાતાચાર્યજીની આગેવાનીમાં આવેલ ઋત્વીજોએ જ્યારે અરણીમંથનથી અગ્નીદેવતા પ્રકટ કર્યા ત્યારે વાતાવરણ વૈશ્વાનર શ્રી વલ્લભાધીશ જયના જય ઘોષોથી ગુંજી ઉઠેલ.

આં. પુ. વૈ. પરિષદનું સંમેલન તા. ૩–૨–૮૮ના સાંજે પાંચ વાગે પ્રારંભ થયું જેમાં પરિષદના કાર્યાધ્યક્ષ ૫. ભ. શ્રી ગજાનનજી શર્મા, ઉપાધ્યક્ષ ૫. ભ. શ્રી વ્રજમોહનદાસજી વિજયવર્ગી મંત્રી ૫. ભ. શાસ્ત્રીજી શ્રી નિરંજનભાઈ, શ્રી મુકુન્દભાઇ શાહ કોષાધ્યક્ષ ૫. ભ. શ્રી રમણભાઇ શાહ તેમજ અનેક પ્રદેશ સમિતિઓ તથા શાખાઓના પદાધીકારીઓએ પોતાના વિચારો રજુ કરેલ. અને ત્યાર બાદ પૂ. આચાર્યશ્રી શ્રીવલ્લભરાયજીબાવાથી સુરત તથા પૂ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના વચનામૃતો થયેલ.

નિત્ય સાંજના પણ પૂ. શ્રીવલ્લભરાયજીશ્રી સુરતવાળાના વચનામૃતોનો અલભ્ય લાભ બધાં વૈષ્ણવોને મલતો તેમજ અનેક આદરણિય શાસ્ત્રીજીઓના પ્રવચનો આદિ તથા વૃન્દાવનની રાસધારીજીની મંડલીની રાસ લીલાઓનો આનંદ પ્રાપ્ત થતો.

પરિષદના કેન્દ્રીય કાર્યાલય દ્વારા શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામના ચરિત્રોના ચિત્રજી દર્શન તથા પુસ્તક વિતરણના સ્ટોલોએ અનેરૂ આકર્ષણ જગાવેલ અને હજારો વૈષ્ણવોએ તેનો લાભ લીધેલ.

તા. ૩–૨–૮૮ના સવારે ૧૧ વાગે કલકત્તાના પ્રસિદ્ધ હાવરાબ્રીજ પાંસે આવેલ લોહાઘાટ પર શ્રીગંગાજીમાં પૂ. આચાર્યશ્રીએ સોમયાગની પૂર્ણાહુતીનું અવભૃથ સ્નાન કરેલ ત્યારે હજારો વૈષ્ણવોએ કરેલ જયઘોષથી વાતાવરણમાં દિવ્યતા પ્રસરેલ.

પરિષદના સંમેલન પ્રસંગે પરિષદના આજીવન સદસ્યો બનવા તથા ઝાબુઆ આદિવાસી વિસ્તારમાં ચાલતાં સેવાકાર્યોમાં આર્થિક સહયોગ આપવાની અપીલ થતાં ઉપસ્થિત વૈષ્ણવ સમુદાયે ખૂબ સારી રીતે ફાળો આવેલ તેજ પ્રમાણે સૌરાષ્ટ્રના દુષ્કાળ પિડીત પશુધન માટે પણ આર્થિક યોગદાનની અપીલ રાજકોટના ગોકુલદાસ સોનીએ કરતાં રૂ. આઠ હજાર જેટલી રકમ રાજકોટ પરિષદ શાખા દ્વારા ચાલતાં ઘાસ વિતરણ કાર્ય માટે પ્રાપ્ત થયેલ.

તા. ૪–૨–૮૮ સાંજે પૂ. આચાર્યશ્રી પ્રથમેશજીએ આશિર્વાદ આપી સહુ કાર્યકરોને ઉપરણા ઓઢાવેલ સોમયાગ વ્યવસ્થા સમિતિ દ્વારા શ્રીજીબાવાના સુંદર ચિત્રજી તથા સોમયાગ પ્રસંગે પ્રકટ કરેલ સ્મારક પુસ્તિકાઓ સહુ કાર્યકરોને ભેટ અપાએલ આમ અત્યંત મંગલમય વાતાવરણમાં કલકત્તા મહાનગરમાં પૂ. પ્રથમેશજી મહારાજ દ્વારા નવમો સોમયાગ સંપન્ન થયો.

વૈષ્ણવો દ્વારા ગૌસેવામાં રૂપીઓ એક પણ કિંમત કેટલી ?

છેલ્લા ત્રણ વર્ષથી હવામાન ફરવાના કારણે ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર વિભાગમાં વર્ષા ઓછી થવાને કારણે આપણા બાંધવો તથા ગૌધન જળસંકટથી દુષ્કાળમાં પીડાઈ રહેલ છે જેને અનુલક્ષીને કર્તવ્ય બજાવવા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા અને રાજકોટ વૈષ્ણવ સમાજના ઉપક્રમે સપ્તમ પીઠસ્થ ગોસ્વામી શ્રી વૃજેશકુમાર મહારાજશ્રીની અધ્યક્ષતામાં ગૌસંવર્ધન અને દુષ્કાળ રાહત સમિતિ રાજકોટ"ની રચના કરવામાં આવી છે.

હાલમાં પશુધન માટે ઘાસ તથા ખાણદાણની વ્યવસ્થા કરવા આ સમિતિ કાર્ય કરે છે. ગ્રામવાસીઓ રૂબરૂ આવી પોતાના પશુધનને બચાવવા યોગ્ય મદદ માંગે છે. તેઓને સરકારશ્રી તરફથી મળતી સબસીડીનો લાભ સમજાવી વ્યવસ્થિત કેટલ કેમ્પ ખોલવા માર્ગદર્શન તેમજ સૂચના અપાય છે. શકય હોય ત્યાં સહકારી મંડળીના ઉપક્રમે કેટલ કેમ્પ ખોલાવાય છે જ્યાં આવી સગવડતા ન હોય ત્યાં ગ્રામવાસીઓની સમિતિ બનાવી તેમના ગામના નામે ટ્રસ્ટ રજીસ્ટર કરાવી કેટલ કેમ્પ ખોલવાની સલાહ અપાય છે. પશુધન માટે સહકારી મંડળીઓમાંથી લોન વ્યવસ્થા કરવા યોગ્ય માર્ગદર્શન તેમજ દાતાઓ તરફથી વગર વ્યાજની લોન અપાવવા ભલામણ થાય છે. **આ ઉપરાંત કેટલ કેમ્પ ચલાવવા જે ખોટ પડે તેમાં પુરવણી સહાયરૂપે આ સમિતિ દ્વારા ઘાસના ટ્રક રવાના કરાય છે.** આ પ્રમાણે પુરવણી સહાય આપતા આજ સુધીમાં બાર કેટલ કેમ્પો આ સમિતિ દ્વારા ખુલ્લા મુકવામાં આવ્યા છે અને કોઈપણ સંજોગોમાં આ પ્રેરણાદાયી કેટલ કેમ્પ પૈકી પશુધનને હાની ન પહોંચે તે મુખ્ય ધ્યેય આ સમિતિ દ્વારા લેવાય છે. આવા કેટલ કેમ્પો પૈકી નવાગામ–દલરેવડીયા – હરીપુર–માત્રાવડ–ચાવંડી–ગુંદાસરી,–દેવળા–મોટા ભાદરા–પાળ–ખેરડી વિગેરે ગામોમા ગ્રામવાસીઓની વ્યકિતગત દેખરેખ નીચે સુંદર રીતે ચાલે છે.

આ કાર્યની આર્થિક વ્યવસ્થાને પહોંચી વળવા માટે ગૌસંવર્ધન અને દુષ્કાળ રાહત સમિતિ–રાજકોટ દ્વારા સંપન્ન વૈષ્ણવ કુટુંબો દ્વારા રોજનો રૂપિયો એક અને માસિક રૂા. 30–00 દર માસે આપી વૈષ્ણવ કુટુંબ આ કાર્યમાં સહભાગી થાય છે અત્યાર સુધીમાં આશરે ૪00 કુટુંબો જોડાયા છે અને ૧000 કુટુંબો આ સેવા કરે તેવો લક્ષયાંક છે.

આગામી આઠ માસ દરમ્યાન પુરવણી સહાયરૂપે ઘાસ વિતરણ કરવા સમિતિને રૂા. ૧૫ લાખ જોઈએ તેવો લક્ષયાંક છે. બહારગામથી ફાળો લાવવા પ્રયાંન કરાશે. ઉપરાંત પરદેશથી પણ સહાય મેળવવા ગૌસ્વામી શ્રી વૃજેશકુમાર મહારાજશ્રી, ડો. ટી. આર. વીઠલાણી તથા શ્રી વલ્લભભાઈ નથવાણી પ્રયત્નો કરી રહયા છે.

વૈષ્ણવ દ્વારા આ સેવા કાર્યમાં રૂા. એક અપાય છે પણ કિંમત કેટલી ? અત્યાર સુધીમાં આ સમિતિ દ્વારા રૂા. ૬0,000/– જેવી માતબર રકમ રાજકોટ પાંજરાપોળને તેમજ ૩૪ ટ્રક ઘાસ એટલે કે રૂા. ૧,૪0,000 જેવી રકમનું પુરવણી સહાયરૂપે ઘાસ વિતરણ કરવામાં આવ્યું છે.

વૈષ્ણવ સંપ્રદાય દ્વારા સમગ્ર ગુજરાત રાજય જુનાગઢ–રાજકોટ–પોરબંદર, જામનગર, સોલા–પાટડી, બાંટવા વગેરે ગામોમાં આશરે કુલ ૧૫૩ કેટલ કેમ્પ દ્વારા હજારોની સંખ્યામાં પશુધન બચાવવા વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો તથા વૈષ્ણવો ભગીરથ કાર્ય કરવા સક્રિય છે. આ કાર્યને પ્રેરણાબળ આપવા સંપ્રદાયના પ્રખર શાસ્ત્રી શ્રી યોગેશભાઈ અમદાવાદવાળા, શ્રીમદભાગવત સપ્તાહો યોજી ધનરાશી પ્રાપ્ત કરી સંપ્રદાય દ્વારા આ પશુધન બચાવવા વાપરે છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના અગ્રણીઓ શ્રી ઈન્દ્રકાંતભાઈ શેઠ, શ્રી ચીમનભાઈ શેઠ, શ્રી રમેશભાઈ પરીખ, શ્રી વી. પી. પરીખ તેમજ વૈષ્ણવ આચાર્યો ગો. શ્રી વલ્લભરાયજી (સુરત) ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયા, (બરોડા) ગો, શ્રી વૃજેશકુમારજી (કાંકરોલી) સતત પ્રવાસો યોજી જાહેરસભાઓ ભરી વૈષ્ણવોને પ્રેરણા આપે છે. જુનાગઢના ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી દ્વારાજ એકસોથી વધુ કેટલ કેમ્પ જુનાગઢ જીલ્લામાં ચાલે છે.

પરિષદના અગ્રણીઓ તથા ઉપરોકત વૈષ્ણવ આચાર્યો આ સમિતિ દ્વારા ચાલતા પ્રેરણાદાયી કેટલ કેમ્પોની મુલાકાત લઈ જાહેર સભાઓને પ્રેરણા આપવા ફેબ્રુઆરી માસ દરમ્યાન રાજકોટ પધારશે. રાજકોટ સમિતિના સભ્ય શ્રી કાંતીભાઈ રાધનપુરા, શ્રી મનસુખલાલ માવજીભાઈ, શ્રી જયંતિભાઈ પડીઆ, શ્રી વૃજલાલ ખુશાલદાસ તેમજ શ્રી ડાયાભાઈ ડેલાવાળા વૈષ્ણવ સંપ્રદાય દ્વારા ચાલતી આ સેવાકીય પ્રવૃતિમાં સક્રિય રસ લઈ રહ્યા છે. વૈષ્ણવોને પોતાનો યથાશકિત ફાળો આ કાર્યમાં "ગૌસંવર્ધન તેમજ દુષ્કાળ રાહત સમિતિ–રાજકોટ"ના નામે ચેક અથવા ડ્રાફટથી મેસર્સ પોપટલાલ હીરાચંદ, ખત્રીવાડ, રાજકોટના સરનામે મોકલી આપવા સમિતિના સભ્ય શ્રી હસમુખભાઈ ખખ્ખરે અનુરોધ કર્યો છે. * * *

ગાય એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. ખેતી પ્રધાન દેશમાં તે આર્થિક આધાર સ્તંભ છે. અને ધાર્મિક દષ્ટિથી તે શ્રદ્ધાનું કેન્દ્ર બિંદુ છે એવી ગૌમાતાને પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિમાં બચાવવા અને માનવ સેવા અર્પણ કરવા સમગ્ર સમાજે કાટબદ્ધ બનવું જોઈશે એવું આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા તારીખ ૨૪–૨૫ જાનેવારીના રોજ રાજપીપળા–તીલકવાડા–ઠાકોર–ઠાસરા–સેવાલિયા મુકામે યોજાએલી વૈષ્ણવોની સભાઓમાં પૂ. ગો. શ્રી વલ્લભરાયજી મહોદયે (સુરતવાળા) પ્રવચન કરતાં જણાવ્યું હતું.

રાજપીપળા ખાતે આં.પુ.વૈ. પરિષદ દ્વારા પૂ. શ્રી યોગેશભાઈ અને ઠાકોરમાં પૂ. શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીની ભાગવત જ્ઞાનયજ્ઞની સપ્તાહમાં પૂ. ગો. શ્રી વલ્લભબાવા શ્રી (સુરતવાળા) અને પ્રા. શ્રી ચીમનભાઈ શેઠે ગૌસંરક્ષણ અને દુષ્કાળ સેવા કાર્ય અંગે વિસ્તૃત સમજ આપી હતી અને પરિષદ દ્વારા થઈ રહેલા સેવા કાર્યમાં તન મન ધનપૂર્વક સહાય આપવા અપીલ કરી હતી.

આં.પુ.વૈ. પરિષદ દ્વારા તીલકવાડા, ઠાસરા. સેવાલિયા ખાતે યોજાએલી સભાઓમાં પુ. ગો. શ્રી વલ્લભરાયજી મહોદય, શ્રી નિરંજન શાસ્ત્રી (પરિષદના કેન્દ્રીય મંત્રી) પ્રા. ચીમનભાઈ શેઠના પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિમાં ગૌસેવા અને માનવ સેવા કાર્યમાં સક્રિય સહાય કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. શ્રી અંબાલાલ ચુનીલાલ શાહ શ્રી કનુભાઈ ચોકસી, શ્રી જયંતિભાઈ દેસાઈ, શ્રી કિરણભાઈ કાન્તીલાલ શાહ (કાંટાવાળા) વગેરે પરિષદના કાર્યકરો પ્રવાસમા જોડાયા હતા. સમગ્ર પ્રવાસ દરમ્યાન લગભગ એકસો ગાયો દતક લેવામાં આવી છે એવું સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ જણાવે છે.

પુસ્તક પરિચય

શ્રી યમુનાષ્ટક રસાનંદ : વિવેચક : ડો. કૃષ્ણજીવન મો, ગાંધી, એમ. ડી. 'પુષ્ટિ પરાગ' પ્રકાશક યમુનાષ્ટક ગ્રંથ પરિવાર, ૧૧૩ પ્રભાકુંજ, ગોધરા–૩૮૯ 001

સાઈઝ ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૬૬+130=૧૯૬ પાકું બાઈન્ડીંગ ન્યોછાવર–વીસ રૂપિયા

સદરહુ પુસ્તક શુધ્ધાદ્વૈત પંચમ પીઠાધીશ્વર ગોસ્વામી શ્રી ૧૦૮, શ્રી દેવકીનંદનાચાર્યજી સ્મારકનિધિ ટ્રસ્ટ, ઉમરેઠ તરફથી પ્રાપ્ત થતાં આવકારતા આનંદ અનુભવીએ છીએ.

શ્રી યમુનાજીના સ્વરૂપ અને માહાત્મ્ય સંબંધમાં વેદ, પુરાણોમાં વર્ણન ઉપરાંત શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી શ્રી હરિરાયજી વગેરે આચાર્યશ્રીઓએ, અષ્ટ સખાઓ. ભકત કવિઓએ સંસ્કૃત, વ્રજ–હિંદી, ગુજરાતી તેમજ ભારતની પ્રાંતીય ભાષાઓમાં ગદ્ય–પદ્ય સાહિત્ય રચનાઓ ઉપલબ્ધ છે. તે સાહિત્ય સમૂહમાં આ પ્રકાશનથી એક વિશેષ ઉમેરો થાય છે.

શ્રી યમુનાષ્ટક સ્તોત્ર ઉપરની સંસ્કૃત ટીકાઓ તથા અષ્ટ સખાઓની પદ્ય રચનાઓને આવરી લઈને શિબિરમાં સર્વજન ભોગ્ય સરળ શૈલીમાં વિવેચન વ્યાખ્યાનો કરેલા તેને પુસ્તકરૂપે પ્રસ્તુત કરેલ છે એટલુંજ નહિ. શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી પુરૂષોત્તમરાયજી, ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજ ઉપરાત શ્રી યમુનાષ્ટકના દરેક શ્લોકની ભાવનારૂપ શ્રી યમુનાજીના પંચરંગી ચિત્રજીઓથી પુસ્તકનું સુશોભન કરેલ છે.

વિવેચક, પ્રકાશક, દ્રવ્ય સહાયકો વગેરેને અભિનંદન.

નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા નિમંત્રણ

પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર દ્વારા તથા 'સત્સંગ' માસિક અમરેલીના સંયુક્ત આયોજનથી શ્રીમદ્ વલ્લભચાર્યજીના પ્રાકટય મહોત્સવ નિમિત્તે એક નિબંધ સ્પર્ધાનું આયોજન નક્કી [illegible]

નિબંધ ૧૦૦ લ[illegible]મા અથવા ૧૦૦૦ શબ્દોનો હોવો જોઈએ ફુલેસ્કેપ સાઈઝની એક બાજુએ લખીને મોકલવો. મોકલવાની છેલ્લી તા. ૧ એપ્રિલ ૧૯૮૮ આ નિબંધ સ્પર્ધામાં કોઈપણ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતાઓને પુસ્તક તથા પ્રમાણપત્ર અપાશે. આયોજકોનો નિર્ણય વિજેતા અંગેનો આખરી રહેશે.

ઉપરોક્ત સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂ. પા. ગો. શ્રી રાજેકુમારજી મહારાજશ્રી (કડી) બિરાજશે.

નિબંધ મોકલવાનું સ્થળ પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર. કંસારા ,બજાર, સિહોર-૩૬૪ ૨૪૦

કલકત્તા-આં. રા. પુ. વૈ. પરિષદ (કલકત્તા શાખા) ના ઉપક્રમે તા. ૨-૧-૮૮ થી ત. ૯-૧-૮૮ સુધી પુષ્ટિમાર્ગીય હવેલી સંગીત શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સંચાલક સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા હતા.

નવા વર્ષનું લવાજમ ભરવા વિનંતી

શ્રીવલ્લભસુધાનું વર્ષ આ માસ માર્ચ ૮૮ અંક ૧૨ થી પૂરું થાય છે. વર્ષ દરમ્યાન ક્યારેય પણ લવાજમ ભરનાર તમામ ગ્રાહકનું લવાજમ આ અંકથી પૂરું થાય છે માટે સને ૧૯૮૮-૮૯ના નવા વર્ષનું લવાજમ કાર્યાલયને અગર શ્રીવલ્લભસુધાના સેવાભાવી પ્રતિનિધિઓને તા. ૧૫-૩-૮૮ સુધીમાં ભરીને પહોંચ મેળવી લેવા વિનંતી છે.

મોટા શહેરમાં ગ્રાહકો જુદા જુદા વિસ્તારમાં રહેતા હોવાથી સેવાભાવી પ્રતિનિધિ આપનો સંપર્ક ન સાધી શકે તો આપ તેમને ત્યાં જઈ લવાજમ સમયસર ભરી સાહિત્ય પ્રચાર કાર્યને પ્રોત્સાહિત રાખશો તેવી નમ્ર અપેક્ષા....

અગર કોઈ સંજોગોમાં આપ નવા વર્ષમાં ગ્રાહક રહેવા ન ઈચ્છતા હો તો તુરત જ એક પોસ્ટકાર્ડ લખી જણાવશો તો તે પણ આપનો સહકાર જ ગણાશે.

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૭ તા. ૧૦–૩–૮૮ ગુરુવાર, શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૧૧ તા. ૧૪–૩–૮૮ સોમવાર, ાપમોચની એકાદશી વ્રત.

ફાગણ વદ ૧૪ તા. ૧૭–૩–૮૮ ગુરુવાર, દર્શ–અમાવાસ્યા.

ફાગણ વદ અમાસ તા. ૧૮–૩–૮૮ શુક્રવાર, ચૈત્ર સુદ એકમ ક્ષય તિથિ છે તેથી સંવત્સરોત્સવ આજે શાલિવાહન શક ૧૯૧૦, આજે સૂર્યગ્રહણ ગ્રસ્તોદય છે.

સવારે	સ્પર્શ	મધ્ય	મોક્ષ
કલાક	૫	૬	૭
મિનિટ	૪૩	૨૮	૦૯

ગ્રસ્તોદિત સૂર્યગ્રહણનો વેધ ૧૪ને ગુરુવારે સૂર્યાસ્તથી લાગે છે. સૂર્યાસ્ત પહેલા પ્રસાદ લઇ ય. ૪ને ગુરુવારે શ્રીની સેન સુધીની સેવા વહેલી પહોંચવી. શુક્રવારે સવારે વહેલા જગાડી, મંગળા આરતી ી સેવા વહેલા પહોંચવી. સવારના ૫–૪૦ વાગ્યે ઝારીબંટા વડા કરી, ગ્રહણના દર્શન ખોલવા. ૬–૨૮ ાઢીના ડબરાનો સંકલ્પ કરવો ૭–૦૯ વાગે. ગ્રહણ મોક્ષનો નિર્ણય કરી, સ્નાનાદિ કરી, ગ્રહણ ા ધરી, રાજભોગ સુધીની સેવા પહોંચવી.

ચૈત્ર સુદ ૩ તા. ૨૦–૩–૮૮ રવિવાર, ગણગૌરી મધુશ્રવા.

ચૈત્ર સુદ ૬ તા. ૨૩–૩–૮૮ બુધવાર, શ્રી ગુંસાઇજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજી (સં. ૧૬૧૫)નો પ્રાકટ્યોત્સવ તથા શ્રી યમુનાજીનું પ્રાકટ્ય.

ચૈત્ર સુદ ૯ તા. ૨૬–૩–૮૮ શનિવાર, શ્રીરામનવમી વ્રત..

ચૈત્ર સુદ ૧૧ તા. ૨૮–૩–૮૮ સોમવાર, મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ.

ચૈત્ર સુદ ૧૨ તા. ૨૯–૩–૮૮ મંગળવાર, કામદા એકાદશી વ્રત.

ચૈત્ર સુદ ૧૫ તા. ૨–૪–૮૮ શનિવાર, મહારાસની સમાપ્તિ, વૈશાખ સ્નાનારંભ, મન્વાદિ તિથિ.

ચૈત્ર વદ ૭ તા. ૯–૪–૮૮ શનિવાર, શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા)નો પાટોત્સવ.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. પ. ભ. શ્રીમતી કાન્તાબેન માવજીભાઇ હસ્તે પ. ભ. શ્રીમતી સવિતાબેન મનસુખલાલભાઇ (રાજકોટ)ના જય શ્રીકૃષ્ણ.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

|| શ્રી[illegible]રઃ ||

શ્રી દામોદરજીનું ધોળ

એવા શ્રી દામોદરજી દયાળ રે. (ટેક)
શ્રી દામોદરજીની સાંભળી વાત રે, જીર્ણગઢમાં થયા વિખ્યાત ...એવા૦ ૧
પ્રથમ સેવ્યાં શ્રી વલ્લભનાથે રે, પધરાવ્યા ગોરજા-સમરાઈ માથે ...એવા૦ ૨
સાનુભાવ થઈ સુખ દીધાં રે, એહુને હસ્તે પ્રભુએ ભોજન કીધાં ...એવા૦ ૩
એક પ્રસંગે પધાર્યા ગઢમાંહે રે, ભક્ત મનોરથ પૂરવા ત્યાંહે ...એવા૦ ૪
વિપ્ર ગિરનારા-ગૃહ સેવા થાય રે. અન્ય માર્ગીથી પ્રભુ અકળાય ...એવા૦ ૫
અન્યાશ્રયથી પ્રભુ દૂર રહે છે રે, એ તો વેદ-પુરાણ કહે છે ...એવા૦ ૬
નિજ સેવકને સ્વપ્નાંતર દીધાં રે, તેથી સકળ મનોરથ સીધા ...એવા૦ ૭
માધવરાયજીને મંદિર પધારું રે એવું ચિત્ત થયું છે અમારું ...એવા૦ ૮
શ્રી મદનમોહનજીની જોડે બિરાજું રે, સરવે વૈષ્ણવને શિર ગાજું ...એવા૦ ૯
વસ્ત્ર વાગાને શૃંગાર થાય રે, ભાંત ભાંતના ભોગ ધરાય ...એવા૦ ૧૦
સુભદ્રા વહુજીએ અનસન વ્રત લીધું રે, શ્રી દામોદરજી પધારવા ચિત્ત કીધું ...એવા૦
જોશીપરે ડેરા કીધા જ્યારે રે, વૈષ્ણવજન મળી આવ્યા ત્યારે ...એવા૦
હાકેમ દીવાનને દેસાઇ રે, મુનસી સહિત મળી આવ્યા ધાઈ ...એવા૦ ૧૩
ઝાંઝ-પખવાજ શરણાઈ બાજે રે, ઢોલ દમામા નોબત ગાજે ...એવા૦ ૧૪
બેરખ ત્રાંસાની બહુ જોડ રે ચહુંદિશ વૈષ્ણવ દોડા દોડ ...એવા૦ ૧૫
ત્યાં શ્રી દામોદરજી પધાર્યા રે, અન્ય માર્ગીના ગર્વ નિવાર્યા ...એવા૦ ૧૬
ચૌદ લોકમાં થયું છે જાણ રે, ગુણી ગંધર્વ કરે છે વખાણ ...એવા૦ ૧૭
સેવક સહુ દર્શને આવે રે, સોના-રૂપાનાં પુષ્પે વધાવે ...એવા૦ ૧૮
કીર્તન ધોળ વધાઈ ગાય રે, વિવિધપેરે નાટારંભ થાય ...એવા૦ ૧૯
સુભદ્રા વહુજીએ ઉત્સંગ બેસાર્યા રે, તન મન ધન ત્યાં સરવે વાર્યા ...એવા૦ ૨૦
આનંદ વાધ્યો અતિશે મનમાં રે, શ્રી દામોદરજીને ચાંપ્યા તનમાં ...એવા૦ ૨૧
ગુપ્ત હતા તે પ્રગટ થયા છે રે, સુભદ્રા વહુજીના તાપ ગયા છે ...એવા૦ ૨૨
કૃષ્ણદાસે તે સેવા કીધી રે, દેવચંદભાઇની પ્રસન્નતા લીધી ...એવા૦ ૨૩
વાજતે ગાજતે મંદિર પધરાવ્યા રે, 'શોભા' જોઈ 'હરિદાસ' મન ભાવ્યા ...એવા૦ ૨૪

-શ્રી શોભા માજી, પોરબંદર.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.